અરિહંત ભક્તિ



પ્રકાશક:
શ્રીનમસ્કાર મહામંત્ર આરાધક મંડળ

અરિહંત ભક્તિ



— લેખક અને સંગ્રાહક —

પૂ૦ મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મહારાજ

* પ્રકાશક *

શ્રી નમસ્કાર મહામંત્ર આરાધક મંડળ,
મહાવીર નગર, ઝવેરી સડક,
બંગલા નં. ૧૬,
નવસારી (ગુજરાત)

વીર સં. ૨૫૦૦
વિ. સં. ૨૦૩૦
નકલ ૧૦૦૦

મૂલ્ય રૂા. ૭-૫૦

મુદ્રક :—
ભાનુચંદ્ર નાનચંદ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ
પાલીતાણા [સૌરાષ્ટ્ર]




સમવસરણમાં બિરાજમાન
શ્રી અરિહંત પ્રભુના રૂપનું ધ્યાન

(વિગત માટે જૂઓ. પૃ. ૨૪–૨૫–૨૬–૨૭)

સર્વ વિઘ્ન વિચ્છેદક, સર્વ મનો વાંછિત પૂરક

— પ્રગટ પ્રભાવી —



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન

— દેવાધિદેવ —

ભગવાન શ્રી મહાવીર સ્વામી



श्री नवकार महामंत्रनुं ध्यान



वांछित पूरे विविध परे, श्री जिनशासन सार,
निश्चे श्री नवकार नित्य, जपतां जय जयकार.

ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥



अर्हमित्यक्षरं ब्रह्म, वाचकं परमेष्ठिनः ।
सिद्धचक्रस्य सद्बीजं, सर्वतः प्रणीदद्महे ॥

૦ પ્રાપ્તિસ્થાનો ૦



(૧) શ્રી નમસ્કાર મહામંત્ર આરાધક મંડળ
મહાવીર નગર, કે. ઝવેરી સડક, બંગલા નં. ૧૬
મુ. નવસારી (ગુજરાત)

(૨) શાહ જયંતિલાલ માણેકલાલ
૨૬૧, ભાત બજાર,
મુંબઈ નં. ૯

(૩) શાહ વેલજી મેઘજી ગુઢકા
૧૬૮ શેઠ મોતીશાહ લેન, મોતીશાહ જૈન પાર્ક,
ભાયખલા મુંબઈ નં. ૨૭

(૪) સોમચંદ ડી. શાહ
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

(૫) સરસ્વતી પુસ્તક ભંડાર
કે. રતનપોળ, હાથીખાના,
અમદાવાદ-૧

(૬) માસ્તર સેવંતીલાલ વી. જૈન
૨૦ મહાજનગલી, પહેલે માળે,
ઝવેરી બજાર,
મુંબઈ નં. ૨

(૭) મેઘજી હીરજી જૈન બુકસેલર
૨૧૯-A, કીકા સ્ટ્રીટ, ગોડીજી ચાલ,
મુંબઈ નં. ૨

ॐ अर्हंनमः ।

અરિહંત-ભકિત

પ્રસ્તાવના

શ્રી અરિહંત પરમાત્માની ભકિતનો મહિમા દર્શાવતા શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે—

भत्तीए जिणवराणं, परमाए खिणपिज्जदोसाणं ।
आरोग्ग-बोहिलाभं, समाहि-मरणं च पावेंति ॥१॥

અર્થ:—જેમના રાગ-દ્વેષ ક્ષીણ થયા છે, તેવા વીત-રાગ જિનેશ્વરોની અર્થાત્ શ્રી અરિહંત પરમાત્માની પરમ ભક્તિ કરવાથી આરોગ્ય અને બોધિનો લાભ થાય છે, તથા સમાધિયુક્ત મરણ પામી શકાય છે.

ઉત્તમ સામગ્રીપૂર્વકનો અતિદુર્લભ એવો મનુષ્ય-જન્મ પ્રાપ્ત કરીને જો કોઈ ઉત્તમમાં ઉત્તમ વસ્તુ પ્રાપ્ત કરવા લાયક હોય તો તે ઉપરોકત શ્લોકમાં બતાવેલ આરોગ્ય, બોધિલાભ અને સમાધિમરણ છે.

અહીં આરોગ્ય શબ્દથી મુખ્યપણે આત્માના ભાવ આરોગ્ય સ્વરૂપ મોક્ષને સમજવાનું છે અને ગૌણપણે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક એમ ત્રણે પ્રકારનું આરોગ્ય સમજવાનું છે.

વાત, પિત્ત અને કફનો ઉપદ્રવ ન હોવો એ શારીરિક આરોગ્ય છે. દરેક વસ્તુનો સમતોલપણાથી વિચાર કરતાં આવડવો અને તેમાંના સત્ અને અસત્ અંશોને જુદા પાડતાં આવડવા એ માનસિક આરોગ્ય છે અને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય આદિનો અભાવ હોવો એ આધ્યાત્મિક આરોગ્ય છે.

બોધિલાભથી મુખ્ય રીતિએ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સમજવાની છે અને પરંપરાએ સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ સમજવાની છે. અને સમાધિમરણનો અર્થ છે ચિત્તની સમાહિત સ્થિતિપૂર્વકનું મૃત્યુ. અર્થાત્ પંડિતમરણ. આવું પંડિતમરણ એકવાર પણ જો પ્રાપ્ત થઈ જાય તો અનંત જન્મ-મરણનો અંત આવી જાય છે. તે છેલ્લું મૃત્યુ બની જાય છે. અને આત્મા હંમેશને માટે અજર અમર બની જાય છે.

આ રીતે શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ એ આત્માના અંતિમ કલ્યાણના મૂલભૂત ભાવ આરોગ્ય સ્વરૂપ મોક્ષ અને તેના કારણરૂપ બોધિ અને સમાધિનું પરમ કારણ હોવાથી તમામ જ્ઞાની પુરૂષોએ તેને એકી અવાજે વખાણી છે.

જો કે શ્રી અરિહંત પરમાત્માની ભક્તિનું સ્વરૂપ

યોગિઓને પણ અગમ્ય તથા અધ્યાત્મવેત્તાઓને પણ અગોચર હોય છે, તો પણ બાળજીવોના હિતને માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ તેનો જો કોઇ સમજી શકે તેવી ભાષામાં સરળ રીતે સમજાવવા ઓછો પ્રયાસ નથી કર્યો અને એના આધારેજ આજે શ્રી સંઘમાં યત્કિંચિત્ આરાધના થઇ રહી છે.

શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ એ આ વિષમય દુનિયામાં અમૃતનો કુંડ છે. એમાં સ્નાન કરનાર આત્મા-પાપપંકથી પાવન થયા સિવાય રહેતો નથી. શ્રી અરિહંત પરમાત્માની ભક્તિરૂપી અમૃતના કુંડમાં નિરંતર સ્નાન કરવા માટે શાસ્ત્રકારોએ અનેક પ્રકારના માર્ગો બતાવ્યા છે.

તાત્ત્વિક દૃષ્ટિએ જોઇએ તો જ્યાં જ્યાં અને જે જે પ્રકારે શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાનું પાલન થાય છે, તે વિવિધ પ્રકારનું તમામ આજ્ઞાપાલન શ્રી અરિહંત પરમાત્માની ભક્તિના જ પ્રકારરૂપે છે અને તેથી પરમાત્મા પ્રત્યેની અનન્ય શ્રદ્ધા, વિનય, વૈયાવચ્ચ, સદ્ભાવ, સેવા, સમર્પણ, વંદન, પૂજન, સત્કાર-સન્માન, પ્રણામ, પ્રશંસા, પ્રાર્થના, પ્રમોદ, પ્રણિધાન, સ્મરણ, સ્તવન, કીર્તન, કથા, ઉત્સવ, ઉપાસના, આદર, આરાધના, ઉત્સાહ, એકાગ્રતા, જપ, જાત્રા, શાસનપ્રેમ, જીવનની પવિત્રતા, શરણાગતિ, વાત્સલ્ય અને યોગ વગેરે એક અપેક્ષાએ આ બધા શ્રી અરિહંત પરમાત્માની ભક્તિના જ પ્રકારો છે. શ્રી જિનશાસનના તમામ સિદ્ધાંતો ઘણા વિશાળ, ગંભીર અને સ્યાદ્વાદ દૃષ્ટિએ અનેક અપેક્ષાઓથી ભરપુર હોય છે. તેથી શ્રી અરિહંત પરમાત્માની ભક્તિનું સ્વરૂપ પણ ઘણું વ્યાપક અને અનેક અપેક્ષાઓથી ભરપુર પણ

છે. પરંતુ તે બધા પ્રકારોમાં નિત્ય શાસ્ત્રોક્ત વિધિપૂર્વક શ્રી અરિહંત પરમાત્માનું દર્શન-પૂજન કરવું એ ભવ્ય જીવો માટે સૌથી પ્રાથમિક અને મુખ્ય પ્રકાર છે. આબાલ-વૃદ્ધ સૌ કોઇ વડે સહેલાઇથી આચરી શકાય તેવું પવિત્ર ધર્મકૃત્ય છે. આત્મા ઉપર લાગેલા કર્મમલને ધોવા માટે તે એક પ્રકારનું આંતરિક સ્નાન છે.

પરમાર્થદૃષ્ટિ મહાપુરૂષો ભાવપૂર્વક ફરમાવે છે કે— શ્રી અરિહંત પરમાત્માની ભક્તિથી પાપરજ નાશ પામે છે અને કુશલાનુબંધી પુણ્યસમૂહ એકત્રિત થાય છે તેથી તે ક્રિયા શ્રી જૈન સંઘ અને ઉપલક્ષણથી સમસ્ત વિશ્વને એકાંત કલ્યાણકારિણી છે.

આત્મકલ્યાણકારી માર્ગમાં પ્રયાણ કરવાની ઇચ્છા-વાળા મુમુક્ષુ દરેક આત્માનો આશય શુભ હોવા છતાં ભિન્ન-ભિન્ન ભૂમિકામાં રહેલા દરેક જીવોનો ક્ષયોપશમ પણ ભિન્ન ભિન્ન પ્રકારનો હોય છે. તે પ્રત્યેક ભૂમિકામાં રહેલા ઉત્તમ જીવો અરિહંત પરમાત્માની સન્મુખ બને અને તેમના હૃદયમાં શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ પ્રગટ થાય અને જેમને પ્રગટ થઇ હોય તેઓ શ્રી અરિહંત પરમાત્માની ભક્તિમાં વધુ સુસ્થિર બને એ દૃષ્ટિને લક્ષ્યમાં રાખીને જિજ્ઞાસુ મહાનુભાવોની માંગણીથી અરિહંત ભક્તિ નામના આ પુસ્તકમાં વિવિધ વિષયક હકીકતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

અનેક પ્રસંગે પૂજ્ય ગુરુવર્યો પાસેથી વાચનાદિ દ્વારા પ્રસાદીરૂપે પ્રાપ્ત થયેલ ભક્તિવિષયક હિતશિક્ષાના પ્રભાવે તથા પ્રાચીન અર્વાચીન ગ્રન્થાદિના વાંચન-પરિશીલન આદિથી

ભક્તિ વિષયક જે જે વસ્તુ અતિપ્રિય અને હિતકર જણાઇ તેને સ્વલ્પ ક્ષયોપશમ મુજબ અહીં રજુ કરવામાં આવેલ છે. જેઓ ભાવના–પ્રધાન છે તેમને પોતાની ભાવના અભિવ્યક્ત કરવા માટેની સામગ્રી આમાંથી મળી શકશે. અને એવા ભાવુક જીવોને આ સંગ્રહ વધુ રુચિકર બનશે એવી આશા છે.

ખાસ કરીને મારા પરમોપકારી, પરમકૃપાળુ પરમ-પૂજ્ય ગુરુમહારાજ પંન્યાસજી પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરજીના પરમ આશીર્વાદથી, તેઓશ્રીની પરમ કૃપાથી તથા પરમ વાત્સલ્યમય કરુણાદૃષ્ટિના પ્રભાવે આ કાર્ય નિર્વિઘ્ન પૂર્ણ થયું છે. આમાં જે કાંઇ સારૂં છે તે બધું તેઓશ્રી પાસેથી મળેલું છે–તેઓશ્રીની કૃપાનું ફળ છે. ઉપરાંત આ પુસ્તકમાં બીજા પણ અનેક ગ્રન્થો અને લેખકોના વચનોનો આધાર લેવામાં આવ્યો છે, તે તમામ મહાનુભાવો પ્રત્યે કૃતજ્ઞભાવ દર્શાવીએ છીએ.

શ્રી અરિહંત પરમાત્માની ભક્તિમાં પૂરક તત્ત્વોને પણ આ પુસ્તકના સ્વાધ્યાય વિભાગમાં પાછળ દાખલ કરવામાં આવેલ છે.

મતિમંદતા આદિના કારણે આમાં જે કાંઇપણ જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તે બદલ મિચ્છામિ દુક્કડં યાચીએ છીએ.

અંતમાં સૌ કોઇ આ પુસ્તકને વાંચી, વિચારી હૃદયમાં ઉતારી શ્રી અરિહંત પરમાત્માની ભક્તિમાં એકતાર બની આત્મકલ્યાણ સાધનારા બનો એજ શુભેચ્છા.

—મુનિ કુંદકુંદવિજય

* નિવેદન *

પરમોપકારી પરમ પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકર વિજયજી ગણિવરશ્રીના શિષ્ય પૂ૦ મુનિરાજશ્રી કુંદકુંદવિજયજી મહારાજ પાસે શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ વિષયક એક સારો સંગ્રહ અમને જોવા મળ્યો. અવારનવાર પ૦ પૂ૦ પંન્યાસજી મ. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રી પાસે દર્શન-વન્દનાર્થે જવાનું થતાં તે ભક્તિવિષયક સામગ્રીનું મુનિશ્રી કુંદકુંદ-વિ૦ મ૦ પાસે શ્રવણ, વાંચન મનન કરવાની તક મલી. અને એ રીતે એ બધું અવગાહન થતાં વિચાર આવ્યો કે શ્રી અરિહંત-ભક્તિ-વિષયક આ બધો સંગ્રહ જો એક જ પુસ્તકમાં એક જ સ્થળે પ્રગટ થાય તો અનેક ભક્તહૃદય આત્માઓને એમાંથી પ્રેરણા મળે અને તેમના દિલમાં પ્રભુ-ભક્તિ જાગૃત થવામાં અને સમ્યગ્ દર્શનની નિર્મળતામાં આ લખાણ નિમિત્તભૂત બને. એમ ધારી અમે પૂ. મુનિરાજશ્રી કુંદકુંદવિજયજી મહારાજશ્રીને એ લખાણને વ્યવસ્થિત ગોઠવી આપવા વિનંતિ કરી.

અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે ભક્તિ વિષયક અનેક અપેક્ષાઓથી ભરપુર એવું આ લખાણ આજે વ્યવસ્થિત રીતે છપાઈને બહાર પડેલું આપણે આ પુસ્તકમાં જોઇ શકવા ભાગ્યશાળી થયા છીએ.

સુપાત્ર આત્મા–પછી ભલે તે ઓછું ભણેલ હશે કે વધારે ભણેલ હશે પણ આ પુસ્તકમાંથી તે પ્રભુભક્તિવિષયક કંઈ ને કંઈ પ્રેરણા જરૂર મેળવી શકશે એવી અમને આશા છે. એક જ પુસ્તકમાં ભક્તિવિષયક વિવિધ સામગ્રીનો વિપુલ પ્રમાણમાં સમાવેશ થયેલો હોવાથી આ પુસ્તક વિવિધ ભૂમિકાવાળા અનેક જીવોને પોતાની ભૂમિકા અનુસાર ઉપયોગી નીવડશે એમાં શંકા નથી.

આપણા હૃદયમાં પ્રભુજીને કેવી રીતે પધરાવવા અને આપણું હૃદય પ્રભુભક્તિથી કેવી રીતે વાસિત કરવું એ અંગેની વિવિધ રીતો બહુ જ સરળ રીતે આ પુસ્તકમાં દાખલ કરવામાં આવી છે.

પ્રભુભક્તિનો મહિમા કેટલો અદ્‌ભૂત અને અચિંત્ય છે તે વાત જૈનશાસન પામેલ કોઈપણ સુજ્ઞ આત્માથી અજાણ નથી અને તેથી જ પ્રભુભક્તિને મુક્તિની દૂતિ તરીકે બિરદાવવામાં આવી છે અને પ્રભુભક્તિ એ શાશ્વત સુખનું સાચું લોહચુંબક છે એમ પણ કહેવામાં આવ્યું છે.

યોગિસમ્રાટ્‌ કલિકાળસર્વજ્ઞ ભગવાનશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજા શ્રીવીતરાગ સ્તોત્રના નવમા પ્રકાશમાં ફરમાવે છે કે 'હે પ્રભુ! જો તમારી ભક્તિ મલે તો કલિકાળ પણ મારા માટે નમસ્કાર કરવા યોગ્ય છે અને આપની ભક્તિ ન મલે તો સત્યયુગનું પણ મારે કામ નથી. કારણ કે અનેકવાર સત્યયુગ મળવા છતાં તારી ભક્તિ ન મળવાથી તે નકામો ગયો, જ્યારે કલિકાળમાં તારી અલ્પ પણ ભક્તિ ભક્તોને

પરમલાભનું કારણ બને છે માટે તારી ભક્તિ મળે તો કલિકાળ પણ મને માન્ય છે. આવો પ્રભાવ પ્રભુભક્તિનો છે.'

યોગ અને અધ્યાત્મ વિષયના મહાન અનુભવી પૂ. ઉપાધ્યાયજી મહારાજ શ્રીયશોવિજયજી મ. પણ પોતાની એક ગૂર્જર કૃતિમાં ફરમાવે છે કે—

મુજ હોજો ચિત્ત શુદ્ધ ભાવથી, ભવોભવ તાહરી સેવરે;
યાચીયે કોડી જતને કરી, એહ તુજ આગળે દેવ રે.

તેઓશ્રીની ઉપરોક્ત ઉક્તિ આપણા સૌના માટે એક સરખી ઉપયોગી છે. અને પ્રતિદિન અરિહંત પરમાત્મા પાસે પ્રાર્થના કરવા લાયક છે.

મંડળ તરફથી અગાઉ પ્રગટ થયેલ 'આધ્યાત્મિક પદો' (અર્થ સહિત) તથા 'આરાધના સંગ્રહ'ની જેમ અરિહંત-ભક્તિ નામનું આ પુસ્તક પણ સૌને પ્રેરણાદાયક બનશે એવી આશા છે.

કોઇ એકાદ બંધી આત્માને પણ આ પુસ્તક પ્રેરણા-રૂપ બનશે તો પણ અમારો આ પ્રયત્ન સફળ થયેલો ગણીશું.

બી. પી. પ્રેસના માલિક ભાનુચંદ્રભાઇ અને પં. શ્રી કપૂરચંદભાઇએ આ પુસ્તક પ્રગટ થવાના કાર્યમાં જે ઉત્સાહ દાખવ્યો છે તે ખાસ નોંધપાત્ર છે.

—બાબુભાઇ કડીવાળા

વિષયાનુક્રમ

અરિહંત પદ ધ્યાન	૧
જૈન શાસનનું પરમહાર્દ	૧
ધ્યાતા, ધ્યેય અને ધ્યાનનું સ્વરૂપ	૧
સમાપત્તિનું સ્વરૂપ	૨
તીર્થંકરપદની પ્રાપ્તિ	૩
અરિહંત ભક્તિનો પ્રભાવ	૩
ક્રિયાની સફળતાનો આધાર	૪
અરિહંતનું ધ્યાન એટલે શું?	૫
અરિહંતને ઓળખે તે આત્માને ઓળખે	૬
અજ્ઞાન એટલે પોતાના સહજ સ્વરૂપનો અસ્વીકાર ...	૭
પરમાત્મપદપ્રાપ્તિની પ્રક્રિયા	૭
ક્રિયાભ્યાસ એ ધ્યાનનો પાયો	૮
ચિતની પ્રસન્નતા	૧૦
કલ્યાણ પરંપરાનો હેતુ	૧૨
ચિત્ત પ્રસન્નતાનું માહાત્મ્ય	૧૫
ધ્યાન માટે પુષ્ટાલંબન	૧૭
અરિહંતના ચાર અતિશયો સંક્ષેપમાં...	૨૩
રૂપસ્થ ધ્યાન-૧	૨૪
અરિહંત પ્રભુના રૂપનું ધ્યાન	૨૪
પ્રભુ પ્રતિમાથી રૂપસ્થ ધ્યાન	૨૫
રૂપસ્થ ધ્યાનનું ફળ	૨૬
રૂપસ્થ ધ્યાનનો મહિમા	૨૭
રૂપસ્થ ધ્યાન-૨	૨૮
શ્રી જિનેશ્વરનું રૂપ કેવું છે?	૨૮
ભગવાન કેવા છે?	૨૯

અંતરંગ દોષોને ટાળવા માટે પરમાત્મા પ્રતિ હાર્દિક પ્રાર્થના ૩૦
પ્રભુજીને મનમંદિરમા પધરાવવા માટે હાર્દિક પ્રાર્થના ... ૩૩
મનમંદિરમાં પ્રભુજીની પધરામણી ૩૭
ત્વમેવ શરણું મમ. ૩૮
ઉત્કૃષ્ટ માતા ૪૧
ઉત્કૃષ્ટ પિતા ૪૪
ઉત્કૃષ્ટ નેતા ૪૪
ઉત્કૃષ્ટ દેવ ૪૬
ઉત્કૃષ્ટ ધર્મ ૪૭
ઉત્કૃષ્ટ ગુરુ ૪૮
ઉત્કૃષ્ટ પ્રાણુ ૪૯
ઉત્કૃષ્ટ સ્વર્ગ ૪૯
ઉત્કૃષ્ટ મોક્ષ ૫૦
ધ્યાનની ભાવના ૫૩
નામમંત્ર ૬૧
ભગવાનનાં વિવિધ નામો ૬૩
પ્રાર્થના ૬૭
શ્રી આનંદઘનજી કૃત સુવિધિનાથ જિન સ્તવન વિવિધ નામગર્ભિત ૬૮
નામ મહિમા ગર્ભિત પદ્મપ્રભ જિન સ્તવન ... ૭૧
ભગવાનની ઉત્કૃષ્ટ સાધના ૭૨
ભગવાનનું પરમ સૌભાગ્ય ૭૩
જિનદર્શન વખતે વિચારણા ૭૪
આત્મ-નિરીક્ષણ ૭૬
તીર્થંકરભક્તિનું સામર્થ્ય ૭૯
અષ્ટ પ્રકારી પૂજાનું રહસ્ય ૮૧
જલપૂજાનો હેતુ અને ફળ ૮૧
ચંદનપૂજાનો હેતુ અને ફળ ૮૧

પુષ્પપૂજનો હેતુ અને ફળ ૮૨
ધૂપપૂજનો હેતુ અને ફળ ૮૩
દીપકપૂજનો હેતુ અને ફળ ૮૩
અક્ષતપૂજનો હેતુ અને ફળ ૮૩
નૈવેદ્યપૂજનો હેતુ અને ફળ ૮૪
ફળપૂજનો હેતુ અને ફળ ૮૪
નવ અંગે પૂજની વિચારણા ૮૭
પૂજન વખતે ભાવવાની ત્રણ અવસ્થા... ... ... ૧૦૯
જ્યોતિસ્વરૂપી તું જિન દીઠો. ૧૧૧
અનુભવિયોના અમૃતોદ્‌ગાર ૧૧૨
અરિહંત પરમાત્માની ઉત્તમોત્તમતા ૧૧૬
૭ પ્રકારના પુરુષો ૧૧૬
ઉત્તમોત્તમ પુરુષોનું સ્વરૂપ ૧૧૯
શ્રી અરિહંત પરમાત્મા (ભવઅટવીમાં સાર્થવાહ) ... ૧૩૯
તું ત્રિભુવન શિરતાજ ૧૪૬
અરિહંત પરમાત્માના ૩૪ અતિશયો ૧૪૭
અરિહંત પરમાત્માની વાણીના ૩૫ અતિશયો ૧૫૬
અરિહંત પરમાત્માના આત્માઓની અનાદિ ઉત્તમતા ... ૧૬૪
અરિહંત પરમાત્માની ત્રીજા ભવની કલ્યાણકારિણી સાધના ... ૧૬૯
અરિહંત પરમાત્માનું અઢાર દોષ રહિત પણું ૧૭૨
કૈવલ્યપદનાં નામો ૧૭૪
કૈવલ્યપદનાં સાધનો ૧૭૫
કૈવલ્યપદનો ઉપાય ૧૭૫
અરિહંત પરમાત્માના ૧૨ ગુણો ૧૭૬
આઠ પ્રાતિહાર્યોનું સ્વરૂપ ૧૮૩
અપાયાપગમાદિ ચાર અતિશયોનું સ્વરૂપ ૧૮૬
જિનવાણી મહિમા ૧૮૯
અરિહંત પરમાત્માની માતાને આવતા ૧૪ સ્વપ્નો ... ૧૯૦
૨૪ તીર્થંકરોના અર્થ સહિત નામો ૨૧૧

અરિહંત પરમાત્માના પૂજનની ન્યાય પુરસ્સરતા ... ૨૧૬
અરિહંત પૂજન વિધિ ૨૨૧
અરિહંત પરમાત્માના દર્શન પૂજન અદ્વિનું ફળ ... ૨૨૬
શ્રી અરિહંત પરમાત્માની સ્તુતિ આદિ માટે સ્તોત્ર કેવું હોવું
જોઇએ? ૨૨૯
ચૈત્યવંદન આદિ ક્રિયાની શુદ્ધિ માટે ઉપયોગી માર્ગદર્શન... ૨૩૩
અરિહંતની પૂજાથી ૮ કર્મનો ક્ષય ૨૪૨
શ્રી અરિહંત પરમાત્માની પૂજામાં દાનાદિ ધર્મોની આરાધના ૨૪૩
અરિહંત પરમાત્માના દર્શનનો મહિમા ૨૪૭
અરિહંત પરમાત્માના દર્શન વખતે બોલવાની સ્તુતિઓ ... ૨૫૧
શક્રસ્તવ અર્થાત્ ભાવ અરિહંતોનું સ્વરૂપ ૨૬૪
સ્થાપના અરિહંતની ભક્તિ ૨૮૩
અરિહંત પરમાત્મા સમક્ષ પ્રાર્થના કરવા માટેનું પ્રણિધાન સૂત્ર ૨૯૦
ચાર નિક્ષેપે અરિહંત પરમાત્માને વંદના ૩૧૧
૧૦ ત્રિક આદિની સમજ ૩૨૯
અરિહંત પૂજનથી ત્રણ ગુણની સિદ્ધિ ૩૩૪
અરિહંત દેવના દર્શન સંબંધી શંકા–સમાધાન ... ૩૩૬
અરિહંત દેવની પૂજા સંબંધી શંકા–સમાધાન... ... ૩૫૬
અરિહંત ભક્તિનો અચિંત્ય પ્રભાવ અને તેમાં કાવ્યોનું સ્થાન ૩૬૨
ભાવવાહિ સ્તવનો આદિ ૩૭૧
મનમંદિરમાં પ્રભુજીની પધરામણી ૩૭૨
પ્રભુજીની પધરામણીથી આનંદ ૩૭૭
ભાવપૂજાનું રહસ્ય ૩૭૯
મનમંદિરમેં આયે ૩૮૪
પ્રભુજીના ધ્યાનથી આનંદ ૩૮૫
દ્રવ્યપૂજા અને ભાવપૂજા ૩૮૭
હે પ્રભુજી! મનમંદિરમાં પધારો ૩૮૮

મનમંદિરમાં પ્રભુજીને પધરાવો	૩૬૦
અનુભવભવને બેઠા નાથ	૩૬૨
તુમશું રંગ લાગ્યો	૩૬૪
મંદિર નિર્માણ અને મૂર્તિપૂજા	૩૬૬
આધ્યાત્મિક દૃષ્ટિએ અષ્ટપ્રકારી પૂજાનું રહસ્ય	૩૬૯
કાયોત્સર્ગનું સ્વરૂપ	૪૦૧
કાયોત્સર્ગનો પ્રભાવ	૪૦૪
કાયોત્સર્ગથી થતા પ્રત્યક્ષ લાભો	૪૦૫
અરિહંતાદિ નવપદ અને તેની સાધના	૪૦૬
પરમાત્મ પ્રાર્થના	૪૩૬
જિનપૂજા રહસ્ય દર્શક સુવિધિનાથ સ્તવન	૪૪૭
સ્વાધ્યાય	૪૫૦
અનિત્યત્વાદિ બાર ભાવના	૪૫૧
ધર્મકલ્પ વૃક્ષનું મૂળ (મૈત્રી આદિ ચાર ભાવના)... ...	૪૭૧
નમસ્કાર મહામંત્રનો પ્રભાવ	૪૮૯
નમસ્કાર મહામંત્રની ધારણા	૪૯૪
નમસ્કાર મહામંત્રનું ધ્યાન	૪૯૮
ધ્યાન સાધના	૫૦૩
ધ્યાનનો પ્રભાવ	૫૧૦
મોક્ષપ્રાપ્તિનો સાચો ઉપાય	૫૧૭
ધર્મની વ્યાખ્યા	૫૨૭
ધર્મની ઓળખ	૫૩૨
ધર્મનો પ્રભાવ	૫૩૮
સામાયિક ધર્મ ... ... — —	૫૪૧
સામાયિક અને નમસ્કાર	૫૪૮
સમવસરણસ્થ ભગવાનનું ધ્યાન	૫૫૩
અરિહંત વંદનાવલી	૫૬૦

અરિહંતપદ ધ્યાન.

અરિહંતપદ ધ્યાતો થકો, દ્રવ્યહ-ગુણ-પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે. ૧

અર્થ:—દ્રવ્ય, ગુણ અને પર્યાયથી શ્રી અરિહંત પરમાત્માનું ધ્યાન કરનાર આત્મા પોતાની અને અરિહંતની વચ્ચે જે ભેદ છે, તે ભેદનો છેદ કરી પોતે પણ અરિહંતસ્વરૂપ બને છે.

જૈનશાસનનું પરમહાર્દ.

ભાવાર્થ:—પૂ૦ ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજની વાણી સર્વ-નય-સંપન્ન છે. તેઓશ્રીએ રચેલો ઉપરનો શ્લોક ઘણા જ ઉંડાણવાળા અર્થથી ભરેલો છે. સમગ્ર જૈન પ્રવચનનું તેમાં પરમહાર્દ છૂપાયેલું છે. સાદી અને સરલ ભાષામાં તેમાં ધ્યાનવિષયક અતિમહત્ત્વની પ્રક્રિયા તેઓશ્રીએ સુંદર રીતે ગુંથી આપી છે.

ધ્યાતા—ધ્યેય અને ધ્યાનનું સ્વરૂપ:—

પ્રથમ તો આ શ્લોકને સમજવા માટે ધ્યાતા, ધ્યેય અને ધ્યાનનું સ્વરૂપ જાણવું જોઇએ આ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનરૂપ ત્રિપુટીનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

(૧) સમ્યગ્દર્શનના પરિણામયુક્ત અર્થાત્ વિવેકી અંતરાત્મા–જે ધ્યાન કરનારો આત્મા તે ધ્યાતા કહેવાય.

(૨) આઠે કર્મોનો જેમણે ક્ષય કર્યો છે, તે સિદ્ધ પરમાત્મા અથવા ઘાતીકર્મ જેમના ક્ષીણ થયા છે, તે અરિહંત પરમાત્મા ધ્યાન કરવા યોગ્ય ધ્યેય કહેવાય.

(૩) અંતરાત્માની પરમાત્મામાં એકાગ્રતાની બુદ્ધિ અર્થાત્ તે સિવાય બીજો કોઇ વિચાર નહિં, જેમ ધનુર્ધર જ્યારે નિશાન બરાબર તાકે ત્યારે પોતાના લક્ષ સિવાય તેને બીજા કશાનું ધ્યાન ન રહે, તેમ પોતાનો એકાગ્રતાપૂર્વકનો ઉપયોગ પરમાત્મામાં જોડવો તે ધ્યાન કહેવાય.

સમાપત્તિનું સ્વરૂપ.

આ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની જ્યારે એકતા થાય છે, ત્યારે તેને **સમાપત્તિ** કહેવાય છે. અર્થાત્ પોતાના સ્વચ્છ અંતરાત્મામાં તે વખતે પરમાત્મભાવનું પ્રતિબિંબ પડે છે. તે પ્રતિબિંબને સમાપત્તિ કહેવામાં આવે છે. તેમાં ઉપયોગથી અર્થાત્ ધ્યાનથી પરમાત્માની સાથે હાર્દિક સ્પર્શના થાય છે.

જેમ નિર્મળ આરિસામાં તેની સામે જેવો પદાર્થ મૂકવામાં આવે, તેવું જ પ્રતિબિંબ તેનામાં પડે છે, તેમ જે આત્મામાંથી કર્મમલ અર્થાત્ ચિત્તમલ દૂર થયો છે, તે આત્મા સ્વચ્છ–નિર્મલ આરિસા જેવો બને છે અને તેમાં

ધ્યાન વખતે પરમાત્મભાવનું પ્રતિબિંબ પડે છે. "જે જેનું ધ્યાન ધરે, તે તેના જેવો થાય" એ નિયમથી અંતરાત્મા તે વખતે પરમાત્મા જેવો બને છે.* આ સમાપત્તિ થાય છે, તે વખતે પોતાની અને પરમાત્માની વચ્ચે જે ભેદની રેખા છે, તે ભૂંસાઈ જાય છે અને ધ્યાતા પોતે પણ ધ્યેય-અરિહંત સ્વરૂપ બને છે.

તીર્થંકરપદની પ્રાપ્તિ.

આત્મામાં જ્યારે આવી સમાપત્તિ થાય છે, ત્યારે તેનું પ્રથમ ફળ અતિ પવિત્ર એવા તીર્થંકર નામ કર્મના બંધની પ્રાપ્તિ રૂપ થાય છે. અને તેના વિપાક કાળે સાક્ષાત્ તીર્થંકર પદની પ્રાપ્તિ રૂપ "સંપત્તિ" નામનું ફળ પ્રાપ્ત થાય છે.

શ્રી અરિહંતભક્તિનો અચિંત્ય પ્રભાવ.

સમાપત્તિનું આટલું બધું મહાન ફળ જીવને પ્રાપ્ત થાય છે, તેનું પણ મૂળ કારણ અરિહંતભક્તિ છે. તે માટે પૂ૦ ઉપાધ્યાયજી મહારાજ એક સ્થળે ફરમાવે છે કેઃ—

"જે સંસર્ગ-અભેદારોપે, સમાપત્તિ મુનિ માને;
તે જિનવરગુણ થુણતાં, જ્ઞાન-ધ્યાન લય તાને ॥"

તેનો ભાવાર્થ એ છે કે અંતરાત્માને વિષે પરમાત્માના

---

* જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાનથી, જિન ઉપમા આવે.
શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ૦

ગુણોનો નિવેશ કરવો તેને "સંસર્ગારોપ" નામની સમાપત્તિ કહેવામાં આવે છે અને પરમાત્મામાં અંતરાત્માનું વિલીનીકરણ કરવું અર્થાત્ અભેદભાવે પરમાત્મામાં લય પામી જવું તેને "અભેદારોપ" નામની સમાપત્તિ કહેવામાં આવે છે. આ રીતે મહામુનિઓએ સમાપત્તિના બે ભેદ કહ્યા છે. અરિહંત પરમાત્માના ગુણોની સ્તુતિ કરતાં, તેમનું ધ્યાન કરતાં, તેમાં એકતાન થતાં અને તેમાં લય પામતાં તે બન્ને પ્રકારની સમાપત્તિ થાય છે.

"પ્રભુના ગુણોના સમૂહરૂપી ગંગાજળમાં સ્નાન કરવાથી આત્માનો કર્મમળ દૂર થાય છે. અને જીવ જ્ઞાન અને આનંદથી ભરપૂર એવા સ્નાતકપદને પ્રાપ્ત કરે છે.*

ક્રિયાની સફળતાનો આધાર ધ્યાનશુદ્ધિ છે.

જૈનશાસનમાં તપની સાથે જપ આદિનું જે અનુષ્ઠાન રાખવામાં આવે છે, તેનું તાત્પર્ય એ છે કે, તપશ્ચર્યા દરમ્યાન ચિત્તની વિશુદ્ધિ સરળતાથી થાય છે અને એ વિશુદ્ધ ચિત્ત દ્વારા જ્યારે જપ વગેરે કરવામાં આવે છે ત્યારે તેમાં પરમાત્માનું પ્રતિબિંબ પડે છે. અને એને જ શાસ્ત્રીય ભાષામાં સમાપત્તિના નામથી ઓળખાવવામાં આવે છે. આ રીતે તપ–જપ દ્વારા પરમાત્માની સાથે સમાપત્તિ થવા રૂપ મહાન કાર્ય થતું હોવાથી તે ક્રિયાનું મૂલ્ય ઘણું જ

---

*પ્રભુ ગુણ ગણ ગંગાજળે નાહિ, કીયો કર્મમળ દૂર રે;
સ્નાતકપદ જિનભક્તે લહીએ, ચિદાનંદ ભરપૂર રે.

પૂ૦ ઉપા૦ શ્રી યશો વિ૦ મ૦

વધી જાય છે. જો તપ-જપ દ્વારા **સમાપત્તિની** દિશામાં યત્કિંચિત્ પણ પ્રગતિ ન થાય તો તે તપશ્ચરણ આદિ સંપૂર્ણ રીતે સફળ બની શકતાં નથી. તપ-જપ આદિની વાસ્તવિક સફળતાનો આધાર ધ્યાનશુદ્ધિ છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયથી
અરિહંતનું ધ્યાન એટલે શું ?

જે અરિહંત પરમાત્માને દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી જાણે તે આત્માને જાણે છે અને જે આત્માને જાણે છે, તેનો મોહ નાશ પામે છે. અર્થાત્ તે અરિહંત સ્વરૂપ બને છે. અહીં દ્રવ્ય-ગુણ પર્યાયથી આત્માને જાણવો, ધ્યાવવો એટલે જેવું અરિહંત પરમાત્માનું આત્મ-દ્રવ્ય છે, તેવું જ નિશ્ચયથી મારું પણ આત્મદ્રવ્ય છે, જેવા કેવળજ્ઞાનાદિ અરિહંત પરમાત્માના ગુણો છે, તેવા જ ગુણો મારા આત્મામાં છૂપાયેલા છે. જેવા અરિહંતના નિર્મલ પર્યાયો પ્રગટપણે અત્યારે વર્તી રહ્યા છે, તેવા જો કે અત્યારે મારા નથી, છતાં જે રીતે અરિહંત પરમા-ત્માએ ધ્યાન કર્યું હતું અને એ ધ્યાનદ્વારા પોતાના પર્યાયોને નિર્મલ બનાવ્યા હતા, તે જ રીતે પરમાત્માના ધ્યાનથી મારા પર્યાયો પણ અવશ્ય નિર્મલ બનવા યોગ્ય છે. આ રીતે અરિહંતના ધ્યાન દ્વારા, અરિહંત પરમાત્માના સ્વરૂપની ઓળખાણ દ્વારા અથવા અરિહંત પરમાત્માના આદર્શ અર્થાત્ આલંબન દ્વારા આત્મા પોતાનું પણ તેવું જ

સ્વરૂપ છે તેનો નિશ્ચય કરે છે. આનું જ નામ આત્માની ઓળખાણ છે, અથવા દ્રવ્ય–ગુણ–પર્યાયથી જ્ઞાન અને ધ્યાન છે.

જે અરિહંતને ઓળખે છે, તે આત્માને ઓળખે છે.

જન્મથી જ ઘેટાના ટોળામાં ભળી ગયેલું સિંહનું બચ્ચું જેમ ભ્રાંતિથી પોતાને પણ ઘેટા જેવું કલ્પી લે, તેમ જીવ પોતે અનંત શક્તિનો માલિક હોવા છતાં અનાદિ અજ્ઞાનતાના યોગે પોતાને તદ્દન નિર્માલ્ય માની, જન્મ મરણની અનેક પ્રકારની કર્મજનિત હાડમારીઓ ભોગવી રહ્યો છે. જેમ તે સિંહના બચ્ચાને કોઇ વખતે બીજા સિંહનું દર્શન થવાથી, સિંહની ગર્જના સાંભળવાથી, સિંહ તરફથી અન્ય કોઈ પ્રેરણા મળવાથી અને બારીકાઇથી જોતાં પોતામાં પણ બધાંજ લક્ષણો સિંહના છે પણ ઘેટાનાં નથી, એવો નિર્ણય થવાથી તેને તેનું પોતાનું પરાક્રમ ખ્યાલમાં આવી જાય છે, તેની નબળાઇ દૂર થઈ જાય છે અને તે સિંહ વનનો રાજા બની જાય છે. તેમ શ્રી અરિહંત પરમાત્માના દ્રવ્ય–ગુણ–પર્યાયના ધ્યાનથી જીવને પણ એવું ભાન થાય છે કે તત્ત્વથી જોતાં મારૂં પણ આવું જ સ્વરૂપ છે. મારી જાત પણ આવી જ છે. મારામાં પણ બધાં આવાં જ લક્ષણો છે. હું અવિનાશી છું, અનંત જ્ઞાન અને અનંત શક્તિથી હું ભરપુર છું. કર્મ કરતાં મારું બળ અનંતગણું અધિક છે. આ બધું ખ્યાલમાં આવતાં જ અને ત્યારપછી તે અંગે વિધિપૂર્વક પુરુષાર્થ કરતો જીવ કર્મને હટાવી

અંતે પોતે જીવ મટી શિવ બની જાય છે. આ રીતે જે અરિહંતને ઓળખે છે, તે આત્માને ઓળખે છે અને આત્માની ઓળખાણ થયા પછી મોહ એટલે અજ્ઞાન નાશ પામે છે.

અજ્ઞાન એટલે
પોતાના સહજ સ્વરૂપનો અસ્વીકાર.

અજ્ઞાન એટલે પોતાના સહજ સ્વરૂપનો અસ્વીકાર અથવા પોતાના સહજ સ્વરૂપનું વિસ્મરણ. આ રીતે આત્માના સ્વરૂપને ભૂલી જવાથી આત્માએ અનંત કાળથી અનંત દુઃખ અનુભવ્યું છે અને તે દુઃખ આત્માના જ્ઞાનથી જ ટળી શકે છે. આત્માના જ્ઞાન સિવાય કરોડો કલ્પ સુધી ગમે તેવા આકરા ઉપાયોથી પણ તે દુઃખ ટળતું નથી. તે અજ્ઞાન અને મિથ્યાજ્ઞાનરૂપી મોહ અરિહંતના ધ્યાનરૂપી પ્રકાશથી ટળે છે. અરિહંતના ધ્યાનથી પ્રથમ પોતાના શુદ્ધ નિર્મલ સ્વરૂપનો રુચિમાં અને જ્ઞાનમાં સ્વીકાર થાય છે અને પછી ધ્યાનમાં આગળ વધતાં–વધતાં એક વખત અંતે ધ્યાતા પોતે ક્ષાયિકભાવે ધ્યેયસ્વરૂપ બની જાય છે. એજ વસ્તુને ખ્યાલમાં રાખીને " ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે " એમ કહેવામાં આવ્યું છે.

પરમાત્મપદપ્રાપ્તિની અમોઘ પ્રક્રિયા.

જેમ સેંકડો વખત પૂટ આપવાથી અભ્રકભસ્મ મહાન રસાયણ બની જાય છે, તેમ વારંવાર આત્મામાં

અરિહંતપ્રભુના ધ્યાનરૂપી પૂટ આપવાથી, અથવા આત્માને અરિહંતના ઉપયોગમાં સ્થિર કરવાથી, આત્મામાં વારંવાર એનું જ સ્ફૂરણ ચાલુ રહેવાથી, તેના ચિંતનમાં જ સુસ્થિર એકાકાર, એકતાન, લયલીન થવાથી એક દિવસ આત્મા પોતેજ પરમાત્મ સ્વરૂપ બની જાય છે. પરમાત્મપદ પ્રાપ્તિની આ અમોઘ–કદિ પણ નિષ્ફળ ન જાય તેવી પ્રક્રિયા છે. શાસ્ત્રમાં તેને ઈલિકા–ભ્રમરી–ન્યાય દ્વારા પણ સમજાવવામાં આવેલ છે. ભ્રમરીનું ધ્યાન કરવાથી જેમ ઈયળ ભ્રમરીસ્વરૂપ બને છે, તેમ પરમાત્માનું સતત ધ્યાન કરનાર આત્મા પણ પરમાત્મસ્વરૂપ બને છે.

આવું ધ્યાન પ્રાપ્ત કરવા માટે તેના પાયામાં બીજી પણ ઘણી યોગ્યતા કેળવવી પડે છે. અને એ બધો વિધિસર અભ્યાસ થયો હોય તોજ ઉપર કહ્યું છે તેમ ચિત્ત ધ્યાનમાં એકાગ્ર બને છે, અને તેવા ચિત્તમાં જ પરમાત્મસ્વરૂપનું પ્રતિબિંબ પડે છે. તેથી અહીં નીચે ધ્યાનાભ્યાસના માર્ગમાં પ્રવેશ કરવા માટે તથા તેમાં સ્થિરતા પ્રાપ્ત કરવા માટે જરુરી એવી કેટલીક ઉપયોગી બાબતો જણાવીએ છીએ.

ક્રિયાભ્યાસ એ ધ્યાનનો પાયો છે.

મકાનનો પાયો જેટલો મજબૂત હોય તેટલું મકાન વધુ સલામત ગણાય છે. અને તેમાં વસવાટ કરનાર વધુ નિર્ભય રહે છે, તેમ ધ્યાનમાર્ગમાં ક્રિયાભ્યાસ એ પાયાના સ્થાને છે. તેથી ધ્યાનમાં પ્રવેશ અને પ્રગતિ કરવાની ઇચ્છા રાખનારે પોતાના જીવનમાં નીતિ, ન્યાય,

દયા, દાન, મૈત્રી, પ્રમોદ, પ્રેમ, પરોપકાર, પ્રભુદર્શન-પૂજનાદિ ક્રિયાઓનો અભ્યાસ સતત અને નિયમિત રીતે ચાલુ રાખવો જરૂરી છે.

તે ઉપરાંત ગુરૂઉપદેશશ્રવણ-મનન તપ-જપ-વ્રત-નિયમ-સ્વાધ્યાય-સંતોષ-સામાયિક-પ્રતિક્રમણ, આસન અને ધારણાદિના અભ્યાસમાં પણ યથાશક્તિ પોતાનું વીર્ય ફોરવવા સંદા સજ્જ રહેવું જરૂરી છે. અને ખાસ કરીને તમામ પ્રવૃત્તિમાં ઔચિત્યનું પાલન, ગુણવંતનું પારતંત્ર્ય અને પ્રજ્ઞાપનીયપણું આ ત્રણ ગુણોને આત્મસાત્ કરવા સવિશેષ ઉદ્યમશીલ રહેવું જોઇએ.

ઔચિત્યપાલન એ ધ્યાનમાર્ગની સૌથી પ્રથમ શરત છે. ઔચિત્યના પાલન વિના ધ્યાનમાર્ગમાં પ્રગતિની વાત તો દૂર રહી પણ પ્રવેશ પણ થઇ શકતો નથી. ઉચિત આવશ્યક કોઇપણ કાર્ય ન સીદાય અને ઉપકારી તથા વડીલ વર્ગને શકય સંતોષ આપીને તેમના હાર્દિક આશીર્વાદ પ્રાપ્ત કરીને અને પોતાથી નાનાઓને પ્રસન્ન રાખીને તથા બીજા પણ પરિચયમાં આવતા સૌની સાથે ઔચિત્યપૂર્વકનો વ્યવહાર જાળવવાપૂર્વક ઉચિત સમયે જ્યારે ધ્યાનનો પ્રારંભ કરવામાં આવે છે, ત્યારે તેમાં સરળતાપૂર્વક પ્રવેશ થઇ શકે છે. કારણ કે ઔચિત્ય-પૂર્વક સત્ક્રિયાઓના પાલનદ્વારા ધ્યાનમાં બાધક એવા મળ, વિક્ષેપ આદિ દોષો પ્રતનું અર્થાત્ પાતળા પડે છે.

સામાન્ય રીતે મનુષ્યનું ચિત્ત હંમેશા રજોગુણ અને તમોગુણથી ઘેરાયેલું હોય છે. તેમાં રજોગુણ ચિત્તને ચંચળ બનાવે છે અને તમોગુણ ચિત્તને પ્રમાદી બનાવે છે. આવા ચંચળ અને પ્રમાદી ચિત્તમાં શુભધ્યાન પ્રવેશી શકતું નથી. ઉચિત અનુષ્ઠાન કરવાથી જ અંતઃકરણમાંથી તમોગુણ અને રજોગુણની માત્રા મંદ પડે છે અને સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે, આ સત્ત્વ ગુણની વૃદ્ધિ થવાથી ચિત્તમાં પ્રસન્નતા પ્રગટે છે કે જે પ્રસન્નતા ધ્યાનમાર્ગમાં આગળ વધવા માટે—ધ્યાનમાર્ગને પુષ્ટ કરવા માટે રસાયણનું કામ કરે છે. ચિત્તની પ્રસન્નતાને ધ્યાનના પ્રાણ પણ કહી શકાય.

ધ્યાન માટે ચિત્તની પ્રસન્નતા અનિવાર્ય છે.

ધ્યાન માટે ચિત્તની પ્રસન્નતા અનિવાર્ય છે. જે પરમતત્ત્વોની સાથે આપણે મીલન કરવું છે, તે મીલન આપણું ચિત્ત પ્રસન્ન હોય તો જ થઇ શકે છે. કારણ કે પરમતત્ત્વ પોતે પ્રસન્નતાની પરાકાષ્ટાએ પહોંચેલા હોય છે. તેમની સાથે સજાતીયપણાના સંબંધથી જ મીલન થઇ શકે. તે માટે સાધકમાં પણ પ્રસન્નતાની માત્રા ઓછે-વત્તે અંશે પણ પ્રગટ થયેલી હોવી જોઈએ. અને એટલા માટે જ "देवो भूत्वा देवं यजेत्" અને "सिद्धस्य यः स्वभावः स्यात्, *सैव साधकयोग्यता ।*" *અર્થાત્ સિદ્ધમાં જે સ્વાભાવિક ગુણ* હોય તેની યોગ્યતા સાધકમાં હોવી જોઈએ એમ કહેવામાં આવ્યું છે.

ચિત્તની પ્રસન્નતા બે કાર્ય એક સાથે કરે છે. એક તો આર્ત-રૌદ્રાદિ અશુભધ્યાનને તે રોકે છે અને બીજું ઉત્તમધ્યાનમાં આત્માને જોડે છે. તેથી ઉત્તમધ્યાનની પ્રાપ્તિમાં તે પ્રબળ હેતુ બને છે. જેમ યુદ્ધમાં ઉતરેલો શૂરવીર યોદ્ધો આગળ અને પાછળ બન્ને બાજુ લડે છે. દુશ્મનોને હટાવી આગળ-આગળનો નવો નવો પ્રદેશ જીતી પોતાના માલિકને વિજય પ્રાપ્ત કરાવે છે, તેમ ચિત્તની પ્રસન્નતા નામનો ગુણ એક સાથે બન્ને કાર્ય કરે છે. ચિત્તની પ્રસન્નતા એ આત્માની દિવ્ય સંપત્તિ છે. આપણી પાસે બીજું કાંઈપણ ન હોય અર્થાત્ આ દુન્યવી એક પણ પદાર્થ ન હોય પરંતુ માત્ર એક ચિત્તની પ્રસન્નાતા જ હોય તો પણ તે એક જ વસ્તુની કિંમત ત્રણ ભુવનના સમગ્ર બાહ્ય ઐશ્વર્ય કરતાં પણ ઘણી અધિક છે. ચિત્તની પ્રસન્નતા અસંખ્ય અશુભ સંકલ્પ-વિકલ્પોને શમાવી દે છે અને તે સાત્ત્વિક, શુભ અને પવિત્ર ભાવનાનું બળ વધારે છે. પ્રસન્ન ચિત્ત દરેક વસ્તુમાંથી, દરેક સ્થાનમાંથી, દરેક અવસ્થામાંથી સારભૂત વસ્તુને ગ્રહણ કરી અસારને છોડી શકે છે. સંસારમાં સુખનું કોઇ એક જ કારણ કલ્પવું હોય, તો તે ચિત્તની પ્રસન્નતા છે. અથવા સંસારમાં દુઃખનું કોઇ એક જ કારણ કલ્પવું હોય તો તે ચિત્તની સંક્લિષ્ટતા છે. બીજા બધા કષ્ટોની પરંપરા તો ચિત્તની ક્લિષ્ટતામાંથી પાછલથી ઉત્પન્ન થાય છે. જેનું ચિત્ત પ્રસન્ન છે, તેને અહીં જ દિવ્ય સુખ છે. જેનું ચિત્ત અતિ ક્લિષ્ટ છે તે અહીં જ નરક જેવી પીડા ભોગવી રહેલ છે, એમ કહી શકાય.

બાહ્ય સંપત્તિ પરાધીન છે. તે ઈચ્છા કરવા માત્રથી બધા મેળવી શકતા નથી. ચિત્તપ્રસન્નતા રૂપ અંતરંગ સંપત્તિ સ્વાધીન છે. તેને અભ્યાસથી પ્રાપ્ત કરી શકાય છે. રાજા હોય કે રંક હોય પણ પ્રત્યેક આત્મામાં તે એકસરખી રીતે ઉત્પન્ન થઈ શકે છે. આ ચિત્તપ્રસન્નતા પ્રાપ્ત કરવી તે પ્રત્યેક મનુષ્યનો જન્મસિદ્ધ હક્ક છે. ભગવાને પણ ઉપદેશમાં એમ જ કહ્યું છે કે— જે પોતાનું છે, જે સ્વાધીન છે, જે નિરુપાધિક છે, જે અનંત છે અને જે અનુપમ છે તેને પ્રાપ્ત કરો. પછી બીજું કાંઈ પ્રાપ્ત કરવાનુ રહેશે નહિં.

સકલ કલ્યાણપરંપરાનો હેતુ ચિત્તપ્રસન્નતા છે.

જેમને આ જન્મમાં જ પરમાત્માની સાથે એકાકાર થઈ આત્માના નિરુપાધિક આનંદને પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તેમણે પ્રભુના "અપાયાપગમ" આદિ ચાર અતિશયોની બરાબર સમજણ ગુરુગમથી કરી લેવી જોઈએ. તે સમજણ થયા પછી આપણને ખ્યાલ આવે છે કે "પ્રભુનું આલંબન લેવા માત્રથી અનાદિ સંસારથી ઉત્પન્ન થયેલું આપણું તમામ દુઃખ એકદમ કેવી રીતે નાશ પામી જાય છે"* અર્થાત્ પ્રભુ અનાયાસે કેવી રીતે આપણને અનંત પ્રકારની યાતનાઓમાંથી ઉગારી લેવાની અચિંત્ય શક્તિ ધરાવે છે,

---

* तन्नामग्रहणमात्रा-दनादिसंसारसंभवं दुःखम् ।
भव्यात्मानामशेषं परिक्षयं याति सहसैव ॥
योगशास्त्र ११-२६

અને ક્ષણમાત્રમાં કેવી રીતે આપણને અનંત સુખનું ભાજન બનાવે છે તે વાત બરાબર સમજાય છે.

" પ્રભુને ભજો અને અનંત સુખ પામો " " પ્રભુને ભૂલો અને નરક-નિગોદના અનંત કષ્ટ ભોગવો " આવી જે સનાતન સત્ય વિશ્વ વ્યવસ્થા છે, તેની પ્રતીતિ પ્રભુના અતિશયો આદિની પીછાણથી થાય છે. એ રીતે પ્રભુના અચિંત્ય માહાત્મ્યનો ખ્યાલ થતાં સાહજિક રીતે પ્રભુના પ્રભુત્વ પ્રત્યે અંતરંગ આદર ઉત્પન્ન થાય છે. અને સર્વત્ર પ્રભુનો જ મહિમા દૃષ્ટિગોચર થાય છે. અને હૃદયના ઉંડાણમાં અનાયાસે એવી જાતના ભાવનાના તરંગો ઉછલ્યા કરે છે કે વાહ ! પ્રભો વાહ ! વાહ તારો અચિંત્ય પ્રભાવ ! વાહ તારી અનંત કરુણા ! પ્રભુ તું હી, તું હી, તું હી, તું હી, હે નાથ ! " મારે એક તુજ શરણ છે "* હવે મને તારા શરણ અને સ્મરણ સિવાય બીજુ કાંઇ પણ જોઈતું નથી. પ્રતિસમય મારા હૃદયમાં આપની સ્મૃતિ સદા બની રહો ! એ જ એક મારી પરમ કામના છે. આ રીતે પ્રભુનું અચિંત્ય સામર્થ્ય ખ્યાલમાં આવતાં પ્રભુ પ્રત્યે આવો અંતરંગ આદર ઉત્પન્ન થાય છે.

જ્યાં નિરુપાધિક હાર્દિક આદર હોય, ત્યાં સ્વાભાવિક રીતે રસ પણ ઉત્પન્ન થાય છે અને જ્યાં રસ હોય ત્યાં ચિત્તમાં પ્રસન્નતા પણ પ્રગટે છે. અને જ્યાં પ્રસન્નતા હોય

---

* વધુ માટે જૂઓ આ પુસ્તકમાં આગળ આપવામાં આવેલ " **त्वमेव शरणं मम** " નામનો નિબંધ.

ત્યાં સ્થિરતા થવી સહજ છે. સોનું જ્યારે દ્રવિત થાય છે અર્થાત્ પીગળે છે, ત્યારે જ તેનો ઘાટ ઘડી શકાય છે, તેમ ચિત્તમાં જ્યારે પ્રસન્નતા-સ્નિગ્ધતા પ્રગટે છે, ત્યારપછી જ તેમાં સ્થિરતાનો ઘાટ ઘડી શકાય. અને જ્યાં સ્થિરતા હોય ત્યાં એકાગ્રતા પણ સરળતાથી પ્રગટે છે. અને જ્યાં એકાગ્રતા હોય ત્યાં તન્મયતા પ્રગટ થવી સહજ છે. અને એ તન્મયતા અંતે લયમાં પરિણમે છે. આ લય અવસ્થા પ્રાપ્ત થયા પછી જ લોકોત્તર પરમ તત્ત્વોની સાચી ઓળખાણ થઇ શકે છે.

પરમાત્મતત્ત્વ આદિ કેટલાંક તત્ત્વો મનને અગોચર હોય છે, તેથી તેવાં તત્ત્વો માત્ર મનથી જાણી શકાતાં નથી પરંતુ પરમતત્ત્વો પ્રત્યેની ધારણાદિના અભ્યાસના બળથી મન જ્યારે પ્રશાંત બને છે અર્થાત્ મન લય પામે છે ત્યારપછી જ આત્માને અગમ્ય તત્ત્વની પ્રતીતિ થવા લાગે છે. આ તત્ત્વ પ્રતીતિ થવી એ જ મનુષ્યજન્મ પામ્યાનું સાચું અને પ્રધાન ફળ છે. તે તત્ત્વપ્રતીતિ કરોડો કલ્યાણને ઉત્પન્ન કરે છે. આનું પણ મુખ્ય કારણ ચિત્તની પ્રસન્નતા છે. એટલા માટે ચિત્તની પ્રસન્નતાને આત્માનું અંતરંગ ધન અને મોક્ષનો સાક્ષાત્ માર્ગ પણ કહેલ છે. *ક્લેશરહિત સુપ્રસન્ન મન એજ મોક્ષ છે એમ પણ કહેવામાં આવ્યું છે*

---

* *चित्तरत्नमसंक्लिष्टमान्तरं धनमुच्यते ॥*

* માર્ગશ્વેતસોऽવક્રગમનમ્ ॥

* ક્લેશ રહિત મન તે ભવપાર

યોગશાસ્ત્રમાં ચિત્તપ્રસન્નતાનું માહાત્મ્ય.

આપણા જેવા પ્રમાદી જીવો માટે ચિત્તપ્રસન્નતા એક અતિમહત્ત્વની વસ્તુ બને છે. યોગિસમ્રાટ્, કલિકાલ સર્વજ્ઞ ભગવાનશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પોતે રચેલા શ્રી યોગશાસ્ત્રના સ્વાનુભવ નામના બારમા પ્રકાશમાં એજ વસ્તુની અતિવિશદ રીતે સ્પષ્ટતા કરી છે. હિતોપદેશ આપતાં તેઓશ્રીએ ત્યાં અંતિમ શ્લોકમાં ફરમાવ્યું છે કે " હે ઐશ્વર્યયુકત આત્મન્ ! સુખપ્રાપ્તિ અને દુઃખને દૂર કરવાના ઉપાયોને તું જાણતો નથી. અને તેથી તું ધન. યશ, વિદ્યા,રાજ્ય અને સ્વર્ગાદિની પ્રાપ્તિ માટે તથા રોગ, દારિદ્ર, ઉપદ્રવાદિ અનર્થોને દૂર કરવાના અભિપ્રાયથી આત્મા સિવાયના પર પદાર્થોને પ્રસન્ન કરવાનો વૃથા પ્રયત્ન કરી તારા આત્માને નાહક કષ્ટ આપી રહ્યો છે. અર્થાત્ ધનાદિના પ્રાપ્તિથી તને સુખ મળવાનું નથી અને રોગાદિના નાશથી પણ તારૂં મૂળ દુઃખ ટળવાનું નથી. સુખ અને દુઃખની ઉત્પત્તિનું મૂળ સ્થાન તું જાણતો નથી, તેથી ખોટા માર્ગે નિરર્થક પ્રવૃત્તિ કરી તું નાહક તારા આત્માને ફ્લેશ જ પમાડે છે. માટે એ બધુ છોડીને એક આત્માને જ પ્રસન્ન કર. અર્થાત્ આત્મામાંથી રજોગુણ અને તમોગુણને દૂર કરી તેને જરા પ્રસન્ન કર. તું એ પ્રમાણે આત્માને પ્રસન્ન કરીશ તો તેનાથી સંપત્તિ તો શું પણ પરમજ્યોતિ સ્વરૂપ પરમાત્માનું પ્રચૂર સામ્રાજ્ય તને

પ્રાપ્ત થશે. ” *

ચિત્ત પ્રસન્નતાનો આ બધો પ્રભાવ વાણીથી ન વર્ણવી શકાય તેવો ગહન છે. યોગિઓને આ જગતમાં સૌથી વધુ સુખી ગણવામાં આવે છે, ત્યાં પણ તેમને જે સુખ હોય છે, તે ચિત્તસ્વાસ્થ્યના ઘરનું જ સુખ હોય છે.

આ ચિત્ત પ્રસન્નતા અકસ્માત પ્રાપ્ત થતી નથી, પણ ઉપર કહ્યું છે, તેમ જિનાજ્ઞાપાલનના પરિણામપૂર્વક દીર્ઘ કાલ સુધી આદરપૂર્વક ક્રિયા યોગના અભ્યાસથી જ સુલભ બને છે. શ્રી જિનાજ્ઞાપાલનના પરિણામે શીઘ્ર ચિત્ત પ્રસન્નતા પ્રગટે છે. ચિત્ત પ્રસન્નતાનો એ રાજમાર્ગ છે. ધર્માનુષ્ઠાનનો કોઈ વાસ્તવિક માપ દંડ હોય તો તે ચિત્ત-પ્રસન્નતા છે. શ્રી જિનાજ્ઞાપાલનપૂર્વક એક નાનામાં નાની ક્રિયા થાય તો પણ ચિત્તપ્રસન્ન થયા વિના રહે નહિં. ધર્માનુષ્ઠાન કરવા છતાં પણ જ્યાં સુધી ચિત્તપ્રસન્નતા પ્રગટે નહિં ત્યાં સુધી સમજવું કે કયાંક ને કયાંક જિનાજ્ઞા-પાલનમાં ખામી રહી ગઈ છે. જિનાજ્ઞાનું પાલન થાય અને ચિત્તપ્રસન્ન ન બને એ કદિ પણ બને જ નહિં. જિનાજ્ઞા-

---

* *तांस्तानापरमेश्वरादपि परान् भावैः प्रसादं नयन्,*
तैस्तैस्तत्तदुपायमूढ ! भगवन्नात्मन् किमायास्यसि ।
हंतात्मानमपि प्रसादय मनाग् येनासतां संपदः,
साम्राज्यं परमेऽपि तेजसि तव प्राज्यं समुज्जृम्भते ॥

યોગશાસ્ત્ર ૧૨-૫૪

પાલનનું રોકડું તાત્કાલિક ફળ ચિત્તની પ્રસન્નતા છે. અને પરંપરક ફળ સ્વર્ગ અને મોક્ષ છે.*

ધ્યાન માટેનું પુષ્ટાલંબન.

આ નિબંધમાં મુખ્ય વિષય ધ્યાનનો છે તેથી તે અંગે એક અગત્યનું સ્પષ્ટીકરણ કરવાની અહીં ખાસ જરૂર છે. અને તે એ છે કે ધ્યાનના પ્રાથમિક અભ્યાસ માટે સૌથી શ્રેષ્ઠ આલંબન સમવસરણસ્થિત શ્રી જિનેશ્વર ભગવંતનું રૂપ અથવા અષ્ટપ્રાતિહાર્યયુક્ત શ્રી તીર્થંકર ભગવંતનું બિંબ છે.卐 તે આલંબન એવું અચિંત્ય પ્રભાવથી યુક્ત છે કે ધ્યાનનો પિપાસુ અર્થી આત્મા તે આલંબન દ્વારા વધુ સરળતાથી ધ્યાનમાર્ગમાં આગળ વધી શકે છે. બીજા આલંબન કરતાં આ આલંબન વિશેષ પુષ્ટ આલંબન છે. પ્રમાદગ્રસ્ત જીવોને આલંબન જેટલું પુષ્ટ હોય છે, તેટલું વધારે અનુકૂલ પડે છે. જે સિદ્ધયોગી છે તે તો માત્ર એકાદ પવિત્ર પદના આલંબનથી પણ પ્રકાશ પ્રાપ્ત કરી શકે છે. પણ પ્રારંભિક અભ્યાસી માટે આલંબન જેટલું વિશેષ આહ્લાદક હોય છે, તેટલો તેને વિશેષ ભાવોલ્લાસ પ્રગટે છે. ચિત્તને સ્થિર થવા માટે જેટલી

---

* આણાપાલન ચિત્તપ્રસન્ની, મુગતિ, સુગતિ સુરમંદિર રે.

—શ્રી આનંદઘન ચોવિશી

卐આ વિષયને વિશેષ જાણવા માટે જુઓ રૂપસ્થ ધ્યાન ૧. રૂપસ્થ ધ્યાન ૨.

સામગ્રી જોઇએ તેટલી તમામ સામગ્રી સમવસરણસ્થ પ્રભુના રૂપમાં તથા અષ્ટપ્રાતિહાર્યયુક્ત જિનપ્રતિમામાં સુંદર રીતે સંગ્રહીત થયેલી છે, તેથી તેમાં મન પ્રાયઃ સરળતાથી લીન થઈ શકે છે. પણ એવી સામગ્રી જેને ઉપલબ્ધ ન હોય તે આત્મા પ્રતિહાર્ય રહિત કેવળ પ્રતિમાનું પણ ધ્યાન કરી શકે છે.

સમવસરણસ્થ શ્રી જિનેશ્વર ભગવંતના રૂપનું કે શ્રી જિનમૂર્તિનું ધ્યાન કેવી રીતે કરવું તે જાણવા માટે યોગ-શાસ્ત્રનો નવમો પ્રકાશ અનુભવી ગુરુ પાસે બરાબર સમજી-વિચારી લેવો જોઇએ. તેમાં જે રીતે સુંદર પદ્ધતિસર ધ્યાન કરવાની પ્રક્રિયા સમજાવવામાં આવી છે, તે રીતે અભ્યાસ કેળવવો જોઇએ. શકયતા હોય તો તે આખું પ્રકરણ (નવમો પ્રકાશ સંપૂર્ણ) કંઠસ્થ કરી તેનો નિત્ય સ્વાધ્યાય કરી તે આખા પ્રકરણને પોતાના નામની જેમ આત્મસાત્ બનાવી લેવો જોઇએ. અનુપ્રેક્ષા-પૂર્વક વારંવારના પરાવર્તન પછી એવો સમય પણ આવે છે કે એનો પાઠ કરતાં કરતાં પણ આત્મા સમાધિરસમાં ઝીલવા માંડે છે.

પ્રારંભમાં કોઈ પવિત્ર તીર્થભૂમિમાં જઇ અને તેમાં પણ સુંદર લક્ષણવંત ભવ્ય પ્રાચીન બિંબની સન્મુખ નિરુપાધિક જીવનવાળા બની વિષય-કષાયથી દૂર રહેવા પૂર્વક શકયતા હોય તો અનુભવી ગુરુની નિશ્રામાં રહી સ્થિરતાપૂર્વક ધ્યાનનો અભ્યાસ કરવો જોઇએ.

આ એક અનુભવસિદ્ધ હકીકત છે, કે— ઉત્તમ

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની આત્મા ઉપર ઘણી સારી અસર પડે છે. તેમાં પણ ધ્યાન ટાણે તેવા નિમિત્તોની વધુ આવશ્યકતા રહે છે, કારણ કે તે આરોહણનો માર્ગ છે. સામા પૂરે તરવા જેવું કઠિન કામ છે, પ્રારંભિક અવસ્થાઓમાં માત્ર પોતાના એકલાના પ્રયત્નથી જ સિદ્ધિ સાંપડતી નથી. પણ બીજા અનેક ઉત્તમ આલંબનોની તેમાં જરૂર પડે છે.

કદાચ પવિત્ર તીર્થ આદિની બધી સામગ્રીની અનુકુલતા ન હોય તો પોતાના ગામના જ મંદિરમાં જે વખતે શાંતિપૂર્વક ધ્યાન થઈ શકે તેવો સમય પસંદ કરી ત્યાં ધ્યાનનો અભ્યાસ કરવો જોઇએ.

અને તેવી પણ અનુકુળતા ન હોય તો પોતાના ઘરમાંજ એક પવિત્ર ઓરડામાં ભગવાનના ચિત્રપટની સ્થાપના કરી તેની સામે યોગ્ય સમયે ધ્યાનનો અભ્યાસ કરવો જોઇએ. અભ્યાસ આદરપૂર્વક ચોક્કસ સમયે અને નિયમિત કરવો જોઇએ. પ્રારંભ કર્યા પછી તેમાં આંતરૂં ન પડે તેની પૂરી કાળજી રાખવી જોઈએ. *

અભ્યાસ દ્વારા જ્યારે હૃદયકમળ કે ચિત્તભૂમિમાં જો મૂર્તિ કે ચિત્ર વિના પણ આલંબનની માનસિક કલ્પના કરીને આલંબનનો ખ્યાલ લાવી શકાય તો ત્યારપછી અનુકૂલતા મુજબ ગમે ત્યારે રાત્રે કે દિવસે આંખ બંધ કરીને હૃદયકમલ આદિ શરીરના સ્થાનો ઉપર ધ્યાન ધરી શકાય.

---

* આ અંગેની વિશેષ જાણકારી માટે "નમસ્કાર ચિંતામણિ" અને "સાધના પ્રકાશ" પુસ્તક જોવા ભલામણ છે.

અને પછી ધીમે ધીમે મૂર્તિને બદલે હૃદયકમલમાં અક્ષરોની કલ્પના કરી તેમાં મનને જોડવું. સારી રીતે અભ્યાસ થઇ ગયા બાદ મૂર્તિ કરતા "અર્હમ" આદિ અક્ષરોમાં મન જોડવાથી વધુ સૂક્ષ્મ ધ્યાન થઈ શકે છે અને તેમાં પણ વધુ એકાકારતા આવતાં એથી પણ વધુ સૂક્ષ્મ ધ્યાન નિયમિત અભ્યાસ દ્વારા શકય બની શકે છે. તે માટે હૃદયના આદરપૂર્વકના દીર્ઘકાળ સુધીના સતત અભ્યાસની જરૂર છે.*

ઉપસંહાર.

મુનિઓ અને શ્રાવકો માટે જૈનશાસનમાં ફરમાવેલી તમામ બાહ્ય ક્રિયાઓ અને તમામ ધર્માનુષ્ઠાનો અંતે તો ધ્યાનયોગની સિદ્ધિ માટે છે. આ ધ્યાનયોગમાં મુખ્ય વસ્તુ મનની પ્રસન્નતા છે અને મનની પ્રસન્નતા અહિંસાદિ મૂલ ગુણોના પાલનથી તથા સ્વાધ્યાયાદિ વિશુદ્ધ ક્રિયા અનુષ્ઠાનથી સિદ્ધ થાય છે* ક્રિયા અનુષ્ઠાનો સાધનના

---

* પરમાત્માને મનમંદિરમાં પધરાવવા માટે સાધકે કેવી રીતે પ્રણિધાનપૂર્વક હાર્દિક પ્રાર્થના કરવી જોઇએ અને ભાવના ભાવવી જોઇએ તે માટે જુઓ "પ્રભુને મનમંદિરમાં પધરાવવા માટે હાર્દિક પ્રાર્થના" એ મથાળા નીચેનું સમગ્ર લખાણ.

* मूलोत्तरगुणाः सर्वे, सर्वा चेयं बहिष्क्रिया ।
मुनीनां श्रावकाणां च, ध्यानयोगार्थमीरिता ॥ १ ॥
मन प्रासादसाध्योऽत्र, मुक्त्यर्थं ज्ञानसिद्धये ।
अहिंसादिविशुद्धेन, सोऽनुष्ठानेन साध्यते ॥ २ ॥
"उपमिति कथा"

સ્થાને છે અને ધ્યાનશુદ્ધિ એ સાધ્યના સ્થાને છે. મોટા મહેલ ઉપર ચડવું હોય તો નિઃસરણી એ સાધન છે અને મહેલ ઉપર પહોંચવું એ સાધ્ય છે. સાધન જો સાધ્યની સિદ્ધિમાં નિમિત્ત બને તો જ તેનામાં વાસ્તવિક સાધનપણું ઘટી શકે. પણ સાધનમાં જ જો અટવાઈ જવાનું બને અને સાધ્ય જ સર્વથા ભૂલાઈ જાય તો તે ક્રિયા લક્ષ્યવિહોણી બની જવાથી તેનામાં વાસ્તવિક સાધનપણું ઘટી શકે નહિં. એટલા માટે સાધ્યના લક્ષ્યપૂર્વક શુભમાં જે પ્રવૃત્તિ થાય છે, તે ક્રિયા જ ભવસાગર તરવા માટે સમર્થ બની શકે છે.

સાધ્યના લક્ષ્યપૂર્વક વિધિપૂર્વકની ક્રિયા દ્વારા જ્યારે ધ્યાનયોગની શુદ્ધિ થાય છે ત્યારે આત્માને અહીં જ અનુભવમાં આવી શકે તેવી અનેક પ્રકારની પ્રતીતિઓ આપોઆપ-પોતાની મેળે જ પ્રગટ થવા લાગે છે. અષ્ટ સિદ્ધિ અને નવનિધિ એ બધું પણ કાંઈ બહાર નથી. બધું આત્મામાં જ છે * તેને વિધિપૂર્વક પ્રગટ કરવાની જરૂર રહે છે. અને અનુભવીઓ કહે છે કે ધ્યાન દ્વારા અચૂક રીતે તે પ્રગટ થાય છે. એજ વાતને પૂ૦ ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ૦ પોતાના ટંકશાળી વચનો દ્વારા સ્પષ્ટ રીતે ફરમાવે છે કે— હે ભવ્ય જીવો ! તમે શ્રી વીર જિનેશ્વરના આ ઉપદેશને ચિત્ત દઈને સાંભળો. કરૂણા

---

* અષ્ટક સકલ સમૃદ્ધિની ઘટ માંહે ઋદ્ધિ દાખી રે.

સાગર એ ભગવંત ફરમાવે છે કે આત્માના ધ્યાનથી આત્માની તમામ ઋદ્ધિ પોતાની મેળે આવીને મળે છે.*

ધ્યાનમાર્ગમાં આગળ વધવાની ઇચ્છા રાખનારે ધ્યાન સિવાયના કાળમાં પણ પોતાના જીવનનું એવી રીતે ઘડતર કરવું જોઇએ કે તેને પ્રત્યેક ક્રિયામાં પંચ પરમેષ્ઠિ ભગવંતોનું અથવા તેનું પ્રથમ પદ શ્રી અરિહંત પરમાત્માના ગુણોનું સ્મરણ રહ્યા જ કરે છે.× જેને જે વસ્તુ સિદ્ધ થઇ હોય તેનું સ્મરણ કરવાથી, ચિત્તમાં તેમના પ્રત્યેની ભક્તિ જાગૃત કરવાથી સરળતાપૂર્વક તે કાર્ય સિદ્ધ થાય છે. પ્રભુના ગુણના ધ્યાનના નિમિત્તથી તપ, જપ અને ક્રિયા ફળ આપે છે.卐

આ સમગ્ર લખાણમાં વાંચવા કરતાં વિચારવાનું ઘણું જ છે. અથવા એનાથી પણ આગળ વધીને કહેવું હોય તો આ વિષય માત્ર વાંચવા-વિચારવા માટે જ નથી પણ ચિંતન-મનન પછી તેનો અનુભવ કરવા માટે છે. અનુભવ કરવાથી જ આ પદાર્થો સ્પષ્ટ સમજી શકાય તેવા છે.

---

* શ્રી વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત લાઇરે;
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઇ રે.

× આ માટે જુઓ 'નમસ્કાર મહામંત્રનો પ્રભાવ.'

卐 તપ, જપ, ક્રિયા ફળ દીયે, તે તુમ ગુણ ધ્યાન નિમિત્ત હો.

—ઉપા૦ શ્રીમદ્ યશોવિજયજી મહારાજ.

આપણે સૌ પ્રભુ-આજ્ઞા-પાલનના રસિક થઈ કુશલાનુબંધી અનુષ્ઠાનમાં એકતાન બની મનપ્રસન્નતા કેળવી, નિર્મલ ધ્યાનના આલંબન દ્વારા સકલ કર્મમળનો ક્ષય કરી આત્મિક પરમાનંદના ભોક્તા બનીએ એ જ મંગલ મનોકામના.

અરિહંતના ચાર અતિશયો.

(સંક્ષેપમાં)

(૧) અપાયાપગમાતિશય—અપાય એટલે ઉપદ્રવ, તેનો અપગમ એટલે નાશ. ભગવંત જ્યાં જ્યાં વિચરતા હોય ત્યાં ત્યાં દરેક દિશાએ પચીસ પચીસ યોજન તથા ઉપર અને નીચે સાડાબાર સાડાબાર મળી સવાસો યોજનમાં પ્રાયઃ રોગ, મરકી, વૈર, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુષ્કાળ આદિ થાય નહિ.

(૨) જ્ઞાનાતિશય—ભગવાન કેવળજ્ઞાન કેવળદર્શને કરી સર્વ લોકાલોકના ત્રણેય કાળના સર્વ ભાવો જાણે છે, દેખે છે. એમનાથી કંઈ છાનું નથી.

(૩) પૂજાતિશય—ભગવાનને ભળદેવ, વાસુદેવ, ચક્રવર્તિ તથા ચાર નિકાયના—ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, અને વૈમાનિક દેવતાઓ તથા તેમના ઇન્દ્રો વગેરે જગત્રયવાસી ભવ્ય જીવો પૂજે છે અને તેમની સેવા કરે છે.

(૪) વચનાતિશય—ભગવંતની વાણી સંસ્કારાદિક ૩૫ ગુણોએ સહિત હોવાથી દેવ, મનુષ્ય, તિર્યંચ સર્વ કોઇ પોત-પોતાની ભાષામાં સમજી શકે છે.

વિશેષાર્થીએ વીતરાગસ્તોત્રાદિ અન્ય ગ્રન્થો જોવા.

રૂપસ્થ ધ્યાન—૧

(કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્રના ૯ મા પ્રકાશને આધારે.)

સમવસરણમાં બિરાજમાન શ્રી અરિહંત પ્રભુના રૂપનું ધ્યાન.

શ્રી અરિહંત ભગવંતો કે જેઓ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરવાની હવે તૈયારીમાં છે, સમગ્ર કર્મોનો જેમણે વિનાશ કર્યો છે, ધર્મદેશના આપતી વખતે દેવોએ કરેલા ત્રણ પ્રતિબિંબ સહિત ચાર મુખવાળા છે, જેઓ ત્રણ ભુવનના સર્વ જીવોને અભયદાન આપવાવાળા છે, ચંદ્રમંડળ સમાન ઉજ્જવલ ત્રણ છત્રો જેમના મસ્તક ઉપર શોભી રહ્યા છે, સૂર્યમંડલની પ્રભાને પણ ઝાંખુ પાડે તેવું અત્યંત તેજસ્વી, ભામંડલ જેમની પાછળ ઝળઝળાટ કરી રહ્યું છે, જેમની સામ્રાજ્યસંપત્તિનો ઘોષ દિવ્ય દુંદુભિઓ વડે થઈ રહ્યો છે, શબ્દ કરતા ભ્રમરોના ઝંકારથી જાણે અશોકવૃક્ષ વાચાલિત થયો હોય તેમ શોભી રહ્યો છે. વચમાં સિંહાસન

ઉપર તીર્થંકર મહારાજા બિરાજેલા છે, બે બાજુ ચામરો વિંઝાઈ રહ્યા છે, નમસ્કાર કરતા સુરાસુરના મુકુટમણિઓથી જેમના પગના નખોની કાંતિ પ્રદીપ્ત થઈ રહી છે, દિવ્ય પુષ્પોના સમૂહથી જેમની સભાની જમીન ઢંકાઇ ગઇ છે, ઉંચી ડોકો કરીને એકતાન થઇને મૃગાદિ પશુઓના સમૂહો જેમના મધુર ધ્વનિનું પાન કરી રહ્યા છે, અર્થાત્ પ્રભુની દેશના સાંભળી રહ્યા છે, સમવસરણમાં રહેલા અરિહંત પરમાત્માની આસપાસ દેવ, મનુષ્ય અને તિર્યંચનો સમૂહ એકત્રિત થયો છે, સિંહ તથા હાથી વગેરે પ્રાણીઓ પોતાના સ્વાભાવિક વૈરભાવને ભૂલીને પ્રભુના સાંનિધ્યમાં શાંત થઇને બેઠેલા છે, પ્રભુ સર્વ અતિશયોથી અને પરિપૂર્ણ કેવળજ્ઞાનથી શોભી રહ્યા છે,—આવી રીતે સમવસરણમાં રહેલા અરિહંત પરમાત્માના રૂપનું આલંબન લઇને ધ્યાન કરવું તેને **રૂપસ્થ ધ્યાન** કહેવાય છે.

પ્રભુની પ્રતિમાથી રૂપસ્થ ધ્યાન.

એજ પ્રમાણે શ્રી જિનેશ્વર પરમાત્માની પ્રતિમાના રૂપનું ધ્યાન કરનારો આત્મા પણ રૂપસ્થ ધ્યાન કરનારો કહેવાય છે. પ્રતિમાજીનું ધ્યાન કરતી વખતે આ પ્રમાણે ચિંતવવું. શ્રી જિનેશ્વરભગવાનની પ્રતિમા રાગ, દ્વેષ, મહામોહ આદિ વિકારોના કલંકથી રહિત છે, શાંત છે, કાંત છે અને મનોહર છે, સર્વ ઉત્તમ લક્ષણોથી લક્ષિત છે, અન્ય તીર્થવાળાઓથી અપરિજ્ઞાત એવી યોગમુદ્રાની અર્થાત્ ધ્યાનમુદ્રાની મનોહરતાને ધારણ કરનારી છે, આંખને મહાન

આનંદ અને અદ્‌ભૂત સ્થિરતા આપનાર છે, એવી શ્રી જિનેશ્વર ભગવાનની પ્રતિમાનું નિર્મલ મન વડે અને એકાગ્ર દૃષ્ટિથી ધ્યાન ધરનાર આત્મા રૂપસ્થ ધ્યાનવાન કહેવાય છે.

તાત્પર્ય એ છે કે શ્રી જિનેશ્વર ભગવાનની પ્રશાંત મનોહર અને આનંદી મૂર્તિની સન્મુખ ખુલ્લી આંખ રાખી એક દૃષ્ટિથી જોઈ રહેવું. આંખ મીંચવી કે હલાવવી નહિં, તેમ કરતાં શરીરનું પણ ભાન ભૂલી જઈ ધ્યાનની એક નવીન દિશામાં પ્રવેશ કરાય છે. જેમાં અપૂર્વ આનંદ અને કર્મની નિર્જરા થાય છે, તે દશાવાળાને **રૂપસ્થ ધ્યાન** કહેવાય છે.

રૂપસ્થ ધ્યાનનું ફળ :–

આ રૂપસ્થ ધ્યાનના અભ્યાસ વડે પોતાના ધ્યેય સાથે તન્મયતાને પામેલો સાધક પોતાના આત્માને સ્ફુટ પણે સર્વજ્ઞરૂપ બનેલો જુએ છે. તથા "**સર્વજ્ઞ ભગવાન હું પોતે જ છું**" એમ નિશ્ચલપણે જાણે છે. આવી તન્મયતાને પામેલો સાધક સર્વને જાણનાર મનાય છે. નિયમ એવો છે કે વીતરાગ પરમાત્માનું આલંબન લઈને ધ્યાન કરનારો આત્મા વીતરાગ થઈને મુક્ત થાય છે. (તે માટે વીતરાગનું ધ્યાન અત્યંત હિતકારી છે.) અને રાગીનું આલંબન લઈ ધ્યાન કરનારો આત્મા રાગવાન બની ક્ષોભ એટલે કે ચંચળતાને પામે છે. જેમ સ્ફટિક મણિ જે જે પદાર્થોની સાથે યોગ પામે છે તે તે રૂપ તે પોતે પણ બની જાય છે, તેમ ધ્યાન કરનારો આત્મા પણ જે જે ભાવનું ધ્યાન કરે છે, તે તે ભાવની સાથે તન્મય–તદ્રૂપ બની જાય છે. એટલા

માટે કૌતુકની ખાતર અર્થાત્ કુતુહલ કે પરીક્ષા કરવા માટે પણ સાધકે અસદ્ ધ્યાનોનું આલંબન લેવું નહિં. કારણ કે તે અસદ્ ધ્યાનો સેવવાથી તે પોતાના જ વિનાશ માટે થાય છે. મોક્ષનું જ આલંબન લેનારને બધી બાહ્ય સિદ્ધિઓ સ્વયં પોતાની મેળે જ સિદ્ધ થાય છે. (સ્વયંવરા થઈને પોતે જ તેને વરે છે.) જ્યારે તે સિવાયના ઈરાદે ધ્યાન કરવાથી સિદ્ધિઓ સિદ્ધ થાય કે ન પણ થાય. (સિદ્ધ થાય જ એવું નક્કી નથી.) તેથી તેમાં સંદેહ છે, પણ મોક્ષપ્રાપ્તિના લાભરૂપ પોતાના શ્રેષ્ઠ પુરુષાર્થથી વંચિત રહેવારૂપ નુકશાન તો અવશ્ય થાય છે, એટલા માટે કર્મ-ક્ષયને અર્થે પ્રયત્ન કરવો એજ સૌથી શ્રેષ્ઠ પુરુષાર્થ છે.

પ્રભુનાં રૂપસ્થ ધ્યાનનો મહિમા

રૂપ અનૂપ નિહાળી, સુમતિ જિન ! તાહરૂં,
છાંડી ચપળ સ્વભાવ, ઠર્યું મન માહરૂં;
રૂપી સ્વરૂપી ન હોત, જો જગ દીસતું,
તો કુણ ઉપર મન્ન, કહો અમ હીંસતું.
હીંસ્યા વિણ કિમ શુદ્ધ-સ્વભાવને ઇચ્છતા,
ઇચ્છયા વિણ તુજ ભાવ, પ્રગટ કિમ પ્રીછતા;
પ્રીછયા વિણ કિમ ધ્યાન-દશામાંહિ લાવતા,
લાવ્યા વિણ રસસ્વાદ, કહો કિમ પાવતા.
ભક્તિ વિના નવિ મુક્તિ, હુવે કોઇ ભગતને,
રૂપી વિના તો તેહ હુવે કિમ વ્યક્તને;
તે માટે તુજ પિંડ, ઘણા ગુણકારણો,
સેવ્યો ધ્યાયો હુયે, મહાભય વારણો.

પૂ૦ ઉપાધ્યાય શ્રી માનવિજયજી ગણિકૃત ચોવિશીમાંથી

*રૂપસ્થ ધ્યાન—૨

(આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ૦ કૃત શ્રી ષોડશક ગ્રંથના આધારે)

શ્રી જિનેશ્વર ભગવંતનું રૂપ કેવું છે ?

જગતના સર્વ જીવોને હિતકર ! અનુપમ ! જેના સાંદર્યના તોલે કોઇ ન આવી શકે તેવા અદ્‌ભુત અતિશયોથી સભર ! આમર્ષ ઔષધિ આદિ લબ્ધિઓથી નિર્ભર ! સોહામણા સમવસરણમાં અશોકવૃક્ષ અને છત્રત્રયીની નીચે દેવનિર્મિત સ્ફટિકમય સિંહાસન પર બિરાજમાન ! કરોડો દેવો પ્રભુની સેવાના કોડથી દોડી આવ્યા છે ! જયનાદોનો ગર્જારવ કરી રહ્યા છે, મંગળ શબ્દો ઉચ્ચારી રહ્યા છે ! ચોસઠે ઈન્દ્રો પ્રભુચરણોમાં નમી પડ્યા છે ! ત્રણ ભુવનની સંપત્તિ પ્રભુ ચરણોમાં તૃણતુલ્ય દેખાય છે ! અગ્લાનપણે જગજ્જંતુઓના કલ્યાણમાર્ગમાં પ્રવૃત્ત ! સર્વ જીવો પોતપોતાની ભાષામાં સમજી શકે એવી અલૌકિક ધર્મદેશના

---

* સમવસરણસ્થ શ્રી જિનેશ્વર ભગવંતના રૂપનું ધ્યાન.

આપનું અત્યંત મનોહર પરમાત્માનું સ્વરૂપ! માનસિક સર્વ પીડાઓને શમાવવા માટેનું પરમ ઔષધ! સર્વ સંપત્તિઓનું અવંધ્ય બીજ! ચક્રાદિ એક હજાર ને આઠ લક્ષણોથી લક્ષિત! આ રૂપ ખરેખર! સર્વાતિશય પુણ્ય તીર્થંકર નામકર્મથી આકર્ષાયેલા શાંત પવિત્ર પરમાણુઓથી નિર્મિત છે! સાચે જ આ રૂપ મૃત્યુલોકના ભવ્યાત્માઓને પરમપદપ્રાપ્તિ કરાવવાનું અમોઘ સાધન છે! અસાધારણ પ્રભાવવંતુ છે! દેવો, વિદ્યાસિદ્ધ અને મંત્રસિદ્ધ પુરૂષો તેમ જ યોગીજનોથી વંદ્ય છે! વરેણ્ય છે! પૂજ્ય છે!

આવી રીતે સમવસરણમાં બિરાજમાન શ્રી જિનેશ્વર દેવોના રૂપનું ધ્યાન કરવું તેને **રૂપસ્થ ધ્યાન** કહેવાય છે.

ભગવાન કેવા છે?

હે...ભગવાન આપ પરમ પૂજ્ય છો.
હે...ભગવાન આપ પરમ સેવ્ય છો.
હે...ભગવાન આપ પરમ ઉપાસ્ય છો.
હે...ભગવાન આપ પરમ આરાધ્ય છો.
હે...ભગવાન આપ પરમ ધ્યેયરૂપ છો.
હે...ભગવાન આપ પરમ પિતા છો.
હે ભગવાન આપ પરમ ઇષ્ટ છો.
હે...ભગવાન આપ પરમ શુદ્ધ છો.
હે...ભગવાન આપ પરમ જ્ઞાની છો.
હે...ભગવાન આપ પરમ સુખી છો.
હે...ભગવાન આપ પરમ નીરોગી છો.
હે...ભગવાન આપ તો ગુણગણના ભંડાર છો.
હે...ભગવાન આપ પરમ ધીર છો.
હે...ભગવાન આપ પરમ શાંત છો.

અંતરંગ દોષોને ટાળવા તથા ગુણોની પ્રાપ્તિ માટે પરમાત્મા પ્રતિ હાર્દિક પ્રાર્થના :-

હે દયાળુ પ્રભો ! મારી નીચેની અભિલાષાઓ આપના પ્રભાવથી સફળ થાઓ, એવી હું આપને પ્રાર્થના કરું છું.

હે મારા નાથ ! મારો એવો દિવસ કયારે આવશે કે પૌદ્ગલિક ઇચ્છામાત્રને સર્વથા તજીને હું આપની પવિત્ર આજ્ઞાનું અખંડ પાલન કરીશ !

કયારે હું ક્ષણિક કામનાઓને અને અન્ય કીર્તિ-માન-નામના-પ્રતિષ્ઠા આદિ પ્રલોભનોનો સર્વાંશે ત્યાગ કરી આપની નિર્દિદાન અનન્ય પ્રેમથી ભક્તિ કરીશ ! હે પ્રભો ! કયારે હું સ્વાર્થમાત્રનો ત્યાગ કરી આપના ગુણોનું ગાન કરીશ ! કયારે હું વાસનામુક્ત થઇ આપનું ધ્યાન ધરીશ ? કયારે હું ઇંદ્રિયો રૂપી અશ્વોને કાબુમાં રાખી આપનું સ્થિરતાપૂર્વક ચિંતવન કરીશ ! મનરૂપ મર્કટને વશમાં રાખી કયારે હું આપના સ્વરૂપમાં તન્મય થઈશ ! અને કર્મરૂપી અરિનો પરાજય કરી કયારે હું આપના જેવો અજિત બનીશ ! દોષમાત્રનો ત્યાગ કરી કયારે હું આપના જેવો નિર્દોષ થઈશ !

હે નિષ્કલંક પ્રભો ! એવી પળ કયારે આવશે કે જયારે મારા રૂંવાડે રૂંવાડે આપના પ્રત્યે અનંતગુણી પ્રીતિ વિસ્તાર પામશે. મારા લોહીના પ્રત્યેક રજકણમાં આપનું નિર્મલ નામ લખાઈ જશે. પ્રત્યેક નસમાં આપના ગુણોની જ સ્ફૂરણા થયા કરશે. હાડકાના ઉંડામાં ઉંડા ભાગમાં આપની નિર્મળ આજ્ઞાનું પાલન કરવાની અભિલાષા ઘર કરી રહેશે. દેહના તમામ રજકણો આપની આજ્ઞા પ્રમાણે જ પ્રવર્તશે, મનના સર્વ વિચારો આપની આજ્ઞાને અનુકુલ જ હશે. અને વાણીના સઘળાએ ઉદ્‌ગારો આપના શાસનના પ્રભાવનો વિસ્તાર કરવામાં જ પ્રવૃત્તિ કરશે. અહો ! તે ઘડી, તે પળ, તે કલાક, તે ક્ષણને હું ધન્ય ગણીશ કે જે સમય આપની આજ્ઞાની આરાધનામાં પસાર થશે. હે શરણાગતવત્સલ પ્રભો ! એવો દિવસ કયારે આવશે કે જયારે આપના નામસ્મરણ સિવાય જગતની કોઇપણ વસ્તુ મને ગમશે નહિં, આપની સ્તુતિ વિના અન્ય કાર્યો મને પસંદ પડશે નહિં, આપના ભજન કીર્તન વિના અન્ય કોઇ પણ કાર્ય મને આહ્‌લાદ ઉત્પાદક બનશે નહિં. અને આપની આજ્ઞાના પાલન વિના બીજું કોઈ કાર્ય ગમશે નહિં.

હે દેવાધિદેવ ! મારો એવો દિવસ કયારે આવશે કે ખાતાં, પીતાં, બેસતાં, ઉઠતાં, સુતાં, જાગતાં, હાલતાં, ચાલતાં, લેતાં-દેતાં, નિદ્રામાં કે સ્વપ્નમાં કે સર્વ અવસ્થામાં આપની જ રટના ચાલુ રહેશે. હે નાથ ! હું એવો સમય કયારે પ્રાપ્ત કરીશ કે જયારે આપના વિના મને આખું જગત

અસાર લાગશે, આપના ગુણકીર્તન વિના ત્રણ લોકની સાહ્યબી સંપત્તિ વિપત્તિરૂપ લાગશે અને આપના ધ્યાન વિના જગતના તમામ વ્યવહારો કષ્ટદાયક લાગશે.

આ રીતે પ્રણિધાનપૂર્વક નિત્ય પ્રાર્થના કરવાથી આરાધનાના માર્ગમાં આવતા ઘણા વિઘ્નો નાશ પામે છે. અને મનમાં નિત્ય નવિન નવિન પ્રશસ્ત ભાવોનો ઉદય થાય છે. મંગળની પરંપરા વૃદ્ધિ પામે છે અને દીર્ઘકાળના અભ્યાસ પછી એક દિવસ ઉપરની કરેલી પ્રાર્થનાઓ સફળ પણ બને છે.

શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(રાગ કાફી)

મનમંદિરમેં આયે જિણુંદરાય, મનમંદિરમેં આયે;
તવ મેં વિવિધ જુગતિ સમકિત ગુણ, ફૂલપગર વિરચાયે. ૧

પ્રીતિ અધ્યાત્મ થાલ ભરીને, ધી ગુણ મોતી વધાએ;
ચારિત્ર ગુણ ચંદ્રોદય સુંદર, ઝાક ઝમાલ બનાએ. જિ૦ ૨

સુરભિ પવનસેં અશુભ દુરિત રજ, દશ દિશ દૂર ઉડાએ;
નિર્વિકલ્પ સંકલ્પ સુપ્યારે, મુદુતા પાટ બિછાએ. જિણુંદ૦ ૩

ઉચિત વિવેક સિંહાસન ઉપરે, પાવન પાસ બેઠાએ;
વિધિ અનાશાતન ચામર વિંજિત, છત્ર સુધ્યાન ધરાએ. જિ. ૪

જ્ઞાનવિમળ પ્રભુ હરખિત હુએ તવ, દેવતમાં જસ વાએ;
શુદ્ધ સુમોધ અક્ષય નિધિ જિન થે, સહજે સકલ ગુણ થાએ.જિ.૫

પ્રભુજીને મનમંદિરમાં પધરાવવા માટેની હાર્દિક પ્રાર્થના.

હે પરમાનંદ સ્વરૂપી પરમાત્મન્! હે દેવાધિદેવ! આ દાસ ઉપર દયા કરી દાસની વિનંતિ સ્વીકારો! સેવક ઉપર કૃપા કરી સેવકની પ્રાર્થના કબૂલ કરો! ભક્ત ઉપર પ્રીતિ ધરી ભક્તની યાચના માન્ય કરો!

પ્રભો! આ સંસારના કોઈ પણ પ્રકારના પૌદ્ગલિક સુખો પ્રાપ્ત કરવાની મને ઇચ્છા રહી નથી. વિષય-કષાય-જનિત સંસારી રીતો મને રુચતી નથી. મને તો હવે માત્ર આપની એક મનોહર મૂર્તિ જ ગમે છે. મને તો આપના દર્શનની જ ચાહના રહે છે. મને તો આપનું પૂજન જ પસંદ પડે છે. મને તો આપનું ચિંતન અને ધ્યાન જ રુચે છે.

પધારો પ્રભુજી દેહમંદિરમાં પધારો! આપને હૃદયરૂપી સુવર્ણમય સિંહાસન ઉપર બેસાડું. પ્રભુ! જુઓ તો ખરા એ સિંહાસન હિંમત, ધૈર્ય, ઉત્સાહ, પરાક્રમ, સત્પુરુષાર્થ, ગંભીરતા અને ઉદારતારૂપી અલૌકિક આંતરંગ રત્નોથી કેવું શોભી રહ્યું છે!

હે નાથ ! અશરણશરણ ! દીનબન્ધો ! પ્રભો ! જૂઓ તો ખરા ! એ સિંહાસન ઉપર નિશ્ચલ, અવિનાશી અને નિષ્કામ ભક્તિરૂપી ગાલીચો અલૌકિક કેવો શોભી રહ્યો છે !

પ્રભો ! જુઓ તો ખરા એ સિંહાસનની પાછળ અનંતકાળ સુધી ટકી રહે તેવા દિવ્ય પ્રેમરૂપ કાચનું બનેલું દર્પણ કેવા ચમકારા કરી રહ્યું છે ! પ્રભો ! એ ગાલીચામાં કદી પણ નાશ ન પામે તેવી મૈત્રી, કરુણા, પ્રમોદ, માધ્યસ્થ્ય, ગુણદૃષ્ટિ, સમભાવ, વૈરાગ્ય, અપૂર્વ ઉલ્લાસ, સુવિચાર, કૃતજ્ઞતા, પરોપકારવૃત્તિ વિનય અને વિવેકરૂપી બુટીઓ કેવી ઝળકી રહી છે ? તે તો જુઓ !

હે નાથ ! આપ સત્વર પધારો, હે વહાલેશ્વર ! આપ વગર વિલંબે પધારો ! અને એ સુશોભિત આસનને વધુ શોભાવો ! હું આપને પંચામૃતથી સ્નાન કરાવું ! કદિ પણ નાશ ન પામે તેવું અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપી દૈવી પદાર્થોથી તે પંચામૃત બનેલું છે !

હે પ્રીતમ ! શ્રદ્ધા, જિજ્ઞાસા, અને તાત્ત્વિકદૃષ્ટિના બનેલા ચિત્તાકર્ષક આ અંગલુંછણા તો જુઓ ! તે અનંતકાળ સુધી કદિ ન ફાટી જાય તેવા અને સહજભાવે સુખ ઉપજાવે તેવાં છે !

હે નાથ ! જ્ઞાન અને ક્રિયારૂપી મારા કરયુગલમાં દિવ્ય પ્રીતિની બનેલી અને મનને આનંદ ઉત્પન્ન કરાવ-

નારી આ રકાબી તો જુઓ ! અને આ રકાબીમાં દૃષ્ટિને અત્યંત પ્રિય લાગતી શુભ ભાવનારૂપી અલૌકિક આત્મશક્તિની બનેલી કટોરી તો જુઓ !

હે પ્રાણાધાર ! તે કટોરીમાં કેસર કેવા ઉંચા પ્રકારનું દૃષ્ટિગોચર થઇ રહ્યું છે ? જે મનોભૂમિમાં પેદા થયેલ ક્ષમારૂપી દિવ્ય ગુણનું બનેલું છે અને નમ્રતારૂપી ચંદનથી ઘરોલું છે !

હે નાથ ! આ સુગંધી અત્તરની શીશી તો નિરખો! તે અનંતકાળ સુધી સુગંધ આપ્યા કરે તેવા વિનયરૂપી ગુલાબના પુષ્પમાંથી નીપજેલું છે. પ્રભો ! આ અગરબત્તિ તો જુઓ કેવી મનોહર લાગે છે ! તે સરલતારૂપી સુંદર ચિરસ્થાયી આત્મિક શક્તિની બનેલી છે !

પ્રભો ! આ પુષ્પના હાર તો વિલોકો ! તેમાં ઉદાસીનતારૂપી મોગરના પુષ્પો છે, એકાગ્રવૃત્તિરૂપી જાઇની કળીઓ છે, વૃત્તિનિરોધરૂપી ચમેલી છે, ત્યાગ-વૃત્તિરૂપી ચંપો છે, અને સંતોષરૂપી ગુલાબ પણ વચમાં કેવો શોભી રહ્યો છે !

પ્રભો ! આ ચામરની શોભા તો જૂઓ ! તે નિર્મમત્વબુદ્ધિરૂપી કામધેનુની અનુપમ રોમાવલીમાંથી બનેલું છે.

પ્રભો ! મારા પગમાં ઘૂઘરા તો જૂઓ ! તે પૂર્ણતા, મગ્નતા, સ્થિરતા, નિર્મલતા, પવિત્રતા અને સમતાના બનેલા છે.

પ્રભો ! સુરુચિરૂપી દિવ્ય ગુણની બનેલી સારંગી તો જૂઓ ! તેમાંથી કેવા કર્ણપ્રિય સ્વરો નીકળી રહ્યા છે ! અને વૃત્તિવિજય રૂપી દિવ્ય અશ્વના લાંગુલના કેશોથી બનેલો સારંગી વગાડવાનો આ ગજ તો જૂઓ ! તે કેવો શોભી રહ્યો છે !

પ્રભો ! યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિરૂપી અમૂલ્ય મોતીઓથી ગુંથાયેલી આ મોતીની માળા આપશ્રીના કંઠમાં આરોપણ કરવાને તૈયાર રાખેલી છે. તેનો આપ સ્વીકાર કરી સેવકને કૃતાર્થ કરો !

હે પ્રભો ! દાન, શીલ, તપ અને ભાવ રૂપી હીરાઓથી બનેલો આ હીરાનો હાર કેવો શોભી રહ્યો છે ? તેને આપ નિરખો !

હે નાથ ! અનંતકાલ સુધી ન બગડે તેવા સમ્યકૂત્વ, ઇન્દ્રિયદમન, મનોજય, વૃત્તિવિજય અને શાસનોદ્ધાર-ની કામનારૂપી દિવ્ય પદાર્થોમાંથી બનેલાં આ પાંચ જાતના પકવાન્નો આપની સમીપે રાખેલા છે. તે કેવા શોભી રહ્યાં છે ? તે તો જૂઓ !

આવો, આવો પ્રભુ ! વગર વિલંબે પધારો ! અને આપના ભક્તની ઉત્કૃષ્ટ કામના પૂર્ણ કરો ! નાથ ! અનંત-કાળની અભિલાષા તૃપ્ત કરો ! અનંતકાળની ઝંખના તૃપ્ત કરો ! પ્રભો ! સેવકના મનોરથો સફળ કરો !

હે ત્રણ લોકના બંધુ ! આપના **દર્શનથી** મારા પાપોનો વિલય થશે. આપના **વંદનથી** મારી તમામ પ્રશસ્ત અભિલાષાઓ પૂર્ણ થશે, આપના **પૂજનથી** મારું મન પ્રસન્ન થશે, આપના **સ્તવનથી** હું પવિત્ર થઈશ, આપના **ધ્યાનથી** હું શુદ્ધ થઈશ, આપના અદ્‌ભુત **ગુણ-ચિંતનથી** હું ગુણવાન બનીશ, આપની સાથે **અભેદભાવે** મળી જવાથી હું કૃતાર્થ થઈશ.

હે શરણાગતવત્સલ ! હે દયાસાગર ! દયા કરો, હે ભક્તવત્સલ ! આ પામર ભક્તની પ્રાર્થના સ્વીકારો ! આવો પ્રભુ ! પધારો ! આ કિંકરનું આંગણું પવિત્ર કરો ! આસનને શોભાવી કૃતાર્થ કરો ! ત્રણ લોકના તારણહાર હે સ્વામી ! આ સેવકની ભક્તિનો સ્વીકાર કરી પાવન કરો ! હે કૃપાળુ દેવ આ દાસની ઈચ્છા પૂર્ણ કરી જગતમાં યશનો પડહ વગડાવો !

મનમંદિરમાં પ્રભુજીની પધરામણી

આજ આનંદ ભયો, પ્રભુકો દર્શન લહ્યો,
રોમ રોમ શીતલ ભયો, પ્રભુ ચિત્ત આયે હે. આજ૦ ૧
મન હું તે ધાર્યા તો હે, ચલકે આયો મન મોહે;
ચરણ કમલ તેરો, મનમેં ઠહરાયો હે. આજ૦ ૨
અકલ અરૂપી તુંહી, અકલ અમૂરતિ યોહી;
નિરખ નિરખ તેરો, સુમતિ શું મિલાયો હે. આજ૦ ૩
સુમતિ સ્વરૂપ તેરો, રંગ ભયો એક અનેરો;
વાઇરંગ આતમ પ્રદેશે, સુજશ રંગાયો હે. આજ૦ ૪

॥ नमो अरिहंताणं ॥

त्वमेव शरणं मम.

त्वं मे माता पिता नेता, देवो धर्मो गुरुः परः ।
प्राणाः स्वर्गोऽपवर्गश्च सत्त्वं तत्त्वं गतिर्मतिः ॥ १ ॥

અર્થ :– હે અરિહંત પરમાત્મન્! તું મારે સર્વોત્કૃષ્ટ માતા છે, પિતા છે, નેતા છે, દેવ છે, ધર્મ છે, ગુરુ છે, પ્રાણ છે, સ્વર્ગ છે, મોક્ષ છે, સત્ત્વ છે, ગતિ–શરણ છે અને મતિ તું જ છે.

આ શ્લોકમાં "परः" શબ્દ વિશેષણ છે અને તેનો અર્થ ઉત્કૃષ્ટ થાય છે. આ "परः" વિશેષણ શ્લોકની મધ્યમાં આવેલો છે, તેથી 'દેહલીદીપક' ન્યાયથી આગળ અને પાછળ શ્લોકમાં રહેલા દરેક શબ્દને તે લાગુ પડે છે. એટલે દરેક શબ્દની સાથે આ "परः" વિશેષણ જોડવાનું છે.

આ શ્લોકનો સામાન્ય અર્થ થયો. હવે તેના વિશેષ અર્થનો વિચાર કરીએ.

જગતમાં માત–પિતા વગેરે ઉપકારી તત્ત્વો ગણાય છે. તેમનો એટલો બધો ઉપકાર હોય છે કે તેનો બદલો વાળવો તે કાર્ય અતિશક્તિસંપન્ન મનુષ્યો માટે પણ અતિ

અતિ દુષ્કર છે. એવા ઉપકારીઓનો જે ઉપકાર માનતો નથી, તેમનો આદર-સત્કાર કરતો નથી, તેમનું ઔચિત્ય જાળવતો નથી તે મનુષ્ય અસંસ્કારી ગણાય છે. શિષ્ટ પુરુષોમાં તેમની ગણત્રી થતી નથી.

ધાર્મિક જીવનનો પાયો માર્ગાનુસારી જીવન છે. અને એવું માર્ગાનુસારી જીવન જીવવા માટે માતા-પિતાદિ ઉપકારી જનની પૂજા એ પ્રથમ શરત છે. તેમની પૂજા એટલે તેમને પ્રણામ આદિ કરવા, તેમને લૌકિક સર્વ પ્રકારની અનુકૂળતા કરી આપવી, પરલોકના સાધનરૂપ ધર્મ આરાધનામાં તેમને પૂરતી સહાય કરવી વગેરે.

જન્મ આપનાર અને ત્યારપછી પણ અનેક પ્રકારના કષ્ટો વેઠીને જેમણે મહાન ઉપકાર કર્યા છે, તેવા પ્રત્યક્ષ ઉપકારી માતા-પિતાના ઉપકારને જે જાણી શકે નહિં, તેમનું બહુમાન કરે નહિં તે પરોક્ષ ઉપકારી એવા અરિહંતાદિના ઉપકારને કેવી રીતે જાણી શકશે ? અને કેવી રીતે તેમની આરાધના કરી શકશે ?

ધર્મ માર્ગમાં "કૃતજ્ઞતા" એ અતિમહત્ત્વનો ગુણ છે. ઉપકારીઓના ઉપકારનો ખ્યાલ અને તેનો સ્વીકાર આપણને કૃતજ્ઞ બનાવે છે. બીજાએ પોતા ઉપર કરેલા ઉપકારને જેઓ જાણતા નથી, સ્વીકારતા નથી, તેઓ કૃતઘ્ન બને છે. અને કૃતઘ્નતા એ ઘણું મોટું પાપ છે. જે પાપનું કોઇ પ્રાયશ્ચિત નથી, એટલું ભયંકર એ પાપ છે.

ઉપકારીઓના ઉપકારનો જેમને ખ્યાલ છે, તેવા કૃતજ્ઞ જીવોમાં જ સાચી નમ્રતા આવી શકે છે. આ નમ્રતા એજ મનુષ્યને મહાન બનાવનાર એક અજોડ જડીબુટ્ટી છે. તેની શક્તિ અચિંત્ય છે. વજ્રથી પણ વધુ મજબુત એવા કર્મના કિલ્લાઓને ભેદવાનું તે સામાર્થ્ય ધરાવે છે. એ નમ્રતાનું પણ મૂળ કૃતજ્ઞતા છે. કૃતજ્ઞતાના લક્ષવાળા નમ્ર મનુષ્યો ઉપકારીઓને માટે ગમે તેટલું કરશે તો પણ તેમને લેશમાત્ર પણ ગર્વ નહિં આવે, પણ તેઓ તો એમ જ માનશે કે અમે તો માત-પિતાદિ આ ઉપકારી તત્ત્વોના દેવાદાર છીએ. અમારા માથે આ ઉપકારીઓનું ઘણું મોટું ઋણ છે. એ ઋણ દૂર કરવું એ અમારી પવિત્ર ફરજ છે. અને એ ફરજ અમારે બજાવવી જ જોઇએ. પોતાનું જ ઋણ દૂર કરનાર માણસ કેવી રીતે ગર્વ કરી શકે ? આ બધી નિર્મળ સમજણ કૃતજ્ઞતા પૂર્વકની નમ્રતામાંથી સ્વયં પ્રગટ થાય છે. એવો વિવેકી અને સુપાત્ર જીવ પોતા ઉપરનું ઋણ કેમ ફીટે તે માટે ઉપકારીઓની સેવા કરવાની જે રીતે તક મળે તે રીતે તે તકને ઝડપી લેવા સદા સજાગ રહે છે અને તક મળતાં જ પોતાને "धन्योऽहं कृतपुण्योऽहं निस्तीर्णोऽहं—" હું ધન્યવાદને પાત્ર છું, ખરેખર મેં ભૂતકાળમાં કોઇ પુણ્ય કર્યું છે, તે આજે મને ઉદયમાં આવ્યું છે અને આજે હું સંસારસાગર તરી ગયો છું, જેથી મને અનાયાસે અણુધારી આ મહાન લાભકારી તક મળી છે, એમ માની એ તકને એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તે તરત જ ઝડપી લે છે.

જગતમાં માતા-પિતાદિ જે જે તત્ત્વોએ આપણા ઉપર જે કોઇ જાતનો ઉપકાર કર્યો હોય તે ઉપકારનું વિસ્મરણ ન થવા દેવું અને હૃદયરૂપી મંજૂષામાં તેનું સ્મરણ સદા સુરક્ષિત રાખવું તે ઉત્તમ માર્ગાનુસારી જીવોનો સ્વભાવગત ગુણ મનાયો છે.

જેનામાં માત-પિતાદિ ઉપકારીઓના ઉપકારને સ્વીકારવાની પણ તૈયારી નથી તે મનુષ્ય ધર્મ પામવા માટે અયોગ્ય ઠરે છે. આ વાત શિષ્ટ જનોમાં અતિપ્રસિદ્ધ છે. અને તેથી અહીં પ્રારંભમાં માતા-પિતાદિની ઉપમા આ શ્લોકમાં આપવામાં આવી છે.

અહીં આટલી વાત લૌકિક દૃષ્ટિએ થઈ. પરંતુ આ શ્લોકમાં તેનાથી ઘણું વિશેષ કહેવાનું છે, અને તે એ છે કે- શ્રી અરિહંત પરમાત્મા માત્ર લૌકિક માત-પિતા જેવા છે, એટલું જ કહેવાનું નથી પણ તે ઉત્કૃષ્ટ માતા-પિતા સ્વરૂપ છે, એ વાત શાસ્ત્રકાર ભગવંત આપણને આ શ્લોક દ્વારા સમજાવવા માગે છે. ઉત્કૃષ્ટ એટલે શ્રેષ્ઠ.

(૧) ઉત્કૃષ્ટ માતા

લૌકિક માત-પિતા ઉપકારી ખરા પરંતુ એમનો ઉપકાર અમુક હદ સુધી છે. અર્થાત્ એમના ઉપકારની સીમા છે. પોતાની હદથી બહાર તેઓ ઉપકાર કરવા અસમર્થ છે. જ્યારે શ્રી અરિહંત પરમાત્મારૂપી ઉત્કૃષ્ટ માતા-પિતાનો ઉપકાર અપરિમિત છે. તેની હદ નથી. લૌકિક માત-પિતાનો ઉપકાર કંઇક સકારણ પણ હોય છે. શ્રી અરિહંત પરમાત્મારૂપી માતા-પિતાનો ઉપકાર અકારણ હોય છે.

માતા-પિતાનો ઉપકાર કંઈક મોહગર્ભિત પણ સંભવે છે. શ્રી અરિહંત પરમાત્માનો ઉપકાર નિર્મળ જ્ઞાન પૂર્વકનો છે. માતા-પિતાનો ઉપકાર તો પુત્રની પ્રાપ્તિ થયા પછી શરૂ થાય છે, જ્યારે શ્રી અરિહંત પરમાત્માનો ઉપકાર તો આપણો જીવ નિગોદની નિષ્કૃષ્ટ અવસ્થામાં હતો ત્યારે પણ ચાલુ હતો.

અરિહંત પરમાત્મારૂપી માતા-પિતાએ આપણને પ્રથમ યાદ કર્યા હતા. અરે યાદ તો શું પણ "ભવિ જીવ કરું શાસનરસી" એ ભાવનાને ઉત્કૃષ્ટ રસપૂર્વક ભાવી આપણું પરમ હિત ઇચ્છયું હતું. તે વખતે આપણે કર્મ-સત્તાની નિબિડ બેડીથી જકડાયેલા હતા. ત્યારે સૌ પ્રથમ તેમણે આપણા માટે આપણા બંધનમાંથી મુક્તિ ઇચ્છી હતી. માત્ર ઇચ્છી હતી એટલું જ નહિં પણ તે માટે સતત પુરુષાર્થ પણ કર્યો હતો. એના પ્રભાવે આપણે અનાદિ નિગોદના બંધીખાનામાંથી મુક્ત થઇ વ્યવહાર રાશિમાં આવ્યા છીએ. અને ત્યારપછી પણ આટલી ઉંચી ભૂમિકા પ્રાપ્ત કરી, આજે આપણે અરિહંત પરમાત્માને યાદ કરતાં હોઇશું તો તેમાં પણ મુખ્ય ફાળો તેમનો છે. આપણે તેમને યાદ કરી શકીએ તેવી સકળ અવસ્થામાં આપણે મૂકાયા છીએ, તેમાં આપણો જ પુરુષાર્થ કારણ નથી. પણ તેમાં મુખ્ય પુરુષાર્થ એમનો છે. અજાણતાં પણ તેમની આજ્ઞાના પાલનના યોગે જ જીવ નીચલી અવસ્થામાંથી ઉપરની અવસ્થામાં આવી શકે છે. એ રીતે આપણે ઉંચે આવ્યા તેમાં મુખ્ય

ફાળો અરિહંત પરમાત્માનો છે. અને યાવત્ મોક્ષ સુધી પહોંચાડનાર પણ કોઇ પ્રધાન નિમિત્ત હોય તો તે અરિહંત પરમાત્મા છે. મોક્ષની પ્રાપ્તિ આરાધનાથી થાય છે, એ ખરૂં પણ જે આરાધનાના મધ્ય કેન્દ્રમાં અરિહંત પરમાત્માનું પુષ્ટ અવલંબન નથી તે આરાધના મોક્ષ સુધી પહોંચાડી શકે નહિં. મોક્ષની પ્રાપ્તિ કરાવનારા અસંખ્ય યોગ છે પણ તેમાં નવપદ મુખ્ય છે અને એ નવપદમાં પણ અરિહંત પરમાત્મા મુખ્ય છે. તેથી જ અરિહંત પરમાત્મા ઉત્કૃષ્ટ માતા છે.

માતા પુત્રની બાહ્ય અશુદ્ધિઓ દૂર કરે છે અને પુત્રના શરીરને સ્વચ્છ કરે છે. શ્રી અરિહંત પરમાત્મારૂપી ઉત્કૃષ્ટ માતા તો આત્મા ઉપર લાગેલા અને આત્મામાં અતિ ઉંડે ઉતરી ગયેલા અને એકમેક જેવા થઇ ગયેલા અનંત કર્મરૂપી મેલને ધોઇને આત્માને એવો સ્વચ્છ કરી આપે છે કે ફરીથી કદિ પણ તે મેલનો તેને સ્પર્શ પણ ન થઇ શકે. અને આત્મા સ્નાતક બની જાય. તેથી અરિહંત પરમાત્મા ઉત્કૃષ્ટ માતા છે.

લૌકિક ક્ષેત્રે પણ ઉત્તમ દયાળુ માતાની પ્રાપ્તિ થાય છે, તેમાં પણ અરિહંત પરમાત્માની આજ્ઞાના પાલનનો મુખ્ય ફાળો હોય છે. તેથી પણ અરિહંત પરમાત્મા ઉત્કૃષ્ટ માતા છે.

લૌકિક માતાથી દેહનો જન્મ થાય છે જ્યારે લોકોત્તર ઉત્કૃષ્ટ માતારૂપી અરિહંત પરમાત્માથી ધર્મરૂપી તનુનો

જન્મ થાય છે કે જે ધર્મતનુ અભ્યુદય અને નિઃશ્રેયસરૂપ સકલ સુખસંપત્તિનો હેતુ બને છે. તેથી પણ અરિહંત પરમાત્મા એ ઉત્કૃષ્ટ માતા છે.

(૨) ઉત્કૃષ્ટ પિતા :—

તેવી જ રીતે શ્લોકમાં કહેલી બીજી બાર ઉપમાઓમાં પણ ઉત્કૃષ્ટપણું ઘટાવી લેવું. જેમ કે લૌકિક પિતા આપણું બાહ્યદૃષ્ટિએ પાલન કરે છે, જ્યારે શ્રી અરિહંત પરમાત્મારૂપી ઉત્કૃષ્ટ પિતા આપણી આંતરિક સંપત્તિનું પાલન કરે છે. તેઓ અપ્રાપ્ત ગુણસંપત્તિની પ્રાપ્તિ કરાવે છે, અને પ્રાપ્ત ગુણસંપત્તિની રક્ષા કરે છે. તેથી તેમને ઉત્કૃષ્ટ પિતાની ઉપમા આપવામાં આવી છે, તે યુક્ત છે. જે પાલન કરે તે પિતા. શ્રી અરિહંત પરમાત્મા આપણા આત્માનું એવું પાલન કરે છે કે જેના પ્રભાવે આત્માને કેવળજ્ઞાન આદિ ગુણોની પ્રાપ્તિ થાય છે અને સદા કાળ તેની રક્ષા થાય, કદિ પણ ન ખુટે તેવી સિદ્ધદશા સુધી પહોંચાડે છે.

(૩) ઉત્કૃષ્ટ નેતા :—

નેતા એટલે દોરવનારા–લઈ જનારા. લૌકિક નેતા પણ મનુષ્યોને સુખને માર્ગે દોરવવા માટે પ્રયત્ન કરે છે. મોટે ભાગે તેમનો પ્રયત્ન બાહ્ય ઉન્નતિને અનુલક્ષીને હોય છે, જ્યારે લોકોત્તર ઉત્કૃષ્ટ નેતા શ્રી અરિહંત પરમાત્મા આપણને પરમપંથ–મોક્ષના માર્ગે દોરી જાય છે. લૌકિક

નેતાઓની સુખ માટેના આદર્શની હદ હોય છે. મોટે ભાગે તેમનો આદર્શ મનુષ્યોના શરીરને, ઇન્દ્રિયોને, બુદ્ધિને અને મનને આનંદ પમાડે તેવાં અને આ લોકમાં જ સુખના સાધનો પ્રાપ્ત થાય ત્યાં સુધી જ તેમની નજર પહોંચી હોય છે.

વળી તે સુખપ્રાપ્તિના સાધનોમાં પણ સર્વ નેતાઓ એક મત ધરાવતા હોતા નથી. સદાચારના માર્ગે જ સુખ મેળવવું, ન્યાય નીતિ ન ઘવાય તેની કાળજી રાખવી, અથવા પ્રથમ યોગ્યતા કેળવવી પછી જ હક્કની માંગણી કરવી. આ બધા નિયમોનું પાલન કરવું જ જોઈએ એવો નિયમ લૌકિક બધા નેતા ધરાવતા નથી. અને તેથી તેઓ સાચા સુખને માર્ગે કેવી રીતે દોરવી શકે ?

સાધનની જ્યાં શુદ્ધિ નથી, જ્યાં સદાચારપાલનનો આગ્રહ નથી, જ્યાં સંયમની પ્રતિષ્ઠા નથી ત્યાં કદાચ દુન્યવી સુખ મળી પણ જાય તો પણ તે લાંબો વખત ટકતું નથી અને પચી શકતું નથી પણ પરિણામે બીજા નવાં નવાં અનેક વિકૃત દુઃખો ઉત્પન્ન કરનારૂં નિવડે છે.

જ્યાં પરલોકની પ્રધાનતા નથી, પુણ્યનો આગ્રહ નથી, પાપથી પાછા વળવાની વૃત્તિ નથી ત્યાં સાચા માર્ગે સ્થિર બની શકાતું નથી.

જ્યારે અરિહંત પરમાત્મા જે માર્ગ બતાવે છે તે માર્ગે ચાલવાથી બીજા કોઈને પીડા આપ્યા વિના, બીજા કોઈનું સુખ લુંટયા વિના આત્મા પોતાની અંદર છુપાયેલા

અનંત સુખને પ્રાપ્ત કરે છે. એ સુખપ્રાપ્તિનો ખરો માર્ગ સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ છે. એ માર્ગ અરિહંત પરમાત્મા બતાવે છે અને તે પણ અપુનર્બંધક, માર્ગાનુસારી, દેશવિરતિ, સર્વવિરતિ, અપ્રમત્ત આદિ ગુણઠાણાને યોગ્ય જીવોની તે તે ભૂમિકા અનુસાર બતાવે છે. જે ભૂમિકાને જે યોગ્ય હોય તેને તેના અધિકાર પ્રમાણે તે ભૂમિકાનો ધર્મ બતાવેલ હોય તો તે માર્ગે તે સુખપૂર્વક ગમન કરી શકે અને પરિણામે સાચા સુખની પ્રાપ્તિ કરી શકે. એવો માર્ગ શ્રી અરિહંત પરમાત્મા બતાવે છે. તેથી સાચા અર્થમાં તેઓ જ ઉત્કૃષ્ટ નેતા છે અને તેથી જ જ્ઞાનીઓએ અરિહંત ભગવંતોને "मोक्षमार्गस्य नेतारं" કહીને સાચા ઉત્કૃષ્ટ નેતા તરીકે માન્ય કર્યા છે.

(૪) ઉત્કૃષ્ટ દેવ :-

દેવનું સ્વરૂપ સમજવા માટે તેના સંક્ષેપમાં પાંચ પ્રકાર બતાવવામાં આવ્યા છે તે આ પ્રમાણે- નરદેવ, દ્રવ્યદેવ, ભાવદેવ, ધર્મદેવ અને દેવાધિદેવ. તેમાં (૧) ચક્રવર્તિ રાજા-મહારાજાદિ નરદેવ ગણાય છે. (૨) દેવગતિમાં જવાને યોગ્ય કર્મ જેમણે ઉપાર્જન કર્યું છે તેવા સદાચારી મનુષ્યો દ્રવ્યદેવ ગણાય છે. (૩) દેવગતિને પ્રાપ્ત થયેલા જીવો ભાવદેવ ગણાય છે. (૪) જેઓ વર્તમાનકાલે ધર્મને આચરી રહ્યા છે અને પોતાના સંસર્ગમાં આવનારા યોગ્ય આત્માઓને ધર્મમાર્ગે વાળી રહ્યા છે તેઓ ધર્મદેવ ગણાય છે. અને (૫) જેઓ ધર્મના પારને

પહોંચી ચૂકેલા છે, જેમનામાં સ્તુતિ કરવાને યોગ્ય સમગ્ર ઐશ્વર્ય આદિ તમામ વસ્તુઓ રહેલી છે તે **દેવાધિદેવ** કહેવાય છે. આ પાંચમાં સૌથી ઉત્કૃષ્ટ કોઇ દેવ હોય તો તે દેવાધિદેવ **અરિહંત પરમાત્મા** છે. તેમના સિવાય બાકીના ચાર પ્રકારના દેવો **અરિહંત પરમાત્માની આજ્ઞાથી નિરપેક્ષ રહી** સ્વતંત્ર રીતે જન્મ, જરા, મરણ અને કર્મના બંધનમાંથી જીવોને છોડાવી શકતા નથી. જ્યારે શ્રી અરિહંત પરમાત્મા જીવોને સંસારના મોટા ભયોમાંથી ક્ષણવારમાં મુક્ત કરાવવાનું સામર્થ્ય ધરાવે છે.

શ્રી અરિહંત પરમાત્માને પ્રણામ કરવાથી જીવોને દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, મરણ વખતે સમાધિ અને બોધિબીજની પ્રાપ્તિ થાય છે, એટલું જ નહિં પણ ઉત્કૃષ્ટ ભાવથી શ્રી અરિહંત પરમાત્માને કરેલો એક જ નમસ્કાર જીવને સંસારસાગરથી મુક્ત કરવાનું સામર્થ્ય ધરાવે છે, તેથી શ્રી અરિહંત પરમાત્મા સૌથી ઉત્કૃષ્ટ–પરમ દેવાધિદેવ છે.

(૫) ઉત્કૃષ્ટ ધર્મ :–

આ જગતમાં જો કોઈ પરમ ધર્મમય હોય તો તે અરિહંત પરમાત્મા છે. શ્રી અરિહંત ભગવંતોએ ધર્મનું ઉત્કૃષ્ટ આચરણ કર્યું હોય છે અને તેથી પરિણામે તેઓ ધર્મની સાથે એકમેક બની ગયા હોય છે. ધર્મને સંપૂર્ણ પોતાને વશ કરેલ હોય છે અને તેથી ધર્મના કોઇ સાચા

માલિક હોય તો તે અરિહંત પરમાત્મા છે. અને તે કારણે તેમને ધર્મના શ્રેષ્ઠ ચતુરંતચક્રવર્તી કહેવામાં આવે છે.

શ્રી અરિહંત પરમાત્મા જેમ ધર્મનો માર્ગ બતાવે છે, તેમ તેઓ પોતે સ્વયં ધર્મસ્વરૂપ પણ છે, તેમણે બતાવેલા માર્ગે ચાલવાથી જેમ મોક્ષની પ્રાપ્તિ થાય છે તેમ તેમના નામ, આકૃતિ આદિથી પણ પરમધર્મની પ્રાપ્તિ થાય છે. તેથી તેઓ પરમ ઉત્કૃષ્ટ ધર્મસ્વરૂપ છે.

અભેદભાવે અરિહંત પરમાત્માને મળવું એજ પરમધર્મ છે અને એવો અભેદભાવ કેળવવા માટે જે જે પ્રશસ્ત આલંબનો છે, તેમાં અરિહંત પરમાત્માનું આલંબન સર્વોત્કૃષ્ટ છે. તેમની અચિંત્ય શક્તિના પ્રભાવથી તેમનું ધ્યાન કરનારો આત્મા તેમની સમાન બને છે, તેથી તેઓ પરમઉત્કૃષ્ટ ધર્મસ્વરૂપ છે, એમ કહી શકાય.

(૬) ઉત્કૃષ્ટ ગુરુ :—

શ્રી અરિહંત પરમાત્મા જેમ પરમ-ઉત્કૃષ્ટ દેવ છે, તેમ તેઓ ઉત્કૃષ્ટ ગુરુ પણ છે. કારણ કે જગતમાં સૌથી પ્રથમ ધર્મનો માર્ગ બતાવનાર તેઓ છે. ચરમભવમાં પોતે કોઇને પણ ગુરુ બનાવ્યા વિના જન્મથી જ જ્ઞાની હોવાથી તેઓ જગતના ગુરુ બને છે. ધર્મ એ અતીન્દ્રિય પદાર્થ છે, તે ચર્મચક્ષુને અગોચર હોય છે. જગતમાં જો જન્મથી જ જ્ઞાની એવા અરિહંત પરમાત્મા જેવું કોઇ તત્ત્વ ન હોત તો ચર્મચક્ષુવાળા જગતના અજ્ઞાની જીવોને ધર્મમાર્ગની પ્રાપ્તિ કેવી રીતે સુલભ થાત ? તેથી જગતના જીવોને

સૌથી પ્રથમ ધર્મ બતાવનારા તેઓ હોવાથી તેઓ જ જગતમાં સાચા પરમગુરુ છે.

ગુઃ એટલે અંધકાર અને રુઃ એટલે પ્રકાશ અર્થાત્ અજ્ઞાનરૂપી અંધકારમાં ભટકતા જીવોને જ્ઞાનરૂપી પ્રકાશમાં લઇ જાય તે ગુરુ. ગુરુપદનું આ ઉત્કૃષ્ટ લક્ષણ તેમનામાં બરાબર ઘટે છે માટે તેઓ ઉત્કૃષ્ટ ગુરુ છે.

(૭) ઉત્કૃષ્ટ પ્રાણ :—

બાહ્ય જીવનનો આધાર શ્વાસોશ્વાસરૂપી પ્રાણ છે. અને ભાવપ્રાણનો આધાર અરિહંત પરમાત્મા છે. જીવ અરિહંત પરમાત્માને મનમાં ધારણ કરે છે, તો તેના ભાવપ્રાણ હણાતા નથી અને જો ભગવાનને ભૂલી જાય છે, તો તેના ભાવપ્રાણ હણાય છે અને તેથી તેનું ભાવમૃત્યુ શરુ થઈ જાય છે.

આ રીતે ભાવપ્રાણરૂપ-ઉત્કૃષ્ટ પ્રાણના પરમરક્ષક અરિહંત પરમાત્મા હોવાથી તેમના આધારે જ આપણા ભાવપ્રાણ હોવાથી આપણા માટે ઉત્કૃષ્ટ પ્રાણ અરિહંત પરમાત્મા છે.

(૮) ઉત્કૃષ્ટ સ્વર્ગ :—

જેના હૃદયમાં અરિહંત પરમાત્મા છે, તે ઉત્કૃષ્ટ સ્વર્ગમાં વસી રહેલ છે, એમ કહી શકાય. સ્વર્ગમાં પણ જો અરિહંત પરમાત્માનું નામ રુચતું નથી તો તે સ્વર્ગ પણ નરકાગાર જેવું છે. તીર્થંકર ભગવંતોના કલ્યાણક વખતે અસંખ્ય દેવો મૃત્યુલોકમાં આવે છે અને તે વખતે અરિ-

હંત ભગવંત મૃત્યુલોકની ભૂમિ ઉપર વિદ્યમાન હોવાથી તેઓ મૃત્યુલોકને સ્વર્ગ કરતાં પણ અધિક માને છે અને ભગવંતની સ્તુતિ કરતાં એક જ પ્રાર્થના કરે છે કે-હે પ્રભો ! અમે ગમે ત્યાં હોઇએ પણ આપ અમારા હૃદયમાંથી કદિ પણ દૂર થશો નહિં. અર્થાત્ પોતે સ્વર્ગના વાસી હોવા છતાં તે સ્થાનને સફળ કરવા માટે પોતાના હૃદયમાં અરિહંત પરમાત્માનું જ સાન્નિધ્ય તેઓ ઇચ્છે છે. એ વસ્તુ એમ બતાવે છે કે-સ્વર્ગમાં પણ જો અરિહંત ભગવંતનું સાંનિધ્ય છે તો તે ઉત્કૃષ્ટ સ્વર્ગ છે અને તે ન હોય તો સ્વર્ગ પણ દુઃખને માટે બને છે. તેથી જીવ ગમે ત્યાં વસતો હોય પણ જો પરમાત્માનું મનમાં સાન્નિધ્ય છે તો તે ઉત્કૃષ્ટ સ્વર્ગમાં જ વસે છે. તેથી અરિહંત પરમાત્મા એ જ ઉત્કૃષ્ટ સ્વર્ગ છે એમ કહી શકાય.

(૯) ઉત્કૃષ્ટ મોક્ષઃ—

સાચા ભક્તને મન મુક્તિ કરતાં પણ શ્રી અરિહંત પરમાત્માની ભક્તિની ઝંખના વધુ હોય છે. શ્રી અરિહંત પરમાત્માના સાંનિધ્યમાં તેમને એટલી બધી શાંતિ મળે છે, કે તેને મોક્ષની પણ ઇચ્છા રહેતી નથી. તેથી એમ સાબિત થાય છે કે-શ્રી અરિહંત પરમાત્મા એજ ઉત્કૃષ્ટ મોક્ષ છે. જો એમ ન હોત તો " મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી. " એમ મહાપુરુષો કેવી રીતે કહેત ?

(૧૦ થી ૧૩) ઉત્કૃષ્ટ સત્ત્વ, તત્ત્વ, ગતિ અને મતિઃ-

સત્ત્વ, તત્ત્વ, ગતિ અને મતિ આદિ જગમાં ગણાતાં

તે બધાય ઉત્તમ તત્ત્વો જે ઉપકાર કરી શકે તેના કરતાં અનંતગણો ઉપકાર એકલા શ્રી અરિહંત પરમાત્મા ભાવથી આપણા ઉપર કરે છે. સત્ત્વાદિ બધાય ગુણોનું જે ઉત્કૃષ્ટ પરિણામ આવે તે બધું માત્ર એમના એકલાના પ્રભાવથી આપણને મળે છે.

અથવા ઉત્કૃષ્ટ પ્રકારનું સત્ત્વ, તત્ત્વ, ગતિ અને મતિ વગેરે જે પ્રાપ્ત થાય છે, તેમાં મુખ્ય ફાળો અરિહંત પરમાત્માનો છે. અને તેથી જ જે સત્ત્વની ફોરવણી શ્રી અરિહંત પરમાત્માની ભક્તિમાં, શ્રી અરિહંત પરમાત્માના શાસનની ઉન્નતિમાં થાય તેજ સત્ત્વાદિ સામગ્રી વખાણવા લાયક છે. તે સિવાય સત્ત્વનો ઉપયોગ કરવો તે સત્ત્વને નિકૃષ્ટ બનાવવા જેવું છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી મન, વચન, કાયાની જે જે પ્રશસ્ત પ્રવૃત્તિ થાય છે, તે પ્રવૃત્તિ જો શ્રી અરિહંત પરમાત્માની નિકટ લઇ જાય તો તે ઉત્કૃષ્ટ સત્ત્વ છે. સત્ત્વાદિ ગુણોને ઉત્કૃષ્ટ બનાવવાનો જો કોઇ કીમીઓ હોય તો તે અરિહંત પરમાત્માનું સાન્નિધ્ય છે. તેથી જ મહાપુરુષો કહે છે કે–તે કાયાને ધન્ય છે કે જે કાયાનું સત્ત્વ અરિહંતની ભક્તિમાં વપરાય છે. તેવી જ રીતે તે હૃદયને ધન્ય છે કે જે હૃદયથી અરિહંત પરમાત્માનું સ્મરણ થાય છે.તે જિહ્વાને ધન્ય છે કે જેનું સત્ત્વ પરમાત્માની સ્તુતિમાં વપરાય છે અને તેવી જ રીતે તે દિવસ, તે રાત અને તે ક્ષણ ધન્ય છે કે જે સમયે આપણું સત્ત્વ અરિહંત પરમાત્માની ભક્તિમાં ખર્ચાય છે.

જે સત્ત્વની ફોરવણીમાં અરિહંત પરમાત્માનું નિમિત્ત મળે તે સત્ત્વ જ ઉત્કૃષ્ટ સત્ત્વ છે. તે જ ઉત્કૃષ્ટ તત્ત્વ છે અને તે જ ઉત્કૃષ્ટ ગતિ એટલે શરણ છે. તે સિવાય જીવનું કોઇ શરણ છે જ નહિ અને તે જ મતિ ઉત્કૃષ્ટ મતિ છે કે જે મતિ અરિહંત ભગવંતોએ કહેલ તત્ત્વોમાં વિશ્રાંતિ પામે છે.

જ્યાં વિષયવિધયા અરિહંત પરમાત્મા આવે છે તે તમામ શક્તિ–સામગ્રી પરમ ઉત્કૃષ્ટ બની જાય છે. એટલે એ બધો પ્રભાવ અરિહંત પરમાત્માનો છે.

તત્ત્વદૃષ્ટિએ જોઈએ તો અરિહંત પરમાત્મા દાતા છે, અરિહંત પરમાત્મા ભોક્તા છે, અરિહંત પરમાત્મા સમગ્ર વિશ્વમય છે. સર્વત્ર અરિહંત પરમાત્માનો વિજય વર્તી રહ્યો છે અને જે અરિહંત પરમાત્મા છે તે હું જ છું અર્થાત્ શુદ્ધનયથી હું પોતે જ અરિહંત સ્વરૂપ છું.*

આવી રીતે અરિહંત પરમાત્માને અનન્યભાવે ભજનારો આત્મા પણ અંતે અરિહંત સ્વરૂપ બને છે. એ પ્રમાણે શ્રી સિદ્ધસેનસૂરિજી મહારાજશ્રીએ શકસ્તવમાં સ્પષ્ટ પણે ફરમાવ્યું છે.

આપણે સૌ અરિહંત પરમાત્માની ભક્તિમાં તલ્લીન થઈ એવી દશા પ્રાપ્ત કરનારા બનીએ. એજ મંગલકામના.

---

* जिनो दाता जिनो भोक्ता, जिनः सर्वमिदं जगत् ।
जिनो जयति सर्वत्र, यो जिनः सोऽहमेव च ॥

—शक्रस्तवः

ધ્યાનની ભાવના

ધ્યાનમાં પ્રવેશ કરવા માટે ભાવના એ દ્વાર છે. અને ધ્યાનમાંથી નિવૃત્ત થયા પછી બહાર નીકળવાનું પણ એજ દ્વાર છે. ધ્યાન નિશ્ચલ અધ્યવસાયરૂપ છે. ભાવના ચિંતન સ્વરૂપ છે.

" ઉત્તમ ભાવના ભાવતાં જીવ યાવત્ કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરી શકે છે. " અને " યાદૃશી ભાવના યસ્ય, સિદ્ધિર્ભવતિ તાદૃશી " ઈત્યાદિ વાકયો ખૂબ જ મનનીય છે, છદ્મસ્થદશામાં ધ્યાનાવસ્થામાં સદાકાળ ટકી શકાતું નથી, તેથી ભાવનાની આવશ્યકતા રહે છે. હૃદય શુભ ભાવનાથી ભાવિત ન હોય તો દુર્ધ્યાનરૂપી પિશાચ તેને અનેક રીતે છળી જાય છે અને ક્ષણવારમાં દુર્ગતિના ઉંડા ખાડામાં ધકેલી દે છે. આથી ધર્મતત્ત્વનો ટૂંકો સાર એ છે કે–સદા શુભ ભાવનામાં રમણતા કર્યા કરવી.

ધર્મના દરેક અનુષ્ઠાનને ભાવનાનો વિષય બનાવી શકાય છે. ભાવના વિનાનું અનુષ્ઠાન એટલે લુણ વિનાનું ભોજન. તેવા અનુષ્ઠાનથી અનુષ્ઠાન કરવા છતાં તેનો અનુબંધ પડી શકે નહિં. અને ભાવનાપૂર્વક અનુષ્ઠાન એટલે

અનુબંધવાળું અનુષ્ઠાન. માત્ર અનુષ્ઠાન તારતું નથી પણ અનુષ્ઠાન ઉપરની ભાવના અને તેના ઉપરનો પ્રેમ તારે છે. આ પ્રેમ પ્રગટાવવા માટે અનુષ્ઠાનગત અને અનુષ્ઠાનદાતાગત જે શ્રેષ્ઠતા રહેલી છે તે સંબંધી ઉચ્ચતર ઉજ્જવલ વિચારો કરવાથી દિનપ્રતિદિન ભાવના દૃઢ થતી જાય છે.

ધ્યાન એ ભાવનાનો પરિપાક છે. અને ભાવના પ્રયત્નસાધ્ય છે. મન પાસેથી ઉચ્ચમાં ઉચ્ચ કામ લેવાનું સાધન ભાવના છે. ધ્યાન ફળસ્વરૂપ છે. પ્રયત્ન તો ભાવનામાં જ કરવાનો હોય છે.

યોગના અનેક પ્રકારો છે. જેમ કે પ્રીતિ-ભક્તિ આદિ. ઇચ્છા પ્રવૃત્તિ આદિ, પંચાચાર આદિ, જ્ઞાન-દર્શન આદિ, ક્ષમા-નમ્રતા આદિ, યમ-નિયમ આદિ અને દાન શીલ આદિ. આ બધા પ્રકારોમાં ભાવનાના પુટ આપ્યા હોય તો જ તે સમાપત્તિમાં હેતુ બને. ભાવના વિના સમાપત્તિ સુધી પહોંચી શકાય નહિં. મનને પરમાત્માની સાથે એકાકાર કરવામાં વચ્ચે ભાવના ઘણો સુંદર ભાગ ભજવે છે તેને ધ્યાનની દૂતિ કહી શકાય. અનુભવરૂપી મિત્રને મેળવી આપનાર પ્રથમ ભાવના જ કાર્યકારી બને છે અને ત્યારપછી અનુભવરૂપી મિત્ર પરમાત્માને મેળવી આપે છે.

છઠ્ઠા-સાતમા ગુણસ્થાનક સુધી અર્થાત્ વર્તમાન કાળમાં જેટલી ઉચ્ચ સ્થિતિ મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે, તેમાં ભાવનાનો પ્રભાવ ઘણો મોટો છે. ત્યાં સુધી પહોંચા-

ડવાનું સામર્થ્ય ભાવનાનું છે. જો ભાવના નીકળી જાય તો ક્રિયારૂપી કલેવર તો રહે પણ પ્રાણ ન રહે તેથી તે ક્રિયા નિર્જીવ ક્રિયા બની જાય એટલા માટે શાસ્ત્રકારોએ અહિંસાદિ દરેક વ્રતના નિરૂપણ વખતે ભાવનાનું પણ વિધાન સાથે જ કરેલું છે.

ધર્મનો તમામ ઉપદેશ માત્ર સાંભળવા પૂરતો કે બીજાને સંભળાવવા પૂરતો જ નથી પણ પ્રત્યેક ઉપદેશ ભાવિત કરવા માટે હોય છે. જો ઉપદેશ ભાવિત ન બને તો તે આપણો ન બને. અભાવિત જ્ઞાનની ખાસ કિંમત નથી. ભાવિત જ્ઞાનની કિંમત ઘણી મોટી છે.

જ્ઞાનસાર આદિ ગ્રંથોની નીપજ એ ભાવિત જ્ઞાનનું ફળ છે, ઉપદેશને આત્મામાં ઉંડે સુધી ભાવિત કરવા માટે તેવા ગ્રંથોની રચનામાં ઘણું સામર્થ્ય હોય છે.

શાસ્ત્રોમાં ધર્મધ્યાનને ભાવિત કરવા માટે કાર્યમાં કારણનો ઉપચાર કરીને અનેક ભાવનાઓ બતાવવામાં આવી છે. જેને ભાવિત કરવાથી સમાપત્તિ–એકાગ્રતા પ્રાપ્ત થાય તેવી રીતે ધ્યાનની શ્રેષ્ઠતા અનેક ઉપમા દ્વારા પણ બતાવવામાં આવી છે. જેમ કે—

ધ્યાન એ જ **નિશ્ચય મોક્ષમાર્ગ સ્વરૂપ** છે.
ધ્યાન એ જ **શુદ્ધાત્મસ્વરૂપ** છે.
ધ્યાન એ જ **પરમહંસસ્વરૂપ** છે.
ધ્યાન એ જ **વિષ્ણુસ્વરૂપ** છે.
ધ્યાન એ જ **શિવસ્વરૂપ** છે.
ધ્યાન એ જ **બુદ્ધસ્વરૂપ** છે.

ધ્યાન એ જ જિનસ્વરૂપ છે.
ધ્યાન એ જ સિદ્ધસ્વરૂપ છે.
ધ્યાન એ જ નિરંજનસ્વરૂપ છે.
ધ્યાન એ જ નિર્મલસ્વરૂપ છે.
ધ્યાન એ જ સ્વસંવેદનસ્વરૂપ છે.
ધ્યાન એ જ શુદ્ધ આત્મદર્શનસ્વરૂપ છે.
ધ્યાન એ જ પરમાત્મદર્શનસ્વરૂપ છે.
ધ્યાન એ જ પરમધ્યેયસ્વરૂપ છે.
ધ્યાન એ જ પારિણામિક ભાવરૂપ છે.
ધ્યાન એ જ શુદ્ધ ચારિત્રરૂપ છે.
ધ્યાન એ જ અત્યંત પવિત્રરૂપ છે.
ધ્યાન એ જ પરમતત્ત્વરૂપ છે.
ધ્યાન એ જ ઉત્કૃષ્ટ જ્યોતિરૂપ છે.
ધ્યાન એ જ આત્માનુભૂતિરૂપ છે.
ધ્યાન એ જ આત્મપ્રતીતિરૂપ છે.
ધ્યાન એ જ સંવિત્તિરૂપ છે.
ધ્યાન એ જ પરમાનંદસ્વરૂપ છે.
ધ્યાન એ જ નિત્યાનંદસ્વરૂપ છે.
ધ્યાન એ જ સહજાનંદસ્વરૂપ છે.
ધ્યાન એ જ સદાનંદસ્વરૂપ છે.
ધ્યાન એ જ પરમ સ્વાધ્યાયરૂપ છે.
ધ્યાન એ જ નિશ્ચય મોક્ષના ઉપાયરૂપ છે.
ધ્યાન એ જ પરમબોધસ્વરૂપ છે,
ધ્યાન એ જ પરમ અર્થસ્વરૂપ છે.

ધ્યાન એ જ પરમ યોગસ્વરૂપ છે.
ધ્યાન એ જ નિશ્ચય પંચાચારસ્વરૂપ છે.
ધ્યાન એ જ અધ્યાત્મસારસ્વરૂપ છે.
ધ્યાન એ જ નિશ્ચલ ષડાવશ્યકરૂપ છે.
ધ્યાન એ જ અભેદરત્નત્રયીસ્વરૂપ છે.
ધ્યાન એ જ વીતરાગ સામાયિકરૂપ છે.
ધ્યાન એ જ ઉત્તમ શરણસ્વરૂપ છે.
ધ્યાન એ જ કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં અનંતર
કારણરૂપ છે.
ધ્યાન એ જ સમસ્ત કર્મોના ક્ષયમાં કારણરૂપ છે.
ધ્યાન એ જ ઉત્તમ મંગલ સ્વરૂપ છે.
ધ્યાન એ જ નિશ્ચય આરાધના સ્વરૂપ છે.
ધ્યાન એ જ પરમ ભાવના સ્વરૂપ છે.
ધ્યાન એ જ શુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન
સુખાનુભૂતિરૂપ છે.
ધ્યાન એ જ ઉત્કૃષ્ટ કલા સ્વરૂપ છે.
ધ્યાન એ જ પરમ અદ્વૈત સ્વરૂપ છે.
ધ્યાન એ જ પરમ તૃપ્તિ સ્વરૂપ છે.
ધ્યાન એ જ ધર્મધ્યાન સ્વરૂપ છે.
ધ્યાન એ જ રાગાદિ વિકલ્પોથી રહિત અવસ્થા
સ્વરૂપ છે.
ધ્યાન એ જ પરમ સ્વાસ્થ્ય સ્વરૂપ છે.
ધ્યાન એ જ ઉત્કૃષ્ટ વીતરાગરૂપ છે.
ધ્યાન એ જ ઉત્કૃષ્ટ સામ્યભાવરૂપ છે.

ધ્યાન એ જ ભેદવિજ્ઞાનરૂપ છે.
ધ્યાન એ જ ચિદ્રૂપ સ્વરૂપ છે.
ધ્યાન એ જ ઉત્કૃષ્ટ સમત્વરસ છે.
ધ્યાન એ જ આહ્લાદક સ્વરૂપ છે.
ધ્યાન એ જ પરમ પ્રકાશ સ્વરૂપ છે.
ધ્યાન એ જ અનંત પરાક્રમ સ્વરૂપ છે.

તત્ત્વથી વિચારીએ તો શુદ્ધ રત્નત્રયી આત્મામાં જ છે. તેથી આત્મા એ જ શરણ છે. શ્રી અરિહંતાદિ પંચ પરમેષ્ઠિ આત્મામાં જ સ્થિત છે તેથી આત્મા એ જ શરણ છે.

આત્મા જ ભાવનાઓમાં નિમિત્ત છે.
આત્મા જ જ્ઞાનમાં નિમિત્ત છે.
આત્મા જ પ્રત્યાખ્યાનમાં નિમિત્ત છે.
આત્મા જ સંવરભાવમાં નિમિત્ત છે.
આત્મા જ ધ્યાનમાં નિમિત્ત છે.
કેવળજ્ઞાન મારો સ્વભાવ છે.
કેવળદર્શન મારો સ્વભાવ છે.
અનંતસુખ મારો સ્વભાવ છે.
અનંતવીર્ય મારો સ્વભાવ છે.

આવી રીતે ભાવનાથી આત્માને ભાવિત કરવાથી, વારંવાર તેનો અનુપ્રેક્ષાપૂર્વક સ્વાધ્યાય કરવાથી અંદર

રહેલો જ્ઞાનપ્રકાશ પ્રગટ થવા લાગે છે. અને તેથી સૂક્ષ્મ પદાર્થોને પણ સમજવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. અને એટલા માટે જ શાસ્ત્રોમાં સ્વાધ્યાય ઉપર ખૂબ વજન આપવામાં આવ્યું છે. અને "સ્વાધ્યાય સમાન તપ નથી" એમ ભારપૂર્વક કહેવામાં આવ્યું છે. કાર્યસિદ્ધિમાં તપ એ સૌથી પ્રધાન હેતુ છે અને તે તપમાં પણ સ્વાધ્યાયની સૌથી શ્રેષ્ઠ તપ તરીકેની ગણના કરવામાં આવી છે, કારણ કે સ્વાધ્યાય વિના જ્ઞાન ભાવિત થતું નથી. સ્વાધ્યાય માત્ર પાઠ કરી જવા માટે નથી પણ પદાર્થોને ભાવિત કરવા માટે છે. એટલા માટે જ યોગશાસ્ત્રમાં પાંચ મહાવ્રતના વર્ણન પછી તરત જ દરેક મહાવ્રતને પાંચ પાંચ ભાવનાથી અર્થાત્ તેને પચ્ચીશ ભાવનાથી ભાવિત કરવાનું કહ્યું છે અને ત્યાં જણાવ્યું છે કે ભાવનાથી ભાવિત થનારને કોને મહાવ્રત અવ્યયપદ ન આપે ? અર્થાત્ ભાવિત થનારને અવશ્ય અવ્યયપદ આપે. એવી જ રીતે દર્શન જ્ઞાન, ચારિત્ર અને તપની પણ ભાવના બતાવવામાં આવી છે. અનિત્યાદિ બાર ભાવનામાં પણ અંતર્ગત અનેક ભાવનાઓ બતાવવામાં આવી છે. મૈત્રી આદિ ચાર ભાવના અને સત્ત્વાદિ પાંચ ભાવના પણ પ્રસિદ્ધ છે. ટૂંકામાં કહેવું હોય તો તમામ શ્રુતજ્ઞાન આત્મામાં ભાવિત કરવા માટે છે. ભાવના જગાડવા માટે છે. જિનોક્ત તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા, રુચિ અને પ્રેમ જગાડવા માટે છે. સિદ્ધાંતના પદોને જો બરાબર ભાવિત કરવામાં આવે તો તે થોડા પદો પણ મોક્ષનો હેતુ બને છે. ઉપશમ, વિવેક અને સંવર આ ત્રણ પદની ભાવના કરતાં

ચિલાતી પુત્રે આત્મહિત સાધી લીધું માત્ર એક સામાયિક પદને ભાવિત કરીને પણ અનેક આત્માઓ સિદ્ધિગતિને પામ્યા છે–જ્ઞાનને ભાવિત કરવાનો ઉપાય સ્વાધ્યાય છે.

અને એ દૃષ્ટિએ સ્વાધ્યાયને સૌથી વિશેષ વિશુદ્ધિનો હેતુ કહેલ છે. પ્રત્યેક શુભ યોગમાં વર્તતો આત્મા અવશ્ય કર્મનિર્જરા કરે છે. પરંતુ સ્વાધ્યાય યોગમાં વર્તતો આત્મા વિશેષ પ્રકારે કર્મનિર્જરા કરનારો બને છે.

પ્રશ્ન:– અહીં જિજ્ઞાસુને એ પ્રશ્ન થવો સંભવિત છે કે સંક્ષેપમાં કેવી રીતે ધ્યાનની ભાવના કરવી ?

તેનો ઉત્તર નીચે પ્રમાણે છે–

(૧) આર્તરૌદ્રદ્વયં ત્યક્ત્વા નિજાત્મનિ રતઃ-પરિણતઃ તલ્લીયમાનસ્તચ્ચિત્તસ્તન્મયો ભૂત્વા આત્મસુખસ્વરૂપં તન્મયત્વં-પરમધ્યાનં ચિન્તનીયમ્ ॥

આર્ત અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરી આત્મામાં મનને લીન કરી, આત્મામાં તન્મય થઇ આત્મસુખસ્વરૂપ એવા પરમ ધ્યાનનું ચિંતન કરવું જોઈએ–ભાવના ભાવવી જોઈએ.

(૨) વિવર્જિતસકલવિકલ્પઃ આત્મસ્વરૂપે મનઃ નિરુન્ધન્ યચ્ચિન્તયતિ સાનન્દં તદ્ ધર્મ્યં ઉત્તમધ્યાનમ્ ॥

સંકલ્પ–વિકલ્પનો ત્યાગ કરી અનંત સુખસ્વરૂપ આત્મામાં મનને જોડી આનંદપૂર્વક ચિંતવન કરવું, ભાવના ભાવવી એજ શ્રેષ્ઠ ધર્મધ્યાન છે.

નામમંત્ર

(નામસ્મરણનો પ્રભાવ)

પરમાત્માના નામનો મંગળ જાપ કરવાથી સર્વ પાપનો વિચ્છેદ થાય છે અને સર્વ મંગળની પ્રાપ્તિ થાય છે.

ભગવાનના જેમ ગુણગણનો પાર નથી તેમ ભગવાનના નામો પણ અપાર છે. ત્રણે લોકના તમામ જીવોનું રક્ષણ કરવાનું સામર્થ્ય ભગવાનના નામમાં છે.*

આત્મજ્ઞાન માટે નામસ્મરણ એ સહેલામાં સહેલો અને સૌથી પ્રાથમિક ઉપાય છે. વારંવાર ભગવાનના નામનું સ્મરણ કરવાથી તે સ્મરણ અંતે સમાધિમાં પરિણમે છે.

ભગવાનના નામનું સ્મરણ કરવાથી માણસ ન સમજી શકે તેમ ઘણો ઊંચે ચઢે છે. શરીર પ્રત્યેની મમતાથી તે છુટો થાય છે અને ભગવાન સાથે એકતા અનુભવવા માંડે છે. શરત એટલી જ છે કે શુદ્ધ ભાવ, પ્રેમ અને

---

* नामापि पाति भवतो भवतो जगन्ति ।

(कल्याणमंदिर स्तोत्र)

દિવ્ય ભક્તિથી પ્રભુના નામોનું સ્મરણ થવું જોઇએ. તેમ થાય તો સકલ મનોરથની સિદ્ધિ માટે તે કામધેનુ, કલ્પદ્રુમ, ચિંતામણિ રત્ન અને કામઘટ કરતાં પણ અધિક પ્રભાવશાળી બની જાય છે.

જેમાં ભગવાનના ગુણગર્ભિત એકહજારથી પણ વિશેષ નામ આવે એવાં મહાપ્રભાવશાળી સ્તોત્રો ભક્ત-હૃદય પૂર્વના મહાપુરુષોએ રચ્યાં છે. તે સ્તોત્રો આજે પણ જોવા મળે છે. અનેક ઉત્તમ રુચિવાળા હળુકર્મી ભવ્યાત્માઓ તેના સ્મરણ દ્વારા પરમાત્માને પોતાના હૃદયમાં સ્થિર કરવા તે નામોનો આજે નિત્ય પાઠ પણ કરે છે.*

પ્રભુ સહજાનંદ સ્વરૂપે એકરૂપ હોવા છતાં પ્રભુના ગુણગર્ભિત ભિન્ન ભિન્ન નામોદ્વારા પ્રભુની અનેક વિશેષતાઓ આપણા ખ્યાલમાં આવે છે. કારણ કે દરેક વિભિન્ન નામમાં કંઇ ને કંઇ વિશેષતા હોય જ છે. જગતમાં જીવો ભિન્ન ભિન્ન રુચિવાળા હોય છે. તેમાં ભગવાનના વિવિધ નામ-સ્મરણથી પણ ઘણા જીવોને ભાવવૃદ્ધિ થવી સહજ છે. તેથી મહાપુરૂષ રચિત અલગ અલગ સ્તોત્રોમાંથી થોડાંક નામો ચુંટીને અહીં તેને સરળ ભાષામાં રજુ કરવામાં આવ્યા છે. તેટલા નામોનો પણ નિત્યનો પાઠ લાભકારી છે.

---

* શ્રી જિન સહસ્ર નામ જોવાની ભાવનાવાળાએ જૈન સાહિત્ય વિકાસ મંડળ તરફથી પ્રકાશિત "શ્રી નમસ્કાર સ્વાધ્યાય" નામનો ગ્રંથ જોવો.

નિત્ય તેમાં સ્નાન કરનાર મહાનુભાવ પોતાના આત્મા ઉપર લાગેલા પાપમળને દૂર કરી દિનપ્રતિદિન વધુ ને વધુ સ્વચ્છતા પ્રાપ્ત કરશે એ સંદેહ વિનાની વાત છે. સૌ કોઈ સાધકને ઓછાવત્તા પ્રમાણમાં સ્વાનુભવ-સિદ્ધ એવી આ હકીકત છે.

તત્ત્વથી વિચારીએ તો પ્રભુ અને આપણે જુદા નથી. એ દૃષ્ટિએ જ્યારે અભેદ નમસ્કાર સુધી આપણે પહોંચીએ છીએ ત્યારે આપણો નમસ્કાર તાત્ત્વિક બને છે. તાત્ત્વિક નમસ્કાર જ્યારે સામર્થ્ય યોગના ઘરનો થાય છે ત્યારે તે એક જ નમસ્કાર જીવને સંસારસાગરથી પાર ઉતારનારો બને છે. આવું અચિંત્ય સામર્થ્ય પ્રભુસ્મરણનું છે. તેનું સાધન પ્રભુનું નામ છે. એટલે પરમાત્માનું નામ આ ભયંકર ભવસાગરને પાર ઉતારવા માટેનું એક સુંદરમાં સુંદર સાધન છે. હવે અહીં ભગવાનનાં કેટલાંક નામો જણાવીએ છીએ.

ભગવાનનાં વિવિધ નામો

'सवि जीव करूं शासनरसी' એ ભાવનાને પ્રકૃષ્ટ ભાવે-ભાવનારા.

અનંત કરૂણાના સાગર	જન્મથી મહાવિરાગી
દુઃખીજનવત્સલ	જન્મથી મહાવિનીત
નિષ્કારણ ઉપકારી	જન્મથી મહાકૃતજ્ઞ
પરાર્થ પરાયણ	જન્મથી મહાધીર

જન્મથી મહાવીર
જન્મથી મહાગંભીર
જન્મથી મહાત્યાગી
અપ્રતિબદ્ધ વિહારી
શત્રુ-મિત્ર પ્રત્યે
સમચિત્તવાળા
નિંદક—પ્રશંસક ઉપર
સમચિત્તવાળા
સુખ દુઃખમાં
સમચિત્તવાળા
લાભ—અલાભમાં
સમચિત્તવાળા
ભવ—મોક્ષ ઉપર
સમચિત્તવાળા
મહાન તપસ્વી
નિષ્કામી
નિષ્કષાયી
નિઃસંગી
પરભાવથી સર્વથા રહિત
રાગ-દ્વેષ મોહના પરમ
વિજેતા
શુદ્ધ આત્મસ્વરૂપમાં
રમણતા કરનારા
સકલ દોષથી રહિત
પતિતપાવન
અનંત ગુણના સ્વામી
વીતરાગ
સર્વજ્ઞ
સર્વદર્શી
સર્વથા કૃતકૃત્ય
ત્રૈલોક્યપૂજિત
દેવાધિદેવ
ધર્મતીર્થના સ્થાપક
ભવ્ય જીવોના એક જ
આધાર
ચોત્રિશ અતિશયોને
ધારણ કરનારા
વાણીના પાંત્રીશ ગુણયુક્ત
યથાસ્થિતાર્થવાદી
ત્રિપદીના દાતા
એકાંતે આત્યંતિક-
હિતકારી વચન બોલનારા
પાંચ કારણવાદના પ્રરૂપક
મોક્ષનો માર્ગ બતાવનારા

સ્યાદ્વાદગર્ભિત જીવાદિ
તત્ત્વોના ઉપદેશક
અહિંસક સંયમ
માર્ગના દર્શક
સર્વ જીવોનું રક્ષણ
કરનારા
ભવભયના નાશક
ભવસાગરમાં જહાજ
ભવઅટવીમાં સાર્થવાહ
સકલ મંગલોના કુલગૃહ
જગત્પ્રદીપ
જગદાધાર
મહાબ્રહ્મચારી
પરમાત્મા
પરમજ્યોતિ
પરમ પરમેષ્ઠિ
પરમયોગી
પરમેશ્વર
અનંતગુણી
પૂર્ણ સ્વતંત્ર
યોગીન્દ્ર પ્રાણનાથ
સમ્યગ્ જ્ઞેય
સમ્યક્ શ્રદ્ધેય
યોગીગમ્ય
અર્હંત્
ભગવાન
સ્વયંસંબુદ્ધ
પુરુષોત્તમ
લોકોત્તમ
અભયદાતા
તરણતારણ
પરમકારુણિક
મહાસત્ત્વ
જિતમારબલ
સનાતન
ઉત્તમ શ્લોક
મુકુંદ
ગોવિંદ
વિષ્ણુ
જિષ્ણુ
અનંત
અચ્યુત
શ્રીપતિ

ઋષીકેશ
જગન્નાથ
અજ
અચલ
અવ્યય
વિભુ
અચિંત્ય
આદિ કેશવ
આદિ શિવ
આદિ બ્રહ્મ
પરમ શિવ
સદા શિવ
મહાદેવ
શંકર
મહેશ્વર
જગત્ પિતામહ
સ્વયં કર્તા
સ્વયં હર્તા
સ્વયં પાલક
સર્વ સમર્થ
ૐકાર સ્વરૂપ
સર્વ દેવમય
સર્વ તીર્થમય
સર્વ ધ્યાનમય
સર્વ મંત્રમય
સર્વ રહસ્યમય
સર્વ જ્ઞાનમય
સર્વ તેજોમય
સર્વ હિતદાતા
પુણ્ય શ્લોક
અરહસ્ય રહસ્ય
અસ્પૃહ સ્પૃહણીય
અચિંત્ય ચિંતનીય
અસંકલ્પિત કલ્પદ્રુમ
અચિંત્ય ચિંતામણિ
અકામ કામધેનુ
અનંત અવ્યાબાધ
સુખના ભોગી
સદા સ્વ-સ્વરૂપમાં
રમણતા કરનારા
જન્મ-જરા-મૃત્યુથી
સર્વથા રહિત
અરૂપી
અગુરુલઘુ ગુણને
ધારણ કરનારા
અનંત શક્તિના માલિક
સિદ્ધગતિને પામેલા
નિરંજન
નિરાકાર
જ્યોતિ સ્વરૂપી
સકલ સુખોને આપનારા

ઉપસંહાર અને પ્રાર્થના.

હે પ્રભો ! મને આપના સિવાય બીજું કોઇ શરણ નથી. મારે માટે આપ એક જ શરણરૂપ છો, તેથી મારા ઉપર કરુણાભાવ રાખીને આપ મારું રક્ષણ કરો ! રક્ષણ કરો !

હે નાથ ! આપ કર્મરોગથી પીડાતા એવા દુઃખી જીવો ઉપર વાત્સલ્યભાવ ધારણ કરનારા છો, શરણે આવેલાને શરણ આપવાવાળા છો, કરુણાના પવિત્ર ઘર છો, જિતેન્દ્રિય પુરુષોમાં શિરોમણિભૂત છો, હું આપને ભક્તિ ભાવથી નમસ્કાર કરું છું અને પ્રાર્થના કરું છું કે મારા ઉપર દયા કરીને દુઃખની ઉત્પત્તિના કારણભૂત મારા કર્મોનો નાશ કરો.

હે નાથ ! આપને પ્રણામ કરવાથી મારા દુઃખનો ક્ષય થાઓ, દુઃખના કારણભૂત કર્મોનો ક્ષય થાઓ, આપના પ્રભાવથી મરણ વખતે મને સમાધિ મળો અને ભવોભવ મને બોધિબીજની પ્રાપ્તિ થાઓ, એ રીતે હું આપને નમ્ર પ્રાર્થના કરું છું.*

---

* अन्यतः शरणं नास्ति, त्वमेव शरणं मम ।
तस्मात् कारुण्यभावेन, रक्ष रक्ष जिनेश्वर ! ॥ १ ॥
त्वं नाथ ! दुःखिजनवत्सल ! हे शरण्य !,
कारुण्यपुण्यवसते ! वशिनां वरेण्य ! ।
भक्त्या नते मयि महेश ! दयां विधाय,
दुःखांकुरोद्दलनतत्परतां विधेहि ॥ २ ॥
(श्री कल्याणमंदिर स्तोत्र)
दुक्खखओ कम्मखओ, समाहिमरणं च बोहिलाभो अ ।
संपज्जउ मह एअं तुह नाह ! पणामकरणेणं ॥३॥

મહાત્મા શ્રી આનંદઘનજી મ૦ કૃત ભગવાનના વિવિધ નામ ગર્ભિત શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું સ્તવન.

(રાગ–સારંગ મલ્હાર લલનાની દેશી)

શ્રી સુપાર્શ્વજિન વંદિએ, સુખ-સંપત્તિનો હેતુ લલના;
શાંત-સુધારસ-જલનિધિ, ભવસાગરમાં સેતુ લલના.
શ્રી સુ૦ ૧

સાત મહાભય ટાળતો, સપ્રેમ જિનવર દેવ લલના;
સાવધાન-મનસા કરી, ધારો જિનપદ-સેવ લલના.
શ્રી સુ૦ ૨

અર્થ:- સુખ અને સંપત્તિના આપનારા, શાંતરસરૂપી અમૃતના સમુદ્ર, સંસારરૂપી સમુદ્રને પાર કરવા માટે પૂલ સમાન, સાત મહાભયોનો નાશ કરનારા, એવા સાતમા શ્રી સુપાર્શ્વનાથ જિનેશ્વરને વંદન કરો અને સાવધાન મનથી–અર્થાત્ જાગૃત મનથી તે જિનેશ્વર પ્રભુના ચરણકમળની સેવા કરવાનો નિશ્ચય કરો–તેમની સેવા કરો. ૧-૨

શિવ શંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન લલના;
જિન અરિહા તીર્થંકરુ, જ્યોતિસ્વરૂપ અસમાન લલના.
શ્રી સુ૦ ૩

અલખ નિરંજન વચ્છલુ, સકલ-જંતુ-વિશરામ લલના;
અભયદાન દાતા સદા, પૂરણ-આતમરામ લલના. શ્રી સુ૦ ૪

હવે પરમાત્મા જુદા જુદા અનેક નામો ધરાવે છે, તે કહે છે—

(૧) શિવ=કલ્યાણકારી
(૨) શંકર=સુખ કરનારા
(૩) જગદીશ્વર=જગતના ઈશ્વર
(૪) ચિદાનંદ=જ્ઞાનાનંદમય
(૫) ભગવાન=ઐશ્વર્ય યુક્ત
(૬) જિન=રાગ-દ્વેષ જીતનારા
(૭) અરિહા=પૂજાને યોગ્ય
(૮) તીર્થંકર=ધર્મતીર્થની સ્થાપના કરનારા
(૯) જ્યોતિસ્વરૂપ=તેજોમય
(૧૦) અસમાન=જેની સમાન બીજું કોઇ ન હોય એવા. (૩)
(૧૧) અલખ=લક્ષ્યમાં ન આવે તેવા
(૧૨) નિરંજન=મેલરહિત-નિર્મળ
(૧૩) વત્સલ=દયાળુ
(૧૪) સકલ જંતુ વિશ્રામ=સર્વ જીવોના વિસામારૂપ
(૧૫) અભયદાનદાતા=નિર્ભય વૃત્તિનું દાન આપનારા
(૧૬) સદા પૂર્ણ આતમરામ=હંમેશા સંપૂર્ણ આત્મ સુખમાં મગ્ન. (૪)

વીતરાગ મદ-કલ્પના-રતિ-અરતિ-ભય-સોગ લલના;
નિદ્રા-તંદ્રા-દુરંદશા-રહિત અબાધિત યોગ લલના. શ્રી સુ૦ ૫

પરમ-પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન લલના;
પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન લલના. શ્રી સુ૦ ૬

(૧૭) વીતરાગ=રાગ-દ્વેષ વિનાના
(૧૮) મદ રહિત=મદ વિનાના
(૧૯) કલ્પનારહિત=કલ્પના વિનના
(૨૦) રતિ રહિત=રતિ વિનાના
અરતિ રહિત=અરતિ વિનાના
(૨૧) ભય રહિત=ભય વિનાના
(૨૨) શોક રહિત=શોક વિનાના
(૨૩) નિદ્રા રહિત=નિદ્રા વિનાના
(૨૪) તંદ્રા રહિત=તંદ્રા વિનાના
(૨૫) દુર્દશા રહિત=દુર્દશા વિનાના
(૨૬) અબાધિત યોગ=જાગતા યોગવાળા-સ્થિર સમાધિવાળા
(૨૭) પરમ પુરુષ=શ્રેષ્ઠ પુરુષ
(૨૮) પરમાત્મા=શ્રેષ્ઠ આત્મા
(૨૯) પરમેશ્વર=ઉચ્ચ પ્રકારની શક્તિ ધરાવનારા
(૩૦) પ્રધાન=મુખ્ય
(૩૧) પરમ પદાર્થ=શ્રેષ્ઠ વસ્તુરૂપ
(૩૨) પરમેષ્ઠી=ઉંચામાં ઉંચી પદવી-સ્થાન પર રહેલા
(૩૩) પરમ દેવ=મોટામાં મોટા દેવ
(૩૪) પરમાન=પ્રમાણભૂત અથવા ઉંચામાં ઉંચા સન્માનને પાત્ર

વિધિ વિરંચી વિશ્વંભરુ, હૃષિકેશ જગનાથ લલના;
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ લલના.
શ્રી સુ૦ ૭

(૩૫) વિધિ=મોક્ષ માર્ગનું વિધાન કરનાર
(૩૬) વિરંચિ=બ્રહ્મા
(૩૭) વિશ્વંભર=વિશ્વ વ્યાપક-કેવળી સમુદ્‌ઘાત વખતે આત્મ પ્રદેશોથી વિશ્વને ભરી દેનાર અથવા જ્ઞાનગુણથી વિશ્વના સકળ પદાર્થો ઉપર પ્રકાશ નાખી વિશ્વને ભરી દેનાર
(૩૮) હૃષિ કેશ=ઇન્દ્રિયોના સ્વામી, ઇન્દ્રિયો ઉપર કાબુ કરી ચૂકેલ
(૩૯) જગન્નાથ=જગતના સ્વામી
(૪૦) અઘહર=પાપોનો નાશ કરનાર
(૪૧) અઘમોચન=પાપથી છૂટેલા અથવા પાપથી છોડાવનારા
(૪૨) ધણી=સ્વામી
(૪૩) મુક્તિ=સર્વ કર્મથી રહિત

(૪૪) પરમપદ=ઉંચામાં ઉંચુ સ્થાન–મોક્ષમય | (૪૫) સાથ=દરેક સંકટમાં સાથ આપનાર અથવા મુક્તિરુપી પરમપદની પ્રાપ્તિમાં સાથ આપનાર ૭

એમ અનેક અભિધા ધરે, અનુભવ–ગમ્ય–વિચાર લલના;
જે જાણે તેહને કરે, આનંદઘન અવતાર લલના. શ્રી સુ૦ ૮

એ રીતે પરમાત્મા અનેક નામો ધારણ કરે છે. એ નામોનો અર્થ અનુભવથી જ સમજાય તેવો છે. આ નામોનો વિચાર અનુભવ કરીને જે જાણે, તેના હાથમાં જ આનંદઘનમાં–મોક્ષમાં અવતાર છે. તે જીવ જરૂર મોક્ષમાં પોતાનો અવતાર કરી શકે છે. ૮

પંચમ કાળમાં મોટો આધાર પ્રભુનું નામ છે.
તેનાં ઉપર શ્રી પદ્મપ્રભ ભગવાનનું સ્તવન.

પદ્મ પ્રભજીના નામને હો લાલ, હું જાઉં બલિહાર ભવિજન;
નામ જપંતાં દિહા ગમું, ભવ ભય ભંજનહાર. ભવિજન૦
પદ્મપ્રભજીના નામને હો લાલ૦ (૧)

નામ સુણતાં મન ઉલ્લસે, લોચન વિકસિત હોય, ભવિજન૦
રોમાંચિત્ત હુવે દેહડી, જાણે મીલીયો સોય. ભવિજન૦
પદ્મપ્રભજીના નામને હો લાલ૦ (૨)

પંચમ કાળે પામવો, દુલ્લહો પ્રભુ દેદાર, ભવિજન૦
તોપણ તેહના નામનો, છે મોટો આધાર. ભવિજન૦
પદ્મપ્રભના નામને હો લાલ૦ (૩)

નામ ગ્રહે આવી મીલે, મન ભીતર ભગવાન, ભવિજન૦
મંત્ર બળે જેમ દેવતા, વહાલો કીધે આહવાન. ભવિજન૦
પદ્મપ્રભજીના નામને હો લાલ૦ (૪)

ધ્યાન પદસ્થ પ્રભાવથી, ચાખ્યો અનુભવ સ્વાદ, ભવિજન૦
માનવિજય વાચક કહે, મૂકો બીજો વાદ. ભવિજન૦
પદ્મપ્રભજીના નામને હો લાલ૦ (૫)

ભગવાનની ઉત્કૃષ્ટ સાધના—

હે....પ્રભો, આપ કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય છો.

હે....પ્રભો, આપ ખડ્ગી-ગેંડાની જેમ એકાકી છો.

હે....પ્રભો, આપ પક્ષીની જેમ બંધનમુક્ત છો.

હે....પ્રભો, આપ ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત છો.

હે....પ્રભો, આપ કુંજર-હાથીની જેમ શૌંડીર-પરાક્રમ વાન છો.

હે....પ્રભો, આપ વૃષભની જેમ બળવાન છો.

હે....પ્રભો, આપ સિંહની જેમ દુર્ધર્ષ છો.

હે....પ્રભો, આપ મેરૂની જેમ નિષ્પ્રકંપ છો.

હે....પ્રભો, આપ સાગરની જેમ ગંભીર છો.

હે....પ્રભો, આપ ચંદ્રની જેમ સૌમ્યલેશ્યાવાળા છો.

હે...પ્રભો, આપ સૂર્યની જેમ દીપ્તતેજ છો.

હે....પ્રભો, આપ જાત્યકનકની જેમ જાતરૂપ છો.

હે....પ્રભો, આપ કાંસ્ય પાત્રની જેમ નિર્લેપ છો.

હે...પ્રભો, આપ શંખની જેમ નિરંજન છો.

હે....પ્રભો, આપ જીવની જેમ અપ્રતિહત ગતિવાળા છો.

હે....પ્રભો, આપ આકાશની જેમ નિરાલંબન છો.

હે....પ્રભો, આપ વાયુની જેમ અપ્રતિબદ્ધ છો.

હે....પ્રભો, શરદઋતુના પાણીની જેમ શુદ્ધ હૃદયવાળા છો.

હે....પ્રભો, આપ કમળના પત્રની જેમ નિર્લેપ છો.

હે....પ્રભો, આપ પૃથ્વીની જેમ સઘળું સહન કરવાવાળા છો.

હે....પ્રભો, આપ સારી રીતે હવન કરેલા અગ્નિથી જેમ તેજે કરીને જ્વલંત છો.

ભગવાનનું પરમ સૌભાગ્ય—

હે....પ્રભો, આપનું રૂપ હજારો આંખોથી જોવાયું છે.
હે....પ્રભો, આપના ગુણો હજારો મુખેથી પ્રશંસાયા છે.
હે...પ્રભો, આપનું જ્ઞાન હજારો હૈયાથી અભિનંદાયું છે.
હે....પ્રભો, આપનું બલ હજારો મનોરથ માલાઓથી આકર્ષાયું છે.

હે....પ્રભો, આપનો ઉપદેશ હજારો કાનોથી સંભળાયો છે.
હે....પ્રભો, આપની કાયા હજારો અંજલીઓથી આદર પામી છે.

હે....પ્રભો, આપના કલ્યાણકો હજારો જીવોથી ઉજવાયા છે.
હે....પ્રભો, આપના બિંબો હજારો પ્રાણીઓથી પૂજાયા છે.

હે...પ્રભો, આપનું નામ હજારો જીવોને તારનારૂં બન્યું છે.
હે....પ્રભો, આપના ચરિત્રો હજારોને પ્રેરણા આપનારા બન્યા છે.

સમુદ્ર જેટલું ભાજન-પાત્ર હોય, નીલગિરિ જેટલો મષી-પુંજ-શાહીનો ઢગલો હોય, પૃથ્વી જેટલું પડ-કાગળ હોય, સુરતરુની શાખા કલમ હોય અને સાક્ષાત્ ભગવતી સરસ્વતી દેવી લખનાર હોય તો પણ શ્રી વીતરાગ પરમાત્માના ગુણોની સંખ્યાનો પાર પામી શકાય તેમ નથી. તેથી અનંતકાળે પણ તે સર્વોચ્ચ પુરુષના ગુણોની સંખ્યા લખી શકાય તેમ નથી. તેથી જ અનુભવ જ્ઞાની પુરુષોને પણ કહેવું પડ્યું છે કે—

અક્ષર થોડા ગુણ ઘણા,
સજ્જનના તે ન લિખાય;
વાચક જસ કહે પ્રેમથી,
પણ મનમાંહે પરખાય.
જગતગુરુ જાગતો સુખકંદ,

શ્રી જિનદર્શન વખતની વિચારણા—

જિનમૂર્તિની મુખાકૃતિ જોઈ વિચારવું જોઇએ કે- અહો! આ મુખ કેવું સુંદર છે! કે જેના વડે કોઇના પણ અવર્ણવાદ બોલાયા નથી, જેમાંથી કદી હિંસક કઠોર કે મૃષાવચન નીકળ્યું નથી. તેમાં રહેલી જિહ્વાથી કદી રસનાના વિષયોનું રાગદ્વેષથી સેવન કરાયું નથી. કિન્તુ આ મુખ દ્વારા ધર્મ દેશના આપીને અનેક ભવ્ય જીવોને આપે આ સંસારસમુદ્રથી પાર ઉતારેલા છે, માટે આપના આ મુખને સહસ્રશઃ ધન્યવાદ છે.

હે ભગવન્ આપની આ ચક્ષુ દ્વારા—પાંચ વર્ણરૂપ વિષયોનો ક્ષણવારને માટે પણ રાગ અગર દ્વેષથી સહિતપણે કદી પણ ઉપભોગ થયેલો નથી. કોઇ સ્ત્રીની તરફ મોહની દૃષ્ટિથી કે કોઇ દુશ્મનની તરફ ઇર્ષાની દૃષ્ટિથી જોવાયેલ નથી, માત્ર વસ્તુસ્વભાવનો વિચાર કરી આપની ચક્ષુઓ સદા સમભાવે રહેલ છે. એવા આપના નેત્રોને કોટિશઃ ધન્યવાદ છે.

હે ભગવાન્ આપના આ બે કાનો વડે— *વિચિત્ર પ્રકારના રાગ-રાગિણીઓ શ્રવણ કરવાના વિષયોનું* સરાગપણે સેવન થયેલ નથી. સારા કે નરસા, ભલા કે બુરા,

જેવા શબ્દો કાને પડ્યા, તેવા સમભાવપણે સંભળાયા છે, માટે આપના આ બે કાનો પણ ધન્યવાદને પાત્ર છે.

હે ભગવન્ આપના શરીરથી– કોઇ પણ જીવની હિંસા આદિનું સેવન થયું નથી, પરંતુ કેવળ યતનાપૂર્વક સર્વને સુખ ઉપજે તેમ વર્તાવવામાં આવ્યું છે. ગ્રામાનુગ્રામ વિહાર કરી અનેક જીવોના સંસારબંધન તોડવામાં આવ્યા છે. તથા સર્વ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટાવવામાં આવ્યા છે.

હે ભગવન્ આપની નાસિકા દ્વારા– સુરભિ કે અસુરભિ ગંધરૂપ ઘ્રાણેન્દ્રિયના વિષયોનો રાગ અગર દ્વેષથી કદી પણ ઉપભોગ કરાયેલો નથી, માટે આપની આ નાસિકાને પણ હજારોવાર ધન્ય છે.



ભગવાન સમક્ષ નમ્રભાવે આત્મ–નિરીક્ષણ—

હે....પ્રભો, આપ નીરાગી છો, હું રાગી છું.

હે...પ્રભો, આપ અક્રોધી છો, હું ક્રોધી છું.

હે....પ્રભો, આપ અકામી છો, હું કામી છું.

હે....પ્રભો. આપ નિર્વિષયી છો, હું વિષયી છું.

હે....પ્રભો, આપ અમાની છો, હું માની છું.

હે....પ્રભો, આપ અલોભી છો, હું લોભી છું.

હે...પ્રભો, આપ આત્માનંદી છો, હું પુદ્ગલાનંદી છું.

હે....પ્રભો, આપ અતીન્દ્રિય સુખના ભોગી છો.
હું વિષય સુખનો ભોગી છું.

હે....પ્રભો, આપ સ્વભાવી છો, હું વિભાવી છું.

હે...પ્રભો, આપ અજર છો, હું સજર છું.

હે....પ્રભો, આપ અક્ષય છો, હું ક્ષય પામવાવાળો છું.

હે....પ્રભો, આપ અશરીર છો, હું શરીરધારી છું.

હે....પ્રભો, આપ અચળ છો, હું ચંચળ છું.

હે....પ્રભો, આપ અમર છો, હું મરણ પામવાવાળો છું.

હે...પ્રભો. આપ નિદ્રારહિત છો, હું નિદ્રાસહિત છું.

હે....પ્રભો, આપ નિર્મોહી છો, હું મોહથી મુંઝાયેલો છું.

હે....પ્રભો, આપ હાસ્ય રહિત છો, હું હાસ્ય સહિત છું.

હે....પ્રભો, આપ રતિ-અરતિ રહિત છો, હું રતિ-અરતિ સહિત છું.

હે....પ્રભો, આપ શોક રહિત છો, હું શોક સહિત છું.

હે....પ્રભો, આપ ભય રહિત છો, હું ભય સહિત છું.

હે....પ્રભો, આપ દુગંચ્છા રહિત છો, હું દુગંચ્છા સહિત છું.

હે....પ્રભો, આપ નિર્વેદી છો, હું સવેદી છું.

હે....પ્રભો, આપ અક્લેશી છો, હું ક્લેશ સહિત છું.

હે....પ્રભો, આપ અહિંસક છો, હું હિંસક છું.

હે....પ્રભો, આપ વચન રહિત છો, હું મૃષાવાદી છું.

હે....પ્રભો, આપ અપ્રમાદી છો, હું પ્રમાદી છું.

હે....પ્રભો, આપ આશા વિનાના છો, હું આશાવાળો છું.

હે....પ્રભો, આપ સર્વે જીવોને સુખ દેનાર છો, હું ઘણા જીવોને દુઃખ દેનારો છું.

હે....પ્રભો, આપ અવંચક છો, હું વંચક છું.

હે....પ્રભો, આપ આશ્રવથી રહિત છો, હું આશ્રવથી ઘણાયેલો છું.

હે....પ્રભો, આપ નિષ્પાપ છો, હું સપાપ છું.

હે....પ્રભો, આપ કર્મ રહિત છો, હું કર્મ સહિત છું.

હે....પ્રભો, આપ સર્વના વિશ્વાસપાત્ર છો, હું અવિશ્વાસપાત્ર છું.

હે....પ્રભો, આપ પરમાત્મપદને પ્રાપ્ત થયેલા છો, હું બહિરાત્મપણે વર્તવાવાળો છું.

આ રીતે હે પ્રભો! આપ અનેક ગુણોએ કરી ભરપૂર છો. હું સર્વ પ્રકારના દુર્ગુણોથી પરિપૂર્ણ છું. એ જ કારણે હું આ સંસારરૂપ અટવીમાં અનંતકાળ થયા ભટકયા કરું છું, આજે પૂર્ણ ભાગ્યોદયે મને ભગવાનની મૂર્તિના દર્શન થયા અને તેના આલંબનથી મને પ્રભુના ગુણોનું અને મારા અવગુણોનું સ્મરણ થયું. પ્રભુના ગુણો અને મારા અવગુણો સમજવામાં આવ્યા. હવે હું મારા દુર્ગુણોને છોડવાનો પ્રયત્ન કરું અને જે માર્ગ પ્રભુએ દર્શાવ્યો છે તે માર્ગે ચાલું. સુખ અને કલ્યાણને માટે જેવી રીતે વર્તવાનું તેઓએ ફરમાવ્યું છે તેવી રીતે વર્તન કરું એ જ મારી અભિલાષા છે.



શ્રી તીર્થંકરોની ભક્તિનું અચિંત્ય સામર્થ્ય—

શ્રી તીર્થંકરોની ભક્તિ કરવાથી,

(૧) કરોડો તપનું ફળ મળે છે.

(૨) સર્વ કામનાઓ સિદ્ધ થાય છે.

(૩) જિહ્વા અને જન્મ સફળ થાય છે.

(૪) કષ્ટ અને વિઘ્નો ટળે છે.

(૫) મંગલ અને કલ્યાણની પરંપરા મળે છે.

(૬) મહિમા અને મોટાઇ વધે છે.

(૭) પ્રત્યેક સ્થાને સુયશ અને મહોદય થાય છે.

(૮) દુર્જનોનું ચિંતવેલું નિષ્ફળ જાય છે.

(૯) યશ કીર્તિ અને બહુમાન વધે છે.

(૧૦) આનંદ વિલાસ, સુખ, લીલા અને લક્ષ્મી મળે છે.

(૧૧) ભવજલતરણ, શિવસુખમિલન અને આત્મોદ્ધાર સરળ સુલભ થાય છે.

(૧૨) દુર્ગતિના દ્વારોનું રોકાણ અને સદ્ગતિના દ્વારોનું ઉદ્ઘાટન થાય છે.

એ કારણે તીર્થંકરોનું દર્શન-પૂજન-સ્મરણ વગેરે એ પરમનિધાન છે. અમૃતનો કુંપો છે. જનમન-મોહનવેલ છે. રાત-દિવસ સંભારવા લાયક છે. ઘડી પણ ન વિસરવા લાયક છે. તીર્થંકરોની ભક્તિ, નામ સ્મરણ વગેરે આળસમાં મળેલી ગંગા છે. મયુરને મન જેમ મેઘ, અને ચકોરને મન જેમ ચંદ્ર, ભ્રમરને મન જેમ કમલ, અને કોકિલને મન જેમ આમ્ર, જ્ઞાનીને મન જેમ સંયમધારણ, દાનીને મન જેમ ત્યાગ અને ન્યાયીને મન જેમ ન્યાય, સીતાને મન જેમ રામ અને પંથીને મન જેમ ધામ, તેમ તત્ત્વગુણરસિક જીવને મન તીર્થંકરનું નામ આનંદ આપનારું છે. તીર્થંકરના નામને જપનારને નવ નિધાન ઘેર છે, કલ્પવેલી આંગણે છે. આઠ મહાસિદ્ધિ ઘટમાં છે. એમની ભક્તિથી કોઈ પણ જાતના કાયાના કષ્ટ વિના જ ભવજલ તરાય છે. તીર્થંકરોના લોકોત્તર નામકીર્તનરૂપી અમૃતપાનથી મિથ્યામતિરૂપી વિષ તત્કાલ નાશ પામે છે. તથા અજરામર પદની પ્રાપ્તિ હસ્તામલકવત્ બની જાય છે.

એ રીતે ભાવના કરવાથી તથા વિચારવાથી જીવનનાં ઘણાં અશુભ અને ક્લિષ્ટ કર્મો નાશ પામે છે. બોધિ (સમ્યક્ત્વ) જ્ઞપ્તિ (જ્ઞાન) અને વિરતિ (ચારિત્ર) પ્રાપ્ત થાય છે. પરંપરાએ મોક્ષના અનંત સુખોના અધિકારી થવાય છે. માટે સુવિવેકી આત્માઓએ શ્રી જિનેશ્વરદેવની દ્રવ્યભાવ ઉભય પ્રકારની ભક્તિમાં સદાકાળ દત્તચિત્તવાળા થવું અત્યંત જરૂરી છે.

પ્રભુની અષ્ટપ્રકારી પૂજાનું રહસ્ય—

(૧) જલપૂજાનો હેતુ અને તેનું ફળ—

આત્મા ઉપર આઠ કર્મોનો ગાઢ લેપ ચોંટેલો છે, જે કોઈ પણ સાબુથી બહારના કોઈપણ રાસાયણિક પદાર્થોથી દૂર થઇ શકતો નથી. દુનિયાના કોઈ વિજ્ઞાનની તાકાત નથી કે એ આત્માના કર્મમલને દૂર કરી શકે.

જે મલના કારણથી આત્મા અનંત કાળથી સંસારની ચારે ગતિમાં પરિભ્રમણ કરી અનંતી યાતનાઓ વેઠી રહ્યો છે, તે મલને દૂર કરી, આત્માને સ્વચ્છ સ્ફટિક જેવો બનાવવો હોય તો પ્રભુની જલપૂજા કરો.

જેમ જલપ્રક્ષાલનથી બાહ્ય મલનો નાશ થાય છે, તેમ શ્રી જિનેશ્વરદેવની જલપૂજાના અધ્યવસાયથી આત્માનો અભ્યંતર કર્મ મળ નાશ પામે છે.

(૨) ચંદનપૂજાનો હેતુ અને તેનું ફળ—

ક્રોધ, અહંકાર, કપટ અને તૃષ્ણાના તાપથી તથા પાંચ ઇન્દ્રિયોના વિષયોના કારણે આત્મા રાતદિન સતત રીતે સેકાઇ

રહ્યો છે, બળી રહ્યો છે, સળગી રહ્યો છે, ધમધમી રહ્યો છે. આ વિષય–કષાયના ત્રિવિધ તાપથી સંતપ્ત બનેલા આત્માને શીતળતા ઉપજાવવા માટે અનુભવીઓએ પ્રભુની ચંદનપૂજા ફરમાવી છે.

જેમ ચંદનમાં રહેલી શીતળતા બાહ્ય તાપનો નાશ કરે છે તેમ શ્રી જિનેશ્વરદેવની ચંદનપૂજાનો પરિણામ આંતર તાપનો નાશ કરે છે.

(૩) પુષ્પપૂજાનો હેતુ અને તેનું ફળ—

મિથ્યાત્વ અને અનેક દુર્ગુણોરૂપી દુર્ગંધથી આ આત્મા અનાદિ કાળથી દુર્ગંધમય બની ગયો છે. પ્રભુની પુષ્પપૂજાના ભાવથી એ દુર્ગંધ દૂર થાય છે. અને આત્મા સુગંધી બને છે. ચિત્તમાં આહ્લાદ થાય છે અને મન પ્રસન્નતાનો અનુભવ કરે છે.

જેમ પુષ્પમાં દ્રવ્યથી સુગંધી રહેલી છે તેમ શ્રી જિનેશ્વરદેવના પુષ્પપૂજનથી આત્મામાં ભાવથી સુગંધ પ્રગટે છે. આત્મા અનેક સદ્ગુણોનું ધામ બને છે.

(૪) ધૂપપૂજાનો હેતુ અને તેનું ફળ—

આઠ કર્મના અત્યંત ભારથી દબાયેલ આત્મા જેના ઉપર અત્યંત ભાર ભરવામાં આવ્યો છે એવા પશુની જેમ નીચું મુખ રાખી અનંતકાળથી અહીંથી તહીં ભમી ભમીને દુઃખી દુઃખી થઇ રહ્યો છે. તેને જરાય વિસામો

મળતો નથી. ઉંચું જોવાની ગમ પણ પડતી નથી. પરંતુ જેમ અગ્નિમાં ધૂપ નાંખવાથી ધૂમાડો ઉત્પન્ન થઇને ઉંચે ચડે છે, તેમ શ્રી જિનેશ્વરદેવની ધૂપપૂજામાં કર્મરૂપી કાષ્ટને બાળવા માટે ધ્યાનરૂપી અગ્નિમાં શુભ ભાવનારૂપી ધૂપ પડવાથી ગુણરૂપી સુગંધ પ્રગટે છે અને આત્મા કર્મના ભારથી હળવો થઇ ઉર્ધ્વગતિને પ્રાપ્ત કરે છે.

(૫) દીપકપૂજાનો હેતુ અને તેનું ફળ—

આપણો આત્મા શક્તિથી અનંત જ્ઞાનનો ધણી હોવા છતાં વર્તમાનમાં તે પોતાની પીઠ પાછળ શું છે તેને પણ જાણી–દેખી શકતો નથી. અને ભયંકર અજ્ઞાનરૂપી અંધકારમાં "अन्धो अन्ध पूलाय"–એ ન્યાયે જેમ એક આંધળો બીજા આંધળાની પાછળ અથડાય તેમ અથડાયા કરે છે. પ્રભુની દીપકપૂજા એ અંધાપાને દૂર કરી આત્માને પ્રકાશિત કરે છે.

દીપક જેમ બાહ્ય અંધકારને દૂર કરે છે, તેમ શ્રી જિનેશ્વરદેવની દીપકપૂજા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે, એ અહીં તાત્પર્ય છે.

(૬) અક્ષતપૂજાનો હેતુ અને તેનું ફળ—

વિજળીના ઝબકારા જેવી તથા પાણીના પરપોટા જેવી ચંચળ અને અસ્થિર લક્ષ્મીની લાલસામાં અમૂલ્ય માનવભવને ગુમાવી ભયંકર સંસારસાગરમાં અનંત કાળ રખડી

અકાળે મોતને શરણ થવું ન પડે તે માટે પ્રભુની અક્ષત પૂજા જ્ઞાની ભગવંતોએ દર્શાવી છે.

અક્ષત જેમ શ્વેત અને અખંડ હોય છે, તેમ શ્રી જિનેશ્વરદેવની અક્ષતપૂજાના અધ્યવસાયથી આત્મા અક્ષય અને અનંત એવા સિદ્ધિપદની પ્રાપ્તિ કરે છે.

(૭) નૈવેદ્યપૂજાનો હેતુ અને તેનું ફળ—

જગતના એના એ જ પુદ્ગલો જુદા જુદા પર્યાયને પામીને જીવોના ઉપભોગમાં આવે છે, એટલે કે સિદ્ધ પરમાત્માઓ જે જે પુદ્ગલોનો ભોગવટો કરીને એઠ રૂપે છોડી ગયા છે તે જ ઉચ્છિષ્ટ જેવા રૂપાંતર પામેલા પુદ્ગલોમાં આપણે આનંદ માનીએ છીએ. હવે તેમાંથી છૂટીને અણાહારી પદની પ્રાપ્તિ કરવી હોય તો પ્રભુની નૈવેદ્યપૂજા ભાવથી કરો.

જેમ શ્રી જિનેશ્વર દેવો આહારની મૂર્છાનો ત્યાગ કરી અણાહારી તથા અવેદીપદને પામ્યા છે, તેમ નૈવેદ્ય વડે શ્રી જિનેશ્વરદેવની પૂજા કરનારો આત્મા પણ નિરાહારી અને નિર્વેદી પદને પ્રાપ્ત કરનારો બને છે.

(૮) ફળપૂજાનો હેતુ અને તેનું ફળ—

જેમ કિંપાકફળના સ્વાદમાં લાલચુ બની તેનું આસ્વાદન કરનાર આત્માના પ્રાણ ચાલ્યા જાય છે, તેવી જ રીતે દેવ, દેવેન્દ્ર કે ચક્રવર્તીનાં સુખો પણ અંતે કિંપાકફળ

જેવાં જ છે. છતાં આ આત્મા રંકની જેમ એ દુઃખદાયી ફળને જ અજ્ઞાનતાથી માંગી રહ્યો છે. જ્ઞાની ભગવંતો આપણને સાચા મોક્ષસુખની ઓળખાણ કરાવે છે અને એ માટે પ્રભુની ફળપૂજા કરવાનો ઉપદેશ આપે છે.

ઉત્તમ, તાજાં અને મધુર રસવાળાં ફળો વડે શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવાથી સર્વોત્તમ અભિનવ અને શાશ્વત એવું મોક્ષસુખ મળે છે.

આ અષ્ટ પ્રકારી પૂજાથી સર્વ ઉપસર્ગો નાશ પામે છે, વિઘ્નોનો સમુદાય વિલયને પામે છે અને મન પ્રસન્નતા-વાળું બને છે.

વળી આ અષ્ટપ્રકારી પૂજાના એક એક પ્રકારમાં એક એક અણિમાદિ સિદ્ધિ છૂપાયેલી છે. અર્થાત્ અષ્ટપ્રકારી પૂજાથી અણિમાદિ આઠ સિદ્ધિઓ પ્રગટે છે.

શ્રી જિનેશ્વર ભગવાનનું દર્શન પાપનો નાશ કરે છે, શ્રી જિનેશ્વરોનું વંદન અવશ્ય વાંછિતને આપનારું થાય છે, અને તેમનું પૂજન બાહ્ય–અભ્યંતર ઉભય પ્રકારની લક્ષ્મીને પૂરનાર બને છે, ખરેખર! શ્રી જિનેશ્વરદેવ એ સાક્ષાત્ કલ્પદ્રુમ-કલ્પવૃક્ષ છે.

આ અષ્ટપ્રકારી પૂજાના અધિકારમાં શાસ્ત્રોમાં ફરમાવેલા નીચેના દૃષ્ટાંતો ખાસ વિચારવા યોગ્ય છે. જેમકે–

(૧) જલપૂજાનાં ફળ માટે **વિમ્રવધૂનું** દૃષ્ટાંત છે.

(૨) ચંદનપૂજાનાં ફળ માટે **જયશૂર** અને **શુભમતિનું** દૃષ્ટાંત છે.

(૩) પુષ્પપૂજાનાં ફળ માટે પરમાર્હત્ **કુમારપાલ** મહારાજાનું દૃષ્ટાંત છે.

(૪) ધૂપપૂજાનાં ફળ માટે **વિનયંધર રાજાનું** દૃષ્ટાંત છે.

(૫) દીપકપૂજાનાં ફળ માટે **જિનમતિ** અને **ધનશ્રિનું** દૃષ્ટાંત છે.

(૬) અક્ષતપૂજાનાં ફળ માટે **કીરયુગલનું** દૃષ્ટાંત છે.

(૭) નૈવેદ્યપૂજાનાં ફળ માટે **હલીનૃપરાજાનું** દૃષ્ટાંત છે.

(૮) ફળપૂજાના લાભ માટેનું દૃષ્ટાંત દુર્ગતા નારીનું છે.



---

* આ દૃષ્ટાંતોનાં અહીં માત્ર નામ આપ્યાં છે તેની વિશેષ વિગત અન્થાંતરથી જાણી લેવા ભલામણ છે

નવ અંગે પૂજાની વિચારણા—

શ્રી જિનેશ્વરદેવની નવ અંગે પૂજા કરતાં પૂજકે પ્રભુની પૂજા શા માટે કરવાની છે? પ્રભુના કયા ગુણોને ઉદ્દેશીને કરવાની છે? અને એ પૂજા દ્વારા પ્રભુ પાસે એનો શું બદલો માંગવાનો છે? પ્રભુની નવ અંગપૂજાની પાછળ કેવી રીતે વાસ્તવિક ચૈતન્યપૂજા–ગુણપૂજા સમાયેલી છે અને પૂજા કરનાર આત્માને એ કેટલી અચિંત્ય ફળદાયી છે, તેનું વર્ણન અહીં પ્રત્યેક અંગના દુહા પછી આપવામાં આવ્યું છે, જે વાંચીને સુહૃદય હળુકર્મી આત્મા જરૂર પ્રમુદિત બનશે અને પ્રભુભક્તિમાં વધારે સ્થિર બનશે.

જળ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત;
ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવ જલ અંત. ૧

હે કરુણાસાગર પરમાત્મન્!

અનાદિ કાળના સંસારભ્રમણથી થાકેલો હું આજે આપના ચરણે આવ્યો છું. આપના ચરણનું શરણું પામીને અનેક દીન, દુઃખી અને પાપી આત્માઓ ભવનો નિસ્તાર

પામી પરમપદને વર્યા છે. દેવના દેવ-ઈન્દ્રો, નરેન્દ્રો અને યોગીદ્રોએ આપના ચરણોથી પવિત્ર થયેલ રજને મસ્તકે ચડાવી છે. આપના ચરણની પવિત્ર રેણુએ કંઈક પાપીઓની પાપવાસનાઓ ઉપર સૌરભ પાથરી છે. જ્યાં જ્યાં આપના ચરણોએ વિહાર કર્યો છે, ત્યાં ત્યાં સુખ અને માંગલ્યના ઓધ ઉભરાયા છે. પ્રભુ! આપના એ પરમ પાવન ચરણો આ ભયંકર ભવાટવિમાં મારું શરણું હજો! હે વિશ્વવત્સલ વિભુ! આપના પગલે પગલે સ્નેહની સરિતા ઉભરાઇ છે અને એ સ્નેહની સરિતાએ સંસારમાં ભભૂકતો દ્વેષ અને વૈરના દાવાનલો ઉપર સદાય અમીછાંટણા કર્યા છે. પ્રભુ! આપના સમવસરણની રચના સૌને મંત્રમુગ્ધ કરી દે એવી છે. ન દ્વેષ, ન વૈર! જાણે સૌ જીવો દેહભાવ ભૂલીને આત્મભાવમાં લીન થયા હોય એમ સમતારસમાં ઝીલતાં આપના ચરણે આવી વસે છે. સિંહ ને ગાય જાણે માડીજાયા ભાઈબહેન ન હોય; વ્યાઘ્ર અને હરણ જાણે ભાઈ ભાઈ ન હોય; મોર અને સર્પ જાણે એક કુળના ન હોય; એમ જન્મથી વૈરભાવ ભરેલા પ્રાણીઓ આપના ચરણે આવી શાંત થઈ જાય છે. આપના ચરણની આગળ બેસવાનો રાય અને રંક, દેવ દેવેન્દ્ર અને ચક્રવર્તી, પાપી કે પુણ્યાત્મા સૌને એક સરખો અધિકાર છે. પ્રભુ! આપનાં એ પરમ સ્નેહ વર્ષાવતાં ચરણો, દુઃખ અને ક્લેશોથી ભરેલા આ સંસારમાં મારો આધાર હજો. પ્રભુ! લોભ અને લાલચમાં અંધ બનેલા મેં મારૂં આત્મભાન ભૂલીને કંઈક પાપી અને નીચ માનવીઓનાં ચરણ ચૂમ્યાં છે. સાધુ, સંત અને મહંતોની સેવા

પણ મેં એ નમાલી લાલચો માટે કરી છે. આપના ચરણની સેવામાં આ લોભ-લાલચનો અંશ પણ ન હજો. પ્રભુ ! આપના પગલે પગલે વેરાતી અઢળક સંપત્તિને આપે આત્મ-સમૃદ્ધિની આગળ તણખલાથી તુચ્છ ગણી છે. આપ અનંત આત્મસમૃદ્ધિના સ્વામી છો. મારા આત્મામાં એ આત્મ-સમૃદ્ધિનો સંચાર થાય, મારી સંસારી લાલચો નાશ પામે એટલા માટે હું આપના ચરણની ભાવપૂર્વક પૂજા કરું છું. નાથ ! અનંત આત્મલક્ષ્મીના સ્વામી, આપના ચરણો, મુજ સમ રંકનું સદાને માટે શરણું હજો !

જાનુ બળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ;
ખડા ખડા કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ. ૨

હે નિષ્કારણ જગદ્બંધો !

તપ, ત્યાગ અને સંયમના માર્ગે આપે આત્માનો સાક્ષાત્કાર કર્યો અને એ આત્મદર્શનના અમૃતનું સંસારને પાન કરાવવા આપે અનેક વિહારો કર્યા. આધિ, વ્યાધિ અને ઉપાધિમય સંસારના ત્રિવિધ તાપથી સંતપ્ત પ્રાણીઓને આ આત્મસાધનાના ઉપદેશનું પાન પરમશાન્તિને આપે છે. આ સ્વાર્થમય સંસારમાં બધું જ સ્વાર્થમય છે. કોઈ કોઈનું સાચું સગું નથી. સૌ પોતપોતાની આશાઓના પ્રેર્યા આવે છે, અને સ્વાર્થ સરતાં ચાલ્યા જાય છે. પ્રભુ ! આવા સ્વાર્થમય સંસારમાં પરમ કરુણાભર્યા અંતઃકરણથી જગત ઉપર ઉપકાર કરતા આપ સાચે જ નિષ્કારણ જગદ્બંધુ

નિઃસ્વાર્થી નિર્યામક છો. નાથ! આપની એ નિઃસ્વાર્થ પરોપકારપરાયણતાને મારા લાખ લાખવાર વંદન હજો! હે પરમાત્મન્! અનાદિ કાળથી મારો આ જીવ આ સંસારના જન્મમરણના ફેરામાં ભટકયો છે. એણે નાની મોટી અનેક કરણીઓ આદરી છે. પણ નિઃસ્વાર્થપરાયણતાનો માર્ગ એણે કદી પિછાન્યો નથી. સદાય સ્વાર્થ સ્વાર્થ અને સ્વાર્થમાં જ એ રત રહ્યો છે, અને આવી સ્વાર્થપરાયણતાના ભારથી એ હંમેશાં સંસારસાગરમાં ઊંડો ને ઊંડો ઉતરતો ગયો છે. પ્રભુ! એ સ્વાર્થના પ્રેર્યા મેં નથી ગણી રાત કે નથી ગણ્યો દિવસ, નથી જાણી ટાઢ કે નથી જાણ્યો તડકો, નથી પિછાણી ભૂખ કે નથી પિછાણી તરસ. એક મૂઢ પશુની જેમ સર્વ સાન ભાન વિસરીને હું એ સ્વાર્થની પાછળ ભમ્યા કર્યો છું. પ્રભુ! મારી સર્વ શક્તિઓ જાણે મારા સંસારના સ્વાર્થ માટે જ ન હોય એમ એ શક્તિઓથી મેં કોઇનો પરમાર્થ સાધ્યો નથી. અને સ્વાર્થપરાયણતાના અવિવેકમાં હું પરમાર્થની સાથે સાથે મારા આત્માને પણ સાવ વિસરી ગયો છું. નાથ! સ્વાર્થમાં આસક્ત એવી મારી સર્વ આત્મશક્તિઓ જાણે લુપ્ત થઈ ગઈ હોય, એમ આત્મ-સાધનાથી હું વિમુખ બની ગયો છું. સ્વામિન્! આપ અનંત શક્તિના ધણી છો. સમસ્ત સંસારના કલ્યાણ માટે આપે એ અનંત શક્તિની પુનીત ગંગાને વહેતી મૂકી છે. સંસારના ઉપકાર માટે આપે જાનુઓના બળે ઉગ્ર વિહારો કર્યા છે. નિઃસ્વાર્થભાવે વિશ્વકલ્યાણ એ જ આપનો માર્ગ છે. પ્રભુ! નિઃસ્વાર્થપણે ઉપકારી એવી આપની ઉપાસનાથી

મારી સ્વાર્થી વાસનાઓ નાશ પામો, મારી આત્મશક્તિઓ જાગૃત થાઓ અને પરમાર્થનો માર્ગ સુલભ થાઓ !

દેવ ! સાંસારિક સ્વાર્થનો નાશ કરીને પરમાર્થ સિદ્ધિ મેળવવા માટે હું આપના જાનુઓની ભાવપૂર્વક પૂજા કરું છું.

લોકાંતિક વચને કરી, વરસ્યા વર્ષીદાન;
કર કાંડે પ્રભુ પૂજના, કરતા ભવિ બહુમાન. ૩

હે નિર્મોહીનાથ ! લોકાંતિક દેવતાઓએ આપને જ્યારે વિનંતિ કરી કે–'પ્રભુ! આ દુઃખિયા સંસારનાં ઉદ્ધાર માટે, આપ આપની આત્મસિદ્ધિ પ્રગટ કરીને, તીર્થનું પ્રવર્તન કરો, પ્રાણીઓને તરવાનો ઉપાય બતાવો.' ત્યારે જાણે જુગ જુગ જૂના મોહનાં આવરણોને ક્ષણમાત્રમાં તોડી દીધાં હોય, તેમ આપે વાર્ષિક દાન આપવાનો નિર્ણય કર્યો. નાથ! જે સંપત્તિ માટે અમે સાંસારિક જીવો અનેક પ્રકારની મુશીબતો ઉઠાવીએ છીએ, જેને અમે અમારા પ્રાણથી પણ પ્યારી ગણીએ છીએ, જેને માટે અનેક પ્રકારનાં દુર્ધ્યાન કરીએ છીએ, અને જેને અમારા જીવનનું સર્વસ્વ માની એની પાછળ મોહાંધ થઈ ભમીએ છીએ, એ સંપત્તિના ઓઘના ઓઘ આપના ચરણ આગળ ઉભરાતા હતા, છતાં આપને મન એની કશી કિંમત ન હતી. એ સંપત્તિનું વિનાશીપણું આપ જાણતા હતા. આપે એ સંપત્તિને હસતે વદને તજીને આત્મલક્ષ્મી માટે ભેખ ધારણ કર્યો હતો. અને પ્રભુ ! આપનું એ વાર્ષિક દાન જાણે આત્મલક્ષ્મીની

સાધના માટે પ્રયાણ કરતાં પહેલાં આત્મા ઉપરની મોહ અને મમતાની રજે રજ ધોઇ ન નાખવી હોય એમ આપે સાંસારિક સંપત્તિને સંસારના જીવો માટે વહાવી દીધી. સાચેજ પ્રભુ! આપનું વાર્ષિક દાન સંસારના જીવોને જાણે કહેતું હોય કે યોગ અને ભોગ એકીસાથે ન રહી શકે! આત્માના પ્રેમીએ ભોગવિલાસ અને સંપત્તિને તિલાંજલિ આપવી જ રહી. ત્યાગ એ આત્મલક્ષ્મીની સાધનાનો અમર મંત્ર છે. એ મંત્રની સાધના જેટલી અધૂરી તેટલી આત્મ-લક્ષ્મી ઓછી મળવાની. સ્વામી! આત્મસિદ્ધિની સાધના કરીને સંસારના ઉદ્ધાર માટે આપે તપ, ત્યાગ અને સંયમનો માર્ગ સ્વીકારીને આ સંસારનો ત્યાગ કર્યો હતો. સ્વભાવે સ્ફટિકસમ આત્મા ઉપરનાં આવરણો આપને અળખામણાં લાગતાં હતાં. સંસારમાં ભમતાં જીવોનાં દુઃખ અને દારિદ્રય જોઈ આપનું હૃદય દ્રવતું હતું એનો ઉપાય આપે શોધ્યો હતો. જાણે દુનિયાનું આધ્યાત્મિક દારિદ્રય દૂર કરવાનો માર્ગ ઉપદેશ્યા પહેલાં દુનિયાના સાંસારિક દારિદ્રનો દાવાનળ શાંત કરવો ન હોય! એ રીતે આપે સ્વહસ્તે વાર્ષિક દાન આપીને આપની અઢળક સંપત્તિનો ઝરો વહાવી મૂક્યો હતો. પ્રભુ! ધન્ય હો એ પુણ્યવંત આત્માઓને! જેમને આપના હાથે દાન સ્વીકારવાનો સંયોગ મળ્યો. નાથ! આપ અનંત આત્મઋદ્ધિના ધણી છો. આપે અનેક જીવોનો ઉદ્ધાર કર્યો છે. આજે હું આપના શરણે આવ્યો છું. પ્રભુ! આપના પૂજનથી મારા મોહનાં બંધનો દૂર થજો. મારા મમતાનાં આવરણો નાશ પામજો, મારી સાંસારિક સંપત્તિની આશા

અને ઈચ્છા શાંત થજો, અને મારા હૃદયમાં આત્મઋદ્ધિની અભિલાષા જાગૃત થજો. સ્વામી ! આપે દુનિયાનું દારિદ્રય દૂર કર્યું છે, મારું આત્મિક દારિદ્રય દૂર કરવા માટે હું આપના કાંડાની ભાવભર્યા ચિત્તે પૂજા કરું છું. નાથ ! મને એ આત્મલક્ષ્મીનું દાન કરી મારો નિસ્તાર કરજો.

માન ગયું દોય અંસથી, દેખી વીર્ય અનંત;
ભુજાબલે ભવજલ તર્યા, પૂજે ખંધ મહંત. ૪

હે અનંતશક્તિ પ્રભુ !

આ આત્મા સ્વભાવે અનંતશક્તિનો ધણી આપે ઉપદેશ્યો છે અનાદિ કાળથી લાગેલાં કર્મનાં આવરણોએ આત્માની એ અનંતશક્તિને ઢાંકી દીધી છે. અને કોઈ મહાવિકરાળ કેસરીના પંજામાં સપડાયેલ મૃગલાની જેમ અનાદિ કાળથી કર્મના પાશમાં પકડાએલો આ આત્મા સાવ રંક બની ગયો છે. પ્રભુ ! એ રંક બનેલ આત્માની સતામણીનો કશો પાર નથી રહ્યો. જાણે એનામાં કશીય શક્તિ ન હોય, એ જાણે સાવ હીનસત્ત્વ હોય એવી એની સ્થિતિ થઈ ગઈ છે. ક્રોધ માન, માયા, લોભ, રાગ, દ્વેષ વગેરે કષાયોના રાત દિવસ એ આત્માને ઉપદ્રવ કરી અધઃપાત આપનારા એવા પણ આદેશો સદાય માથે ચડાવ્યા જ કરે છે. સ્વામી ! કોઈ મહાવૈરીને પડકાર કરતા હો એમ આપે એ કર્મરાજને પડકાર આપ્યો. એ કર્મરાજના શાસનના જાણે ખંડખંડ ટુકડા કરી નાખવા ન હોય એ રીતે આત્મશક્તિને શોધવા

આપ સંસારનો ત્યાગ કરી ચાલી નીકળ્યા. મહામૂલાં રત્નોનો શોધક જેમ પૃથ્વીના પડો ભેદી નાખે, તેમ આત્મશક્તિની શોધમાં આપે તપ અને સંયમથી કર્મનાં પડો ભેદવા શરુ કર્યા. દેવ! આપની આ અનંત આત્મશક્તિની શોધને કષાયો ન અટકાવી શકયા, વિષયો એ શોધની આડે ન આવી શકયા, મોહ માયા અને મમતાનાં બંધનો એ શોધને ન રોકી શકયા. કોઇ દિગ્વિજય કરતા ચક્રવર્તીના અશ્વની જેમ આપના આત્મશક્તિની શોધના અશ્વને કોઈ ન રોકી શકયું. જે જે કષાયો, જે જે વિષયો, જે જે મોહમાયા અને મમતાભરી વાસનાઓ વચમાં આવી તે સૌ ચુરા ચુરા થઇ ગયાં. પ્રભુ! જાણે કર્મરાજાના કિલ્લાનો નાશ કરતા હો તેમ અનંત વીર્યની ઉપાસનામાં આપે આ શરીર ઉપર ઉગ્ર તપસ્યાના ઘા કર્યા અને પ્રભુ! જાણે આપની અદશ્ય આત્મ ઉપાસનાથી ત્રાસી ઉઠયો હોય તેમ છેવટે એ કર્મ-રાજનો પરાજય થયો, એના અભેદ્ય બંધનો રેતીના મહેલની જેમ શીર્ણ વિશીર્ણ થઇ ગયાં, આત્મા ઉપરનું એનું આધિ-પત્ય લુપ્ત થઇ ગયું અને આત્માની અનંત શક્તિનો જય જયકાર થયો, પ્રભુ! આપ અનંત શક્તિના ધણી થયા. આપે સંસારને સમજાવ્યું કે આત્મબળ આગળ કર્મબળ રાંક બની જાય છે. પ્રભુ! કોઈ મહા તરવૈયો પોતાની ભુજાઓના બળથી મહાસમુદ્રને જેમ તરી જાય, તેમ આપ આત્માની અનંત શક્તિરૂપ ભુજાઓથી આ સંસારસમુદ્ર તરી ગયા દેવ! આપ અનંત શક્તિના ધણી છો, મારી એ અનંત આત્મશક્તિઓ સજીવન થાય, મારા કર્મબંધનો

નાશ થાય, અપૂર્વ વીર્ય ઉલ્લાસના આનંદનો મારા આત્મામાં સંચાર થાય અને હું આ ભયંકર સંસારસમુદ્રને તરવા શક્તિવાળી બનું એ માટે પ્રભુ! અનંત બળવાળી એવી આપની ભુજાઓની હું ભાવપૂર્વક પૂજા કરું છું. નાથ! આપે અનેક નિર્બળોમાં બળનો સંચાર કર્યો છે, પ્રભુ! આપ જેવા મહાવીર્યમાનની પૂજાથી મુજ નિર્બળમાં એ આત્મશક્તિનો સંચાર થજો.

સિદ્ધશિલા ગુણ ઊજળી, લોકાંતે ભગવંત;
વસીયા તેણે કારણ પ્રભુ, શિરશિખા પૂજંત. ૫

હે ત્રણ લોકના નાથ!

કર્મને આધીન થઇ અનાદિકાળથી ભમ્યા કરતો આ જીવ દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકીના ભવોમાં ઊંચ નીચ દશાને પામ્યા જ કરે છે. કદીક સ્વર્ગલોકનાં અપાર વૈભવ વિલાસ અને આનંદો એણે માણ્યા છે, તો કદીક નરક-ગતિમાં અસહ્ય અનંત વેદનાઓ વચ્ચે એને આથડવું પડ્યું છે. કદીક મનુષ્યલોકમાં કોઇ રાજા મહારાજાનો વેશ ધારણ કરીને સત્તાની મદિરાનું પાન કરીને એ મદમત્ત બન્યો છે, તો કદીક દીન, હીન અને દુઃખી બની રાંકડું જીવન જીવ્યો છે. વળી કદીક પશુજીવનની નાની મોટી અનેક આફતો એના માથે આવી પડી છે. આમ આ જીવ ચારે ગતિમાં જુદા જુદા વેશ ધારણ કરીને સ્વર્ગ, મૃત્યુ અને પાતાળરૂપ ત્રણ લોકની રંગભૂમિ ઉપર સદાય નાચ્યા જ કરે છે. કોઇ

સ્થળે એને શાન્તિ વળતી નથી, કોઈ જગ્યાએ એને સ્થિરતા મળતી નથી અને કોઈ સ્થાને એને આત્મભાવ લાધતો નથી, કે જ્યાં એ સુખપૂર્વક પોતાનું સ્થળ માની વસી શકે. મહાસાગરના ભયંકર ઝંઝાવાતમાં સપડાયેલ જહાજની જેમ આ જીવ હંમેશાં ચારેકોર અથડાયા જ કરે છે. પ્રભુ! દુનિયાની આ સદાય અસ્થિર સ્થિતિથી આપ ત્રાસી ઉઠયા. જ્યાં આત્મા સદાકાળ આનંદમગ્ન થઇને રહી શકે, જ્યાં આત્માને નિજાનંદમાંથી હાંકી કાઢનાર કોઇ ન હોય, જ્યાં આત્મભાવ સિવાય બીજી કોઇ વસ્તુ સ્પર્શી શકે નહિ, એવા સ્થળની શોધ કરવી આપને જરૂરી લાગી; એવું સ્થળ મળે તો જ આત્માને શાંતિ વળે. એ આપે જોયું અને એ સ્થળની શોધ માટે આપ સંસારનો ત્યાગ કરીને ચાલ્યા નીકળ્યા. પ્રભુ! એ શોધ માટે ચાલ્યા નીકળતાં આપનું એકએક પગલે પગલું જાણે દૃઢ નિશ્ચયની ગર્જના મારતું હતું, પ્રભુ! એ શોધ કરવામાં સ્વર્ગની અપ્સરાઓ, સ્વર્ગના અપાર વૈભવ વિલાસ અને સ્વર્ગની સુંવાળી સુખ સામગ્રીઓ આપને ન લલચાવી શકી, આપનો નિશ્ચય અફર હતો અને દેવ! આપે આપનો એ નિશ્ચય પાર પાડયો, તપ, ત્યાગ અને સંયમની એરણ ઉપર આત્માનો ઘાટ ઘડીને આપે એ ચારે ગતિના તાપને શાંત કરે એવી પંચમ ગતિની શોધ પૂરી કરી. એ શોધે ત્રણે લોકમાં અથડાતા આત્માની અસ્થિરતાનો અંત આણ્યો, નાથ! *આપની પંચમ ગતિની-મોક્ષની શોધે આત્માને સ્થિરતા* મેળવી આપી, સ્વામી! એ પરમપદ પામીને આત્મા

સ્વભાવને મેળવીને સદા આનંદમગ્ન રહેવા લાગ્યો. પ્રભુ! ચારે ગતિ અને લોકથી ચઢીયાતા પરમપદની શોધ કરીને સમગ્ર લોકના અગ્રભાગ ઉપર આપ આત્મભાવમાં લીન થઈને બિરાજમાન થયા છો. આપ સૌથી શ્રેષ્ઠ સ્થાનને પામ્યા છો, તેથી હું આપના શરીરમાં સૌથી ઉંચી એવી આપની શિરશિખાની ભાવથી પૂજા કરું છું, આપના પગલે અસંખ્ય આત્મા પરમપદને પામ્યા છે. પ્રભુ! મને પણ એ પરમપથનો માર્ગ મળજો.

તીર્થંકરપદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત;
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત. ૬

હે દેવાધિદેવ!

ગ્રીષ્મના મધ્યાન્હ સમયના તાપથી સંતપ્ત થયેલ પ્રાણી જેમ કોઇ તરુવરની શીતળ છાયા શોધે છે, તેમ સંસારના ત્રિવિધ તાપથી દુઃખી થયેલ પ્રાણી પોતાના ઈષ્ટ દેવનું શરણ શોધે છે અને શરણું મળતાં પરમ શાતા પામે છે. પ્રભુ! દીન, દુઃખી અને સંસારમાં રઝળતા પ્રાણીઓના શરણરૂપ આવા ઈષ્ટ દેવોમાં આપ શિરોમણિરૂપ છો. પ્રભુ! પૂર્વે આરાધેલ રત્નત્રયના બળે તીર્થંકર પદવીની સમૃદ્ધિ આપે મેળવી છે. એ સમૃદ્ધિએ દેવતાઓ, દેવેન્દ્રો, નરેન્દ્રો અને યોગીંદ્રોને ભક્તિઘેલા બનાવ્યા છે, એ સમૃદ્ધિએ તિર્યંચ એવા પશુ-પંખીઓને પ્રેરણાઓ આપી છે, એ સમૃદ્ધિએ અનેક પાપીઓનો ઉદ્ધાર કર્યો છે. એ સમૃદ્ધિએ

આપને ત્રણ લોકના સ્વામી બનાવ્યા છે. પ્રભુ ! આપની એ તીર્થંકરપણાની અમર સમૃદ્ધિને હું ભાવપૂર્વક નમન કરું છું. નાથ ! દેવેન્દ્રો અને નરેન્દ્રોની ભક્તિ, આઠ મહાપ્રાતિહાર્યોની શોભા કે સમવસરણ આદિની રચના–એ બાહ્ય દેખાતી સામગ્રીના લીધે જ આપ સર્વ ઈષ્ટ દેવોમાં શ્રેષ્ઠ છો એમ નથી. એવી બાહ્ય સમૃદ્ધિ તો કોઇ કોઇ ઇન્દ્રજાળીઆ પાસે પણ હોઇ શકે છે. પણ પ્રભુ ! જેના લીધે આપ દેવાધિદેવ બન્યા, જેના લીધે આપની તીર્થંકરપણાની સમૃદ્ધિ ત્રણે ભુવનથી ચઢી ગઈ, તે છે આપની અપૂર્વ આત્મસિદ્ધિ આપની અમર દેશના. પ્રભુ ! આપે જોયું કે આ સંસાર સદા દુઃખમય છે. એમાં પડેલ આત્મા સુખ–દુઃખનાં આંદોલનોમાં સદાકાળ અથડાયા જ કરે છે. એ સંસારથી છુટા થવાનો ઉપાય ન શોધવામાં આવે ત્યાં સુધી આત્માને અમર શાન્તિ લાધવાની નથી અને તેથી પ્રભુ ! આપે આત્મસાધનાની શોધ કરી. એ શોધથી આપે આપના આત્માને સ્ફટિક જેવો નિર્મળ બનાવ્યો, અને આપના અનંત જ્ઞાનના બળે સંસારના દુઃખદાવાનળને શાંત કરવા માટે ઉપદેશની ગંગા વહેતી મૂકી. એ પુનીત ગંગાના કિનારે આવેલો આત્મા કદી તરસ્યો પાછો ફર્યો નથી. પ્રભુ ! આપે જોયું કે સંસાર આખો 'મત્સ્યગલાગલ' ન્યાયે દુઃખી થઈ રહ્યો છે. મોટું માછલું નાના માછલાને ગળી જાય, તેમ બળવાન જીવ નિર્બળ જીવને સતાવી રહ્યો છે. અને આપે ઉત્કૃષ્ટ અહિંસાનો મહામૂલો મંત્ર સંસારને સમજાવ્યો. નાના મોટા સૌ જીવને જીવવાનો સમાન અધિ

કાર છે, કોઈ જીવને મારવો કે સતાવવો એ પાપ છે. એ પાપથી આ આત્મા મલિન થાય છે. બળવાન જીવે નિર્બળના ભક્ષણના બદલે તેનું રક્ષણ કરવું જોઇએ. અહિંસા પરાયણ આત્મા જ આત્મસાધનાનો અમરપંથ પામી શકે. પ્રભુ! આપની એ ઉત્કૃષ્ટ અહિંસાએ અનેક આત્માઓનો ઉદ્ધાર કર્યો છે નાથ! આપની એ પરમ અહિંસાએ આપને સર્વ ઈષ્ટ દેવોમાં શ્રેષ્ઠ બનાવ્યા છે. પ્રભુ! આપની એ પરમ અહિંસાને મારી ક્રોડક્રોડ વંદના હોજો. સ્વામી આપે જોયું કે એકાંતવાદની પક્કડમાં સપડાયેલા સંસારના પંડિતો, તત્ત્વજ્ઞાનીઓ અને આત્માના પ્રેમીઓ સુદ્ધાં સૌ પોતાનું એ જ સાચું માની બીજાનું ખંડન કરીને વિતંડાવાદના ઊંડા ખાડામાં પડી રહ્યા છે, કોઈ કોઇની વાત સાંભળવા તૈયાર નથી, કોઇનો મત સમજવા તૈયાર નથી. પ્રભુ! આવે સમયે આપે સ્યાદ્વાદ–અનેકાંતવાદનો મહામૂલો, મંત્ર ઉપદેશ્યો. પ્રભુ! આપના એ સ્યાદ્વાદે જગત્ને એક જ વસ્તુને અનેક દ્રષ્ટિબિન્દુથી જોતાં શીખવ્યું. જાણે કોઇને લેશ પણ દુભાવવાનો પ્રસંગ ન આવે એમ આપના સ્યાદ્વાદના ઉપદેશે સંસારને અહિંસાની પરાકાષ્ટાનો માર્ગ બતાવ્યો અને આપની નયવાદ અને સપ્તભંગીની પ્રરૂપણાએ આપના એ સ્યાદ્વાદના ઉપદેશ ઉપર કલગી ચઢાવી. પ્રભુ! પરમ અહિંસા, સ્યાદ્વાદ અને નયવાદના આપના ઉપદેશે જાણે સંસારને પરમ શાંતિનો માર્ગ પ્રરૂપ્યો. પ્રભુ! આપની આત્મસાધના પરમોત્કૃષ્ટ છે તેથી આપ સૌ ઈષ્ટદેવોમાં શ્રેષ્ઠ છો. સ્વામી! સંસારના સર્વ ઉપદેશોમાં આપનો ઉપદેશ પરમસત્યમય છે તેથી

આપ સૌથી મહાન્ છો. દેવ ! સંસારમાં સર્વ દેવોમાં આપનું તીર્થંકરપણું તિલક સમાન છે. તેથી હું આપના ભાલ ઉપર ભાવપૂર્વક તિલક કરૂં છું.

સોળ પ્રહર દઇ દેશના, કંઠ વિવર વરતુલ;
મધુર ધ્વનિ સુરનર સુણે, તિણે ગળે તિલક અમૂલ. ૭

હે દયાનિધિ ભગવન્ !

કોઈ ગારૂડીનો મનોહર મોરલીનાદ ભયંકર વિષધરને પણ શાંત કરી તેને ડોલાવે છે તેમ હે પ્રભુ ! સમવસરણમાં બિરાજેલ આપના કંઠમાંથી નીકળતો, માલકોશ રાગભર્યો, યોજનગામી મધુર ઉપદેશ ધ્વનિ ભલભલા પાપી આત્માઓને શાંત કરી દે છે. પ્રભુ આપના કંઠમાંથી નીકળતી એ કરુણાભરી દેશનાએ સંસારનાં દુઃખોથી સંતપ્ત પ્રાણીઓ ઉપર અમીનાં છાંટણાં છાંટયા છે. નાથ ! એ દેશનાના તાંતણે રોહિણેય સમા અનેક અધમ આત્માઓનો નિસ્તાર થયો છે, પ્રભુ ! આપના કંઠમાંથી નીકળતા એ દેશના ધ્વનિને હું ભાવપૂર્વક વંદન કરૂં છું. પ્રભુ ! આપે સમવસરણમાં બિરાજી આપેલ દેશનાના એ ધ્વનિનો મહિમા હું શું વર્ણવી શકું ? એ ધ્વનિએ માનવોને જ નહીં દેવતાઓને પણ મુગ્ધ કર્યા છે. સદા આનંદ વિલાસ અને વૈભવમાં મગ્ન રહેતા દેવતાઓ પણ આપના કંઠમાંથી નીકળતા એ દેશના અમૃતનું પાન કરવા માટે પોતાના વિલાસોને વેગળા મૂકે છે અને આપના ચરણ પાસે આવીને બેસે છે

અને એટલું જ શા....માટે ? મૂઢ અને જડ ગણાતા પશુ પંખીઓ પણ જાણે પોતાના પશુભાવને ભૂલીને આત્મભાવને પિછાનવા મથતા હોય તેમ આપના સમવસરણમાં આવી બેસે છે. પ્રભુ ! આપની દેશનાના ધ્વનિનો આવો પ્રભાવ એ સંસારને માટે કરૂણારસભર્યા આપના હૃદયના પ્રતિબિંબ સમો છે. એ ધ્વનિમાં મનુષ્ય, દેવ અને પશુ સૌ જાણે પોતાના આત્મજનની મધુરી વાણી સાંભળતા હોય તેમ આપના ચરણ આગળ આવી સમતારસમાં ઝીલતા બેસે છે. પ્રભુ ! આપની એ મહામહિમાભરી વાણીને હું વંદન કરૂં છું. દેવ ! પડતા કાળના પ્રભાવે આપના કંઠમાંથી સાક્ષાત્ નીકળતો એ મધુર ધ્વનિ સાંભળવા અમારા નસીબમાં નથી, આજે આપની એ પવિત્ર દેશના અમ ભારતવાસીઓને અલભ્ય છે. છતાં પ્રભુ ! અમારો ધર્મમાર્ગ સર્વથા પ્રકાશહીન નથી થયો. આપના કંઠમાંથી નીકળેલા એ દેશનાના ધ્વનિને શ્રી ગણધર ભગવંતોએ ગ્રંથરૂપે ગુંથીને અમર બનાવ્યો છે. આપની દેશનાના સારભર્યા અને ગણધર ભગવંતોએ ગૂંથેલા એ આગમ ગ્રંથો અમ પંચમકાળમાં વસતા માનવીઓનું મહામૂલું ધન છે. પ્રભુ ! આપ જેવા જિનવર દેવના અભાવમાં જિનવરદેવે ઉપદેશેલી વાણી સંસારને સાધનાનો માર્ગ બતાવે છે. આપની દેશનાથી ભરેલા એ આગમોની આરાધનાએ અનેક આત્માઓના આત્મદર્શનના માર્ગને ઉજાગર બનાવ્યો છે. પ્રભુ ! સંસારના સમસ્ત પ્રાણીઓના કલ્યાણ માટે કરુણાભર્યા ઉપદેશનો ધોધ વહેતો મુકનાર આપના એ કંઠની હું ભાવભર્યા હૃદયે પૂજા કરૂં છું. નાથ ! આપના

કંઠની પૂજાથી મને આગમજ્ઞાનનો પ્રકાશ સાંપડ્યો.

હૃદયકમળ ઉપશમ બળે, બાળ્યા રાગ ને રોષ;
હિમ દહે વનખંડને, હૃદય તિલક સંતોષ. ૮

હે પરમાત્મન્ !

સંસારમાં અનાદિકાળથી આત્માને દુઃખ આપતાં કર્મોનો નાશ કરીને આત્માના અનંત સુખની શોધ કરવાનો આપે નિર્ણય કર્યો અને આપ, કોઈ નાગરાજ કાંચળીનો ત્યાગ કરે તેમ સંસારનો ત્યાગ કરી ચાલી નીકળ્યા. પ્રભુ આપના એ નિશ્ચયને સંસારના મોહક પાશો ન અટકાવી શકયા કે આત્મસાધનામાં આવી પડતી અપાર આપત્તિઓ એને ન ડગાવી શકી. પ્રભુ ! આપે હૃદયબળે સ્વીકારેલો આપનો એ નિશ્ચય મેરૂસમ અડગ હતો અને એ નિશ્ચયની આધારભૂમિ સમું આપનું હૃદય વજ્રસમ કઠિન હતું. એ હૃદયબળને ભેદવું અશકય હતું. પ્રભુ ! આપની આત્મસાધનાના આધાર સમા આપના એ હૃદયબળને મારા કોટિ કોટિ વંદન હો. નાથ ! મલિન પાણીથી મળનો નાશ થયો કદી સાંભળ્યો નથી. આત્મા ઉપરના કર્મમળનો નાશ કરી સમસ્ત સંસારને આત્મશુદ્ધિનો માર્ગ ઉપદેશવા આપે સંયમ ધારણ કર્યું હતું. પ્રભુ ! એ આત્મશુદ્ધિ માટે આપે આપના હૃદયને સ્ફટિક સમું નિર્મળ બનાવ્યું, અને એ સ્ફટિક સમ નિર્મળ હૃદયનાં આંદોલનોએ આપનો વિશ્વબન્ધુપણાનો નાદ સમસ્ત સંસારને સંભળાવ્યો. નાથ ! આપના એ પવિત્ર કરુણાભર્યા

હૃદયમાં દીન, દુઃખી અને સંસારના ત્રિવિધ તાપથી સંતપ્ત પ્રાણીઓને પરમ શાંતિનું દર્શન થયું. પ્રભુ! સ્ફટિક સમ નિર્મળ એવા આપના હૃદયને હું ભાવપૂર્વક નમન કરૂં છું. પ્રભુ! આત્મસાધનામાં વજ્રસમ આપનું એ હૃદય સંસારના દુઃખી જીવો પ્રત્યે સદાય દ્રવતું હતું. કમળની કોમળ પાંખડી જેમ જરાપણ તાપ લાગતાં કરમાઇ જાય તેમ દીન દુઃખી જીવને જોઈને આપનું હૃદય કરુણાથી ઉભરાઈ જતું. આપના કરુણાના જળે અનેક જીવોના દુઃખદાવાગ્નિને શાંત કર્યો છે. પ્રભુ! કમળથી પણ કોમળ એવા આપના એ હૃદયને હું સદા પૂજું છું. અને પ્રભુ! આપના એ નિર્મળ હૃદયમાં વહેતી શાન્તિસરિતાનું તો કહેવું જ શું? હિમ ઠંડો ઠંડો પણ જેમ વનરાજીને બાળીને ખાખ કરી નાખે છે તેમ પરમશાન્તરસભર્યા આપના અંતઃકરણે ચંડકૌશિક સમા ક્રોધથી ધમધમતા અનેક આત્માઓને શાંત બનાવી દીધા છે. પ્રભુ! પરમ શાંતરસભર્યા આપના એ હૃદયને મારા વંદન હજો. નાથ! વજ્રથીય કઠોર, કમળથી પણ કોમળ, સ્ફટિકથી પણ વધુ નિર્મળ અને પરમશાંત-રસભર્યા આપના હૃદયનું હું ભાવપૂર્વક પૂજન કરૂં છું. સ્વામી! આપના હૃદયના પૂજનથી મારા હૃદયના ગુણોનો વિકાસ થજો, આત્મસાધના માટે મને વજ્રસમ હૃદયબળ પ્રાપ્ત થજો, બધા જીવો પ્રત્યે સમભાવભરી કરૂણા મળજો, સ્ફટિક જેવી નિર્મળતા મળજો અને અપાર શાન્તિનો લાભ થજો.

રત્નત્રયી ગુણ ઉજળી, સકળ સુગુણ વિશ્રામ;
નાભિકમલની પૂજના, કરતાં અવિચળ ધામ. ૯

હે મંગલમય પરમાત્મન્ !

અનાદિ કાળથી આત્મભાન ભૂલેલો આ આત્મા પુદ્ગલનો સંગી બની પરભાવમાં રાચ્યા કરે છે. એણે પોતાનું સ્વરૂપ વિસારી મૂકયું છે. અજ્ઞાનનાં આવરણોએ એના જ્ઞાનભાનુને ઢાંકી દીધો છે, સંશય અને સંદેહની કાલિમાએ એના શ્રદ્ધાગુણને આવરી લીધો છે અને સંસારમાં નિરંતર ભોગવવાં પડતાં સુખદુઃખનાં ઘેરાં વાદળાંએ એના નિજાનંદનું તેજ હણી દીધું છે. પ્રભુ ! આ બધી અનાદિકાળથી વળગેલાં કર્મની રચના છે. એ જડ કર્મને વશ બનેલો આ આત્મા પોતાના ચેતનભાવને વિસરીને ગર્ભાવાસ, જન્મ અને મરણની કારમી વેદનાઓ સદાકાળ સહ્યા કરે છે. પ્રભુ ! જેમ મદઘેલો ગજરાજ મલિન કાદવમાં આળોટે છે, તેમ આ ભાનભૂલ્યો આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ ભૂલીને કર્મના કાદવમાં સદાકાળ રાચ્યા કરે છે. પરમાત્મન્ ! એ મલીન કર્મકીચડમાંથી મારા આત્માનો નિસ્તાર કરો. સ્વામી ! કરુણાના સાગર એવા આપે જગતને કલ્યાણનો માર્ગ ઉપદેશ્યો છે. આત્મઋદ્ધિથી વિમુખ બનેલા સંસારને આપે અનંત આત્મલક્ષ્મીનું દર્શન કરાવ્યું છે. એ આત્મલક્ષ્મીએ અનેક આત્માઓને સમૃદ્ધ બનાવી તેમનો ઉદ્ધાર કર્યો છે. નાથ ! મારા કર્મદારિદ્રયનો નાશ કરીને મને એ આત્મ-

લક્ષ્મીનું દાન કરો. નાથ ! આપે શોધેલી એ આત્મલક્ષ્મીનું મૂલ્ય હું શું કરી શકું ? પ્રભુ ! દેવતાઓએ સાગરમંથન કરી રત્નો મેળવ્યાં, તેમ આપે આત્મમંથન કરી આત્મ-સમૃદ્ધિના મહાખજાના સમા ત્રણ મહારત્નોની શોધ કરી. અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત ચારિત્ર એ આત્માની અખૂટ સંપત્તિ છે. એ સંપત્તિને વરેલ આત્મા સંસારની સમગ્ર ઉપાધિઓને તરી જાય છે. પ્રભુ ! સ્વભાવે આ આત્મા અનંત જ્ઞાનનો ધણી છે, અનંત દર્શનનો માલિક છે અને અનંત આનંદનો ભોક્તા છે. પણ પ્રભુ ! મોહમાયાને વશ પડેલ આત્મા, મંત્રવશ બનેલ માનવી જેમ પોતાનું ભાન ભૂલી જાય તેમ પોતાની અમૂલ્ય આત્મ-સંપત્તિને ભૂલી બેઠો હતો. નાથ ! આપે એને જાગૃત કર્યો. પ્રભુ ! આપે શોધેલ એ અમૂલ્ય રત્નત્રયીનો કેવો પ્રભાવ છે ! આંખ આગળનો પાટો દૂર થાય અને માનવી જેમ પોતાની આસપાસના પદાર્થો દેખી શકે તેમ અજ્ઞાનનાં આવરણો દૂર થતાં અનંત જ્ઞાનના બળે આત્મા સંસારના સમસ્ત ભાવોને હસ્તામલકવત્ નિહાળવા લાગે, અનંતદર્શન પ્રગટ થાય કે આત્માના સમસ્ત સંશયો કે સંદેહો દૂર થઈ જાય અને આત્મા સત્ય શ્રદ્ધાની નિર્મળ સરિતામાં સ્નાન કરવા લાગે. કોઈ મહારોગીનો રોગ દૂર થાય અને તેને જેમ શાતા વળે તેમ અનંત ચારિત્ર્યનો ઉદય થાય અને આત્માનો કર્મવ્યાધિ સર્વથા નાશ પામીને આત્માને અનંત આનંદનો સાક્ષાત્કાર થવા લાગે. નાથ ! આ રત્નત્રયીની સાધના એટલે આત્માના સત્ ચિત્ અને આનંદનો સાક્ષાત્કાર. નાથ ! મહામંત્રવાદીના

એકાદ મંત્રાક્ષરમાં પણ જેમ અપાર શક્તિ ભરી હોય છે તેમ આપે પ્રરૂપેલી આ જ્ઞાન, દર્શન અને ચારિત્રની રત્નત્રયીમાં કર્મનો નાશ કરીને આત્માને શુદ્ધ બનાવવાની અનંત શક્તિ ભરી છે. પારસમણિના સ્પર્શે લોઢું પણ જેમ સુવર્ણ બની જાય છે, તેમ આ રત્નત્રયીના સ્પર્શે આત્માનાં કર્મરૂપી આવરણો દૂર થઈને આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રકાશવા લાગે છે. પ્રભુ! કોઇ ગાગરમાં સાગર સમાવી દે તેમ આ જ્ઞાન, દર્શન, ચારિત્રની રત્નત્રયીમાં આપે અનંત આત્મસમૃદ્ધિને ભરી દીધી છે. પ્રભુ! એ આત્મસમૃદ્ધિનો લાભ મારા આત્માને મળજો. સ્વામી! આ દેહનું મૂળ નાભિ છે, તેમ ધર્મનું મૂળ આ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયી છે. એ રત્નત્રયીમૂલક ધર્મ જ આત્માનો નિસ્તાર કરી શકે છે. પ્રભુ! ધર્મના મૂલસમી એ રત્નત્રયીનો લાભ મેળવવા માટે હું આપની નાભિની ભક્તિભર્યા ચિત્તે પૂજા કરું છું. પ્રભુ! આપની પૂજાથી મારા અજ્ઞાનનો નાશ થજો, મારાં દુઃખો નાશ પામજો અને મને અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનાનો માર્ગ સાંપડજો.

ઉપદેશક નવ તત્ત્વના, તિણે નવ અંગ જિણંદ;
પૂજો બહુવિધ ભાવશું, કહે શુભ વીર મુણીંદ. ૧૦

હે તરણતારણ દેવ!

ધન્ય છે તે પુણ્યાત્માઓને કે જેમણે સમવસરણમાં બેસી આપના મુખેથી દેશના સાંભળી છે અને આપનું

પવિત્ર દર્શન કર્યું છે. ધન્ય છે તે ભૂમિને કે જ્યાં આપના ચરણોએ પગલાં પાડયાં છે. પ્રભુ ! આપની વાણીએ અને આપના દર્શને અનેક આત્માઓને આત્મમાર્ગનું દર્શન કરાવી અમરપંથે વાળ્યા છે. નાથ ! પંચમકાળના પ્રભાવે એ સમવસરણની રચના, એ યોજનગામિની આપની દેશના અને પતિતોને પાવન કરતી આપની એ દેહજ્યોતિ આજે અલભ્ય છે. છતાં પ્રભુ ! આપનું સ્મરણ કરાવી આત્મમાર્ગે પ્રેરતી આપની પ્રતિમા આ સંસારસમુદ્રને તરવામાં મહાયાનતુલ્ય છે. આપની આત્મસિદ્ધિના અમર મહિમાને યાદ રાખવા અને આત્મભાવનાની જ્યોતિને સજીવન રાખવા દેવતાઓ પણ પોતાના દેવવિમાનોનાં આપની પ્રતિમાને પૂજે છે. પ્રભુ ! આપની પ્રતિમાના પવિત્ર દર્શનથી આત્મભાવ પ્રત્યક્ષ કરીને આર્દ્રકુમાર સમા અનેક આત્માઓ ધર્મમાર્ગને પામ્યા છે. નાથ ! આપની પ્રતિમાના પૂજનથી મારી ધર્મભાવના જાગૃત થજો. પ્રભુ ! અનંતજ્ઞાનમય કેવળ જ્ઞાનના પ્રભાવથી સમસ્ત સંસારનો સાક્ષાત્કાર કરીને આપે નવતત્ત્વની પ્રરૂપણા કરી. એ નવતત્ત્વમાં સંસારના સમસ્ત સચરાચર પદાર્થોનો સમાવેશ થાય છે. પ્રભુ ! આપની પવિત્ર પ્રતિમાના નવ અંગોના પૂજનથી મને એ નવ તત્ત્વોનું જ્ઞાન મળજો. સ્વામિ ! અગ્નિમાં તપાવેલ સુવર્ણ જેમ શુદ્ધ સ્વરૂપે પ્રકાશી ઉઠે છે તેમ તપસ્યાની અગ્નિમાં તપાવેલ આ આત્માનો કર્મમળ બળીને ભસ્મ થઇ જાય છે અને આત્માનું શુદ્ધ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય પ્રકાશી ઉઠે છે. પ્રભુ ! આત્મા

ઉપરના કર્મમળને બાળવા માટે આપે નવ પદના મહાતપની પ્રરૂપણા કરી છે. એ એક એક પદના આરાધનથી આત્મા ઉપરનાં કર્મબંધનો વધુ ને વધુ શિથિલ થતાં જાય છે. પ્રભુ! આપની પ્રતિમાની નવ અંગની પૂજાથી મને એ નવપદ મહાતપની પ્રાપ્તિ થજો. પ્રભુ! જડકર્મથી આવી મળેલ આ કાયાનાં અંગોનું જતન કરવા મોહવશ બની મેં અનેક પાપાચરણો સેવી મારા આત્માને ભારે બનાવ્યો છે, નાથ! આપના અંગોના પૂજનથી મારા અંગો ઉપરનો મોહ નાશ પામજો અને મને આત્મભાવનો લાભ થજો.

દેવાધિદેવ! શાંતરસમાં ઝીલતી આપની પ્રતિમા મારા અંતરતાપને શમાવીને મારામાં શાન્તિનો સંચાર કરજો. પ્રભુ કોઇ મહામંત્રની જેમ આપના નામસ્મરણરૂપી મંત્ર પાપીઓના પાપનો નાશ કરે છે. નાથ! કોઇ મહાદાનીની જેમ આપની પ્રતિમાનું દર્શન પ્રાણીઓને પુણ્યસમૃદ્ધિનું દાન કરે છે. દેવ! કોઇ પારસમણિની જેમ આપની પ્રતિમાનું પવિત્ર સ્પર્શન-આપની પ્રતિમાનું પૂજન આત્મભાવને જાગૃત કરીને પ્રાણીઓના આત્માને નિર્મળ બનાવે છે પ્રભુ! આપનું નામસ્મરણ મારા પાપોને દૂર કરજો, આપનું દર્શન મારી પુણ્યસમૃદ્ધિને જાગૃત કરજો અને દેવ! આપનું પવિત્ર પૂજન મારા સમસ્ત કર્મોને દૂર કરી મારા આત્માનો નિસ્તાર કરજો. નાથ! આ લાભ મેળવવા માટે હું આપનાં નવે અંગનું ભાવપૂર્વક પૂજન કરું છું.

સ્વામી! પંચમકાળમાં આપની દેશનાથી ભરેલ આગમ અને આપનું સ્મરણ કરાવતી આપની પ્રતિમા સદા અમારું શરણ હજો.

પૂજન વખતે ભાવવાની જુદી જુદી ત્રણ અવસ્થાઓ.

પ્રભુની પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત એ ત્રણ અવસ્થાઓ ભાવવી, તેનો અર્થ એ છે કે પ્રભુનું છદ્મસ્થપણું, કેવલીપણું અને સિદ્ધપણું વિચારવું. સ્નપન અને અર્ચનવડે છદ્મસ્થ અવસ્થા ભાવવી; પરિકરમાં રચેલા પ્રાતિહાર્યો વડે કેવલી અવસ્થા ભાવવી તથા પર્યંકાસન અને કાયોત્સર્ગ આસનવડે શ્રી જિનેશ્વરોની અરૂપી સિદ્ધત્વ-અવસ્થા ભાવવી.

પિંડ—તીર્થંકરદેવનો તીર્થંકર પદવી પામ્યા પહેલાનો દેહ, તેમાં રહેલી અવસ્થા ત્રણ પ્રકારની છે ૧ જન્માવસ્થા, ૨ રાજ્યાવસ્થા ૩ અને શ્રમણાવસ્થા. એ ત્રણે અવસ્થામાં ભગવાન છદ્મસ્થ-અસર્વજ્ઞ હોય છે.

પદ—તીર્થંકર પદવી, તે પ્રભુ જ્યારે કેવલજ્ઞાન પામે છે ત્યારે જ પ્રગટ થાય છે. તેથી અહીં પદસ્થ અવસ્થા એટલે કેવળજ્ઞાનથી આરંભીને નિર્વાણસમયપર્યંતનું કેવલીપણું.

રૂપરહિત અવસ્થા—આ અવસ્થા પ્રભુ જ્યારે નિર્વાણ પામી સિદ્ધ થાય છે ત્યારે હોય છે. રૂપ એટલે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ, તેનાથી રહિતપણું—કેવળ આત્મસ્વભાવમાં અવસ્થાન.

જન્માવસ્થા—પ્રભુની પ્રતિમા જે પરિકરમાં સ્થાપેલી હોય છે, તે પરિકરમાં પ્રભુના મસ્તક ઉપર હાથી ઉપર બેઠેલા અને હાથમાં કળશો લઇને જાણે પ્રભુનો અભિષેક

કરતા હોય તેવા દેવોનો આકાર હોય છે, તે આકારોને ધ્યાનમાં લઈ જન્મ અવસ્થા ભાવવી. તથા સ્નાત્રાદિ-જળાભિષેક સમયે પણ જન્માવસ્થા ભાવવી.

રાજ્યાવસ્થા—એ જ પરિકરમાં માલાધારી-હાથમાં પુષ્પની માલા ધારણ કરેલા દેવો હોય છે, તેને ધ્યાનમાં લઈ રાજ્યાવસ્થા ભાવવી. પુષ્પમાલા તે રાજભૂષણ છે. ઉપલક્ષણથી બીજાં આભૂષણો પણ સમજવાં. પુષ્પપૂજા તથા અલંકાર પૂજા વખતે પણ રાજ્યઅવસ્થા ભાવવાની છે.

શ્રમણાવસ્થા—પ્રભુપ્રતિમાનું મસ્તક અને દાઢીમૂછનો ભાગ કેશરહિત હોય છે, તેને ધ્યાનમાં લઇને શ્રમણાવસ્થા ભાવવી. પ્રભુ જ્યારે દીક્ષા લે છે ત્યારે પંચમુષ્ટિ લોચ કરે છે, ત્યારબાદ ભવપર્યન્ત લોચ કરતી વખતે જેવા રહ્યા હોય તેવા જ અલ્પકેશાદિ અવસ્થિત રહે છે. પરંતુ વૃદ્ધિ પામતા નથી. એ અવસ્થિતપણું એ જ અહીં પ્રભુના શ્રમણપણાનું સૂચક છે.

કેવલીઅવસ્થા—એ જ પરિકર ઉપર કળશધારી દેવની બે બાજુએ કોરેલા પત્રનો આકાર હોય છે, તે **અશોકવૃક્ષ.** માલાધર દેવો વડે **પુષ્પવૃષ્ટિ,** વીણા અને વાંસળી વગાડતા દેવોના આકાર વડે **દિવ્યધ્વનિ,** મસ્તકના પાછળના ભાગમાં રહેલો તેજરાશિને સૂચવનારો કિરણવાળો કાંતિમાન આકાર તે **ભામણ્ડલ,** ત્રણ છત્રની ઉપર ભેરી વગાડતા દેવોનો આકાર તે **દુંદુભિ,** બે ચામર વીંજતા દેવનો આકાર તે **ચામર,** તથા **સિંહાસન** અને **છત્ર,** એમ આઠ પ્રાતિહાર્ય અવશ્ય સાથે રહેવાવાળા હોય છે,

તેને ધ્યાનમાં લઇને પ્રભુની કેવલી અવસ્થા-તીર્થંકરપદવીની અવસ્થા ભાવવી.

રૂપાતીત અવસ્થા—સઘળા તીર્થંકરો પર્યંકાસન તથા કાયોત્સર્ગાસન, એ બે આસનોએ રહીને મોક્ષે ગયા છે, તેથી પ્રભુની મૂર્ત્તિઓ પણ એ બે આસનોવાળીજ હોય છે, તેને ધ્યાનમાં લઈને પ્રભુની સિદ્ધત્વ અવસ્થા એટલે રૂપાતીત અવસ્થા ભાવવી.

જ્યોતિ સ્વરૂપી તું જિન દીઠો.

તારી મૂરતિનું નહિ મૂલ રે, લાગે મને પ્યારી રે.
તારી આંખડીએ મન મોહ્યું રે, જાઉં બલિહારી રે.
ત્રણ ભુવનનું તત્ત્વ લહીને, નિર્મલ તુંહી નિપાયો રે.
જગ સઘળો નિરખીને જોતાં,
તાહરી હોડે કો નહિ આયો રે લાગે૦ ૧
ત્રિભુવન તિલક સમોવડ તાહરી, સુંદર સુરતિ દીસે રે;
કોટી કંદર્પ સમ રૂપ નિહાળી, સુર નરનાં મન હીંસે રે. લા૦ ૨
જ્યોતિ સ્વરૂપી તૂં જિન દીઠો, તેહને ન ગમે બીજું કાંઇ રે;
જિહાં જઇએ ત્યાં પૂરણ સઘલે, દીસે તુંહીજ તુંહી રે. લાગે૦ ૩
તુજ મુખ જોવાને રઢ લાગી, તેહને ન ગમે ઘરનો ધંધો રે;
આળ પંપાળ સવિ અલગી મૂકી,
તુજશું માંડયો પ્રતિબંધો રે. લાગે૦ ૪
ભવસાગરમાં ભમતાં ભમતાં, પ્રભુ પાસનો પામ્યો આરો રે;
ઉદયરતન કહે બાંહ ગહીને, સેવક પાર ઉતારો રે. લાગે૦ ૫

અનુભવિયેાના અમૃતેાદ્ગારની પરંપરા

હે ભવ્ય પ્રાણીઓ ! જો તમારે મેાક્ષસુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા હેાય તેા તમે શ્રી તીર્થંકર ભગવંતની પ્રતિમાની ઉપાસના કરેા. જે પ્રતિમા મેાહરૂપી દાવાનલને શમાવવામાં મેઘની વૃષ્ટિરૂપ છે, સમતારૂપ પ્રવાહમાં ઝીલવા માટેની નદી છે, તે પ્રતિમા સત્પુરૂષેાને વાંછિત આપવામાં કલ્પલતા છે અને જે સંસારરૂપી ઉગ્ર અંધકારનેા નાશ કરવામાં સૂર્યની તીવ્ર પ્રભારૂપ છે.' (પ્રતિમાશતક શ્લેાક ૫)

'હે સર્વ દુઃખથી રહિત પ્રભુ ! હે સદા આનંદમય નાથ ! તમારી મૂર્તિને જોઇ જોઇને હું મારા હૃદયમાં વિશ્વાસ મેળવી, અવ્યય અવિનાશી એવા હર્ષને પ્રાપ્ત થયેલેા છું. હે મનુષ્યના હિતકારી પ્રભુ ! તે આપની પ્રતિમા અભયદાન સહિત ઉપાધિ વગર વધતા ગુણસ્થાનકને યેાગ્ય એવી દયાનું પેાષણ કરે છે.' (પ્રતિમાશતક શ્લેાક ૬)

" હે પ્રભુ ! તમારૂં બિંબ હૃદયમાં ધારણ કરવાથી બીજું કેાઈ રૂપ હૃદયમાં સ્ફુરાયમાન થતું નથી અને તમારા રૂપનું સ્મરણ થતાં પૃથ્વીમાં બીજા કેાઇ રૂપની પ્રસિદ્ધિ થતી નથી. તે માટે " તું તે હું " એવી અભેદ બુદ્ધિના ઉદયથી " યુષ્મદ્ અને અસ્મદ્ " પદનેા ઉલ્લેખ પણ થતેા નથી

અને કોઈક અગોચર પરમ ચૈતન્યમય જ્યોતિ અંતરમાં સ્ફુરાયમાન થાય છે." (પ્ર. શ. ૭)

" હે પ્રભુ ! પાપનો ક્ષય કરનારૂં, ઉત્તમ પદ સ્વરૂપ અને રૂપ રહિત એવું અપ્રતિપાતિ ધ્યાન જ્યાં સુધી પ્રગટ ન થાય, ત્યાં સુધી મારા હૃદયમાં તમારું રૂપ અનેક પ્રકારે જ્ઞેયાકારરૂપે પરિણામ પામો, જે આનંદઘનમાં ત્રિકાલ સંભવી અને સર્વ તરફથી થયેલું સુર અસુરનું સુખ અનંતમા ભાગે પણ ઘટતું નથી." (પ્રતિમાશતક શ્લોક ૯).

" હે જિનેન્દ્ર ! ઉત્તમ પુરુષોના વૃંદોએ નમસ્કાર કરેલ અને મુક્તિરૂપ લતાના કંદ સમાન એવી તમારી પ્રતિમા, કે જેને દેવતાઓએ મંદારવૃક્ષના પુષ્પસમૂહવડે પૂજેલી છે અને જે ઉગ્ર રોગને શોષણ કરનારા સ્નાત્રજલ રૂપ અમૃતના ઝરણથી સર્વ જગતની રક્ષા કરે છે, તે પ્રતિમાને અમે પરમ આનંદને (મોક્ષને) અર્થે વંદના કરીએ છીએ " (પ્રતિમાશતક શ્લોક ૧૧).

" જેમ ભ્રમર પ્રફુલ્લિત માલતીને છોડે નહિ, અને જેમ હાથી મનોહર રેવા નદીને છોડે નહિ, જેમ કોકિલ પક્ષી વસંતઋતુમાં સૌંદર્યવાળી આમ્રવૃક્ષની મંજરીને છોડે નહિ, અને જેમ સ્વર્ગપતિ ઈન્દ્ર ચંદનવૃક્ષોથી સુંદર એવી નંદનવનની ભૂમિને છોડે નહિ, તેમ હું શ્રી તીર્થંકર ભગવંતની પ્રતિમાને મારા હૃદયમાંથી ક્ષણવાર પણ છોડતો નથી." (પ્રતિમા શતક-૪)

" હે પ્રભુ ! અનિમેષ દૃષ્ટિ વડે નિરંતર દર્શન કરવા

યોગ્ય આપના રૂપને એકવાર જોયા પછી મનુષ્યની દૃષ્ટિ બીજે કોઇ સ્થળે સંતોષ પામતી નથી. ચંદ્રોના કિરણોના જેવા ઉજ્જ્વલ ક્ષીરસમુદ્રનું જલપાન કર્યા પછી લવણસમુદ્રનું ખારૂં પાણી પીવાની કોણ ઇચ્છા કરે ? અર્થાત કોઇ ન કરે.' (ભક્તામર શ્લોક ૧૧)

'ત્રણ ભુવનમાં અદ્વિતીય અલંકારરૂપ હે પ્રભુ! શાન્ત-રસની કાન્તિવાળા જે પરમાણુઓ વડે તમારૂં શરીર બન્યું છે, તે પરમાણુઓ પૃથ્વી પર તેટલા જ છે. કારણ કે આપની સમાન અન્ય કોઇમાં પણ એવી સુંદરતા નથી.' (ભક્તામર શ્લોક ૧૨)

'હે ત્રણ જગતના અધિપતિ ! હે પ્રભુ ! જેણે અન્ય કાર્યો દૂર કર્યાં છે અને ભક્તિવડે ઉલ્લાસ પામતા રોમાંચિત શરીરવાળા પ્રાણીઓ પૃથ્વીને વિષે તમારા ચરણયુગલને વિધિપૂર્વક ત્રણે કાળ પૂજે છે, તેઓ જ ધન્ય છે, તેમનો જ જન્મ સાર્થક છે.' (કલ્યાણમંદિર શ્લોક ૩૪)

'હે નાથ–ઘણા કાળથી સંચિત કરેલી તમારા ચરણ કમળની ભક્તિનું કાંઇ પણ ફળ હોય તો હે શરણ કરવા લાયક પ્રભુ ! માત્ર એક તમારા જ શરણવાળા એવા મારા આ ભવમાં અને બીજા ભવમાં પણ તમે જ સ્વામી થજો.' (કલ્યાણમંદિર શ્લોક ૪૨)

આ રીતે અનુભવી મહાપુરુષોના ઉદ્‌ગારોથી સ્પષ્ટ સમજી શકાય છે કે શ્રી જિનમૂર્તિના આલંબનથી જે રીતે આત્મવિકાસ સુલભ બને છે તે બીજી રીતે સુલભ નથી. મૂર્તિનું આલંબન આત્મવિકાસમાં ઘણું જ જરુરી છે.

"હે નાથ! આપનું સર્વોત્તમ રૂપ જોનારા જીવો જો હર્ષથી પરિપૂર્ણ થતા નથી તો જો તેઓ સર્વજ્ઞ ન હોય તો પછી સંજ્ઞી હોવા છતાં પણ ખરેખર અસંજ્ઞી છે!"

(શ્રી ધનપાલ વિરચિત ઋષભ પંચાશિકા)

"હે અર્હન્! આપ પરમ જ્યોતિવાળા છો, આત્મ-ઋદ્ધિના સ્વામી છો, મહાન આજ્ઞાવાળા છો, પરમૈશ્વર્યના ભોક્તા છો, મહાશાંત રસના નાયક છો, સિદ્ધના પર્યાયોની સંતતિ વાળા છો, કેવળજ્ઞાની છો અને આપની મૂર્તિ પરમ પાવન કરનારી છે એવા હે જિનેન્દ્ર! તમેજ મારી ગતિરૂપ થાઓ."

(શ્રી સિદ્ધસેન દીવાકર વિરચિત વર્ધમાન દ્વાત્રિંશિકા)



"હે જિનેન્દ્ર! જે પુરુષના અંતકરણમાં આપના ચરણકમલનું યુગલ હંમેશાં સ્ફૂરાયમાન થાય છે ત્યાં નક્કી ત્રણે જગતની લક્ષ્મી સહચારિણીની માફક આશ્રય કરવાને આવે છે."

"હે જિનેશ્વર! જેણે ભક્તિથી હંમેશા આપને નમસ્કાર કરેલો છે, સ્તવનો વડે સ્તુતિ કરી છે અને પુષ્પની માળાઓ વડે પૂજા કરી છે, તેના હાથમાં ચિંતામણિ રત્ન પ્રાપ્ત થયું છે અને તેના ઘરના આંગણામાં કલ્પવૃક્ષ ઉગ્યો છે."

(શ્રી કુમારપાલ વિરચિત સાધારણ જિન સ્તવન)



ॐ नमोऽर्हद्भ्य इशेभ्यः ।

શ્રી અરિહંત પરમાત્માની ઉત્તમોત્તમતા—

છ પ્રકારના પુરુષોનું સંક્ષિપ્ત સ્વરૂપ—

શ્રી અરિહંત પરમાત્માની ઉત્તમોત્તમતા સમજવા માટે આ વિશ્વમાં વસતા મનુષ્યો મુખ્ય રીતિએ કેટલા પ્રકારના છે, તેને સંક્ષેપમાં જાણવું જરુરી છે. શ્રી તત્ત્વાર્થ સૂત્રની સંબંધ કારિકામાં સંક્ષેપમાં પણ અતિ સુંદર રીતિએ વિશ્વવર્તી છ પ્રકારના પુરુષોનું સ્વરૂપ નીચે મુજબ બતાવવામાં આવ્યું છે—

कर्माहितमिह चामुत्र, चाधमतमो नरः समारभते ।
इहफलमेव त्वधमो, विमध्यमस्तूभयफलार्थम् ॥ १ ॥

परलोकहितायैव, प्रवर्तते मध्यमः क्रियासु सदा ।
मोक्षायैव तु घटते, विशिष्टमतिः पुरुषः ॥ २ ॥

यस्तु कृतार्थोऽप्युत्तममवाप्य धर्मं परेभ्य उपदिशति ।
नित्यं स उत्तमेभ्यो—ऽप्युत्तम इति पूज्यतम एव ॥ ३ ॥

(૧) આ ત્રણ શ્લોકોનું તાત્પર્ય એ છે કે- આ લોક અને પરલોકમાં જેનાથી આત્માનું અહિત થાય એવા જ મહાતામસ અને રૌદ્ર કાર્યોમાં જે મનુષ્ય સદા પ્રવર્તે છે તેની ગણત્રી **અધમાધમ** વર્ગમાં થાય છે.

(૨) જે મનુષ્યો પરલોકમાં પોતાનું ગમે તે થાય તેની કાળજી રાખ્યા વિના "આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા" એ ઉક્તિ અનુસાર પરલોક નિરપેક્ષ માત્ર આ લોકના સુખને જ નજર સમક્ષ રાખીને પ્રવૃત્તિ કરે છે તેની ગણત્રી **અધમ** વર્ગમાં થાય છે. આવી વૃત્તિવાળા મનુષ્યો માત્ર એટલું જ જુએ છે કે, તેમને આ લોકમાં સુખ મળવું જોઈએ અને તેમનું આ લોકનું સુખ ટકી રહેવું જોઈએ.

(૩) પોતાને આ લોકમાં અને પરલોકમાં એમ બન્ને લોકમાં સુખ મળે, એવા કાર્યમાં જે મનુષ્ય પ્રવર્તે છે, તેની ગણત્રી **વિમધ્યમ** વર્ગમાં થાય છે. આવા જીવો પોતાને બન્ને લોકમાં સુખ જે રીતે મળે તે જાતની પ્રવૃત્તિ કરે છે.

(૪) જે મનુષ્ય પોતાના પરલોકને સુધારવા માટે જ બદ્ધકક્ષ બની શુભ ક્રિયામાં પ્રવર્તે છે અર્થાત્ આ લોકના સુખની અપેક્ષા રાખતા નથી પણ પોતાનો પરલોક ન બગડે તેની જ મુખ્ય કાળજી રાખીને તેઓ શુભ કાર્યોમાં પ્રવર્તે છે. આવા આત્માઓની ગણત્રી **મધ્યમ** વર્ગમાં થાય છે.

(૫) વળી વિશિષ્ટ બુદ્ધિમાન એવા જે પુરુષો આ લોકના સુખને માટે પણ નહિ, તેમ પરલોકના સુખને માટે પણ નહિ, પરંતુ સર્વ કર્મબંધનોથી મુક્ત થવા માટે અર્થાત્ સર્વ દોષોથી રહિત થવા માટે અને આત્મામાં છૂપાયેલા અનંત ગુણોને પ્રગટ કરી સર્વ ગુણથી સંપન્ન થવા માટે-મુક્તિ મેળવવા માટે સદા પ્રયત્નશીલ રહે છે અને એમાં જ અપ્રમત્તભાવે દત્તચિત્ત રહે છે, તેમની ગણત્રી ઉત્તમ પુરુષોના વર્ગમાં થાય છે.

(૬) પરંતુ જે મનુષ્ય ઉત્તમ ધર્મને પ્રાપ્ત કરીને પોતે સર્વથા કૃતકૃત્ય બનવા છતાં પણ બીજા જીવોના કલ્યાણને માટે સદા ઉત્તમ ધર્મનો ઉપદેશ આપે છે તેની ગણત્રી ઉત્તમથી પણ ઉત્તમ અર્થાત્ ઉત્તમોત્તમ વર્ગમાં થાય છે. અને તેથી જ તેઓ જગતમાં સૌથી શ્રેષ્ઠ સ્મરણીય, સ્તવનીય અને ધ્યાતવ્ય છે, તેમની ઉપાસના કરવાથી ચિત્તની પ્રસન્નતા થાય છે. એ ચિત્તપ્રસન્નતા અંતે સમાધિમાં પરિણમી પરિણામે નિઃશ્રેયસ-મુક્તિની પ્રાપ્તિમાં હેતુભૂત બને છે, તેનું વિશેષ વર્ણન શ્રી સિદ્ધર્ષિગણિકૃત ઉપમિતિ-ભવ-પ્રપંચા કથા નામના ગ્રન્થરત્નમાં તથા શ્રી ક્ષેમંકરગણિકૃત ૬૨ પુરુષ ચરિત્રમાં સુંદર રીતિએ કરવામાં આવ્યું છે. જેને વાંચતાં વિચારતાં વિવેકી જનોને શ્રી અરિહંત પરમાત્માના વિશિષ્ટ આત્મદ્રવ્યની પ્રતીતિ થાય છે અને તેથી તેમના પ્રત્યે અનાયાસે પોતાના હૃદયસાગરમાં ભક્તિભાવની છોળો ઉછળવા લાગે છે, જેનાથી ક્લિષ્ટ

કર્મનો વિચ્છેદ થાય છે અને આત્મા નિર્મળતાને પ્રાપ્ત કરે છે અર્થાત્ પોતામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ આચરણને પ્રાપ્ત કરી પોતે નિર્મળ બને છે, તેથી અહીં "ષટ્ પુરુષ ચરિત્ર" નામના ગ્રન્થના આધારે અરિહંત પરમાત્માની ઉત્તમોત્તમતાનું વર્ણન રજુ કરવામાં આવે છે.

ઉત્તમોત્તમ પુરુષોનું સ્વરૂપ—

શ્રી તીર્થંકર નામકર્મના ઉદયવાળા શ્રી અરિહંત પરમાત્મા, પરમ ઐશ્વર્યવાળા હોવાથી તેઓ ત્રણે લોકના પરમેશ્વર છે. ત્રણે લોકનું સાચું યોગક્ષેમ કરવાનું સામર્થ્ય ધરાવતા હોવાથી તેઓ સાચા અર્થમાં ત્રણે લોકના નાથ છે. ગુણ પ્રકર્ષની ટોચે પહોંચેલા હોવાથી તથા પૂજવા યોગ્ય બધા જ ગુણો તેમનામાં હોવાથી તેઓ ત્રણે લોકને પૂજ્યના પાત્ર છે, સ્તુતિ કરવા યોગ્ય છે, ધ્યાન કરવા યોગ્ય છે. સર્વ દોષથી રહિત અને સર્વ ગુણથી પરિપૂર્ણ હોવાથી તીર્થંકરો સર્વ જીવો કરતાં ઉત્તમોત્તમ છે.

કાળ અનાદિ છે અને સર્વ જીવો પણ અનાદિ છે એ ન્યાયે એ તીર્થંકર ભગવંતો જ્યારે અનાદિ અવ્યવહાર રાશિમાં રહેલા હોય છે, ત્યારે પણ તેમના તેવા પ્રકારના ભવ્યત્વપરિપાકથી તેઓ બીજા જીવો કરતાં કેટલાક વિશેષ ગુણોના કારણે ઉત્તમ હોય છે. દૃષ્ટાંત તરીકે જેમ રત્નની ખાણમાં ઉત્પન્ન થયેલા ચિંતામણિ રત્નો ભલે તે વખતે

રજથી-ધૂળથી ઢંકાયેલા હોય તો પણ તેઓ સંસ્કારિત એવા પણ બીજા ઉતરતી જાતના રત્નોથી કે સંસ્કારિત એવા પણ કાચ રત્નોથી વિશેષ જ હોય છે. અર્થાત્ તે વખતે પણ તેમનું ઉત્તમ રત્નપણું બીજા રત્નો કરતાં વિશિષ્ટ પ્રકારનું હોય છે.

ત્યારપછી વિકાસક્રમમાં આગળ વધતા જ્યારે તેઓ વ્યવહારરાશિમાં આવે છે, ત્યારે પણ તેવા પ્રકારના કર્મવિપાકના સદ્ભાવથી પૃથ્વીકાયાદિકને વિષે ઉત્પન્ન થાય તો ચિંતામણિ, પદ્મરાગ, લક્ષ્મીપુષ્પ, સૌભાગ્યકરાદિ ઉત્તમ રત્નોની જાતિમાં શ્રી તીર્થંકરો ઉત્તમપણે ઉત્પન્ન થાય છે.

અપ્કાયને વિષે ઉત્પન્ન થાય તો તીર્થોદકાદિકમાં-પવિત્ર તીર્થોનાં જલરૂપે ઉત્પન્ન થાય છે.

તેજસ્કાયમાં ઉત્પન્ન થાય તો પૂજનના અગ્નિમાં તથા મંગલપ્રદીપાદિકમાં ઉત્પન્ન થાય છે.

વાયુકાયિકમાં ઉત્પન્ન થાય તો વસંત ઋતુમાં સર્વને સુખ ઉત્પન્ન કરનારા મૃદુ, શીતલ અને સુગંધી મલયાચલના પવનાદિકમાં ઉત્પન્ન થાય છે.

વનસ્પતિકાયિકને વિષે ઉત્પન્ન થાય તો ઉત્તમ પ્રકારનાં કલ્પવૃક્ષો આદિમાં— જેમકે હરિચંદન, મંદાર, પારિજાતક, સંતાનક, નંદન તથા આમ્રવૃક્ષ, ચંપક, અશોકા-

દિકમાં, તથા ચિત્રકવલ્લી, દ્રાક્ષા, નાગવલ્લી અને અતિ પ્રભાવશાળી મોટી મોટી ઔષધિઓમાં ઉત્પન્ન થાય છે.

બેઇન્દ્રિય જીવોમાં જો ઉત્પન્ન થાય તો દક્ષિણાવર્ત શંખમાં; શુક્તિ-છીપોમાં અર્થાત્ જેમાંથી મોતી ઉત્પન્ન થાય એવી છીપોમાં તથા શાલીગ્રામ આદિકમાં ઉત્પન્ન થાય છે. એવી જ રીતે ત્રીન્દ્રિય તથા ચતુરિંદ્રિયાદિકમાં ઉત્પન્ન થાય તો ત્યાં પણ ઉત્તમરૂપે ઉત્પન્ન થાય છે.

પંચેન્દ્રિય તિર્યંચને વિષે ઉત્પન્ન થાય તો સર્વોત્તમ પ્રકારના ભદ્રજાતિના ગજ-હસ્તિરૂપે તથા અશ્વાદિકમાં ઉત્પન્ન થાય તો સારા લક્ષણવાળા અશ્વાદિકમાં ઉત્પન્ન થાય છે.

ત્યાર પછી મનુષ્યભવમાં આવેલા તીર્થંકરોના આત્માઓ ઉત્તમ કુલોમાં ઉત્પન્ન થઈ અપૂર્વકરણ વડે ગ્રન્થીભેદ કરી અનિવૃત્તિ વગેરેના કરણાદિકના ક્રમથી સમ્યક્ત્વ પામીને ઉત્તમ પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ-ભાવાદિક રૂપે સમગ્ર સામગ્રીને પ્રાપ્ત કરીને તે ભવમાં તેઓ શ્રી અરિહંતવાત્સલ્ય આદિ વિશિષ્ટ ભક્તિ-અર્થાત્ વીશ સ્થાનકની ઉત્તમ રીતે આરાધના કરીને તેઓ તીર્થંકર નામકર્મની ઉપાર્જના કરે છે અને તે ભવનું આયુષ્ય પુરું કરીને તેઓ અનુત્તર વિમાનાદિ ઉત્તમ દેવલોકાદિમાં ઉત્પન્ન થાય છે.

અનુત્તર વિમાનાદિકને વિષે દેવલોકના ઉત્તમ સુખોને

અનુભવી ત્યાંથી ચ્યવીને શ્રી તીર્થંકરો ચરમ જન્મમાં સર્વોત્તમ તથા વિશુદ્ધ જાતિ–કુલ અને વંશને વિષે ઉત્પન્ન થાય છે, ત્યાં તેમના (તીર્થંકરોના) અવતારના પ્રભાવે તેમની માતાને ચૌદ મહાસ્વપ્નો આવે છે.

તીર્થંકરો માતાના ગર્ભમાં પણ ઉત્તમ પ્રકારનાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન સહિત હોય છે.

તેઓ જ્યારે માતાના ગર્ભમાં આવે છે ત્યારે તેમના પૂર્વના મહાન પુણ્યોદયથી પ્રેરાયેલા જૃંભક નામના દેવો ઇન્દ્રની આજ્ઞાથી ભૂમિ આદિમાં રહેલા માલિક વિનાના સુવર્ણ–રત્નાદિકના અનેક મહાનિધાનો લઇ આવી તીર્થંકરોના પિતાના ઘરમાં મૂકે છે.

માતાના ગર્ભાવાસમાં બીજા જીવોને ગર્ભાવાસની જે વેદના અનુભવવી પડે છે તે વેદના શ્રી તીર્થંકરોને ગર્ભાવાસમાં અનુભવવી પડતી નથી અને બીજી માતાઓને ગર્ભની જે વેદના અનુભવવી પડે છે તે તીર્થંકરોની માતાને ગર્ભની વેદનાનો અનુભવ થતો નથી. તીર્થંકરની માતાને સાધાન અવસ્થામાં અશુભ આહારનો પરિણામ થતો નથી. –અર્થાત્ અશુભ દોહલા થતાં નથી. સર્વ શુભ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે.

તીર્થંકરો માતાના ગર્ભમાં આવે છે ત્યારે તીર્થંકરની માતાઓમાં રૂપ, સૌભાગ્ય, કાંતિ બુદ્ધિ અને બલાદિકની વૃદ્ધિ થાય છે, મન, વચન અને કાયાના યોગો શુભ પરિણામવાળા થાય છે. ઉદારતા, ગંભીરતા અને ધૈર્યાદિ

ગુણો તીર્થંકરોની માતાઓમાં વિશેષપણે ઉત્પન્ન થાય છે. પરોપકાર, દયા, દાન, દેવ-ગુરુની ભક્તિ, સંઘવાત્સલ્ય, સ્વજનોને માન આપવું, ઇત્યાદિક દોહદ પ્રશસ્ત ઇચ્છાઓ તીર્થંકરની માતાને થાય છે. સર્વ ઇન્દ્રિયોને ઇષ્ટ, શરીરને સુખાકારી સર્વ ઇષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે અને તીર્થંકરની માતા સર્વને પ્રીતિપાત્ર બને છે.

શ્રી તીર્થંકરના પિતાને પણ અતિ હર્ષ પ્રાપ્ત થાય છે. અને કયાંય પણ તેમનો પરાભવ થતો નથી. સર્વ ભૂપાલો આવી આવીને તેમને પ્રણામ કરે છે. તેમના પિતાની આજ્ઞા સર્વત્ર વિસ્તારને પામે છે. દશે દિશાઓમાં તેમનો યશ તથા કીર્તિ વિસ્તારને પામે છે, વંશની ઉન્નતિ થાય છે, ઘરમાં સર્વ સુંદર વસ્તુઓની પ્રાપ્તિ થાય છે તથા ચારે બાજુથી સર્વ પ્રકારની સંપત્તિઓ સ્વયમેવ આવે છે અને તમામ વિપત્તિઓ દૂર જાય છે.

શ્રી તીર્થંકરોના જન્મ સમયે સર્વ શુભ ગ્રહો શુભ સ્થાનમાં રહેલા હોય છે. ત્રણે લોકમાં સર્વત્ર ઉદ્યોત— અજવાળાં થાય છે. અંતર્મુહૂર્ત નારકીના જીવોને પણ સુખનો અનુભવ થાય છે. ભગવંતના જન્મસમયે અતિ હર્ષથી પ્રમુદિત થયેલા દેવતાઓ તીર્થંકર ભગવંતનાં ગૃહાંગણમાં રત્ન, સુવર્ણ અને રુપાનાં અનેક પ્રકારનાં આભરણોની, વસ્ત્રોની, પુષ્પોની અને સુગંધિ જલની વૃષ્ટિ કરે છે. તે વખતે અત્યંત હર્ષના આવેગમાં આવેલા દેવતાઓ "જય જય" શબ્દથી પૃથ્વી અને આકાશને ગજવી મૂકે

છે. દેવોની દુંદુભિઓ હાથથી તાડન કર્યા વિના જ પોતાની મેળે જ વાગતી રહે છે. સર્વ દિશાઓ અતિ પ્રસન્ન થઈ જાય છે, સુગંધી તથા શીતલ પવન મંદ મંદ ગતિએ વાયા કરે છે. પૃથ્વી ઉપરની ધૂળ સર્વત્ર શમી જાય છે અર્થાત્ કયાંય ધૂળ ઉડતી માલમ પડતી નથી. સમુદ્રની લહેરો શીતલ તથા સુગંધી થાય છે. હર્ષને લીધે પૃથ્વી ચાર આંગળ ઉછળે છે.

શ્રી તીર્થંકરની માતાનું સૂતિકર્મ છપન્ન દિક્કુમારિકાઓ કરે છે તથા શ્રી તીર્થંકરોનો જન્માભિષેક મહોત્સવ બોંસઠ ઈન્દ્રો પોતાના પરિવાર સહિત આવીને મેરુપર્વત ઉપર કરે છે. તીર્થંકરોના જન્મ વખતે ક્ષણવાર આખું જગત આનંદમય બની જાય છે તે આ પ્રમાણે—

દેવતાઓનું, અસુરોનું, મનુષ્યોનું તથા પશુપક્ષિઓનું પરસ્પર વૈર નાશ પામે છે. લોકોની આધિ-વ્યાધિ શાંત થાય છે. લોકોમાં ક્ષુદ્ર ઉપદ્રવો થતા નથી. શાકિનીઓ વગેરે કોઇનો પણ પરાભવ કરી શકતી નથી. દુષ્ટ મંત્રો તથા તંત્રો પ્રભાવ વિનાનાં થઈ જાય છે. સર્વ લોકોના સૂર્ય આદિ ગ્રહો શાન્તભાવને પ્રાપ્ત થાય છે— અર્થાત્ લોકોને શાંત કરે છે. ભૂત-પ્રેતાદિક વગેરેના ઉપદ્રવો ઉપશાંત થાય છે. સર્વ લોકોનાં મન પરસ્પર પ્રીતિવાળાં થાય છે. પૃથ્વીમાં દૂધ, ઘી, તેલ, શેરડીનો રસ ઇત્યાદિક રસની વૃદ્ધિ થાય છે. સર્વ વનસ્પતિઓને ફૂલ, પુષ્પ તથા નવાં કોમળ પાંદડાઓની સમૃદ્ધિ થાય છે. મોટી મોટી

ગણાતી પ્રત્યેક ઔષધિઓના પ્રભાવમાં અત્યંત વૃદ્ધિ થાય છે. રત્ન, સુવર્ણ, રૂપું આદિ ધાતુઓની ખાણોમાં તે તે ધાતુઓની ઘણી જ અધિક ઉત્પત્તિ થાય છે. સમુદ્રોમાં ભરતી અધિક આવે છે. પાણી અત્યંત સ્વાદિષ્ટ અને શીતલ થાય છે, સર્વ પુષ્પો અતિ સુગંધી થાય છે. પૃથ્વીની અંદર રહેલાં રત્ન-સુવર્ણાદિકનાં નિધાનો પૃથ્વી ઉપર ચડી આવે છે.

શ્રી તીર્થંકરોના જન્મ સમયે વિદ્યા અને મંત્ર સાધનારા પુરુષોને વિદ્યાસિદ્ધિ તથા મંત્રસિદ્ધિ સુલભ થાય છે. લોકોના હૃદયમાં સદ્બુદ્ધિ ઉત્પન્ન થાય છે પ્રાણીઓનાં મન દયાથી કોમળ બને છે. લોકોના મુખમાંથી અસત્ય વચન નીકળતાં નથી. પારકું દ્રવ્ય હરણ કરવાની મતિ થતી નથી. કુશીલ જનનો અભાવ થાય છે. ક્રોધ વડે અન્ય જનનો પરાભવ કોઈ કરતું નથી. માન વડે કોઇ વિનયનું ઉલ્લંઘન કરતું નથી. કપટબુદ્ધિથી બીજાને છેતરવાની કોઇને બુદ્ધિ થતી નથી. લોભ વડે લોકો ન્યાયનું ઉલ્લંઘન કરતા નથી. લોકોનાં મનમાં સંકલ્પવિકલ્પજનિત સંતાપ હોતો નથી. પરને પીડા થાય એવી વાણી લોકો બોલતા નથી. પોતાની કાયાથી કોઇ અશુભ પ્રવૃત્તિ કરતું નથી. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રી તીર્થંકર ભગવંતોના જન્મ સમયે ક્ષણવાર લોકો એટલા બધા આનંદમય બની જાય છે કે તેમને તે વખતે કોઇપણ પ્રકારના ક્રૂર કાર્ય કરવાની, અસત્ય બોલવાની, ચોરી કરવાની, સદા-

ચારનું ઉલ્લંઘન કરવાની, લોભ કરવાની, માન કરવાની, કોઇને વંચના કરવાની કે ન્યાયવૃત્તિનું ઉલ્લંઘન કરવાની કે મન-વચન-કાયાથી કોઇપણ પ્રકારનાં પાપકર્મ કર-કરવાની વૃત્તિ જ થતી નથી. પાપ કરવાનો ભાવ જ પ્રગટતો નથી આખું જગત તે વખતે ક્ષણવાર આંતરિક દોષોના અભાવવાળું બની જાય છે.

શ્રી તીર્થંકરના જન્મ સમયે લોકો સારાં સારાં કૃત્યો કરીને મનશુદ્ધિવાળા થાય છે. લોકોનાં ઇચ્છિત કાર્યોની સિદ્ધિ થાય છે. પારકાના ગુણગ્રહણ કરવાની વૃત્તિમાં અભિવૃદ્ધિ થાય છે, શ્રી તીર્થંકરોના જન્મ સમયે લોકો પોતપોતાને ઘેર મહોત્સવ કરે છે, માંગલિક ગીતો ગાય છે અને લોકો પરસ્પર વધામણાં-ભેટણાદિ કરે છે.

શ્રી તીર્થંકરોના જન્મ વખતે સ્વર્ગવાસી અને પાતાલવાસી દેવો પ્રમુદિત થાય છે અને તેઓ શાશ્વત ચૈત્યોને વિષે ભક્તિ મહોત્સવ કરે છે. દેવાંગનાઓ ધાવ-માતાનું કામ કરે છે અને ભગવંતને નવાં નવાં વસ્ત્રાભરણથી શોભાવે છે, અનેક પ્રકારની આનંદ-પ્રમોદ પમાડનારી ક્રીડાઓ પ્રભુને કરાવે છે. ભગવંતના દેહની પુષ્ટિ માટે ભગવંતના જમણા હાથના અંગુઠામાં દેવેન્દ્ર અમૃતનો સંચાર કરે છે. બાલ્યાવસ્થામાં પણ તીર્થંકર ભગવંતો શ્રેષ્ઠ પ્રકારના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનથી સહિત હોય છે. અપરિમિત બલ અને પરાક્રમવાળા હોય છે અને તેથી દેવતાઓ, અસુરો અને મનુષ્યોથી તેઓ ક્ષોભ પામતા

નથી—ડરતા નથી. બીજા બાળકો કરતાં તેઓ અત્યંત ઉત્તમ સ્વભાવવાળા હોય છે. ત્રણે લોકની રક્ષા કરવાને અપરિમિત શક્તિવાળા હોય છે. અધ્યયન કર્યા વિના જ વિદ્વાન હોય છે. શિખ્યા વિના જ સર્વ કલાઓમાં કુશળ હોય છે, અલંકાર વિના જ સર્વ અંગોથી ઉત્તમ સૌભાગ્યવાળા હોય છે. બાલકપણામાં વાણી અવ્યક્ત હોવા છતાં તેમની બોલચાલ દેવતાઓ, મનુષ્યો અને અસુરોને આનંદ પમાડનારી હોય છે.

બાલસ્વભાવજન્ય ચપળતા-ચંચળતા તેમનામાં હોતી નથી. પોતાને તથા અન્ય કોઈને ઉપતાપ-સંક્લેશ ન થાય એવા સ્વભાવવાળા હોય છે, તેમની તમામ ચેષ્ટાઓ લોલુપતા વિનાની હોય છે. સર્વ જ્ઞેય વસ્તુનું તેમને જ્ઞાન હોવાથી તેઓ અલ્પ ઇચ્છાવાળા હોય છે.

તીર્થંકરોનું શરીર જન્મથી જ રોગ, પરસેવો અને મેલ વગેરેથી રહિત હોય છે. તાજાં વિકસિત કમળની માફક તેમનો દેહ તથા તેમનું મુખ અત્યંત સુગંધી હોય છે. ગાયના દુધની ધારા જેવા શ્વેત રૂધિર અને આમિષવાળા તેઓ હોય છે. તેઓના આહાર-નિહાર ચર્મચક્ષુવાળાને અગોચર હોય છે અર્થાત્ ચર્મચક્ષુવાળા તેમના આહાર-નિહાર જોઇ શકતા નથી. ઉપરના ચાર અતિશયો તીર્થંકરોને જન્મથી જ સહજ-સ્વાભાવિક સિદ્ધ હોય છે.

ત્યારપછી યૌવનકાળે તો અનુપમ રૂપ અને સૌભાગ્યથી ઉત્પન્ન થઇ છે પવિત્રતા જેને એવા તેમના

શરીરને વિષે એવી કોઇ અદ્‌ભુત શોભા થાય છે કે જે શોભા દેવેન્દ્રો, અસુરેન્દ્રો અને ચક્રવર્તિઓના અંતઃકરણમાં પણ અત્યંત ચમત્કાર અને ક્ષોભ ઉત્પન્ન કરે છે. કહ્યું છે કે–

सव्वसुरा जइ रूवं, अंगुट्ठपमाणयं विउव्विज्जा ।
जिणपायंगुट्ठं पइ, न सोहए तं जहिंगालो ॥ १ ॥

ભાવાર્થ— સર્વ દેવતાઓ ભેગા મળીને પોતાનું તમામ રૂપ માત્ર એક અંગુઠા જેટલા પ્રમાણમાં એકત્રિત કરે અને તે રૂપ ભગવંતના અંગુઠાના રૂપની આગળ મૂકવામાં આવે તો તે કોલસા જેવું લાગે. અંગારાની જેમ નિસ્તેજ લાગે. અર્થાત કોલસાની જેમ શોભતું નથી. વલી પણ કહ્યું છે કે—

संघयणरूवसंठाण वण्णगइसत्तसारऊसासा ।
एमाइणुत्तराई, हवंति नामोदया तस्स ॥ २ ॥

અર્થ— શ્રી તીર્થંકર ભગવંતોના સંઘયણ, રૂપ, સંસ્થાન, વર્ણ, ગમન-ચાલવાની પદ્ધતિ, સત્ત્વ, બળ અને શ્વાસોશ્વાસ એ બધાં જ વિશિષ્ટ પ્રકારના નામકર્મના-શ્રી તીર્થંકર નામકર્મના ઉદયથી જગતમાં સર્વોત્તમ હોય છે.

ખરેખર ! તીર્થંકરોનું રૂપ અને સૌભાગ્યાદિ તથા એક હજાર ને આઠ બાહ્ય લક્ષણોથી યુક્ત તેમનું શરીર અદ્‌ભુત લીલાના અતિશયવાળું હોય છે કે જે અતિશયની સ્વર્ગલોકમાં દેવ-દેવીઓ, પાતાલલોકમાં પાતાલવાસી દેવ-દેવીઓ અને મનુષ્ય લોકમાં નર-નારીઓ સ્તુતિ કરે છે, ગુણગાન કરે છે અને ધ્યાન કરે છે.

વધારે કહેવાથી શું ? ખરેખર ! તેમના જેવું રૂપ, સૌભાગ્ય, લાવણ્ય, ગમન, વિલોકન, વચન, દર્શન, સ્પર્શન, શ્રવણ, ઔદાર્ય, ગાંભીર્ય, ધૈર્ય, મર્યાદાસહિતપણું, આર્યપણું, દયાલુપણું, અનુદ્ધતપણું, નમ્રપણું, સદાચરણ, મનઃસત્યપણું, વચનસત્યપણું, કાયક્રિયાસત્યપણું, સર્વજનોનું હિત કરવાપણું, પ્રભુત્વ, પ્રશાન્તપણું, જિતેન્દ્રિયપણું, શુચિપણું, ગુણાનુરાગિપણું, નિર્મમપણું, સમપણું, રમ્યપણું, સર્વાભિમુખપણું, નિર્ભયપણું, નિર્દોષપણું વગેરે ત્રણે જગતમાં બીજા કોઈમાં હોતુ નથી અને તેથીજ ત્રણ ભુવનમાં અતિશય અલૌકિક અને સૌથી શ્રેષ્ઠ ગુણોના સમૂહના કારણે શ્રી તીર્થંકર ભગવંતો મહાન છે, સર્વત્ર મહાન પ્રતિષ્ઠાને પામેલા છે. તેઓ સર્વત્ર વિવેકપૂર્વક કરણીય વિવિધ કાર્યોને કરે છે. અને સર્વત્ર ઔચિત્યપૂર્ણ આચરણ કરવામાં અત્યંત ચતુર હોય છે. આત્મામાં મદ આદિ વિકારોને ઉત્પન્ન કરનારા સર્વોત્તમ જાતિ, કુલ, રૂપ, બલ, પ્રભુતા, સંપત્તિ વગેરે વિદ્યમાન હોવા છતાં પણ તેઓ સર્વત્ર વિકાર વિનાના હોય છે. વિષયજનિત સુખો અનંત દુઃખનું કારણ છે અને અસ્થિર છે એમ તેઓ બરાબર જાણતા હોય છે છતાં પૂર્વના ભવોમાં ઉપાર્જિત કરેલ તેવા પ્રકારના ભોગફળને આપનારા કર્મોના પ્રભાવથી તેઓ વિપુલ સામ્રાજ્યલક્ષ્મીને ભોગવે છે, પરંતુ વાસ્તવિક રીતે તો તે વખતે પણ તેઓ પરિણામે રસ વિનાના એ ભોગોથી વિમુખ જ હોય છે અને ઉપમાતીત વૈરાગ્યરંગમાંજ મગ્ન હોય છે. કહ્યું છે કે-

यदा मरुन्नरेन्द्रश्री-स्त्वया नाथोपभुज्यते ।
यत्र तत्र रतिर्नाम, विरक्तस्त्वं तदापि ते ॥ १ ॥

અર્થ—આપ જ્યારે દેવેન્દ્રો અને નરેન્દ્રોની સંપદાઓને ભોગવતા હો છો ત્યારે પણ હે નાથ! અંદરથી તો આપ વિરક્ત જ હો છો તે વખતે પણ આપનો આત્મા તો વૈરાગ્યવાસિત જ હોય છે.

સમગ્ર વિશ્વમાં એવી કોઇપણ રમણીય ભોગસંપત્તિ નથી કે જે તેમના મનમાં રાગ ઉત્પન્ન કરી શકે. કારણ કે તેઓ નિર્મળ જ્ઞાનબળથી એમ જાણતા જ હોય છે કે સંસારમાં વાસ્તવિક રીતે એવી કોઇ પણ સારભૂત વસ્તુ છે જ નહિ અને તેથી તેમના મનને સાંસારિક કોઇપણ પદાર્થ આકર્ષી શકતા નથી. સાંસારિક કોઇપણ પદાર્થોમાં તેમનું મન લીન થતું નથી.

તીર્થંકરોની અંતરંગ આવી વિરક્તિ હોવા છતાં પણ તેઓ વિધિપૂર્વક ધર્મ, અર્થ અને કામરૂપ ત્રણે પુરુષાર્થો સિદ્ધ કરે છે અને જ્યારે ચોથો મોક્ષ પુરુષાર્થ સાધનાનો અર્થાત દીક્ષા ગ્રહણ કરવાનો સમય થાય છે, ત્યારે તે અવસરને પણ પોતે પોતાની મેળે જ જ્ઞાનબળથી જાણતાં જ હોવા છતાં પણ લોકમાં પ્રભાત સમયે, રાજાને જેમ નિયુક્ત પુરુષો શંખ, ભેરી વગેરે વાજીંત્રના મધુર સંગીતથી જાગૃત કરે છે, તેમ પાંચમા દેવલોકમાં વસનારા લોકાંતિક દેવોનો એવો કલ્પ-આચાર હોવાથી તેઓ દેવલોકમાંથી ભગવંતની પાસે આવીને ભગવંતને પણ "જય જય" આદિ શબ્દથી દીક્ષા સમયનો ખ્યાલ આપે છે.

ત્યારપછી ગામોમાં, પુરોમાં અને નગરોમાં પટહ

વગડાવીને " વરવરિકા "ની ઉદ્‌ઘોષણા કરાવવામાં આવે છે. " વરવરિકા " એટલે જેને જે જોઇએ તે માગી લેવાની જાહેરાત. અને તે પછી દરરોજ સોનું, ચાંદી, રત્ન, માણિકય, વસ્ત્ર, આભરણ, હાથીઓ, ઘોડાઓ વગેરે જેને જે જોઇએ તે વસ્તુઓ આપીને એક વર્ષ સુધી પ્રતિદિન ભગવાન સાંવત્સરિક મહાદાન આપે છે. આ સાંવત્સરિક દાન આપતી વખતે ભગવાનની બધા લોકો ઉપર એક સરખી કૃપા હોય છે. એ રીતે સાંવત્સરિક દાન દ્વારા સમગ્ર પૃથ્વીને ઋણ રહિત કરવામાં આવે છે અને તે વખતે ભગવંતના યશ અને ભગવંતની કીર્તિનો દશે દિશાઓમાં ડંકો વાગે છે.

ત્યારપછી ભગવંતના દીક્ષાસમયને ચોસઠે ઇન્દ્રો અવધિજ્ઞાનથી જાણે છે અને તેઓ બધા પોતપોતાના પરિવાર સાથે ભગવંતની પાસે આવે છે અને તેઓ સર્વ સમૃદ્ધિ વડે અને સર્વ પ્રકારે ઉત્કૃષ્ટ રીતે પ્રભુની દીક્ષાનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. ત્યારપછી ભગવાન પોતાના હાથે પંચમુષ્ઠિ લોચ કરી સિદ્ધભગવંતોને નમસ્કાર કરી સ્વયં દીક્ષા ગ્રહણ કરે છે. પૂર્વ જન્મમાં પાળેલા ચારિત્રના અભ્યાસથી અને જન્મથી જ જ્ઞાન સહિત હોવાથી ભગવાન પોતાની મેળેજ સર્વ શિક્ષાઓના રહસ્યને જાણતા હોય છે. તેઓનું ચિત્ત માત્ર મોક્ષમાંજ બંધાયેલું હોય છે. પોતાને શું શું ઉચિત આચરણ કરવાનું છે તે બધું તેઓ જાણે છે. તેઓ પૃથ્વીતલ ઉપર દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવવડે અપ્રતિબદ્ધ– કોઇ ઠેકાણે બંધાયા વિના સર્વત્ર અનાસક્તભાવે વિચરે

છે અને સાધનાકાળમાં તેમને જે કોઇ પરિષહો અને ઉપસર્ગો ઉત્પન્ન થાય છે, તેને સમ્યક્ પ્રકારે સહન કરે છે. કહ્યું છે કે–

રાગદ્દોસકસાએ, ઇંદિયાણિ ય પંચવિ ।
પરિસહે ઉવસગ્ગે નામયંતા નમોઽરિહા ॥ ૧ ॥

અર્થ–રાગ, દ્વેષ. કષાય, પાંચ ઇન્દ્રિયો, પરિષહો અને ઉપસર્ગોને નમાવનારા એવા અરિહંતને નમસ્કાર થાઓ. !

આ રીતે તેઓ સમસ્ત બાહ્ય અને અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરે છે અને તેથી તેઓ નિર્ગ્રંથ કહેવાય છે.

તેઓ સર્વ જીવો પ્રત્યે અહિંસાદિ ધર્મનું આચરણ કરે છે અને મૈત્રી, પ્રમોદ કરૂણા અને મધ્યસ્થ ભાવનાઓથી તેઓ ધર્મધ્યાનને સ્થિર કરે છે અને ત્યારપછી ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષ આદિના આલંબનોથી શુકલધ્યાન ઉપર આરૂઢ થાય છે, ત્યારપછી ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈ ચાર ઘાતિકર્મોનો ક્ષય કરે છે અને તેથી સર્વદ્રવ્યો અને તેઓના સર્વપર્યાયોને સાક્ષાત્કાર કરતું કેવળજ્ઞાન અને કેવળદર્શન તેમને ઉત્પન્ન થાય છે.

કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં જ તે ભગવંતોને તીર્થંકર નામકર્મની પ્રકૃતિનો ઉદય થાય છે. અહીં ગ્રંથકર્તા વિવેકી શ્રોતાજનોને કહે છે કે–હે ભાગ્યશાળીઓ ! શ્રી તીર્થંકરોની તીર્થંકર નામ પ્રકૃતિનો મહિમા સાવધાન થઇને સાંભળો. તેનો એવો મહિમા છે કે જ્યાં જ્યાં તે ભગવંતો ધર્મદેશના આપે છે ત્યાંની યોજનપ્રમાણ ભૂમિનું વાયુકુમાર દેવો

પ્રમાર્જન કરે છે. જગ્યાને સાફસુફ કરે છે. મેઘકુમાર દેવો સુગંધિ જલથી સિંચન કરે છે. ઋતુકુમાર દેવો સુગંધ-યુક્ત પાંચ વર્ણવાળાં પુષ્પોની વૃષ્ટિ કરે છે, વ્યંતર દેવ-તાઓ મણિઓ, રત્નો અને સુવર્ણથી જડિત એક યોજન પ્રમાણ પીઠબંધ કરે છે. તે પીઠબંધ ઉપર વૈમાનિક દેવ-તાઓ મણિમય કાંગરાઓથી યુક્ત રત્નમય ચાર દ્વાર-દરવાજા યુક્ત પ્રથમ ગઢ બનાવે છે. તે ચારે દરવાજા પતાકાઓ, તોરણો ધજાઓ અને પુતળીઓથી સુશોભિત હોય છે.

તે પહેલા ગઢને ફરતો રત્નમય કાંગરાઓવાળો, ચાર દરવાજાથી યુક્ત સોનાનો બીજો ગઢ જ્યોતિષી દેવતાઓ બનાવે છે.

તે બીજા ગઢને ફરતો સોનાના કાંગરાથી સુશોભિત, ચાર દરવાજા યુક્ત ભવનપતિ દેવતાઓ ત્રીજો રૂપાનો (સૌથી બહારનો) ગઢ બનાવે છે. શ્રી તીર્થંકરોના પવિત્ર પુણ્ય-પ્રભાવથી ચૈત્યવૃક્ષ, રત્નમયપીઠ, દેવછંદ, સિંહાસન વગેરે બીજી રચનાઓ પણ કલ્યાણી ભક્તિને ધારણ કરનાર દેવ-તાઓ કરે છે.

ત્યારપછી તીર્થંકર ભગવંતો જ્યારે ચાલવાના હોય છે, ત્યારે દેવોએ પ્રભુના પગ નીચે અનુક્રમે મૂકેલા નવ સોનાનાં કમલો ઉપર પગ મૂકતા મૂકતા પ્રભુ ચાલે છે અને તેઓ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એમ ચારે નિકાયના દેવેન્દ્રોથી પરિવરેલા સમવસરણમાં પધારે છે.

ત્યાં તીર્થને પ્રણામ કરે છે અને સિંહાસન ઉપર પ્રભુ પૂર્વાભિમુખ બિરાજમાન થાય છે. તે વખતે ભગવાનના સર્વાભિમુખ્યત્વ નામના અતિશના પ્રભાવથી દેવતાઓ બીજી ત્રણ દિશાઓમાં ભગવંતના ત્રણ રૂપની રચનાઓ કરે છે. તે વખતે બારે પર્ષદા પોતપોતાના સ્થાને બેસી જાય છે અને ભગવંત યોજનગામિની, સર્વસંદેહનાશિની, સર્વે પ્રાણીઓ પોતપોતાની ભાષામાં સમજી શકે તેવી અને મોક્ષ-માર્ગને પ્રકાશનારી ધર્મદેશના આપે છે.

ત્યારપછી જગતના ગુરુ, જગતના નાથ, જગતના તારક, અનંતગુણોના કારણે સર્વોત્તમ, અનંત શક્તિવાળા, અનંતમહિમાવાળા, ચોત્રીશ અતિશયોથી સંયુકત, આઠ મહાપ્રાતિહાર્યથી શોભતા, વાણીના પાંત્રીશ ગુણોવડે દેવોના, અસુરોના, મનુષ્યોના અને તિર્યંચોના સમૂહને આનંદિત કરતા, ત્રણે ભુવનને ગુણોવડે પુષ્ટ કરતા, અઢાર દોષોથી રહિત અને જઘન્યથી ચારે નિકાયના એક કરોડ દેવોથી યુક્ત, આવા ભગવંતો પોતે સર્વથા કૃતાર્થ હોવા છતાં પણ પરોપકાર માટે આ પૃથ્વી ઉપર વિહાર કરે છે.-વિચરે છે. કહ્યું છે કે—

चउतीसअइसयजुआ, अट्ठमहापाडिहेरकयसोहा ।
तित्थयरा गयमोहा, झाएअव्वा पयत्तेण ॥ १ ॥

અર્થઃ-ચોત્રીશ અતિશયથી યુક્ત, આઠ મહાપ્રાતિ-હાર્યની શોભાવાળા અને મોહ વિનાના એવા તીર્થંકરોનું ધ્યાન પ્રયત્નપૂર્વક કરવું જોઇએ.

चउरो जम्मप्पभिई, इक्कारस कम्मसंखए जाए ।
इगुणीसं देवकए, चउतीसं अइसया हुंति ॥ २ ॥

અર્થ:–ભગવંતને ચાર અતિશય જન્મથી હોય છે. અગ્યાર અતિશય કર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે અને ઓગણીશ અતિશય દેવતાઓએ કરેલા હોય છે. એ રીતે ભગવાનને ચોત્રીશ અતિશયો હોય છે.

अशोकारव्यं वृक्षं सुरविरचितं पुष्पनिकरं,
ध्वनिं दिव्यं श्रव्यं रुचिरचमरावासनवरम् ।
वपुर्भासंभारं समुदररवं दुन्दुभिमयं,
प्रभोः प्रेक्ष्यच्छत्रत्रयमधिमनः कस्य न मुदः ? ॥ ३ ॥

અર્થ:–અશોકવૃક્ષ, દેવોવડે કરાયેલો પુષ્પનો સમૂહ, સાંભળવો ગમે તેવો દિવ્યધ્વનિનાદ, ચામરયુગલ, દુંદુભિનો મધુરનાદ અને ત્રણ છત્ર, એ રીતે ભગવંતના આઠ મહા-પ્રાતિહાર્ય કોના મનના આનંદ માટે ન થાય ? અર્થાત્ પ્રભુની પ્રાતિહાર્યની શોભા સર્વના આનંદ માટે થાય એ સ્વાભાવિક છે.

चउतीस अइसयजुआ, अट्ठमहापाडिहेरकयसोहा ।
वाणी पणतीसगुणा, अट्ठादसदोसरहिया य ॥ ४ ॥
जे एआरिसा देवा, निज्जिअरिउरागदोसमोहा य ।
देवाहिदेवनामं, तेसिं चिय छज्जए भुवणे ॥ ५ ॥

અર્થ:–ચોત્રીશ અતિશયોથી સહિત, આઠ મહા પ્રાતિ-હાર્યથી શોભતા, પાંત્રીસ ગુણવાળી વાણીવાલા, અઢાર દોષથી

રહિત અને રાગદ્વેષ તથા મોહરૂપ મોટા શત્રુઓપર વિજય કરનારા આવા જે દેવ હોય તેઓને જ જગતમાં દેવાધિદેવ એવું નામ છાજે છે. એવાઓનેજ દેવાધિદેવનું બિરૂદ શોભે છે.

એ પ્રમાણે ગુણોના સમૂહથી મહાન્ ત્રણે લોકમાં મહાન પ્રતિષ્ઠાને પામેલા, સર્વ દેવતાઓ, અસુરો અને મનુષ્યોમાં સૌથી શ્રેષ્ઠ સૌથી ઉત્તમ એવા ભગવંત પૃથ્વીતલ ઉપર વિચરીને કુમતરૂપી અંધકારનો નાશ કરે છે અને સત્યપંથરૂપી પ્રકાશને પાથરે છે તેઓ અનાદિ અને પ્રબલ એવા મિથ્યાત્વનો નાશ કરે છે, જિનશાસનની મહાન્ ઉન્નતિ કરે છે, જાણવા લાયક પદાર્થોને યથાર્થ રૂપમાં જણાવે છે. અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરીને ભવભ્રમણના પ્રબલ કારણરૂપ તેમના કુબોધ–અજ્ઞાનનો નાશ કરે છે.

ત્યારપછી આયુષ્ય કર્મના અંતે શુકલધ્યાન વડે ભવોપગ્રાહી ચાર અઘાતિ કર્મનો ક્ષય કરીને એક જ સમયની ઋજુશ્રેણિવડે લોકના અગ્રભાગ ક્ષેત્રરૂપ મોક્ષમાં જાય છે, તેઓ લોકાગ્રથી ઉપર જતા નથી કારણ કે અલોકમાં જવા માટે ઉપગ્રહનો અભાવ છે, તેઓ નીચે પણ આવતા નથી કારણે નીચે આવવા માટે જે ભારેપણું જોઇએ તે તેમનામાં નથી, યોગ–પ્રયોગનો અભાવ હોવાથી તેઓ તિર્છા પણ જતા નથી પણ સદાકાળ લોકના અગ્રભાગે સિદ્ધશિલા ઉપર બિરાજ રહ્યા હોય છે.

કહ્યું છે કેઃ-

यद्देवमनुजाः सर्वे सौख्यमिन्द्रियसंभवम् ।
निर्विशन्ति निराबाधं, सर्वार्थप्रीणनक्षमम् ॥ १ ॥
सर्वेणातीतकालेन, यच्चभुक्तं महर्द्धिकैः ।
भाविनो यच्च भोक्ष्यन्ति, स्वादिष्टं स्वान्तरञ्जकम् ॥ २ ॥
अनन्तगुणितं तस्मा,-दत्यन्तं स्वस्वभावजम् ।
एकस्मिन् समये सौख्यं, तद् भुञ्जते निरञ्जनम् ॥ ३ ॥
अनन्तज्ञानदर्शन शक्तिसौख्यमयास्ततः ।
त्रैलोक्यतिलकीभूता,-स्तत्र तिष्ठन्ति सर्वदा ॥ ४ ॥

ભાવાર્થઃ-ચારે નિકાયના સર્વ દેવો અને સર્વ મનુષ્યો ઇન્દ્રિયોના વિષયોથી પ્રાપ્ત થતું, કોઈપણ પ્રકારની બાધા-અંતરાય વિનાનું, સર્વ ઇન્દ્રિયોને પ્રીતિ ઉત્પન્ન કરેએવું, જે સુખ વર્તમાનમાં ભોગવે છે, તથા મહર્દ્ધિક દેવોએ ભૂતકાળમાં જે સુખ ભોગવ્યું છે અને ભવિષ્યમાં જે સુખ ભોગવશે તેને અનંત ગુણું કરવામાં આવે તો પણ તે સુખ નિરંજન-સિદ્ધ ભગવાનના એક સમયના સ્વાભાવિક અને અતીન્દ્રિય સુખની તુલનામાં ન આવે-સર્વ જીવોના સર્વકાલીન સર્વ સંસારજનિત સર્વ સુખો કરતાં સિદ્ધ ભગવંતનું એક સમયનું સુખ અનંતગુણું વધારે હોય છે. તે સિદ્ધ ભગવાન અનંતદર્શન અનંતજ્ઞાન, અનંત શક્તિ-સામર્થ્ય અને સદાકાળ અનંત સુખમાં તલ્લીન હોય છે. લોકના તિલક સમાન નિર્વાણ બાદ તેઓ સદા લોકના અંતે સિદ્ધશીલા ઉપર બિરાજી રહ્યા હોય છે.

જે વખતે તીર્થંકર ભગવાન નિર્વાણ પામે છે તે જ વખતે અવધિજ્ઞાનથી ભગવાનના નિર્વાણને જાણીને પરિવાર સહિત ચોસઠે ઇન્દ્રો નિર્વાણભૂમિમાં આવે છે. ગોશીર્ષ ચંદન વગેરે સુગંધિ પદાર્થોથી ભગવંતના દેહનો અંતિમ સંસ્કાર કરે છે અને તમામ શાશ્વત ચૈત્યોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે.

આ રીતે શ્રી તીર્થંકર ભગવંતોનું અનાદિ સંસારમાં પરિભ્રમણ, તેઓનું ચ્યવન, તેઓનો જન્મ, તેઓનો ગૃહવાસ, તેઓની દીક્ષા, તેઓનું કેવળજ્ઞાન તેઓનો નિર્વાણ-મોક્ષ વગેરે બધું જ ખરેખર અલૌકિક હોય છે. અને તેથી જ શ્રી તીર્થંકર ભગવંતો સંસારના બીજા સર્વ જીવોથી સર્વ પ્રકારે ઉત્તમોત્તમ હોય છે.

उत्तमोत्तमतया तया तया, विश्वविश्वसुखदायिनो जिनाः ।
अक्षयाखिलसुखादिमेदुराः प्रापुरव्ययं पदं महोदयाः ॥१॥

ભાવાર્થઃ-શ્રી તીર્થંકર ભગવંતો કે જેઓ મહાન ઉદયવાળા છે, કદિપણ ક્ષય ન પામે તેવા અક્ષય અને સંપૂર્ણ સુખ આદિમાં મગ્ન થયેલા છે પોતે અવ્યય-મોક્ષ-પદને પ્રાપ્ત થયેલા છે અને ઉપર જણાવવામાં આવ્યું છે તેમ તે ભગવંતો પોતાની તે તે પ્રકારની ઉત્તમોત્તમતા વડે વિશ્વને સર્વ પ્રકારે સર્વ સુખો આપનારા છે.

॥ जिना जयन्तु सर्वत्र ॥



શ્રી અરિહંત પરમાત્મા

(ભવઅટવીમાં સાર્થવાહ*)

શ્રી અરિહંત પરમાત્માનો આ વિશ્વ ઉપર મહાન્ ઉપકાર છે. તે ઉપકારને સમજવા માટે ભવઅટવીનું સ્વરૂપ સમજવું જરૂરી છે.

આ સંસાર એક ભયંકર અટવી છે. અટવીમાં જેમ સીધા અને વાંકા માર્ગો હોય છે, સિંહ, વાઘ આદિ હિંસક પશુઓનો ભય હોય છે, વળી તેમાં અનેક પ્રકારના વૃક્ષો હોય છે, એ વૃક્ષોની વિવિધ છાયા, પત્રો, પુષ્પો અને ફળો હોય છે, તથા અટવીમાં જેમ ખાડા-ટેકરા અને ચોર લૂંટારૂઓના ઉપદ્રવો હોય છે, તેમાં ફસાવનારા ધાડપાડુઓ હોય છે

---

* મહા ગોપ મહામાહણ કહીએ, નિર્યામક સત્થવાહ;
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમીએ ઉછાંહ રે. ભવિકા૦

શ્રી અરિહંત પરમાત્માને શાસ્ત્રોમાં મહાગોપની, મહામાહણની, મહાનિર્યામકની તથા મહાસાર્થવાહની ઉપમાઓ આપવામાં આવી છે તેમાંથી અહીં ભવ અટવીમાં શ્રી અરિહંત પરમાત્માનું કેવી રીતે સાથવાહપણું ઘટે છે, તે વિગત સમજાવવામાં આવી છે.

અને પાર ઉતારનારા દયાળુ સાર્થવાહો પણ હોય છે, તેમ સંસારઅટવીમાં પણ આ બધું હોય છે.

એ બેનું સ્પષ્ટ સ્વરૂપ સમજાવવા માટે અનુભવી પુરુષોએ ઉપનય-ભાવાર્થ સહિત દ્રવ્ય અટવી અને ભાવ અટવીનું વિવિધ પ્રકારનું વર્ણન શાસ્ત્રોમાં અનેક સ્થળે કર્યું છે.

ભાવ અટવીનું ચોકકસ સ્વરૂપ સમજવા માટે પ્રથમ શાસ્ત્રોમાં દ્રવ્ય અટવીનું વર્ણન નીચે પ્રમાણે બતાવવામાં આવ્યું છે.

વસંતપુર નામનું નગર છે, ત્યાં **ધન** નામનો એક **સાર્થવાહ** છે, ઇપ્સિતપુર જવા માટે પોતે તૈયાર થયેલ છે. પોતે દયાળુ અને પરોપકાર કરવાના સ્વભાવવાળો હોવાથી બીજાને પણ એ **ઇપ્સિતપુરનગરે** આવવું હોય તો સાથે લઈ જવા માટે ઉદ્‌ઘોષણા કરાવે છે સાથે આવનારાઓના સંરક્ષણની અને બીજી પણ જેને જે સામગ્રીની જરૂર હોય તેની જવાબદારી પોતે માથે લઇ લે છે, તેમની ઉદ્‌ઘોષણા સાંભળી ઇપ્સિતપુર જવાની ઇચ્છાવાળા ઘણા લોકો ત્યાં એકઠા થાય છે.

ઇપ્સિતપુર જવા માટે વચ્ચે એક **ભયંકર અટવી** આવે છે. આ અટવીનું ઉલ્લંઘન કરવાના બે રસ્તા છે. **એક માર્ગ ટૂંકો** છે અને **બીજો માર્ગ** વક્ર-આડો-અવળો હોવાથી લાંબો છે. આ લાંબે માર્ગે જો કે જવાય છે સુખપૂર્વક, પરંતુ ઘણા કાળે પહોંચાય છે-જો કે અંતે તો તે માર્ગ પણ ટૂંકા માર્ગને મળી જ જાય છે.

જે ટૂંકો માર્ગ છે તે માર્ગ વડે ઈપ્સિતપુર પહોંચાય છે જલ્દી, પરંતુ કષ્ટથી પહોંચાય છે. તે માર્ગે ચાલવું કઠણ છે, કારણ કે તેમાં વિષમતા-ચડાણ-ઉતરાણ બહુ આવે છે. વલ્લી તે લપસણો છે. થોડી બેદરકારી કરવામાં આવે તો પટકાઈ પડતા વાર ન લાગે, તે માર્ગમાં પ્રવેશ કરતાં જ મહાઘોર અને વિકરાળ સિંહ તથા વાઘ મુસાફરના પગને વળગે છે, તે છોડે નહિ ત્યાં સુધી માર્ગમાં આગળ વધી શકાતું નથી. અટવીના અંત સુધી આ વાઘ અને સિંહ મુસાફરનો પીછો પકડે છે.

એ માર્ગે વૃક્ષો પણ ઘણા આવે છે. તેમાં કેટલાક ઘણાં મનોહર છે. પરંતુ તેની છાયા વિશ્રાંતિ લેવા લાયક નથી. કારણ કે ઘણા મનોહર એવાં પણ તે વૃક્ષોની છાયા મારણપ્રિયા છે. વળી તે માર્ગમાં કેટલાક વૃક્ષો ખરી ગયેલાં તથા કરમાઇ ગયેલાં પાંદડાવાળાં છે, તેની નીચે થોડીવાર વિશ્રાંતિ કરી હોય તો મરવાનો ભય નથી.

એ માર્ગની બંને બાજુએ મનોહર રૂપવાળા ઘણા પુરુષો છે, તેઓ રસ્તે જનારા મુસાફરોને લોભ અને લાલચ આપી બોલાવી રહ્યા છે, પરંતુ તેઓનું વચન સાંભળવા લાયક નથી. તેઓના મધુર વચનોથી ભોળવાઇ સાર્થના માણસોથી ક્ષણવાર પણ છૂટા પડયા તો મોટો ભય છે કારણ કે એકલાથી તો તે અટવીનું ઉલ્લંઘન થઇ શકે તેમ નથી.

દુરંત અને ઘોર દાવાગ્નિ પણ એ અટવીમાં સળગી રહ્યો હોય છે. અપ્રમત્તપણે તે દાવાગ્નિ ઓલવવા માટે થોડી પણ બેદરકારી બતાવવામાં આવે, તો તે નિશ્ચિતપણે બાળી નાંખે છે.

વળી દુઃખે ઉલ્લંઘન કરી શકાય એવા ઉંચા ઉંચા પર્વતો એ રસ્તામાં આવે છે. સાવધાન બનીને તેને ઓળંગવામાં ન આવે, તો નિયમા મૃત્યુ થાય છે.

તે માર્ગે આગળ ચાલતાં અત્યંત ઘૂંચવાયેલી અને ગહન ઘાટી વંશની જાળો આવે છે, તે એકદમ ઉલ્લંઘી જવા લાયક છે. કારણ કે ત્યાં રહેવાથી ઘણા દોષો ઉત્પન્ન થાય છે.

ત્યારબાદ એ માર્ગે આગળ ચાલતાં એક મોટો ખાડો આવે છે, તે ખાડાની બાજુમાં જ મનોરથ નામનો યાચક કાયમને માટે ઉભો રહે છે. કોઈ ત્યાંથી પસાર થાય છે, તેને તે કહે છે કે " આ ખાડાને થોડો પૂરતા જાઓ. " પણ તેનું વચન બિલ્કુલ સાંભળવા લાયક નથી. કારણ કે તે ખાડો કદી પૂરાતો જ નથી. જેમ જેમ તેને પૂરતા જાઓ, તેમ તેમ તે વધારે ને વધારે મોટો થતો જાય છે, તેને પૂરવાથી તે આજુબાજુના માર્ગોને પણ ભાંગી નાંખે છે એવો તે વિચિત્ર ખાડો છે. તેને પૂરવાનું મનોરથ નામનો તે યાચક કહે છે, તે વાત પણ જ્યાં સાંભળવા લાયક નથી, ત્યાં, વળી તે પૂરવા માટે તો રોકવાનું હોય જ શાનું ?

એ જ રીતિએ તે અટવીમાં ચક્ષુ આદિ ઇન્દ્રિયોને અત્યંત સુખદાયક દિવ્ય કિંપાક નામના ફળો છે. તે ફળો જોવાલાયક પણ નથી અને ખાવાલાયક નથી.

વળી ત્યાં તે અટવીમાં વસનારા **બાવીશ મહા વિકરાળ પિશાચો** પ્રતિક્ષણ ત્યાંથી પસાર થતા મુસાફરોને ત્રાસ આપ્યા કરે છે, પરંતુ તે ત્રાસ ગણકારવા લાયક નથી.

વળી આ ટૂંકા માર્ગે ચાલતાં **આહાર--પાણી અત્યંત વિરસ અને દુર્લભ** હોય છે, એ કારણે રસ્તે ચાલતાં પ્રયાસ કદી અટકાવવા યોગ્ય નથી. **નિરંતર ગમન** ચાલુ રાખવામાં ન આવે, તો ઇપ્સિતસ્થાને કદી પણ પહોંચી શકાય તેમ નથી. રાત્રિએ પણ માત્ર બે **પ્રહરથી** અધિક નિદ્રા નહિ લેતાં, બાકીના બે પ્રહર પ્રયાણ ચાલુ રાખવું એ જ ઇષ્ટ છે.

આ પ્રમાણે **અપ્રમત્તપણે** ચાલવામાં આવે તો, તુરત જ અટવીનું ઉલ્લંઘન થઈ જાય તેમ છે અટવીનું ઉલ્લંઘન થઇ ગયા બાદ એકાંતે દુર્ગતિથી રહિત એવું નગર પ્રાપ્ત થાય છે.

ટૂંકા માર્ગના ગુણોનું આ વર્ણન સાંભળીને કેટલાક મુસાફરો સાર્થવાહની સાથે જ તે ટૂંકા માર્ગે ચાલ્યા, જ્યારે બીજા કેટલાક લાંબા માર્ગે ચાલ્યા. એ રીતિએ ચાલતાં, સાર્થવાહ અને તેની સાથેના આત્મઓ પ્રશસ્ત દિવસે ઇપ્સિતપુરે પહોંચી ગયા.

રસ્તે ચાલતાં સાર્થવાહ અને તેમની સાથેના માણસો માર્ગને અને તેટલો સુધારતા જાય છે. વચમાં આવતી શિલાઓ વિગેરેમાં માર્ગના ગુણ અને દોષ જણાવનારા અક્ષરો પણ લખે છે, એ અક્ષરો ઉપથી આટલું ચાલ્યા અને આટલું ચાલવાનું બાકી રહ્યું, એની પાછળવાળાઓને ખબર પડે છે,

સાર્થવાહની આજ્ઞા મુજબ સાથે ચાલનારા જેમ શીઘ્ર ઇચ્છિત સ્થાને પહોંચી જાય છે, તેમ પાછળ રહેલા પણ જેઓ સાર્થવાહના લખ્યા મુજબના માર્ગે ચાલે છે. તેઓ પણ ઈપ્સિતપુર પહોંચી જાય છે.

જેઓ એ રીતિએ ચાલ્યા પણ નહિ અને ચાલતાં પણ નથી, પરંતુ રસ્તામાં મનોહર વૃક્ષોની છાયાદિમાં વિશ્રાંતિ લેવા ઉભા રહે છે, તેઓ ઇચ્છિત નગરે પહોંચ્યા પણ નથી અને પહોંચવાના પણ નથી

આ દૃષ્ટાંતરો ઉપનય એ છે કે—

સાર્થવાહની જગ્યાએ શ્રી અરિહંત પરમાત્માને સમજવા.

ઉદ્ઘોષણા એ તેમની ધર્મદેશના છે.

મુસાફરના સ્થાને સંસારવર્તી જીવો છે.

અટવી એ સંસાર છે.

સરળમાર્ગ એ સર્વવિરતિ સાધુમાર્ગ છે.

લાંબો માર્ગ એ દેશવિરતિ-શ્રમણોપાસક માર્ગ છે.

ઇચ્છિતપુર એ મોક્ષ છે.

સિંહ અને વાઘના સ્થાને રાગ અને દ્વેષ સમજવા.

મનોહર વૃક્ષોની છાયા તુલ્ય સ્ત્રી આદિથી સંસક્ત વસતિઓ-રહેવાના સ્થાનો છે.

પરિશાટિત અને શુષ્ક વૃક્ષોના સ્થાને નિર્દોષ વસતિ-રહેવાના સ્થાનો સમજવા.

બે બાજુએ રહી બોલાવનાર પુરુષો પાસસ્થાદિ અકલ્યાણ મિત્રો સમજવા.

સાર્થની સાથે ચાલનારા સાર્થિકો, એ સાધુઓ છે.

દવાગ્નિના સ્થાને ક્રોધ છે.

પર્વતના સ્થાને માન છે.

વંશજાળના સ્થાને માયા છે.

બાડાને સ્થાને લોભ છે.

કિંપાકફલ તુલ્ય પાંચ ઇન્દ્રિયોના શબ્દ, રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શાદિ પાંચ વિષયો છે.

બાવીશ પિશાચ એ બાવીશ પરિષહો છે.

વિરસ અને અલ્પ ભોજન-પાનની જગ્યાએ પ્રાસુક અને એષણીય આહારાદિક છે.

પ્રયાણના સ્થાને નિરંતર ઉદ્યમ છે.

રાત્રિએ બે પ્રહર ગમનના સ્થાને સ્વાધ્યાયકરણ છે.

તથા અંતે ઇપ્સિતપુર પ્રાપ્તિ એ મુક્તિપુરી છે. એ નગરીમાં કોઈ પણ પ્રકારનો ક્લેશ છે જ નહિ અને એકલું સુખ, સુખ અને સુખ જ છે.

તે સુખ અનુપમ, અનુત્તર, વિશુદ્ધ, સ્વાધીન, અને અવિનાશી–કદી પણ ક્ષય ન પામે તેવું છે.

મનુષ્યભવરૂપી નગરથી માંડી મુક્તિનગરીની પ્રાપ્તિ સુધી વચ્ચે આવતા અંતરાયો અને અટવી એટલા બધા વિષમ છે કે સાર્થવાહ વિના કે સાથિકોની સહાય વિના તે સઘળાનો પાર પામી શકાય તેમ નથી.

તેથી મુક્તિનગરી પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાએ શ્રી અરિહંત પરમાત્મા અને તેમના શાસનનું આદરપૂર્વક અહર્નિશ શરણ કરવું અત્યંત આવશ્યક છે.

તું ત્રિભુવન શિરતાજ.

શ્રી સુપાર્શ્વ જિનરાજ. તું ત્રિભુવન શિરતાજ;
આજ હો છાજે રે ઠકુરાઈ, પ્રભુ તુજ પદ તણીજી.
દિવ્યધ્વનિ સુરફૂલ, ચામર છત્ર અમૂલ;
આજ હો રાજે રે ભામંડલ ગાજે દુંદુભિજી.
અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજ હો કીધા રે ઓગણીસે સુરગણ ભાસુરે જી.
વાણી ગુણ પાંત્રીસ, પ્રાતિહારજ જગદીશ;
આજ હો રાજે રે ત્રિગે છાજે આઠશું જી.
સિંહાસન અશોક, બેઠા મોહે લોક,
આજ હો સ્વામી રે શિવગામી વાચક યશે થુણ્યોજી.

દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માના ચોત્રીસ અતિશયો.

અતિશય એટલે સમસ્ત જગતથી ચઢીયાતી અવસ્થા. લોકમાં ચમત્કાર કરનારી લોકોત્તર સ્થિતિ. શ્રી અરિહંત પરમાત્માઓને આવા ચોત્રીશ અતિશયો હોય છે, તેમાં ચાર અતિશયો જન્મથી હોય છે, અગિયાર અતિશય કર્મક્ષયથી ઉત્પન્ન થાય છે અને ઓગણીસ અતિશયો દેવકૃત હોય છે. આ ચોત્રીસ અતિશયોનું હૃદયંગમ વર્ણન કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ "અભિધાન ચિંતામણિ"ના દેવાધિદેવ નામના કાંડમાં તથા "શ્રી વીતરાગ સ્તોત્ર" તથા "યોગશાસ્ત્ર" આદિ ગ્રન્થોમાં સુરમ્ય કાવ્યોમાં કર્યું છે. અહીં એ ચોત્રીશ અતિશયોને પ્રથમ નામમાત્રથી અને પછી તેની થોડી વધુ વિગત જોઇએ.

૪. મૂળ અતિશય.

(૧) અદ્‌ભુત દેહ (૨) સુગંધિ શ્વાસ
(૩) રૂધિર સફેદ અને માંસ સારા વર્ણાદિવાળું. (૪) અદૃશ્ય આહાર-નિહાર.

૧૯. દેવકૃત અતિશય.

(૧) દાઢી મૂછ માથાના વાળ ન વધવા. (૨) જઘન્યથી ક્રોડ દેવ સાથે હોય.

(૩) ચાલતાં સ્વર્ણ કમળ. (૪) કાંટા ઉંધા થાય.

(૫) વૃક્ષ નમન. (૬) પંખી પ્રદક્ષિણા દે.

(૭) અનુકૂળ પવન. (૮) ઋતુની અનુકૂળતા.

(૯) ધર્મચક્ર. (૧૦) રત્નમય ધ્વજ.

(૧૧) ત્રણ ગઢ સહિત સમવસરણ. (૧૨) દુન્દુભિનાદ.

(૧૩) અશોક વૃક્ષ. (૧૪) ત્રણ છત્ર.

(૧૫) જલવૃષ્ટિ. (૧૬) પુષ્પવૃષ્ટિ.

(૧૭) રત્નસિંહાસન. (૧૮) પ્રભુ ચતુર્મુખ.

(૧૯) ચામર.

૧૧. કર્મક્ષય કૃત અતિશય.

(૧) સવાસો જોજન સુધી લોકમાં રોગ નહિં. (૨) પરસ્પર વૈર-વિરોધ નહિ.

(૩) ઉંદર વગેરેના ઉપદ્રવ નહિ. (૪) મારી (પ્લેગ કોલેરા) નહિ.

(૫) અતિવૃષ્ટિ (હેલી) નહિ. (૬) અવૃષ્ટિ (વર્ષાનો અભાવ) નહિ.

(૭) દુષ્કાળ (ભિક્ષાનો અભાવ) નહિ. (૮) આંતર બળવો કે પર રાજાનું આક્રમણ નહિ.

(૯) પ્રભુના મસ્તક પાછળ ભામંડળ (૧૦) જોજનના સમવસરણમાં કોટાકોટિ દેવ-મનુષ્ય તિર્યંચ સમાય.

(૧૧) પ્રભુની વાણી જોજન
સુધી સંભળાય, ને તે
તિર્યંચ-મનુષ્ય દેવતાની
ભાષામાં પરિણમે. તે
પાંત્રીસ અતિશયવાળી હોય.*

અતિશયોની થોડીક વધુ વિગત.

દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માનો આત્મા કેવી કેવી અલૌકિક શક્તિઓ ધરાવે છે, તેનો ખ્યાલ આ ચોત્રીસ અતિશયો ઉપરથી આવી શકે છે.

જન્મથી ચાર અતિશય.

(૧) માતાના ગર્ભમાં આવતાં જ, પ્રભુનો દેહ અદ્‌ભુત તૈયાર થાય છે. સર્વોત્તમ દેવ-અનુત્તરવાસી દેવના દેહ કરતાં અતિશય ચઢીયાતા આહારકલબ્ધિના સુંદર દેહથી પણ અતિશય રૂપાળો દેહ ગણધરદેવનો ગણાય છે, તેના કરતાં પણ અનંતગુણ લાવણ્ય-સૌંદર્યવાળું અને રૂપાળું તીર્થંકર પરમાત્માનું શરીર હોય છે. માતાના ગર્ભમાં આવા દેહનું નિર્માણ થવું એમાં શ્રી અરિહંત પરમાત્માની વિશિષ્ટ લોકોત્તર પુણ્યશક્તિ કામ કરે છે, પ્રભુના દેહના પુદ્‌ગલોની ગંધ પણ મનોહર હોય છે. એ દેહમાં જીવનભર કદી રોગ થતા નથી, પરસેવો પણ થતો નથી, મેલ જામતો

---

* શ્રી અરિહંત પરમાત્માની વાણીના પાંત્રીસ ગુણોનું વર્ણન હવે પછીના પ્રકરણમાં આપવામાં આવશે.

નથી, અને એ શરીરના બલનું તો વળી પૂછવું જ શું? તેઓ વિશ્વમાં સૌથી અધિક બલના ધારક હોય છે.

(૨) તેમનો શ્વાસોચ્છ્વાસ કમળ જેવો સુગંધિદાર હોય છે.

(૩) તેમના દેહમાંનું લોહી ગાયના નિર્મળ દૂધ જેવું સફેદ, દર્શનીય અને દુર્ગંધ વિનાનું હોય છે, તથા માંસાદિ ધાતુઓ જરાય બિભત્સ નહિ, જરાય દુર્ગંધવાળી નહિ પણ ઉલટી રમણીય, દર્શનીય, ને સારા વર્ણાદિવાળી હોય છે.

(૪) પ્રભુના દેહથી થતી આહાર લેવાની ક્રિયા કે મળ-મૂત્રના વિસર્જનની ક્રિયા અદૃશ્ય રહે છે, જેથી બીજાઓ ચર્મચક્ષુથી એ જોઈ શકતા નથી. શ્રી અરિહંત પરમાત્માના મહાન પુણ્યના પ્રભાવે તેમને આ ચાર અતિશયો જન્મથી જ સાથે હોય છે.

દેવકૃત ઓગણીસ અતિશય.

(૧) પ્રભુ ચારિત્ર લે તે વખતે પંચમુષ્ટિથી દાઢી, મૂછ અને મસ્તકના કેશનો લોચ કરી નાખે છે, પછી ઠેઠ નિર્વાણ સુધી ત્યાં વાળ વધતા નથી, નખ પણ વધતા નથી. દીક્ષા સમયે જેવી સ્થિતિ હોય છે તેવી જ રહે છે.

(૨) ત્યારપછી જ્યારે પ્રભુ કેવળજ્ઞાન પામે એટલે ઓછામાં ઓછા એક ક્રોડ ભવનપતિ વગેરે દેવતાઓ પ્રભુની સેવામાં સાથે જ રહે છે, દેવતાઈ મહાસુખને પણ દુઃખના કારણરૂપ સમજી આત્મકલ્યાણ ઝંખતા દેવતાઓ આત્મ-કલ્યાણની મૂર્તિ સમા શ્રી વીતરાગ અરિહંત નાથની પાસે દોડી દોડીને તેમની સેવા કરવા આવે છે.

(૩) પ્રભુ જ્યારે ચાલે છે, ત્યારે પ્રભુને ચાલતાં પૃથ્વી પર પગ અડાડવાનો હોતો નથી; કેમ કે ચાલતી વખતે પગ મૂકવાના સ્થાન પર નીચે સુવર્ણ કમલ રચાઇ ગયા હોય છે. તેમાંથી બે કમલ પર પગ પડેલા દેખાય છે, બીજા સાત કમળ હોય છે. એમાં આગળ પગલાં માંડતા ઠેઠ પાછળનું કમળ આગળ આવીને ઉપસ્થિત થઇ જાય છે. સુવર્ણના આ કમળ અતિ કોમળ, મહામુલાયમ હોય છે.

(૪) પ્રભુ ચાલે ત્યાં કાંટા ચતા હોય તે ઉંધા થઇ જાય છે, અર્થાત્ અણીયો જમીન તરફ નીચી વળી જાય છે.

(૫) વળી આજુબાજુના વૃક્ષ પ્રભુને નમી જાણે નમસ્કાર કરતા દેખાય છે.

(૬) પંખીઓ પણ પ્રભુને પ્રદક્ષિણા દે છે.

(૭) પરમાત્મા વિચરે ત્યાં પવનના ઉપદ્રવ મટીને વાયુની લહેરી અનુકૂળ વહેતી થઇ જાય છે.

(૮) વસંત વિગેરે છએ ઋતુઓને યોગ્ય સારાં પત્ર-ફૂલ-ફળ વગેરે પદાર્થો ખીલી ઉઠે છે.

પરમાત્મા ચાલે ત્યાં ધર્મચક્રાદિ પાંચ વિશિષ્ટ વસ્તુઓ સાથે જ અદ્ધર આકાશમાં ચાલે છે. તે આ પ્રમાણે—

(૯) **ધર્મચક્ર** કે જે બહુ તેજસ્વી હોય છે, આરાથી શોભતું હોય છે, અને એને હરણનું જોડલું સેવતું હોય છે.

(૧૦) રત્નમય ધ્વજ પણ ઉંચા કનકમય દંડ ઉપર રત્નની અનેક બીજી નાની ધ્વજાઓથી દીપી રહ્યા હોય છે.

(૧૧) પાદપીઠ (બેઠા પગ મૂકવાનો બાજોઠ) સહિત સિંહાસન પણ અદ્ધર સાથે જ ચાલે છે.

(૧૨) તેમજ પ્રભુના માથે એકેકથી મોટા એવા ત્રણ છત્ર મોતીઓના ઝુમખાથી પરિવરેલા સાથે જ ચાલે છે.

(૧૩) વળી પ્રભુને ચાલતાં બે બાજુ યક્ષના હાથમાં ચામર વીંઝાય છે.

(૧૪) પ્રભુ જ્યાં સ્થિર થાય ત્યાં જોજન જેટલી ભૂમિ પર ધૂળ ન ઉડે એ માટે સુગંધિત જલનો વરસાદ થઈ જાય છે.

(૧૫) પ્રભુને દેશના દેવા માટે એક જોજન પ્રમાણ ભૂમિ પર ભવનપતિ, જ્યોતિષ અને વૈમાનિક દેવો અનુક્રમે ચાંદીનો, સોનાનો, ને રત્નનો એમ ત્રણ કિલ્લા રત્નની કાંગરીવાળા એકેકની ઉપર રહે છે.

(૧૬) એના પર પુષ્પની વૃષ્ટિ થાય છે. એ પુષ્પોના ડીંટીયા નીચા હોય છે અને પાંખડી ઊંચી હોય છે. ત્યાં ચાલતા-બેસતા તિર્યંચ મનુષ્યોથી એને પરમાત્માના અતિશયના પ્રભાવે કિલામણા નથી થતી; પણ ઉલટું વિકસ્વરતા અનુભવે છે.

(૧૭) સમવસરણની મધ્યમાં અશોક વૃક્ષ રચાય છે, તે આખા સમવસરણમાં આવેલા જીવોને છાયા આપે છે. એની

સુગંધિ વળી એવી અદ્‌ભુત હોય છે કે ભમરા દોડી આવી એની આસપાસ ગુંજતા રહે છે.

(૧૮) પરમાત્માને બેસવા માટે ઝાડ નીચે પૂર્વ દિશા સન્મુખ મુખ્ય રત્ન સિંહાસન સ્થપાય છે, અને બાકીની ત્રણ દિશામાં પણ બરાબર પ્રભુના જેવી આકૃતિવાળા પ્રતિબિંબ સિંહાસન પર સ્થપાય છે, જેથી ચારે દિશામાં સૌને એમ લાગે છે કે પ્રભુ અમારી સામે છે. આમ પ્રભુની ચતુર્મુખતા થાય છે.

(૧૯) ત્યાં દેવતા ઊંચે દુન્દુભિ-ભેરી વગાડે છે; જેથી ચારે બાજુના પ્રદેશને આ ધર્મનરેસર પરમાત્મા પધાર્યાની ખબર પડે છે, અને આવીને દર્શન-વંદન-વાણી-શ્રવણનો લાભ લેઈ સમ્યક્‌ત્વાદિ ધર્મ પામે છે.

આ ઓગણીસ અતિશયો ખાસ દેવો પરમાત્મા ઉપરની અનુપમ ભક્તિથી પ્રેરાઇને રચે છે. એ વખતે જનતામાં કેવું ય મહાન આકર્ષણ થતું હશે! એ તો નજરે જોનાર કે વિશિષ્ટ જ્ઞાની અનુભવી શકે. એના યોગે લાખો કરોડો જીવોને પરમાત્મા તરફ ખેંચાણ થાય છે, એમાં કેટલાકના તો આ સમૃદ્ધિ જોઇને જ મિથ્યાત્વાદિ દોષો ભાગી જાય છે.

કર્મક્ષયથી ઉત્પન્ન થતા ૧૧ અતિશય.

પરમાત્મા ચરમ ભવમાં પણ ઉચ્ચ સાધના કરીને જ્યારે શુકૂલધ્યાનના દાવાનળમાં અનંતાનંત ઘાતી કર્મના દળીયાંને જડમૂળમાંથી બાળીને ભસ્મીભૂત કરે છે, ત્યારે વીત-

રાગ-સર્વજ્ઞતાની જેમ તેમને તીર્થંકર નામકર્મનો ઉદય પ્રગટ થાય છે. બીજા પણ યશ-આદેય વગેરેના પુણ્યના ઉચ્ચ દળીયાં ઉદયમાં આવે છે. આ બધાના પ્રતાપે સહજ ભાવે અહીં નીચે દર્શાવવામાં આવતી આ અગીઆર વિશેષતાઓ પ્રગટે છે.

(૧) શ્રી તીર્થંકર પ્રભુ વિચરતા હોય ત્યાં આસપાસના સવાસો જોજનમાં આ નીચે દર્શાવેલા આઠ પ્રકારના ઉપદ્રવો પૂર્વે થયા હોય તો શાંત થઈ જાય છે, અને નવા થતા નથી.

(૧) તાવ વગેરે રોગો.

(૨) પૂર્વના ચાલી આવેલા કે પરસ્પર જાતિના વૈર-વિરોધ.

(૩) વિશેષ પ્રમાણમાં ઉંદર, ખડમાંકડી, તીડ વગેરે ઉપદ્રવો થાય છે તે.

(૪) મારી-મરકી, પ્લેગ, કોલેરા કે તેવા બીજા જીવ-લેણ ઉત્પાત.

(૫) અતિવૃષ્ટિ-વરસાદની હેલી, કે જેમાં મોટા નુક-શાન થાય.

(૬) અવૃષ્ટિ-તદ્દન વરસાદ જ નહિ કે અતિ અલ્પ વરસાદ જેથી લોક પાણી વિના અને ગરમીથી પીડાય.

(૭) દુષ્કાળ-જેમાં ધાન્યની અછત થઈ જાય અને ભિક્ષા ન મળે. અને—

(૮) સ્વ-પરચક્રભય-તે જ દેશના અમુક લોક કે લશ્કર બળવો ઉઠાવે તેનો ભય તે સ્વચક્રભય, દુશ્મન રાજા લશ્કર લઇને ચઢી આવે તેનો ભય તે પરચક્રભય. આ આઠેયમાંની એક પણ ઉપદ્રવ પ્રભુના આસપાસના ૧૨૫ યોજનમાં હોતો નથી.

(૯) પ્રભુને અંતરમાં લોકાલોકનો પ્રકાશક કેવળજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટવાની સાથે પ્રભુના મસ્તકની પાછળના ભાગમાં સૂર્યના બિંબની શોભાને પણ તિરસ્કાર કરનારૂં મનોહર તેજનું મંડળ-ભામંડળ પ્રગટ થાય છે.

(૧૦) દર્શન-શ્રવણાર્થે ગમે તેટલા કરોડો દેવતા તથા મનુષ્ય-તિર્યંચોના સમૂહો આવે છતાં એ બધા માત્ર એક જોજનના સમવસરણમાં પ્રભુના અચિંત્ય પ્રભાવે સુખે સમાઇ જાય છે.

(૧૧) વાણી-અર્ધમાગધી ભાષાએ જુદી જુદી જાતના તિર્યંચ પ્રાણીઓ, માનવો અને દેવો પોતપોતાની ભાષામાં સમજી જાય એ રીતે પ્રભુની વાણી તે તે ભાષામાં પરિણમી જાય છે.

આ દેવકૃત અતિશયોનું વર્ણન કોઈ જગ્યાએ જુદી રીતે પણ મળે છે તે મતાંતર સમજવો.

શ્રી અરિહંત પરમાત્માની વાણીના ૩૫ અતિશયો.*

(૧) સંસ્કારવતી (૨) ઉદાત્ત
(૩) ઉપચાર-પરીત (૪) મેઘ-ગંભીર
(૫) પ્રતિનાદ યુક્ત (૬) દક્ષિણ
(૭) રાગ યુક્ત (૮) મહાર્થ
(૯) અવ્યાઘાત (૧૦) શિષ્ટ
(૧૧) અસંદેહકર (૧૨) અન્યોત્તર રહિત
(૧૩) હૃદયંગમ (૧૪) સાકાંક્ષ
(૧૫) ઉચિત (૧૬) તત્ત્વનિષ્ઠ
(૧૭) અપ્રકીર્ણ પ્રસૃત (૧૮) સ્વશ્લાઘા-પરનિંદા રહિત
(૧૯) અભિજાત્ય (૨૦) સ્નિગ્ધ મધુર
(૨૧) પ્રશસ્ય (૨૨) અમર્મવેધિ
(૨૩) ઉદાર (૨૪) ધર્માર્થસંબદ્ધ
(૨૫) વિપર્યાસ રહિત (૨૬) વિભ્રમાદિમુક્ત
(૨૭) આશ્ચર્યકારી (૨૮) અદ્‌ભુત
(૨૯) અતિ વિલંબિત નહિ (૩૦) અતિ વિચિત્ર
(૩૧) વિશેષતાવાળી (૩૨) સત્ત્વમુખ્યા
(૩૩) વર્ણપદાદિ વિવિક્ત (૩૪) વિચ્છેદ રહિત
(૩૫) ખેદ રહિત.

---

* પ્રથમ અહીં વાણીના પાંત્રીસ અતિશયોના નામ માત્ર જણાવવામાં આવે છે.

હવે અહીં વાણીના પાંત્રીસ અતિશયોની થોડીક વિશેષ વિગત જોઈએ.

૧ **સંસ્કારવાળી**–એટલે કે સંસ્કૃત વગેરે લક્ષણવાળી. જેમ કાવ્યમાં શબ્દાલંકારો અને અર્થાલંકારો હોય છે, એમ પ્રભુની વાણીમાં શબ્દ અને અર્થના એવા તો અનેક સુંદર લક્ષણો અને અલંકારો હોય છે, કે એકલા એના શ્રવણમાત્રથી જ શ્રોતા દીર્ઘ કાળ સુધી એક સરખી આતુરતા અને રસથી સાંભળવામાં લીન થઈ જાય છે.

૨ **ઉદાત્ત**–એટલે માંદા સુરવાળી નાહ, કે બોબડાતા અક્ષરવાળી નહિ, પણ દૂરવાળાનેય બરાબર સંભળાય એવા ઊંચા સુરવાળી અને સ્પષ્ટ ઊંચા અક્ષરવાળી હોય છે.

૩ **ઉપચાર પરીત**–અર્થાત્ તોછડી શિષ્ટાચાર રહિત એવી ગામડીયા ભાષા નહિ પણ ઉદાર, શિષ્ટાચારી ને સંસ્કારી જન બોલે તેવી ભાષા. એથી એ વિદ્વાનોને પણ ખૂબ જ ગમી જાય છે.

૪ **મેઘગંભીર**–પ્રભુની જોજનગામિની વાણી, ઉપર કહ્યું તેમ, માત્ર ઉદાત્ત અર્થાત્ એકલી ઊંચા અવાજવાળી નહિ, પણ વાદળાનો ગડગડાટ થતાં કે સમુદ્રનું મંથન કરતાં જેવો ગંભીર ધ્વનિ નીકળે એવા ગંભીર ઘોષવાળી હોય છે.

૫ **પ્રતિનાદયુક્ત**–શબ્દો કે ઘંટનો નાદ જાણે ગુફામાં અથડાઈ રણકાવાળો પડઘો પાડે એવા રણકાવાળી— પડઘાવાળી હોય છે, વાણીની પાછળ કેમ જાણે ઘંટનો મધુરો આલાપભર્યો રણકાર ન ચાલતો હોય, એવી વાણી.

૬ દક્ષિણ-બોલવામાં અને સમજવામાં બહુ જ સરળ હોય છે, એવી વાણી.

૭ **અતિ મીઠા માલકોશ**-રાગમાં ચાલે છે, પણ નહિ કે સંગીત વિનાના માત્ર ગદ્યમાં. એમાં વળી દેવોની દિવ્ય બંસરીના સૂર પુરાતા રહે છે! પછી એ સાંભળવાના રસનું પૂછવું જ શું? ગંધર્વોના ગીત અને દેવાંગનાના સુકોમળ કંઠના કોયલ જેવા કે ઘંટડી જેવા રણકાર તો એની આગળ કાંઈ જ વિસાતમાં નહિ, જાણે એ બધા પ્રભુની વાણી આગળ નિસ્તેજ જેવા લાગે.

૮ **મહાર્થ**-પ્રભુની વાણી માત્ર મધુર અને રાગવાળી હોય એટલું જ નહિ પણ વિશાળ અને ઉંડા અર્થવાળી પણ હોય છે. પ્રભુના વચનોનો અર્થ ઘણો ઉંચો હોય છે.

૯ **અવ્યાઘાત**-પ્રભુની ચાલતી એક સરખી વાગ્ધારાના પૂર્વાપર કથનોમાં કયાંય પરસ્પર વ્યાઘાત આવતો નથી, એક વચન પૂર્વના બીજા વચનનો વિરોધ કરે એવું નથી બનતું. ઉલટું વચનો એક બીજાની પુષ્ટિ કરી વસ્તુ તત્ત્વનું સુંદર સમર્થ પ્રતિપાદન કરનારા હોય છે.

૧૦ વળી એ વાણી **શિષ્ટ**-એટલે કે મહાસજ્જન પુરુષો બોલે એવી શિષ્ટતાવાળી, તેમ જ સ્વમાન્ય સિદ્ધાન્તોને અનુસરતા પદાર્થોને કહેનારી હોય છે, પણ નહિ કે સિદ્ધાન્તવિરુદ્ધ અર્થવાળી અને અશિષ્ટ.

૧૧ **અસંદેહકર**-અર્થાત્ જેમાં શ્રોતાને કયાંય શંકા

રહે એવાં વચન જ હોતા નથી. દરેકે દરેક વચન નિશ્ચિત બોધ કરાવે છે. ટંકશાળી નાણાંની જેમ વચન સીધા હૃદયમાં જઈને શ્રોતાને જચી જાય છે.

૧૨ **અન્યોત્તર રહિત**–એટલે કે પ્રભુના એક પણ વચન પાછળ કોઈ ઉત્તર, પ્રશ્નોત્તર કરી દૂષણ કાઢી શકે એવું હોતું નથી. કોઈ પણ વાગ્જાળના કે બીજા દૂષણ પ્રભુના વચનમાં ઉભા થઈ શકતા નથી.

૧૩ **અતિ હૃદયંગમ**-એટલે કે હૃદયને સુગ્રાહ્ય અને ગમી જાય એવી એ વાણી હોય છે.

૧૪ **સાકાંક્ષ**-વાણીનાં વચનો એટલે કે પદો અને વાકયો અરસપરરસમાં એટલે કે પદો અને વાકયો એક બીજાની સાથે અપેક્ષાવાળા ને સંગતિવાળા હોય છે, પણ નિરાકાંક્ષ અર્થાત્ કોઈ વચનને બીજા સાથે કાંઇ જ સંબંધ નહિ પણ છૂટાછવાયા અર્થવાળા હોય એવું નથી હોતું. એક પછી બીજું વચન નીકળે તે પૂર્વપૂર્વની સાથે વ્યવસ્થિત સંબંધવાળું, અને સળંગ ધારાબદ્ધ પદાર્થને વર્ણવનારું હોય છે.

૧૫ **ઔચિત્ય**-પ્રભુની વાણીમાં ભારોભાર ઔચિત્ય ભરેલું હોય છે એટલે કે શબ્દે શબ્દ પ્રકરણ-પ્રસ્તાવ, અને દેશ-કાળને ઉચિત હોય છે. તેથી શ્રોતા ઉપર ચમત્કારિક રીતે સારી અસર ઉત્પન્ન કરે છે. તેમ એમાં કયાંય કોઇને અનુચિત લાગીને મનને ખોટું લાગવા જેવું બનતું નથી.

૧૬ તત્ત્વનિષ્ઠ-એટલે જે વસ્તુનું પ્રતિપાદન કરવું હોય તેના સ્વરૂપને અનુસરનારી વાણી હોય છે, પણ નહિં કે વસ્તુનું સ્વરૂપ અમુક હોય, ને પ્રતિપાદન કંઈક જુદું જ કરાતું હોય.

૧૭ અપ્રકીર્ણ પ્રસૃત-હોય છે, અર્થાત્ સુસંબદ્ધ પદાર્થને કહેનારી હોય છે, એમાં સંબંધ વિનાના પદાર્થોનો અધિકાર ચાલતો નથી, તેમ વર્ણનનો અતિ વિસ્તાર એટલે કે ખોટું લંબાવવાનું પણ હોતું નથી.

૧૮ સ્વશ્લાઘા-પરનિન્દારહિત-પ્રભુની વાણી સ્વ-શ્લાઘા અને પરનિંદાથી રહિત હોય છે, ક્યાંય પ્રભુ પોતાની પ્રશંસા કરનારું વચન નથી બોલતા, તેમ જ સામે બેઠેલા શ્રોતાના ગુપ્તમાં ગુપ્ત દોષોને પ્રભુ રજે રજ જાણવા છતાં કે ઈનીય નિન્દાનો એક પણ અક્ષર પ્રભુ નથી ઉચ્ચારતા.

૧૯ અભિજાત્ય-પ્રભુની વાણી અભિજાત્ય એટલે ઉત્તમ કોટિની અર્થાત વક્તાની પોતાની અને વિવેચવાના વિવે-ચનની ભૂમિકાને અનુસારે વાણી હોય છે. પોતે જગદીશ પરમાત્મા છે, તો ભૂમિકા બહુ ઊંચી તેથી વાણી પણ તેવી ઊંચી બોલાય છે.

૨૦ સ્નિગ્ધમધુર એટલે કે સાકર, શેરડી તો શું પણ દિવ્ય અમૃત કરતાંય અતિશય ચઢી જાય એવી સ્નિગ્ધતા અને માધુર્યવાળી વાણી હોય છે. એવી એ મધુર વાણી સતત દિવસોના દિવસો સાંભળતાં ય થાક, કંટાળો, નિદ્રા, ભૂખ,

તરસ, ટાઢ, ગરમી વગેરે કોઇપણ પીડા લેશમાત્ર રહેતી નથી. એટલી અનુપમ મધુરતા એમાં હોય છે.

૨૧ **પ્રશંસનીય**–પ્રભુની એ વાણી સાંભળી જનારા એના અનુપમ ગુણોથી આકર્ષાઇને બહાર પણ બીજું બધું ભૂલીને એકલી એની જ પ્રશંસા કર્યા કરે છે. લોકમાં ચારે-બાજુ જિનવાણીના ગુણગાનના ઘોષ ચાલી રહ્યા હોય છે.

૨૨ **અમર્મવેધી**–પ્રભુની વાણી કોઇપણ શ્રોતાના મર્મને ન ખોલનારી હોય છે. નહિતર અનંતજ્ઞાની પ્રભુની જાણ-કારી તો બધી જ છે, પણ બીજાની ગુપ્ત–રહસ્યમય વાતોને બહાર ન પ્રકાશવાની પરમગંભીરતા પ્રભુમાં સાગરથી પણ અધિક હોય છે.

૨૩ **ઉદાર**–પ્રભુની વાણી ઉદાર હોય છે અર્થાત્ કહે-વાનો વિષય ઉદાર એટલે કે મહાન અને ગંભીર હોય છે; નહિ કે અલ્પ અને તુચ્છ.

૨૪ **ધર્માર્થપ્રતિબદ્ધ**–પ્રભુની વાણી ધર્મ અને અર્થ સાથે સંબદ્ધ છે. વચનનો સારો અર્થ પણ છે, અને વાણી ધર્મ ઉપદેશ કરનારી હોય છે.

૨૫ **કારકાદિનો અવિપર્યાસ**–પ્રભુની વાણીમાં વ્યાક-રણની દૃષ્ટિએ કર્તા-કર્મ વગેરે છ કારક, એકવચનાદિ વચન, પુલ્લિંગ વગેરે લિંગ, વર્તમાન વગેરે કાળ. ઇત્યા-દિમાં કયાંય જરા પણ સ્ખલના, ઉલટ સુલટ, કે ફેરફાર જેવું હોતું નથી.

૨૬ વિભ્રમાદિવિયુક્ત-વક્તાના મનમાં ભ્રાન્તતા, વિક્ષેપ વગેરે કોઇ દોષ નથી હોતા.

૨૭ ચિત્રકારી-વાણી શ્રોતાના દિલમાં અવિચ્છિન્ન રસ અને આતુરતા જાળવી રાખનારી હોય છે. આતુરતા એટલે 'હવે શું કહેશે ? હવે શું આવશે ?' એ જિજ્ઞાસા.

૨૮ અદ્‌ભુત-દુનિયામાં બીજા ભલભલા વક્તાની વાણી કરતાં અતિશય ચઢીયાતી અને ચમત્કારિક વાણી હોય છે.

૨૯ અનતિવિલમ્બી-એટલે કે ઝટપટ ઝટપટ બોલાઇ ગયેલી નહિ, તેમ બહુ જ ધીરે ધીરે જાણે અટકી અટકીને વિચાર કરી કરીને વિલંબે બોલાતી હોય એવું પણ નથી.

૩૦ અનેક જાતિ વિચિત્ર-વાણીમાં વર્ણનીય વસ્તુના સ્વરૂપના વર્ણનો અનેક જાતના આવે છે, તેથી વાણી દલદાર હોય છે.

૩૧ આરોપિત વિશેષતાવાણી-એટલે કે પ્રભુના વચને વચનમાં બીજા વચન કરતાં વિશેષતા સ્થપાઇ ગયેલી હોય છે, તેવી વાણી.

૩૨ સત્ત્વપ્રધાન-પ્રભુની વાણી પરાક્રમ ભરેલી હોય છે; માયકાંગલી, કાયર કે તામસી નથી હોતી.

૩૩ વિવિક્ત-વાણીમાં દરેક અક્ષર, દરેક પદ અને દરેક વાકય સ્પષ્ટ છૂટો હોય છે; પણ ગરબડીયો નહિ.

૩૪ અવિચ્છિન્ન-કહેવાના વિષયની યુક્તિ-દૃષ્ટાંતાદિથી સારી સિદ્ધિ કરનારી વાણી હોય છે, તેથી એ વચનોની

પ્રામાણિકતા સદા માટે હોય છે.

૩૫ અખેદ–અર્થાત્ વાણી પ્રકાશવામાં પ્રભુને જરાય ખેદ થાક કે પરિશ્રમ નથી લાગતો. શ્રોતાને એ વાણી થાકયાની નથી લાગતી, કે વિચાર અથવા મહેનત કરી કરીને બોલાતી નથી લાગતી. સહજભાવે એનો એક ધારાએ ગંગાપ્રવાહ પ્રભુના મુખમાંથી ચાલ્યો આવે છે.

આવા પાંત્રીસ અતિશયવાળી વાણી વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર દેવોની જ હોય છે, એના એકેક વચનથી કરોડો શ્રોતાઓના દિલના જુદા જુદા સંશયો એકી સાથે ભેદાઇ જાય છે; અને મહાન તત્ત્વોના નિર્ણય હૈયામાં બેસી જાય છે. ખૂબી તો જુઓ કે એ વાણીના ઉપદેશમાં નાની કીડી કે તેથીય સૂક્ષ્મ જંતુની પણ દયા કરવાનું વિધાન હોય છે. મહાશિકારી સિંહ–વાઘ જેવા પ્રાણીઓ ય એને આનંદથી સાંભળે છે. પ્રભુની એક નિકટતાનો જ એવો પ્રતાપ છે કે એ સિંહ હરણીયા સાથે, વાઘ બકરી સાથે સગાં ભાઇ–બેનની જેમ વૈર–વિરોધ વિના બેસે છે.

આમ તીર્થંકરપણાના પુણ્યોદયે અને ઘાતીકર્મના ક્ષયે નીપજતી આ પાંત્રીસ વિશેષતાઓ અને ચોત્રીસ અતિશયો વગેરે અજબ શક્તિઓ શ્રી અરિહંત પ્રભુમાં એવી હોય છે કે જેનું યથાર્થ વર્ણન મુશ્કેલ છે; છતાં એનું ચિંતન, મનન અને ગુણગાન આત્મામાં શુભ અધ્યવસાયોને પોષી ધર્મધ્યાનની વૃદ્ધિ કરી મહાન પાપક્ષય કરાવે છે.

શ્રી અરહિંત પરમાત્માના આત્માઓની અનાદિ ઉત્તમતા—

શ્રી અરિહંતદેવના આત્માઓની પુરુષોત્તમતા જણાવતાં શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે—

आकालमेते परार्थव्यसनिनः, उपसर्ज्जनीकृतस्वार्थाः, उचित-क्रियावन्तः, अदीनभावाः, सफलारम्भिणः, अदृढानुशयाः, कृतज्ञ-तापतयः, अनुपहतचित्ताः, देवगुरुबहुमानिनः तथा गम्भीराशया इति ।

શ્રી જિનેશ્વરદેવના આત્માઓ અનાદિ કાળથી આ સંસારમાં—

પરાર્થવ્યસનિનઃ–પરાર્થવ્યસની–પરોપકાર કરવાના વ્યસન-વાળા હોય છે.

ઉપસર્જ્જનીકૃતસ્વાર્થાઃ–સ્વાર્થને ગૌણ કરવાવાળા હોય છે.

ઉચિતક્રિયાવન્તઃ–સર્વત્ર ઉચિત ક્રિયાને આચરનારા હોય છે.

અદીનભાવાઃ–દીનતા વિનાના હોય છે.

સફલારમ્ભિણઃ–સફલ કાર્યનો જ આરંભ કરનારા હોય છે.

અદૃઢાનુશયાઃ–અપકારિજન ઉપર પણ અત્યંત ક્રોધને ધારણ કરનારા હોતા નથી.

कृतज्ञतापतयः–કૃતજ્ઞતા ગુણના સ્વામી હોય છે.

अनुपहतचित्ताः–દુષ્ટ વૃત્તિઓથી નહિ હણાયેલા ચિત્ત-વાળા હોય છે.

देवगुरुबहुमानिनः–દેવ અને ગુરુનું બહુમાન કરનારા હોય છે.

गम्भीराशयाः–તથા ગંભીર આશય–ચિત્તના ભાવને ધારણ કરનારા હોય છે.

જો શ્રી જિનેશ્વરદેવના આત્માઓ અનાદિકાળથી ઉપ-ર્યુક્ત વિશિષ્ટ યોગ્યતાને ધારણ કરનારા ન હોય, તો કોઇ પણ કાળે તેઓ સર્વોત્તમ બની શકે નહિ. તે સંબંધી શાસ્ત્રમાં કહ્યું છે કે—

न खल्वसमारचितमपि जात्यं रत्नं समानमितरेण ।
न च समारचित्तोऽपि काचादिर्जात्यरत्नीभवति

असमारचित–અસંસ્કારિત પણ જાત્યરત્ન કદી ઇતર એટલે એથી વિપરીત કાચાદિ સમાન બનતું નથી તથા કાચાદિ સારી રીતે સંસ્કારિત કરેલ હોય તો પણ જાત્યરત્ન સમાન બનતા નથી.

ભવ્યત્વ તમામ આત્માઓનું સમાન હોય છે કિન્તુ પ્રત્યેક ભવ્ય આત્માઓની મુક્તિ સમાનકાળે અને સમાન સામગ્રીઓથી થતી નથી. તેથી પ્રત્યેકનું 'તથાભવ્યત્વ' ભિન્ન ભિન્ન પ્રકારનું માનવું પડે છે. શ્રી જિનેશ્વરદેવના

આત્માઓનું 'સહજ તથાભવ્યત્વ' સર્વ કરતાં ઉત્તમ હોય છે. જેમ જેમ તેમનું 'સહજ તથાભવ્યત્વ' તે તે સામગ્રીના યોગે પરિપાક પામતું જાય છે, તેમ તેમ તેમની ઉત્તમતા બહાર આવતી જાય છે. વરબોધિની-સમ્યક્ત્વની પ્રાપ્તિ બાદ તો શ્રી જિનેશ્વરદેવના આત્માઓ સર્વથા પરાર્થઉદ્યમી, ઉચિતક્રિયાવાળા અને જગજ્જંતુઓનો ઉદ્ધાર કરવાના વિશાળ આશયવાળા હોય છે. અને તેથી તેમની સઘળીએ પ્રવૃત્તિ સફલ આરંભવાળી તથા સર્વોત્કૃષ્ટ સત્ત્વાર્થ-પરોપકારને સાધનારી હોય છે.

ત્રીજા ભવની ભાવના અને શ્રી જિનનામ કર્મની નિકાચના.

શ્રી જિનેશ્વરદેવના આત્માઓની ત્રીજા ભવની ઉદાત્ત ભાવનાનું વર્ણન કરતાં શ્રી પંચસંગ્રહ ગ્રન્થના ટીકાકાર આચાર્યદેવ શ્રી મલયગિરિજી મહારાજા શ્રી પંચસંગ્રહ ગ્રન્થની ટીકામાં ફરમાવે છે કે—

अहो ! चित्रमेतत्, यत्-सत्यपि पारमेश्वरे प्रवचने स्फुरत्तेजसि, मोहान्धकारविलुप्तसत्पथि दुःखपरीतचेतसो जन्तवः परिभ्रमन्ति तदहमेतानतः संसारात् अनेन प्रवचनेन यथायोगमुत्तारयामीति ॥

'अहो ! આશ્ચર્ય છે કે શ્રી જિનેશ્વરદેવપ્રરૂપિત સ્ફુરાયમાન તેજ-પ્રકાશવાળું પ્રવચન વિદ્યમાન હોવા છતાં, મોહાન્ધકારથી જેમનો સન્માર્ગ લુપ્ત થયો છે, એવા દુઃખ

પરીત ચિત્તવાળા જંતુઓ આ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છે. હું તેઓને આ ભયંકર સંસારથી, આ તારક પ્રવચન વડે પાર ઉતારૂં.

एवं च चिन्तयित्वा यथा यथा परेषामुपकारो भवति तथा तथा चेष्टते ।

'એ રીતે વિચાર કરી જે જે પ્રકારે બીજાઓને ઉપકાર થાય, તે તે પ્રકારે ઉદ્યમ કરે છે.'

શ્રી જિનેશ્વરદેવના આત્માઓની ત્રીજા ભવની એ ઉત્તમ અવસ્થાનું વર્ણન કરતાં સુવિહિત શિરોમણિ. ૧૪૪૪ ગ્રન્થ-રત્નોના પ્રણેતા સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજા સ્વોપજ્ઞ 'યોગબિન્દુ' ગ્રન્થરત્નમાં નીચે મુજબ ફરમાવે છે કે—

मोहान्धकारगहने, संसारे दुःखिता बत ।
सत्त्वाः परिभ्रमन्त्युच्चैः, सत्यस्मिन्धर्मतेजसि ॥ १ ॥

अहमेतानतः कृच्छ्राद्, यथायोगं कथंचन ।
अनेनोत्तारयामीति, वरबोधिसमन्वितः ॥ २ ॥

करुणादिगुणोपेतः, परार्थव्यसनी सदा ।
तथैव चेष्टते धीमान्, वर्द्धमानमहोदयः ॥ ३ ॥

तत्तत्कल्याणयोगेन, कुर्वन् सत्त्वार्थमेव सः ।
तीर्थकृत्त्वमवाप्नोति परं सत्त्वार्थसाधनम् ॥ ४ ॥

શ્રી સર્વજ્ઞપ્રણીત ધર્મરૂપી ઉદ્યોત જગતમાં વિદ્યમાન હોવા છતાં અહો ! મિથ્યાત્વાદિ મોહાંધકારથી વ્યાપ્ત દુઃખિત પ્રાણીઓ ભવમાં-સંસારમાં પરિભ્રમણ કરે છે— (૧)

વરબોધિને પ્રાપ્ત થયેલો હું ભીષણ ભવભ્રમણથી પીડા પામી રહેલા આ પ્રાણીઓને કોઇ પ્રકારે સર્વજ્ઞ ભગવાનના ધર્મરૂપી ઉદ્યોત વડે દુઃખમય સંસારથકી પાર ઉતારું— (૨)

અનુકમ્પા અને આસ્તિકયાદિ ગુણથી યુક્ત, પરોપકાર કરવાના વ્યસનવાળો, નવીન નવીન પ્રશસ્ત ગુણોનો ઉદય પ્રતિક્ષણ જેમને વૃદ્ધિ પામતો છે એવો બુદ્ધિમાન આત્મા પ્રાણીઓ ઉપરની કરૂણાથી પ્રેરાઈ, તેમને તારવાની ક્રિયામાં રક્ત બને છે— (૩)

સિદ્ધાન્તનું પરિશુદ્ધ જ્ઞાન, અતિશાયી ધર્મકથા, અવિસંવાદિ નિમિત્તાદિ વ્યાપારો વડે ભવ્ય પ્રાણીઓને હિતકારી મોક્ષનું બીજાધાનાદિસ્વરૂપ પરમાર્થ કરવા વડે વરબોધિમાન પુરૂષ તીર્થંકરપણાને પામે છે-તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે— (૪)

સમકિત ગુણઠાણે પરિણમ્યા,
વળી વ્રતધર સંયમ સુખ રમ્યા;
વિસ સ્થાનક વિધિએ તપ કરી,
એસી ભાવદયા દિલમાં ધરી (૧)

જો હોવે મુજ શક્તિ ઇસી,
સવિ જીવ કરું શાસનરસી;
શુચિરસ ઢળતે તિહાં બાંધતાં,
તીર્થંકર નામ નિકાચતા (૨)

શ્રી અરિહંત પરમાત્માની ત્રીજા ભવની કલ્યાણકારિણી સાધના.

શ્રી જિનેશ્વરદેવના આત્માઓ ત્રીજા ભવે શ્રી જિનનામ-કર્મની નિકાચના વખતે કેવા પ્રકારની કલ્યાણકારિણી સાધનાને સાધનારા હોય છે, તેનું વર્ણન કરતાં શ્રી ઉમાસ્વાતિ વાચકવર સ્વરચિત શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્રમાં નીચે મુજબ ફરમાવે છે—

શ્રી જિનનામકર્મના બન્ધ હેતુઓનું વર્ણન કરતાં તેઓશ્રી ફરમાવે છે કે—

' दर्शनविशुद्धिर्विनयसंपन्नता शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णं ज्ञानोपयोगसंवेगौ शक्तितस्त्यागतपसी सङ्घसाधुसमाधिवैयावृत्त्यकरणमर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्तिरावश्यकाऽपरिहाणिर्मार्गप्रभावना प्रवचनवत्सलत्वमिति तीर्थकृत्त्वस्य । '

દર્શનવિશુદ્ધિઃ-પરમપ્રકૃષ્ટસમ્યક્ત્વશુદ્ધિ-શ્રી જિનોક્ત તત્ત્વોને વિષે સર્વથા નિઃશંકિતપણું આદિ દર્શનાચારનું પાલન.

વિનયસમ્પન્નતા-અહંકારનો ત્યાગ કરી સમ્યગ્દર્શનાદિ ગુણો અને તેને ધારણ કરનારા મહાપુરૂષોનો વિનય.

शीलव्रतेष्वनतिचारः–મૂલગુણ અને ઉત્તર ગુણનું ઉત્સર્ગ અપવાદાત્મક સર્વજ્ઞ પ્રણીત સિદ્ધાન્તાનુસારે અતિચાર રહિત પાલન.

अभीक्ष्णं ज्ञानोपयोगः–પ્રતિક્ષણ–વાચના, પૃચ્છના, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા લક્ષણ શ્રુતાભ્યાસમાં ઉપયોગ.

अभीक्ष्णं संवेगः–પ્રતિક્ષણ જન્મ, જરા અને મરણાદિ ક્લેશરૂપ સંસારથી ભયભીતપણું.

शक्तितस्त्यागः–શક્તિમુજબ-શક્તિને ગોપવ્યા કે ઉલ્લંઘ્યા વિના દાનાદિ ધર્મોનું આસેવન-પાલન.

शक्तितस्तपः–શક્તિમુજબ આઠ પ્રકારના કર્મને તપાવનાર બાર પ્રકારના તપનું આસેવન-પાલન.

संघसाधुसमाधिवैयावृत्त्यकरणम्–ચતુર્વિધ સંઘ અને મોક્ષમાર્ગને સાધનાર મહાપુરૂષોને સમાધિ થાય તેવું વર્ત્તન અને વૈયાવૃત્યકરણ અથવા સંઘની સમાધિ અને સાધુનું વૈયાવચ્ચ.

अर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्तिः–અરિહંત, આચાર્ય, બહુશ્રુત અને પ્રવચન, એ ચારને વિષે, જેમાં જે રીતે ઘટે તે રીતે શુદ્ધાશયથી ભક્તિ–અનુરાગયુક્ત ઉપાસના.

आवश्यकापरिहाणिः–પ્રતિદિન ઉભયકાળ અવશ્ય કરવા લાયક સામાયિકાદિ ષડાવશ્યકોનું અથવા પ્રતિલેખનાદિ ક્રિયાઓનું ખામીરહિત આસેવન-પાલન.

માર્ગપ્રભાવના–સમ્યગ્દર્શનાદિ શ્રી જિનોક્ત માર્ગના પ્રભાવને–કરવા કરાવવા અને ઉપદેશવા આદિ વડે વિસ્તારવો–વધારવો.

પ્રવચનવત્સલત્વમ્–પ્રવચન એટલે શ્રી અરિહંત પરમાત્માનું શાસન, તેમાં રહેલા શ્રુતધરો, બાલમુનિઓ, તપસ્વીઓ, નવદીક્ષિતો, ગ્લાન મુનિવરો–આદિનો સંગ્રહ તથા ઉપગ્રહ વડે અનુગ્રહ કરવો. સાધર્મિકો પ્રત્યે સ્નેહ રાખવો. શ્રુતાધ્યયન અને સંયમાનુષ્ઠાન કરનારને દ્રવ્યભાવ ઉભય પ્રકારે સહાય કરવી.

ઉપરોક્ત ગુણો એક સાથે મળીને અથવા પૃથક્–પૃથક્ જિન–નામ–કર્મબન્ધના હેતુ બને છે.

શ્રી અરિહંત પરમાત્માનું અઢાર દોષરહિતપણું.

अन्तराया दानलाभवीर्यभोगोपभोगगाः ।
हासो रत्यरती भीतिर्जुगुप्सा शोक एव च ॥ १ ॥
कामो मिथ्यात्वमज्ञानं, निद्रा चाविरतिस्तथा ।
रागो द्वेषश्च नो दोषास्तेषामष्टादशाप्यमी ॥ २ ॥

દાનગત અન્તરાય, લાભગત અન્તરાય, વીર્યગત અન્તરાય, ભોગગત અન્તરાય અને ઉપભોગગત અન્તરાય, હાસ્ય, રતિ-પદાર્થો ઉપર પ્રીતિ, અરતિ-પદાર્થો ઉપર અપ્રીતિ, ભીતિ-ભય, જુગુપ્સા-ધૃણા, શોક, કામ, મિથ્યાત્વ,-દર્શન-મોહ, અજ્ઞાન-મૂઢતા, નિદ્રા, અવિરતિ, રાગ-સુખ અને તેના સાધનને વિષે ગૃદ્ધિ-આસક્તિ અને દ્વેષ-દુઃખ અને તેના સાધનને વિષે ક્રોધ, એ અઢાર દોષો શ્રી અરિહંત દેવોમાં હોતા નથી.

મુખ્યપણે અઢાર પ્રકારના દોષો સંસારી જીવોમાં જોવામાં આવે છે, શ્રી અરિહંત પરમાત્મા એ અઢારે પ્રકારના દોષોથી સર્વથા મુક્ત હોય છે. -અહીં આપણે પરમાત્માના અઢાર દોષરહિતપણાની થોડી વધુ વિગત જોઇએ.

૧ અરિહંત પરમાત્માનાં દાનાંતરાય નામનો દોષ હોતો નથી એટલે કે દાન આપવાની સંપૂર્ણ શક્તિ તેમનામાં પ્રગટેલી હોય છે.

૨ તેવી જ રીતે સર્વ પ્રકારના લાભો પ્રાપ્ત કરવાની

શક્તિ પણ તેમનામાં સંપૂર્ણપણે પ્રગટેલી હોય છે તેથી તેમનામાં લાભાંતરાય નામનો દોષ હોતો નથી.

૩ તેમનો ભોગાંતરાય સંપૂર્ણ ક્ષય થયેલ છે તેથી ભોગાંતરાય નામનો દોષ તેમનામાં હોતો નથી.

૪ ઉપભોગાંતરાય પણ તેમનો સંપૂર્ણપણે ક્ષય થયેલ છે તેથી ઉપભોગાંતરાય નામનો દોષ પણ તેમનામાં હોતો નથી.

૫ પરાક્રમ ફોરવવાની સમગ્ર શક્તિ તેમનામાં પ્રગટેલી હોય છે તેથી તેમનામાં વીર્યાંતરાય નામનો દોષ હોતો નથી.

૬ અરિહંત પરમાત્મા સંપૂર્ણ જ્ઞાની હોવાથી સામાન્ય મનુષ્યને જેમ કુતુહલ આદિથી હસવાનું થાય તેમ પરમાત્માને હસવાનું (હાસ્ય) હોય નહિ.

૭ પરમાત્મા મોહ વિનાના હોવાથી સંસારી જીવોને જેમ સુખ ઉપર રતિ થાય તેમ પરમાત્માને સુખ ઉપર રતિ હોય નહિ.

૮ તેવી જ રીતે તેઓ જ્ઞાની હોવાથી તેમને દુઃખ ઉપર અરતિ પણ ન હોય.

૯ પરમાત્મા સર્વ શક્તિમાન હોવાથી તેમને કોઇ જાતનો કોઈના તરફથી ભય હોતો નથી.

૧૦ જુગુપ્સા એટલે ઘૃણા. પરમાત્મા સચેતન તમામ પદાર્થોમાં રહેલા તમામ પર્યાયોને જાણતા હોવાથી તેમને પદાર્થની કોઇપણ અવસ્થા જોઇને જુગુપ્સા થતી નથી.

૧૧ શોક એ મોહનીય કર્મનો એક પ્રકાર છે. પરમાત્મા મોહથી સર્વથા રહિત હોવાથી તેમને શોક હોતો નથી.

૧૨ કામ એટલે વિષયવિકાર. પરમાત્મા કામ વિકારથી સર્વથા રહિત હોય છે.

૧૩ મિથ્યાત્વ એટલે સાચાને ખોટું અને ખોટાને સાચું માનવું તે. પરમાત્મામાં આ મિથ્યાત્વ હોતું નથી. પરમાત્મામાં કોઇ પ્રકારનો મોહ નહિ હોવાથી પોતાના મત ઉપર પણ મોહ હોતો નથી.

૧૪ ભગવાન સર્વજ્ઞ હોવાથી કોઈપણ જાતનું અજ્ઞાન એમનામાં હોતું નથી.

૧૫ પરમાત્મા જગતના ચરાચર સમગ્ર પદાર્થોને હંમેશને માટે દેખતા હોવાથી નિદ્રા તેમને હોતી નથી. તેઓ સદાકાળ જાગૃત જ હોય છે.

૧૬ અવિરતિ એટલે ભોગતૃષ્ણા. પરમેશ્વર ભોગ તૃષ્ણાથી સર્વથા રહિત હોવાથી તેમનામાં અવિરતિ નામનો દોષ હોતો નથી.

૧૭ જગતના તમામ પદાર્થો ઉપર તેઓ સમદૃષ્ટિવાળા હોવાથી તેમનામાં રાગ હોતો નથી.

૧૮ તેવી જ રીતે દ્વેષ પણ હોતો નથી.

કૈવલ્યપદનાં નામો.

અહીં ઉપર જણાવવામાં આવ્યા તે અઢાર દોષો એ ઘાતિકર્મના પેટા ભેદો છે, એ દોષોનો અભાવ થવાથી

એટલે કે ઘાતિકર્મોનો ક્ષય થવાથી અનુક્રમે કૈવલ્ય એટલે મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રોમાં એ કૈવલ્યપદના અનેક શુભ નામો વર્ણવ્યાં છે. તેમાંનાં કેટલાંક નામો નીચે મુજબ છે.

મહાનંદપદ, અમૃતસ્થાન, સિદ્ધિગતિ. અપુનર્ભવાવસ્થા, શિવપદ, નિઃશ્રેયસપદ, નિર્વાણપદ, બ્રહ્મપદ, નિર્વૃત્તિસ્થાન, મહોદયપદ, સર્વદુઃખક્ષય, નિર્વાણપદ, અક્ષયપદ, મુક્તિ, મોક્ષ અને અપવર્ગ ઇત્યાદિ—

કૈવલ્યપદનાં સાધનો.

એ પદની અભિલાષાવાળા આત્માઓને મુમુક્ષુ, શ્રમણ, યતિ, વાચંયમ, સાધુ. અનગાર, ઋષિ, મુનિ, નિર્ગ્રન્થ, ભિક્ષુ, તપોધન, યોગી. શમભૃત્ અને ક્ષાન્તિમાન્ ઇત્યાદિ શુભ નામોથી સંબોધેલા છે. તપ, યોગ, સમતા અને ક્ષમા એ એમનું ધન હોય છે.

કૈવલ્યપદનો ઉપાય.

કૈવલ્યપદની સાધનાને શાસ્ત્રોમાં 'યોગ' પદથી સંબોધેલી છે. યોગ એ કૈવલ્યપદ યાને મોક્ષનો ઉપાય છે. એ યોગ જ્ઞાન. શ્રદ્ધા અને ચારિત્રસ્વરૂપ છે. યથાવસ્થિત તત્ત્વના અવબોધને જ્ઞાન કહેવાય છે. સમ્યક્ તત્ત્વો વિષેની રુચિને શ્રદ્ધા કહેવાય છે. તથા સાવદ્યયોગો–પાપવાળા વ્યાપારોના ત્યાગને ચારિત્ર કહેવાય છે. એ ત્રણનો એકત્ર સમાગમ એ મોક્ષનો ઉપાય છે.

શ્રી અરિહંત પરમાત્માના બાર ગુણો.

શ્રી અરિહંત પરમાત્માના ચોત્રીસ અતિશયો અને વાણીના પાંત્રીસ અતિશયોમાં જો કે તેમના બાર ગુણોનો સમાવેશ થઇ જાય છે. છતાં શ્રી અરિહંત પરમાત્માની આરાધના મુખ્યપણે બાર ગુણથી થાય છે તેથી શ્રી અરિહંત પરમાત્માના બાર ગુણોનું સ્વતંત્ર પ્રકરણ અત્રે આપવામાં આવ્યું છે, તેમાં પ્રથમ આઠ પ્રાતિહાર્ય સંબંધીનો એક પ્રાચીન શ્લોક ભાવાર્થ સહિત આપી પછી દરેક પ્રાતિહાર્યનો એક એક શ્લોક ભાવાર્થ સહિત આપવામાં આવશે એ રીતે પ્રભુના અષ્ટ પ્રાતિહાર્ય યુક્તપણાના ૮ ગુણો દર્શાવીને પછી અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય પૂજાતિશય અને વચનાતિશય એ નામના ચાર ગુણો દર્શાવી આ પ્રકરણમાં પ્રભુના બાર ગુણો બતાવવામાં આવશે.

अशोकवृक्षः सुरपुष्पवृष्टिः दिव्यध्वनिश्चामरमासनं च ।
भामंडलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥

ભાવાર્થ-અશોકવૃક્ષ, દેવતાઓ વડે થતી પુષ્પવૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, ચામર, સિંહાસન ભામંડલ દુંદુભિ અને છત્ર

એ પ્રકારે જિનેશ્વર ભગવાનના આઠ પ્રાતિહાર્યો છે. ભગવાન જ્યાં વિહાર કરે છે, અથવા સમવસરે છે, ત્યાં ત્યાં દેવતાઓ પોતે ભક્તિભાવથી પ્રભુની કાયાથી બાર ગણું વિસ્તીર્ણ શાખાવાળું અશોકવૃક્ષ, ફૂલની વૃષ્ટિ, પ્રભુની દેશના મનોહર રૂપ ધારણ કરે એ માટે સ્વરની પૂર્તિ, ભગવાનને વિંજવા માટે રત્નજડિત શ્વેત ચામરો, ભગવાનને બેસવા માટે સુવર્ણમય સિંહાસન, પ્રભુના મસ્તકના પાછલા ભાગે જ્યોતિઃમંડલ અને પ્રભુના મસ્તક ઉપર ત્રણ છત્ર અને આકાશમાં દુંદુભિ વાજિંત્ર રચે છે. આ પ્રાતિહાર્યોનું ધ્યાન કરતી વેળા આપણે કેવી ભાવના ભાવવી જોઈએ તેના ઉપર આચાર્ય ભગવંત શ્રી સિદ્ધસેન દીવાકર સૂરીશ્વરજી મહારાજાએ બહુ જ કવિત્વભરી વાણીમાં સુંદર રીતે કહ્યું છે તે અહીં હવે પછી જણાવીએ છીએ.

પહેલા 'અશોકવૃક્ષ'ના પ્રાતિહાર્ય વિષે તેઓશ્રી ફરમાવે છે કેઃ—

धर्मोपदेशसमये सविधानुभावा,-
दास्तां जनो भवति ते तरुरप्यशोकः ।
अभ्युद्गते दिनपतौ समहीरुहोऽपि,
किं वा विबोधमुपयाति न जीवलोकः ॥

ભાવાર્થ :- હે પ્રભુ ! આપ જ્યારે ધર્મોપદેશ આપો છો ત્યારે આપની પાસે વૃક્ષ પણ અશોક થઈ જાય છે. તો પછી મનુષ્યો શોકરહિત થાય એમાં આશ્ચર્ય જ શું છે ? વળી તેમ બને એ અસ્વાભાવિક પણ નથી, કારણ કે સૂર્યો

દય થવાથી મનુષ્યો જ માત્ર વિકાસ પામે છે એટલું જ નહીં કિંતુ વનસ્પતિ સુદ્ધા પણ પત્રસંકોચાદિ લક્ષણવાળી નિદ્રાનો ત્યાગ કરી વિકાસને પામે છે, એ સર્વજનપ્રસિદ્ધ વાત છે.

બીજા પ્રાતિહાર્ય 'સુરપુષ્પવૃષ્ટિ' વિષે તેઓશ્રી ફરમાવે છે કે :-

चित्रं विभो। कथमवाङ्मुखवृंतमेव,
विष्वक् पतत्यविरला सुरपुष्पवृष्टिः ।
त्वद्गोचरे सुमनसां यदि वा मुनीश,
गच्छंति नूनमध एव हि बंधनानि ॥

ભાવાર્થ :- હે સ્વામિન્! દેવતાઓ જ્યારે પુષ્પની વૃષ્ટિ કરે છે ત્યારે તે પુષ્પો મુખ ઉંચું રાખીને તથા બીટ-બંધન નીચું રાખીને પૃથ્વી ઉપર પડે છે એ આશ્ચર્યકારક છે, પરંતુ તે પણ એક રીતે તો બનવાજોગ જ છે, કારણ કે આપની સમીપે શોભાયમાન કિંવા પવિત્ર મનવાળાનાં અંતરબાહ્ય બંધનો અધોમુખ થાય અને ભાવ ઉન્મુખ થાય એ તો સ્વાભાવિક જ છે. પ્રભુના પ્રભાવથી ભવ્ય લોકના ચિત્ત ઉપર કેવી મનોહર અસર થાય છે તેનું આમાં સૂચન કરવામાં આવ્યું છે. જેવી રીતે પુષ્પના બંધનો નીચે ઢંકાઈ રહે છે અને પાંદડીઓ વિકસી રહે છે તેવી જ રીતે પ્રભુના દર્શન માત્રથી ભવ્ય પ્રાણીઓના રોમરોમમાં વિકસ્વરતા પ્રાપ્ત થાય છે.

ત્રીજા પ્રાતિહાર્ય ' દિવ્યધ્વનિ ' વિષે તેઓશ્રી પ્રકાશે છે કે :-

स्थाने गभीरहृदयोदधिसंभवायाः,
पीयूषतां तव गिरः समुदीरयंति ।
पीत्वा यतः परमसंमदसंगभाजो,
भव्या व्रजंति तरसाऽप्यजरामरत्वम् ॥

ભાવાર્થ :- સમુદ્રમંથનને અંતે સમુદ્રમાંથી જેવી રીતે અમૃત બહાર આવ્યું હતું અને તેના પાનથી દેવતાઓ અમર બન્યા હતા તેવી રીતે હે પ્રભો ! આપની વાણી ગંભીર હૃદયરૂપી સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલ અમૃતને જ બહાર કાઢે છે, તે સ્વાભાવિક છે. કારણ કે તેના પાનથી ઉત્કટ હર્ષવાળા ભવ્યાત્માઓ જલ્દીથી અજર-અમર પદને પામી જાય છે. અર્થાત્ આપનો દિવ્યધ્વનિ અને અમૃત એક સરખા જ સુખકર તથા કલ્યાણકર છે.

ચોથા પ્રાતિહાર્ય 'ચામર' અંગે તેઓશ્રી દર્શાવે છે કે :-

स्वामिन् ! सुदूरमवनम्य समुत्पतंतो,
मन्ये वदंति शुचयः सुरचामरौघाः ।
येऽस्मै नतिं विदधते मुनिपुंगवाय,
ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ॥

ભાવાર્થ :- હે સ્વામિન્ ! મને એમ લાગે છે કે પવિત્ર દેવતાઓ વડે વિંજાતા ચામરોના સમૂહ કે જે અત્યંત નીચે નમીને ઉછળે છે તેનો ઉદ્દેશ મનુષ્યોને એવો ઉપદેશ

આપવાનો જણાય છે કે "જે મનુષ્યો આ મુનિપુંગવ - તીર્થંકર પ્રભુને નમસ્કાર કરે છે તે ખરેખર ઊંચી ગતિવાળા અને ઉચ્ચ ભાવવાળા બને છે." બીજા શબ્દોમાં કહીએ તો આ ચામરો જણાવે છે કે અમે પણ પ્રભુ આગળ પ્રથમ મસ્તક નમાવીએ છીએ અને એ લઘુતા જ અમને ઉર્ધ્વગતિએ પહોંચાડે છે.

પાંચમા પ્રાતિહાર્ય 'સિંહાસન' વિષે તેઓશ્રી પ્રરૂપે છે કે :-

श्यामं गभीरगिरमुज्ज्वलहेमरत्न,-
सिंहासनस्थमिह भव्यशिखंडिनस्त्वाम् ।
आलोकयंति रभसेन नदंतमुच्चै-
श्चामीकराद्रिशिरसीव नवांबुवाहम् ॥

ભાવાર્થ :- ભવિજીવરૂપી મયૂરો આ સમવસરણને વિષે ઉજ્જવલ હેમ અને રત્નથી જડેલા સિંહાસનમાં બેઠેલા શ્યામવર્ણયુક્ત અને ગંભીર વાણીવાળા આપને, જેવી રીતે મેરુ પર્વતના શિખરમાં ઊંચે સ્વરે શબ્દ કરતા-ગર્જના કરતા નવીન મેઘને જ જુએ તેમ ઉત્સુકપણાથી જુએ છે. અર્થાત્ મેરુપર્વતના સ્થાને સિંહાસન સમજવું અને મેઘના સ્થાને પ્રભુનું શ્યામ શરીર, મયૂરોના સ્થાને ભવ્ય જીવો તથા ગર્જનાને સ્થાને પ્રભુની વાણી સમજવી.

છઠ્ઠા પ્રાતિહાર્ય શ્રી 'ભામંડળ' સંબંધી તેઓશ્રી લખે છે કે :-

उद्गच्छता तव शितिद्युतिमंडलेन,
लुप्तच्छदच्छविरशोकतरुर्बभूव ।

सान्निध्यतोऽपि यदि वा तव वीतराग,
नीरागतां व्रजति को न सचेतनोऽपि।

ભાવાર્થ :- ભગવાનના મહાતેજસ્વી ભામંડલને લીધે અશોકવૃક્ષની પત્રકાંતિ તથા રક્તતા પણ લોપાઇ ગઇ, તેનું કારણ સ્પષ્ટ જ છે કે રાગ-દ્વેષ રહિત શ્રી વીતરાગ ભગવાનની સમીપતાના પ્રભાવે ચેતનવંત પ્રાણી નિરાગતા કિંવા નિર્મમત્વ ભાવને પામે એમાં આશ્ચર્ય જ નથી. પ્રભુની વાણી સાંભળવાથી જે અનહદ લાભ થાય છે તેને એક બાજુ રાખીએ, પ્રભુના દર્શનથી જે દૈવી આનંદ પ્રગટે છે તેને પણ એક તરફ રહેવા દઇએ તો પણ પ્રભુની સમીપતામાં રહેવા માત્રથી પણ કેટલો લાભ થાય છે તેનું આ શ્લોકમાં સૂચન કરવામાં આવ્યું છે.

સાતમા પ્રાતિહાર્ય 'દુંદુભિ' વિષે કેવી ભાવના સેવવી જોઈએ એ દર્શાવતા તેઓશ્રી કહે છે કે :-

भो भोः प्रमादमवधूय भजध्वमेन,-
मागत्य निवृतिपुरिं प्रति सार्थवाहम् ।
एतन्निवेदयति देव जगत्त्रयाय,
मन्ये नदन्नभिनभः सुरदुन्दुभिस्ते ॥

ભાવાર્થ :- પોતાની ગર્જના વડે આકાશને ઘેરી લેતો અને શબ્દાયમાન કરતો દેવદુંદુભિનો નાદ જગતને એમ સંબોધી રહ્યો છે કે "હે ત્રણ જગતના પ્રાણીઓ ! આલસ્યાદિ અંતરંગ શત્રુઓને ત્યજી દઇ આ શ્રી તીર્થંકર પ્રભુ કે જે તમને મોક્ષમાર્ગ દર્શાવનાર

છે તેમની પાસે આવો અને તેમનું શરણ સ્વીકારો.''
આ પ્રાતિહાર્યથી પ્રભુ જગત ઉદ્ધારક તથા જગતને અભય-દાન આપનારા છે એમ સૂચિત થાય છે.

છેલ્લા 'છત્રત્રયી' નામના આઠમા પ્રાતિહાર્ય વિષે તેઓશ્રી વદે છે કે :-

उद्योतितेषु भवता भुवनेषु नाथ,
तारान्वितो विधुरयं विहताधिकारः ।
मुक्ताकलापकलितोच्छ्रवसितातपत्र,-
व्याजात्त्रिधा धृततनुर्ध्रुवमभ्युपेतः ॥

ભાવાર્થ :- હે પ્રભુ આપની ઉપર જે ત્રણ છત્ર જેવું દેખાય છે તે છત્ર નથી પરંતુ મૂક્તાના સમૂહથી યુક્ત અને ઉલ્લસિત એવા છત્રના બહાનાથી ચંદ્ર પોતે પોતાના તારા મંડળ સાથે ત્રણ પ્રકારનું શરીર ધારણ કરી આપની પાસે સેવા અર્થે હાજર થયો હોય એમ લાગે છે. ચંદ્ર તમારી સેવામાં હાજર થાય એમાં નવાઈ પણ નથી, કારણ કે તેનો અધિકાર જગતને જે પ્રકાશ આપવાનો હતો તે આપના પ્રકાશથી હણાઇ ગયો હતો, કેમકે આપ પોતે જ્યાં ત્રણ ભુવનને પ્રકાશિત કરતા હો ત્યાં ચંદ્ર બિચારો નિષ્ફળ થાય એમાં કંઈ આશ્ચર્ય નથી !

આ અષ્ટ પ્રાતિહાર્યનું સ્વરૂપ સંક્ષેપમાં કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ શ્રી વીત-રાગ સ્તોત્રમાં બતાવ્યું છે, તેને પણ પ્રસંગોપાત્ત અહીં મૂળ શ્લોક અને તેના અર્થ સહિત જણાવવામાં આવે છે.

કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ૦ વિરચિત શ્રી વીતરાગ સ્તોત્રના આધારે આઠ પ્રાતિહાર્યોનું સ્વરૂપ :—

(૧) અશોકવૃક્ષ પ્રાતિહાર્ય.

गायन्निवालिविरुतै,-र्नृत्यन्निव चलैर्दलैः ।
त्वद्गुणैरिव रक्तोऽसौ, मोदते चैत्यपादपः ॥ १ ॥

હે નાથ! ભ્રમરોના શબ્દ વડે જાણે ગાયન કરતો હોય, ચંચલ પાંદડાઓ વડે જાણે નૃત્ય કરતો હોય તથા આપના ગુણો વડે જાણે રક્ત-રાતો બન્યો હોય, તેમ આ અશોક વૃક્ષ હર્ષ પામે છે. (૧)

(૨) સુરપુષ્પવૃષ્ટિ પ્રાતિહાર્ય.

आयोजनं सुमनसोऽधस्तान्निक्षिप्तबन्धनाः ।
जानुदध्नीः सुमनसो देशनोर्व्यां क्किरन्ति ते ॥ ५ ॥

હે નાથ! એક યોજન સુધી જેનાં ડીંટડા નીચા છે એવા જાનુપ્રમાણ પુષ્પોને દેવતાઓ આપની દેશનાભૂમિને વિષે વરસાવે છે. (૨)

(૩) દિવ્ય ધ્વનિ પ્રાતિહાર્ય.

માલવકૈશિકીમુખ્ય,-ગ્રામરાગપવિત્રિતઃ ।
તવ દિવ્યો ધ્વનિઃ પીતો હર્ષોદ્ગ્રીવૈર્મૃગૈરપિ ॥ ૩ ॥

માલકોશ વિગેરે ગ્રામરાગથી પવિત્ર થયેલો આપનો ધ્વનિ હર્ષ વડે ઉંચી ગ્રીવાવાળા બનેલા હરણીયાઓ દ્વારા પણ પીવાયેા છે. (૩)

(૪) ચામર પ્રાતિહાર્ય.

તવેન્દુધામધવલા, ચકાસ્તિ ચમરાવલી ।
હંસાલિરિવ વક્ત્રાબ્જ,-પરિચર્યાપરાયણા ॥ ૪ ॥

ચંદ્રની કાંતિ સમાન ઉજ્જવળ એવી ચામરોની શ્રેણિ જાણે આપના મુખકમલની સેવામાં તત્પર થયેલી હંસની શ્રેણી ન હોય, તેમ શોભે છે. (૪)

(૫) સિંહાસન પ્રાતિહાર્ય.

મૃગેન્દ્રાસનમારૂઢે, ત્વયિ તન્વતિ દેશનામ્ ।
શ્રોતું મૃગાસ્સમાયાન્તિ, મૃગેન્દ્રમિવ સેવિતુમ્ ॥ ૫ ॥

હે પ્રભો ! આપ જ્યારે દેશના દેવા માટે સિંહાસન પર આરૂઢ થાઓ છો ત્યારે આપની દેશના શ્રવણ કરવા માટે હરણીયાઓ આવે છે, તે જાણે પોતાના સ્વામિ મૃગેન્દ્રની સેવા કરવા માટે આવતો હોય તેમ લાગે છે. (૫)

(૬) ભામંડળ પ્રાતિહાર્ય.

ભાસાં ચયૈઃ પરિવૃતો, જ્યોત્સ્નાભિરિવ ચન્દ્રમાઃ ।
ચકોરાણામિવ દૃશાં, દદાસિ પરમાં મુદમ્ ॥ ૬ ॥

જ્યોત્સ્ના વડે વીંટાયેલો ચંદ્રમા જેમ ચકોર પક્ષીઓના નેત્રોને આનંદ આપે છે, તેમ તેજના પૂંજ સ્વરૂપ ભામંડલ વડે વીંટાયેલા આપ સજ્જનોની ચક્ષુઓને પરમ આનંદ આપો છો. (૬)

(૭) દુંદુભિ પ્રાતિહાર્ય.

दुन्दुभिर्विश्वविश्वेश! पुरो व्योम्नि प्रतिध्वनन् ।
जगत्याप्तेषु ते प्राज्यं, साम्राज्यमिव शंसति ॥ ७ ॥

હે સર્વ વિશ્વના ઈશ! આકાશમાં આપની આગળ પડઘો પાડતો દેવદુંદુભિ, જાણે જગતને વિષે આપ્ત પુરુષોમાં આપનું પરમ સામ્રાજ્ય છે એમ કહેતો ન હોય, તેમ ધ્વનિત કરે છે. (૭)

(૮) છત્રત્રયી પ્રાતિહાર્ય.

तवोर्ध्वमूर्ध्वपुण्यर्द्धि-क्रमसब्रह्मचारिणी ।
छत्रत्रयी त्रिभुवन,-प्रभुत्वप्रौढिशंसिनी ॥ ८ ॥

વધતી જતી એવી આપની પુણ્ય ઋદ્ધિના ક્રમ સમાન ઉપરાઉપરી રહેલાં ત્રણ છત્રો જાણે ત્રણ ભુવનના વિષે રહેલી આપની પ્રભુતાની પ્રૌઢતાને કહી રહ્યા છે. (૮)

આ રીતે આઠ પ્રાતિહાર્યો એ પ્રભુના આઠ ગુણો થયા હવે અહીં અપાયાપગમ આદિ ચાર ગુણો દર્શાવવામાં આવે છે.

(૯) અપાયાપગમ અતિશય.

પ્રભુને આ અપાયાપગમ નામનો અતિશય બે પ્રકારે હોય છે એક સામાન્ય અને બીજો વિશેષ. તેમાં સામાન્યમાં પોતામાં અઢાર પ્રકારના દોષોનો જે નાશ થાય છે તે સમજવો*

અને વિશેષ અર્થમાં શ્રી અરિહંત પરમાત્મા વિચરતા હોય ત્યાંથી ચારે બાજુના સવાસો યોજનમાંથી મારી મરકી આદિ ઉપદ્રવો શાંત થઇ જાય છે.×

(૧૦) જ્ઞાનાતિશય.

અઢારેય દૂષણો નાશ પામ્યાથી તીર્થંકર પરમાત્મામાં કેવલજ્ઞાન, કેવલદર્શન પ્રગટે છે. તેનાથી લોક, અલોક સમસ્ત જગતના સર્વ જીવો અને સર્વ પુદ્ગલાદિ અજીવ દ્રવ્યોની સર્વ ભૂત ભાવી-વર્તમાનકાળની દરેકે દરેક અવસ્થા ભગવાન્ પ્રત્યક્ષ જાણે છે અને જુએ છે. એમનાં અનંતજ્ઞાન-દર્શનમાં જોવા-જાણવામાંથી કયાંય કશું જ બાકી રહેતું નથી, તે પણ મનનો ઉપયોગ મૂકયા વિના સદા જોતા જાણતા જ બિરાજે છે. દાખલા તરીકે જેમ દર્પણમાં સહજ ભાવે એની સામેની બધી ખુલ્લી ચીજોનું એકી સાથે પ્રતિ-બિંબ પડે છે;એવી રીતે આ અનંતજ્ઞાન દર્શનમાં સમસ્ત દ્રવ્યોના ત્રિકાળવર્તી ભાવો જાણે પ્રતિબિંબિત થાય છે, દરેક ભાવ પર જ્ઞાનનો પ્રકાશ પડે છે. આવા જ્ઞાનથી એ

---

* જેનું વર્ણન આ પુસ્તકમાં અન્યત્ર કરવામાં આવ્યું છે.

× આનું વર્ણન પણ આ પુસ્તકમાં અન્યત્ર કરવામાં આવ્યું છે.

પ્રભુ સર્વજ્ઞ બન્યા. તેથી એમનામાં હવે લેશમાત્ર અજ્ઞાનતા નથી. એટલે કે જગતમાં કયારેય, કયાંય પણ કોઈ પણ બનેલ પ્રસંગ, પદાર્થ કે પ્રવૃત્તિને ન જાણવા-જોવાપણું નથી. એ બધું જોવા મુજબ જ જે તત્ત્વો જેવા રૂપે છે, તે રૂપે જ એ ઉપદેશે છે. મોક્ષ-સંસારનું સ્વરૂપ અને મોક્ષ માર્ગ બરાબર વર્ણવે છે. તેથી તેમાં અસત્યનો લેશ પણ નથી હોતો. વળી પૂર્વોક્ત રાગ-દ્વેષાદિ અઢાર દૂષણો નીકળી જવાથી સાચું જાણવા છતાંય એ દોષોના નિમિત્તે બોલાતું જૂઠું બોલવાનો પણ, અહીં અવકાશ નથી, માટે જ સર્વજ્ઞ વીતરાગ પરમાત્માનો જ ઉપદેશ યથાર્થ, સત્ય, વિશ્વસનીય અને આદરણીય હોય છે.

(૧૧) પૂજાતિશય.

શ્રી અરિહંત પરમાત્મા પોતાના ચરમ ભવમાં સાધુપણાનો સ્વીકાર કરીને અપ્રમત્ત સાધના દ્વારા જ્યારે તેઓ વીતરાગ-સર્વજ્ઞ બને છે ત્યારે તીર્થંકરપણાનું પુણ્ય પ્રગટ થાય છે અને તે વખતે સ્વર્ગમાંથી ઇન્દ્રો અને અનેક દેવ-દેવીઓ અહીં આવી ભગવંતની ભારે પૂજાભક્તિ કરે છે તેઓ આઠ પ્રાતિહાર્યોની શોભા કરે છે. પ્રભુના સમવસરણની શોભા અલૌકિક હોય છે. તે સમવસરણમાં પ્રભુની આસપાસ બાર પર્ષદા બેસે છે, તેમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એ ચાર, અને વ્યંતર, ભવનપતિ, જ્યોતિષી, વૈમાનિકના દેવો તથા દેવીઓ એ આઠ, એમ કુલ બાર પર્ષદા હોય છે. પ્રભુની સામે જમણા હાથે સૌથી આગળ

ગણધર ભગવાન બેસે છે પછી કેવળજ્ઞાની મહર્ષિઓ, પછી મનઃપર્યવજ્ઞાની વગેરે મહર્દ્ધિક સાધુઓ તથા પાછળ બીજા સાધુ મહારાજો હોય છે. પછી પાછળ વૈમાનિક દેવીઓ અને સાધ્વીઓ ઉભી હોય છે. પ્રભુ ત્યાં સમવસરણમાં ધર્મની અને તત્ત્વની દેશના આપે છે અને અનેક જીવોને બોધ પમાડી એમના મિથ્યાત્વાદિ દોષો હઠાવીને એમને સાધુપણું, શ્રાવકપણું અને સમ્યક્ત્વાદિ આપે છે.

(૧૨) વચનાતિશય.

પ્રભુ જે દેશના આપે છે, તે વાણી પાંત્રીસ ગુણવાળી હોય છે એનું વર્ણન આ પુસ્તકમાં અન્યત્ર કરવામાં આવ્યું છે. એ વાણીમાં એવી તો મીઠાશ રહેલી હોય છે કે તેને દૃષ્ટાંતથી સમજવું હોય તો ધારો કે એક બાજુ જેઠ માસનો ધીખતો તાપ છે, બીજી બાજુ શેઠની ધમકીથી ભારે લાકડાનો ભારો, માથે ઉંચકી કોઈ દુર્બળ ડોશી અત્યંત થાકેલી અને બહુ ભૂખ તરસથી ખાનપાનની ઉતાવળમાં ઝટપટ ઝટપટ ચાલી આવતી હોય, અને ત્યાં એમાંથી એકાદ લાકડું નીચે પડી ગયું તેને લેવા એક હાથે માથે ભાર પકડી રાખી કેડેથી નમી બીજો હાથ નીચો નમાવે. બરાબર એટલામાં જ ધારો કે નજીકમાં રચાયેલા સમવસરણ પરથી નીકળેલી પ્રભુની મધુરી વાણીનો સુર ડોશીના કાન પર પડે, તો એ સાંભળવાના રસમાં એમ જ વાંકીને વાંકી વળેલી વળેલી ઉભી રહી જાય અને ભૂખ, તરસ, થાક, અશક્તિ, દુઃખ એ બધું ભૂલીને મહા આનંદમાં મગ્ન થઇને એ

વાણીને સાંભળ્યા જ કરે! એટલી બધી મિઠાશ પ્રભુની વાણીમાં હોય છે! વળી તે વાણી સર્વ પ્રકારના પશુ, પંખી, માનવ અને દેવો પોતપોતાની ભાષામાં સારી રીતે સમજી શકે છે. તેમ જ માત્ર એક પ્રકારે બોલાયેલું પણ પ્રભુવચન અનેક જીવોના હૃદયમાં ઉઠતા જુદા જુદા અનેક સંદેહોને એકી સાથે દૂર કરી દે છે! પ્રભુની વાણીના પ્રભાવ આગળ ભલભલા વાદીઓ પણ પોતાના વિવાદ-કુતર્ક ચલાવી શકતા નથી; કિન્તુ સાંભળતાં જ બેસી રહે છે. અનંત જ્ઞાનને ધરનારા પ્રભુ પર્ષદાના સર્વ પ્રશ્નોના ઉત્તર કહી શકે છે. કેવળજ્ઞાનના બળથી જીવોના અનંત ભવો અને અનંતાનંત પરમાણુના અનંત કાળના પર્યાયો પ્રભુ હાથમાં રહેલા સ્પષ્ટ મોટા આમળાની જેમ પ્રત્યક્ષ જૂએ છે. કારણ કે એમનાથી કાંઇ અજાણ્યું હોતું નથી. આ રીતે અરિહંત પરમાત્માના બાર ગુણની વિગત અહીં સંક્ષેપમાં પૂર્ણ થાય છે.

જિનવાણી મહિમા.

અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી,
સુરનર તિરિ પ્રાણિ, સાંભળે જાસ વાણી;
એક વચન સમઝાણી, જેહ સ્યાદ્વાદ જાણી,
તર્યા તે ગુણખાણી, પામિયા સિદ્ધિરાણી. ૧
સુપાર્શ્વ જિનવાણી, સાંભળે જેહ પ્રાણી,
હૃદયે પહેચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી;
પાંત્રીશ ગુણખાણી, સૂત્રમાં જે ગુંથાણી;
ષટ્ દ્રવ્યશું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી. ૨

શ્રી અરિહંત પરમાત્માની માતાને આવતા ચૌદ સ્વપ્નનું કિંચિત્ રહસ્ય.

શ્રી તીર્થંકર પરમાત્મા જ્યારે માતાના ગર્ભમાં આવે છે, ત્યારે તેમના મહાન પ્રભાવે તેમની માતાને નીચે મુજબ ચૌદ સ્વપ્નાં આવે છે.

પહેલે[૧] ગજવર દીઠો, બીજે[૨] વૃષભ પઈઠો; ત્રીજે[૩] કેસરીસિંહ, ચોથે[૪] લક્ષ્મી[૫] અભિહ. ૧ પાંચમે કુલની માળા, છઠ્ઠે[૬] ચંદ્ર[૭] વિશાળા; રવિ[૮] રાતો ધ્વજ[૯] મોટો, પૂરણ કળશ[૧૦] નવિ છોટો.૨ દશમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર[૧૧], ભવનવિમાન[૧૨] રત્નગંજી[૧૩], અગ્નિશિખા[૧૪] ધૂમવજ્જં.૩

આ ચૌદ સ્વપ્નમાં કેટલો ગંભીર આશય રહેલો છે તેનો સંક્ષિપ્ત સાર નીચેના કાવ્યોમાં અર્થ સહિત આપવામાં આવ્યો છે.

પહેલે સ્વપ્ને ગજવર દીઠો, ચાર દંતો મનોહારોજી;
ચાર પ્રકારે ધર્મ પ્રકાશ્યો, ભવિ જીવને હિતકારોજી;
સુણો ભવિ પ્રાણીજી રે. (૧)

અર્થ—શ્રી તીર્થંકરની માતા પ્રથમ સ્વપ્નમાં હાથી જૂએ છે. આ હાથી સામાન્ય હાથી નથી હોતો, પણ

હાથીઓના રાજા તરીકે જેને ગજપતિ કહી શકાય તેવો ગજવર હોય છે. તેના ચાર મનોહર દાંતો હોય છે. એ ચાર દાંતો ચાર પ્રકારના ધર્મોનું અર્થાત્ દાન, શીલ, તપ, ભાવનું સૂચન કરે છે. ઇંદ્ર માતાજીને કહે છે કે– આ ચાર દાંતો જેમ હાથીના મુખમાંથી બહાર નીકળ્યા છે તેમ તમારા મહાપુરૂષાર્થી અને ઉન્નત પુત્રના મુખમાંથી પણ ધર્મોપદેશનું દિવ્ય સ્ફુરણ થશે, અને એ ઉપદેશને અવધારી ભવ્ય જીવો પરમ કલ્યાણને સાધશે ચાર પ્રકારનો ધર્મ કહેવાથી તેમાં સર્વ પ્રકારની ક્રિયાઓ, સિદ્ધાંતો તથા વિધિ-નિષેધો સમાઇ જાય છે. દાનથી માણસનું હૃદય ઉન્નત થાય છે. અભિમાન, મોહ, આદિ આંતરિક શત્રુઓ દાનગુણથી પરાજિત થાય છે. શીલથી મનુષ્યનું ચારિત્ર દેદીપ્યમાન બને છે, તપથી અંતર–બાહ્યની વિશુદ્ધિ થાય છે અને ભાવનાથી આત્માનું–હૃદયનું–મનનું અને શરીરનું બળ સવિશેષ સ્ફૂર્તિપ્રાપ્ત થવાની સાથે પરમ કલ્યાણ–મોક્ષને સાધી શકે છે. ત્રિપદીના ઇસારા માત્રથી કેવલી ભગવાન્ જેમ સંસારનું આબેહૂબ ચિત્ર દર્શાવી આપે છે, તેમ ચાર પ્રકારના ધર્મથી સર્વજ્ઞ ભગવાન્ ધર્મનાં સર્વ રહસ્યોનું ટુંકામાં સૂચન કરી દે છે. દાન, શીલ, તપ, ભાવથી અતિરિક્ત એવો કોઇ ધર્મ ઉદ્ભવ્યો નથી, તેમ ઉદ્ભવે એવો સંભવ પણ નથી એ ચાર પ્રકારના ધર્મોમાંથી જ એકેક પ્રકારનો આશ્રય લઇ અનેક ધર્મો આજ સુધીમાં પ્રવર્ત્યા છે.

બીજા સ્વપ્નમાં ગગનમંડળમાંથી ઉજ્જવળ વૃષભ

આવતો જણાય છે, તેનો આશય સ્પષ્ટ કરતાં કવિ બીજી કડીમાં કહે છે :—

ઋષભ સ્વપ્નથી ભરતક્ષેત્રમાં, બોધિબીજને વાવેજી,
બીજે સ્વપ્ને ધોરી ઉજ્જવલ, ગગનમંડળથી આવેજી;
સુણો ભવિ પ્રાણી જી રે. (૨)

વ્યવહારમાં સાધારણ રીતે ઋષભ-બળદને બહુ ઉપયોગી પ્રાણી લેખવામાં આવે છે, કારણ કે તેથી જમીન ખેડાય છે, અને ક્ષેત્ર રસયુક્ત બને છે. ખેડીને તૈયાર કરેલી જમીનમાં જો બીજનો નિક્ષેપ કરવામાં આવે તો તે બીજ ફળ-ફુલયુક્ત બન્યા વિના રહે નહીં. ઇંદ્ર મહારાજ તીર્થંકરની માતાજીને કહે છે કે- તમારો આ ભાવી પુત્ર ઋષભ સમાન બનશે અને ભરતક્ષેત્રને ખેડીને તેમાં બોધિબીજનો નિક્ષેપ કરશે ભરતક્ષેત્ર એમ કહેવાનું કારણ એટલું જ છે કે એ ક્ષેત્ર સર્વ અનાર્ય ક્ષેત્રોની અપેક્ષાએ સર્વોત્તમ મનાય છે ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલાં મનુષ્યોનાં અંતઃકરણો એવાં નિર્મળ અને રસયુક્ત હોય છે કે જો તેમાં બીજનું વાવેતર કરવામાં આવે તો તે ફળીભૂત થયા વિના રહે નહીં. એટલા માટે ભરતક્ષેત્રમાં જન્મ હોવો એને આપણાં શાસ્ત્રોમાં પરમ સૌભાગ્યનું ચિહ્ન લેખવામાં આવ્યું છે. તીર્થંકર જેવા ખાસ કરીને આવા આર્યક્ષેત્રમાં જ જન્મ લે છે, અને પોતાની વાણી દ્વારા અનેક જીવોને ચારિત્રનો લાભ આપે છે. આજે આ ક્ષેત્રમાં તીર્થંકર ભગવાન્ પોતે સશરીરે વિદ્યમાન નથી છતાં તેમની વાણીના જે દિવ્ય અંશો આ કાળે પણ રહી ગયા છે તેનાથી ઉત્તમ જીવો ધારે તો

પોતાનું ઇષ્ટ-સાધ્ય બિંદુ બહુ સહેલાઈથી સાધી શકે તેમ છે. આપણે સૌ શ્રી તીર્થંકર ભગવાન્ જે બોધિબીજો આ ક્ષેત્રમાં વાવતા ગયા છે, તેનો લાભ લઇ મુક્તિના માર્ગે ચાલીએ તો આપણો નરજન્મ, ભરતક્ષેત્રની પ્રાપ્તિ તથા શ્રાવકકુલમાંનો જન્મ એ સર્વ અવશ્ય સફળ થાય.

ત્રીજા સ્વપ્નમાં માતાજી સિંહ કેસરીનું દર્શન કરે છે. આ સિંહદર્શનનું રહસ્ય સમજાવતાં કવિવર ત્રીજી કડીમાં કહે છે :—

ત્રીજે સ્વપ્ને સિંહ વિલોકી, મદનાદિક જે હાથીજી,
તેનું માન તોડીને તુજ સુત, થાશે ધરમનો સાથીજી;
સુણો ભવિ પ્રાણીજી રે. (૩)

તીર્થંકર ભગવાન્ મદનાદિ અરિને હણવામાં સિંહ સમાન થશે. જેવી રીતે અરણ્યમાં સ્વચ્છંદતાથી વિચરતા મદોન્મત્ત હાથીઓના કુંભસ્થળને કેસરીસિંહ એક પલકમાં અનાયાસે ભેદી શકે છે, તેવી રીતે તમારો આ પુત્ર મદનરૂપી હસ્તીને પરાસ્ત કરવામાં સિંહ સમાન થશે મદન પાસે આદિ શબ્દ મૂકયો છે, તે ઉપરથી ક્રોધ, માન, મદ, મોહ, લોભ આદિ અંતરંગ વૈરીઓનો પણ પરાભવ કરશે એમ સમજી લેવાનું છે. વસ્તુતઃ જ્યાં સુધી કોઈપણ મનુષ્ય પોતાના અંતરંગ શત્રુઓ ઉપર અધિકાર જમાવી શકે નહીં, ત્યાં સુધી તે સાચો ધર્મ પામી શકે નહીં. સારાંશ કે જેઓ અંતરંગ શત્રુઓરૂપી ગજવર-પ્રતિ કેસરી-સિંહ

સમાન થઇ શકે છે અને અંતર-બાહ્ય શત્રુઓના બળને નિર્મૂળ કરી શકે છે તે જ પુરુષવરો યથાર્થ ધર્મના સાથી બની શકે છે, એમ કહેવાનો પણ આ કાવ્યકર્તાનો આશય છે. સિંહ એ જંગલનો રાજા કહેવાય છે. તે વનોમાં અને ઉપવનોમાં નિર્ભય રીતે વિહરી શકે છે, કારણ કે તેને કોઇપણ પ્રકારનો ભય હોતો નથી. મનુષ્યોએ પણ ધર્મના માર્ગમાં નિરંતર સિંહની માફક નિર્ભયતાથી અને અડગતાથી વિચરવું જોઇએ, પણ આમ કયારે બની શકે? જો આપણે આપણા અંતરના અરિઓને જીતી લઈ શકીએ; તો જ આપણે શાંતિ તથા નિર્ભયતાપૂર્વક ધર્મના માર્ગમાં આગળ વધી શકીએ. કામ-ક્રોધાદિ શત્રુઓનું પ્રાબલ્ય જ્યાં સુધી અંતરમાં વર્ત્યા કરે છે, ત્યાં સુધી મનુષ્ય સર્વદા પરાધીન રહે છે. વંદન છે તે પરમાત્મસ્વરૂપ તીર્થંકર ભગવાનને, કે જેઓએ ષડ્રિપુઓને હણવામાં કેસરી સમાન વીર્ય ફોરવી જગતમાં મહાન દૃષ્ટાંત આપ્યું છે, અને જેમના પગલે ચાલી અનેક ભવ્ય જીવો મુક્તિનો માર્ગ પામ્યા છે, તથા ભવિષ્યમાં પણ પામશે. હે પ્રભુ! હે અનંત દયામય ભગવાન્! અમે પણ આપની માફક અમારા અંતરંગ કામ-ક્રોધાદિ શત્રુઓરૂપી હાથીઓને હણવામાં કયારે સિંહ સમાન બની શકીશું?

હવે ચોથા સ્વપ્નનું રહસ્ય દર્શાવતાં કવિશ્રી નીચે પ્રમાણે કહે છે :—

ચોથે સ્વપ્ને લક્ષ્મી દીઠી, વરસીદાનને દેશેજી;
તીર્થંકર એ લક્ષ્મી ભોગી, શિવવધૂ કમળા વરશેજી;
સુણો ભવિ પ્રાણીજી રે. (૨)

તીર્થંકરની માતા ચોથા સ્વપ્નમાં લક્ષ્મીના દર્શન કરે છે. આ લક્ષ્મી આપણા જેવા પામર મનુષ્યોને જેવી રીતે બંધનકર્તા થાય છે અને સંસારના ઉંડા કીચડમાં ઉતારી દેનારી થાય છે, તેવી રીતે તીર્થંકર પ્રભુને બંધનકર્તા થતી નથી, પરંતુ વરસીદાનના અવસરે પ્રાણીઓને મુક્ત હસ્તે દાન આપવામાં એનો સદુપયોગ થાય તે માટે એ લક્ષ્મી સદા તીર્થંકર ભગવાન્ પાસે બે હાથ જોડીને ઉભી રહે છે. લક્ષ્મીનો સાચો ઉપયોગ શું હોઈ શકે, એ વાત ઉપર આ સ્વપ્ન બહુ ગંભીરતાથી પ્રકાશ નાખે છે. લક્ષ્મીની પ્રાપ્તિ માટે જે મનુષ્યો પાપકર્મો કરતાં આંચકો ખાતા નથી એની પ્રાપ્ત થતી હોય તો અઢાર પાપસ્થાનકો સેવતાં જેમને લેશ પણ સંકોચ થતો નથી, તેમણે આ સ્વપ્ન ઉપરથી ખાસ બોધ ગ્રહણ કરવાની જરૂર છે. લક્ષ્મીનો જો આપણે અરેઅરો ઉપયોગ કરવો હોય તો તેના દાસ ન બનવું જોઇએ. કારણ કે લક્ષ્મીના ગુલામો કદાપિ આત્મ-કલ્યાણ કરવાને શક્તિમાન્ થઈ શકતા નથી. લક્ષ્મીનું દાન કરવું અને પુણ્યયોગે જે સંપત્તિ પ્રાપ્ત કરી હોય તેનો ત્યાગ કરવો એ જ લક્ષ્મીનો સાચો ઉપભોગ છે. આપણે પ્રથમ સ્વપ્નદર્શને જોઇ ગયા છીએ કે તીર્થંકર ભગવાન્ ચાર પ્રકારના ધર્મોનો પ્રકાશ કરે છે, તેમાં દાનને પ્રથમ પદ આપવામાં આવ્યું છે. પ્રભુ પોતે ધર્મનો પ્રકાશ કેવળ

વાણીથી જ નથી કરતા, પણ પોતાના વર્તનથી દાનધર્મની મહત્તા જગતને જાહેર કરે છે. પોતાને પ્રાપ્ત થયેલી લક્ષ્મી જેઓ નિરહંકારપણે પોતાના સાધર્મિક બંધુઓના હિતાર્થે તથા જગતના સર્વ પ્રાણીઓના કલ્યાણાર્થે વાપરી શકે છે, તેઓ ક્રમે ક્રમે શિવવધૂ પ્રાપ્ત કરી શાશ્વત સુખ મેળવવા ભાગ્યશાળી થાય છે. પ્રભો! યત્કિંચિત્‌પણ લક્ષ્મી અમે પ્રાપ્ત કરી શકયા હોઈએ તો તેનો સદુપયોગ કરવાનું અર્થાત્‌ દાન કરવાનું અમોને બળ આપો એવી અમે પ્રાર્થના કરીએ છીએ.

પાંચમાં સ્વપ્નનું સ્પષ્ટીકરણ કરતાં કવિવર કહે છે કે :—

પાંચમે સ્વપને કુસુમની માળા, સવી જન શિરપર ધારેજી,
તિમ ભવિ જીવના, તુજ સુતવર પાપ-તાપ રૂવી ટાળેજી;
સુણો ભવિ પ્રાણીજી રે. (૫)

કુસુમાદિ સુગંધી દ્રવ્યો જેમ દુર્ગંધીને દૂર કરી પોતાની સુવાસ પ્રકટાવે છે, તેવી રીતે હે તીર્થંકર ભગવાનની પ્રાતઃ સ્મરણીય જનનિ! તમારો પુત્ર પણ કુસુમની માળાની પેઠે ભવિ જીવોનાં અંતઃકરણોમાં રહેતી દુર્ગંધી દૂર કરી તેમનાં ભક્ત હૃદયને પણ કુસુમની માફક સુગંધી સ્ફુરાવતાં બનાવી દેશે. પ્રચંડ ગ્રીષ્મની જ્વાળાથી સંતપ્ત વિલાસી જીવો કુસુમમાળાઓને કંઠમાં ધારણ કરવાથી જેવી રીતે શાંતિ અને તૃપ્તિ અનુભવે છે, તેવી રીતે તમારો પુત્ર પણ ભવિ જીવોના પાપ-તાપને દૂર કરનારો તથા અપૂર્વ શાંત આપ-

નારો થશે એટલું જ નહીં, પણ જગતમાં પુણ્યરૂપી પુષ્પની સુગંધી પ્રસરાવનાર પણ થશે પુષ્પોને બહુ જ પવિત્ર લેખવામાં આવે છે તેનું કારણ દર્શાવતા એક કવિએ વાજબી રીતે જણાવ્યું છે કે– ફુલો, વૃક્ષો તથા મેઘ એ સર્વનો જન્મ કેવળ પરોપકારાર્થે જ હોય છે, અને તેથી જ જગત્ તેમને બહુ સન્માનથી વધાવે છે. પુષ્પો ખીલે છે, તે શું પોતાને માટે ખીલે છે ? નહીં, જગતમાં પરાગનો ફેલાવો કરવો તથા વધુમાંમ્યે પથિકોનાં ચિત્તને આહ્લાદિત કરવાં, અને વિના પ્રયત્ને પ્રેક્ષકોની દૃષ્ટિને તૃપ્ત કરવી એ ગુણો સ્વાભાવિક રીતે જ પુષ્પોમાં રહેલા હોય છે. તે જ પ્રમાણે તમારો આ પુત્ર પણ જગતને નયનાનંદ તથા ઉપકારક થવાની સાથે જગતમાંથી પાપ–તાપ–વિઘ્ન તથા દુરાચારની દુર્ગંધીને નિર્મૂલ કરવામાં સુગંધી કુસુમમાળાનું કામ કરશે. 'સવિ જન શિર પર ધારેજી" એમ કાવ્યમાં કહેવામાં આવ્યું છે, તેનો આશય એવો છે કે– સુગંધી કુસુમમાળાને મનુષ્યો જેમ શિરે ધારણ કરે છે, તેમ તમારા પુત્રને પણ જગતના ભવ્ય જીવો શિરસાવંદ્ય માનશે. હે વિશ્વવંદ્ય તીર્થંકર ભગવાન્ ! અમે પ્રાર્થીએ છીએ કે આપે પ્રસરાવેલી સુગંધ અમારા આત્માને પણ સ્પર્શ કરો અને આપના કુસુમ સમાન ચરણોમાં અમારૂં શિર સદા નમેલું જ રહો !

છઠ્ઠા સ્વપ્નનું રહસ્ય કવિવર આ પ્રમાણે દર્શાવે છે :—

છઠ્ઠે સ્વપ્ને ચંદ્ર વિલોકી; નીલ કમળ વિકાસેજી,
તિમ ભવિ જીવના હૃદયકમળમાં, તુજ સુત એમ પ્રકાશેજી;
સુણો ભવિ પ્રાણીજી રે. (૬)

કમળ–પુષ્પ જેમ ચંદ્રદર્શનથી અતિશય પ્રફુલ્લિત થાય છે, તેમ શ્રી તીર્થંકર પ્રભુના દર્શનમાત્રથી ભવિ જીવનાં હૃદયરૂપી કમળો પ્રફુલ્લિત થશે, એમ આ ચંદ્રનું સ્વપ્ન સૂચવે છે. ચંદ્રમાં કુદરતી રીતે જ એવું સામર્થ્ય અથવા પ્રભાવ રહેલો છે કે તેનો ઉદય થતાંની સાથે જ કમળની પાંદડીઓ વિકસિત–પુલકિત તથા વિસ્તારિત થયા વિના રહેતી નથી. ચંદ્રને એ માટે કશો પ્રયત્ન કરવો પડતો નથી; તેવી જ રીતે પવિત્ર આત્માઓ અને નિર્દોષ પુરુષસિંહોમાં કોઈ એવું સામર્થ્ય પ્રકટે છે કે તેમના દર્શનમાત્રથી ભવિ જીવોનાં અંતઃકરણમાં કુદરતી રીતે પ્રમોદભાવ તથા ભક્તિભાવ સ્ફુર્યા વિના રહેતો નથી. પવિત્ર આત્માઓ ભલે વાણીથી કે ક્રિયાથી કાંઇ ઇસારો સરખો પણ ન કરે, તથાપિ તેમની શાંત–સૌમ્ય–પ્રભાવિશિષ્ટ–ચંદ્રોપમ કાંતિ જ જગતના મુમુક્ષુઓને એવું અદ્‌ભુત આકર્ષણ કરે છે કે ભવિ જીવો એવા નિઃસ્પૃહી તથા વીતરાગ પુરુષના ચરણનો આશ્રય લીધા વિના રહી શકતા નથી. જો કે આજે એવા વીતરાગ સર્વજ્ઞ પુરુષરૂપી ચંદ્રનો અભાવ છે તો પણ આપણું એટલું સૌભાગ્ય છે કે તીર્થંકર ભગવાનની મૂર્ત્તિ તથા તેમની અમૃતમયી સૂત્રબદ્ધવાણી અને તે વાણીને આપણા હૃદય સુધી પહોંચાડનારા ગીતાર્થ મહાપુરુષો—જ્યાં સુધી વિદ્ય-

માન છે, ત્યાં સુધી હૃદયકમળો સર્વથા કરમાઇ જાય એવો ભય રાખવાનું કારણ નથી. હે ભગવન્! હે અનંત જ્ઞાન, દર્શન તથા ચારિત્રના સ્વામી! અમારાં હૃદયકમળો આપની સાક્ષાત્ ચંદ્રોપમ કાંતિ નિહાળી કયારે વિકસ્વર થશે?

તીર્થંકર ભગવાનના અનેક અતિશયો પૈકી કયા અતિશયનું સૂચન આ સાતમા સ્વપ્નમાં થાય છે, તે સંબંધી કવિરાજ કહે છે કે :—

સાતમે સ્વપ્ને સૂરજમંડળ, સહસ્ર કિરણથી દીપેજી,
તિમ ભામંડળના તેજ કિરણથી, નિજ અરિને તે જીતેજી;
સુણો ભવિ પ્રાણીજી રે. (૭)

સૂર્યમંડળનાં તેજસ્વી કિરણો જેવી રીતે જગતને પ્રકાશિત કરે છે અને અંધકાર, તિમિર તથા નિશાચરોનો નાશ કરે છે, તેવી રીતે તમારો પુત્ર પણ પોતાના ભામંડળના પ્રકાશ વડે પ્રકાશશે, જગતને પણ પ્રકાશિત કરશે અને ઉજ્જવળતાનું સામ્રાજ્ય ફેલાવશે. તિમિરપ્રિય પ્રાણીઓ રાત્રિના સમયે અંધકારનો લાભ લઇ અનેક જીવોને હેરાન કરે છે, પણ સૂર્યનો પ્રકાશ થતાંની સાથે જ તેઓ એકાંત ખૂણામાં ભરાઇ પેસે છે. તીર્થંકર મહારાજના પ્રતાપે સંસારમાંથી મિથ્યાત્વરૂપી અંધકાર પ્રલીન થઇ જાય છે અને સમ્યક્ત્વનો સૂર્ય સોળે કળાથી પ્રકાશવા લાગે છે. આ વખતે, પછી મિથ્યાત્વીઓનું તથા સંસારાટવીમાં હેરાન અને પાયમાલ કરનારા દુશ્મનોનું બળ ચાલી શકતું નથી. ઇંદ્ર મહારાજ કહે છે કે– તમારા આ ભાવી પુત્રના મુખ ઉપર

ભામંડળની દીપ્તિ એટલા બધા બળથી જાજ્વલ્યમાન રહેશે કે તે ભામંડળના પ્રચંડ પ્રતાપ આગળ કોઇ અરિનું-બાહ્ય કે અંતરંગ અરિનું બળ નભી શકશે નહીં. भामंडलं दुन्दुभिरातपत्रम् વિગેરે જે અતિશયોનું શાસ્ત્રમાં વર્ણન કરવામાં આવ્યું છે, તેવા અતિશયોવાળો આપનો પુત્ર થશે, એમ આ સૂર્યનું સ્વપ્ન સૂચવે છે. મનુષ્ય જેમ જેમ વિશુદ્ધિમાં તથા નિર્દોષતામાં આગળ વધતો જાય છે તેમ તેમ તેના મુખની આસપાસ પ્રવર્તતો પ્રકાશ-ભામંડળ વધારે ઉગ્ર-પ્રખર રૂપે પ્રકાશવા લાગે છે. તીર્થંકર ભગવાનની સૌમ્ય અને શાંત મુખકાંતિની ચોતરફ સૂર્યનાં કિરણો જેવું પ્રભાસ્યમાન તથા પ્રબળ પ્રતાપાન્વિત ભામંડળ ફેલાયેલું હોય છે, એથી કરીને તેમનો પ્રતાપ અખંડિત રહે છે, તેમનું શાસન સર્વોપરિ રહે છે અને તેમના વિરોધીઓનું બળ નિષ્ફળ જાય છે. પ્રભો ! આપના ભામંડળ સરખો સમ્યક્ત્વનો પ્રકાશ ચોતરફ પ્રસાર પામો અને આપનાં તેજસ્વી સહસ્ર કિરણો વડે મિથ્યાત્વરૂપી તિમિરનો નાશ થાઓ, એ જ અમારી પુનઃ પુનઃ પ્રાર્થના છે.

આઠમા સ્વપ્નની ધ્વજા શું સૂચવે તે, સંબંધી કવિ બહુ સરળ રીતે કહે છે કે :—

ધરમધ્વજનો ભોગી થાશે, મુજ દરશન તુજ નંદજી,
આઠમે સ્વપ્ને ધ્વજા એમ વિનવે, ધરતી રાગ ઉમંદાજી;
સુણો ભવિ પ્રાણીજી રે. (૮)

ધ્વજાને પવનમાં ઉડતી અનેકોએ જોઈ હશે. આવી ધ્વજા તીર્થંકર મહારાજના માતાજીના સ્વપ્નમાં આવીને ભવિષ્યદ્વાણીરૂપે અત્યંત હર્ષપૂર્વક-પ્રસન્નતાપૂર્વક કહે છે કે :— "મારા દર્શન તમને થયા છે, તે એમ સૂચવવા માટે કે તમારો નંદ અર્થાત્ પુત્ર ધર્મધ્વજાનો ભોગી થશે" અને વિશ્વમાં અનેકાંત ધર્મનો વિજયવાવટો ફરકાવશે. તીર્થંકર મહારાજની સાથે ધર્મધ્વજા હંમેશાં ફરકતી રહે છે, કારણ કે એમનો અતિશય જ એવા પ્રકારનો હોય છે કે એ ધ્વજા તેમને નિત્ય અનુસરવા વિના રહેતી નથી. આ ધર્મધ્વજા તીર્થંકર મહારાજની વાણીનું, હૃદયનું તથા આત્માનું અપૂર્વ બળ સૂચવી આપે છે. તીર્થંકર પ્રભુની વાણી એવી નિર્દોષ-નિર્મળ અને મધુર હોય છે, તેમનું હૃદય રાગ-દ્વેષ રહિત હોવાના કારણે એવું તો શુદ્ધ તેમ જ સ્ફટિક સરખું ઉજ્જવળ હોય છે અને તેમનો આત્મા એવો તો નિરાવરણ અને વિમળ હોય છે કે સમસ્ત વિશ્વના પ્રાણીઓ તેમની વિજયવતી ધર્મધ્વજા નીચે આવીને આશ્રય લે છે અને પોતાનું કલ્યાણ કરે છે. શ્રીમંતોની, ધનવાનોની તથા રાજા મહારાજાઓની ધ્વજા હવામાં ગમે તેટલી ફડફડાટ કરે, પરંતુ તીર્થંકર ભગવાનની ધર્મધ્વજા પાસે તેનું લેશ પણ મહત્ત્વ રહેતું નથી. ધ્વજાને પ્રતાપનું-ગૌરવનું-શક્તિનું એક ચિહ્ન લેખવામાં આવે છે. તીર્થંકર પ્રભુની ધર્મધ્વજા જેમ તેમની સાથે નિર્વિઘ્નપણે ફરકયા કરે છે, તેવી રીતે તેમના મોક્ષ પછી પણ એ ધર્મધ્વજા-જો કે અદૃશ્ય-આધ્યાત્મિક ધર્મધ્વજા સર્વ દર્શનો તથા ધર્મોની ઉપર ચિરકાળ પર્યંત

ફરકયા કરે છે. આપણે સર્વે એ પ્રભુની ધર્મધ્વજાના આશ્રય તળે ભાગ્યયોગે આવી મળ્યા છીએ, તે માટે આપણે આપણી જાતને પરમ ભાગ્યશાળી માનવી જોઇએ. પરાપૂર્વના પ્રબળ પુણ્યપ્રતાપે જ તીર્થંકર મહારાજનું શાસન તથા તેમની ધર્મધ્વજાનો જીવોને આશ્રય મળે છે, એ વાત સૌ કોઇ જાણે છે.

નવમા સ્વપ્નમાં પવિત્ર કળશ પ્રત્યક્ષ થાય છે અને પોતાના દર્શનનું ફળ દર્શાવતાં કહે છે કે :—

શાંતાદિક ગુણરત્નના દરીઆ, મેં પૂજું તુજ પુત્રજી,
નવમે સ્વપ્ને માજી જાણો, એમ કહે કળશ પવિત્રજી;
સુણો ભવિ પ્રાણીજી રે. (૯)

કળશ કહે છે કે "હે પરમ ભાગ્યવતી જનની! તમારે પેટે એક એવો પુત્ર જન્મશે કે જે સર્વ પ્રકારે મારા જેવો જ સંપૂર્ણ અને ગુણરત્નધારી થશે, અને હું પણ જેની પૂજા કરવાને સદા તત્પર રહીશ.' અધુરો ઘડો હોય તે જ છલકાય છે, એવી આપણામાં એક સાધારણ કહેવત છે. તે બહુ અર્થસૂચક છે. જેમના આત્મામાં શાંતિનો, ક્ષમાનો અથવા ધૈર્યનો ગુણ નથી બીલ્યો હોતો અને લોકોની પાસેથી કેવળ માન મેળવવા માટે અનેક પ્રકારના પ્રપંચ કરે છે, અવસરે તેઓ સંપૂર્ણ શાંતિ રાખી શકતા નથી અને કૂવચિત્ ક્રોધથી એવા ધમધમી નીકળે છે, કે તેમને માટે આપણને દયા સ્ફુર્યા વિના રહેતી નથી. તીર્થંકર

મહારાજ જેવા મહાપુરુષોના હૃદયમાં શાંતિ તેમજ તેના સહચારી બીજા ગુણો એકરસ થઇને રહ્યા હોય છે, તેથી તેઓ હંમેશાં ભરેલા કળશની માફક જ ગંભીર રહે છે. અર્થાત્ અધુરા કળશની માફક છલકાતા નથી. અધુરાશ અથવા અપૂર્ણતા હોય છે ત્યાં જ છલકાવાપણું હોય છે. વસ્તુતઃ અગંભીરતા હોવી એ આત્માની એક પ્રકારની નિર્બળતા છે, અને નિર્બળતા એ જ પાપનું પ્રભવસ્થાન છે. સંપૂર્ણ કળશના જેવી ગંભીરતા તથા શાંતિ આપણા હૃદયને પણ સ્પર્શે. એવી પ્રાર્થના આપણે આ સ્વપ્નના દર્શન વખતે કરીશું તો તે યોગ્ય ગણાશે

દશમા સ્વપ્નમાં પદ્મ સરોવર પોતાનો પ્રભાવ દર્શાવતાં કહે છે કે :—

પદ્મ સરોવર આવી દસમે, માતા સુણો મોરી વાતજી,
સુરરચિત કમળના ઉપર ઠવશે, કોમળ પદ તુજ પુતજી;
સુણો ભવિ પ્રાણીજી રે. (૧૦)

દશમા સ્વપ્નમાં તીર્થંકરની માતાજીને જે સરોવર દૃષ્ટિગોચર થાય છે, તેમાં અનેક પદ્મ–પુષ્પો પણ ખીલેલાં નજરે પડે છે. આ કમળોવાળું સરોવર સૂચવે છે કે “ તમારા પુત્રના કોમળ ચરણકમળ પૃથ્વીને સ્પર્શવાને બદલે દૈવી કમળ ઉપર સ્થિર થશે, અને તે કમળો પાર્થિવ નહીં, પણ દેવતાઓએ ખાસ તૈયાર કરેલાં કમળો હશે.” વસ્તુતઃ આ સ્વપ્નથી તીર્થંકર પ્રભુના અતિશયનું સૂચન થાય છે.

એવો નિયમ છે કે તીર્થંકર ભગવાન્ એક ચરણ ઉપાડી પૃથ્વી ઉપર ધરે તે દરમિયાન દેવતાઓ જ્યાં પ્રભુનો ચરણન્યાસ થવાનો હોય તે સ્થળે પોતાના દેવસુલભ સામર્થ્યથી એક કમળ તૈયાર કરે છે અને પ્રભુએ મૂકવા ધારેલ ચરણ એ કમળ ઉપર જ સ્થિર થાય છે. પદ્મ સરોવરનું સ્વપ્ન માતાજીને કહે છે કે- કમળપત્ર ઉપર જેમનો ચરણ સ્થિર થાય એવા પ્રભાવવાળો તમારો પુત્ર થશે, અર્થાત્ તમારો પુત્ર તીર્થંકર થશે આ અતિશયનો વિચાર કરીએ તો એટલું સ્પષ્ટ જોઈ શકાય કે તીર્થંકર પ્રભુની સેવામાં દેવગણો હંમેશાં તત્પર રહેશે અને તેમના ચરણમાં ઘાસનું એક તણખલું-દર્ભાંકુર પણ પીડા ન આપે તે માટે તેઓ સદા ચિંતિત રહેશે. કલ્યાણી ભક્તિને ધારણ કરનારા દેવતાઓ તીર્થંકર ભગવાનની કુશળતા તથા સુખાદિ માટે કેવી ચીવટ રાખે છે, તેનું સ્પષ્ટીકરણ આ સ્વપ્નથી થાય છે.

અગીઆરમા સ્વપ્નનું રહસ્ય દર્શાવતાં કવિશ્રી કહે છે કે:-

જ્ઞાનાદિક ગુણરત્નના ભરીયા, ભુજથી એ ગંભીરોજી,
અગીયારમે સ્વપ્ને માજી દેખે, સોભાગ સાયર ખીરોજી;
સુણો ભવિ પ્રાણીજી રે. (૧૧)

ક્ષીરસમુદ્ર તીર્થંકરની માતાજીને કહે છે કે "તમારો પુત્ર મારા કરતાં પણ વધારે ગંભીર થશે." સમુદ્ર તો ભરતી ઓટ વખતે એવાં તો મોજાંઓ જોરથી કીનારા ઉપર અફાળે છે કે પથિકોને ભય થયા વિના રહેતો નથી, પરંતુ

તીર્થંકર ભગવાન્ એવી ગંભીર પ્રકૃતિના હોય છે કે દુશ્મનો આવીને પ્રહાર કરે કે અનુયાયીઓ આવીને પૂજા કરે તોપણ તેમના અંતઃકરણમાં રાગ-દ્વેષનો સ્પર્શ સુદ્ધાં થતો નથી. સારાંશ કે તેઓ તેમની શાંત તથા ગંભીર પ્રકૃતિ કદાપિ ત્યજતા નથી. એક સ્થળે કહ્યું પણ છે કે- પાર્શ્વનાથ ભગવાન પ્રત્યે એક વખતે કમઠે અને ધરણેન્દ્રે પોતપોતાને ઉચિત કર્મો કર્યાં. અર્થાત્ એકે ઉપદ્રવ કર્યો અને અન્યે તેમની સેવા કરી તો પણ પ્રભુની વૃત્તિ તો ગંભીર જ રહી, બન્ને પ્રત્યે પ્રભુ એક સરખી જ દૃષ્ટિ સાચવી રહ્યા. તીર્થંકર ભગવાન્ માત્ર ગંભીર રહેશે એટલું જ નહીં, પણ વિશેષમાં સમુદ્ર કહે છે કે — "મારા ઉદરમાં જેમ અનેક નાનાં-મોટાં રત્નો ભર્યાં છે, તેવી રીતે તમારા પુત્રના અંતઃકરણમાં પણ જ્ઞાન-દર્શન-ચારિત્રનાં અપૂર્વ રત્નો ભરેલાં રહેશે." પાર્થિવ રત્નો કરતાં જ્ઞાનાદિ રત્નોનું મૂલ્ય અનંતગણું અંકાય છે, અને તેથી સાગર પોતે જે તેમની પાસે પોતાની લઘુતા સ્વીકારે છે, તે યોગ્ય છે.

બારમા સ્વપ્નનુ દેવવિમાન સૂચવે છે કે :—

ચાર નિકાયના દેવ મળીને, નમસ્કારે સન્માનેજી,
બારમે સ્વપ્ને માજી દેખે, સુંદર દેવવિમાનેજી,
સુણો ભવિ પ્રાણીજી રે. (૧૨)

તીર્થંકર ભગવાનની માતાજી બારમા સ્વપ્નમાં એક દેવવિમાન સ્વર્ગમાંથી પોતાની તરફ ચાલ્યું આવતું નિરખે

છે. આ સુંદર-રમણીય દેવવિમાનના આગમનનો હેતુ સ્પષ્ટ કરતાં કવિ કહે છે કે "ચાર નિકાયના દેવો નમસ્કાર તથા ભક્તિભાવનાથી તમારા પુત્રને સન્માનશે એમ આ દેવ વિમાનનું અવતરણ સૂચિત કરે છે." ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી તથા વૈમાનિક એ પ્રમાણે ચાર નિકાયના દેવો આવીને તીર્થંકર પ્રભુને પૂજશે. એટલો સંદેશો આ દેવ-વિમાન માતાજીને પહોંચાડે છે, અને તે પ્રભુના જન્મ પછી અનેક પ્રસંગે આપણે સાચો પડતો તેમના જીવનચરિત્રમાં અનુભવીએ છીએ. પ્રત્યેક મહોત્સવ પ્રસંગે દેવતાઓ આવીને દેવોચિત કર્તવ્યો કરે છે. એવા દૃષ્ટાંતોથી તીર્થંકર પ્રભુના જીવનચરિત્રો સુપ્રસિદ્ધ છે, દેવતાઓ જેમનું આટલું આટલું માન સાચવે તેમના પ્રત્યે ભવ્ય જીવનાં મસ્તિષ્કો ભક્તિ-ભાવથી નમે, એમાં કાંઈ આશ્ચર્ય તથી. આપણે પણ આ પ્રસંગે તીર્થંકર પ્રભુને ઉદ્દેશીને સાચા અંતઃકરણથી પ્રભુના પાદપદ્મમાં ત્રિકરણયોગે પ્રણતિપરંપરા સમર્પીશું તો તે આપણા માટે અત્યંત કલ્યાણકારી બનશે.

આ સ્વપ્ન અદૃશ્ય થયા પછી તેરમું સ્વપ્ન આવે છે, તેનું સ્પષ્ટીકરણ કવિ નીચે પ્રમાણે કરે છે :—

મુજ પેરે તુજ પૂજાજ થાશે, ગુણ અનંતના વાસીજી,
રતનગઢ માંહે તો બિરાજે, એમ કહે રત્નની રાશિજી;
સુણો ભવિ પ્રાણીજી રે. (૧૩)

રત્નની રાશિને અથવા બીજા શબ્દોમાં કહીએ તો રત્નના અલંકારોને જેમ ભાગ્યશાળી મનુષ્યો આદરથી

સત્કારે છે અને પોતાના કંઠમાં સ્થાપે છે તેવી રીતે રત્ન-રાશિ કહે છે કે :— "મારી માફક તમારા આ ભાવી પુત્રની પણ પૂજા તથા આદર-સત્કાર થશે. જો કે મારામાં તો દેખાવ પૂરતા બાહ્ય ગણ્યાગાંઠ્યા જ ગુણો છે, તથાપિ મનુષ્યો મને બહુ પ્રેમથી સત્કારે છે, પરંતુ તીર્થંકર ભગવાનમાં અર્થાત્ તમારા પુત્રમાં એટલા બધા આંતરિક ગુણો હશે કે તે ગુણોનો કોઇ પાર પામી શકશે નહીં." તે ઉપરાંત આ રત્નરાશિ એમ પણ કહે છે કે "તમારો પુત્ર રત્નગઢમાં વિરાજવા શક્તિમાન્ થશે." સર્વજ્ઞ પ્રભુ જ્યારે દેશના આપે છે ત્યારે "ત્રિગડો ગઢ" રચાય છે. આ ત્રિગડાની રચના દેવતાઓ પોતે આવીને કરે છે. તેમાં સોનાનો, રૂપાનો તથા રત્નનો એમ ત્રણ ગઢ રહે છે. ત્રણે ગઢો ઉપર બહુમૂલ્ય કાંગરાઓ બાંધવામાં આવે છે. આવા દિવ્ય ત્રિગઢમાં વિરાજી તમારો પુત્ર જગતના જીવોને પ્રતિબોધ કરશે, એમ આ રત્નની રાશિ સૂચવે છે. ટુંકામાં કહીએ તો રત્નની રાશિ એ ત્રિગડાનું સ્મરણ કરાવે છે અને તેની સાથે તીર્થંકર પ્રભુના અતિશયનું પણ સૂચન કરે છે. એ ત્રિગડાના સ્વરૂપનું તથા પરમાત્માની નિર્મળ વાણીનું અનુમાન કલ્પવાથી કે બુદ્ધિથી થઇ શકે તેમ નથી; માટે એ સંબંધી વિવેચન કરવાને બદલે આપણે સર્વે એ દૈવી દૃશ્ય પ્રત્યક્ષ નિહાળવાની તથા ભગવાનની અમૃતમયી દેશના સાંભળવાની ઉત્કૃટ ભાવનાપૂર્વક જ હાલમાં તો વિરમીશું.

ચૌદમું નિર્ધૂમ અગ્નિનું સ્વપ્ન બહુ ગંભીર આશય રજુ કરે છે. કવિવર તેનો અર્થ સ્ફુટ કરતાં વદે છે કે:–

ભવિક મનમાં કનક શુદ્ધમાણ થાશે સુત કરનારોજી,
ચૌદમે સ્વપ્ને નિર્ધૂમ અગ્નિ, માતા જુવો સુવિચારોજી;
સુણો ભવિ પ્રાણીજી રે. (૧૪)

નિર્ધૂમ અગ્નિ એટલે ધુમાડા વિનાનો અગ્નિ. આ પ્રકારનો સ્વચ્છ-જાજ્વલ્યમાન-જ્વલંત-પ્રોજ્જ્વલ અગ્નિ માતાજીને કહે છે કે :– "હું જેવી રીતે મારા નિજ સામર્થ્યથી -તાપથી ગમે તેવા મલિન સુવર્ણને સ્વચ્છ બનાવું છું, અને સુવર્ણને તેજસ્વી બનાવું છું, તેવી રીતે તમારો પુત્ર જગતના ભવ્ય જીવોનાં અંતઃકરણમાં રહેલી મલિનતાને દૂર કરી તેમના આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપમાં આણશે." આ કનકશુદ્ધિનું દૃષ્ટાંત બહુ વિચારણીય છે. કનકની સાથે અશુદ્ધિ-મલિનતા કયારે મળી તે જેમ કોઇ જાણતું નથી. તેમ આત્માને કર્મનો લેપ કયારથી થયો, એ વાત પણ કોઈ કહેવાને સમર્થ નથી. પ્રયત્નથી જેમ કનકની મલિનતા નિવારી શકાય છે અને તેને તેના શુદ્ધ સ્વરૂપમાં મૂકી શકાય છે તેવી જ રીતે સંસારના રાગ-દ્વેષાદિ પ્રપંચોમાં રચીપચી રહેલો આત્મા પણ દાન, શીલ, તપ, ભાવ, જ્ઞાન, ક્રિયા આદિ ઉપાયોથી સ્વચ્છ તથા સ્ફટિક સરખો નિર્મળ બની પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ સ્વભાવને પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થાય છે. અગ્નિ જેવી રીતે કનકને શુદ્ધ કરતાં પહેલાં તેને ખૂબ તાવે છે અને તેના ઉપર અનેક સંસ્કારો કરે છે, તેવી જ રીતે આત્માને શુદ્ધ કરવા અર્થે

તીર્થંકર પ્રભુની આજ્ઞાને અનુસરી તેના ઉપર અનેક પ્રકારના શાસ્ત્રોચિત સંસ્કારો થવા જોઇએ. તીર્થંકર પ્રભુએ ફરમાવેલી આજ્ઞાઓ ભવ્ય જીવોના આત્માને શુદ્ધ કરવામાં અગ્નિનું કામ કરે છે. આ અગ્નિના સ્ફુલિંગો આપણા આત્માને સ્પર્શે અને અનાદિ કાળથી મુંઝાઈ રહેલા આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપમાં આણે તે માટે દેવાધિદેવ સર્વજ્ઞ પ્રભુ ભવ્ય જીવો ઉપર કરૂણાદૃષ્ટિ કરે, એવી આપણે આ સ્વપ્નદર્શન સમયે પ્રાર્થના કરીશું તો તે કાળક્રમે અવશ્ય સફળ થશે

ઉક્ત ચૌદ સ્વપ્નાં સંક્ષિપ્તમાં સમુચ્ચયે શું સૂચવે છે, તે સંબંધી કવિ કહે છે કે :—

એ ચૌદ સ્વપ્ન દીહાથી તુજ સુત, થાશે ચૌદરાજનો સ્વામીજી,
લોકો પક્ષે આતમારામ થાશે, એમ એમ પ્રભુતા પામીજી;
સુણો ભાવ પ્રાણીજી રે. (૧૫)

આ ચૌદ સ્વપ્નના દર્શનથી આટલું ચોક્કસપણે સિદ્ધ થાય છે કે— "તમારો પુત્ર ચૌદ રાજલોકનો સ્વામી-શાસક થશે એટલું જ નહીં, પણ ભવ્યાત્માઓને આરામ-શાંતિ સુખ આપનારો પણ થશે, અને ક્રમે ક્રમે પ્રભુતા પામી શિવવધૂની વરમાળાને પોતાના કંઠમાં ધારણ કરશે." તીર્થંકર પ્રભુના મુખમાંથી જે વચનકુસુમો બહાર નીકળ્યાં છે, તેને એક ઉદ્યાન સમાન લેખી શકાય કારણ કે આરામને સંસ્કૃતમાં ઉદ્યાન પણ કહેવામાં આવે છે. ભવ્ય જીવો આ ઉદ્યાનમાં બેસી સર્વજ્ઞવાણીરૂપી કુસુમોની પરિમળ લે

અને પોતાના આત્માને તૃપ્ત કરે, એટલા માટે પ્રભુ મુક્ત કંઠે ધર્મના ઉદ્યાનને ખીલવતા ગયા છે. આપણે આ ઉદ્યાનમાં વિહરવાને પૂર્વપુણ્યના બળથી ભાગ્યશાળી થયા છીએ, તો ભવોભવનાં દુરિતો દૂર થાય તે માટે આ ભવે સંપૂર્ણ બળથી ત્રિકરણ શુદ્ધ યોગે પ્રયત્નો આપણે કરવા જોઇએ. આ પ્રસંગે આપણે પ્રભુને પ્રાર્થીશું કે "આપ જો કે ચૌદ રાજલોકના સ્વામી તો છો જ, પરંતુ અમને તમારા ચરણોમાં ભવોભવ સ્થાન આપજો, અને કોઇ કાળે તમારા શાસનથી દૂર ન પડી જઇએ એવી સદ્‌બુદ્ધિ આપજો."

છેવટની કડીમાં સ્વપ્નનો સમય તથા કાવ્યકર્તાનો પરિચય આપણને થાય છે. તે કડી આ પ્રમાણે છેઃ—

મધ્ય રયણીએ માતાજી દેખે, સુપન ચૌદ વિશાળજી,
ગુરુ પસાયે ડુંગર વિનવે, હોજો મંગળમાળજી;
સુણો ભવિ પ્રાણીજી રે. (૧૬)

જે ચૌદ સ્વપ્નનું અમે ઉપર યથાશક્તિ રહસ્ય બતાવી ગયા, તે સ્વપ્નનો સમય મધ્ય રાત્રિનો હોય છે, આ ચૌદ સ્વપ્ન ગંભીર આશય અને વિશાળ અર્થનાં સૂચક છે. આટલું કહ્યા પછી પોતાના સદ્‌ગુરુનો ઉપકાર માનતાં અને ગુરુના પ્રતાપનું સ્મરણ કરતાં કવિ શ્રી 'ડુંગર' નમ્ર ભાવે વિનવે છે કે આ સ્વપ્નનું શ્રવણ સૌનું કલ્યાણ કરો, સૌને મંગળની પરંપરા પ્રાપ્ત થાઓ એવી શુભેચ્છા પૂર્વક કવિ શ્રી આ કાવ્યની પૂર્ણાહૂતિ કરે છે. ૐ શાંતિઃ

સામાન્ય અને વિશેષ અર્થ સહિત શ્રી ઋષભદેવ આદિ ચોવીશ અરિહંત ભગવંતોનાં શુભ નામો.

(૧) **શ્રી ઋષભદેવ**–પરમપદ–મોક્ષને જે પ્રાપ્ત કરે તે '**ઋષભ**' તથા વર્ષતિ ઇતિ વૃષભઃ અર્થાત્ દુઃખરૂપ અગ્નિથી બળતા જગતને ધર્મ દેશનારૂપ જલ વરસાવી શાન્ત કરે તે '**ઋષભ**' આ સામાન્ય અર્થ થયો અને વિશેષથી ભગવંતના સાથળમાં ઋષભનું લાંછન હતું તથા મરૂદેવા માતાએ ચૌદ સ્વપ્નો જોયાં ત્યારે પ્રથમ સ્વપ્નમાં ઋષભ જોયો હતો તેથી ભગવંતનું નામ ઋષભ પાડ્યું.

(૨) **શ્રી અજિતનાથ**–પરિષહ આદિથી જિતાયા ન હોવાથી '**અજિત**' એ સામાન્ય અર્થ. અને ભગવંત જ્યારે ગર્ભમાં હતા ત્યારે માતાજી રાજા સાથે પાસા ખેલતાં હતાં, તેમાં જિતાયાં નહિ, તેથી ભગવંતનું '**અજિત**' નામ રાખ્યું તે વિશેષ અર્થ.

(૩) **શ્રી સંભવનાથ**–જેઓમાં ચોત્રીશ અતિશયરૂપ ગુણો વિશેષ પ્રકારે સંભવે છે, તે '**સંભવ**' અથવા જેમની સ્તુતિ કરવાથી સ્તુતિ કરનારને '**શં**' એટલે સુખ પ્રાપ્ત

થાય તે 'સંભવ' (અહીં વ્યાકરણના નિયમ પ્રમાણે શંભવને બદલે સંભવ થયેલ છે) આ સામાન્ય અર્થ થયો. અને ભગવંત જ્યારે ગર્ભમાં આવ્યા હતા ત્યારે દેશમાં અધિક ધાન્ય પાકવાનો સંભવ થયો. અર્થાત્ અધિક ધાન્ય પાક્યું તેથી ભગવંતનું 'સંભવ' નામ રાખ્યું તે વિશેષ અર્થ.

(૪) **શ્રી અભિનંદનસ્વામી**-દેવેન્દ્રોથી અભિનંદન પામ્યા તેથી 'અભિનંદન' આ સામાન્ય અર્થ. તથા પ્રભુ જ્યારે ગર્ભમાં આવ્યા ત્યારપછી ઈન્દ્ર દિક-દેવોએ વારંવાર ભગવંતની માતાને અભિનંદન આપેલું હોવાથી ભગવંતનું 'અભિનંદન' નામ રાખ્યું તે વિશેષ અર્થ.

(૫) **શ્રી સુમતિનાથ**-સુંદર મતિ હોય તે 'સુમતિ' આ સામાન્ય અર્થ થયો અને ભગવાન જ્યારે ગર્ભમાં હતા ત્યારે તેમના માતાને સુંદર નિશ્ચય કરાવનારી મતિ પ્રગટી હતી તેથી ભગવાનનું નામ 'સુમતિ' પાડ્યું તે વિશેષ અર્થ.

(૬) **શ્રી પદ્મપ્રભસ્વામી**-નિષ્પંકતા ગુણની અપેક્ષાએ પદ્મ તથા પદ્મ સમાન પ્રભા-કાંતિવાળા હોવાથી 'પદ્મપ્રભ' આ સામાન્ય અર્થ થયો અને ભગવંત જ્યારે ગર્ભમાં હતા ત્યારે માતાને પદ્મ કમળની શય્યામાં સુવાનો દોહલો દેવતાએ પૂર્યો માટે 'પદ્મ' અને પ્રભુના દેહની કાંતિ કમળ સમાન લાલ હોવાથી 'પદ્મપ્રભ' નામ પાડ્યું તે વિશેષ અર્થ.

(૭) **શ્રી સુપાર્શ્વનાથ**-દેહનાં પડખાં સુંદર હોવાથી 'સુપાર્શ્વ' આ સામાન્ય અર્થ થયો અને પ્રભુ ગર્ભમાં

હતા ત્યારે માતા પણ સુંદર પડખાંવાળાં થયાં તેથી 'સુપાર્શ્વ' નામ રાખ્યું તે વિશેષ અર્થ.

(૮) **શ્રી ચંદ્રપ્રભસ્વામી**–ચંદ્રના કિરણોની માફક પ્રભા પ્રશાંત લેશ્યાવાળા હોવાથી 'ચંદ્રપ્રભ' આ સામાન્ય અર્થ થયો અને પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે માતાને ચંદ્રપાનનો દોહલો થયો, તેમજ ભગવંતના શરીરની પ્રભા ચંદ્ર સરખી ઉજ્જવલ હતી તેથી 'ચંદ્રપ્રભ' નામ રાખ્યું તે વિશેષ અર્થ.

(૯) **શ્રી સુવિધિનાથ** 'સુ' એટલે સુંદર અને 'વિધિ' એટલે સર્વ વિષયમાં કુશળતાવાળા હોવાથી 'સુવિધિ' આ સામાન્ય અર્થ થયો અને પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતાને સર્વ વિષયમાં કુશળતા પ્રગટ થવાથી ભગવંતનું નામ 'સુવિધિ' રાખ્યું તે વિશેષ અર્થ તથા ભગવંતને પુષ્પની કળીઓ સરખા સુંદર દાંત હોવાથી ભગવંતનું બીજું નામ 'પુષ્પદંત' પણ થયું.

(૧૦) **શ્રી શીતલનાથ**–સમગ્ર પ્રાણીઓના સંતાપને હરણ કરનારા હોવાથી તથા શીતલતા કરનારા હોવાથી 'શીતલ' આ સામાન્ય અર્થ થયો અને પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે પિતાને પહેલાં થયેલ પિત્તદાહ કોઇ ઉપાયથી શાંત થતો ન હતો પણ ગર્ભના પ્રભાવે માતાના હસ્ત સ્પર્શથી પિત્તદાહ શાંત થયો માટે ભગવંતનું શીતલ નામ રાખ્યું તે વિશેષ અર્થ.

(૧૧) **શ્રી શ્રેયાંસનાથ**–સમગ્ર જગત કરતાં પણ

પ્રશંસનીય માટે 'શ્રેયાંસ' અથવા 'શ્રેયઃ' એટલે કલ્યાણકારી અને 'અંસ' એટલે ખભો અર્થાત્ કલ્યાણકારી ખભાવાળા તેથી 'શ્રેયાંસ' આ સામાન્ય અર્થ થયો તથા પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે કોઇએ ન વાપરેલ એવી દેવતાધિષ્ઠિત શય્યાનો માતાએ ઉપભોગ કરવાથી શ્રેય થયું એટલે ભગવંતનું 'શ્રેયાંસ' નામ રાખ્યું તે વિશેષ અર્થ.

(૧૨) **શ્રી વાસુપૂજ્યસ્વામી**–વસુ જાતિના દેવોને પૂજ્ય હોવાથી 'વાસુપૂજ્ય' આ સામાન્ય અર્થ થયો તથા ભગવંત જ્યારે ગર્ભમાં હતા ત્યારે વસુ વડે અર્થાત્ હિરણ્ય વડે ઇન્દ્રે રાજકુલની પૂજા કરી તેથી 'વાસુપૂજ્ય' અથવા વસુપૂજ્ય રાજાના પુત્ર હોવાથી વ્યાકરણના નિયમ અનુસાર 'વાસુપૂજ્ય' કહેવાયા તે વિશેષ અર્થ.

(૧૩) **શ્રી વિમલનાથ**–જેનો મલ ચાલ્યો ગયો છે તે 'વિમલ' અથવા જ્ઞાન, દર્શનાદિ ગુણો જેના નિર્મલ છે તે 'વિમલ' આ સામાન્ય અર્થ થયો અને ગર્ભના પ્રભાવે માતાને મતિ તથા શરીર નિર્મલ થયા માટે 'વિમલ' નામ રાખ્યું તે વિશેષ અર્થ.

(૧૪) **શ્રી અનંતનાથ**–અનંત કર્મો પર વિજય મેળવનારા અથવા અનંત જ્ઞાનાદિ ગુણોથી વિજયવંતા, તે 'અનંતજિત' આ સામાન્ય અર્થ થયો તથા ભગવાન જ્યારે ગર્ભમાં હતા ત્યારે માતાએ અનંત રત્નમાળા અથવા આકાશમાં અંત વગરનું મહાચક્ર દેખ્યું હોવાથી તથા ત્રણ

ભુવનમાં જયવંતા હોવાથી '**અનંત જિત**' કહેવાયા આ વિશેષ અર્થ ભીમસેનને બદલે ભીમ પણ કહેવાય એ ન્યાયે '**અનંત**' પણ કહેવાય.

(૧૫) **શ્રી ધર્મનાથસ્વામી**-દુર્ગતિમાં પડતા જીવોને ધારણ કરે તે '**ધર્મ**' આ સામાન્ય અર્થ થયો અને પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારથી માતા દાનાદિ ધર્મોમાં તત્પર બન્યાં માટે '**ધર્મ**' નામ રાખ્યું, એ વિશેષ અર્થ.

(૧૬) **શ્રી શાંતિનાથ ભગવાન**-શાંતિનો યોગ થવાથી, પોતે શાંતિ સ્વરૂપ હોવાથી અને બીજાઓને શાંતિ કરનાર હોવાથી '**શાંતિ**' આ સામાન્ય અર્થ થયો અને ભગવંતના ગર્ભના મહિમાથી દેશમાં ઉત્પન્ન થયેલા મરકીના ઉપદ્રવની શાંતિ થવાથી પુત્રનું નામ '**શાંતિ**' રાખ્યું એ વિશેષ અર્થ.

(૧૭) **શ્રી કુંથુનાથસ્વામી**-'કુ' એટલે પૃથ્વી, તેમાં રહેલા હોવાથી '**કુંથુ**' એ સામાન્ય અર્થ થયો અને પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે ગર્ભના પ્રભાવે માતાએ રત્નોને કુંથુ એટલે ઢગલો જોયો એટલે '**કુંથુ**' નામ પાડયું એ વિશેષ અર્થ.

(૧૮) **શ્રી અરનાથસ્વામી**-સર્વોત્તમ મહા સાત્ત્વિક કુલમાં તે કુલની આબાદી માટે જે ઉત્પન્ન થાય છે, તેમને વૃદ્ધ પુરુષોએ '**અર**' નામ આપેલું છે, આ સામાન્ય અર્થ થયો તથા પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે ગર્ભના પ્રભાવથી માતાએ સ્વપ્નમાં રત્નોનો અર એટલે આરો દેખ્યો તેથી ભગવાનનું '**અર**' નામ રાખ્યું એ વિશેષ અર્થ.

(૧૯) **શ્રી મલ્લિનાથસ્વામી**–પરિષહ આદિ મલ્લોને જિતનાર હોવાથી '**મલ્લિ**' આ સામાન્ય અર્થ થયો તથા પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાનો છએ ઋતુનાં પુષ્પોની સુગંધમય માળાઓની શય્યામાં સુવામાં દોહલો દેવોએ પૂર્ણ કર્યો તેથી '**મલ્લિ**' નામ રાખ્યું એ વિશેષ અર્થ.

(૨૦) **શ્રી મુનિસુવ્રતસ્વામી**–જગતની ત્રિકાલ અવસ્થાને જાણે–માને તે '**મુનિ**' તથા સુંદર વ્રતવાળા હોવાથી '**સુવ્રત**' એ પ્રમાણે '**મુનિસુવ્રત**' આ સામાન્ય અર્થ થયો અને પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે ગર્ભના પ્રભાવથી માતા મુનિના જેવાં સુંદર વ્રતવાળાં થયાં, માટે '**મુનિસુવ્રત**' નામ રાખ્યું એ વિશેષ અર્થ.

(૨૧) **શ્રી નમિનાથસ્વામી**–પરિષહો અને ઉપસર્ગોને નમાવવાથી અર્થાત્ હરાવવાથી '**નમિ**' આ સામાન્ય અર્થ થયો. અને ભગવાન જ્યારે ગર્ભમાં હતા ત્યારે નગર પર ચડી આવેલા શત્રુ રાજાઓ પણ ગર્ભના પ્રતાપથી નમી પડયા માટે '**નમિ**' નામ રાખ્યું એ વિશેષ અર્થ.

(૨૨) **શ્રી નેમિનાથ ભગવાન**–ચક્રની નેમિ વર્તુલાકારે હોય છે, તેની માફક ધર્મચક્રની નેમિને કરનારા હોવાથી '**નેમિ**' આ સામાન્ય અર્થ થયો અને પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે માતાએ રિષ્ટ રત્નોનો મહાનેમિ જોવાથી રિષ્ટનેમિ. આ રિષ્ટનેમિ શબ્દને નિષેધવાચી '**અ**' લગાડી '**અરિષ્ટ નેમિ**' નામ રાખ્યું તે વિશેષ અર્થ.

(૨૩) **શ્રી પાર્શ્વનાથ ભગવાન**–જે સર્વ ભવોને દેખે

તે 'પાર્શ્વ' આ સામાન્ય અર્થ થયો અને પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે ગર્ભના પ્રભાવે અંધકારમાં પણ માતાએ સર્પ દેખ્યો એટલે 'પાર્શ્વ' નામ નામ પાડયું તથા પાર્શ્વ નામના વૈયાવચ્ચ કરનાર યક્ષના પણ પ્રભુ નાથ હોવાથી પાર્શ્વનાથ એ વિશેષ અર્થ.

(૨૪) **શ્રી વર્ધમાનસ્વામી**–જ્યારથી ઉત્પન્ન થયા ત્યારથી જ્ઞાનાદિ ગુણોએ વૃદ્ધિ પામે તે 'વર્ધમાન' આ સામાન્ય અર્થ થયો અને ભગવંત જ્યારથી ગર્ભમાં આવ્યા ત્યારથી તેઓનું જ્ઞાતકુલ ધનધાન્ય, આદિ સમૃદ્ધિથી અત્યંત વૃદ્ધિ પામવા લાગ્યું માટે ભગવંતનું 'વર્ધમાન' નામ રાખ્યું એ વિશેષ અર્થ.

આ રીતે શ્રી ઋષભદેવ આદિ ચોવીશ તીર્થંકર ભગવંતના સામાન્ય વિશેષ અર્થ બોધક નામો પૂર્ણ થયા.

શ્રી અરિહંત ભગવંતોનાં નામ અને ગોત્ર સાંભળવાથી, તેમની સ્તુતિ કરવાથી જીવને મહાન ફલ થાય છે. કારણ કે તે મહા–મંગળ સ્વરૂપ છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં ફરમાવ્યું છે કે–

પ્રશ્ન–હે ભગવન્! શ્રી જિનેશ્વર દેવના સ્તવન અને સ્તુતિરૂપી મંગલ વડે જીવ શું ઉપાર્જન કરે?

ઉત્તર–શ્રી જિનેશ્વર દેવના સ્તવન અને સ્તુતિરૂપી મંગલ વડે જીવ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને બોધિલાભને ઉપાર્જન કરે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને બોધિ લાભથી

સંપન્ન જીવ તેજ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરનારી આરાધનાને યોગ્ય બને છે અથવા વૈમાનિક કલ્પને યોગ્ય આરાધક થાય થાય છે– ત્રીજા ભવે મોક્ષ પામવાને લાયક બને છે.

એ જ સૂત્રના એ જ અધ્યયનમાં ફરમાવ્યું છે કે–

પ્રશ્ન–હે ભગવન્! ચતુર્વિંશતિ–ચોવીશ અને ઉપલક્ષણથી બીજા પણ સઘળા તીર્થંકરોની સ્તુતિરૂપ મંગલ વડે જીવ શું ઉપાર્જન કરે?

ઉત્તર–ચોવીશ અને ઉપલક્ષણથી બીજા પણ સઘળા તીર્થંકરોની સ્તુતિ મંગલ વડે જીવ દર્શનવિશુદ્ધિ–સમ્યક્ત્વની નિર્મળતાને પામે છે.

કલ્યાણ મંદિર સ્તોત્રમાં ફરમાવ્યું છે કે– 'હે જિન! અચિંત્ય મહિમાવાળું આપનું સ્તવન તો દૂર રહો, પરંતુ આપનું નામ પણ ત્રણે જગતનું આ ભયંકર સંસારથી રક્ષણ કરે છે'

ભક્તામર સ્તોત્રમાં પણ ફરમાવ્યું છે કે– 'હે ભગવન્! ભવની પરંપરા વડે નિબિડપણે બંધાયેલા પ્રાણીઓના પાપો, આપના સ્તવન વડે એક ક્ષણવારમાં નાશ પામે છે.

એ જ સ્તોત્રમાં આગળ કહ્યું છે કે– સમસ્ત દોષોને નાશ કરનાર આપનું સ્તવન તો દૂર રહો પરંતુ આપના નામનું કીર્તન પણ જગતના પ્રાણીઓના પાપને હણે છે.

આ રીતે શ્રી તીર્થંકરોનું નામસ્મરણ અચિંત્ય ફલદાયક હોવાથી પ્રત્યેક ભવ્ય આત્માને તે સ્મરણ વારંવાર અવશ્ય કરવા લાયક છે.

શ્રી અરિહંત પરમાત્માના પૂજનની-ન્યાયપુરસ્સરતા.

શ્રી ઉમાસ્વાતિ વાચકવર્ય શ્રી તત્ત્વાર્થ ભાષ્યમાં ફરમાવે છે કે—

"अभ्यर्चनादर्हतां मनःप्रसादस्ततः समाधिश्च ।
तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम् ॥ १ ॥

શ્રી અરિહંતો-રાગદ્વેષાદિ મલથી રહિત આત્માઓની અભ્યર્ચના, અભિગમન, સ્તુતિ, વન્દન અને પર્યુપાસના આદિથી મનઃપ્રસાદ ચિત્તની પ્રસન્નતા થાય છે. જેમ નિર્મલ જલથી મલ દૂર થાય છે તેમ મલિન જલથી મલની વિશુદ્ધિ થતી નથી. તે જ રીતે શ્રી અરિહંતો રાગદ્વેષાદિ મલથી રહિત હોવાથી તેમની ઉપાસના કરનારાઓના રાગાદિ મલો નાશ કરનારા થાય છે. રાગાદિ મલો નાશ પામવાથી ચિત્ત પ્રસન્ન થાય છે. ચિત્તની પ્રસન્નતાથી સમાધિ-ચિત્તની એકાગ્રતા થાય છે. ચિત્તની એકાગ્રતા-શાન્તતા થવાથી શુશ્રૂષા તત્ત્વશ્રવણની અભિલાષા થાય છે. તત્ત્વશ્રવણની અભિલાષાથી સાચું ભાવનાવાળું શ્રવણ થાય છે. ભાવયુક્તશ્રવણથી તત્ત્વવિષયક ગ્રહણ, ધારણ અને ઉહાપોહ થાય છે. ગ્રહણ, ધારણ અને ઉહાપોહથી તત્ત્વનો અધિગમ થાય છે. તત્ત્વનો અધિગમ થવાથી હિતની પ્રાપ્તિ અને અહિતનો પરિહાર થાય છે. હિતપ્રાપ્તિ અને અહિતનો પરિહાર થવાથી નિઃશ્રેયસ-પરમકલ્યાણરૂપ મુક્તિની પ્રાપ્તિ થાય છે. એ રીતે સમાધિથી માંડીને નિઃશ્રેયસ પર્યંતના કલ્યાણોની

પરમ્પરાની પ્રાપ્તિના હેતુભૂત હોવાથી શ્રી અરિહંતોનું પૂજન, અભિગમન, વન્દન અને પર્યુપાસન આદિ સજ્જનો માટે ન્યાયયુક્ત છે. શ્રી અરિહંતોને પૂજનની જરૂર નથી, તોપણ પૂજકને કલ્યાણપરંપરાના કારણભૂત હોવાથી કૃતાર્થ એવા શ્રી અરિહંતોની પૂજા અવશ્ય કર્તવ્ય છે. શ્રી અરિહંતોની પૂજા તેમના બિંબોની પૂજા દ્વારા થઈ શકે છે. સંસારી આત્માઓ ધર્મ કરવામાં પ્રાયઃ આળસુ, કષ્ટભીરૂ અને પ્રમાદી હોય છે. તેવા જીવોને શ્રી જિનેશ્વરદેવોની શાન્ત આકારવાળી પ્રતિમાઓ વિગેરે જોઇને કર્મનો ક્ષયોપશમ થાય છે. કર્મનો ક્ષયોપશમ થવામાં શાસ્ત્રકારોએ દ્રવ્યાદિને હેતુ માનેલા છે. શ્રી જિનેશ્વરદેવોના મનોહર બિંબો, એ ઉત્તમોત્તમ દ્રવ્ય છે. શ્રી જિનમંદિર એ ઉત્તમ ક્ષેત્ર છે. પૂજન વખતનો કાળ તથા ભાવ પણ ઉત્તમ હોય છે. ઉત્તમ પ્રકારના દ્રવ્યાદિની સામગ્રી મળવાથી મોહરૂપી મલ ઘટે છે. મોહનીયાદિ કર્મપ્રકૃતિઓનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થાય છે. મોહનીયનો ઉપશમાદિ થવાથી ચિત્ત પ્રસન્ન-સ્વચ્છ-નિર્મળ થાય છે. ચિત્ત નિર્મળ થવાથી શ્રી જિનવચન પ્રત્યે શ્રદ્ધા આવિર્ભાવ પામે છે. તેથી શ્રી જિનવચનનું શ્રવણ થાય છે અને શ્રવણથી સમ્યગ્દર્શનાદિ ગુણોનો લાભ થાય છે. સમ્યગ્દર્શનાદિ ગુણોને પ્રાપ્ત થયેલા આત્માઓને પણ શ્રી જિનપ્રતિમાદિના દર્શન, વન્દન, પૂજનાદિવડે પ્રમાદાદિ દૂર થાય છે, સંવેગાદિ વધે છે અને શ્રી જિનગુણના ધ્યાનમાં મન એકાગ્ર થાય છે અને એથી પરમ શમરસભાવની પ્રાપ્તિ થાય છે.

* * *

શ્રી અરિહંત-પૂજન-વિધિ.

" स्नानविलेपनसुसुगन्धिपुष्पधूपादिभिः शुभैः कान्तम् ।
विभवानुसारतो यत्काले नियतं विधानेन ॥ १ ॥

अनुपकृतपरहितरतः शिवदस्त्रिदशेशपूजितो भगवान् ।
पूज्यो हितकामानामिति भक्त्या पूजनं पूजा ॥ २ ॥

पञ्चोपचारयुक्ता काचिच्चाऽष्टोपचारयुक्ता स्यात् ।
ऋद्धिविशेषादन्या प्रोक्ता सर्वोपचारेति ॥ ३ ॥

न्यायार्जितेन परिशोधितेन वित्तेन निरवशेषेण ।
कर्त्तव्या बुद्धिमता प्रयुक्तसत्सिद्धियोगेन ॥ ४ ॥

शुचिनाऽऽत्मसंयमपरं सितशुभवस्त्रेण वचनसारेण ।
आशंसारहितेन च तथा तथा भाववृद्ध्योच्चैः ॥ ५ ॥

સ્નાન-સુગન્ધિ દ્રવ્યોથી સંયોજિત સ્નાત્ર, વિલેપન-સુગન્ધિ ચન્દન, કપૂર, કુંકુમ અને કેસરાદિ વડે વિલેપન, સારી ગન્ધવાળા જાઈ, કેતકી વિગેરેનાં પુષ્પો તથા ગન્ધ દ્રવ્યોથી વાસિત ધૂપ વિગેરે સુગન્ધયુક્ત દ્રવ્યો વડે સદા પોતાના વૈભવને અનુસારે, શાસ્ત્રોક્ત વિધિપૂર્વક, ત્રણે સંધ્યાએ અથવા પોતાની વૃત્તિ-આજીવિકાને વિરોધ ન આવે તે રીતે.(૧)

અનુપકૃત પરહિતપર-નિષ્કારણ સર્વજનવત્સલ, શિવ-કલ્યાણ અથવા નિરુપદ્રવને દેનાર, ત્રિદશેશ-ઇન્દ્રાદિ વડે

પૂજિત, સમગ્ર ઐશ્વર્યવાન પૂજ્ય ભગવાન શ્રી જિનેશ્વરદેવ હિતાભિલાષિ-પ્રાણીઓને ભક્તિ-વિનયવડે પૂજન કરવા યોગ્ય છે. (૨)

પંચોપચારયુક્ત—પંચાંગ પ્રણિપાતરૂપ, અષ્ટોપચારયુક્ત-અષ્ટાંગ પ્રણિપાતરૂપ અથવા સર્વોપચારયુક્ત-ઋદ્ધિવિશેષથી દશાર્ણભદ્રાદિની જેમ હસ્તી, અશ્વ અને રથાદિ સર્વ સામગ્રી વડે, સર્વ બલ વડે, સર્વ સમુદય વડે, સર્વ વિભૂતિ વડે, સર્વ વિભૂષા વડે અને સર્વ આદર વડે. (૩)

પરિશુદ્ધ ન્યાયાર્જિત વિત્ત દ્રવ્ય વડે અને બીજા પણ સત્સાધનો વડે બુદ્ધિમાન પુરુષે શ્રી જિનરાજની નિરવશેષ-સમસ્ત પ્રકારે પૂજા કરવી જોઇએ. (૪)

શુચિ અર્થાત્ દ્રવ્યભાવ સ્નાનવડે પવિત્ર થઇને, દ્રવ્યસ્નાન-હાથપગશિરાદિ અવયવોનું અને ભાવસ્નાન મલિન અધ્યવસાયોનું-શરીર તથા મનથી સ્વચ્છ થઇને, શ્વેત અને શુભ વસ્ત્ર પહેરીને-શુભ શબ્દથી શ્વેત વર્ણ સિવાયના બીજા પણ રક્ત પીતાદિ વર્ણવાળા શુભ વસ્ત્રો પહેરીને, આગમ પ્રધાન બનીને તથા આલોક પરલોકાદિના સાંસારિક ફલની કામનાથી રહિત બનીને, જે જે પ્રકારે ભાવની અત્યંત વૃદ્ધિ થાય તે તે પ્રકારે પુષ્પ અને વસ્ત્રાદિની સામગ્રીથી સજ્જ બનીને-શ્રી જિનરાજની પૂજા કરવી જોઇએ. (૫)

"कायादियोगसारा त्रिविधा तच्छुद्धयुपात्तवित्तेन ।
या तदतिचाररहिता सा परमाऽन्ये तु समयविदः ॥ ६ ॥

विघ्नोपशमन्याद्या गीताभ्युदयप्रसाधनी चाऽन्या।
निर्वाणसाधनीति च फलदा तु यथार्थसंज्ञाभिः ॥ ७ ॥

સમયવેદી અન્ય આચાર્યો કાયાદિ ત્રણ યોગોની પ્રધાનતાથી ત્રણ પ્રકારની પૂજાને ફરમાવે છે. કાયયોગસાર, વચનયોગસાર અને મનોયોગસાર-કાયાદિના દોષોનો જેમાં ત્યાગ છે, એવી અતિચાર રહિત પૂજા, એ પણ પ્રધાન પૂજા છે. (૬)

પહેલી કાયયોગસાર-કાયાના દોષથી રહિત પૂજાને વિઘ્નોપશમની, બીજી વચનયોગસાર-વાણીના દોષથી રહિત પૂજાને અભ્યુદયપ્રસાધની અને ત્રીજી મનોયોગસાર મનના દોષથી રહિત પૂજાને નિર્વાણસાધની, એ રીતે યથાર્થ સંજ્ઞાવાળી નામ મુજબ ફલને આપનારી ત્રણ પ્રકારની પૂજા કહેલી છે. (૭)

એ ત્રણ પ્રકારની પૂજાના અન્વર્થ એવા બીજા પણ ત્રણ નામ શ્રી પૂજાવિંશિકામાં ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે કહેલાં છે. સમન્તભદ્રા, સર્વમંગલા અને સર્વસિદ્ધિફલા. પ્રથમ પૂજા પ્રથમ અવચંક યોગથી અવિરતિ સમ્યગ્દૃષ્ટિને હોય છે. બીજી પૂજા દ્વિતીય અવંચક યોગથી ઉત્તરગુણધારી શ્રાવકને હોય છે. ત્રીજી પૂજા તૃતીય અવંચક યોગથી મૂલોત્તર ગુણધારી પરમ શુદ્ધ શ્રાવકને હોય છે. પ્રથમ પૂજામાં પૂજક પોતે સુગન્ધિત પુષ્પાદિની સામગ્રી લાવે છે. દ્વિતીય પૂજામાં ક્ષેત્રાન્તરથી બીજા પાસે મંગાવે છે. તૃતીય પૂજામાં ત્રણ લોકમાં જેટલી સુંદર વસ્તુઓ છે તે નન્દનવનગત પારિજાત કુસુમાદિ સર્વને મનથી પોતે

લાવે છે. અખિલ ગુણાધિક–સમસ્ત પ્રાણીગણથી અધિક ગુણવાન શ્રી જિનેશ્વરદેવની પૂજા અખિલગુણાધિક પૂજોપકરણ વડે સર્વ કરતાં અધિક ગુણવાલાં સારભૂત પૂજાના ઉપકરણો વડે બુદ્ધિમાન પુરુષોએ કરવી જોઇએ. એ રીતે કરેલી પૂજા જ ચિત્તને પરિપૂર્ણ સંતોષ આપનારી થાય છે. અન્યથા નહિ

અન્ય ગ્રન્થોમાં પંચોપચારી, અષ્ટોપચારી સર્વોપચારી તથા ત્રણ પ્રકારની પૂજા અન્ય રીતે પણ કહી છે.

પંચોપચારીપૂજા—ઉપચાર એટલે પૂજાની સામગ્રી–પુષ્પ, અક્ષત, ગંધ, ધૂપ અને દીપ અથવા જળ, ચન્દન, પુષ્પ, ધૂપ અને દીપ એમ પાંચ પ્રકારની પૂજા કહી છે.

અષ્ટોપચારીપૂજા—પુષ્પ, અક્ષત, ગંધ, દીપ, ધૂપ, નૈવેદ્ય, ફળ અને જળ. એમાં જળપૂજા પ્રથમ કરવાની છે. પછી ગંધ (વિલેપન), પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળ અથવા ફળ પછી નૈવેદ્ય

સર્વોપચારીપૂજા—પૂજાને યોગ્ય સર્વ પ્રકારની વસ્તુઓ વડે પૂજા કરવી તે. સત્તરભેદી, એકવીસ પ્રકારી, એકસો આઠ પ્રકારી ઇત્યાદિ. અંગ, અગ્ર અને ભાવ એ ત્રણે ભેદોથી પૂજા કરવી, તે પણ સર્વોપચારી પૂજા કહેવાય છે.

અંગપૂજાને વિઘ્નોપશામિકા—વિઘ્નોને શમાવનારી, અગ્રપૂજાને અભ્યુદયસાધની–સ્વર્ગાદિ સંપત્તિને આપનારી તથા ભાવપૂજાને નિર્વૃત્તિકારિણી–અવ્યાબાધ સુખ સ્વરૂપ

મુક્તિને આપનારી કહી છે.

અંગપૂજા-એટલે પ્રભુના શરીર સંબંધી પૂજા. પ્રથમ નિર્માલ્ય ઉતારવું, મોરપીંછીથી પ્રમાર્જના કરવી, પંચામૃતથી અભિષેક કરવો, અંગલૂંછણાં કરવાં, વિલેપન કરવું, નવ અંગે પૂજા કરવી, પુષ્પ ચઢાવવાં, અંગરચના કરવી, કસ્તુરી આદિવડે પ્રભુના શરીરે પત્ર વિગેરેની રચના કરવી, આભૂષણ પહેરાવવા ઇત્યાદિ.

અગ્રપૂજા-એટલે પ્રભુની આગળ ધૂપ કરવો, દીપક કરવો, અક્ષતાદિ વડે અષ્ટ મંગળ આલેખવા, પુષ્પના પગર ભરવા, ઉત્તમ ફળ મૂકવા, અશન-પાન-ખાદિમ-સ્વાદિમ એ ચાર પ્રકારનાં નૈવેદ્ય ધરવા, આરતી, મંગળદીવો ઉતારવો, ગીત-નૃત્ય વાજિંત્રાદિ વગાડવા ઇત્યાદિ.

ભાવપૂજા એટલે ચૈત્યવન્દન, સ્તવન, સ્તુતિ, સ્તોત્ર, જપ, અને કેટલાક આચાર્ય મહારાજના મત પ્રમાણે ગીત, નૃત્ય, વાજિંત્રાદિ પણ ભાવપૂજા ગણાય છે.



શ્રી અરિહંત દેવાધિદેવના દર્શન-પૂજન આદિનું ફળ.

પ્રણમું શ્રી ગુરુરાજ આજ, જિનમંદિર કેરો;
પુણ્ય ભણી કરશું સફલ, જિન વચન ભલેરો. ૧

દેહરે જાવા મન કરે, ચોથ[૧]-તણું ફલ પાવે;
જિનવર જુહારવા ઉઠતાં, છઠ[૨]-પોતે આવે. ૨

જાવા માંડયું જેટલે, અઠમ[૩]-તણું ફલ હોય;
ડગલું ભરતાં જિનભણી, દશમ[૪]-તણું ફલ જોય. ૩

જાઈસ્યુ જિનવર ભણી, મારગ ચાલંતા;
હોવે દ્વાદશ[૫]-તણું પુણ્ય, ભક્તિ માલંતા. ૪

અર્ધ પંથ જિનહર-તણો, પંદર ઉપવાસ;
દીઠે સ્વામીતણો ભવન, લહીએ એક માસ. ૫

જિનહર પાસે આવતાં, છ માસી ફલ સિદ્ધ;
આવ્યા જિનહર બારણે, વરસીતપ ફલ લીધ. ૬

૧-એક ઉપવાસ. ૨-બે ઉપવાસ. ૩-ત્રણ ઉપવાસ. ૪-ચાર ઉપવાસ. ૫-પાંચ ઉપવાસ.

સો વર્ષ ઉપવાસ પુણ્ય, પ્રદક્ષિણા દેતાં;
સહસ વર્ષ ઉપવાસ પુણ્ય, જિન નજરે જોતાં. ૭

ભાવે જિનવર જુહારીએ, ફલ હોવે અનંત;
તેહથી લહીએ સો ગણું, જો પૂજે ભગવંત. ૮

ફલ ધણું ફૂલની માલ, પ્રભુકંઠે ઠવતાં;
પાર ન આવે ગીત નાદ, કેરાં ફલ થુણતાં. ૯

નિરમલ તન મને કરી, થુણતાં ઇન્દ્ર જગીશ;
નાટક ભાવના ભાવતાં, પામે પદવી જગીશ. ૧૦

જિનવર ભક્તિ વલી એ, પ્રેમે પ્રકાશી;
નિસુણી શ્રી ગુરુવયણ સાર, પૂર્વ ઋષિ ભાષી. ૧૧

અષ્ટ કર્મને ટાલવા, જિનમંદિર જઈશું;
ભેટી ચરણ ભગવંતના, હવે નિરમલ થઈશું. ૧૨

કીર્તિવિજય ઉવજ્ઝાયનો, વિનય કહે કરજોડ;
સફલ હોજો મુજ વિનતિ, જિન સેવાનું કોડ. ૧૩

ઉપરોક્ત ચૈત્યવન્દનમાં ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે શ્રી જિનેશ્વરદેવ અને તેમના ચૈત્ય આદિનાં દર્શન. સ્તવન, પૂજન. આદિની ભક્તિનું ફળ, પૂર્વ મહર્ષિઓએ જે રીતે પ્રકાશ્યું છે, તે રીતે વર્ણવી બતાવ્યું છે. એ જ વાતને પૂર્વાચાર્ય મહર્ષિઓ નીચેના શબ્દોમાં સમર્થન કરે છે.

संपत्तो जिणभवणे, पावइ छम्मासिअं फलं पुरिसो ।
संवच्छरिअं तु फलं, दारदेसट्ठिओ लहइ ॥ १ ॥

શ્રી જિનભવનને પ્રાપ્ત થયેલો પુરૂષ છ માસના ઉપવાસના ફલને પામે છે અને દ્વાર દેશે પહોંચેલો પુરૂષ સંવત્સર-બાર માસના ઉપવાસના ફલને પામે છે. (૧)

વળી

પયાહિણેણ પાવઇ, વરિસસયં ફલં તઓ જિણે મહિએ ।
પાવઇ વરિસસહસ્સં અણંતપુણ્ણં જિણે થુણિએ ॥ ૨ ॥

પ્રદક્ષિણા દેવાથી સો વર્ષના ઉપવાસના ફલને પામે છે, શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવાથી હજાર વર્ષના ઉપવાસના ફળને પામે છે અને શ્રી જિનેશ્વરદેવોની સ્તુતિ કરવાથી જીવ અનંત પુણ્યને ઉપાર્જન કરે છે. (૨)

એ માટે શાસ્ત્રમાં કહ્યું છે કે—

સયં પમજ્જણે પુણ્ણં, સહસ્સં ચ વિલેવણે ।
સયસાહસ્સિઆ માલા, અણંતં ગીઅવાઈએ ॥ ૨ ॥

શ્રી જિનેશ્વર પ્રભુના બિમ્બને પ્રમાર્જન કરતાં સો ગુણું, વિલેપન કરતાં હજાર ગુણું, પુષ્પની માલા ચઢાવતાં લાખ ગુણું અને ગીત તથા વાજિંત્ર વગાડતાં અનંતગુણું પુણ્ય ઉપાર્જન થાય છે. (૩)



શ્રી અરિહંત પરમાત્માની સ્તુતિ આદિ માટેનું સ્તોત્ર કેવું હોવું જોઇએ ?

શ્રી અરિહંત પરમાત્માનું સ્તવન મેઘની ગર્જનાની જેમ ગંભીર અને મધુર ધ્વનિવાળું તથા અર્થથી મહાન અર્થાત્ થોડા અક્ષરોમાંથી પણ ઘણો અર્થ નીકળે તેવું તથા ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનથી ભરપૂર હોવું જોઇએ.

સુવિહિત શિરોમણિ આચાર્ય પુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી ષોડશક પ્રકરણમાં સ્તોત્રો કેવાં હોવાં જોઇએ ? તે સંબંધમાં ફરમાવે છે કે—

पिण्डक्रियागुणगतैर्गम्भीरैर्विविधवर्णसंयुक्तैः ।
आशयविशुद्धिजनकैः संवेगपरायणैः पुण्यैः ॥ १ ॥
पापनिवेदनगर्भैः प्रणिधानपुरःसरैर्विचित्राऽर्थैः ।
अस्खलितादिगुणयुतैः स्तोत्रैश्च महामतिर्ग्रथितैः ॥ २ ॥

તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

પિંડ–શરીર એક હજાર ને આઠ લક્ષણોથી યુક્ત.

ક્રિયા–આચાર અથવા ચરિત્ર, તે સર્વથી ચઢીયાતું, દુર્જય પરિષહો અને ઉપસર્ગોને પણ જીતનારું. તથા

ગુણ-શ્રદ્ધા, જ્ઞાન અને વિરતિ આદિ જીવના સહવર્તિ પરિણામો, કેવલજ્ઞાન, કેવળદર્શન અને ક્ષાયિક ચારિત્રાદિના વર્ણનથી યુક્ત.

ગંભીર-સૂક્ષ્મ મતિથી સમજાય તેવા ભાવથી ભરેલાં અથવા આંતરિક ભાવથી રચાયેલાં.

વિવિધવર્ણસંયુક્ત-વિભિન્નછંદ અને અલંકારોના કારણે વિચિત્ર પ્રકારના અક્ષર સંયોગોવાળાં.

આશયવિશુદ્ધિજનક-ભાવવિશુદ્ધિને ઉત્પન્ન કરનારાં.

સંવેગપરાયણ-સંવેગ એટલે સંસારભય અથવા મોક્ષાભિલાષાની તત્પરતા જણાવનારાં.

પુણ્ય-પુણ્યબંધના કારણભૂત અથવા પવિત્ર.—૧

પાપનિવેદનગર્ભિત-રાગદ્વેષ અને મોહથી સ્વયં કરેલાં, કરાવેલાં અને અનુમોદેલાં પાપોના નિવેદનથી ગર્ભિત.

પ્રણિધાનયુક્ત-ચિત્તની એકાગ્રતા અને ઉપયોગપૂર્વક.

વિચિત્ર-બહુ પ્રકારના અર્થવાળાં.

અસ્ખલિતાદિ ગુણોથી યુક્ત-આદિ શબ્દથી અમીલિત-વિરામાદિથી સંયુક્ત, અવ્યત્યામ્રેડિત-પુનરુક્તિ આદિ દોષો વિનાના.

મહામતિગ્રથિત-મહાબુદ્ધિમાન પુરુષોથી વિરચિત સ્તોત્રો-સ્તુતિ વિશેષો વડે શ્રી જિનેશ્વરદેવોની સ્તુતિ કરવી જોઇએ.

એ જ મહર્ષિ 'શ્રી યોગબિન્દુ' નામના ગ્રન્થરત્નમાં ફરમાવે છે કે—

स्थानकालक्रमोपेतं, शब्दार्थानुगतं तथा ।
अन्याऽसंमोहजनकं, श्रद्धासंवेगसूचकम् ॥ १ ॥

प्रोल्लसद्भावरोमाञ्चं, वर्धमानशुभाशयम् ।
अवनामादिसंशुद्ध,-मिष्टं देवादिवन्दनम् ॥ २ ॥

સ્થાન–ચૈત્યવંદન સ્તુતિ આદિને યોગ્ય શરીર સંસ્થાન.

કાલ–સન્ધ્યાત્રયાદિ.

ક્રમ–પ્રણિપાતદંડકાદિ સૂત્રોનો અનુક્રમ. તથા

શબ્દાર્થાનુગત–સૂત્રના અર્થમાં ઉપયોગ યુક્ત.

અન્યાસંમોહજનક–પોતાના સિવાય બીજા જે ચૈત્યવન્દન સ્તુતિ આદિમાં પ્રવૃત્ત થયા હોય તેઓને સંમોહપીડા ઉત્પન્ન ન થાય તે રીતે યુક્ત. સ્વરથી–અતિ ધીમો પણ નહિ અને અતિ ઊંચો પણ નહિ તેવા સ્વરે.

શ્રદ્ધાસંવેગસૂચક–મોક્ષની તીવ્ર અભિલાષા અને ભવનિર્વેદને અભિવ્યક્ત–પ્રગટ કરનાર—૧.

પ્રોલ્લસદ્ભાવરોમાંચ–સ્વાભાવિક પુલક રોમાંચનો અનુભવ થઇ રહ્યો હોય તેમ.

વધતા જતાં શુભ આશયવાળું. તથા

પ્રણામાદિ નિરવદ્ય ક્રિયાયુક્ત-દેવાદિવન્દન, આદિ શબ્દથી ગુર્વાદિવન્દન-સ્તવન વિગેરે કરવાં તે શાસ્ત્રકારોને અભિમત છે-૨.

શુભભાવાર્થં પૂજા સ્તોત્રેભ્યઃ સ ચ પર શુભો ભવતિ।
સદ્‌ભૂતગુણોત્કીર્ત્તનસંવેગાત્ સમરસાપત્ત્યા ॥ ૩ ॥

શ્રી જિનપૂજા શુભ ભાવ માટે કરવાની છે. ઉત્તમ સ્તોત્રો વડે તે ભાવ પરમ-પ્રકૃષ્ટ શુભ થાય છે. પુષ્પાદિ વડે પૂજા કરવાથી જેમ ભાવની વિશુદ્ધિ થાય છે તેમ સ્તોત્રાદિ વડે પણ શ્રી જિનભક્તિ કરવાથી પૂર્વની અપેક્ષાએ અત્યંત શુભ અધ્યવસાયો ઉત્પન્ન થાય છે. કારણ કે સ્તોત્રાદિ વડે શ્રી જિનેશ્વરદેવોના સદ્‌ભૂત-વિદ્યમાન અને સત્ય ગુણોનું સંકીર્ત્તન થાય છે તેથી સંવેગ-મોક્ષનો અભિલાષ પ્રગટે છે મોક્ષાભિલાષાથી સમરસ-સમભાવનો અભિલાષ પ્રગટે છે. અને સમરસની પ્રાપ્તિ એ જ શુભ ભાવની પરાકાષ્ટા છે-૩.



ચૈત્યવન્દન આદિ ક્રિયાની શુદ્ધિ માટે ઉપયોગી માર્ગદર્શન.

શ્રી જૈનશાસનમાં પ્રણિધાનાદિ આશયોથી વિશુદ્ધ એવો ચૈત્યવન્દનાદિ સઘળોય ધર્મનો વ્યાપાર, મહાસુખસ્વરૂપ મોક્ષની સાથે આત્માને જોડનારો હોવાથી 'યોગ' સ્વરૂપ મનાયો છે. તેમાં પણ ચૈત્યવંદનાદિ ક્રિયા કરતી વખતે સ્થાન અને વર્ણાદિનો ઉપયોગ રાખવાથી વિશેષ કરીને 'યોગ' માર્ગની સાધના થાય છે. યોગની એ વિશેષ સાધનાના શાસ્ત્રમાં પાંચ પ્રકાર પાડવામાં આવ્યા છે. સ્થાન–મુદ્રાયોગ, વર્ણ–અક્ષર, અર્થ–શબ્દવાચ્ય, આલંબન–કાયોત્સર્ગાદિ અને નિરાલંબન–એકાગ્રતાપૂર્વક સિદ્ધનું સ્મરણ ઈત્યાદિ યોગના પાંચ પ્રકાર છે. એમાં પહેલા બે કર્મ–ક્રિયા યોગ છે અને પછીના ત્રણ જ્ઞાનયોગ છે. એ પ્રત્યેકના પાછા ચાર ચાર ભેદ છે. ઇચ્છાયોગ, પ્રવૃત્તિયોગ, સ્થિરયોગ અને સિદ્ધિયોગ. ચૈત્યવંદનાદિ ક્રિયાને વિષે સ્થાન, વર્ણ, અર્થ અને આલંબન વિગેરેનું વિભાવન–વારંવાર સ્મરણ કરવું, એ અત્યંત કલ્યાણનું કારણ મનાયેલું છે. પ્રણિધાનાદિ આશયો અને સ્થાનાદિ યોગોના ઉપયોગ વિનાની ક્રિયાને શાસ્ત્રોમાં તુચ્છક્રિયા–દ્રવ્ય ક્રિયા તરીકે સંબોધી છે. સ્થાનાદિયોગ રહિત પુરૂષને

ચૈત્યવંદનાદિ સૂત્રો ભણાવવાની પણ શાસ્ત્રો ના પાડે છે. સ્થાનાદિ યોગયુક્ત અનુષ્ઠાનના પણ ચાર ભેદ પાડવામાં આવ્યા છે, પ્રીતિ-અનુષ્ઠાન, ભક્તિ-અનુષ્ઠાન, વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાન એ રીતે યોગના બેંશી (૮૦) પ્રકારો 'શ્રી યોગવિંશિકા' આદિ ગ્રન્થોમાં શ્રી હરિભદ્રસૂરીશ્વરાદિ મહર્ષિઓએ ફરમાવ્યા છે. પ્રણિધાનાદિ આશયો, સ્થાનાદિ અને ઇચ્છાદિ યોગો તથા પ્રીતિઆદિ અનુષ્ઠાનોનું સ્વરૂપ વિસ્તારથી જાણવાની ઈચ્છાવાળાઓએ ગુરુગમદ્વારા સમજવા પ્રયાસ કરવો. અહીં તો ક્રિયાશુદ્ધિ માટે ખાસ જરૂરી બાબતોનું ટૂંકમાં દિગ્દર્શન માત્ર કરવામાં આવ્યું છે.

ક્રિયાશુદ્ધિ માટે સૌથી વિશેષ જરૂરી ચિત્તની એકાગ્રતાની છે. શાસ્ત્રોમાં એને 'પ્રણિધાન' શબ્દથી ઓળખાવેલ છે. પ્રણિધાનનો મહિમા વર્ણવતાં કહ્યું છે કે—

प्रणिधानं कृतं कर्म, मतं तीव्रविपाकवत् ।
सानुबन्धत्वनियमात्, शुभांशाच्चैतदेव तत् ॥ १ ॥

પ્રણિધાન-ચિત્તની એકાગ્રતાપૂર્વક કરેલું કર્મ તીવ્ર વિપાક-ફળને આપનારૂં છે પ્રણિધાનયુક્ત કર્મ અનુબંધના નિયમવાળું હોય છે તથા શુભ અંશવાળું પણ હોય છે. અનુબંધના નિયમવાળું એટલે પરંપરાએ અધિક અધિક શુભ કર્મની પ્રાપ્તિ કરાવનારૂં અને શુભાશયવાળું એટલે પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કરાવનારૂં છે (૧)

પ્રણિધાનનું સ્વરૂપ ટૂંકમાં દર્શાવતાં શાસ્ત્રકાર મહર્ષિ-ઓએ ફરમાવ્યું છે કે કે—

विशुद्धभावनासारं, तदर्थाऽर्पितमानसम् ।
यथाशक्ति क्रियालिङ्गं, प्रणिधानं मुनिर्जगौ ॥ २ ॥ ”

જેમાં ભાવના-ચિત્તનો આશય વિશુદ્ધ છે. જેમાં મન તેના અર્થને વિષે અર્પિત છે તથા જેમાં ક્રિયા શક્તિથી હીન પણ નથી તેમ અધિક પણ નથી, તેને શ્રી જિનેશ્વર-દેવ ‘ પ્રણિધાન ’ કહે છે. (૨)

વિશુદ્ધ ભાવનાનું સ્વરૂપ જણાવતાં ફરમાવ્યું છે કે—

उपादेयधियाऽत्यन्तं, संज्ञाविष्कम्भणान्वितम् ।
फलाभिसन्धिरहितं, संशुद्धं ही एतदीदृशम् ॥ ३ ॥ ”

જેમાં ‘ આજ એક સારભૂત છે ’ એવી અત્યંત ઉપાદેય બુદ્ધિ રહેલી છે, જેમાં આહારાદિ કે લોભાદિ સંજ્ઞાઓનું વિષ્કંભણ-રોકાણ છે તથા જે ફલની અભિસન્ધિ આકાંક્ષાથી રહિત છે, તે અનુષ્ઠાનને ‘ સંશુદ્ધ ’ અથવા વિશુદ્ધ ભાવનાયુક્ત કહેલું છે. (૩)

પુષ્ટિ-પુણ્યોપચય, શુદ્ધિ-પાપક્ષય અને શુભાનુબન્ધ માટે શાસ્ત્રકારોએ ક્રિયાના પાંચ આશયો બતાવ્યા છે.

તે અનુક્રમે નીચે મુજબ છે—

પ્રણિધાન-પોતાથી હીન કોટિવાળા જીવો ઉપર

દ્વેષભાવ રાખ્યા વિના પરોપકાર સાધવાની અભિલાષાપૂર્વક સ્વયોગ્ય નિરવદ્ય અનુષ્ઠાન સાધવામાં સાવધાન-એકાગ્ર રહેવું.

પ્રવૃત્તિ-અધિકૃત ધર્માનુષ્ઠાનને વિષે ઉત્સુકતા વિના અતિશય પ્રયત્નપૂર્વક પ્રકૃષ્ટ અને નિપુણ ઉપાયવડે પ્રવૃત્તિ કરવી.

વિઘ્નજય-ધર્મમાં અંતરાય કરનારા જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ વિઘ્નોનું નિવારણ કરવું, માર્ગમાં જતાં જેમ કંટક, જ્વર અને દિશામોહ વિઘ્નભૂત થાય છે, તેમ મુક્તિનું અનુષ્ઠાન કરતાં કંટકવિઘ્નસમાન શીતોષ્ણાદિ પરીષહો છે, જ્વરવિઘ્નસમાન શારીરિક રોગો છે અને દિશામોહસમાન મિથ્યાત્વાદિનો ઉદય છે, તેનો અનુક્રમે આસનવડે, અશનવડે અને ગુરુસેવાદિ વડે જય થાય છે. આસન સિદ્ધાસનાદિ અને અશન-હિત મિત આહારાદિ.

સિદ્ધિ-અધિકૃત અહિંસાદિ ધર્મસ્થાનની સિદ્ધિ પ્રાપ્તિ. જેમાં અધિક ગુણી પ્રત્યે વિનય, હીનગુણી અથવા નિર્ગુણી પ્રત્યે દયા અને મધ્યમગુણી પ્રત્યે ઉપકારની ભાવના પ્રધાનપણે હોય છે.

વિનિયોગ-સ્વપ્રાપ્ત ધર્મસ્થાનને યથાયોગ્ય ઉપાય વડે અન્યને પમાડવું. એથી અનેક જન્મ જન્માન્તર સુધી પ્રકૃષ્ટ ધર્મસ્થાનની પ્રાપ્તિ થયા કરે છે.

પ્રણિધાનાદિથી પરિશુદ્ધ સર્વ ધર્મવ્યાપાર અનુભંધવાળો હોવાથી યોગ કહેવાય છે. તેમાં પણ સ્થાનાદિની શુદ્ધિપૂર્વક

થતો ધર્મવ્યાપાર વિશેષે કરીને 'યોગ' સંજ્ઞાને પ્રાપ્ત કરે છે. સ્થાનાદિ યોગની સાધના વિપુલ કલ્યાણને શીઘ્ર આપનારી થાય છે. તે સ્થાનાદિ યોગના પ્રકારો નીચે મુજબ છે.

સ્થાનયોગ–સ્થાન–આસનવિશેષ, કાયોત્સર્ગાસન, પર્યંકાસન અને પદ્માસન ઇત્યાદિ તથા યોગમુદ્રા, જિનમુદ્રા અને મુક્તાશુક્તિમુદ્રા ઇત્યાદિનું યથાયોગ્ય પાલન.*

વર્ણયોગ–વર્ણ–શબ્દ. ક્રિયાદિમાં બોલવામાં આવતા સૂત્રના અક્ષરોનું શુદ્ધ ઉચ્ચારણ.

અર્થયોગ–શબ્દનો અર્થ–વાચ્ય–અભિધેય અથવા તાત્પર્યનું ચિન્તવન.

આલંબનયોગ–બાહ્ય પ્રતિમાદિવિષયક એકાગ્રતા પૂર્વક ધ્યાન.

---

* ૧ ચૈત્યવંદનોમાં સ્તવપાઠ (નમોત્થુણં ઇત્યાદિ) યોગમુદ્રાથી, વંદન (અરિહંત ચેઇયાણં આદિ) જિનમુદ્રાથી અને પ્રણિધાન (જય વીયરાય ઇત્યાદિ) મુક્તાશુક્તિમુદ્રાથી કરવાના હોય છે. યોગ એટલે સમાધિ અથવા બે હાથનો સંયોગ. તેની મુખ્યતાવાલી મુદ્રા તે યોગમુદ્રા. જિન એટલે (વિઘ્નોને) જીતનારી મુદ્રા. મુક્તાશુક્તિ એટલે મોતીની છીપ સમાન મુદ્રા. (૪) યોગમુદ્રામાં પરસ્પર અંતરિત કરવાથી કમળના ડોડાના આકારવાળા થયેલા બે હાથયુક્ત બંને કોણીને પેટ ઉપર સ્થાપન કરાવાનું હોય છે. જિનમુદ્રામાં બે પગનો આગળનો ભાગ ચાર આંગળ અંતરવાળો અને પાછલો ભાગ તેથી કાંઇક ઓછા અંતરવાળો રાખી બે હાથ જોડી સ્થિર ઉભા રહેવાનું હોય છે. મુક્તાશુક્તિ મુદ્રામાં બન્ને હાથ પોલા જોડી લલાટસ્થાને લગાડવાનાં હોય છે.

અનાલંબન–જેમા રૂપિ દ્રવ્યનું આલમ્બન નથી તેવી નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ. સ્થાન અને વર્ણ, એ બે સાક્ષાત્ ક્રિયા રૂપ છે માટે કર્મયોગ કહેવાય છે. અર્થ, આલંબન અને અનાલંબન, એ ત્રણ સાક્ષાત્ જ્ઞાનરૂપ છે માટે જ્ઞાનયોગ કહેવાય છે.

સ્થાનાદિ પ્રત્યેક યોગના ચાર ચાર પ્રકાર છે. તેનો ક્રમ નીચે મુજબ છે.

ઇચ્છાયોગ–સ્થાનાદિયોગયુક્ત યોગીઓની કથામાં પ્રીતિ-જાણવાની ઇચ્છા અથવા જાણવાથી થયેલો હર્ષ તે પણ યથાવિહિત સ્થાનાદિ યોગને સાધવાની ઇચ્છારૂપ છે.

પ્રવૃત્તિયોગ–યથાવિહિત સ્થાનાદિ યોગનું અવિકલ-પરિપૂર્ણ પાલન.

સ્થિરયોગ–અભ્યાસના સાષ્ઠવથી યથાવિહિત સ્થાનાદિ યોગનું અતિચાર રહિત સંપૂર્ણ પાલન.

સિદ્ધિયોગ–સ્થાનાદિ યોગની સંપૂર્ણ સિદ્ધિ-જેનાથી યોગની સિદ્ધિ વિનાના બીજા પ્રાણીઓને પણ તેની સમીપમાં યોગનું ફળ પ્રાપ્ત થાય છે. જેમકે સિદ્ધયોગીની પાસે હિંસાશીલ પ્રાણી પણ હિંસા કરી શકતો નથી, અસત્યપ્રિય પ્રાણી પણ અસત્ય બોલી શકતો નથી. ઇત્યાદિ.

અથવા સ્થાનાદિ પ્રત્યેક યોગ અનુષ્ઠાનના ભેદે ચાર ચાર પ્રકારનો છે.

પ્રીતિઅનુષ્ઠાન—જેમાં પ્રયત્નનો અતિશય હોય, પરમ પ્રીતિ હોય અને શેષક્રિયાનો ત્યાગ હોય, તે પ્રીતિ અનુષ્ઠાન છે.

ભક્તિઅનુષ્ઠાન—જેમાં પ્રયત્નનો અતિશય હોય, પરમ ભક્તિ હોય અને શેષ ક્રિયાનો ત્યાગ હોય તે ભક્તિ અનુષ્ઠાન છે. પત્ની અને માતાનું કૃત્ય સમાન હોય છે. પરન્તુ પત્ની પ્રત્યે પ્રીતિ હોય છે અને માતા પ્રત્યે ભક્તિ હોય છે. એટલો પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાન વચ્ચે તફાવત છે.

વચનાનુષ્ઠાન—શાસ્ત્રના વચન મુજબ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવી તે વચનાનુષ્ઠાન છે.

અસંગાનુષ્ઠાન—દૃઢતર સંસ્કારથી શાસ્ત્રના વચનની અપેક્ષા વિના ચંદનગંધ સમાન સ્વભાવથી જ શુદ્ધ અનુષ્ઠાન થવું તે અસંગ અનુષ્ઠાન છે. તે જિનકલ્પિકાદિ મહામુનિઓને હોય છે. ચક્રનું ભ્રમણ જેમ પ્રારંભમાં દંડના વ્યાપારથી હોય છે પણ પછી પોતાની મેળે જ સંસ્કારના યોગે ફર્યા કરે છે. તેમ વચનાનુષ્ઠાન એ વચનના વ્યાપારથી હોય છે અને અસંગ અનુષ્ઠાન વચનના વ્યાપારથી જનિત સંસ્કારવિશેષથી હોય છે.

બીજી રીતે પણ અનુષ્ઠાનનાં પાંચ પ્રકાર બતાવ્યા છે—

વિષાનુષ્ઠાન—વિષ સ્થાવર અને જંગમ એમ બે પ્રકારનું છે. સોમલાદિ એ સ્થાવર વિષ છે અને સર્પાદિ એ જંગમ વિષ છે. એ ઉભય પ્રકારનું વિષ જેમ પ્રાણનો નાશ કરે છે, તેમ લબ્ધિ કીર્તિ આદિ આ લોકના ફલની અપેક્ષાથી

કરવામાં આવતું અનુષ્ઠાન વિષાનુષ્ઠાન કહેવાય છે. ધર્મ કરતી વખતે અપેક્ષા-આલોકના ફલની ઇચ્છા રાખવી તે અંતઃકરણના પરિશુદ્ધ પરિણામનો તત્કાલ નાશ કરે છે તથા કલ્પતરુ અને ચિન્તામણિ આદિની ઉપમાઓથી પણ અધિક એવા ધર્મવડે તુચ્છ એવી કીર્તિ આદિના લાભની આકાંક્ષા ધર્મની લઘુતા કરાવનાર થાય છે, તેથી પણ તે અનુષ્ઠાન વિષ સ્વરૂપ છે.

ગરાનુષ્ઠાન–કુદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થનારૂં વિષ-વિશેષ-કાચાદિ દ્રવ્યને ગર કહેવાય છે. ઐહિક ભોગથી નિઃસ્પૃહ કિન્તુ સ્વર્ગસુખની સ્પૃહાવાળા અનુષ્ઠાનને ગરાનુષ્ઠાન કહેવાય છે. જેમ વિષ તત્કાલ પ્રાણનો નાશ કરે છે અને ગર કાલાન્તરે નાશ કરે છે, તેમ ગરાનુષ્ઠાન પણ પુણ્યક્ષય થયા બાદ ભવાન્તરમાં મહા અનર્થને કરનારૂં થાય છે.

અનનુષ્ઠાન–ઉપયોગશૂન્ય અનુષ્ઠાન–સન્નિપાતથી ઉપહત થયેલ મૂર્છિત આત્માને જેમ કોઈ પણ પ્રકારનું ભાન હોતુ નથી તેમ અતિશય મુગ્ધ એવા આત્માને કોઈ પણ પ્રકારની સમજણ વિના થતું અનુષ્ઠાન, તે અનનુષ્ઠાન કહેવાય છે, સારાંશ કે એ અનુષ્ઠાન અનુષ્ઠાન જ નથી.

તદ્ધેત્વનુષ્ઠાન–જેમાં સદનુષ્ઠાન–તાત્ત્વિક અનુષ્ઠાન પ્રત્યે બહુમાન છે, મુક્તિ પ્રત્યે અદ્વેષ અથવા મુક્તિ પ્રત્યે કિંચિત્ અનુરાગ થવાથી શુભભાવ પણ રહેલો છે, તથા જે પરિણામે તાત્ત્વિક અનુષ્ઠાનરૂપે પરિણમવાનું છે, તે તદ્ધેતુ અનુષ્ઠાન કહેવાય છે.

અમૃતાનુષ્ઠાન—

જિનોદિતમિતિ ત્વાહુર્ભાવસારમદઃ પુનઃ ।
સંવેગગર્ભમત્યન્તમમૃતં મુનિપુંગવાઃ ॥ ૧ ॥

આ અનુષ્ઠાન શ્રી જિનેશ્વરોએ કહેલું છે માટે એજ એક તત્ત્વ છે એવા પ્રકારની પરિણતિથી ભાવસાર–શ્રદ્ધાપ્રધાન અને સંવેગગર્ભ–મોક્ષની અભિલાષા સહિત કરાતા અનુષ્ઠાનને ગૌતમાદિ મહામુનિઓ અમૃતાનુષ્ઠાન કહે છે. અમરણ–મુક્તિનો અવન્ધ્ય હેતુ હોવાથી તેને અમૃત કહેવાય છે.

અમૃતાનુષ્ઠાનનું લક્ષણ બાંધતાં અન્યત્ર પણ કહ્યું છે કે—

તદ્ગત ચિત્ત ને સમય વિધાન,
ભાવની વૃદ્ધિ ભવભય અતિ ઘણો;
વિસ્મય પુલક પ્રમોદ પ્રધાન,
લક્ષણ એ છે અમૃતક્રિયા તણો—૧.

જેમાં ચિત્તની એકાગ્રતા છે, જે શાસ્ત્રોક્ત વિધિથી યુક્ત છે, જેમાં શુભ ભાવની અત્યંત વૃદ્ધિ છે, જે કરતી વખતે ભવનો અતિશય ભય છે, ચિત્તમાં વિસ્મય છે, શરીરમાં રોમાંચ ખડા થાય છે અને દરિદ્રને નિધાનની પ્રાપ્તિ કે જન્માન્ધને નેત્રની પ્રાપ્તિથી પણ જેમાં અધિક આનંદ છે, એ પ્રકારના લક્ષણવાળા અનુષ્ઠાનને અમૃતાનુષ્ઠાન કહેવાય છે. એવું અનુષ્ઠાન એક જ વાર પ્રાપ્ત થઇ જાય તો પણ તેનો સ્વાદ કદી પણ જતો નથી. ઉપરોક્ત પાંચ પ્રકારના અનુષ્ઠાનોમાં પ્રથમના ત્રણ અનુષ્ઠાનો યોગાભાસ હોવાથી નિરર્થક અને નુકશાનકારક છે. છેલ્લા બે અનુષ્ઠાન યોગસ્વરૂપ હોવાથી આત્માને અત્યંત હિત કરનાર છે.

શ્રી અરિહંત પૂજાથી આઠે કર્મનો ક્ષય.

ચૈત્યવંદન, સ્તુતિ અને સ્તોત્રાદિક વડે શ્રી જિનગુણનું જ્ઞાન થવાથી **જ્ઞાનાવરણીય કર્મ** નાશ પામે છે.

શ્રી જિનમૂર્તિનાં દર્શનાદિ કરવાથી નેત્રોનું સાફલ્ય થવા સાથે **દર્શનાવરણીય કર્મ** નાશ પામે છે.

જીવયતના અને જીવની દયાની ભાવનાપૂર્વક શ્રી જિન-પૂજા થતી હોવાથી અશાતા **વેદનીય આદિ કર્મ**નો ક્ષય થાય છે.

શ્રી અરિહંત પરમાત્માના ગુણના સ્મરણથી **દર્શન-મોહનીય** અને શ્રી સિદ્ધ પરમાત્માના ગુણના સ્મરણથી **ચારિત્ર મોહનીય કર્મ** નાશ પામે છે

અક્ષય સ્થિતિને વરેલા શ્રી જિનેશ્વર દેવના પૂજનના શુભ અધ્યવસાયથી ચારે ગતિના **આયુષ્ય કર્મ**નો છેદ થાય છે.

શ્રી જિનેશ્વર દેવના નામસ્મરણ આદિથી સંસારમાં વિચિત્ર પ્રકારના નામ અને આકાર અપાવનાર **નામકર્મ**નો નાશ થાય છે

શ્રી જિનેશ્વર દેવને વન્દનાદિ કરવાથી **નીચગોત્ર કર્મ**નો ક્ષય થાય છે.

શ્રી જિનપૂજામાં શક્તિ, સમય તથા દ્રવ્યાદિનો સદુ-પયોગ થવાથી દાનાંતરાય આદિ પાંચે પ્રકારના **અંતરાય કર્મ**નો ક્ષય થાય છે.

શ્રી અરિહંત પરમાત્માની પૂજામાં દાનાદિ અને વ્રતાદિ ધર્મોની આરાધના.

દાનધર્મ—શ્રી જિનેશ્વરદેવ એ રત્નપાત્ર છે, શ્રી જિનપૂજન માટે અક્ષત, ફળ અને નૈવેદ્ય આદિ ઉત્તમ દ્રવ્યનો ઉપયોગ કરનાર પોતાના દ્રવ્યો વડે રત્નપાત્રની ભક્તિ કરે છે, તેથી તેને દાનધર્મની સર્વોત્તમ આરાધના થાય છે.

શ્રી જિનેશ્વર દેવોને દાનની કયાં જરૂર છે? એમ ન કહેવું. કારણ કે શ્રી જિનેશ્વર દેવોને દાનની જરૂર નથી, માટે જ તેઓ સર્વોત્તમ પાત્ર છે. જેઓ દાન ગ્રહણ નથી કરતા, તેઓને દાન આપવાનું શું ફળ? એમ પણ ન કહેવું. કારણ કે ગ્રહણક્રિયા અનેક પ્રકારની હોય છે, તેમાં અનિષેધક પણ ગ્રહણ કરનાર જ ગણાય છે. અન્યથા જેઓ પોતાની પૂજના અભિલાષી નથી, તેઓ બધા દાન સન્માનાદિકને પાત્ર નથી, એમ માનવું પડે અને અભિલાષી છે તેટલા જ દાનને પાત્ર ગણાય. પરંતુ જગતમાં તેમ કોઈ માનતું નથી. ઉલટું જે પોતાના સન્માનાદિની અભિલાષા રાખે છે, તેઓ અપાત્ર ગણાય છે અને મનથી પણ અભિલાષા

રાખતા નથી તેઓ જ સર્વોત્તમ ભક્તિને પાત્ર ગણાય છે. શ્રી જિનેશ્વરદેવો પણ પોતાની પૂજાને સર્વથા ઈચ્છતા નથી માટે જ શ્રી સર્વોત્તમ ભક્તિને પાત્ર છે.

શીલધર્મ ઇન્દ્રિયોને વશમાં રાખવી તે શીલધર્મ છે. શ્રી જિનપૂજામાં જેટલો કાળ જાય છે, તેટલો કાળ પાંચે ઇન્દ્રિયો સંવરભાવને પ્રાપ્ત કરે છે.

તપધર્મ–શ્રી જિનેશ્વર દેવના પૂજનકાળમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ થાય છે, તેથી બાહ્યતપ થાય છે, અને શ્રી જિનેશ્વર દેવની પૂજાથી વિનય, વૈયાવચ્ચ, ધ્યાન આદિ થાય છે, તેથી અભ્યંતર તપ પણ સધાય છે.

ભાવધર્મ–શુભ ભાવ વિના સંસારનાં કાર્યોને છોડી શ્રી જિનપૂજામાં સમય ગાળી શકાતો નથી, માટે શ્રી જિન-પૂજામાં પ્રવર્ત્તનારને શુભ ભાવ અવશ્ય હોય છે.

અહિંસાધર્મ–શ્રી જિનપૂજા વખતે શ્રી જિન પૂજાના વ્યાપાર સિવાયની સર્વ ક્રિયાનો ત્યાગ થાય છે, તેથી સંસારનાં કાર્યો સંબંધી થતી સર્વ હિંસાનો તેટલા વખત માટે ત્યાગ થતો હોવાથી અહિંસાધર્મ પણ સધાય છે.

સત્યધર્મ–શ્રી જિનપૂજનના કાળમાં અસત્ય બોલ-વાનું હોતું નથી માટે સત્યધર્મ પણ સધાય છે.

અસ્તેયધર્મ–શ્રી જિનપૂજન વખતે ચોરી કરવાની હોતી નથી. તેથી અસ્તેયધર્મની પણ આરાધના થાય છે.

બ્રહ્મચર્યધર્મ–શ્રી જિનપૂજનના કાળમાં મન, વચન, કાયાથી શુદ્ધ શીલનું પાલન થાય છે અને સ્વસ્ત્રી સંબંધી પણ વિકાર હોતો નથી, તેથી બ્રહ્મચર્યધર્મ પણ સધાય છે.

અપરિગ્રહધર્મ–શ્રી જિનપૂજન માટે મંદિરમાં પ્રવેશ કરતી વખતે જ નિસીહિ કહીને પ્રવેશ કરવાનો હોય છે, તેથી તેટલા વખત માટે સંસારના આરંભ–પરિગ્રહનાં સર્વ કાર્યોનો નિષેધ થવાથી અપરિગ્રહ ધર્મ પણ સધાય છે.

સમ્યક્ત્વધર્મ–શ્રી જિનપૂજા એ સુદેવની ઉપાસના રૂપ હોવાથી સમ્યક્ત્વની કરણી છે, રાગી–દ્વેષીની ઉપાસના એ મિથ્યાત્વ છે અને શ્રી જિનપૂજાથી રાગી–દ્વેષીની ઉપાસનારૂપ મિથ્યાત્વનો ત્યાગ થાય છે, તેથી સમ્યક્ત્વ ધર્મ પણ સધાય છે.

ચારિત્રધર્મ–શ્રી જિનપૂજા એ લૌકિક ઋદ્ધિ–સિદ્ધિની પ્રાપ્તિ અર્થે કરવાની નથી હોતી કિન્તુ જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપી રત્નત્રયી તથા તેની આરાધનાના ફળરૂપ મુક્તિની પ્રાપ્તિ અર્થે કરવાની હોય છે. તેથી શ્રી જિનપૂજા કરનારો આત્મા રત્નત્રયીનો ઉપાસક બને છે, તેના પ્રતાપે આ જન્મમાં અગર જન્માંતરમાં તેને સર્વવિરતિ ધર્મની અવશ્ય પ્રાપ્તિ થાય છે.

રત્નત્રયી–શ્રી જિનેશ્વર દેવ એ પરમ સર્વ વિરતિધર ઉત્કૃષ્ટ સાધુ પુરુષ છે, તેમની સેવા કરવાથી સર્વવિરતિને

આવરણ કરનારું ચારિત્ર મોહનીય કર્મ નાશ પામે છે. તેથી જીવ વહેલો યા મોડો સર્વવિરતિને પામે છે. શ્રી જિનેશ્વર દેવ એ ક્ષાયિક સમ્યક્ત્વને પામેલા છે. તેથી તેમની પૂજા કરનારને સમ્યક્ત્વનું આવરક દર્શન મોહનીય કર્મ નાશ પામે છે. શ્રી જિનેશ્વર દેવ, ક્ષાયિક કેવળજ્ઞાનને વરેલા છે, તેથી તેમની પૂજા કરનાર આત્માના પણ કેવળજ્ઞાનાવરણીય કર્મો નાશ પામે છે.

એ રીતે શ્રી જિનેશ્વર દેવની દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારે પૂજા કરનારને દાનાદિક ધર્મો, વ્રતાદિ ધર્મો અને જ્ઞાનાદિક ગુણોની આંશિક સાધના નિરંતર થાય છે અને પુણ્યવંત પ્રાણીઓના ઘર આંગણે નવ નિધાન પ્રગટાવે છે.



શ્રી અરિહંત પરમાત્માના દર્શનનો મહિમા.

શ્રી અરિહંત પરમાત્માનું દર્શન ચન્દ્રની જેમ પાપ-રૂપી તાપને શમાવે છે. સૂર્યની જેમ અજ્ઞાનતિમિરને હઠાવે છે. મેઘની જેમ ભવદવને શાન્ત કરે છે. અગ્નિની જેમ કર્મકાષ્ઠનું દહન કરે છે. પવનની જેમ કર્મરજને ઉડાવી દે છે. દર્પણની જેમ આત્મસ્વરૂપ બતાવે છે. દીપકની જેમ મોહાંધકારનો નાશ કરે છે. ઔષધની જેમ ભવરોગને દૂર કરે છે. ચક્ષુની જેમ સત્પથને દેખાડે છે. ચિન્તામણિની જેમ સર્વ કામનાને પૂર્ણ કરે છે. અમૃતની જેમ ભાવ-રોગનું નિવારણ કરે છે. જહાજની જેમ ભવસાગરથી પાર ઉતારે છે અને ચન્દનની જેમ ગુણસુવાસને પ્રગટાવે છે.

વીતરાગના દર્શનથી વીતરાગભાવના પ્રગટ થાય છે, પાપસેના નબળી પડે છે, વિષયકષાયો પાતળા થાય છે, પાપપંક સૂકાઈ જાય છે, દુષ્ટ વાસનાઓ નિર્મૂળ થાય છે, સમતાભાવ વૃદ્ધિ પામે છે, ભવભ્રમણ ટૂંકું થાય છે. શ્રી વીતરાગ દેવ સંસારના વિસ્તારને વિણસાવનારા છે, ભાવરત્નના અજાના છે, ત્રણ ભુવનના મુકુટ છે, આનંદના દેનાર છે, કૃપાના

ભંડાર છે, નરકકૂપમાંથી ઉદ્ધરનારા છે, ભવાટવીના સાર્થવાહ છે, ભવસાગરના નિર્યામક છે અને મોક્ષમાર્ગના નાયક છે.

નિર્મળ છતાં કૃપાળુ છે, નિર્ગ્રન્થ છતાં પરમૈશ્વર્યવાન્ છે, વિરક્ત છતાં અનંત સુખમાં આસક્ત છે, ઉદાસીન છતાં પરમોપકારી છે, આન્તર શત્રુઓને હણનારા છતાં સમતાવાન્ છે, રાગરહિત છતાં મુક્તિ સુખને ભોગવનાર છે, રાગાદિ પ્રત્યે નિર્દય છતાં સર્વ પ્રાણીઓ પ્રત્યે દયાળુ છે, બોલાવ્યા વિના સહાય કરનારા છે, કારણ વિના વાત્સલ્ય રાખનારા છે, પ્રાર્થના કર્યા વિના પરનું કાર્ય કરનારા છે, સંબંધ વિના બાંધવ છે, સ્નેહ વિના સ્નિગ્ધ મનવાળા છે, માંજ્યા વિના ઉજ્જ્વળ છે, ધોયા વિના નિર્મળ છે, ક્રોધ વિના વીરવ્રતવાળા છે, નિઃસંગ છતાં જનેશ–લોકના નાથ છે અને મધ્યસ્થ છતાં જગરક્ષક છે.

વીતરાગનું બિંબ જોતાં જેનું દિલ હરખે છે, તે તેની ભવ્યતાની નિશાની છે. વીતરાગના ચરણની રજ એ પુણ્ય-ગણની કણ છે. અને વીતરાગની ભક્તિ એ મુક્તિનું લોહચૂંબક છે.

જે મન વીતરાગનું ધ્યાન કરે છે તે જ સાચું મન છે. બીજું મન ભવમાં ભટકાવનાર છે. જે નયન વીતરાગને નીરખે છે, તે જ સાચાં નેત્ર છે. બીજું નેત્ર મુખ રૂપી ઘરનાં બળીયાં છે. જે જીભ વીતરાગના ગુણ ગાવામાં રસિક છે, તે જ સાચી જીભ છે, બીજી જીભ માંસનો ટુકડો–લોચો છે. જે

કાન વીતરાગના ગુણોનું શ્રવણ કરે છે, તે જ સાચા કાન છે, બીજા કાન માત્ર શરીરનાં છિદ્રો છે.

શ્રી વીતરાગ દેવો ચારે નિક્ષેપાઓથી ત્રણે જગતને ત્રણે કાળ પવિત્ર કરતાં જયવંત વર્તે છે. તેઓના આઠ પ્રાતિહાર્યો, ચોત્રીસ અતિશયો અને વાણીના પાંત્રીસ ગુણો જગતના જીવોને મોક્ષમાર્ગ પામવામાં સહાયક નિવડે છે. અનાર્ય દેશનો પાટવી **આર્દ્રકુમાર** અને યજ્ઞ કરાવનાર **શય્યંભવભટ્ટ** શ્રી જિનપ્રતિમાના દર્શનથી તત્ત્વજ્ઞાન પામ્યા હતા. શ્રી જિનવંદનના પરિણામથી દેડકો **સૌધર્મ** દેવલોકમાં 'દર્દુરાંક' નામનો શક્રનો સામાનિક દેવ થયો છે. **હાસા-પ્રહાસા**ના પતિએ આભિયોગિકપણાના દુષ્કર્મથી મુક્ત થવા દેવલોકમાં દેવાધિદેવની પ્રતિમા ભરાવી હતી. શ્રી જિનભક્તિથી **ચેટક** મહારાજા શક્રેન્દ્રને પણ માનનીય બન્યા હતા. સર્વ દેવેન્દ્રો સંસારનો પાર પામવા શ્રી **નંદીશ્વરા**-દિક તીર્થમાં અઠ્ઠાઈ મહોત્સવ કરે છે. શ્રી જિનબિમ્બના આકારવાળા મત્સ્યોને જોઈ અન્ય મત્સ્યો જાતિસ્મરણ જ્ઞાન પામે છે તથા સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી પંચપરમેષ્ઠિનું ધ્યાન ધરતાં દેવલોકમાં ઉત્પન્ન થાય છે. દેવ મનુષ્ય કે નાગકુમારનું અધિપતિપણું, એ શ્રી જિનચરણની સેવાના ફળનો લેશ છે. ત્રણ લોકની લક્ષ્મી કે અષ્ટ મહાસિદ્ધિની પ્રાપ્તિ થવી સુલભ છે, કિન્તુ શ્રી જિનચરણની રજના કણીયાઓની પ્રાપ્તિ થવી દુર્લભ છે. મેઘનું જળ જ તળાવમાં હોય છે છતાં તળાવનું જળ કહેવાય છે, તેમ શ્રી જિનના વચનોને લઈને

જ અન્ય મતો ઉત્પન્ન થયા છે. શ્રી જિનેશ્વર દેવની સેવામાં સર્વ દેવોની સેવા સમાઈ જાય છેઃ જે જે નામો પ્રમાણથી લોકોત્તર સત્વને કહેનારાં છે, તે સર્વ શ્રી અરિહંતનાં જ છે. સિદ્ધ પરમાત્માઓના ગુણો અનંત હોવાથી નામ પણ અનંત છે. અથવા નિર્ગુણ-છદ્મસ્થપણાનો એક પણ ગુણ નહિ હોવાથી એક પણ નામ નથી. શ્રી અરિહંત તથા સિદ્ધ પરમાત્માનું નરેન્દ્રો દેવેન્દ્રો યોગીન્દ્રો તથા અનુત્તર વિમાનવાસી દેવો પણ નિરન્તર ધ્યાન કરે છે. અરિહંતોનું અર્ચન, પૂજન તથા ધ્યાન કરવાથી રાગાદિ આંતર રિપુઓ-શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત થાય છે તથા ભવસમુદ્રમાં ડૂબતા પ્રાણીઓના કર્મરૂપી પાશ કપાઈ જાય છે.



શ્રી અરિહંત પરમાત્માના દર્શન વખતે બોલવાની સ્તુતિઓ.

दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनम् ।
दर्शनं स्वर्गसोपानं, दर्शनं मोक्षसाधनम् ॥ १ ॥

દેવાધિદેવનું દર્શન પાપને નાશ કરનારું છે, સ્વર્ગનું સોપાન–પગથીયું છે અને મોક્ષનું સાધન છે. અર્થાત્ મોક્ષનો ઉપાય છે. (૧)

अद्याऽभवत् सफलता नयनद्वयस्य,
देव ! त्वदीयचरणाम्बुजवीक्षणेन ।
अद्य त्रिलोकतिलक ! प्रतिभासते मे,
संसारवारिधिरयं चुलुकप्रमाणः ॥ २ ॥

હે દેવ ! આપના ચરણકમળના દર્શનથી આજે મારા બંને નેત્રોની સફળતા થઈ. હે ત્રિલોકતિલક ! આજે આ સંસારરૂપી સાગર મને એક ચુલુક (ચાંગળા) જેવડો જણાય છે.(૨)

कलेव चन्द्रस्य कलङ्कमुक्ता, मुक्तावलीवोरुगुणप्रपन्ना ।
जगत्त्रयस्याभिमतं ददाना, जैनेश्वरी कल्पलतेव मूर्तिः ॥ ६ ॥

શ્રી જિનેશ્વર ભગવંતની મૂર્તિ ચંદ્રમાની કલાની જેમ કલંકથી મુક્ત છે, મોતીની માલાની જેમ મનોહર ગુણથી

યુક્ત છે તથા ત્રણ જગતના મનોવાંછિત પૂરા પાડવા માટે કલ્પતરુની લતાની જેમ શોભે છે. (૩)

धन्योऽहं कृतपुण्योऽहं निस्तीर्णोऽहं भवार्णवात् ।
अनादिभवकान्तारे, दृष्टो येन श्रुतो मया ॥ ४ ॥

હું ધન્ય છું–ધર્મરૂપી ધનને પ્રાપ્ત થયેલો છું. હું કૃતપુણ્ય–પુણ્ય કરીને આવેલો છું, હું ભવસાગરથી તરી ગયો છું, કારણ કે અનાદિ ભવઅટવીમાં જેને સાંભળ્યા હતા તેને મેં આજે નજરે જોયા. (૪)

अद्य प्रक्षालितं गात्रं, नेत्रे च विमलीकृते ।
मुक्तोऽहं सर्वपापेभ्यो, जिनेन्द्र ! तव दर्शनात् ॥ ५ ॥

હે જિનેશ્વર દેવ! આપના દર્શનથી આજે મારું શરીર સ્વચ્છ થયું, અને મારાં નેત્રો નિર્મળ થયાં છે તથા હું સર્વ પાપોથી મુક્ત થયો છું. (૫)

दिट्ठे तुह मुहकमले, तिन्निवि णट्ठाइं निरवसेसाइं ।
दारिद्दं दोहग्गं, जम्मंतरसंचियं पावं ॥ ६ ॥

હે ભગવન્! આપનું મુખકમળ જોતાં મારી ત્રણ ચીજો સર્વથા નાશ પામી છે. એક દરિદ્રતા, બીજું દુર્ભાગ્ય અને ત્રીજું જન્માન્તર સંચિત પાપ-પૂર્વજન્મોમાં ઉપાર્જન કરેલું અશુભ કર્મ. (૬)

अन्यथा शरणं नास्ति, त्वमेव शरणं मम ।
तस्मात्कारुण्यभावेन, रक्ष रक्ष जिनेश्वर ! ॥ ७ ॥

હે જિનેશ્વર ! તું જ એક મને શરણ છે. તારા સિવાય બીજું કોઇ મારે શરણ છે નહિ. માટે દયાભાવથી મારું રક્ષણ કર ! મારું રક્ષણ કર ! (૭)

દર્શનેન જિનેન્દ્રાણાં, સાધૂનાં વન્દનેન ચ ।
ન તિષ્ઠતિ ચિરં પાપં, છિદ્રહસ્તે યથોદકમ્ ॥ ૮ ॥

શ્રી જિનેશ્વર પરમાત્માનું દર્શન કરવાથી તથા સાધુ પુરુષોને વન્દન કરવાથી છિદ્રવાળા હસ્તમાં જેમ પાણી ટકતું નથી, તેમ લાંબા કાળ સુધી આત્મામાં પાપ ટકી શકતુ નથી (૮)

દર્શનાત્ દુરિતધ્વંસી, વન્દનાદ્ વાંછિતપ્રદઃ ।
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ ॥ ૯ ॥

શ્રી જિનેશ્વર ભગવાનનું દર્શન પાપનો નાશ કરે છે, શ્રી જિનેશ્વરોનું વંદન વાંછિત આપનારું થાય છે અને તેમનું પૂજન બાહ્ય અભ્યંતર ઉભય પ્રકારની લક્ષ્મીને પૂરનાર બને છે. ખરેખર શ્રી જિનેશ્વર દેવ એ સાક્ષાત્ કલ્પદ્રુમ-કલ્પવૃક્ષ છે. (૯)

ધૂપો નિહન્તિ પાપાનિ દીપો મૃત્યુવિનાશનઃ ।
નૈવેદ્યૈર્વિપુલં રાજ્યં, પ્રદક્ષિણા શિવપ્રદા ॥ ૧૦ ॥

શ્રી જિનેશ્વરને ધૂપ કરવાથી પાપો નાશ પામે છે, દીપ કરવાથી મૃત્યુ નાશ પામે છે, નૈવેદ્ય પૂજા વડે વિપુલ એવું રાજ્ય મળે છે અને પ્રદક્ષિણા એ મોક્ષને આપવાવાળી થાય છે. (૧૦)

जो पूएइ तिसंझं, जिणिंदरायं तहा विगयदोसं ।
सो तइयभवे सिज्झइ, अहवा सत्तट्ठमे जम्मे ॥ १ ॥

જે ભવ્યાત્મા રાગદ્વેષથી રહિત એવા જિનેશ્વર પરમાત્માની ત્રણે સંધ્યાએ પૂજા કરે છે, તે ત્રીજે ભવે અથવા સાતમે યા આઠમે ભવે સિદ્ધ થાય છે-મુક્તિમાં જાય છે. (૧૧)

यन्मयोपार्जितं पुण्यं जिनशासनसेवया ।
जिनशासनसेवैव, तेन मेऽस्तु भवे भवे ॥ १२ ॥

શ્રી જિનશાસનની સેવા વડે મેં જે પુણ્ય મેળવ્યું છે, તે પુણ્ય વડે મને ભવોભવ શ્રી જિનશાસનની સેવા મળો.(૧૨)

अद्य मे सफलं देहमद्य मे सफलं बलम् ।
नष्टानि विघ्नजालानि, जिनेन्द्र ! तव दर्शनात् ॥ १३ ॥

હે જિનેન્દ્ર ! આજે આપના દર્શનથી મારું શરીર સફળ બન્યું, મારું બળ સફળ બન્યું અને મારો વિઘ્નસમૂહ નાશ પામ્યો. (૧૩)

अद्य मे सफलं जन्म प्रशस्तं सर्वमङ्गलम् ।
भवार्णवं च तीर्णोऽहं जिनेन्द्र ! तव दर्शनात् ॥ १४ ॥

હે જિનેન્દ્ર ! આજે આપના દર્શનથી મારો જન્મ સફલ થયો, સર્વ મંગલો પ્રશસ્ત થયા અને સંસારસમુદ્રને હું તરી ગયો. (૧૪)

अद्य मे सफलं गात्रं, नेत्रे च विमलीकृते ।
स्नातोऽहं धर्मकृत्येषु, जिनेन्द्र ! तव दर्शनात् ॥ १५ ॥

હે જિનેન્દ્ર ! આજે આપના દર્શનથી મારું ગાત્ર–શરીર સફલ થયું, નેત્રો મલરહિત કરાયા અને ધર્મકૃત્યોમાં મેં સ્નાન કર્યું–લયલીન બન્યો. (૧૫)

अद्याऽहं सुकृतीभूतो. विधूताशेषकिल्विषः ।
भुवनत्रयपूज्योऽहं, जिनेन्द्र ! तव दर्शनात् ॥ १६ ॥

હે જિનેન્દ્ર ! આજે આપના દર્શનથી હું પુણ્યવાન બન્યો, મારા સઘળાં પાપો નાશ પામ્યાં અને ત્રણે ભુવનમાં હું પૂજ્ય બન્યો. (૧૬)

अद्य मिथ्यान्धकारस्य, हन्ता ज्ञानदिवाकरः ।
उदितो मच्छरीरस्य, जिनेन्द्र ! तव दर्शनात् ॥ १७ ॥

હે જિનેન્દ્ર ! આજે આપના દર્શનથી મિથ્યાત્વરૂપી અંધકારનો નાશક એવો જ્ઞાનરૂપી સૂર્ય મારા શરીરમાં ઉદય પામ્યો છે. (૧૭)

अद्य मे कर्मणां जालं, विधूतं सकषायकम् ।
दुर्गत्या विनिवृत्तोऽहं जिनेन्द्र ! तव दर्शनात् ॥१८॥

હે જિનેન્દ્ર ! આજે આપના દર્શનથી કષાય સહિત મારી કર્મની જાલ નાશ પામી છે અને હું દુર્ગતિથી નિવૃત્ત થયો છું–મારી દુર્ગતિ દૂર થઇ છે. (૧૮)

अद्य नष्टो महाबन्धः कर्मणां दुःखदायकः ।
सुखसङ्गः समुत्पन्नो, जिनेन्द्र ! तव दर्शनात् ॥ १९ ॥

હે જિનેન્દ્ર ! આજે આપના દર્શનથી દુઃખને આપનાર એવો કર્મનો મોટો બન્ધ નાશ પામ્યો છે અને સુખનો સમાગમ થયો છે. (૧૯)

मन प्रसन्नं संपन्नं, नेत्रे पीयूषपूरिते ।
अहं स्नातः सुधाकुण्डे, जिनेन्द्र ! तव दर्शनात् ॥२०॥

હે જિનેન્દ્ર ! આજે આપના દર્શનથી મન પ્રસન્ન થઈ ગયું, નેત્રો અમૃતથી પૂર્ણ બની ગયાં અને મેં અમૃતકુંડમાં સ્નાન કર્યું. (૨૦)

सुप्रभातं सुदिवसं, कल्याणं मेऽद्य मङ्गलम् ।
यद् वीतराग ! दृष्टोऽसि, त्वं त्रैलोक्यदिवाकरः ॥२१॥

હે વીતરાગ પરમાત્મન્ ! ત્રણ લોકના દિવાકર એવા આપનું દર્શન જે મેં કર્યું છે, તેથી શુભ-પ્રભાતમય એવો મારો આજનો દિવસ કલ્યાણકારી બન્યો અને મને સુખ તથા મંગલની પ્રાપ્તિ થઈ છે. (૨૧)

अद्य छिन्ना मोहपाशा अद्य रागादयो जिताः ।
अद्य मोक्षसुखं जात-मद्य तीर्णो भवार्णवः ॥ २२ ॥

હે નાથ ! આજે આપના દર્શનથી મારા મોહના પાશો છેદાઈ ગયા, મેં આજે રાગાદિ શત્રુઓ ઉપર વિજય

મેળવ્યો, મોક્ષનું સુખ પ્રાપ્ત કર્યું અને હું સંસારસાગરને તરી ગયો. (૨૨)

सारमेतन्मया लब्धं, श्रुताब्धेरवगाहनात् ।
भक्तिर्भागवती बीजं. परमानन्दसम्पदाम् ॥ २३ ॥

શ્રુતસાગરનું અવગાહન કરવાથી આ પ્રકારનો સાર મેં પ્રાપ્ત કર્યો છે કે શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ એ જ એક પરમાનંદ એટલે મોક્ષલક્ષ્મીનું બીજ છે. (૨૩)

सा जिह्वा या जिनं स्तौति, तच्चित्तं यत्तदर्पितम् ।
तावेव केवलौ श्लाघ्यौ, यौ तत्पूजाकरौ करौ ॥ २४ ॥

જે જીભ શ્રી જિનેશ્વર પરમાત્માની સ્તુતિ કરે છે તે જ જીભ છે, જે ચિત્ત પરમાત્માને સમર્પિત છે તે જ ચિત્ત છે, અને જે હાથ પરમાત્માની પૂજામાં વપરાય છે, તે હાથ જ પ્રશંસાને યોગ્ય છે. (૨૪)

इलिका भ्रमरीध्यानात्, भ्रमरीत्वं यथाश्नुते ।
तथा ध्यायन् परात्मानं, परमात्मत्वमाप्नुयात् ॥ २५ ॥

ભ્રમરીના ધ્યાનથી ઇલિકા જેમ ભ્રમરીપણાને પામે છે, તેમ પરમાત્માનું ધ્યાન કરનાર આત્મા, પરમાત્મપણાને પ્રાપ્ત કરે છે. (૨૫)

प्रशमरसनिमग्नं, दृष्टियुग्मं प्रसन्नं,
वदनकमलमंकः, कामिनीसंगशून्यः ।

करयुगमपि यत्ते, शस्त्रसंबन्धबन्ध्यं,
तदसि जगति देवो, वीतराग! त्वमेव ॥२६॥

હે વીતરાગ! આપનું દૃષ્ટિયુગલ પ્રશમરસથી ભરેલું છે, આપનું મુખકમલ પ્રસન્ન છે, આપનો અંક-ખોળો કામિની-સ્ત્રીલંગ રહિત છે, આપના કરયુગ-બે હાથ પણ શસ્ત્રના સંબંધ વિનાના છે. માટે આપ જ જગતમાં વીત-રાગાદિ ગુણોથી યુક્ત દેવ છો. (૨૬)

सरसशांतिसुधारससागरं, शुचितरं गुणरत्नमहाकरम् ।
भविकपंकजबोधदिवाकरं प्रतिदिनं प्रणमामि जिनेश्वरम् ॥२७॥

સરસ સમતારૂપી સુધારસના સાગર, અતિપવિત્ર ગુણ-રૂપી રત્નોની મહા ખાણરૂપ તથા ભવ્ય જીવરૂપી કમળોને વિકસ્વર કરવા માટે દિવાકર-સૂર્યસમાન એવા શ્રી જિનેશ્વર દેવને હું પ્રતિદિન-નમસ્કાર કરું છું. (૨૭)

किं कर्पूरमयं सुधारसमयं किं चन्द्ररोचिर्मयं,
किं लावण्यमयं महामणिमयं कारुण्यकेलिमयम् ।
विश्वानन्दमयं महोदयमयं शोभामयं चिन्मयं,
शुक्लध्यानमयं वपुर्जिनपतेर्भूयाद् भवाऽऽलम्बनम् ॥ २८ ॥

જિનેશ્વરદેવનું શરીર શું કર્પૂરમય છે? અમૃતરસમય છે? ચન્દ્રકિરણમય છે? લાવણ્યમય છે? મહામણિમય છે? કારૂણ્યની કેલિ-ક્રીડારૂપ છે? સમસ્ત આનંદમય છે?

મહોદયમય છે? શોભામય છે? જ્ઞાનમય છે? કે શુકૂલ ધ્યાનમય છે? ગમે તે પ્રકારનું જિનપતિનું શરીર સંસારમાં પડતા પ્રાણીઓને આલંબનરૂપ થાઓ. (૨૮)

श्रेयःसंकेतशाला सुगुणपरिलैर्जेयमन्दारमाला
छिन्नव्यामोहजाला प्रमदभरसरःपूरणे मेघमाला।
नम्रश्रीमन्मराला वितरणकलया निर्जितस्वर्गिशाला,
त्वन्मूर्त्तिःश्रीविशाला विदलतु दुरितं नन्दितक्ष्मोणिपाला ॥२९॥

હે ભગવન્! કલ્યાણની સંકેતશાલા જેવી, સદ્‌ગુણની સુવાસવડે જીતી છે કલ્પવૃક્ષના પુષ્પોની માલા જેણે એવી, મોહની જાળોને છેદી નાંખનારી, આનંદના સમૂહરૂપ સરોવરને પૂરવામાં મેઘમાળા જેવી, નમ્યા છે ઐશ્વર્યધારી મનુષ્યોરૂપી હંસો જેને એવી, દાનની કળાથી જીતી છે દેવલોકની શાળા જેણે એવી અને આનંદિત કર્યા છે પૃથ્વીપાલક રાજા મહારાજાઓને જેણે એવી તથા વિશાળ શોભા-સંપત્તિવાળી આપની મૂર્ત્તિ સર્વ જીવોના પાપને દળી નાંખો-દૂર કરો. (૨૯)

किं पीयूषमयी कृपारसमयी कर्पूरपारीमयी,
किं वाऽऽनन्दमयी महोदयमयी सद्ध्यानलीलामयी।
तत्त्वज्ञानमयी सुदर्शनमयी निस्तन्द्रचन्द्रप्रभा,—
सारस्फारमयी पुनातु सततं मूर्त्तिस्त्वदीया सताम् ॥ ३० ॥

હે પ્રભુ! આપની મૂર્ત્તિ શું અમૃતમય છે? અથવા

કૃપારસમય છે? અથવા કર્પૂરમય છે? અથવા શું આનંદમય છે? અથવા મહોદયમય છે? અથવા શુભ ધ્યાનની લીલામય છે? અથવા તત્ત્વજ્ઞાનમય છે? અથવા સુદર્શનમય છે? અથવા ઉજ્જ્વળ ચંદ્રની પ્રભાના શ્રેષ્ઠ ઉદ્યોતમય છે? આવા પ્રકારની આપની મૂર્ત્તિ સજ્જનોને સદા પવિત્ર કરો. (૩૦)

धन्या दृष्टिरियं यया विमलया दृष्टो भवान् प्रत्यहं.
धन्याऽसौ रसना यया स्तुतिपथं नीतो जगद्वत्सल ।
धन्यं कर्णयुगं वचोऽमृतरसः पीतो मुदा येन ते
धन्यं हृत् सततं च येन विशदस्त्वन्नाममन्त्रो धृतः ॥ ३१ ॥

તે દૃષ્ટિને ધન્ય છે કે જે નિર્મળ દૃષ્ટિએ હંમેશાં આપનાં દર્શન કીધાં, તે રસના—જિહ્વાને ધન્ય છે કે જેણે જગત્વત્સલ એવા આપની સ્તુતિ કીધી, તે કાનને ધન્ય છે કે જેણે આપના વચનરૂપી અમૃતનો રસ આનંદથી પીધો, તથા તે હૃદયને ધન્ય છે જેણે સતત આપના નામરૂપી નિર્મળ મંત્રને ધારણ કર્યો. (૩૧)

नित्याऽऽनन्दपदप्रयाणसरणि श्रेयोऽवनीसारणी.
संसाराऽर्णवतारणैकतरणी विश्वर्द्धिविस्तारिणी ।
पुण्याङ्कुरभरप्ररोहधरणी श्यामोहसंहारिणी,
प्रीत्यै कस्य न तेऽखिलाऽऽर्त्तिहरिणी मूर्त्तिर्मनोहारिणी ॥२२॥

નિત્યાનંદ-મોક્ષપદ પ્રત્યે પ્રયાણ કરવા માટે નિસરણી, કલ્યાણરૂપી પૃથ્વીની નીક, સંસારસાગર તરવા માટે અદ્વિતીય

તરણી-હોડી, સમસ્ત ઋદ્ધિના સમૂહને વિસ્તારનારી, પુણ્ય-રૂપી અંકુરાના પ્રરોહ માટે ધરણી, વ્યામોહને વિધ્વંસાવનારી અને સમસ્ત પીડાઓને હરનારી એવી આપની (શ્રી જિનરા-જની) મનોહર મૂર્ત્તિ કોની પ્રીતિને માટે ન થાય? (૩૨)

नेत्रे साम्यसुधारसैकसुभगे आस्यं प्रसन्नं सदा,
यत्ते चाहितहेतिसंहतिलसत्संसर्गशून्यौ करौ ।
अङ्कश्च प्रतिबन्धबन्धुरवधूसम्बन्धवन्ध्योऽधिकं,
तद्देवो भुवने त्वमेव भवसि श्रो वीतरागो ध्रुवम् ॥३३॥

હે જિનરાજ! આપના બે નેત્રો સમતારૂપી સુધારસ-વડે અદ્વિતીય મનોહર છે. આપનું મુખ નિરંતર સુપ્રસન્ન છે, આપના હાથ, અહિતકારી શસ્ત્રસમૂહના સંસર્ગથી શૂન્ય છે તથા આપનો અંક-ખોળો રાગથી મનોહર એવી વધૂઓના સંબન્ધથી વિશેષે કરીને વન્ધ્ય-રહિત છે, તે કારણે હે દેવ! આપ જ આ જગતમાં ખરેખર-નિશ્ચે વીતરાગ છો. (૩૩)

पाताले यानि बिम्बानि, यानि बिम्बानि भूतले ।
स्वर्गेऽपि यानि बिम्बानि, तानि वन्दे निरन्तरम् ॥३४॥

પાતાલ-લોકને વિષે રહેલાં,
ભૂતલને-વિષે રહેલાં અને
સ્વર્ગ-લોકને વિષે રહેલાં
શ્રી જિનબિમ્બોને હું નિરન્તર વંદન કરું છું. (૩૪)

जिने भक्तिर्जिने भक्ति-र्जिने भक्तिर्दिने दिने ।
सदा मेऽस्तु सदा मेऽस्तु सदा मेऽस्तु भवे भवे ॥३५॥

ભગવાન શ્રી જિનેશ્વરદેવોને વિષે—

ભવોભવમાં

સદાને માટે

નિત્ય પ્રતિ

મને ભક્તિ પ્રાપ્ત થાઓ ! (૩૫)

" नेत्रानन्दकरी भवोदधितरी श्रेयस्तरोर्मञ्जरी,
श्रीमद्धर्ममहानरेन्द्रनगरी, व्यापल्लताधूमरी ।
हर्षोत्कर्षशुभप्रभावलहरी, रागद्विषां जित्वरी,
मूर्तिः श्रीजिनपुङ्गवस्य भवतु, श्रेयस्करी देहिनाम् ॥३६॥

શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ કે જે—

ભક્તજનોનાં નેત્રોને આનંદ પમાડનારી છે, સંસાર-સમુદ્રને તરી જવા માટે નાવ સમાન છે, કલ્યાણરૂપ વૃક્ષની મંજરી જેવી છે, ધર્મરૂપ મહાનરેન્દ્રની નગરી તુલ્ય છે, અનેક પ્રકારની આપત્તિઓરૂપ લતાઓનો નાશ કરવાને માટે ધૂમરી જેવી છે, હર્ષના ઉત્કર્ષનો શુભ પ્રભાવ વિસ્તારવામાં લહરીઓની ગરજ સારનારી છે અને રાગ તથા દ્વેષ રૂપ શત્રુઓનો જય સાધનારી છે, તે—

શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ

જગતના જીવોનું કલ્યાણ કરનારી થાએ ! (૩૬)

" યાસ્યામ્યાયતનં જિનસ્ય લભતે, ધ્યાયંશ્ચતુર્થં ફલં,
ષષ્ઠં ચોત્થિત ઉદ્યતોઽષ્ટમમથો ગન્તું પ્રવૃત્તોઽધ્વનિ ।
શ્રદ્ધાલુર્દશમં બહિર્જિનગૃહાત્ પ્રાપ્તસ્તતો દ્વાદશં,
મધ્યે પાક્ષિકમીક્ષતે જિનપતૌ, માસોપવાસં ફલમ્ ॥૩૭॥

શ્રદ્ધાળુ આત્મા—

શ્રી જિનમન્દિરે જવાનું ચિન્તવન કરતાં એક ઉપવાસના ફળને,શ્રી જિનમન્દિરે જવાને માટે ઉભો થયો એક છઠ્ઠ તપના ફળને, શ્રી જિનમન્દિરે જવાની પ્રવૃત્તિ કરતે એક અઠ્ઠમ તપના ફળને, શ્રી જિનમન્દિરની નજદિકમાં આવતાં ચાર ઉપવાસના ફળને, શ્રી જિનમન્દિરમાં પ્રવેશ કરતી વેળાએ પાંચ ઉપવાસના ફળને, શ્રી જિનમન્દિરના મધ્ય ભાગે પહોંચતાં પંદર ઉપવાસના ફળને, અને શ્રી જિનમન્દિરમાં પ્રભુદર્શન કરતાં એક માસોપવાસના ફળને પ્રાપ્ત કરે છે. (૩૭)

ભગવાનના યથાર્થ ગુણોને વિષે બહુમાનયુક્ત બનેલા આત્માને એકાગ્ર ચિત્તે શ્રી જિનદર્શન કરતાં ઉપર જણાવેલ ફળ મળે છે, એ તો એક વ્યાવહારિક વચન છે. નિશ્ચયથી તો જેમ જેમ ભાવની વિશેષતા ભળતી જાય છે, તેમ તેમ ફળની વિશેષતાનું કાંઈ માપ જ રહેતું નથી. ભાવપૂર્ણ ભક્તને તો યાવત્ કેવલજ્ઞાન અને કેવલદર્શન પણ સુલભ બને છે.

*

શક્રસ્તવ અર્થાત્ ભાવ અરિહંતોનું સ્વરૂપ.

' नमोऽत्थु णं अरिहंताणं, भगवंताणं, आइगराणं तित्थयराणं सयंसंबुद्धाणं, पुरिसुत्तमाणं पुरिससिहाणं, पुरिसवरपुंडरीयाणं पुरिसवरगंधहत्थीणं, लोगुत्तमाणं लोगनाहाणं लोगहियाणं लोगपईवाणं लोगपज्जोअगराणं, अभयदयाणं चक्खुदयाणं मग्गदयाणं सरणदयाणं बोहिदयाणं, धम्मदयाणं धम्मदेसयाणं धम्मनायगाणं धम्मसारहीणं धम्मवरचाउरंतचक्कवट्टीणं, अप्पडिहयवरनाणदंसणधराणं विअट्टछउमाणं जिणाणं जावयाणं तिण्णाणं तारयाणं बुद्धाणं बोहयाणं मुत्ताणं मोयगाणं, सव्वन्नूणं सव्वदरिसीणं, सिवमयलमरुअमणंतमक्खयमव्वाबाहमपुणरावित्तिसिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं नमो जिणाणं जिअभयाणं।

नमोऽत्थु णं—નમસ્કાર થાઓ. ' નમસ્કાર ' એ દ્રવ્ય ભાવ સંકોચરૂપ છે. દ્રવ્યસંકોચ-હાથ, પગ, મસ્તક આદિ અવયવોનું યોગ્ય રીતે સ્થાપન. ભાવસંકોચ-મનનો વિશુદ્ધ નિયોગ. ' થાઓ ' એ પ્રાર્થનારૂપ છે. આશયવિશુદ્ધિને ઉત્પન્ન કરનાર હોવાથી એ જાતિની પ્રાર્થના, એ ધર્મનું બીજ છે. શ્રી જિનેશ્વરદેવોને ભાવનમસ્કાર થવો એ દુરાપ-દુર્લભ છે, એ જણાવવાને માટે ' नमोऽस्तु ॥ ' ' નમસ્કાર

થાઓ' એ શબ્દો વડે નમસ્કારની પ્રાર્થના માત્ર કરી છે. –ભાવ નમસ્કાર કરવાની અભિલાષા માત્ર દર્શાવી છે. કિન્તુ 'ભાવ નમસ્કાર કરું છું' એવું મિથ્યાભિમાન દાખવ્યું નથી. એ જાતિની અભિલાષા એ જ ભાવ નમસ્કાર–બીજા શબ્દમાં ભાવધર્મનું બીજ છે. વિધિપૂર્વક વાવેલું બીજ જેમ અંકુરાદિને ઉત્પન્ન કરી ફલપ્રાપ્તિ કરાવે છે, તેમ ધર્મબીજનું વપન પણ અનુક્રમે ધર્મચિન્તાદિ અંકુરા ઉત્પન્ન કરીને ફલસિદ્ધિને પ્રાપ્ત કરાવે છે. નમસ્કાર વડે ધર્મના નાયક અને ધર્મના સાધક એવા પુરુષોના સદ્વર્તનાદિની પ્રશંસા થાય છે અને એનું જ નામ ધર્મબીજનું વપન છે એ રીતે ધર્મબીજનું વિધિપૂર્વક વપન થવાથી–એમાંથી ધર્મચિન્તાદિ અંકુરા, ધર્મશ્રવણરૂપી સત્કાંડ, ધર્માનુષ્ઠાનરૂપ નાલ, દેવ–માનવની સંપદારૂપી પુષ્પો અને સિદ્ધિગતિરૂપી ફલની પ્રાપ્તિ થાય છે. ભાવ નમસ્કારના પણ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટાદિ અનેક ભેદો છે તેથી ભાવનમસ્કારવાલાને પણ ઉત્કૃષ્ટ ભાવનમસ્કારની પ્રાર્થના અને અભિલાષા હોય છે, તેથી તેમને પણ 'નમસ્કાર થાઓ' એ વચન સુસંગત છે, અથવા 'નમસ્કાર થાઓ' એ પ્રાર્થનાવચન 'ઇચ્છાયોગ' રૂપ છે. લોકોત્તર માર્ગમાં ગમન કરવાવાળાને સૌથી પ્રથમ સાધન 'ઇચ્છાયોગ' છે. 'ઇચ્છાયોગથી' 'શાસ્ત્રયોગ' અને શાસ્ત્રયોગથી સામર્થ્યયોગની અનુક્રમે પ્રાપ્તિ થાય છે. ફલસિદ્ધિનો સાક્ષાત્ હેતુ 'સામર્થ્યયોગ' છે. પરંતુ એ સામર્થ્યયોગની પ્રાપ્તિ ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગ વિના થતી નથી. નમોત્થુ ણં અરિ–

હંતાણં ।' એ પદો વડે ઇચ્છાયોગનું અભિધાન થાય છે. 'નમો જિણાણં જિઅભયાણં એ પદો વડે શાસ્ત્રયોગનું અને—

ઇક્કોવિ નમુક્કારો જિણવરવસહસ્સ વદ્ધમાણસ્સ ।
સંસારસાગરાઓ તારેઇ નરં વ નારિં વા ॥૧॥

એ વચન વડે સામર્થ્યયોગનું પ્રતિપાદન થાય છે.

અરિહંતાણં–અર્હંતોને–અતિશયવાળી પૂજાને યોગ્ય હોય તે અર્હંત છે. અર્હંતની પૂજા ત્રણે કાળ જગતમાં થયા કરે છે.

અરિહનનાત્ રજોહનનાત્ રહસ્યાઽભાવાત્ વા અર્હન્તઃ ।

એ રીતે પણ 'અર્હંત' શબ્દની વ્યુત્પત્તિ થાય છે. મોહાદિ કર્મબન્ધના હેતુઓ છે, માટે દુશ્મનભૂત છે, તેને હણનારા, ઘાતિકર્મો આત્માના જ્ઞાનાદિ ગુણને આવૃત કરનાર છે માટે રજ તુલ્ય છે, તેને દૂર કરનારા; તથા અપ્રતિહત કેવળજ્ઞાન અને કેવળદર્શન ગુણથી સમસ્ત જગતને સાક્ષાત્ જાણી અને જોઈ રહ્યા છે, માટે રહસ્ય વિનાના અર્થાત્ જેમને કોઇ પણ ગુપ્ત નથી તેવા. અથવા 'अरहोऽन्तेभ्यः' 'રહ' એટલે એકાન્ત સ્થાન અને 'અન્ત' એટલે ગિરિગુફાદિનો મધ્ય ભાગ. સર્વવેદી હોવાથી જેમને કાંઈ પ્રચ્છન્ન નથી, અથવા 'अरहद्भ्यः अगच्छद्भ्यः, अत्यजद्भ्यः ।' ક્ષીણ રાગી હોવાથી કોઈ પણ પદાર્થ પ્રત્યે આસક્તિ નહિ પામનાર અથવા રાગદ્વેષના હેતુભૂત પદાર્થનો સંપર્ક થવા છતાં વીતરાગતાદિ સ્વ-સ્વભાવને નહિ તજનારા, અથવા અરિહંતાણં ।'

અરિ એટલે સર્વ જીવોને શત્રુભૂત એવા આઠ પ્રકારનાં કર્મો, તેને હણનારા અથવા 'अरहंताणं।' કર્મરૂપી બીજ ક્ષય થવાથી સંસારમાં ફરી નહિ ઉત્પન્ન થનારા–તેમને નમસ્કાર થાઓ. તે અર્હંતો નામાદિ અનેક પ્રકારના હોય છે* તેમાં ભાવ અર્હંતનું ગ્રહણ કરવાને માટે બીજું 'भगवंताणं।' એ પદ મૂકયું છે–બહુવચનનો પ્રયોગ અર્હંત એક નથી પણ ઘણા છે એમ જણાવી સર્વ અર્હંતોને એક સાથે નમસ્કાર જણાવવા માટે છે.

भगवंताणं–ભગવંતોને—

भगोऽर्कज्ञानमाहात्म्ययशोवैराग्यमुक्तिषु ।
रूपवीर्यप्रयत्नेच्छाश्रीधर्मैश्वर्ययोनिषु ॥१॥

એ શ્લોકથી 'ભગ' શબ્દના ૧૪ અર્થ થાય છે. તેમાં પહેલો 'અર્ક' અને છેલ્લો 'યોનિ' અર્થ છોડી બાકીના જ્ઞાનાદિથી માંડી ઐશ્વર્ય સુધીના બાર પ્રકારના અર્થ જેમને છે. તે ભગવંત કહેવાય છે.

---

* શક્રસ્તવમાં ભાવજિનેશ્વરોને નમસ્કાર છે તેથી નામાદિજિનો નમસ્કરણીય નથી, એમ નહિ. શ્રી જૈનશાસનનો સિદ્ધાંત છે કે–

શુદ્ધભાવ જેહનો છે તેહના, ચાર નિક્ષેપા સાચા;
જેહનો ભાવ અશુદ્ધ છે તેહના,
એક કાચે સવિ કાચા. ૧

ઉપા૦ શ્રી યશોવિજયજી મ૦

જ્ઞાન–ભગવાનને ગર્ભાવાસથી માંડી દીક્ષા અંગીકાર કરે ત્યાં સુધી નિર્મળ મતિ, શ્રુત અને અવધિ, એમ ત્રણ જ્ઞાન હોય છે. દીક્ષા લીધા બાદ ઘાતિ કર્મોનો ક્ષય ન થાય ત્યાં સુધી ચોથું મનઃપર્યવજ્ઞાન મલી ચાર જ્ઞાન હોય છે. ઘાતિ કર્મોનો ક્ષય થયા બાદ અનન્ત વસ્તુને વિષય કરનારું –સમસ્ત ભાવોને જણાવનારું પાંચમું કેવલજ્ઞાન પ્રગટ થાય છે.

માહાત્મ્ય–ભગવાનના પ્રભાવનો અતિશય–સર્વ કલ્યાણકોને વિષે નારકી અને સ્થાવરોને પણ સુખ ઉત્પન્ન કરનારો, નિરંતર ઘોર અંધારમય નરકોમાં પણ પ્રકાશ કરનારો, ગર્ભાવાસમાં આવે ત્યારથી કુળમાં ધનાદિની વૃદ્ધિ કરનારો, અણનમ રાજાઓને પણ નમાવનારો, ઈતિ, મારિ, વૈરાદિ ઉપદ્રવો રહિત, રાજ્યના સુખનો અનુભવ કરાવનારો, સમસ્ત દેશને અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ આદિ બાધાઓથી રહિત બનાવનારો તથા આસનો ચલાયમાન થવાથી સકલ સુરાસુરના નમસ્કારને અપાવનારો હોય છે.

યશ–રાગ–દ્વેષ તથા પરીષહ અને ઉપસર્ગો ઉપર વિજય મેળવવાથી ભગવાનનો યશ સદાકાળ પ્રતિષ્ઠિત થયેલો હોય છે. દેવલોકમાં દેવાંગનાઓવડે તથા પાતાલલોકમાં નાગ–કન્યાઓ વડે ભગવાન નિરંતર સ્તુતિ કરાય છે.

વૈરાગ્ય–દેવલોક અને રાજ્યનાં સુખો ભોગવતી વખતે પણ પ્રભુનો વૈરાગ્ય કાયમ હોય છે. જ્યારે સર્વ વસ્તુના

ત્યાગપૂર્વક ભગવાન પ્રવ્રજ્યા અંગીકાર કરે છે, ત્યારે તેથી પણ અધિક વૈરાગ્ય હોય છે અને જ્યારે ઘાતિકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામે છે, ત્યારે ભગવાનના આત્મામાં અપૂર્વ ઉદાસીનતા પ્રગટે છે.

મુક્તિ–સર્વ ક્લેશથી રહિત એવી મુક્તિ ભગવાનને નિકટમાં જ હોય છે.

રૂપ–સર્વ દેવોનાં રૂપથી પણ ચઢી જાય તેવું રૂપ ભગવાનને જન્મથી જ હોય છે.

વીર્ય–મેરૂને દંડરૂપ તથા પૃથ્વીને છત્રરૂપ કરવાનું સામર્થ્ય ભગવાનને જન્મથી હોય છે. તત્કાલ ઉત્પન્ન થયેલા શ્રી મહાવીરપ્રભુએ ઇન્દ્રની શંકા દૂર કરવા માટે ડાબા પગના અંગૂઠા વડે મેરૂ પર્વતને કંપાયમાન કર્યો હતો.

પ્રયત્ન–ભગવાનનો પ્રયત્ન પરમ વીર્યથી ઉત્પન્ન થયેલ એક રાત્રિકી આદિ મહાપ્રતિમાના કારણભૂત અને સમુદ્ઘાત શૈલેશી અવસ્થાઓ વડે વ્યંગ્ય હોય છે.

ઇચ્છા–ત્રીજા ભવે દેવ ભવે અને તીર્થંકરના ભવમાં દુઃખમગ્ન જગતનો ઉદ્ધાર કરવાની ભગવાનને તીવ્ર ઇચ્છા હોય છે.

શ્રી–ઘાતિકર્મના ઉચ્છેદથી પ્રાપ્ત થયેલ કેવલજ્ઞાનની સંપત્તિ તથા અતિશયોની પરમ પ્રકૃષ્ટ સંપત્તિ ભગવાનને હોય છે.

ધર્મ-અનાશ્રવ રૂપ, મહાયોગાત્મક, પરમનિર્જરાના ફલવાલો અને અતિ કલ્યાણકર ધર્મ હોય છે.

ઐશ્વર્ય-ભક્તિના સમૂહથી નમ્ર એવા દેવેન્દ્રો વડે વિહિત સમવસરણ અને પ્રાતિહાર્યાદિ રૂપ ઐશ્વર્ય-ઠકુરાઈ ભગવાનને હોય છે.

આવા પ્રકારના હોય તે જ પ્રેક્ષાવાનોને સ્તુતિ કરવા લાયક છે તેથી આ બે પદો વડે **સ્તોતવ્ય સમ્પદા** કહી, હવે ત્રણ પદો વડે એ સ્તોતવ્ય સમ્પદાની **હેતુ સમ્પદા** કહે છે

આઇગરાણં-સઘળી નીતિના કારણભૂત શ્રુતધર્મ-દ્વાદશાંગી, તેના કરનારા-અર્થથી પ્રરૂપનારા

તિત્થયરાણં-જેનાથી સંસારસમુદ્ર તરાય તે તીર્થ-પ્રવચન અથવા તેનો આધાર ચતુર્વિધ સંઘ અથવા પ્રથમ ગણધર, તેને કરનારા.

સયંસંબુદ્ધાણં-સ્વયં-તથાભવ્યત્વાદિ સામગ્રીના પરિપાકથી પોતાની મેળે બોધ પામેલા-અજ્ઞાન નિદ્રામાં પ્રસુપ્ત જગતને વિષે પારકાના ઉપદેશ વિના જીવાદિરૂપ તત્ત્વને અવિપરીતપણે જાણનારા.

હવે ચાર પદ વડે **સ્તોતવ્ય સમ્પદાની વિશેષ હેતુ સમ્પદા** કહે છે—

पुरिसुत्तमाणं પુરુષોત્તમ–સહજ તથાભવ્યત્વાદિ ભાવથી પરોપકારાદિ સદ્‌ગુણોમાં અન્ય પુરૂષો કરતાં શ્રેષ્ઠ-ચઢીયાતા.

पुरिससिहाणं–પુરુષોને વિષે સિંહની જેમ શૌર્યાદિ ગુણો વડે પ્રધાન. સિંહ જેમ શૌર્યાદિ ગુણયુક્ત હોય છે, તેમ ભગવાન પણ શત્રુનો ઉચ્છેદ કરવા માટે શૂર, તપકર્મ કરવા માટે વીર, રાગાદિ તથા ક્રોધાદિનું નિવારણ કરવાના આશય વડે ગંભીર, પરિષહો સહન કરવા માટે ધીર, સંયમમાં સ્થિર. ઉપસર્ગોથી નિર્ભય, ઇન્દ્રિય વર્ગથી નિશ્ચિન્ત અને ધ્યાનમાં નિષ્પ્રકમ્પ હોય છે.

पुरिसवरपुंडरीयाणं–પુરુષોને વિષે શ્રેષ્ઠ કમળ જેવા. જેમ કમલ કાદવમાં પેદા થાય છે, જલથી વધે છે અને તે બંનેને છોડી ઉપર રહે છે. તથા તે કમલ સ્વભાવથી સુંદર, ભુવન-લક્ષ્મીનું નિવાસસ્થાન તથા ચક્ષુ આદિને આનંદ આપનાર હોય છે. તથા વિશિષ્ટ કોટિના તિર્યંચ અને દેવો વડે સેવાય છે અને સુખનો હેતુ થાય છે, તેમ ભગવાન પણ કર્મપંકમાં ઉત્પન્ન થાય છે, દિવ્ય ભોગજલથી વધે છે અને તે બંનેને છોડીને નિરાળા રહે છે. અતિશયોના યોગથી અતિ સુંદર હોય છે. ગુણસંપદાઓના નિવાસસ્થાન છે. પરમાનન્દના હેતુ છે. કૈવલ્યાદિગુણ વડે વિશિષ્ટ પ્રકારના તિર્યંચ, મનુષ્ય અને દેવો વડે સેવાય છે તથા મોક્ષ-સુખના કારણ થાય છે

पुरिसवरगन्धहत्थीणं–પુરુષોને વિષે શ્રેષ્ઠ ગંધહસ્તીસમાન. ગંધહસ્તીના ગંધથી તે સ્થાનમાં વિચરનારા બીજા ક્ષુદ્ર

હાથીઓ જેમ ભાગી જાય છે, તેમ અચિંત્ય પુણ્યપ્રભાવ-વાળા ભગવાનના વિહારના પવનના ગન્ધથી જ પરચક્ર, દુર્ભિક્ષ અને મારી વિગેરે સર્વ ક્ષુદ્ર ઉપદ્રવરૂપી ગજો-હાથીઓ ભાગી જાય છે.

હવે પાંચ પદો વડે **સ્તોતવ્ય સમ્પદાની સામાન્ય ઉપયોગ સમ્પદા** કહે છે—

लोगुत्तमाणं લોકને વિષે ઉત્તમ. અહીં 'લોક' શબ્દથી ભવ્ય પ્રાણીરૂપી લોક લેવાનો છે અન્યથા અભવ્યની અપે-ક્ષાએ સર્વ ભવ્યો ઉત્તમ જ છે. તેથી ભગવાનની કાંઈ ઉત્તમતા સાબિત થાય નહિ સકલ કલ્યાણના કારણભૂત તથાભવ્યત્વભાવને ધારણ કરનારા હોવાથી ભગવાન સર્વ ભવ્ય લોકને વિષે ઉત્તમ છે.

लोगनाहाणं-લોકના નાથ. અહીં લોકશબ્દથી બીજાધાનાદિ-વડે સંવિભક્ત અને રાગાદિ ઉપદ્રવોથી રક્ષણીય વિશિષ્ટ ભવ્ય લોક લેવાનો છે. તેને વિષે જ ભગવાનનું નાથપણું ઘટે છે. 'योगक्षेमकृन्नाथः।' બીજાધાન, બીજેઇભેદ તથા બીજપોષણાદિ વડે 'યોગ' અને ઉપદ્રવોથી રક્ષણ કરવા વડે 'ક્ષેમ' કરનારા છે.

लोगहियाणं-લોકનું હિત કરનારા. અહીં લોક શબ્દથી વ્યવહાર રાશિમાં આવેલ સર્વ પ્રાણી વર્ગ સમજવાનો છે. સમ્યક્ પ્રરૂપણ અને રક્ષણ કરવા વડે સર્વ પ્રાણીગણનું ભગવાન હિત કરનારા છે.

લોગપઈવાણં-લોકને વિષે પ્રદીપ તુલ્ય. અહીં લોક શબ્દથી વિશિષ્ટ સંજ્ઞીલોક લેવાનો છે. દેશનાદિ ક્રિયાઓ વડે યથાયોગ્ય મિથ્યાત્વ અંધકારને દૂર કરનારા તથા જ્ઞેયભાવને પ્રકાશિત કરનારા હોવાથી તેઓ પ્રત્યે જ ભગવાનનું પ્રદીપપણું ઘટે છે.

લોગપજ્જોઅગરાણં-લોકને વિષે પ્રદ્યોત કરનારા. અહીં લોક શબ્દથી વિશિષ્ટ ચૌદ પૂર્વધર લોક લેવાનો છે. તેમને વિષે જ તત્ત્વથી પ્રદ્યોતકરપણું ઘટે છે. સાત પ્રકારનું જીવાદિ વસ્તુતત્ત્વ એ પ્રદ્યોત્ય છે. તેનું પ્રદ્યોતીકરણ-વિશિષ્ટ તત્ત્વસંવેદન, વિશિષ્ટ પૂર્વધરોને વિષે જ સંભવે છે. પૂર્વધરોમાં પણ પરસ્પર ષટ્સ્થાનપતિતતા હોય છે. તેથી પ્રદ્યોતીકરણને યોગ્ય (સર્વ પૂર્વધરોથી પણ વિશિષ્ટ યોગ્યતાવાળા) પૂર્વધરો જ લેવાના છે.

હવે ઉપયોગ સંપદાની હેતુ સંપદા કહે છે.

અભયદયાણ-અભયને આપનારા. ભય સાત પ્રકારના છે, ઇહલોક, પરલોક, આદાન, અકસ્માત, આજીવિકા, મરણ અને અશ્લાઘા. મનુષ્યને મનુષ્યથી ભય તે **ઇહલોકભય.** તિર્યંચાદિથી ભય તે **પરલોકભય.** ચોરી લૂંટફાટાદિનો **આદાનભય** આગ જળ પ્રલયાદિનો ભય તે **અકસ્માતભય.** કુટુંબાદિની આજીવિકાના નિર્વાહનો ભય તે **આજીવિકાભય.** આયુષ્ય પૂર્ણ થવાનો ભય તે **મરણભય.** અને યશ-કીર્તિ ચાલ્યી જવાનો ભય તે **અશ્લાઘાભય**—અપ-

યશભય. તેનાથી પ્રતિપક્ષ તે અભય. આત્માનું વિશિષ્ટ સ્વાસ્થ્ય–અન્ય લોકો જેને ધૃતિ કહે છે, તે ધર્મભૂમિકાનું કારણભૂત 'અભય' તેને ભગવાન આપે છે કારણ કે અરિહંત ભગવંતો ગુણના પ્રકર્ષને પ્રાપ્ત થયેલા હોય છે, અચિન્ત્ય શક્તિથી યુક્ત હોય છે તથા સર્વથા પરાર્થ–પરોપકાર કરવામાં રક્ત હોય છે.

चक्खुदयाणं–ચક્ષુ આપનારા. તત્ત્વબોધના કારણભૂત વિશિષ્ટ આત્મધર્મને ચક્ષુ કહેવાય છે. બીજાઓ તેને 'શ્રદ્ધા' કહે છે. ચક્ષુવિહીનને જેમ વસ્તુતત્ત્વનું દર્શન થતું નથી. તેમ શ્રદ્ધારૂપી ચક્ષુથી રહિતને પણ કલ્યાણકર વસ્તુ–તત્ત્વનું દર્શન થતું નથી. આ શ્રદ્ધા ધર્મકલ્પવૃક્ષના અવન્ધ્ય–બીજભૂત છે અને તે ભગવાનથી જ પ્રાપ્ત થાય છે માટે ભગવાન તેના આપનાર છે.

मग्गदयाणं–માર્ગને આપનારા. વિશિષ્ટ ગુણસ્થાનકની પ્રાપ્તિ કરાવનાર સ્વાભાવિક ક્ષયોપશમવિશેષને માર્ગ કહેવાય છે. બીજાઓ તેને 'સુખા' કહે છે. આ 'સુખા'–વિશિષ્ટ ગુણસ્થાનકની પ્રાપ્તિ કરાવનાર ક્ષયોપશમવિશેષ, ભગવાનથી જ પ્રાપ્ત થાય છે, તેથી ભગવાન માર્ગના આપનાર છે

सरणदयाणं–શરણને આપનારા. ભયથી પીડિતને રક્ષણ આપવું તે શરણ કહેવાય છે. બીજાઓ તેને 'વિવિદિષા' કહે છે. સંસારકાંતારમાં પડેલા અને અતિપ્રબળ રાગાદિથી

પીડિત થએલ પ્રાણીઓને 'વિવિદિષા'-તત્ત્વ ચિન્તારૂપ અધ્યવસાય સમાશ્વાસકલ્પ-આશ્વાન તુલ્ય છે. તત્ત્વ-ચિન્તારૂપ અધ્યવસાયથી તત્ત્વવિષયક શુશ્રૂષા, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઉહાપોહ અને તત્ત્વાભિનિવેશાદિ પ્રજ્ઞા-બુદ્ધિના ગુણો પ્રાપ્ત થાય છે. તત્ત્વચિન્તારૂપ અધ્યવસાય વિનાના તે ગુણો સત્ય હોતા નથી. કિન્તુ મિથ્યા-આભાસમાત્ર હોય છે. હિત સાધવામાં અસમર્થ હોય છે. તત્ત્વચિન્તારૂપ શરણ ભગવાનથી પ્રાપ્ત થાય છે, માટે ભગવાન શરણને આપનારા છે.

બોહિદયાણં-બોધિને આપનારા. બોધિ-જિનપ્રણીત ધર્મની પ્રાપ્તિ. તેને સમ્યગ્દર્શન કહેવાય છે. અપૂર્વકરણરૂપી અધ્યવસાયદ્વારા રાગ-દ્વેષની તીવ્ર ગાંઠ ભેદાવાથી તે પ્રાપ્ત થાય છે. પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને આસ્તિકય તેનાં લક્ષણ છે. બીજાઓ તેને 'વિજ્ઞપ્તિ' કહે છે. તે 'વિજ્ઞપ્તિ' ભગવાનથી પ્રાપ્ત થાય છે, માટે ભગવાન બોધિને આપનારા છે.

આ પાંચે અપુનર્બન્ધક-તીવ્રભાવે પાપ નહિ કરનાર આત્માને હોય છે. પુનર્બન્ધકને તે યથોચિત હોતાં નથી. ઉત્તર ઉત્તર પૂર્વ પૂર્વનાં ફળભૂત છે. અભય-ધૃતિનું ફલ ચક્ષુ-શ્રદ્ધા છેઃ ચક્ષુ-શ્રદ્ધાનું ફળ માર્ગ-સુખા છે. માર્ગ-સુખાનું ફળ શરણ-વિવિદિષા છે. શરણ-વિવિદિષાનું ફળ બોધિ-વિજ્ઞપ્તિ છે. એ પાંચેને ભગવાન આપે છે. કારણ કે ભગવાન ગુણપ્રકર્ષવાન, અચિન્ત્ય શક્તિમાન તથા સર્વથા પરાર્થરસિક છે.

હવે સ્તોતવ્ય સમ્પદાની વિશેષ ઉપયોગ સમ્પદા કહે છે.

ધમ્મદયાણં-ધર્મને દેનારા. ધર્મ શબ્દથી અહીં ચારિત્રધર્મ લેવાનો છે. તે બે પ્રકારનો છે. સર્વવિરતિરૂપ યતિધર્મ અને દેશવિરતિરૂપ શ્રાવકધર્મ, એ બંને પ્રકારનો ધર્મ ભગવાનથી જ પ્રાપ્ત થાય છે. ધર્મપ્રાપ્તિમાં બીજાં પણ કારણો છે. કિન્તુ પ્રધાન કારણ ભગવાન જ છે, ભગવાનના અભાવે બીજા બધા કારણો સ્વકાર્ય સાધવા માટે સમર્થ નથી અથવા ધર્મપ્રાપ્તિના સર્વ હેતુઓના ઉત્પાદક ભગવાન છે તેથી પણ ભગવાન પ્રધાનહેતુ છે.

ધમ્મદેસયાણં-ધર્મનો ઉપદેશ કરનારા. પ્રસ્તુત ધર્મને યોગ્યતા મુજબ અવન્ધ્યપણે ઉપદેશનારા. જેમકે :- "સળગતા ઘરના મધ્ય ભાગ સમાન આ સંસાર છે, શરીર વિગેરે દુઃખોનું નિવાસસ્થાન છે, વિદ્વાન આત્માઓએ આ સંસારમાં પ્રમાદ કરવો યોગ્ય નથી, આ મનુષ્ય અવસ્થા અતિદુર્લભ છે, એમાં પરલોકનું હિત સાધવું એ જ પ્રધાન છે- બીજું બધું વિનશ્વર છે, વિષયો પરિણામે કડવા અને દારૂણ વિપાકને દેવાવાળા છે, સંયોગો વિયોગના અંતવાળા છે, આયુષ્ય અવિજ્ઞાત અને પડવાની તૈયારીવાળું છે. તેથી આ સંસારરૂપી આગને ઓલવવા માટે યત્ન કરવો એ જ યોગ્ય છે. સિદ્ધાન્તની વાસનાથી પ્રધાન એવો ધર્મરૂપી મેઘ જ તેને ઓલવી શકે તેમ છે. એ કારણે સિદ્ધાન્તનો સ્વીકાર કરવો જોઈએ. સિદ્ધાન્તના જ્ઞાતાઓની સમ્યક્ પ્રકારે

શુશ્રૂષા કરવી જોઇએ, દુર્જન પુરુષોની સોબત છોડવી જોઇએ, આજ્ઞા પ્રધાન બનવું જોઇએ, પ્રણિધાન-ચિત્તની એકાગ્રતાને આદરવી જોઇએ, સાધુસેવા વડે ધર્મરૂપી શરીરને પુષ્ટ કરવું જોઇએ, સર્વત્ર વિધિપૂર્વક પ્રવર્ત્તવું જોઇએ, અવિરુદ્ધ યોગોમાં યત્ન કરવો જોઇએ, વિસ્રોતસિકા-ચિત્તની વિપરીત ગતિને ઓળખવી જોઇએ અને રોકવી જોઇએ. એ રીતે કરવાથી સોપક્રમ કર્મનો નાશ થાય છે તથા નિરુપક્રમ કર્મના અનુબન્ધનો વિચ્છેદ થાય છે.”

ધમ્મનાયગાણં–ધર્મના નાયક. અધિકૃત ચારિત્રધર્મના સ્વામીઃ (૧) વિધિપૂર્વક પ્રાપ્ત કરવાથી, અતિચારરહિત પાલન કરવાથી તથા યોગ્યને ઉચિત રીતે દાન કરવાથી ભગવાન ધર્મને વશ કરનારા છે. (૨) સર્વોત્કૃષ્ટ ક્ષાયિકભાવે પ્રાપ્ત કરનાર હોવાથી ધર્મના ઉત્કર્ષને પ્રાપ્ત કરનારા છે. (૩) ધર્મનું સર્વોત્કૃષ્ટ ફળ જે તીર્થંકરપદ, તેને ભોગવનાર હોવાથી પ્રકૃષ્ટ ફળના ભોક્તા છે. (૪) અવન્ધ્ય પુણ્યબીજના યોગે વ્યાઘાતરહિતપણે ધર્મને પ્રાપ્ત થયેલા છે. એ ચાર કારણોના યોગે ભગવાન ધર્મના નાયક છે. ધર્મને વશ કરવાથી [૧]તેના ઉત્કર્ષને પ્રાપ્ત કરવાથી, [૨]ઉત્કૃષ્ટ ફલનો ભોગવટો કરવાથી તથા વ્યાઘાતરહિતપણે અનુભવવાથી, [૩]ભગવાન ધર્મના સ્વામી છે.

---

૧ અપુનર્બન્ધકપણે. ૨ અતિચારરહિતપણે ૩ અનિવર્તકપણે-ફલપ્રાપ્તિપર્યંત અનુપરમપણે-નહિ અટકવાપણે.

ધમ્મસારહીણં–ધર્મના સારથિને. પ્રસ્તુત ધર્મનું સ્વપર અપેક્ષાએ સમ્યક્–પ્રવર્તન, સમ્યક્ પાલન, અને સમ્યગ્દમન કરનાર હોવાથી ભગવાન ધર્મના સારથિ છે.

ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં–ધર્મવરચાતુરંગ ચક્રવર્તીને. ધર્મ, અધિકૃત ચારિત્ર ધર્મ એ જ છે વર–પ્રધાન ચતુરન્ત ચક્ર, તેને ધારણ કરનારા: ચારિત્રધર્મ એ ઉભય લોકમાં ઉપકારક હોવાથી ચક્રવર્તીના ચક્રની અપેક્ષાએ તથા ત્રિકોટિ–આદિ, મધ્ય અને અન્ત અથવા કષ, છેદ અને તાપ વડે પરિશુદ્ધ નિર્દોષ હોવાથી, અન્યપ્રણીત ધર્મચક્રની અપેક્ષાએ પ્રધાન–શ્રેષ્ઠ છે તથા નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ લક્ષણ ચાર ગતિઓનો અંત કરનાર છે. અથવા દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર ધર્મો વડે ભવનો અન્ત કરનાર છે માટે ધર્મવરચાતુરંતચક્ર કહેવાય છે, ચક્રની જેમ ધર્મચક્ર પણ મિથ્યાત્વાદિ ભાવશત્રુઓનો નાશ કરે છે. દાનાદિ ચાર પ્રકારના ધર્મના અભ્યાસથી આગ્રહ–મૂર્ચ્છા, મમતા, લોભ આદિનો છેદ મહાત્મા પુરૂષોને સ્વાનુભવસિદ્ધ છે.

હવે બે પદો વડે સ્તોતવ્ય સમ્પદાની સકારણ સ્વરૂપ સમ્પદા કહે છે.

અપ્પડિહયવરનાણદંસણધરાણં–અપ્રતિહત વર જ્ઞાન અને દર્શનને ધારણ કરનારને. અપ્રતિહત–સર્વત્ર અસ્ખલિત, વર–ક્ષાયિક. જ્ઞાન–વિશેષઅવબોધ, દર્શન–સામાન્યઅવબોધ, તેને ધારણ કરનારા. સર્વ પ્રકારના આવરણો દૂર થવાથી

આત્માનો સ્વભાવ, જે સર્વ વસ્તુને જાણવા તથા જોવાનો છે, તે પ્રગટ થાય છે. પ્રથમ જ્ઞાન અને પછી દર્શન ગ્રહણ કરવાનું કારણ એ છે કે કેવલજ્ઞાનાદિ સર્વ લબ્ધિઓ સાકારોપયોગ-જ્ઞાનોપયોગથી યુક્ત આત્માને જ પ્રગટ થાય થાય છે કિન્તુ દર્શનોપયોગથી યુક્તને થતી નથી.

વિયટ્ટછઉમાણં-ચાલ્યું ગયુ છે છદ્મસ્થપણું જેમને. વ્યાવૃત્ત-નિવૃત્ત થઈ છે. છદ્મ-આત્મસ્વરૂપને આવરનાર જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મ અને તેના બંધનની યોગ્યતા જેમની.

હવે ચાર પદો વડે **આત્મ-તુલ્ય-પર-ફલ-કર્તૃત્વ અથવા નિજ-સમ-ફલદ સંપદા** કહે છે.

જિણાણં જાવયાણં-જિનોને, જીતાવનારાઓને. રાગાદિ દોષોને જીતનારા હોવાથી જિન. રાગાદિ દોષોનું અસ્તિત્વ જ નથી એમ ન કહેવું. પ્રત્યેક પ્રાણીને રાગાદિ દોષો સ્વાનુભવસિદ્ધ છે. એ અનુભવ ભ્રાન્ત છે એમ પણ ન કહેવું. રાગાદિના અનુભવને ભ્રાન્ત માનવાથી સુખ-દુઃખા-દિના અનુભવને પણ ભ્રાન્ત માનવો પડશે અને તે કોઇને પણ ઇષ્ટ નથી. રાગાદિ દોષોને સ્વયં જીતનારા છે તેમ સદુપદેશાદિ વડે ભગવાન અન્યને જીતાવનારા પણ છે.

તિન્નાણં તારયાણં-તરેલાને, તારનારાઓને. સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રરૂપ નાવવડે ભવસમુદ્રને તરી ગયેલા અને બીજાઓને પણ તારનારા ભગવાન છે.

बुद्धाणं बोहयाणं–બોધ પામેલાને, બોધ પમાડનારાઓને અજ્ઞાનનિદ્રામાં પ્રસુપ્ત જગતને વિષે પારકાના ઉપદેશ વિના જીવાજીવાદિરૂપ તત્ત્વને સ્વસંવિદિત જ્ઞાન વડે જાણનારા અને બીજાઓને પણ બોધ પમાડનારા ભગવાન છે.

मुत्ताणं मोयगाणं–મુક્તોને, મુકાવનારાઓને. ચાર ગતિમાં વિચિત્ર પ્રકારના વિપાકને આપનાર કર્મના બન્ધનથી મુક્ત થયેલા હોવાથી ભગવાન મુક્ત–કૃતકૃત્ય–નિષ્ઠિતાર્થ છે. અને બીજાને કર્મના બંધનથી મુકાવનારા પણ ભગવાન છે.

હવે ત્રણ આલાપકો વડે અનુક્રમે ભગવાનનો પ્રધાન ગુણ, અક્ષય સ્થિતિ અને ઉત્કૃષ્ટ ફલને બતાવનાર નવમી **प्रधानगुणापरिक्षय प्रधानफलावाप्त्यभय અથવા : मोक्ष ' નામની નવમી સંપદા** કહે છે.

सव्वन्नूणं सव्वदरिसीणं–સર્વજ્ઞને, સર્વદર્શીને નિરાવરણ હોવાથી સર્વ વસ્તુને જાણનારા તથા સર્વ વસ્તુને જોનારા.

' सिवमयलमरुअमणंतमक्खयमव्वाबाहमपुणरावित्तिसिद्धि-गइनामधेयं ठाणं संपत्ताणं । ' શિવ, અચલ, અરુજ, અનંત, અક્ષય. અવ્યાબાધ અને અપુનરાવૃત્તિ એવા સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલા. શિવ–સર્વ ઉપદ્રવ રહિત, અચલ–સ્વાભાવિક અને પ્રાયોગિક ચલનક્રિયા રહિત, અરુજ–વ્યાધિ વેદના રહિત. કારણ કે વ્યાધિ અને વેદનાના કારણભૂત શરીર અને મન ત્યાં નથી, અનન્ત–અનન્ત જ્ઞાન વિષય સહિત, અક્ષય–વિનાશના કારણથી રહિત, અવ્યાબાધ–

કર્મજન્ય વ્યાબાધાઓ રહિત, અપુનરાવૃત્તિ-સંસારમાં ફરી વાર આવવાનું નથી એવું, સિદ્ધિગતિનામધેય-જેમાં જીવો સિદ્ધ-નિષ્ઠિતાર્થ થાય છે તે લોકાન્ત ક્ષેત્ર લક્ષણ સિદ્ધિ અને જવા યોગ્ય સ્થાન હોવાથી ગતિ-તેને પ્રાપ્ત થયેલા. શિવાચલાદિ વિશેષણો નિશ્ચયથી મુક્તાત્માને લાગુ પડે છે પણ વ્યવહારથી સ્થાન અને સ્થાનિનો અભેદ માનીને સિદ્ધિ ક્ષેત્રને પણ લાગુ પડે છે. એવા પ્રકારના સ્થાનને સમ્પ્રાપ્ત-અશેષ કર્મથી રહિત બનીને પ્રાપ્ત થયેલા-સ્વરૂપમાં સ્થિર થયેલા.

આ પ્રકારના જિનેશ્વરો એ જ પ્રેક્ષાવંત પુરુષોને નમસ્કાર કરવા યોગ્ય છે, એ જણાવવા તથા આદિ અને અંતમાં કરેલો નમસ્કાર મધ્યમાં પણ વ્યાપિ છે, એ દર્શાવવા અને ભયને જીતનારા પણ તેઓ જ છે કિન્તુ બીજા નથી, એ વાતનું સમર્થન કરવા ઉપસંહાર કરતાં કહે છે કે—

નમો જિણાણં જિઅભયાણં જિનોને તથા ભયોને જીતનારાઓને નમસ્કાર થાઓ. અહીં પુનરુક્તિ દોષની શંકા નહિ કરવી. સ્વાધ્યાય, ધ્યાન, તપ, ઔષધ, ઉપદેશ, સ્તુતિ, દાન અને સજ્જનોના ગુણોનું ઉત્કીર્ત્તન એટલી વસ્તુઓમાં શાસ્ત્રકાર મહર્ષિઓએ પુનરુક્તિને દોષ તરીકે ગણાવેલ નથી. કિન્તુ ગુણરૂપ માનેલી છે. અહીં સ્તુતિનો વિષય છે તેથી દોષની આશંકા અયુક્ત છે.

આ નવ સમ્પદાઓથી યુક્ત પાઠને પ્રણિપાતદંડક કહે છે. કારણ કે—પાઠ કહ્યા પછી તુરત જ પ્રણિપાત કરવાનો

હોય છે. અથવા તેને શક્રસ્તવ પણ કહે છે. કારણ કે શ્રી જિનેશ્વરોના જન્માદિ કલ્યાણકોને વિષે તીર્થની પ્રવૃત્તિ પહેલાં પણ આ સ્તવ વડે શક્ર સૌધર્મેન્દ્ર પોતાના વિમાનમાં રહીને ભગવાનની અતિભાવથી સ્તુતિ કરે છે. આ સ્તુતિ ભાવ અરિહંતને ઉદ્દેશીને છે, તો પણ ભાવ અરિહંતનું અધ્યારોપણ કરીને સ્થાપના અરિહંતની સન્મુખ કહેવામાં કોઈ પણ જાતનો દોષ નથી.

પ્રણિપાતદંડક કહી રહ્યા બાદ અતીત, અનાગત અને વર્તમાન, એમ ત્રણે કાળના જિનેશ્વરોને વન્દન કરવા માટે નીચેની ગાથા પણ કહેવામાં આવે છે.

જે અ અઇયા સિદ્ધા. જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે ।
સંપઇ ય વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વન્દામિ ॥ ૧ ॥

જે અતીત કાળમાં સિદ્ધ થઈ ગયા, જે અનાગત કાળમાં સિદ્ધ થશે અને જે સાંપ્રતકાળમાં વર્તે છે, તે સર્વેને ત્રિવિધે–ત્રણ પ્રકારે, (મનથી ધ્યાન કરવા વડે. વચનથી સ્તુતિ કરવા વડે અને કાયાથી વન્દન કરવા વડે) હું વન્દન કરું છું.



સ્થાપના અરિહંતની ભક્તિ.

अरिहंतचेइयाणं करेमि काउस्सग्गं-वंदणवत्तियाए पूअणवत्तियाए सक्कारवत्तियाए सम्माणवत्तियाए बोहिलाभवत्तियाए निरुवसग्गवत्तियाए, सद्धाए मेहाए धीइए धारणाए अणुप्पेहाए वड्ढमाणीए ठामि काउस्सग्गं।'

'जयवीयराय' सूत्र કહ્યા બાદ ઉભા થઇને સ્થાપના અરિહંતની ભક્તિ માટે જિનમુદ્રા વડે 'अरिहंत चेईयाणं' ઇત્યાદિ સૂત્રને કહેવાનું હોય છે.

अरिहंतचेइआणं-પૂર્વોક્ત સ્વરૂપવાળા ભાવ અરિહંતોના પ્રતિમા લક્ષણ ચૈત્યોને ચિત્ત એટલે અન્તકરણઃ તેનો ભાવ અથવા ક્રિયા, તેને ચૈત્ય કહેવાય છે. ચૈત્ય ઘણા હોવાથી બહુવચનમાં મૂકયું છે. અરિહંતોની પ્રતિમા પ્રશસ્ત સમાધિવાલા ચિત્તને ઉત્પન્ન કરે છે અથવા અરિહંતોની પ્રતિમાથી ચિત્તમાં પ્રશસ્ત સમાધિ ઉત્પન્ન થાય છે એટલા માટે તેને ચૈત્યો કહેવાય છે. ચૈત્યોને રહેવાના સ્થાનને પણ ચૈત્ય (જિનગૃહ-જિનમંદિર) કહેવાય છે. કારણ કે તે પણ પ્રશસ્ત સમાધિવાળા ચિત્તને ઉત્પન્ન કરે છે, તેને વન્દનાદિ કરવા માટે.

करेमि काउस्सग्गं-કાયોત્સર્ગ કરું છું-કાયાનો ઉત્સર્ગ એટલે ત્યાગ. કાયાથી એક સ્થાને સ્થિર રહેવા રૂપ, વચનથી મૌન ધારણ કરવારૂપ અને મનથી શુભ ધ્યાન કરવારૂપ ક્રિયાને છોડીને અન્ય ક્રિયાનો (શ્વાસોશ્વાસ લેવા મુકવાદિ સૂક્ષ્મક્રિયાઓની છૂટ રાખીને) પરિહાર-ત્યાગ કરવો તે.

वंदणवत्तियाए-વન્દનનિમિત્તે-વન્દન એટલે મન-વચન-કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ-કાયોત્સર્ગથી જ મને વન્દનનું ફળ મળે એ માટે; એમ સર્વત્ર સમજી લેવું.

पूअणवत्तियाए-પૂજન નિમિત્તે-પૂજન એટલે સુગંધી પુષ્પોની માલા ઇત્યાદિથી અભ્યર્ચન. સાધુ અને શ્રાવક શ્રી જિનેશ્વરોનાં ચૈત્યોને યથાયોગ્ય વન્દના નિરન્તર કરે જ છે. તો પણ અધિક અધિક કરવાનો ભાવ પ્રદર્શિત કરવા માટે કાયોત્સર્ગ દ્વારા પ્રાર્થના કરવી, તે પણ વ્યાજબી છે. એ રીતે ભક્તિનો અતિશય પ્રગટ થવા દ્વારા અધિક કર્મનિર્જરા સધાય છે.

सक्कारवत्तियाए-સત્કાર નિમિત્તે. સત્કાર એટલે પ્રવર વસ્ત્ર અલંકારાદિ વડે અભ્યર્ચન. પૂજન અને સત્કારની પ્રાર્થના સાધુ માટે અનુચિત છે, એમ ન કહેવું. સાધુને દ્રવ્યસ્તવનો નિષેધ કેવળ 'કરવા' માટે છે કિન્તુ 'કરાવવા' અને 'અનુમોદવા' માટે નથી. "જિનપૂજા કરવી જોઇએ લક્ષ્મીનો વ્યય કરવાનું એથી શુભતર કોઈ સ્થાન નથી." ઇત્યાદિ ઉપદેશ આપવા વડે ભગવાનની પૂજા અને સત્કાર

કરાવવો તથા પૂજા અને સત્કાર કરવો જોઇએ. અનુમોદન કરવું, એ સાધુ માટે કર્તવ્ય છે.

સમ્માણવત્તિઆએ-સમ્માન નિમિત્તે. સમ્માન એટલે સ્તુતિ આદિ વડે ગુણોન્નતિ કરવી, અથવા માનસિક પ્રીતિ વિશેષ.

હવે વન્દનાદિ શા માટે? તે કહે છે.

બોહિલાભવત્તિયાએ-બોધિલાભ નિમિત્તે. બોધિ એટલે શ્રી અરિહંત પ્રણીત ધર્મની ભાવથી પ્રાપ્તિ.

હવે બોધિલાભ શા માટે? તે કહે છે.

નિરુવસગ્ગવત્તિયાએ-નિરુપસર્ગ નિમિત્તે. નિરુપસર્ગ એટલે જન્માદિ ઉપસર્ગ રહિત સ્થાન-મોક્ષ.

શ્રદ્ધાદિથી રહિત આત્માને આ કાયોત્સર્ગ કરવા છતાં અભિલષિત અર્થની સિદ્ધિ માટે થતો નથી. માટે 'સદ્ધાએ' ઇત્યાદિ પદો કહે છે.

સદ્ધાએ. મેહાએ, ધીઇએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં-વધતી એવી શ્રદ્ધા વડે, મેધા વડે, ધૃતિ વડે, ધારણાવડે અને અનુપ્રેક્ષાવડે હું કાયોત્સર્ગ કરું છું. વધતી કિન્તુ અવસ્થિત નહિ. વધતી શ્રદ્ધા, વધતી મેધા, વધતી ધૃતિ, વધતી ધારણા અને વધતી અનુપ્રેક્ષા. સાધુ અને શ્રાવકને બોધિલાભ હોય જ છે તો પછી તેની પ્રાર્થના કરવાની શી જરૂર? બોધિલાભ હોવાથી મોક્ષ પણ મળવાનો જ છે,

તો પછી તેની અભિલાષા કરવાની પણ શી જરૂર ? એ જાતિની શંકા નહિ કરવી. ક્લિષ્ટકર્મના ઉદયથી કદાચિત્ પ્રાપ્ત થયેલું સમ્યક્ત્વ ચાલ્યું પણ જાય અથવા જન્માંતરમાં તે ન પણ મળે, એ કારણે તેની પ્રાર્થના કરવી ઉચિત છે. અપ્રાપ્તની પ્રાપ્તિ માટે જ પ્રાર્થના હોય છે એમ નથી કિન્તુ પ્રાપ્ત થઈને ચાલ્યું ગયેલું પણ પ્રયત્નથી પ્રાપ્ય છે, માટે પ્રાર્થના કરવાની છે. અથવા ક્ષાયોપશમિક સમ્યક્ત્વની અપેક્ષાએ ક્ષાયિક સમ્યક્ત્વ શીઘ્ર ફલસાધક છે, તેને માટે પણ પ્રાર્થના કરવાની છે. નિરુપસર્ગ-મોક્ષ પણ ક્ષાયિક સમ્યક્ત્વને આધીન છે. ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિનો ભાવ ટકાવી રાખવા માટે મોક્ષની પ્રાર્થના પણ સાર્થક છે.

સદ્ધાએ-શ્રદ્ધા વડે. મારી ઇચ્છા વડે કિન્તુ કોઈના બલાત્કારાદિથી નહિ. શ્રદ્ધા-મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમાદિથી જન્ય ચિત્તની નિજ અભિલાષા રૂપ એક પ્રકારની પ્રસન્નતા. આ શ્રદ્ધા જીવાદિ તાત્ત્વિક પદાર્થને અનુસરનારી, ભ્રાંતિનો નાશ કરનારી તથા કર્મફળ, કર્મ સંબંધ અને કર્મના અસ્તિત્વની સમ્યક્ પ્રતીતિ કરાવનારી છે શાસ્ત્રમાં એને ‘ઉદકપ્રસાદકમણિ’ની ઉપમા આપવામાં આવી છે. સરોવરમાં નાખેલ ‘ઉદકપ્રસાદકમણિ’ જેમ પંકાદિ કાલુષ્યને દૂર કરી સ્વચ્છતાને પમાડે છે તેમ શ્રદ્ધામણિ પણ ચિત્તરૂપી સરોવરમાં રહેલ સંશય—વિપર્યયાદિ કાલુષ્યને દૂર કરી ભગવાન્ અરિહંતપ્રણીત માર્ગ ઉપર સમ્યગ્ ભાવ ઉત્પન્ન કરે છે.

મેહાએ–મેધા વડે. સમજપૂર્વક કિન્તુ જડપણે નહિ. મેધા--જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતો ગ્રન્થ-ગ્રહણ પટુપરિણામ–એક પ્રકારનો સદ્ગ્રન્થમાં પ્રવૃત્તિ કરાવનારો પરિણામ. પાપશ્રુતની અવજ્ઞા કરાવનારો તથા ગુરુ-વિનયાદિ વિધિમાં જોડનારો ચિત્તનો ધર્મ. શાસ્ત્રમાં એને **'આતુર-ઔષધાપ્તિ-ઉપાદેયતા'ની** ઉપમા આપવામાં આવી છે. જેમ કોઈ બુદ્ધિમાન રોગીને ઉત્તમ ઔષધની પ્રાપ્તિ થાય અને તેના વિશિષ્ટ ફલનો અનુભવ થાય, ત્યારે અન્ય સર્વ વસ્તુને દૂર કરી તેના ઉપર જ તેને મહાન ઉપાદેય ભાવ અને ગ્રહણ કરવાનો આદર રહે છે, તેમ મેધાવી પુરુષોને પોતાની મેધાના સામર્થ્યથી સદ્ગ્રન્થને વિષે જ અત્યંત ઉપાદેય ભાવ અને ગ્રહણાદર રહે છે, પણ બીજા ઉપર રહેતો નથી. કારણ કે સદ્ગ્રન્થોને તેઓ ભાવૌ-ષધરૂપ માને છે.

ધોઇએ–ધૃતિ વડે. મનની સ્થિરતા વડે, કિન્તુ રાગાદિથી આકુલ થઇને નહિ.—ધૃતિ-મોહનીય કર્મના ક્ષયોપશમાદિથી ઉત્પન્ન થતી વિશિષ્ટ પ્રીતિ. અવન્ધ્ય કલ્યાણના કારણભૂત વસ્તુની પ્રાપ્તિના દૃષ્ટાંત વડે આ પ્રીતિ દીનતા અને ઉત્સુક-તાથી રહિત તથા ધીર અને ગંભીર આશયરૂપ હોય છે. શાસ્ત્રમાં એને **'દૌર્ગત્યથી હણાયેલાને ચિન્તામણિની પ્રાપ્તિ'ની** ઉપમા આપવામાં આવી છે. જેમ દૌર્ગત્ય--દરિદ્રતાથી ઉપહત થયેલાને ચિન્તામણિરત્નની પ્રાપ્તિ થાય અને તેના ગુણની ખબર પડે ત્યારે "गतमिदानीं-दौर्गत्यं"

"હવે દૌર્ગત્ય ગયું" એ જાતિની માનસિક ધૃતિ-સંતોષ ઉત્પન્ન થાય છે, તેમ જિનધર્મરૂપી ચિન્તામણિ રત્નની પ્રાપ્તિ થવાથી અને તેનો મહિમા માલૂમ પડવાથી "ક ઇદાનીં સંસારઃ" હવે સંસાર કોણ માત્ર છે? એ જાતિની દુઃખની ચિન્તાથી રહિત માનસિક લાગણી ઉત્પન્ન થાય છે.

ધારણાએ-ધારણા વડે. અવિસ્મરણપૂર્વક કિન્તુ શૂન્યચિત્ત નહિ. ધારણા-જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારી, પ્રસ્તુત એક વસ્તુને વિષય કરનારી તથા અવિચ્યુતિ, સ્મૃતિ અને વાસનારૂપ ભેદવાળી ચિત્તપરિણતિ. શાસ્ત્રમાં એને **'સાચા મોતીની માલાને પરોવવા'** ના દૃષ્ટાંતની સાથે સરખાવી છે. તેવા પ્રકારના ઉપયોગની દૃઢતાથી તથા યથાયોગ્ય અવિક્ષિપ્તપણે સ્થાનાદિ યોગમાં પ્રવૃત્તિ થવાથી યોગરૂપી ગુણની માલા નિષ્પન્ન થાય છે.

અણુપ્પેહાએ-અનુપ્રેક્ષા વડે વિચારણાપૂર્વક કિન્તુ કેવળ પ્રવૃત્તિ માત્રરૂપે નહિ અનુપ્રેક્ષા-જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલો અનુભૂત અર્થના અભ્યાસનો એક પ્રકાર, પરમ સંવેગનો હેતુ, ઉત્તરોત્તર વિશેષ વિશેષ પ્રતીતિ કરાવનાર, કેવલજ્ઞાનની સન્મુખ લઈ જનારો ચિત્તનો ધર્મ. શાસ્ત્રમાં એને **'રત્નશોધક અનલ'**ની ઉપમા આપવામાં આવી છે. રત્નને પ્રાપ્ત થયેલો રત્નશોધક અનલ જેમ રત્નના મલને બાળી નાંખી શુદ્ધિ પેદા કરે છે, તેમ આત્મરત્નને પ્રાપ્ત થયેલો અનુપ્રેક્ષા રૂપી અનલ કર્મમલને બાળી નાંખી કૈવલ્યને પેદા કરે છે. કારણ કે તેનો તેવો સ્વભાવ જ છે.

આ શ્રદ્ધાદિ પાંચ ગુણો અપૂર્વકરણ નામની મહા-સમાધિના બીજ છે. તેના પરિપાક અને અતિશયથી અપૂર્વ-કરણની પ્રાપ્તિ થાય છે. કુતર્કોથી ઉત્પન્ન થતા મિથ્યા વિક-લ્પોને દૂર કરી શ્રવણ, પઠન, પ્રતિપત્તિ, ઇચ્છા અને પ્રવૃત્તિમાં જોડાવું, એ એનો પરિપાક છે. તથા સ્થૈર્ય અને સિદ્ધિ પ્રાપ્ત કરવી, એ એનો અતિશય છે. શ્રદ્ધાદિ ગુણોના પરિ-પાક અને અતિશયથી પ્રધાનપરોપકારના હેતુભૂત અપૂર્વ-કરણ નામના ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે.

લાભનો ક્રમ પણ એ રીતે જ છે. શ્રદ્ધાથી મેધા, મેધાથી ધૃતિ, ધૃતિથી ધારણા અને ધારણાથી અનુપ્રેક્ષા તથા વૃદ્ધિનો ક્રમ પણ એ રીતે જ છે. શ્રદ્ધાની વૃદ્ધિથી મેધાની વૃદ્ધિ, મેધાની વૃદ્ધિથી ધૃતિની વૃદ્ધિ, ધૃતિની વૃદ્ધિથી ધાર-ણાની વૃદ્ધિ અને ધારણાની વૃદ્ધિથી અનુપ્રેક્ષાની વૃદ્ધિ થાય છે.



શ્રી અરિહંત પરમાત્મા સમક્ષ પ્રાર્થના કરવા માટેનું પ્રણિધાન સૂત્ર.

શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરવાના સૂત્રને પ્રણિધાન સૂત્ર કહેવામાં આવે છે પ્રણિધાન એટલે ચિત્તની એકાગ્રતા. ચિત્તની એકાગ્રતા થયા સિવાય પ્રવૃત્તિમાં વેગ આવતો નથી. પ્રવૃત્તિમાં વેગ લાવવા માટે તથા પ્રવૃત્તિમાં આવતાં વિઘ્નો ઉપર વિજય મેળવવા માટે તથા આશયની, શુદ્ધિ માટે પ્રણિધાન-ચિત્તની એકાગ્રતાની અત્યંત આવશ્યકતા છે. એક જ વાતનું વારંવાર 'પ્રણિધાન' થવાથી પ્રવૃત્તિ વેગવતી બને છે. વિઘ્નો જીતવાનું સામર્થ્ય પ્રગટે છે અને કાર્યની અવશ્ય સિદ્ધિ થાય છે. અંતે સાચો પરોપકાર પણ સાધી શકાય છે.

અહીં પ્રથમ પ્રણિધાન સૂત્ર પછી તેનો અર્થ અને ત્યાર-પછી તેનો ભાવાર્થ રજુ કરવામાં આવેલ છે.

પ્રણિધાન (જય વીયરાય) સૂત્ર

જય વીયરાય જગગુરુ. હોઉ મમં તુહ પભાવઓ ભયવં;
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઇટ્ઠ ફલ-સિદ્ધિ ॥૧॥

लोग-विरुद्धच्चाओ, गुरुजण-पूआ परत्थकरणं च;
सुहगुरु-जोगो तव्वयण-सेवणा आभव-मखंडा ॥२॥

वारिज्जइ जइवि नियाण बंधणं वीयराय तुह समए;
तहवि मम हुज्ज सेवा, भवे भवे तुम्ह चलणाणं ॥३॥

दुक्खक्खओ कम्मक्खओ, समाहि-मरणं च बोहिलाभो अ;
संपज्जउ मह एअं, तुह नाह! पणामकरणेणं ॥४॥

सर्व-मंगल-मांगल्यं, सर्व-कल्याण-कारणम्;
प्रधानं सर्व-धर्माणां, जैनं जयति शासनम् ॥५॥

प्रणिधान सूत्रनो अर्थ—

"हे वीतराग प्रभु! हे जगद्गुरु! तमे जयवंत वर्तो. हे भगवन्! तमारा सामर्थ्यथी मने संसार प्रत्ये निर्वेद प्रगटो, मोक्षमार्गे चालवानी शक्ति प्राप्त थाओ अने ईष्ट फलनी सिद्धि थाओ. (१)

हे प्रभु! मने एवुं सामर्थ्य प्राप्त थाओ के जेथी मारुं मन लोकनिंद्य थाय एवुं कोई पण कार्य करवा माटे प्रेराय नहि. धर्माचार्य तथा माता-पितादि वडीलो प्रत्ये पूरेपूरो आदरभाव अनुभवे अने बीजानुं भलुं करवा माटे उजमाळ बने. वळी हे प्रभो! मने सद्गुरुनो योग सांपडजो, तथा तेमनां वचनो प्रमाणे चालवानी शक्ति प्राप्त थजो. आ बधुं ज्यां सुधी मारे संसारमां परिभ्रमण करवुं पडे त्यां सुधी अखंड रीते प्राप्त थजो. (२)

હે વીતરાગ! તમારા પ્રવચનમાં જો કે નિયાણું બાંધવાનું એટલે કે ધર્મના બદલા તરીકે કંઈ માગવાનું વાર્યું છે, તેમ છતાં હું એવી ઇચ્છા કરું છું કે દરેક ભવમાં તમારાં ચરણોની ઉપાસના કરવાનો યોગ મને પ્રાપ્ત થજો. (૩)

હે નાથ! તમને પ્રણામ કરવાથી દુઃખનો નાશ થાય, કર્મનો નાશ થાય, સમાધિપૂર્વક મૃત્યુ થાય અને સમ્યક્ત્વ સાંપડે એવી પરિસ્થિતિ ઉત્પન્ન થજો. (૪)

સર્વ મંગલોમાં મંગળરૂપ, સર્વકલ્યાણોના કારણરૂપ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈનશાસન સદા જયવંતુ વર્તે છે. (૫)

પ્રણિધાન સૂત્રનો ભાવાર્થ—

પ્રણિધાન સૂત્રની શરુઆતમાં જય વીયરાય! જગગુરુ! એ શબ્દોથી વીતરાગ પરમાત્માનો વિજય ઇચ્છવામાં આવ્યો છે. "હે વીતરાગ! તારો વિજય થાઓ!" તારા વિજયમાં વિશ્વનો વિજય છે. વીતરાગના વિજયમાં રાગાદિ દોષોનો પરાજય છે અને દોષોના પરાજયમાં જ વિશ્વનો વિજય છે.

"હે જગદ્‌ગુરુ તારો વિજય થાઓ!" પ્રાણીઓને જગતનું યથાવસ્થિત સ્વરૂપ કહે તે જગદ્‌ગુરુ કહેવાય છે. જેઓ પ્રથમ જગતના યથાસ્થિત સ્વરૂપને સ્વયં જાણે છે, તથા જ્ઞાન મુજબ દુનિયાને યથાવસ્થિત સ્વરૂપ બતાવે છે. તેઓ જ જગદ્‌ગુરુ પદની પ્રાપ્તિને યોગ્ય બને છે. વીતરાગના

વિજયમાં જેમ દોષો ઉપરનો વિજય ઇચ્છાય છે; તેમ જગદ્‌ગુરુના વિજયમાં કેવળજ્ઞાન અને યથાર્થ ઉપદેશનો વિજય ઇચ્છાય છે. યથાર્થ ઉપદેશ માટે કેવળજ્ઞાનની જરૂર છે અને કેવળજ્ઞાન માટે વીતરાગ ભાવની જરૂર છે. જગદ્‌ગુરુ પદથી કેવળજ્ઞાન અને યથાર્થ ઉપદેશ એ બે ગુણોનું ગ્રહણ થાય છે. સઘળાય અનર્થોનું મૂળ અજ્ઞાન છે, અજ્ઞાનથી ક્રોધાદિ દોષ, ક્રોધાધિ દોષથી હિંસાદિ અસત્ પ્રવૃત્તિ અને હિંસાદિ અસત્ પ્રવૃત્તિથી દુર્ગતિની પરંપરા ઉત્પન્ન થાય છે. તે બધાને રોકવાનું સાધન યથાર્થ જ્ઞાન છે અને યથાર્થ જ્ઞાનનું સાધન યથાર્થ ઉપદેશ છે.

યથાર્થ ઉપદેશના શ્રવણથી જે આત્માઓના અજ્ઞાન અંધકારનો નાશ થાય છે, તે આત્માઓ ધીમે ધીમે ક્રોધ, લોભ, ભય આદિ દોષોથી મુક્ત થતા જાય છે. જેમ જેમ ક્રોધ, લોભ, ભયાદિ દોષોથી મુક્ત થતાં જવાય છે, તેમ તેમ હિંસા, અસત્ય, અબ્રહ્મ આદિ અસત્ પ્રવૃત્તિઓ પણ અટકતી જાય છે. અસત્ પ્રવૃત્તિઓ અટકવાથી નવીન કર્મનો બંધ અટકી જાય છે અને સત્ પ્રવૃત્તિઓના સેવનથી પૂર્વકર્મનો નાશ થતો જાય છે. પરિણામે ઉત્તમ જન્મોની પરંપરા સાથે થોડા જ સમયમાં ઘાતી કર્મોના નાશથી સાધ્ય કેવળજ્ઞાન, અને સર્વકર્મોના નાશથી સાધ્ય મુક્તિ એ બેની જીવને પ્રાપ્તિ થાય છે. આ બધા લાભની પરંપરાનું મૂળ કારણ યથાર્થ ઉપદેશ છે અને યથાર્થ ઉપદેશમાં હેતુ કેવળજ્ઞાન અને વીતરાગતા છે અને તે ત્રણેને ધારણ કર-

નારા જગદ્‌ગુરુ કહેવાય છે. તેવા જગદ્‌ગુરુઓના વિજયમાં યથાર્થ ઉપદેશનો, કેવળજ્ઞાનનો, અને (સર્વદોષરહિત સર્વ-ગુણસહિત) વીતરાગતાનો વિજય ઇચ્છાય છે. એ ત્રણેના વિજયમાં સત્યનો વિજય રહેલો છે અને સત્યના વિજયમાં ત્રણ જગતનો સાક્ષાત્ કે પરંપરાએ વિજય રહેલો છે.

વીતરાગ અને જગદ્‌ગુરુનો વિજય ઇચ્છવા પૂર્વક બુદ્ધિમાં તેમનું સન્નિધાન લાવવા માટે ફરીથી કહેવામાં આવે છે કે **'હે ભગવન્! તમારા પ્રભાવથી મને પ્રાપ્ત થાઓ.'** શું ? તે હવે પછી કહેવામાં આવશે.

(૧) ભવનિર્વેદ.

આ 'જયવીયરાય' સૂત્ર પ્રાર્થના સૂત્ર છે. એમાં વીત-રાગ પાસે ભવનિર્વેદ આદિની માગણી રૂપ પ્રાર્થના કરવામાં આવી છે તે અહીં ક્રમસર વિચારીએ.

હે ભગવન્! તમારા અચિન્ત્ય સામર્થ્યથી મને ભવનિર્વેદ પ્રાપ્ત થાઓ. એ પ્રમાણે આ સૂત્રમાં સૌથી પ્રથમ માગણી ભવનિર્વેદની કરવામાં આવી છે. ભવનિર્વેદ એટલે સંસાર પ્રત્યે અબહુમાન. ભવ પ્રત્યે અબહુમાન એ વાસ્તવિક રીતે ભગવાન પ્રત્યેનું જ બહુમાન છે.

ભવ એટલે સંસાર અને એ સંસાર દેવ, મનુષ્ય તિર્યંચ અને નરક એ ચાર ગતિઓ અને તે ગતિઓમાં

કારણભૂત પાંચ વિષય અને ચાર કષાયાદિ સ્વરૂપ છે. નરક અને તિર્યંચ ગતિઓ સાક્ષાત્ દુઃખોનો ભંડાર છે. મનુષ્ય અને દેવગતિમાં પણ મોટે ભાગે ઈર્ષ્યા, રોષ, વિષાદ તથા રોગ, શોક અને ઉપદ્રવની ચક્કીમાં પીસાવા સિવાય બીજું કાંઇ જ નથી. સુદેવ અને સુમનુષ્ય ગતિમાં યત્કિંચિત્ દેખીતું સુખ છે, પણ તેમાં આસક્ત થનારા જીવોને ભવિષ્યમાં તે આકરાં કષ્ટોને આપનારા એવા અતિચીકણાં કર્મોને ઉપાર્જન કરાવવાનાં તીવ્ર હેતુઓ રૂપ બને છે. ચારે ગતિઓમાં વસીને તેમાં રહેલા સુખોને ભોગવવાની લાલસાથી જીવે અસહ્ય કષ્ટોને અનંતીવાર સહ્યાં છે. ભવ અને ભવનાં સુખો પ્રત્યેનો એ અયોગ્ય રાગ જ્યાં સુધી દૂર ન થાય, ત્યાં સુધી મોક્ષ અને મોક્ષના અનંતા સુખો માટેનો યત્ન કેવી રીતે થાય? જ્યાં સુધી ભવનો રાગ ઘટે નહિ, ત્યાં સુધી મોક્ષનો યત્ન થાય નહિ અને થાય તો પણ તેમાં જીવ આવે નહિ મોક્ષ માટેના યત્નમાં પ્રાણ પૂરવા માટે ભવવિરાગની પરમ અગત્ય છે. અને તે વીતરાગની પ્રાર્થનાથી જ સુશકય છે. વીતરાગ ભવથી સર્વાંશ વિમુક્ત છે અને તેમનું સામર્થ્ય અચિન્ત્ય છે. તેથી તેમની પ્રાર્થના ભવવિરાગને આપવામાં સમર્થ છે. ભવવિરાગ એ સૌથી મોટો સદ્ગુણ છે. ભવવિરાગ અને મોક્ષરાગને જૈનશાસનમાં મોટો યોગ પણ કહેલો છે. એ બે વસ્તુ જેના અંતરમાં સ્થિર હોય છે, તેની બધી ધર્મક્રિયા અમૃતક્રિયા બની જાય છે.

'ચાર ગતિમાં નિત્ય ઉદ્વેગ' એ ભવનિર્વેદનું સ્વરૂપ છે અને 'આત્મસ્વરૂપમાં નિત્ય રમણ' એ સમસ્ત કર્મના ક્ષયથી મળતાં મોક્ષનું સ્વરૂપ છે. ભવમાં અનંત દુઃખ છે અને મોક્ષમાં અનંત સુખ છે. એ નિશ્ચય વીતરાગના આલંબનથી પણ કોઈક જ જીવને કોઈક જ કાળે થાય છે, અને એ થયા પછી એનો સંસાર પરિભ્રમણ કાળ એકદમ ટુંકાઈ જાય છે. વીતરાગના આલંબનથી સાધવા લાયક જો કોઇ મોટામાં મોટું કાર્ય હોય તો તે એક ભવનિર્વેદ જ છે. અને તેથી સૌથી પ્રથમ માગણી વીતરાગની પ્રાર્થનામાં તેની જ કરવામાં આવે તો તે સર્વથા સુસંગત છે. હવે પછી બીજી જે જે પ્રાર્થનાઓ કરવામાં આવવાની છે, તે બધી ભવનિર્વેદને જ પોષણ આપવા માટે છે. તે બીજી પ્રાર્થનાઓ એક પછી એક હવે જોઇએ.

(૨) માર્ગાનુસારિતા.

'હે ભગવન્ તારા સામર્થ્યથી મને જેમ ભવનિર્વેદ પ્રાપ્ત થાઓ તેમ માર્ગાનુસારિતા–મોક્ષ માર્ગને અનુસરવાપણું પ્રાપ્ત થાઓ.' મોક્ષમાર્ગને અનુસરવાપણું જીવને ત્યારે જ થાય છે, કે જ્યારે તે અસદ્ગ્રહનો વિજય કરનારો થાય છે. મોક્ષને સુખસ્વરૂપ અને ભવને દુઃખસ્વરૂપ તરીકે સમજવામાં બાધક કોઇ પણ ચીજ હોય તો તે આ અસદ્ગ્રહ છે. અસદ્ગ્રહને આધીન થયેલો જીવ મોક્ષને અને સંસારને તેના યથાર્થ

સ્વરૂપમાં સમજી શકતો નથી. યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિમાં પ્રતિબંધક જેમ મતિમાંદ્ય, બુદ્ધિદૌર્બલ્ય અને જ્ઞાનાવરણીય કર્મનો ઉદય છે, તેમ અહંમાનિત્વ, પૂર્વગ્રહગ્રહિતા, ધૂર્ત-વ્યુદ્ગ્રાહિતતાદિ પણ મુખ્ય છે. દુરભિનિવેશને આધીન થયેલ બુદ્ધિમાન પુરુષો પણ અવસરે વસ્તુને તેના યથાર્થ સ્વરૂપે ઓળખી શકતા નથી. એ અસદ્ગ્રહ પ્રત્યેક જીવને અજ્ઞાનદશામાં કે મિથ્યાજ્ઞાનવાળી દશામાં અતિ ભારે હોય છે, તેની ઉપર જ્યાં સુધી સર્વથા વિજય મેળવવામાં ન આવે ત્યાં સુધી, ભવને અને મોક્ષને તેના યથાર્થ સ્વરૂપમાં પીછાણવા અતિ દુષ્કર છે. એ કારણે વીતરાગ ભગવંત પાસે બીજી માગણી 'માર્ગાનુસારિતા' એટલે તત્ત્વાનુસારિતાની-કરવામાં આવે છે.

(૩) ઇષ્ટફલસિદ્ધિ.

ઇષ્ટફલસિદ્ધિ એટલે અભિષ્ટ પદાર્થોની પ્રાપ્તિ. આલોકમાં જે પદાર્થો ચિત્ત સ્વાસ્થ્ય માટે અત્યંત જરૂરી છે, તેવા અન્ન, વસ્ત્ર, આરોગ્ય, આજીવિકા અને કુટુંબાદિ પદાર્થો સાનુકૂળ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સ્થિર ચિત્તે તત્ત્વવિચારણા થવી શકય નથી. એ કારણે એ તત્ત્વાનુસારિતાને સહાયક એવી ચિત્તસ્વસ્થતાને મેળવી આપનાર ઇહલૌકિક અભિમત (પ્રશસ્ત અર્થકામાદિ) પદાર્થોની નિષ્પત્તિને પણ ઇચ્છવામાં આવી છે. ભવનિર્વેદાદિકને સહાયક જેટલી ઐહિક ચીજો છે, તેને ઇચ્છવામાં પણ ગર્ભિત રીતે ભવનિર્વેદ જ મંગાય છે.

(૪) લોકવિરુદ્ધત્યાગ.

ઉત્તમ જનસમાજમાં વિરૂદ્ધ ગણાતા કાર્યોનો ત્યાગ. ચિત્તસ્વસ્થતા માટે જેમ જીવનનિર્વાહનાં સાધનોની જરૂર છે, તેમ જે લોકની વચ્ચે વસવું છે, તે લોકની સાથે નિરર્થક થોડો પણ વિરોધ ઉત્પન્ન થઈ ન જાય, તેની કાળજી રાખવાની પણ જરૂર છે. મહાપુરુષો ફરમાવે છે કે 'लोकः खल्वाधारः सर्वेषां धर्मचारिणां यस्मात्। ધર્મ આચરનાર સર્વેને લોક એ જ આધાર છે. લોકવિરુદ્ધ આચરણ કરનાર એના ધર્મીને પણ લોક પ્રતિકૂળ રહે છે અને તેથી પ્રતિકૂલ થયેલ લોક તરફથી તેના ધર્માચરણમાં અનેક વિઘ્નો ઊભાં થાય છે. લોકવિરુદ્ધ કાર્યમાં સૌથી પ્રથમ છોડી દેવા લાયક કોઈપણ કાર્ય હોય તો તે 'નિન્દા' છે. નિન્દા કોઇને પણ પસંદ નથી. દરેક માણસને પોતાની વસ્તુની કિંમત અધિક છે 'આકરા શબ્દો' જો કે તે સત્ય હોય તો પણ મનુષ્યના સંબંધોને બગાડી નાખે છે.

'નિન્દા' એ મનુષ્યોના પરસ્પર સંબંધમાં વિષ રેડે છે, અથવા એ સંબંધોમાં ઝેર ફેલાવવાનું કાર્ય કરે છે; તો પણ તેનાથી ભાગ્યે જ કોઈ બચી શકે છે. નિન્દાથી બચી શકનાર આ વિશ્વમાં ઘણા વિરલ છે. પરનિન્દાથી બચવું એ ઘણું દુષ્કર છે, ભર્તૃહરિએ કહ્યું છે કે— 'निरभिभवसाराः परकथाः, कथमनभिजाते निवसति' જેમાં બીજાનો પરાભવ નથી, એવી પરકથા અકુલીન આત્મામાં કેવી રીતે સંભવી શકે? મનુષ્યની પ્રાયઃ પ્રત્યેક વાતોમાં બીજાનો

પરાભવ અને પોતાનો ઉત્કર્ષ સારવાનો ભાવ છુપાયેલો હોય છે. જે વાતમાં પરપરાભવ અને સ્વપ્રશંસા ન હોય, તે વાતમાં માણસને વધારે રસ આવતો જ નથી. એ સ્થિતિમાં નિન્દાવૃત્તિથી બચવું કે તેનાથી છૂટવું એ શ્રી વીતરાગની કૃપા સિવાય શકય નથી. શ્રી વીતરાગની દયા જ તેનાથી છોડાવી શકે છે. બાકી તો લગભગ બધા જ તે વ્યસનમાં ફસાએલા છે અને એ કુવ્યસનના કલંકે પરસ્પર અપ્રીતિ, પ્રદ્વેષ અને વિષાદની સળગતી જ્વાળામાં જળી રહ્યા હોય છે. એનાથી બચવાનો એક જ ઉપાય લોકવિરુદ્ધ ત્યાગની ભાવનાનો છે. નિન્દામાં પણ ગુણી પુરુષોની નિન્દા વિશેષે ત્યાજ્ય છે. બહુજન વિરોધ, ચિત્તની સ્વસ્થતાને વધારે ને વધારે બાધક થાય છે. બહુજન વિરુદ્ધનો સંગ તથા પ્રસિદ્ધ દેશાચારોનું ઉલ્લંઘન પણ બહુજન વિરોધની જેમ ચિત્ત-સ્વાસ્થ્યને બાધક છે. એ વિગેરે લોકવિરુદ્ધ કાર્યો કદી પણ મારાથી ન થાઓ, એ જાતિની વીતરાગ પાસે પ્રાર્થના કરવી એ પણ 'ભવનિર્વેદ'ને સાધવાનું સાધન છે.

(૫) ગુરુજનપૂજા.

વીતરાગની પાસે પાંચમી પ્રાર્થના ગુરુજન એટલે માતા-પિતાદિ વડીલજનો–તેઓની પૂજા એટલે ઉચિત પ્રતિપત્તિ (ભક્તિ-વિનય ઈત્યાદિ) છે. માતાપિતાદિ ઉપકારી જનોની ઉચિત પ્રતિપત્તિ જેઓ કરતા નથી તેઓ જાનવરથી અધિક નથી. કહ્યું છે કે— 'आस्तन्यपानाज्जननीं स्मरन्ति।' ઇત્યાદિ. સ્તનપાન કરાવે ત્યાં સુધી માતાને માતા તરીકે માને, તે

અધમ પુરુષનું લક્ષણ છે. ઉત્તમ પુરુષો જીવિતના અંત સુધી માતાને માતા તરીકે પૂજે છે. માતાપિતાદિ વડીલ જનોનો પ્રત્યક્ષ ઉપકાર જેઓ સ્મરણપથમાં રાખી શકતા નથી, તેઓ ધર્મ, ધર્માચાર્યો, ધર્મોપદેશકો અને ધર્મશાસ્ત્રકારો તરફથી થતો પરોક્ષ ઉપકાર હૃદયપટ ઉપર ધારણ કરી શકે, એ માનવું શું વધારે પડતું નથી? જીવમાં સ્વાર્થવૃત્તિ ભયંકર હોય છે, અને પરમાર્થવૃત્તિ લુપ્તપ્રાયઃ હોય છે. લુપ્તપ્રાયઃ તે પરમાર્થવૃત્તિને જીવાડવાનો અને જગાડવાનો સરળ ઉપાય માતાપિતાદિ ગુરુજનની પૂજા છે. જીવ કેવળ પરનિન્દાથી બચી જાય, તેટલા માત્રથી કલ્યાણ નથી. તેની સાથે ઉપકારીઓની પૂજાની પણ પરમાર્થના માર્ગમાં અત્યંત જરૂર છે. જે પોતાના ઉપર ઉપકાર કરનારાઓની પૂજા, સેવા કે ચાકરી માટે પણ તૈયાર નથી, તે બીજાઓ કે જેઓએ તેના ઉપર કોઈ પણ પ્રકારનો ઉપકાર કર્યો નથી, તેઓની સેવા, ચાકરી કે બરદાસ કરવાથી વૃત્તિવાળો બની જાય એ શું શકય છે? અને જ્યાં સુધી જીવમાં પરની સેવા કરવાની વૃત્તિ આવતી નથી, ત્યાં સુધી તેના ચિત્તની સ્વસ્થતા કે સમાધિ સુશકય નથી. ચિત્તસ્વાસ્થ્ય માટે અને માનસિક સમાધિ માટે પરસેવાની ઘણી જ આવશ્યકતા છે. અને તે કાર્ય ગુરુજનપૂજાથી પણ અંશતઃ સિદ્ધ થાય છે.

(૬) પરાર્થકરણ.

બીજાઓનાં કાર્યોને કરવાં એ પરાર્થકરણ છે. પોતાના

ધર્મને બાધ ન પહોંચે તે રીતે બીજાઓનાં કાર્યોને કરવા એ સર્વ જીવલોકમાં સારભૂત વસ્તુ છે-મનુષ્યનું મનુષ્યત્વ અને પુરુષનું પુરુષત્વ એનાથી દીપે છે. પરોપકારી પુરુષ એ ચંદ્ર કે ચંદનની જેમ સર્વજનવલ્લભ બને છે. તેનું વચન અને વર્તન સર્વને ગ્રાહ્ય અને ઉપાદેય થાય છે. બીજાઓને ધર્મ પમાડવા માટે તે સારી રીતે યોગ્યતા પ્રાપ્ત કરે છે, એટલું જ નહિ, પણ 'પરાર્થકરણ'થી ઉત્પન્ન થતાં પુણ્યાનુબંધી પુણ્યના યોગે તેને વિશિષ્ટ વિશિષ્ટતર સત્પુરુષોનો સુયોગ પણ સુલભ બનતો જાય છે.

(૭) શુભગુરુજોગ.

'શુભગુરુજોગ' શુભ એટલે વિશિષ્ટ ચારિત્ર યુક્ત. ગુરુ એટલે આચાર્ય, તેનો યોગ એટલે તેઓનો સંબંધ મને થાઓ! આ સંસારમાં જ્યાં સુધી વિશિષ્ટ ચારિત્રયુક્ત આચાર્યનો સંબંધ ન થાય ત્યાં સુધી મુક્તિના માર્ગ ઉપર જીવને પૂરેપૂરો ભરોસો બેસી શકે નહિ. પરોક્ષ એવા મુક્તિમાર્ગ ઉપર વિશ્વાસ બેસવા માટે મુખ્ય સાધન પ્રત્યક્ષ એવા ચારિત્રયુક્ત આચાર્યો જ છે. વિશિષ્ટ ચારિત્રયુક્ત પરોપકારપ્રધાન ચર્યા જોઇને લોકોને વિશ્વાસ બેસે છે, કે આવા જ્ઞાની અને સદ્‌ગુણી સત્પુરુષો જે જે પ્રવૃત્તિ કરે તે કદી નિષ્ફળ હોય નહિ, એટલું જ નહિ પણ તે નક્કી કોઈ મોટા ફળને આપનારી જ હોય. તેઓ જે ઉપદેશ આપે તે પણ કદી અહિતનો ન હોય પણ હિતનો હોય. એ રીતે વિશિષ્ટ ચારિત્રયુક્ત આચાર્યના સંબંધથી ઓછા પ્રયત્ને

મોક્ષમાર્ગમાં મોટો લાભ થાય છે તેમની ચર્યાને જોવાથી મોક્ષમાર્ગની શ્રદ્ધા વધે છે, તેમના ઉપદેશને સાંભળવાથી મોક્ષમાર્ગનું જ્ઞાન વધે છે અને તેમની સેવાને કરવાથી મોક્ષપ્રાપ્તિને રોકનારાં કર્મો ખપે છે. વિશિષ્ટ ચારિત્રયુક્ત આચાર્યોનો સંબંધ એ આ સંસારમાં જેમ દુર્લભ છે, તેમ તેમનાં વચનની સેવા અને તેમની આજ્ઞાનુસાર વર્તન એ એથી પણ વધુ કઠીન છે. તેથી વીતરાગની પ્રાર્થનામાં સૌથી છેલ્લી માંગણી તેમનાં વચનની સેવાની છે.

(૮) તદ્વચનસેવા.

તેમનાં એટલે સદ્‌ગુરુનાં વચન એટલે આજ્ઞા, તેની સેવા એટલે જીવનમાં તેનો અમલ. સદ્‌ગુરુની આજ્ઞાનુસાર જીવનમાં વર્તન થવું, એ ઘણું જ દુષ્કર છતાં અત્યંત જરૂરી છે, સદ્‌ગુરુને સદ્‌ગુરુ તરીકે ઓળખ્યા પછી પણ તેમની આજ્ઞાનુસાર વર્તન થવામાં અનાદિ સંજ્ઞાઓ, ઉન્મત્ત ઇન્દ્રિયો અને અતિ ચપળ મન-વચન-કાયાના યોગો ઘણાં આડા આવે છે, તે બધાને જીતવા અતિ દુષ્કર છે. તે ન જીતાય અને સદ્‌ગુરુની આજ્ઞાનુસાર વર્તન ન થાય તો મોક્ષ મેળવવાનું કાર્ય અધૂરું જ રહે છે. વૈદ્યનો આશ્રય લેવામાં આવે, પણ વૈદ્યના કથનાનુસાર ઔષધ ગ્રહણ કરવામાં ન આવે, તો જેમ રોગ મટી શકતો નથી, તેમ સદ્‌ગુરુની સેવા મલ્યા પછી પણ, તેમના હિતોપદેશનો અમલ કરવામાં ન આવે તો કર્મરોગ ટળી શકે નહિ.

ભવનિર્વેદથી શરૂ કરીને ગુરુવચનની સેવા પર્યંતની માગણીઓ વીતરાગ પાસે સાચા ભાવથી કરવામાં આવે, તો તે ફલ્યા સિવાય રહેતી નથી. વીતરાગની પાસે એ પદાર્થોની માગણી કરવામાં વીતરાગનું બહુમાન પણ જળવાય છે. અને પ્રાર્થનાનું સાફલ્ય પણ થાય છે. ભવનિર્વેદાદિ વસ્તુઓની પ્રાપ્તિમાં જેમ સ્વપુરુષાર્થ આદિ કારણો રહેલાં છે તેમ વીતરાગની ગુણપ્રકર્ષતા અને અચિન્ત્ય શક્તિયુક્તતાદિ કારણો પણ રહેલાં છે. ગુણપ્રકર્ષ સ્વરૂપ બનેલાં ભગવાન વીતરાગનું અવલંબન લેવામાં ન આવે, ત્યાં સુધી ભવવિરાગ અને સદ્‌ગુરુવચનસેવાદિ વિશિષ્ટ કાર્યો પાર પડી શકતાં નથી. કોઈપણ કાર્યની સિદ્ધિ માટે જેમ ઉપાદાન કારણોની આવશ્યતા છે, તેમ નિમિત્ત કારણોની પણ અપેક્ષા રહે છે. સઘળાં નિમિત્ત કારણોમાં વીતરાગનું આલંબન એ સાચા ગુણોની પ્રાપ્તિમાં પ્રધાન નિમિત્તકારણ છે અને બીજાં બધાં નિમિત્તોમાં ઉત્પાદક પણ વીતરાગ છે. તેથી ગુણપ્રાપ્તિના વિષયમાં વીતરાગ એ સર્વ રીતિયે મુખ્ય બની જાય છે. વીતરાગ સ્વયં કાંઈ આપતા કે લેતા નથી, તો પણ લેનાર કે પામનારને સાધનરૂપે વીતરાગ અને તેમનાથી ઊભા થયેલા આલંબનો જ ઉપયોગમાં આવે છે; તેથી વીતરાગ એ સર્વ દૃષ્ટિએ સાચા ને પરમ ઉપકારી બની જાય છે.

પ્રાર્થનાથી થતા મહાન લાભો.

શ્રી અરિહંત પરમાત્મા પાસે પ્રણિધાન સૂત્રમાં કહેલી

પ્રાર્થનાને નિરંતર કરવાથી જે મોટા ફાયદાઓ થાય છે તેને શાસ્ત્રકારોએ સંક્ષેપથી નીચે મુજબ પાંચ વિભાગમાં વહેંચી બતાવ્યા છે.

(૧) પ્રવચનની આરાધના, (૨) સન્માર્ગની દૃઢતા, (૩) કર્તવ્યતાનો નિશ્ચય, (૪) શુભાશયની વૃદ્ધિ તથા (૫) સાનુબંધ-શુભ અનુષ્ઠાનની પ્રાપ્તિ

આ પાંચમાં પણ મુખ્ય પ્રથમ વિભાગ છે, પ્રવચન એટલે (વીતરાગ અને તેનું) શાસન, તેની આરાધના એટલે તેના ઉપકારની અખંડ સ્મૃતિ રહે, તે જાતિનું વર્તન. શાસનનો ઉપકાર આપણા ઉપર અને સમગ્ર વિશ્વ ઉપર અતિ મહાન છે. જે કાંઈ સારૂં આ દુનિયામાં દેખાય છે, તે એ શાસનની આરાધનાનો પ્રતાપ છે. અને જે કાંઈ નરસું આ દુનિયામાં દેખાય છે કે મળે છે, તે એ શાસનની વિરાધનાનું ફળ છે, સારી વસ્તુ પુણ્ય વિના મળતી નથી અને પુણ્ય એ સત્કાર્ય વિના બંધાતું નથી. સત્કાર્ય કરવાની પ્રેરણા જીવને સ્વયં થતી નથી. એ પ્રેરણા જેનાથી મળે છે તેનું જ નામ 'શાસન' છે. દેવ-ગુરુ-શાસ્ત્ર-સંઘ ચૈત્ય-તીર્થ કે સત્પુરુષ જે કોઇ સત્કાર્યોની પ્રેરણા માટે આ વિશ્વમાં આલંબનસ્વરૂપ છે, તેનું મૂળ ઉત્પાદન સાક્ષાત્ કે પરંપરાએ શ્રી જૈનશાસન સિવાય બીજા કોઈથી નથી. તેથી બધા જ જીવો ત્રણે કાળમાં એ શાસનના ઉપકાર તળે દબાયેલા છે અને એના પ્રતાપે જ સુખ અનુભવી રહ્યા છે, એમ કહેવું જરાપણ ખોટું નથી. એ દૃષ્ટિએ એ શાસનને

તથા એ શાસનના ઉત્પાદક શ્રી વીતરાગ ભગવાનને, પ્રણામ, અને તેમનાં ચરણકમળની ભવોભવ સેવા, કેટલાં અમોઘ અને મૂલ્યવાન બની જાય છે. એ સમજાવવાની ભાગ્યે જ જરૂર રહે છે.

' वारिज्जइ जइवि नियाण-बंधणं वीयराय ! तुह समये ।
तहवि मम हुज्ज सेवा भवे भवे तुम्ह चलणाणं ॥३॥

હે વીતરાગ ! તારા સિદ્ધાંતમાં યદ્યપિ નિદાનબંધન (ધર્મનાં ફળરૂપે કંઈ પણ માગવું) તેનો નિષેધ કર્યો છે, તો પણ પ્રત્યેક ભવમાં તારા ચરણોની સેવા મને મળજો, (એમ હું માગું છું.) ૩

ભગવાનનાં ચરણકમળની સેવા એટલે ભગવાનની ભક્તિ. ચરણની સેવા માગવામાં ભક્તિની પરાકાષ્ઠા ઇચ્છાય છે ભગવાનનાં ચરણો એ પણ જો સેવા કરવા યોગ્ય છે, તો પછી તે ભગવાનની બીજી કયી વસ્તુઓ સેવા કરવા યોગ્ય નથી રહેતી ? ભગવાનની સર્વ વસ્તુ સેવનીય અને પૂજનીય છે, એ ભાવ વ્યક્ત કરવા અને દૃઢ કરવા માટે વારંવાર ચરણની સેવા ઇચ્છાય છે અને એ ઇચ્છામાં ભગવાન પ્રત્યે રહેલી ઉત્કૃષ્ટ ભક્તિ સૂચવાય છે. ભગવાનની ભક્તિ એ મુક્તિની દૂતી છે. જેને મુક્તિ હવે નિકટ છે, તેને જ ભગવાન પ્રત્યે ભક્તિ જાગે છે, જેને મુક્તિ દૂર છે તેને ભગવાનની ભક્તિની વાત પણ ગમતી નથી. ભગવાનની ભક્તિ એ વાસ્તવિક મુક્તિની જ ભક્તિ છે. ભક્તિ અને મુક્તિને પરસ્પર સાધ્ય-સાધક ભાવ સંબંધ

છે મુક્તિ એ સાધ્ય છે અને ભક્તિ એની સાધક છે. સાચી ભક્તિ એ મુક્તિનું શ્રેષ્ઠ સાધન છે. મુક્તિના સાચા રસિયાઓ મુક્તિ કરતાં પણ ભગવાન (વીતરાગ)ની ભક્તિને અધિક ચાહે છે.

પૂ૦ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર એક સ્થળે ફરમાવે છે કે—

"મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી;
જેહશું સઘળ પ્રતિબંધ લાગ્યો;
ચમક પાષાણ જેમ લોહને ખીંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો." ૧

કવિ શ્રેષ્ઠ ધનપાળ પંડિત પણ એક સ્થળે કહે છે કે—

"होही मोहुच्छेओ, तुह सेवाए धुवत्ति नंदामि ।
जं पुण न वंदियव्वो, तत्थ तुमं तेण झिज्जामि ॥ १ ॥

આપની સેવાથી મારા મોહનો અવશ્ય નાશ થશે, એથી હું આનંદ પામું છું; પણ પછી હું આપને વંદન કરવા યોગ્ય નહિં રહું, તેથી અત્યંત ખેદ પામું છું. ૧

મોહનાશથી કેવળજ્ઞાન અને મોક્ષ મળશે પણ પછી ભગવાનની ભક્તિ ક્યાં મળી શકશે ? આ વાતનો ઉપલા કાવ્યમાં ખેદ બતાવ્યો છે. એ ખેદ એમ સૂચવે છે કે ભગવાન ઉપરનો મોહ એ મોહનાશ કરતાં પણ એક અપેક્ષાએ ક્રીંમતી છે. મોહનો નાશ થાય એ તો સારી જ વસ્તુ છે, પણ નાશ ન થાય ત્યાં સુધી મોહનું સ્થાન દુનિયા

બને, એ કરતાં ભગવાન બને એ શ્રેષ્ઠ છે, એવું એનું તાત્પર્ય છે. આવી વિશુદ્ધ ભક્તિની યાચના ભક્તિનાં ફળ-રૂપે કરવી, એ મોહવૃદ્ધિના હેતુરૂપ નથી, પણ મોહનાશના જ કારણભૂત છે, તેથી પ્રશસ્ત છે અને પ્રશસ્ત અધ્યવ-સાયને પેદા કરનાર છે.

" दुक्खक्खओ कम्मक्खओ, समाहिमरणं च बोहिलाभो अ ।
संपज्जउ मह एअं, तुह नाह पणामकरणेणं ॥ ४ ॥

હે નાથ ! આપને પ્રણામ કરવાના પ્રભાવે મને દુઃખક્ષય, કર્મક્ષય, સમાધિમરણ અને બોધિલાભની પ્રાપ્તિ થાઓ. ૪.

પ્રણામ એટલે પ્રકૃષ્ટ નમન. કાયાથી નમન, વચનથી સ્તવન અને મનથી સત્ચિંત્વન, અથવા મન-વચન-કાયાથી અનુકૂળ વર્તન, એ નમનની પરાકાષ્ઠા છે; એ ઉત્કૃષ્ટ ભાવ વંદન છે. ભગવાનને ભાવવંદન એ પણ એક વસ્તુ છે, અને કોઇ પણ વસ્તુ તેના સ્વભાવથી રહિત હોતી નથી. ભગ-વાનને વિશુદ્ધભાવથી નમન સ્વરૂપ વસ્તુનો સ્વભાવ કેવો છે, તે આ ગાથામાં વર્ણવાયો છે. ભગવાનનું નમન તેના સ્વભાવથી જ દુઃખનો ક્ષય, (દુઃખના કારણભૂત) કર્મનો ક્ષય, (કર્મક્ષયના અસાધારણ કારણ સ્વરૂપ) સમાધિમરણ અને સમાધિમરણના અદ્વિતીય સાધનરૂપ બોધિ એટલે જિનપ્રણીત ધર્મના અચળ રાગસ્વરૂપ લાભને અપાવનારો છે.

પ્રણામથી બોધિ, બોધિથી સમાધિ, સમાધિથી કર્મક્ષય અને કર્મક્ષયથી દુઃખક્ષય, એ રીતે ક્રમશઃ ઉત્કૃષ્ટ પદાર્થોનો લાભ વીતરાગના પ્રણામથી સિદ્ધ થાય છે.

'વીતરાગને પ્રણામ કરવાની સામગ્રી સર્વ જીવોને સુલભ નથી. એ સામગ્રી શ્રી જૈનશાસનના સુયોગે પ્રાપ્ત થાય છે. વિશ્વમાં શ્રી જૈનશાસન જ ન હોય, તો વીતરાગ જ કયાંથી હોય?' 'વીતરાગ' પણ જૈનશાસનની આરાધનાથી જ 'વીતરાગ' બને છે, ભવ્ય જીવોને 'વીતરાગ' થવાની વ્યવસ્થિત સામગ્રી પૂરી પાડવાનું કાર્ય અનાદિકાળથી આ વિશ્વમાં એક શ્રી જૈનશાસન જ કરી રહ્યું છે, તેથી તે શાસનની મહત્તા ઘણી વધી જાય છે. 'શાસન' એટલે 'તીર્થ' અને 'તીર્થ' એટલે 'તરવાનુ સાધન.' ભવ્ય આત્માઓને સંસારસાગર તરવાનું સાધન પૂરું પાડનાર આ 'તીર્થ' જ છે. એ તીર્થ એટલે પ્રવચન, અને પ્રવચન એટલે દ્વાદશાંગી. તેને અર્થથી કહેનારા તીર્થંકરદેવ પણ તીર્થ છેઃ સૂત્રથી ગુંથનારા ગણધર ભગવંત પણ તીર્થ છે, જ્ઞાન અને ક્રિયા ઉભય સ્વરૂપે તેને ધારણ કરનાર સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકા-રૂપ ચતુર્વિધ શ્રી સંઘ પણ તીર્થ છે. એ બધાં જ તીર્થ છે તીર્થસ્વરૂપ છે. એ પવિત્ર તીર્થરૂપી, જલની સેવના ક્રોધ-રૂપી દાહને શમાવે છે, વિષયરૂપી તૃષાને છીપાવે છે, અને મોહરૂપી પંકને શોષવે છે. ક્રોધનો દાહ સમ્યક્ત્વનો નાશક છે, વિષયની તૃષા જ્ઞાનની નાશક છે, તથા મોહનો કાદવ જીવના નિષ્કલંક ચારિત્રગુણને કલંકિત કરે છે. જીવના નિર્મળ એવા દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ મૂળ ગુણોને મલિન કર-નાર જે ક્રોધ, લોભ અને મોહાદિ દોષો છે, તે બધાયનો નિગ્રહ કરવાનું સામર્થ્ય શ્રી જૈનશાસનરૂપી તીર્થની આરા-ધનામાં રહેલું છે. એ પવિત્ર શાસનની નિર્મળ આરાધના

ભવ્ય જીવોને સદાકાળ મળતી રહે એવી શુભ ભાવનાને વ્યકત કરતી અંતિમ ગાથાને કહીને પ્રાર્થના સૂત્રની સમાપ્તિ કરવામાં આવે છે.

सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारणम् ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥ ५ ॥

સર્વ મંગલોનું માંગલ્ય, સર્વ કલ્યાણોનું કારણ તથા સર્વ ધર્મોમાં પ્રધાન, એવું શ્રી જૈનશાસન (ત્રિકાળ અને ત્રિલોકમાં) વિજયવંત છે.

વિશ્વમાં જેટલાં દ્રવ્ય અને ભાવ મંગળો છે, તે સર્વ મંગલોનું માંગલ્ય શ્રી જૈનશાસનમાં રહેલું છે. જેનાથી હિત સધાય તે મંગળ. હિત ધર્મથી જ સધાય છે. હિત સાધનારો ધર્મ તેને જ કહેવાય કે જે અહિતનાં મૂળરૂપ ભવ અને કર્મના ક્ષયનું સાધન બને. કર્મ અને ભવને ન ગાળી આપે તે ધર્મ પણ મંગળ સ્વરૂપ ન ગણાય. કર્મક્ષય કે ભવક્ષય વિના જીવનું વાસ્તવિક કે હંમેશનું હિત સાધી શકાતું નથી. હિત સર્વ જીવોને ઈષ્ટ છે. ઈષ્ટ પદાર્થોને સૌ કોઇ મંગળરૂપ માને છે. જૈનશાસન સર્વ ઇષ્ટનું સાધક છે, તેથી સર્વ મંગલોનું માંગલ્ય છે, એમ કહેવું સર્વથા સત્ય છે. હિતને સાધી આપનાર સર્વ માંગલિક ધર્મોનું નિરવદ્ય નિધાન શ્રી જૈનશાસન છે. શ્રી જૈનશાસન એ અત્યંત અનવદ્ય ચરણ-કરણ સ્વરૂપ ધર્મોની ખાણ છે, તથા એ ધર્મોને અખંડિત આરાધનારા વિશ્વના સર્વશ્રેષ્ઠ સત્પુરુષોનું આશ્રયધામ છે પુણ્યનો જ એક વ્યાપાર કરનારા

પરમ શ્રેષ્ઠિઓ સ્વરૂપ પરમેષ્ઠિઓ, એ શ્રી જૈનશાસનની પેદાશ છે, તેથી શ્રી જૈનશાસન એ ગુણરત્નોની ખાણ અને પુણ્ય પુરુષોનું નિધાન બની જાય છે.

તે જ કારણોથી એ સર્વ કલ્યાણોનું કારણ છે. કલ્ય એટલે સુખ, તેને લાવે તે કલ્યાણ. સુખને લાવનારાં જેટલાં સાધનો આ વિશ્વમાં છે, તે સાક્ષાત્ કે પરંપરાએ શ્રી જૈન શાસનથી ઉત્પન્ન થયેલાં છે. સુખનું કારણ ધર્મ છે અને ધર્મની પ્રેરણા આપનાર શ્રી જૈનશાસન છે, તેથી શ્રી જૈનશાસન એ પ્રધાન અને શ્રેષ્ઠ ધર્મ બની જાય છે. અને તેથી જ ત્રણે કાળમાં ટકી રહેવાને સૌથી વધારે લાયક છે. ત્રણેય કાળ અને ત્રણેય લોકમાં ઉત્પન્ન થનારા ઉત્તમ આત્માઓ તે જ ધર્મની આરાધના કરવા માટે સુસજ્જ રહે છે. દેવોમાં ઇન્દ્ર, ચંદ્ર અને નાગેન્દ્રાદિની પદવીઓ, તથા મનુષ્યોમાં બળદેવ, વાસુદેવ અને ચક્રવર્તી આદિનાં પદો અપાવનાર કેવળ એક શ્રી જૈનધર્મની આરાધના જ છે. આ લોકમાં અર્થ, કામ, આરોગ્ય અને અભિરતિ, તથા પરલોકમાં મુક્તિ, મુક્તિ ન મળે ત્યાં સુધી સુગતિ, સુગતિ બાદ સુકુલજન્મ અને સુકુલમાં પણ બોધિરત્નાદિની પ્રાપ્તિ ભવ્ય જીવોને થાય છે, તે બધું ય શ્રી જિનધર્મરૂપી કલ્પ-તરુની આરાધનાનાં જ સુફળો છે. એવા શ્રી જૈનશાસનનો વિજય ત્રણે ભુવનમાં સદાકાળ વિજયવંત છે.

ચાર નિક્ષેપે શ્રી અરિહંત પરમાત્માને વંદના

(આત્મભાવનારૂપે)

અહો આત્મન્ ! તું વિચારી જો કે આ સંસારમા તું કેટલા કાળથી રખડી રહ્યો છે ? ૮૪ લાખ યોનિઓમાં અનંતા જન્મ-મરણ કરતો અનંત કાળથી તું દુઃખી થઇ રહ્યો છે, એ બધું તારી ભૂલોનું પરિણામ છે. તું નિજઘર છોડી પરઘરમાં ભટકી રહ્યો છે. હવે તારી જાતને તું ઓળખ ! તું સચ્ચિદાનંદ સ્વરૂપી સહજાનંદી આત્મા છો. તારું સ્થાન તો મોક્ષમાં કે જ્યાં અનંત સિદ્ધ પરમાત્માઓ વસે છે તે શિવનગરીમાં છે ઉઠ ! જાગ ! મહાપુન્યયોગથી તને આ સુંદર સામગ્રીયુક્ત મનુષ્યજન્મ મળ્યો છે. એ તો મુક્તિનું મંગળ દ્વાર છે, એ દ્વારેથી તારે મુક્તિ મહેલમાં પહોંચવું હોય તો તું ધર્મનું આચરણ કરી લે. અત્યાર સુધી તેં શ્રી વીતરાગ પ્રભુના ધર્મને ભાવથી સેવ્યો નહિ, તેથી તારા અનાદિકાલીન દુઃખનો જરાયે અંત આવ્યો નથી. હે ચેતન હવે તને એવો સુઅવસર મળ્યો છે કે જો તું જ્ઞાની ભગવંતોનાં વચનોને અનુસરી યથાશક્તિ વિધિપૂર્વક ધર્મનું

આચરણ કરીશ તો તારાં બધાં દુઃખ-સંતાપ સર્વથા વિલય પામી જશે. તારા આત્મઘટમાં રહેલ અનંત સુખ પ્રગટ થઈ જશે માટે આવા પુણ્ય અવસરને તું ચૂકીશ નહિ.

ચાર નિક્ષેપે જિનેશ્વરો.

નામજિણા જિણનામા,
ઠવણજિણા પુણ જિણિંદપડિમાઓ;
દવ્વજિણા જિણજીવા.
ભાવજિણા સમવસરણત્થા (૧)

અર્થ :- શ્રી જિનેશ્વરદેવોનું નામ તે નામજિન છે, શ્રી જિનેશ્વરદેવની આકૃતિ-પ્રતિમાઓ તે સ્થાપનાજિન છે, શ્રી જિનેશ્વરદેવોના જીવદલ તે દ્રવ્યજિનો છે અને સમવસરણમાં બિરાજમાન તીર્થંકર નામકર્મ વેદતા અર્થાત્ ધર્મદેશના આપતા શ્રી જિનેશ્વરદેવો તે ભાવજિન છે.*

તે જિનેશ્વર દેવોએ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષ-માર્ગ કહ્યો છે અને એ રત્નત્રયી એ જ મારા આત્માનો

---

* नामाकृतिद्रव्यभावैः, पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥

અર્થ--નામ, સ્થાપના દ્રવ્ય અને ભાવ આ ચાર નિક્ષેપ-સ્વરૂપે સર્વ કાળે ત્રણ જગતના જીવોને પાવન કરતા શ્રી અરિહંત ભગવંતોની અમે ઉપાસના કરીએ છીએ.

—સકલાર્હત્ સ્તોત્ર શ્લોક બીજો.

સ્વભાવ છે. આ મુક્તિમાર્ગના દાતા **શ્રી અરિહંત ભગવંતોને હે આત્મન્! તું ચાર નિક્ષેપે સૌ પ્રથમ નમન કર, ત્રિકાળ નમન કર,** એમના ચરણોના શરણમાં આત્માને સમર્પિત કરી દે. તમામ ધર્મક્રિયા કરતી વખતે એમનું નિરન્તર ધ્યાન કર.

નામનિક્ષેપે વંદના.

જેમ મંત્રથી ઝેર ઉતરી જાય, રોગ મટી જાય તેમ પ્રભુના નામસ્મરણરૂપ મંત્રથી ભવોભવનાં સઘળાં પાપો ધોવાઇ જાય છે, મહામોહનું વ્યાપેલું ઝેર આત્મામાંથી નાબૂદ થઇ જાય છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને પ્રમાદના રોગો બધા જડમૂળથી ઉખડી જાય છે. હું તેમના નામથી તેઓ સર્વેને વંદના કરું છું.

અતીત ચોવીસીનાં જિનનામો.

પહેલા શ્રી કેવલજ્ઞાની, બીજા શ્રી નિર્વાણી,
ત્રીજા શ્રી સાગરનાથ, ચોથા શ્રી મહાયશ,
પાંચમા શ્રી વિમલનાથ, છઠ્ઠા શ્રી સર્વાનુભૂતિ,
સાતમા શ્રી શ્રીધરપ્રભુ, આઠમા શ્રી દત્તપ્રભુ,
નવમા શ્રી દામોદર, દસમા શ્રી સુતેજસ્વામી,
અગિયારમા શ્રી સ્વાતિપ્રભુ, બારમા શ્રી મુનિસુવ્રત,
તેરમા શ્રી સુમતિનાથ, ચૌદમા શ્રી શિવગતિ,
પંદરમા શ્રી અસ્તાગનાથ, સોલમા શ્રી નમીશ્વર,
સત્તરમા શ્રી અનિલનાથ, અઢારમા શ્રી યશોધર,

ઓગણીસમા શ્રી કૃતાર્થપ્રભુ, વીસમા શ્રી જિનેશ્વરનાથ,
એકવીશમા શ્રી શુદ્ધગતિ, બાવીસમા શ્રી શિવંકર,
ત્રેવીસમા શ્રી સ્યંદનનાથ, અને ચોવીસમા સંપ્રતિનાથ.

આ ભરતક્ષેત્રમાં ગઇ ચોવીસીમાં આ ચોવીસે તીર્થપતિ થયા, તેમને મારાં અનન્તાનન્ત ત્રિકાળ વંદન હોજો.

વર્તમાન ચોવીસીનાં જિનનામ.

પહેલા શ્રી ઋષભદેવ, બીજા શ્રી અજિતનાથ,
ત્રીજા શ્રી સંભવનાથ, ચોથા શ્રી અભિનંદન,
પાંચમા શ્રી સુમતિનાથ, છઠ્ઠા શ્રી પદ્મપ્રભ,
સાતમા શ્રી સુપાર્શ્વનાથ, આઠમા શ્રી ચંદ્રપ્રભ,
નવમા શ્રી સુવિધિનાથ, દશમા શ્રી શીતલનાથ,
અગીયારમા શ્રી શ્રેયાંસનાથ, બારમા શ્રી વાસુપૂજ્ય,
તેરમા શ્રી વિમલનાથ, ચૌદમા શ્રી અનન્તનાથ,
પંદરમા શ્રી ધર્મનાથ, સોળમા શ્રી શાંતિનાથ,
સત્તરમા શ્રી કુંથુનાથ, અઢારમા શ્રી અરનાથ,
ઓગણીસમા શ્રી મલ્લીનાથ, વીસમા શ્રી મુનિસુવ્રત,
એકવીસમા શ્રી નમિનાથ, બાવીસમા શ્રી નેમનાથ,
ત્રેવીસમા શ્રીપાર્શ્વનાથ, ચોવીસમા શ્રીમહાવીરસ્વામી,

વર્તમાન ચોવીસીમાં આ ભરતક્ષેત્રે થઇ ગયેલા આ ચોવીસે પ્રભુને હું ત્રિકાળ કોટીકોટી વંદન કરું છું.

ભાવી ચોવીસીનાં જિનનામ.

પહેલા શ્રી પદ્મનાભ, બીજા શ્રી શૂરદેવ,

ત્રીજા શ્રી સુપાર્શ્વ, ચોથા શ્રી સ્વયંપ્રભ,
પાંચમા શ્રી સર્વાનુભૂતિ, છઠા શ્રી દેવસૂત,
સાતમા શ્રી ઉદયનાથ, આઠમા શ્રી પેઢાલનાથ,
નવમા શ્રી પોટ્ટીલ, દશમા શ્રી શતકીર્તિ,
અગીઆરમા શ્રી સુવ્રતનાથ, બારમા શ્રી અમમનાથ,
તેરમા શ્રી નિષ્કષાયનાથ, ચૌદમા શ્રી નિષ્પુલાકદેવ,
પંદરમા શ્રી નિર્મમનાથ, સોલમા શ્રી ચિત્રગુપ્ત,
સત્તરમા શ્રી સમાધિનાથ, અઢારમા શ્રી સંવરનાથ,
ઓગણીસમા શ્રી યશોધરનાથ, વીસમા શ્રી વિજયનાથ,
એકવીસમા શ્રી મલ્લિજિન, બાવીસમા શ્રી દેવજિન,
ત્રેવીસમા શ્રીઅનંતજિન અને ચોવીસમા શ્રીભદ્રંકરપ્રભુ.

આ ભરતક્ષેત્રમાં આગામી ચોવીસીમાં આ ચોવીસ જિનેશ્વર ભગવંતો જે થશે તેઓ સર્વને મારી ત્રિકાળ અનંતી વંદના હોજો.

વીશ વિહરમાન.

(૧) શ્રી સીમંધર, (૨) શ્રી યુગમંધર, (૩) શ્રી બાહુ, (૪) શ્રી સુબાહુ, (૫) શ્રી સુજાત; (૬) શ્રી સ્વયંપ્રભ, (૭) શ્રી ઋષભાનન, (૮) શ્રી અનંતવીર્ય, (૯) શ્રી સુરપ્રભ (૧૦) શ્રી વિશાળનાથ, (૧૧) શ્રી વજ્રધર, (૧૨) શ્રી ચંદ્રાનન, (૧૩) શ્રી ચંદ્રબાહુ (૧૪) શ્રી ભુજંગનાથ, (૧૫) શ્રી ઇશ્વરપ્રભુ, (૧૬) શ્રી નેમિપ્રભ, (૧૭) શ્રી વીરસેન, (૧૮) શ્રી મહાભદ્ર, (૧૯) શ્રી દેવયશા, અને (૨૦) શ્રી અજિતવીર્ય.

શ્રી મહાવિદેહ ક્ષેત્રોમાં વર્તમાનમાં વિચરતા આ વીશે પ્રભુને હું વારંવાર વંદન કરું છું.

ચાર શાશ્વત જિન નામ.

શ્રી ઋષભદેવ, શ્રી ચંદ્રાનન, શ્રી વારિષેણ અને શ્રી વર્ધમાન. આ ચારે શાશ્વત નામ જિનોને પણ મારી કોટી-કોટી વંદના હોજો.

આ પ્રમાણે આ ભરતક્ષેત્રની ત્રણ ચોવીસી, પાંચે મહા-વિદેહોમાં જઘન્યથી ચાલુ વિચરતા, તેમ જ ચાર શાશ્વત એમ એકંદર કુલ ૯૬ જિનોને તથા યાવત્ અનંતકાળના જગદુપકારી સઘળા તીર્થંકર પરમાત્માઓને હું ભાવથી નમસ્કાર કરું છું.

સર્વત્ર શાન્તિ કરનારા બનો.

આ સર્વ જિનેશ્વર ભગવંતો પોતે શાંત હોઇ મને શાંતિ કરનારા થાઓ, સારાયે જગતને શાંતિ કરો. કીર્તન કરાયેલા, પૂજન કરાયેલા, આ તારક ભગવંતો જગતના સર્વ-શ્રેષ્ઠ સિદ્ધ પુરુષો છે. તેઓ અમોને ચિત્તસમાધિ, સમાધિથી ઉત્પન્ન થતો બોધિલાભ–સાચું સક્રિય નિશ્ચયભાવનું–સમ્ય-ગ્દર્શન અને તેનાથી નિપજતું ભાવ આરોગ્ય–મોક્ષ આપ નારા થાઓ. તેમની સ્તવના, પ્રાર્થના, નમસ્કાર વગેરેથી ચિત્તની પ્રસન્નતા ઉત્પન્ન થાય છે અને તેનાથી આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટ થયા ન હોય તો પ્રગટ થાય

છે, પ્રગટ થયેલા નિર્મળ થાય છે, પરિણામે સમાધિ વગેરે પ્રાપ્ત થાય છે. નમો નમો વીયરાયાણં-પ્રાણી-માત્રનું કલ્યાણ કરનારા એ વીતરાગ પરમાત્માઓને મારો નમસ્કાર હો, નમસ્કાર હો.

સ્થાપના જિનને વંદના.

શાશ્વતા પ્રતિમાજી.

હે આત્મન્! હવે તું સ્થાપનાજિનને નમસ્કાર કર. આ સ્થાપના જિનો તે એક તો શાશ્વતી પ્રતિમાઓ, જે ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની હોય છે તથા જઘન્ય સાત હાથની હોય છે, રત્નનાં એ દિવ્ય મનોહર પ્રતિમાઓનાં દર્શન-માત્રથી ભવિજીવોને શાશ્વત સુખો હાથવેંતમાં આવીને ઉભાં રહે છે. વ્યંતર નિકાયમાં અસંખ્યાત, જ્યોતિષીમાં અસંખ્યાત, અને તે સિવાય ત્રણે ભુવનમાં પંદરસો બેંતાલીસ કોડ-અઠ્ઠાવન લાખ છત્રીસ હજાર ને બેંશી શાશ્વતાં જિન-બિમ્બો છે, તે સર્વને મારી અનંતી કોટાનુકોટી ત્રિકાલ વંદના હોજો.

અશાશ્વત પ્રતિમાજી.

વળી અશાશ્વતાં જિનપ્રતિમાજી તે સર્વને પણ હું ત્રિવિધ ત્રિવિધ નમસ્કાર કરું છું.

(દુહો)

આબુ અષ્ટાપદ ગિરનાર, સંમેતશિખર શત્રુંજયસાર;
પાંચે તીરથ ઉત્તમ ઠામ, સિદ્ધિ ગયા તેને કરું પ્રણામ.૧

આબુજીમાં શ્રી આદીશ્વરજી, નેમનાથજી, પાર્શ્વનાથજી, પ્રમુખ શ્રી જિનબિમ્બો ઘણાં છે, અનંતા જીવો ત્યાં પણ મુક્તિપદને પામ્યા છે, તે સર્વને હું નમસ્કાર કરું છું.

અષ્ટાપદજી ઉપર શ્રી આદીશ્વર ભગવાન દશ હજાર મુનિઓ સાથે મુક્તિ વર્યા છે, ભરત મહારાજાએ ત્યાં સોનાનું દહેરું-સિંહનિષદ્યા પ્રાસાદ બંધાવીને તેમાં રત્નનાં સ્વ-સ્વકાયપ્રમાણ ચોવીસે જિનબિમ્બ ભરાવ્યાં છે, શ્રી ગૌતમ-સ્વામિજીએ પોતાની લબ્ધિ વડે અષ્ટાપદજી જઇ એ સર્વ બિમ્બોને **चत्तारि अट्ठ दस दोय, वंदिया जिणवरा चउव्वीसं; परमट्ठनिट्ठिअट्ठा, सिद्धा सिद्धिं मम दिसन्तु.** ઇત્યાદિ સ્તુતિથી વાંદ્યા છે, " જગચિંતામણિ " સૂત્રની રચના કરી ચૈત્યવંદન કર્યાં, તિર્યગ્જૃંભક દેવતાને પ્રતિબોધ કર્યો, પંદરસો ત્રણ તાપસોને દીક્ષા આપી પારણાં કરાવી કેવળજ્ઞાન પમાડ્યું, રાવણે વીણાવાદન કરી અપૂર્વ જિનભક્તિના પ્રભાવે શ્રી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું, કાળે કરીને ત્યાં પણ અનંતા જીવો મુક્તિપદને વર્યા છે, તે સર્વને મારી ત્રિકાળ કોટાનુકોટી વંદના હોજો.

શ્રી ગિરનારજી તીર્થ ઉપર શ્રી નેમનાથ ભગવાને એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી. સંસાર ખરેખર દુઃખ-સ્વરૂપ, દુઃખ ભરપૂર, દુઃખના જ ફલવાળો, દુઃખની જ પરંપરા પેદા કરનારો, સાચા સુખનો વૈરી, હળાહળ વિષ જેવો ભડભડતી આગ જેવો છે. જેઓ એનો ત્યાગ કરી સંયમ પાળી સંસાર તરી જાય છે તેઓને ધન્ય છે, પ્રભુએ ચારિત્ર

પાળી પંચાવનમે દિવસે કેવળજ્ઞાન મેળવ્યું, સાતસો વર્ષ સુધી કેવલી પર્યાય પાળી ઘણા જીવોને સંસારથી તાર્યા, પાંચસો છત્રીસ મુનિઓ સાથે એ જ ગિરિરાજ ઉપર મોક્ષમાં ગયા. અહીં પણ અનંતા જીવો મુક્તિ વર્યા છે અને વરશે. તે સર્વને મારી કોટાનુકોટી અનંતી વંદના હોજો.

શ્રી સમ્મેતશિખરજી તીર્થ ઉપર શ્રી અજિતનાથજી પ્રમુખ વીશ તીર્થંકર ભગવન્તો, સતાવીશ હજાર ત્રણશે ઓગણપચાસ મુનિઓ સાથે મોક્ષમાં ગયા છે. શ્રી પાર્શ્વનાથજી ભગવાનનો જ્યાં મોટો મહિમા છે, શામળા પાર્શ્વનાથ પ્રભુ જ્યાં બિરાજે છે, અન્ય ભગવંતોની ચરણપાદુકાઓ પણ જ્યાં જયવંતી છે, અનંતા જીવો જ્યાંથી મોક્ષે ગયા છે. અહો તે સર્વને હું ભાવથી વારંવાર વંદન કરું છું.

શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવંત અનંત લાભ જાણીને પૂર્વ નવાણું વાર સમવસર્યા હતા, શ્રી પુંડરીક પ્રમુખ મહામુનિઓ પાંચ કોડ પ્રમુખ કોડો-લાખો-હજારો મુનિઓ સાથે અનશન કરીને જેના પ્રભાવે મોક્ષમાં ગયા છે, જેના કાંકરે કાંકરે અનન્તા ભાગ્યશાળી મોક્ષમાં ગયા છે, જ્યાં નવટુંકો, પાંચ પાગો, હજારો જિનબિંબો, સેંકડો ચૈત્યો બિરાજે છે, જેના મૂળમાં પતિતપાવની શ્રી શત્રુંજયા નદી વહ્યા કરે છે, જેનાં કદમ્બગિરિ-હસ્તગિરિ આદિ અનેક શિખરો શોભી રહ્યાં છે, તે તમામને પણ મારી અનંતી અનંતી વંદના હોજો.

આ પાંચ મહાતીર્થો ઉપરાંત તારંગાજી ઉપર શ્રી અજિતનાથ પ્રભુ, ચંપાનગરીમાં શ્રી વાસુપૂજ્યસ્વામી, પાવાપુરીમાં શ્રી મહાવીરસ્વામી, શંખેશ્વરા પાર્શ્વનાથ, સ્તંભન પાર્શ્વનાથ, જિરાઉલા પાર્શ્વનાથ, અંતરીક્ષ પાર્શ્વનાથ, પંચાસરા પાર્શ્વનાથ, સુલતાના પાર્શ્વનાથ, લોદણ પાર્શ્વનાથ, દર્ભાવતી પાર્શ્વનાથ, નાંદીયા, દીયાણા, બામણવાડજી આદિ નાની પંચતીર્થી, રાણકપુરજી, મૂછાળા મહાવીર, નાડલાઇ, નાડોલ, વરકાણાજી આદિ મોટી પંચતીર્થીમાં તથા સકલતીર્થ–જગચિંતામણિ વગેરેમાં સ્તવાયેલા શાશ્વતા–અશાશ્વતા–સઘળાં તીર્થો–ચૈત્યો–જિનબિમ્બો સહુને હું અહીં રહ્યો રહ્યો પણ નિત્ય પ્રણામ કરું છું. સહુને મારી કોટી કોટી વંદના હોજો.


દ્રવ્ય-જિનને વંદના.

દ્રવ્યજિન એટલે ઋષભાદિક ભગવન્તો કે જેઓ તીર્થંકરપદ અનુભવીને મોક્ષમાં ચાલ્યા ગયા છે, તથા જેઓ હજુ તીર્થંકર થયા નથી પરંતુ ભવિષ્યમાં થવાના છે તેવા શ્રેણીક પ્રમુખના જીવો, તે સર્વને હું તેમના ભાવિના તીર્થંકરત્વની અપેક્ષાએ કોટી કોટી વંદના કરું છું.

ભાવ-જિનને વંદના.

હવે સમવસરણને વિષે તીર્થંકર નામકર્મના વિપાકને ભોગવી રહેલા ભાવજિનોને હું વાંદું છું. તે વીશ વિહર-

॥ श्री शत्रुंजय महातीर्थ ॥



श्री शत्रुंजयतीर्थाँय, विश्व चिन्तामणीयते ।
तत्रादीश्वरदेवाय, सम्यग भक्त्या नमो नमः ॥१॥

॥ श्री अष्टापद तीर्थ ॥




निर्वाणं यत्र संजात, मादिनाथस्य मुक्तिदम् ।
गिरिमष्टापदं वन्दे, सदानन्दप्रदं सताम् ॥१॥

॥ श्री वीशस्थानक यंत्र ॥



विंशतिपदान्यमूनि, सकलसुखोत्कर्षबीजभूतानि ।
जगदानन्दकराणि, जयन्ति जगदेकशरणानि ॥१॥

॥ श्री पावापुरीजी तीर्थ ॥



श्री वीरो यत्र निर्वाणं, प्राप्तः पापप्रणाशनः ।
पावापुरीमहातीर्थं, तं वन्दे भक्तिभावतः ॥१॥

॥ श्री सम्मेतशीखरजी तीर्थ ॥



पार्श्वाद्याः तीर्थपा विंशा, यत्र सिद्धिपदं गताः ।
सम्मेतशीखरं वन्दे, निर्मलानंददायिनम् ॥१॥

॥ श्री गिरनार (रैवताचल) तीर्थ ॥



शीलवीरप्रधानाय, ब्रह्मानन्दविधायिने ।
नमः श्रीनेमिनाथाय, रैवताचलमूर्त्तये ॥ १ ॥

માન ભગવંતો કેવા સુંદર છે! એક હજારને આઠ-અરે અગણિત ઉદાર લક્ષણોથી ભરેલી સુવર્ણવર્ણી પાંચસેં ધનુષની કાયા વાળા, અપાયાપગમાતિશયે કરીને જેમણે પોતાના ઘાતી કર્મક્લેશોને તો હણી નાખ્યા છે, પરંતુ શરણે આવેલા અનેક ભવિજીવોનાં આ ભવ પરભવ સંબંધી તમામ કષ્ટો-દુઃખો-સંતાપો-આપદાઓ ટાળનારા છે.

પૂજનાતિશયે કરીને ઇન્દ્રાદિકો વડે અશોકવૃક્ષ આદિ અષ્ટ મહાપ્રાતિહાર્યોથી જેઓ નિરંતર પૂજાય છે.

જ્ઞાનાતિશયે કરીને જેઓ પોતાના કેવલજ્ઞાન અને કેવલદર્શન વડે સારા યે જગતના જીવ-અજીવાદિ સર્વ પદાર્થોના સર્વભાવો સર્વકાળે કરીને સર્વ ક્ષેત્રે સાક્ષાત્ જાણી રહ્યા છે અને જોઇ રહ્યા છે.

વચનાતિશયે કરીને દેવરચિત સમવસરણમાં મણિમય સિંહાસન પર બિરાજી ચતુર્મુખે દેશના આપી પાંત્રીસ ગુણયુક્ત વાણી પ્રકાશીને જેમણે આ ધર્મતીર્થ સ્થાપ્યું છે, મોક્ષમાર્ગ ચલાવ્યો છે, અનેકાનેક ભવિજીવોને પ્રતિબોધ પમાડયો છે, જેથી બોધ પામેલા કેઇ જીવો ક્ષપકશ્રેણી માંડી મોક્ષમાં ગયા છે, કેઇ કેવલી, કેઈ ગણધર, કેઇ મુનિઓ થયા છે, કેઈ સાધ્વીઓ, કેઇ શ્રાવકો કેઇ શ્રાવિકાઓ-એમ શ્રી ચતુર્વિધ સંઘની સ્થાપના પણ જેમના વરદહસ્તે થઈ છે, કેઇને સમકિત પમાડયા છે અને કેઈને ભદ્રકભાવ પમાડી માર્ગાનુસારી બનાવ્યા છે, વળી તેમના મહાન અસાધારણ

પ્રભાવને લીધે તેમની પૂજા, સેવા, ભક્તિ, વંદના અને સ્તવના કરવાનું અનેક જીવોને મન થાય છે અને એ રીતે તેમની ભક્તિ કરનારા તેમના સરખા પૂજનિક થાય છે. વધારે શું કહીએ ! ઘણા જીવોને સંસારના ક્લેશથી જેમણે મૂકાવ્યા છે-અનંતા આત્માઓ જે મોક્ષમાં ગયા છે, જાય છે, અને જશે-એ બધો એમનો જ ઉપકાર છે, તે વિદ્યમાન વિચરતા ચોત્રીશ અતિશય સંપન્ન ભાવ તીર્થંકર પ્રભુઓને હું કોટી કોટી વંદના કરું છું.

આ તારક જિનેશ્વર પરમાત્માઓએ સંસારના પ્રાણી માત્રને શાશ્વત સુખી કરવાની "સવિ જીવ કરું શાસનરસી" આ મહાભાવના સેવીને ઉત્કટ પરમાર્થવૃત્તિયુક્ત અર્હંત્ આદિ પદોની આરાધના કરી તીર્થંકર નામકર્મ નિકાચ્યું, અહો આ મહાપ્રભુની કેવી અગાધ કરુણા છે, કેવું એમનું વિશ્વવાત્સલ્ય છે, કેવો મહાન્ એમનો અનુગ્રહ છે, હું એને પાત્ર થાઉં એ જ મારી સદ્અભિલાષા છે. અહો ! આ ભગવન્તો જ્યાં સાક્ષાત્ વિચરી રહ્યા છે, ધન્ય છે તે ગામ, નગર અને ભૂમિને, પ્રભુ જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં પ્રભુના ચરણકમળ નીચે દેવતાઓ સુવર્ણકમળનો સંચાર કરે છે, આકાશમાં અદ્ધર ધર્મચક્ર, અશોકવૃક્ષ, સિંહાસન વગેરે ગતિ કરે છે, પ્રભુને દેવતાઓ ચામર વીંજે છે, આકાશમાં દેવતાઓ દુંદુભી વગેરે વાજીંત્રો વગાડે છે, યોજન સુધી ભૂમિ ઉપર સુગંધી જલ છંટકાવ કરે છે, પ્રભુ પધારે છે ત્યાં વૈમાનિક આદિ દેવતાઓ રત્ન વગેરેના ગઢોવાળું સુંદર

સમવસરણ રચે છે, સુગંધીદ્વાર જલ-સ્થલનાં પંચવર્ણ પુષ્પોથી ઘુંટણ સુધી દેવતાઓ વૃષ્ટિ કરે છે, આસપાસ ઉપર નીચે સવાસો યોજન સુધી ઈતિ-ઉપદ્રવ-મારી-મરકી-દુષ્કાળ-અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ-સ્વચક્ર-પરચક્ર વગેરે કશા ભય રહેતા નથી, વૃક્ષો પણ પ્રભુજીને નમન કરે છે જાતિ વૈરવાળાં પ્રાણીઓ પોતાનાં વૈર છોડી દે છે, તિર્યંચ-મનુષ્ય દેવતા સહુને પોતપોતાની ભાષામાં સમજાય તેવી યોજન-ગામિની વાણીમાં પ્રભુ કેવળ જગત્‌ના ઉપકાર માટે દિવસમાં બબ્બે વખત અગ્લાનપણે એક એક પ્રહર સુધી દેશનાઓ આપે છે, દ્વાદશાંગીની વાણી ફરમાવે છે; તરણ તારણ નાકા સમાન આ પ્રભુ મિથ્યાત્વ તથા હિંસાદિ પાપરૂપ અંધકારોને ટાળવા માટે સૂર્ય સમાન છે, જેમનાં કલ્યાણ કોને દિવસે નારકીઓમાં પણ અજવાળાં અને ક્ષણ શાતા વેદનીયના અનુભવ થાય છે, જેઓ સર્વજીવ હિતકારી અભયદાન વગેરેના દાતા હોવાથી **મહામાહન, મહાગોપ, મહાનિર્યામક** અને **મહાસાર્થવાહ** સ્વરૂપ છે, જેમની સાથે મહાવિદેહમાં હાલ બે કોડ કેવલી, બે હજાર કોડ સાધુ-ગણધર-મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, મતિશ્રુતજ્ઞાની આદિ પરિવાર વિચરી રહેલો છે, વળી જેઓ જઘન્યથી એક કોડ-કોડ-ઉત્કૃષ્ટથી અસંખ્યાત સુર-અસુર તેમના નાયકો-નરપતિ-શ્રાવક-શ્રાવિકાઓ આદિ સહુથી સેવાઈ રહેલા છે, અઢારે દુષણોથી રહિત તેઓ મારું-આ જગત સર્વનું ભદ્ર કરો-કલ્યાણ કરો.

નમો અરિહંતાણં.

આ પ્રમાણે નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ–ચારે નિક્ષેપે રહેલા, મોક્ષપુરીનો સંઘ કાઢનારા સર્વ અરિહંત પરમાત્માઓને મારા ત્રિકાળ અનંત અનંત નમસ્કાર છે.

નમો સિદ્ધાણં.

આ અરિહંત પરમાત્માઓની આજ્ઞા પાળીને જેઓ મોક્ષમાં ગયા છે, જાય છે, અને જશે, તે અનન્તા સર્વ સિદ્ધ પરમાત્માઓને મારા ક્રોડ–ક્રોડવાર નમસ્કાર હોજો. અહો ! તેમનો મારા ઉપર કેટલો બધો ઉપકાર છે! અનાદિ નિગોદવાસમાંથી મને અને બીજા પણ અનેક આત્માઓને તેમણે બહાર કાઢયા છે, પોતે શિવપદ પામીને મારા આત્માને પણ જલ્દી શિવપદ પામવાનું તેઓ આમંત્રણ આપી રહ્યા છે, ભગવન્તે બતાવેલા મોક્ષમાર્ગની આરાધનાનું આ જ નિશ્ચિત ફલ છે. જુઓ જુઓ–તેઓ કહે છે કે 'તમે મોક્ષમાર્ગની સુંદર આરાધના કરો અને અમારી માફક **सत्यम्–शिवम्–सुंदरम्** શિવપદ પામી અક્ષય સુખના ભોક્તા બનો, પ્રેરક એવા આ સિદ્ધ પરમાત્માઓને હું વારંવાર વંદના કરું છું. પરમાત્માના મોક્ષમાર્ગના સાક્ષાત્ ફલ સ્વરૂપ સિદ્ધ પરમાત્માઓ છે.

નમો આયરિયાણં.

નમો ઉવજ્ઝાયાણં.

નમો લોએ સવ્વસાહૂણં.

તારક શ્રી જિન પરમાત્માના ઉપદેશ અનુસાર આ સંસારનાં કંચન-કામિની-ઘર-બાર-કુટુંબ-કબીલો-આરંભ-પરિગ્રહ-સર્વ બંધનોનો ત્યાગ કરીને જેમણે આ મનુષ્ય-ભવનું પરમ ફલ સર્વસાવદ્યનો ત્યાગ કરવારૂપ ચારિત્ર-ગ્રહણ કર્યું છે, અઢાર હજાર શીલાંગરથનું જેઓ ત્રિકરણ શુદ્ધ પાલન કરે છે, પંચ મહાવ્રતધારી, સદા સામાયિકમાં રહેલા -મહાવૈરાગ્યવંત-નિરવદ્ય ભિક્ષા ગ્રહણ કરનારા, શાંત તપસ્વી, પરમગીતાર્થ, ક્રિયાનિષ્ઠ, શુદ્ધ ધર્મનો સૂત્રાનુસારી ઉપદેશ આપનારા-અધ્યાત્મવંત-વિશ્વોપકારિ, શિષ્યોને વિનયાદિ-ગુણોનું સંપાદન કરાવનારા, ગુરુકુળવાસી-રત્નત્રયીનું જ એક ચિત્તની આરાધન કરનારા-જિનાજ્ઞાના ધારી-પરિષહ ઉપસર્ગોને ક્ષમાભાવથી સહન કરનારા-શાસનપ્રભાવક-ધર્મની જ્યોત સમા પવિત્ર, શાસનમાં રાજા, મંત્રી અને સુભટ સ્થાને રહેલા, સેવા ગુણથી ભરેલા, મહાસંયમશીલ સદ્ગુરુ આ ચોવિસીમાં થયેલા પુંડરીક પ્રમુખ ૧૪૫૨ ગણધર મહારાજ વગેરે શ્રી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-જિન-કલ્પી-સ્થવીર કલ્પી-યથાલન્દી-પરિહારવિશુદ્ધિ આદિ અનેક ભેદ-પ્રભેદે રહેલા અઢીદ્વીપવર્તી એ સહુને પણ હું વારંવાર ત્રિકાળ નમસ્કાર કરું છું.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ.

આ પાંચે પરમેષ્ઠિ ભગવન્તોનાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ જે આત્માના સ્વભાવરૂપ છે, જે મુક્તિ મેળવવા માટેના મહાધર્મરૂપ છે, જે ક્ષાયિક ભાવે પ્રગટ

થયેલા આત્માના ગુણો છે, જેને મારે પણ એ રીતે પ્રગટ કરવાના છે, તે સર્વને હું અનંતી વંદના કરું છું.

એસો પંચનમુક્કારો, સવ્વપાવપ્પણાસણો;
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં.

પંચપરમેષ્ઠિ તથા ઉપલક્ષણથી સમ્યગ્દર્શનાદિ ગુણો એમ શ્રી નવપદ ભગવન્તને કરેલો આ નમસ્કાર સર્વ-પાપ માત્રનો નાશ કરનાર છે, સર્વ મંગલોમાં એ સહુથી પ્રથમ મંગલ છે. આ નમસ્કાર કરીને હું આજે કૃતાર્થ થયો છું. સારા યે ભવભ્રમણને નિવારનાર આ નમસ્કાર ચિંતામણિ અને કલ્પતરૂ વગેરે કરતાં પણ અધિક છે, મને એનું નિરંતર ધ્યાન હોજો. એ જ મહામંગલ છે, એ જ લોકોમાં ઉત્તમ છે, એ જ પરમ શરણરૂપ છે.

એ રીતે હે આત્મન્! તું— શ્રી અરિહંતાદિ પદોનું ધ્યાન કર, તત્ત્વથી જોઇએ તો આત્મા જ અરિહંત સ્વરૂપ છે. સિદ્ધસ્વરૂપ છે, આચાર્ય-ઉપાધ્યાય-સાધુ-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપસ્વરૂપ છે. એમ સમજીને હે ચેતન! તું તારા આત્માના શુદ્ધ સ્વરૂપનું ચિંતવન કર અને તેને પ્રગટ કરવાનો સમ્યગ્ પુરુષાર્થ કર.

"ઇમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે,
નવમે ભવ શિવ જાવે દેવ નરભવ પાવે;
જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે,
સવિ દુરિત દૂર થાવે, વિશ્વે જયકાર પાવે." ૧

મારી અભિલાષા.

આ વંદના કરીને હું એ જ માગું છું કે હે પ્રભો ! મારા જીવને આપના સરખો બનાવો, મારી એક જ અભિલાષા છે કે હે ભગવન્ત ! આપની દયાથી મારા પરિણામ આપના જેવા સુંદર-મનોહર. સ્વ-સ્વભાવપરિણત બને, કામ-ક્રોધાદિ વિભાવપરિણતિથી હું મૂકાઈ જાઉં, સર્વસંગ-રહિત બની સમભાવમાં સ્થિર થાઉં, અપ્રમત્તભાવથી ગુણ-શ્રેણી ઉપર આરૂઢ થઈ મારાં ઘાતી કર્મો વગેરેનો ક્ષય કરૂં, આપના જેવું ઉજ્જ્વળ કેવલજ્ઞાન-કેવલદર્શન-ક્ષાયિક સમ્ય-ક્ત્વ-આત્મસ્વરૂપમાં સ્થિરતા કરવારૂપ ક્ષાયિક ચારિત્ર, અક્ષય-અનન્ત-અવ્યાબાધ સુખ, અક્ષયસ્થિતિ, અરૂપીપણું, અગુરુ-લઘુભાવ-અનન્તવીર્ય પામું, મને બીજી કોઈ તૃષ્ણા નથી. કેવલજ્ઞાન વગેરે મારી સત્તામાં જ છે, ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-મોહ-આશા-તૃષ્ણા-વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-ભુખ-તરસ-ટાઢ-તડકો-વિષય-સુખ-ક્લેશ-સંતાપ વગેરે કોઈ દોષ મારી સત્તામાં નથી, તેનાથી હું મુક્ત થાઉં, મારું શુદ્ધ સ્વરૂપ હું પ્રગટ કરું, એ જ હું માગું છું.

આત્માને અંતિમ હિતશિક્ષા.

વળી હે જીવ ! તું વિચાર કર-આ અવસર તને ફરીથી ક્યારે મળશે ! ચેત-ચેત-સમજ-સમજ. શું પ્રમાદ-આળસ કરી રહ્યો છે ? જગતમાં તારું કોણ હિતકારી છે ? જે ધર્મસાધન કરશે તે તરશે, બાકી સહુ સ્વાર્થનું છે. તું તારો

સાચો પુરૂષાર્થ–આત્મકલ્યાણ કરવાનો સાધી લે, સહુ જીવો મોક્ષના સુખો પામે, તેવી ઉદાત્ત ભાવનાપૂર્વક મુક્તિનગરીમાં તું વાસો કર, તારે એ જ કરવા યોગ્ય છે. ફરી ફરી આ અવસર અને આ ઉત્તમ સામગ્રી તને ક્યારે મળશે? માટે આ ભાવના તારે રોજ ભાવવી, ચેતનને એ પ્રમાણે ઘડવો, એથી તારી સર્વ આપત્તિઓ ટળી જશે અને હે જીવ! સર્વ સંપત્તિઓને તું વરીશ. પ્રમાદરૂપ મહાશત્રુને તું દૂર કર, તને વધારે શું શીખવીએ! તને પોતાને અને પરને જે રીતે શાંતિ-તુષ્ટિ-પુષ્ટિ-કલ્યાણ-મંગળ-જય-વિજય-મોક્ષ-મહોદય પ્રાપ્ત થાય તે રીતે તું શ્રી જિનધર્મના માર્ગે મન-વચન અને કાયાથી વર્તજે.

ॐ शांतिः शांतिः शांतिः ।



જિનમંદિરમાં શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ વખતે સાચવવાના ૧૦ ત્રિક આદિની સમજ.

વિધિપૂર્વક શ્રીજિનમંદિરમાં પ્રવેશ કરવો જોઇએ તથા પ્રવેશ કર્યા બાદ ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ, ત્રણ દિશાએ જોવાનો ત્યાગ તથા પગ મૂકવાની અને બેસવાની ભૂમને ત્રણ વાર પ્રમાર્જન, ઇત્યાદિ વિધિને જાળવવી જોઇએ. તે વિધિનું ઉલ્લંઘન કરવું તે પણ એક પ્રકારની આશાતના જ છે. તેથી તે આશાતનાને વર્જવાના અર્થી આત્માઓએ શ્રી જિનમંદિરમાં પ્રવેશ કરવાની અને પ્રવેશ કર્યા બાદ દર્શન અને પૂજન આદિ કરવાની સમગ્ર વિધિને સમજી લઇને તેના અમલનો પ્રયત્ન કરવો જોઇએ, એ વિધિને શાસ્ત્રોમાં 'દશ ત્રિક' અને 'પાંચ અભિગમ' આદિ શબ્દોથી ઓળખાવેલ છે.

'દશ ત્રિક'નાં નામ અનુક્રમે નીચે મુજબ છેઃ—

૧–ત્રણ નિસીહિ, ઘર, દહેરાસર અને દ્રવ્યપૂજા સંબંધી વ્યાપારના ત્યાગ માટે અનુક્રમે ત્રણ સ્થાને નિસીહિ કહે-

વાની છે. પહેલી મુખ્ય દ્વારે પ્રવેશ કરતી વખતે, બીજી મધ્ય દ્વારમાં પ્રવેશતી વખતે અને ત્રીજી ચૈત્યવંદન કરતી વખતે.

૨-ત્રણ પ્રદક્ષિણા, ભગવંતના ગભારાની ચારે બાજુ ત્રણ પ્રદક્ષિણાવર્ત પદ્ધતિએ ભ્રમણ કરવું, ત્રણ વાર પરિભ્રમણ કરવું, એ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નત્રયીની પ્રાપ્તિનું સૂચક છે.

૩-ત્રણ પ્રણામ, શ્રી જિનેશ્વરદેવને જોતાં જ અનુક્રમે (૧) બે હાથ જોડવા, (૨) અડધું અંગ નમાવવું અને (૩) પંચાંગ પ્રણિપાત કરવો.

૪-ત્રણ પૂજા, (૧) પુષ્પાદિ વડે અંગપૂજા, (૨) નૈવેદ્યાદિ વડે અગ્રપૂજા અને (૩) સ્તોત્રાદિ વડે ભાવપૂજા.

૫-ત્રણ અવસ્થાઓનું ભાવવું, (૧) પિંડસ્થ-પ્રભુની જન્મ-અવસ્થા, રાજ્ય-અવસ્થા અને શ્રમણ-અવસ્થાને વિચારવી, (૨) પદસ્થ-પ્રભુની કેવળજ્ઞાન પામ્યા બાદની તીર્થંકર-અવસ્થાને ભાવવી અને (૩) રૂપાતીત-પ્રભુની નિર્વાણ પામ્યા બાદની અરૂપી સિદ્ધ-અવસ્થાને ભાવવી.

૬-ત્રણ દિશાએ જોવાનું વર્જવું, પ્રભુની સન્મુખ દિશાને છોડી ઊંચે, નીચે અને તીચ્છું અથવા જમણી, ડાબી અને પાછલી દિશાએ જોવાનો ત્યાગ કરવો.

૭-ત્રણ વાર પદભૂમિનું પ્રમાર્જન કરવું, પગ મૂકવાની અને બેસવાની ભૂમિને વસ્ત્રના છેડા વડે ત્રણ વાર પૂંજવી.

૮-ત્રણ આલંબન, (૧) વર્ણાલંબન-ચૈત્યવંદન સૂત્રના અક્ષરોનું શુદ્ધ ઉચ્ચારણ અને બોલતી વખતે તેમાં જ

ઉપયોગ, (૨) અર્થાલંબન–બોલતી વખતે સૂત્રના અર્થમાં જ ઉપયોગ અને (૩) પ્રતિમાદિ આલંબન–જેની આગળ ચૈત્યવંદનાદિ કરવામાં આવે છે, તે પ્રતિમાદિને વિષે જ દૃષ્ટિ અને ચિત્તની એકાગ્રતા.

૯–ત્રણ મુદ્રા, (૧) યોગમુદ્રા–આંગળીઓને પરસ્પર અંતરિત કરી કમળના ડોડાના આકારે બંને હાથને એકત્ર કરવા અને બંને હાથની કોણીઓને પેટ ઉપર સ્થાપન કરવી, (૨) જિનમુદ્રા–કાઉસ્સગ્ગ વિગેરેમાં ઉભા રહેતી વખતે ભૂમિ ઉપર બે પગનો આગળનો ભાગ ચાર અંગુલ અંતરવાળો રહે અને પાછળનો ભાગ તેથી કાંઇક ન્યૂન અંતરવાળો રહે તેમ રહેવું અને (૩) મુક્તાશુક્તિ મુદ્રા–મુક્તા એટલે મોતી અને શુક્તિ એટલે છીપ, મોતીની છીપના આકારે બંને હાથને સરખી રીતે અને મધ્યમાં ઉન્નત રહે એ રીતે રાખી કપાળે લગાડવા. આ મુદ્રા વડે 'જાવંતિ૦' 'જાવંત૦' અને 'જય વીયરાય' સૂત્ર કહેવામાં આવે છે.

૧૦–ત્રણ પ્રણિધાન, (૧) ચૈત્યવંદન સ્વરૂપ 'જાવંતિ ચેઇયાઇં' (૨) મુનિ વંદન સ્વરૂપ 'જાવંત કેવિ સાહૂ' અને (૩) પ્રાર્થના સ્વરૂપ 'જય વીયરાય'–એ ત્રણ સૂત્રોને 'પ્રણિધાન ત્રિક' કહેવાય છે. આમાં બે સૂત્રોથી અનુક્રમે ત્રણે લોકમાં રહેલાં ચૈત્યોને તથા અઢી દ્વીપમાં રહેલા મુનિઓને નમસ્કાર થાય છે તથા ત્રીજા સૂત્રથી વીતરાગ પરમાત્મા પાસે ભવનિર્વેદાદિ આઠ વસ્તુઓની પ્રાર્થના કરવામાં આવે છે.

સર્વત્ર મન વચન અને કાયાની એકાગ્રતા રાખવી, તેને પણ 'પ્રણધાન ત્રિક' કહેવાય છે.

પાંચ અભિગમનાં નામ અનુક્રમે નીચે મુજબ છે. 'અભિગમ વિધિ' એટલે 'શ્રી જિનેશ્વરદેવની સન્મુખ જવાની વિધિ—

૧–સચિત્ત દ્રવ્યોનો ત્યાગ–શ્રી જિનમંદિરમાં પ્રવેશ કરતી વખતે પોતાને સૂંઘવાનાં પુષ્પો તથા પહેરેલી પુષ્પની માળા વિગેરે સચિત્ત દ્રવ્યો બહાર મૂકીને પ્રવેશ કરવો. અચિત્ત વસ્તુઓ પણ પોતાને ખાવા–પીવાની કે સૂંઘવાની હોય તો પ્રભુની દૃષ્ટિ ન પડે તેમ ચૈત્યોની બહાર મૂકીને અંદર જવું.

૨–અચિત્ત દ્રવ્યોનો–અત્યાગ, પહેરેલાં અલંકાર, વસ્ત્ર અને રૂપાનાણું ઇત્યાદિ અચિત્ત દ્રવ્યો ન છોડવાં તે. તેને ઉતારીને જવાથી ધર્મની શોભામાં અભિવૃદ્ધિ થતી નથી તેમ જ અંગ ઉપર ધારણ કરી રાખવાથી ધર્મ અને શાસનની શોભા વધે છે.

૩–મનની એકાગ્રતા–પ્રભુનું બિંબ દૃષ્ટિએ પડતાંની સાથે જ બીજા વિચારોનો ત્યાગ કરી ચિત્ત તેને વિષે જ એકાગ્ર કરવું.

૪–ભૂમિ પ્રમાર્જન માટે, બંને છેડે દશીઓવાળું અને વચ્ચે સાંધા વિનાનું એકશાટી ઉત્તરાસંગ અર્થાત્ ખેસ રાખવો.

૫–મસ્તકે અંજલિ–શ્રી જિનેશ્વરદેવનાં દર્શન થતાંની સાથે મસ્તકે બે હાથ જોડીને પ્રણામ કરવો.

આ પાંચ અભિગમ સામાન્ય ઋદ્ધિવાળા શ્રાવકો માટે છે. મોટી ઋદ્ધિવાળા રાજા વિગેરે શ્રાવકો માટેનાં પાંચ અભિગમ જુદાં છે. દર્શન કરવા આવનાર રાજા હોય તો તેણે પોતાનાં રાજચિહ્નો છોડીને જ મંદિરમાં પ્રવેશ કરવો. આ રાજચિહ્નો પાંચ પ્રકારનાં છે, તેથી મહર્દ્ધિક રાજા વિગેરે માટેનાં અભિગમ પણ પાંચ પ્રકારનાં છે. (૧) ખડ્ગ, (૨) છત્ર, (૩) ઉપાનહ, (૪) મુકુટ અને (૫) ચામર એ પાંચ રાજચિહ્નો ત્યાગ કરીને જ ચૈત્યમાં પ્રવેશ કરવો.

ત્રિભુવનના રાજા દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર પ્રભુની સન્મુખ જવાનું છે, તેથી તેમની સન્મુખ પોતાનું રાજાપણું બતાવવું તે અત્યંત અનુચિત અને અવિનય સ્વરૂપ છે. તેમની સન્મુખ તો સર્વ કોઈએ પોતાનો સેવકભાવ જ દર્શાવવાનો હોય છે. કારણ કે–ત્રિલોકનાથ પ્રભુના સેવક બનવું. એ પણ ભાગ્યોદયની નિશાની છે.

શ્રી જિનચૈત્યમાં સાચવવા અને આચરવા યોગ્ય બીજા પણ ઘણા વિધાનો છે. તે વિધાનોનું ઉલ્લંઘન કરવું એ પણ એક પ્રકારની આશાતના જ છે.

શ્રી જિનેશ્વરદેવના મંદિરમાં જઘન્યથી ૧૦ પ્રકારની આશાતનાઓ, મધ્યમથી ૪૨ પ્રકારની આશાતનાઓ અને ઉત્કૃષ્ટથી ૮૪ પ્રકારની આશાતનાઓ ટાળવાની હોય છે. તેને ગુરુગમથી સમજી તેને ટાળવા માટે પ્રયત્નશીલ રહેવું તે આરાધક માત્રનું કર્તવ્ય છે.

શ્રી અરિહંતદેવના પૂજનથી ત્રણ ગુણની સિદ્ધિ.

૧ ગુણબહુમાન, ૨ કૃતજ્ઞતા અને ૩ વિનય.

૧ ગુણબહુમાન-શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે—

'गुणबहुमानिनो हि जीवा बहुमानद्वारोपजातावन्ध्यपुण्यप्रबन्धसामर्थ्यान्नियमादिहाऽमुत्र च शरच्छशधरकरनिकरगौरं गुणग्राममवश्यमवाप्नुवन्ति, तद्बहुमानाशयस्य चिन्तारत्नादप्यधिकशक्तियुक्तत्वात् ।'

ગુણો પ્રત્યે બહુમાન ધારણ કરનારા જીવો, એ બહુમાન દ્વારા ઉપાર્જન કરેલ અવન્ધ્ય પુણ્યસમૂહના સામર્થ્યથી, આલોક અને પરલોકમાં શરદૃઋતુના ચંદ્રકિરણના સમૂહ જેવા ઉજ્જવળ ગુણ સમુદાયને અવશ્ય પ્રાપ્ત કરે છે. કારણ કે ગુણ બહુમાનનો આશય–અધ્યવસાય ચિન્તામણિરત્ન કરતાં પણ અધિક શક્તિથી યુક્ત છે.'

શ્રી જિનેશ્વરદેવનું પૂજન કરનારો શ્રી જિનેશ્વરદેવના વીતરાગતાદિ અનંત ગુણોનું બહુમાન કરે છે. તેથી એ બહુમાન દ્વારા તે અનંત પુણ્યને ઉપાર્જન કરે છે.

શ્રી 'સિન્દૂરપ્રકર'ના કર્તા શ્રી સોમસુંદરસૂરીશ્વરજીએ ફરમાવ્યું છે કે—

यः पुष्पैर्जिनमर्चति स्मितसुरस्त्रीलोचनैः सोऽर्च्यते,
यस्तं वंदत एकशस्त्रिजगता सोऽहर्निशं वन्द्यते ।
यस्तं स्तौति परत्र वृत्रदमनस्तोमेन स स्तूयते,
यस्तं ध्यायति कल्पकर्मनिधनः स ध्यायते योगिभिः ॥१॥

'જે ભવ્યાત્મા પુષ્પો વડે શ્રી જિનને પૂજે છે, તે સ્મિત વદનવાળી દેવાંગનાઓના લોચનો વડે પૂજાય છે. જે એક જ વાર શ્રી જિનને ભાવપૂર્વક નમે છે, તે ત્રણે જગત વડે નિરંતર નમન કરાય છે. જે ગુણબહુમાનના ભાવથી શ્રી જિનની આ લોકમાં સ્તુતિ કરે છે, તે પરલોકમાં ઈન્દ્રોના સમુદાય વડે સ્તુતિ કરાય છે. જે શ્રી જિનેશ્વરદેવનું મનથી ધ્યાન કરે છે, તે સમસ્ત કર્મનો અંત કરનારો બની યોગિપુરુષો વડે પણ ધ્યાન કરાય છે.'

ઉપરોક્ત કથનમાં જેઓને અતિશયોક્તિ લાગતી હોય અગર શ્રદ્ધા ન બેસતી હોય તેઓએ વિચારવું જોઈએ કે શ્રી જિનેશ્વરદેવો અનંતગુણના પુંજ છે. સર્વ ગુણના પ્રકર્ષને પામેલા છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, ક્ષમા, માર્દવ, આર્જવ, સંતોષ, શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય, દાન, શીલ, તપ, ભાવ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, ધૈર્ય, સ્થૈર્ય, ગાંભીર્ય, દાક્ષિણ્ય, સૌજન્ય અને ઔદાર્ય આદિ સ્વપરોપકારક જેટલા ગુણો આ જગતમાં સંભવિત છે, તે સર્વ ગુણોનું પાલન શ્રી જિનેશ્વરદેવોએ સ્વયં કર્યું

છે, અન્ય પાસે કરાવ્યું છે, અને તે ગુણોનું નિરંતર પાલન થતું રહે તેવા પ્રકારનું તીર્થ જગતમાં સ્થાપીને અન્તે અવ્યાબાધ પદને વરેલા છે. એમનાથી અધિક ગુણવાન આ જગતમાં બીજા કોઈ છે નહિ. એવા અનંતગુણી શ્રી જિનેશ્વરદેવના પૂજનનો અધ્યવસાય પણ અનંત ફળને આપનારો છે, તો પછી તે પૂજનની પ્રવૃત્તિ અને પ્રાપ્ત સામગ્રીનો પૂજન માટે સદુપયોગ, તેથી પણ અનંત લાભને આપનારો થાય, તેમાં આશ્ચર્ય જ શું? તેમાં શરત માત્ર એટલી જ છે કે તે પૂજન લૌકિક લોભ લાલચથી નહિ પણ ગુણ બહુમાનના આશયથી ગુણી બનવા માટે હોવું જોઇએ.

૨ કૃતજ્ઞતા—બીજા તરફથી આલોક સંબંધી કે પરલોક સંબંધી થોડો પણ ઉપકાર પોતાના ઉપર થયો હોય, તેને ન ભૂલવો, તે કૃતજ્ઞતા ગુણ છે. શ્રી જિનેશ્વરદેવો તરફથી જગતના તમામ જીવો ઉપર જે ઉપકાર થયો છે, તે વર્ણનાતીત છે. જગતમાં જન્મ આપનાર માતાપિતાનો ઉપકાર, આજીવિકાનું સાધન પૂરું પાડનાર સ્વામીનો ઉપકાર અને લૌકિક વિદ્યા શીખવનાર વિદ્યાગુરુનો ઉપકાર વિગેરે દુષ્પ્રતિકાર મનાય છે અને તેમાં પણ સદ્ધર્મને પમાડનાર ધર્મગુરુ–સદ્‌ગુરુનો ઉપકાર અત્યંત દુષ્પ્રતિકાર મનાય છે. કોઇ પણ પ્રકારે તે ઉપકારનો બદલો વળી શકતો નથી. શ્રી જિનેશ્વરદેવોનો ઉપકાર તો તે તમામથી ચઢી જાય તેવો છે. માતા, પિતા, સ્વામી, કલાગુરુ કે ધર્મગુરુનો ઉપકાર તો તેમને આ જન્મમાં કે અન્ય જન્મમાં ધર્મ

પમાડવાનો સંયોગ મળે તો વળી શકે છે. કિન્તુ શ્રી જિનેશ્વરદેવના ઉપકારનો બદલો વાળવાનો કોઈ માર્ગ જ નથી. કારણ કે તેઓ કૃતકૃત્ય થયેલા છે. વલી તેઓનો ઉપકાર લૌકિક સર્વ ઉપકારો કરતાં અનંત ગુણો મોટો છે સદ્ધર્મ પમાડનાર ધર્મગુરુના ઉપકાર કરતાં પણ તેમનો ઉપકાર પ્રધાન છે. શ્રી જિનેશ્વરદેવોએ કેવલજ્ઞાન પામીને ધર્મતીર્થની સ્થાપના ન કરી હોત તો ધર્મગુરુ પણ ઉપકાર કરવા અસમર્થ હતા–એ કારણે શ્રી જિનેશ્વરદેવો તો ગુરુના પણ ગુરુ છે. ત્રણે જગતમાં અજ્ઞાનરૂપી અંધકારને ટાળનારા છે, આંધળાને આંખ આપનાર ઉપકારી કરતાં પણ તેઓ મોટા ઉપકારી છે. ત્રણ જગતને શ્રુતરૂપી ચક્ષુનું દાન કરીને તેઓએ અનુપમ ઉપકાર કરેલો છે. મરતાને જીવન આપનાર કરતાં પણ તેઓ અનંતગુણા ઉપકારી છે કારણ કે મરતાને જીવાડ્યા પછી પણ તેનું ફરીવાર મરવાનું અટકતું નથી. શ્રી જિનેશ્વરદેવોએ જગતના જીવોને કદી પણ મરવું ન પડે તેવો માર્ગ પ્રકાશ્યો છે. એ માર્ગનું આસેવન કરીને અનંતાનંત આત્માઓ જન્મ, જરા અને મરણની અનંત આપત્તિઓને તરી ગયા છે, તરી રહ્યા છે અને તરી જનાર છે. તેથી એમના સમાન બીજા કોઈ ઉપકારી નથી. ત્રિજગશરણ, ત્રિભુવનબાંધવ, અકારણવત્સલ, અસંકલ્પિત-કલ્પવૃક્ષ, અચિન્ત્યચિન્તારત્ન, કૃપાસિન્ધુ, સર્વજગહિતચિંતક, આન્તરિકધનદાતાર, મુક્તિપથપ્રદર્શક, ઘોરસંસારકૂપસમુદ્ધરણ, ભવાટવીસાર્થવાહ, ભવોદધિનિર્યામક, મહાગોપ અને મહામાહણાદિ અનંત ઉપમાઓથી અલંકૃત શ્રી જિનેશ્વરદેવોનો ઉપકાર અચિન્ત્ય છે. એ ઉપકારીના ઉપકાર તળે પ્રાણીમાત્ર દબાયેલ છે. જ્ઞાનરૂપી ધન આપીને

જગતની અનાદિકાળની ભાવદરિદ્રતાને તેમણે ટાળી છે. અનંત કાળથી ભૂલાઇ ગયેલી જીવની અકૃત્રિમ–અખૂટ–આંતરિક લક્ષ્મી તેમણે દેખાડી છે અને ભવ્ય જીવોને તેનું ભાન કરાવ્યું છે, તેમણે બતાવેલા માર્ગના આરાધનથી જીવને આ દુઃખમય સંસારમાં પણ સુખનો અનુભવ થાય છે. એવા અનુપમ ઉપકારીની પૂજા કરનારો આત્મા ઉપકારીના ઉપકારને હૃદયમાં ધારણ કરી કૃતજ્ઞતા ગુણનું પાલન કરી ધર્મપ્રાપ્તિને લાયક બને છે.

૩ વિનય–'વિનીયતે અપનીયતે વિલીયતે વા અષ્ટપ્રકારં કર્મ યેન સ વિનયઃ।' આઠ પ્રકારના કર્મ જેનાથી દૂર થાય, નાશ પામે, તે શ્રી જૈનસિદ્ધાન્તાનુસાર વિનય કહેવાય છે. તે વિનય સર્વ ગુણોનું મૂળ છે. વિનય રહિત આત્માનો ધર્મ કે તપ પણ નિષ્ફળ માન્યો છે. વિનયથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનથી દર્શન, દર્શનથી ચારિત્ર, ચારિત્રથી મોક્ષ અને મોક્ષથી અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય છે, એ વિનય શાસ્ત્રોમાં પાંચ પ્રકારનો કહ્યો છે. જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય, તપવિનય અને ઉપચારવિનય ઉપચારવિનય બે પ્રકારનો છે. પ્રતિરૂપ ઉપચાર અને અનાશાતનારૂપ ઉપચાર. પ્રતિરૂપ ઉપચારના ત્રણ પ્રકાર છે. કાયિક, વાચિક અને માનસિક. અનાશાતના ઉપચારના ચાર પ્રકાર છે. અનાશાતના (હીલનાનો ત્યાગ), ભક્તિ (બાહ્ય પ્રતિપત્તિ રૂપ), બહુમાન (આન્તરિક ભાવપ્રતિબન્ધ રૂપ) અને પ્રશંસા (સદ્‌ભૂત ગુણોના કીર્ત્તનરૂપ)–શ્રી જિનેશ્વરદેવની પૂજામાં એ પાંચે પ્રકારનો વિનય સચવાય છે અને એના ફળરૂપે અપૂર્વ જ્ઞાન, અપૂર્વ દર્શન, અપૂર્વ ચારિત્ર અને અપૂર્વ તપ આદિ ગુણોની પ્રાપ્તિ થાય છે.

શ્રી અરિહંતદેવના દર્શન સંબંધી
શંકા–સમાધાન.

શંકા—દેવદર્શનની ક્રિયા નિષ્ફળ છે?

સમાધાન—દેવદર્શનની ક્રિયા નિષ્ફળ છે, એમ કહેવું ખોટું છે. દેવદર્શનથી પ્રત્યક્ષ શુભભાવ ઉત્પન્ન થાય છે અને શુભભાવથી જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય થાય છે.

શંકા—દેવદર્શનથી પ્રત્યક્ષ શુભભાવ ઉત્પન્ન થાય છે, એવો એકાંત નથી. કેટલાકને અશુભભાવ પણ ઉત્પન્ન થાય છે.

સમાધાન—અશુભભાવ ઉત્પન્ન થવાનું કારણ તેમની અજ્ઞાનતા છે. જેઓ સમ્યગ્જ્ઞાનપૂર્વક દેવનું સ્વરૂપ સમજી ઉપયોગ અને વિધિપૂર્વક દેવદર્શન કરે છે, તેઓને અવશ્ય શુભભાવ ઉત્પન્ન થાય છે.

શંકા—આજકાલ વિધિપૂર્વક કોઈ દર્શન કરતું નથી જેઓ દર્શન કરે છે, તેઓમાંના ઘણા ખરા તો દેવનું સ્વરૂપ સમજતા નથી અને જેઓ થોડું ઘણું સમજે છે, તેઓ પણ ઉપયોગ વિના–રૂઢિ માત્રથી જેમ તેમ ક્રિયા કરી આવે છે.

સમાધાન—વિધિપૂર્વક નહિ કરનારા વિધિપૂર્વક કરે, દેવનું સ્વરૂપ નહિ સમજનારા દેવનું સ્વરૂપ સમજે તથા રૂઢિ માત્રથી કરનારા પણ સમજપૂર્વક કરતા થાય. એ માટે ઉપદેશ અને લખાણ દ્વારા સમ્યગ્જ્ઞાનનો પ્રચાર કરવાની આવશ્યકતા છે. એ વાત સાચી છે કે સમ્યગ્જ્ઞાન દ્વારા જ્યાં સુધી દેવનું યથાર્થ સ્વરૂપ સમજાય નહિ, ત્યાં સુધી જોઇએ તેવો ભાવ આવે નહિ અને જોઇએ તેવો ભાવ આવે નહિ ત્યાં સુધી ક્રિયાની શુદ્ધિ અને કર્મનો ક્ષય થાય નહિ.

શંકા—શુદ્ધ ક્રિયા કરનારા પણ ભાવ વિનાના દેખાય છે. રોજ વિધિપૂર્વક ત્રિકાળ દેવદર્શન કરવા છતાં તેમના અંતરના પરિણામ સુધરતા નથી અને દેવદર્શન નહિ કરનાર કરતાં પણ તેમના જીવન વધારે અશુદ્ધ દેખાય છે, તેનું શું ?

સમાધાન—એમાં કારણ તેમની શુદ્ધ ક્રિયા નથી પણ અજ્ઞાનતા અને લોભ વિગેરે છે. માયાથી, લોભથી અને અજ્ઞાનથી કરેલી શુદ્ધ ક્રિયા પણ શુભ ભાવનું કારણ બનતી નથી. એટલા માટે શાસ્ત્રકારોએ સર્વ ધર્મ ક્રિયા નિર્દંભપણે, નિરાશંસભાવે તથા એક મુક્તિની જ કામનાપૂર્વક કરવાનું ફરમાવ્યું છે. પરન્તુ જેઓ ભવાભિનંદિતા, કદાગ્રહ કે અજ્ઞાનતા આદિના કારણે શાસ્ત્રકારોના તે ઉપદેશનો અમલ કરતા નથી, તેઓને દેવદર્શનાદિ કરવા છતાં શુભ ભાવની પ્રાપ્તિ ન થાય,

એમાં આશ્ચર્ય નથી. ધર્મક્રિયાનું સર્વોત્તમ ફલ મેળવવા માટે જેટલી આવશ્યકતા ક્રિયાશુદ્ધિની છે, તેટલી જ આવશ્યકતા ભાવશુદ્ધિની પણ છે. કોઈ પણ પ્રકારના લૌકિક ફળની આકાંક્ષા વિના કેવળ કર્મક્ષયના ઈરાદે જેઓ ધર્મક્રિયા કરે છે, તેઓને શુભ ભાવની પ્રાપ્તિ થયા સિવાય રહેતી નથી અને શુભ ભાવથી નિયમા કર્મનો ક્ષય થાય છે અને કર્મક્ષયથી નિયમા સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

શંકા—આજે તેવા શુદ્ધ ધ્યેયથી ક્રિયા કરનારા કયાં છે?

સમાધાન—નથી એમ કહેવું ખોટું છે. પણ પ્રમાણમાં ઘણા થોડા છે. તો પણ સમ્યગ્જ્ઞાનનો પ્રચાર કરી શુદ્ધ ધ્યેયથી ક્રિયા કરનારાઓની સંખ્યા વધારી શકાય છે. જેમ જેમ નિર્મળ ભાવથી દેવદર્શનાદિ ધર્મક્રિયા કરનારાઓની સંખ્યા વધતી જશે, તેમ તેમ દેવદર્શનાદિ ધર્મક્રિયાઓનો મહિમા દરેકને સ્વાનુભવપ્રતીત થશે. દેવદર્શન-વંદનાદિ ધર્મક્રિયાઓના પ્રભાવને કલ્પવૃક્ષ, ચિન્તામણિ અને બીજા તેવા ઇચ્છિત ફળને આપનાર પદાર્થોની સાથે પણ સરખાવી શકાય તેમ નથી.

કહ્યું છે કે—

" कल्पद्रुमः परो मन्त्रः, पुण्यं चिन्तामणिश्च यः ।
गीयते स नमस्कारस्तथैवाहुरपण्डिताः ॥ १ ॥
कल्पद्रुमो महाभागः कल्पनागोचरं फलम् ।
ददाति न च मन्त्रोऽपि, सर्वदुःखविषापहः ॥२॥

न पुण्यमपवर्गाय, न च चिन्तामणिर्यतः ।
तत्कथं ते नमस्कार, एभिस्तुल्योऽभिधीयते ॥३॥

હે ભગવન્ ! જેઓ આપના નમસ્કારને શ્રેષ્ઠ કલ્પવૃક્ષ, મંત્ર, પુણ્ય કે ચિન્તામણિની સાથે સરખાવે છે, તેઓ પંડિત નહિ પણ મૂર્ખ છે. (૧)

અચિન્ત્ય શક્તિવાળો કલ્પવૃક્ષ પણ કલ્પનાગોચર-મનમાં કલ્પેલા ફલને જ આપે છે. મન્ત્ર પણ સર્વ દુઃખરૂપી વિષને હણનારો થતો નથી. (૨)

પુણ્ય કે ચિન્તામણિ પણ અપવર્ગને આપનાર થતા નથી, જ્યારે આપને કરેલો નમસ્કાર કલ્પનાતીત ફલને આપનારો થાય છે, સર્વ દુઃખરૂપી વિષને હણનારો થાય તથા અનન્ત સુખના ધામ રૂપ અપવર્ગને દેનારો થાય છે. પછી એ પદાર્થોની સાથે તેને કેમ સરખાવી શકાય ? (૩)

શંકા—દેવદર્શનાદિથી શાસ્ત્રો કહે છે તેવું ફળ મળતું હોય તો બધાને તે કેમ મળતું નથી ?

સમાધાન—દેવદર્શનાદિથી શાસ્ત્રો કહે છે તેવું ફળ મળે છે, એ નિર્વિવાદ છે. પરંતુ દરેક ક્રિયા તેની વિધિ-પૂર્વક કરવામાં આવે તો જ યથાર્થ ફલને આપે છે. અવિધિથી, અપૂર્ણવિધિથી કે વિપરીત વિધિથી કરવામાં આવે તો ફળ ન આપે અથવા અપૂર્ણ કે વિપરીત ફલને પણ આપે. લોકમાં ખેતીક્રિયાદિ સઘળી ક્રિયાઓ

વિધિયુક્ત કરવામાં આવે તો જ ફલદાયી થાય છે. એથી વિપરીતપણે કરવામાં આવે તો ફળતી નથી, એ સર્વજન પ્રતીત છે.

શંકા—દેવદર્શનાદિ કરવાની શાસ્ત્રોક્ત વિધિ આજે શું સુલભ છે ?

સમાધાન—અર્થી આત્મા માટે અવશ્ય સુલભ છે. દેવદર્શન, દેવવંદન, દેવપૂજન ઈત્યાદિ કરવાની શાસ્ત્રોક્તવિધિ પ્રાસંગિક આ પુસ્તકમાં તથા વિસ્તારથી દેવવંદન ભાષ્ય વિગેરેમાં આપવામાં આવી છે. શાસ્ત્રોમાં એ સંબંધી ઘણો વિસ્તાર કરવામાં આવ્યો છે. પરંતુ તેને સમજવા અને અમલમાં મૂકવા માટે જેટલો પ્રયાસ થવો જોઇએ, તેનો શતાંશ પણ થતો નથી. જો ગુરુગમ દ્વારા અગર આવા પુસ્તકાદિનાં સાધન દ્વારા તેને યથાર્થ સમજવા અને અમલમાં મૂકવા યોગ્ય પ્રયાસ કરવામાં આવે તો ક્રિયા અને ભાવની શુદ્ધિ થયા વિના રહે નહિ એ ઉભયની શુદ્ધિ થાય તો ફલનો સાક્ષાત્કાર થયા વિના પણ રહે નહિ.

શંકા—દેવદર્શનની શાસ્ત્રોક્તવિધિ શું આજે પળાય છે ?

સમાધાન—દેવદર્શનની શાસ્ત્રોક્તવિધિ આજે સર્વથા નથી પળાતી એમ નથી. પરંતુ તેમાં ઘણા સુધારાની આવશ્યકતા છે. જો કે શાસ્ત્રકારોએ એવો આગ્રહ રાખ્યો નથી કે દરેક ભૂમિકાવાળા જીવો શાસ્ત્રોક્તવિધિ મુજબ

પરિપૂર્ણ વર્તન કરી શકે. અથવા શાસ્ત્રોક્તવિધિ મુજબ સંપૂર્ણ વર્તન કરી શકે તેઓ જ દેવદર્શનાદિ કરવાના અધિકારી છે. શાસ્ત્રકારોએ તો માત્ર એ વાત ઉપર ખાસ ભાર મૂકયો છે કે જેઓ વિધિપૂર્વક અનુષ્ઠાન નથી કરી શકતા, તેઓએ પણ પ્રયત્ન તો વિધિપૂર્વક અનુષ્ઠાન કરવાનો કરવો જોઇએ કિન્તુ પોતાના અવિધિવાળા અનુષ્ઠાનને જ વિધિયુક્ત અનુષ્ઠાન માનવા કે મનાવવાનો આગ્રહ સેવવો જોઇએ નહિ.

શંકા—તમે કહો છો તેવી રીતે વર્તનારા આજે કેટલા છે ?

સમાધાન—કેટલા છે અને કેટલા નથી. એની ચર્ચા કરવા કરતાં 'આપણે કેવા થવું જોઇએ ?' એની ચર્ચા, એ જ અત્યંત લાભદાયક છે. જેઓના હૈયામાં વિધિનો રાગ અને અવિધિનો પશ્ચાત્તાપ બેઠો છે, તેઓની અવિધિવાળી ક્રિયા પણ શાસ્ત્રે નિન્દી નથી, કિન્તુ પ્રશંસી છે. અવિધિએ કરવા કરતાં ન કરવું, એ સૂત્રવિરુદ્ધ વચન છે. જ્યારે વિધિથી કરવા માટે અવિધિ થઈ જાય, તો પણ અનુષ્ઠાનને ન છોડવું, એ સૂત્રાનુસારી કથન છે.

શંકા—અવિધિવાળાં અનુષ્ઠાન નભાવી લેવાની વૃત્તિથી જ દિનપ્રતિદિન વિધિમાર્ગનો લોપ થતો જાય છે, એમ નથી લાગતું ?

સમાધાન—એવો એકાન્ત શાસ્ત્રકારોને માન્ય નથી. આદિ ધાર્મિકની અશુદ્ધ પ્રવૃત્તિ પણ શુદ્ધ પ્રવૃત્તિનો હેતુ

છે. તેથી નૈગમ નયના મતે આદિધાર્મિકની અસત્પ્રવૃત્તિ પણ સત્પ્રવૃત્તિ જ ગણાય છે. કારણ કે તે સત્પ્રવૃત્તિની બાધક નહિ પણ સાધક જ હોય છે. શરત એટલી જ છે કે તેનું હૃદય તત્ત્વનું વિરોધક નહિ હોવું જોઇએ. કિન્તુ અવિરોધક હોવું જોઇએ.

શંકા—તત્ત્વનું અવિરોધક હૃદય કોને કહેવાય ?

સમાધાન–શાસ્ત્રોમાં એવા હૃદયવાળાને અપુનર્બન્ધક આદિ શબ્દોથી સંબોધ્યા છે. અપુનર્બન્ધક આત્મા તેને કહેવાય છે કે જે અતિતીવ્રભાવે પાપને કરતો નથી, જેને ભવનો રાગ–બહુમાન હોતું નથી અને જે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિને આચરનારો હોય છે. એવા માર્ગાનુસારી આત્માની અનાભોગવાળી અને અવિધિવાળી ધર્મક્રિયા પણ 'સદન્ધન્યાય'થી[1] માર્ગમાં લઈ જનારી છે અપુનર્બન્ધક આત્માની પ્રવૃત્તિનું વર્ણન કરતાં શાસ્ત્રકાર મહર્ષિઓએ ફરમાવ્યું છે કે—

"તે અકલ્યાણમિત્રના યોગનો ત્યાગ કરનારો હોય છે. કલ્યાણમિત્રના સંપર્કને સાધનારો હોય છે. માતાપિતાદિ ગુરુજનનું સન્માન કરનારો હોય છે. તેમની આજ્ઞાને પરતંત્ર રહેનારો હોય છે. દાનાદિ કાર્યોમાં યથાશક્તિ પ્રવૃત્તિ કરનારો હોય છે. વિધિપૂર્વક ધર્મશાસ્ત્રને સાંભળનારો હોય છે. મહાપ્રયત્નપૂર્વક તેનો વિચાર કરનારો હોય છે. શક્તિનો

૧–પ્રજ્ઞાવાન દેખતાની પાછળ આંધળાએ ચાલવું, તે 'સદન્ધન્યાય' કહેવાય છે.

વિચાર કરી તદનુસાર પ્રવૃત્તિ કરનારો હોય છે. ધૈર્યનું અવલંબન કરનારો હોય છે. આગામી કાલનો વિચાર કરનારો હોય છે. મૃત્યુને જોનારો હોય છે. પરલોકના સાધનને પ્રધાન માનનારો હોય છે. ભગવાનની પ્રતિમાઓને પૂજનારો હોય છે. ભગવાનના વચનને લખાવે છે તથા ભગવાનના મંગળ નામનો નિરન્તર જાપ કરે છે. અરિહંતાદિ ચારને શ્રેષ્ઠ, મંગળ અને શરણભૂત માનીને નિરંતર પાપની નિંદા તથા સુકૃતની અનુમોદના કરનારો હોય છે તથા ઉત્તમ પુરુષોના દૃષ્ટાંતે ચાલનારો હોય છે. એવા પ્રકારના માર્ગાનુસારી અપુનર્બન્ધક આત્માની સઘળી ધર્મપ્રવૃત્તિ આદિથી આરંભીને જ સત્પ્રવૃત્તિ ગણાય છે. કારણ કે તેનું હૃદય તત્ત્વથી પ્રતિકૂળ હોતું નથી. અનાભોગાદિ કારણે તેની પ્રવૃત્તિ વિરુદ્ધ થઇ જાય તો પણ હૃદય અવિરુદ્ધ હોવાથી તે વિરુદ્ધ પ્રવૃત્તિ પણ મહાકલ્યાણને બાધક થતી નથી અન્ય દર્શનકારોએ એવા આત્માની અનાભોગ અને અવિધિવાલી પ્રવૃત્તિને પણ 'સુપ્તમંડિતપ્રબોધદર્શન'[1] અને 'સુપ્તસમુદ્રતીર્ણદર્શન'[2] ઇત્યાદિ

૧–સૂતેલા માણસને કોઇ આભૂષણાદિ વડે અલંકૃત કરે અને પછી તે જાગ્રત થાય ત્યારે પોતાને અલંકૃત થયેલો જોઇને આનંદ અનુભવે છે. તેની જેમ અનાભોગથી પણ વિચિત્ર ગુણો વડે પોતાને અલંકૃત થયેલો જોઇને સમ્યગ્દર્શનાદિ લાભના કાળે આનંદ અનુભવે છે.

૨–નિદ્રામાં સૂતેલો કોઇ માણસ સમુદ્ર તરી ગયા પછી જાગ્રત થાય ત્યારે જેટલો વિસ્મય પામે તેટલો વિસ્મય સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ બખતે પૂર્વે કરેલી ધર્મક્રિયાઓને જાણીને સમ્યગ્દૃષ્ટિને થાય છે.

ઉત્તમ ઉપમાઓ આપીને વખાણી છે. પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થયા વિના એવી સ્થિતિ આવતી નથી. એમ કપિલ મતવાલા કહે છે. ભવવિપાક પ્રાપ્ત થયા વિના એ દશા આવતી નથી, એમ સુગત–બુદ્ધ મતવાળા કહે છે. કર્મ સ્થિતિ લઘુ થયા વિના અથવા ભવસ્થિતિનો પરિપાક થયા વિના એ દશા પ્રાપ્ત થતી નથી, એમ શ્રી જિનમતના જ્ઞાતાઓ કહે છે. એવા અપુનર્બન્ધક આત્માઓ જ તત્ત્વથી ધર્મના અધિકારી છે અને તેઓના પ્રત્યે કરેલો ઉપદેશ જ પ્રાયઃ સફલ થાય છે, એમ શાસ્ત્રકારો ફરમાવે છે.”

શંકા—જેઓએ અપુનર્બન્ધક અવસ્થા પ્રાપ્ત ન કરી હોય, તેઓએ ધર્મ ન કરવો જોઇએ ?

સમાધાન—તેઓએ ધર્મ ન કરવો જોઇએ એમ ન કહેવાય. પરંતુ સાથે સાથે અપુનર્બન્ધક અવસ્થાને ઉચિત જે આચરણ ઉપર જણાવી ગયા, તેને જીવનમાં ઉતારવા તત્પર બનવું જોઇએ.

શંકા—જેઓ અપુનર્બન્ધક દશામાં જણાવેલા ગુણો લાવવા પ્રયાસ ન કરે, તેઓનું ધર્માચરણ નિષ્ફળ ગયું ગણાય કે નહિ ?

સમાધાન—શાસ્ત્રોમાં બે પ્રકારનાં ધર્માચરણ ગણાવ્યાં છે એક શીઘ્ર ફળવાવાળાં અને બીજા લાંબા કાળે ફળવાવાળાં. અપુનર્બન્ધક આત્માનું ધર્માચરણ શીઘ્ર ફળદાયી થાય છે અને એ સિવાયના આત્માઓનું ધર્માચરણ ઘણા લાંબા કાળે ફળદાયી થાય છે.

શંકા—અપુનર્બન્ધક આત્માઓ પણ એક સરખા ફળના ભોક્તા થાય છે કે વધતા ઓછા ?

સમાધાન—ફળની પ્રાપ્તિનો આધાર ભાવનાની તીવ્રતા ઉપર છે.

કહ્યું છે કે—

" तीव्रसंवेगानामासन्नः मृदुमध्याधिमात्रत्वात्, ततोऽपि विशेषः । "
તીવ્ર સંવેગવાળા આત્માઓને સમાધિની પ્રાપ્તિ આસન્ન -શીઘ્ર થાય છે. તીવ્રસંવેગના પણ અનેક પ્રકાર પડી જાય છે. જઘન્ય તીવ્રસંવેગ, મધ્યમ તીવ્રસંવેગ અને ઉત્કૃષ્ટ તીવ્રસંવેગ. એનાથી ફલની પ્રાપ્તિમાં પણ વિશેષતા પ્રાપ્ત થાય છે, અર્થાત્ શીઘ્ર, શીઘ્રતર અને શીઘ્રતમ ફલની પ્રાપ્તિ થાય છે.

શંકા—તીવ્ર સંવેગ કોને કહેવાય ?

સમાધાન—ભવ પ્રત્યે અત્યંત વિરાગનું નામ તીવ્ર સંવેગ છે. જેને ભવ પ્રત્યે નિર્વેદ નથી, તે મોક્ષ માટે પ્રયત્ન કરતો નથી. ભવ પ્રત્યે રાગ હોવાથી તેનો પ્રયત્ન અપ્રયત્ન-નિર્જીવ ક્રિયા તુલ્ય હોય છે. એ કારણે દેવદર્શનાદિ ધર્માનુષ્ઠાનનું શીઘ્રફળ મેળવવા માટે ભવનિર્વેદની પરમ આવશ્યકતા છે.

શંકા—ભવનિર્વેદ વિના પણ દેવદર્શનાદિ ક્રિયા થાય છે, તેનું શું ?

સમાધાન—ભવનિર્વેદ વિના થતી દેવદર્શનાદિ ક્રિયા, એ જ અશુદ્ધિનું મૂળ છે. ક્રિયામાં શુદ્ધિ લાવતાં અટકાવનાર પણ તે જ છે. ભવનિર્વેદ વિનાના આત્માઓની ધર્મક્રિયા મોટે ભાગે વિષ, ગરલ કે સંમૂર્ચ્છિમ ક્રિયા હોય છે. કારણ કે તે ક્રિયા કરનારાઓ ભવરાગથી બંધાયેલા હોય છે. એટલે ક્રિયા કરતી વખતે તેમનો સંકલ્પ આલોક કે પરલોકના પૌદ્ગલિક સુખોની કામના આદિ માટે હોય છે. અશુદ્ધ સંકલ્પથી થતી શુદ્ધ ક્રિયા પણ અશુદ્ધ બની જાય છે. કારણ કે કર્મબન્ધ આશયાનુરૂપ માનેલો છે. જેનો આશય અશુદ્ધ છે તેની શુદ્ધ ક્રિયા પણ અશુદ્ધ માનેલી છે અને જેનો આશય શુદ્ધ છે તેની ક્વચિત્[1] અશુદ્ધ ક્રિયા પણ શુદ્ધ માનેલી છે.

શંકા—અશુદ્ધ આશયવાળાની શુદ્ધ ક્રિયા પણ નિષ્ફળ છે, તો આજે ઉપદેશમાં ક્રિયા કરવા માટે જેટલો ભાર દેવામાં આવે છે, તેટલો ભાર આશયની શુદ્ધિ ઉપર કેમ દેવાતો નથી?

સમાધાન—શ્રી જિનમતના જ્ઞાતા સમર્થ ઉપદેશકો શ્રોતાની યોગ્યતા અનુસાર જેમ ક્રિયા કરવા માટે ભારપૂર્વક કહે છે, તેમ આશયશુદ્ધિ ઉપર પણ તેટલો જ ભાર

---

૧ શુદ્ધ આશયવાળાની ક્રિયા અશુદ્ધ હોતી નથી. પરંતુ ક્વચિત્ સહસાત્કાર અને અનાભોગ આદિ કારણોએ અશુદ્ધ ક્રિયા થઈ જાય, તો પણ તેથી અશુભ બન્ધ થતો નથી પણ શુભ બન્ધ જ થાય છે.

મૂકે છે. પરંતુ આશયશુદ્ધિના ઉપદેશની અસર પ્રમાણમાં જેટલી થવી જોઇએ તેટલી થતી નથી તે જ્યારે થવા માંડે છે ત્યારે દેવદર્શનાદિ ધર્મક્રિયાઓ કેટલી પ્રભાવશાલી છે, તેનો અનુભવ સૌ કોઇને સ્વયમેવ પ્રતીતિગોચર થાય છે.

શંકા—આશયશુદ્ધિ એટલે શું ?

સમાધાન—આશય એટલે ચિત્તનો અભિપ્રાય. પ્રત્યેક ક્રિયાની પાછળ તેના કરનારનો કોઈ પણ આશય–અભિપ્રાય હોય જ છે. આશય કે અભિપ્રાય વિનાની ક્રિયાને શાસ્ત્રે સંમૂર્ચ્છિમ–મન વિનાના પ્રાણીઓની ક્રિયા સાથે સરખાવી છે, તેનું જેમ સારું ફળ નથી તેમ નરસું ફળ પણ નથી. તેવી ક્રિયા કરનારના અનુષ્ઠાનને શાસ્ત્રકારોએ અનનુષ્ઠાન–અનુષ્ઠાન નથી એમ કહ્યું છે. આલોક પરલોકમાં લબ્ધિ કીર્ત્તિ આદિ તથા દિવ્ય ભોગસુખાદિ મેળવવાની કામનાથી જે ક્રિયા થાય છે તેમાં આશય અતિ તુચ્છ અને મલિન હોવાથી તે સત્ક્રિયા બનતી નથી. એવા મલિન આશયવાળાની ક્રિયા કેવળ નિષ્ફળ જ નથી કિન્તુ વિપરીત ફલને આપનારી પણ થાય છે. કારણ કે તેમાં કલ્પતરુ, ચિંતામણિ અને કામધેનુથી પણ અધિક મહિમાવાળા ધર્મને અતિ તુચ્છ કીર્ત્તિ આદિ માત્રના હેતુ તરીકે કલ્પવામાં આવે છે. એ કલ્પના મહાન એવા ધર્મમાં અલ્પપણાનો બોધ કરાવનાર હોવાથી અસત્ય અને

ભ્રાન્ત છે. એટલું જ નહિ પરંતુ ધર્મ પ્રત્યે લઘુતા-અનાદરભાવ ઉત્પન્ન કરાવી અતિ તીવ્ર અશુભ કર્મના બંધનો હેતુ થાય છે.[૧]

શંકા—દેવદર્શનાદિ ધર્મ ક્રિયા કયા આશયથી કરવી જોઇએ?

સમાધાન—દેવદર્શનાદિ ધર્મ ક્રિયા કરવાનો પ્રધાન આશય અંતઃકરણની શુદ્ધિ કરવાનો છે. અંતઃકરણની શુદ્ધિથી કર્મક્ષય થાય છે અને કર્મક્ષયથી સકલ કલ્યાણની પ્રાપ્તિ થાય છે. લૌકિક ફલની કામના અંતઃકરણના શુભ પરિણામનો નાશ કરે છે, શુભ પરિણામના નાશથી કર્મનો બંધ થાય છે અને કર્મબન્ધથી સર્વ અકલ્યાણની પ્રાપ્તિ થાય છે. એ કારણે શ્રી જિનમતમાં સઘળી ધર્મ-ક્રિયાનો આશય-પ્રધાન હેતુ અંતઃકરણના શુભ પરિણામની વૃદ્ધિ અને અશુભ પરિણામનો નાશ કરવાનો છે અને એ જ એક આશયે સઘળી ધર્મક્રિયા કરવાની છે.

શંકા—દેવદર્શનથી શુભ પરિણામની વૃદ્ધિ કેવી રીતે થાય?

સમાધાન—શ્રી જિનમતમાં દેવ તરીકે અષ્ટાદશદોષરહિત,

૧-કીર્ત્તિ આદિની સ્પૃહાથી ધર્મ કરવો એ કેવળ અશુભ માટે જ છે, તો પણ ધર્મ માટે-ધર્મમાં જોડવા માટે ધર્મ કરનારની કીર્ત્તિ, પ્રશંસા, દાન, સન્માન, સ્તુતિ અને ભક્તિ આદિ કરવાં એ અશુભ માટે નથી, એ યાદ રાખવું જોઇએ. પૌદ્ગલિક લાભ માટે ધર્મ કરવાનો નથી તો પણ ધર્મ કરવાથી પૌદ્ગલકિ લાભ પણ મળે છે. એમ કહેવામાં લેશ પણ દોષ કે ભ્રાન્તિ નથી. કારણ કે એથી ધર્મની લઘુતા થતી નથી. કિન્તુ એક પ્રકારે મહત્તા જ પ્રતિષ્ઠિત થાય છે.

પરમગુણપ્રકર્ષવાન, અચિન્ત્યશક્તિયુક્ત, પરાર્થરસિક, ત્રૈલોક્યનાયક શ્રી જિનેશ્વરદેવ છે. તેમની મૂર્તિનાં દર્શનાદિ કરવાથી નેત્રની સફલતા, ચિત્તની પ્રસન્નતા, અંતઃકરણની તુષ્ટિ અને શુભ ભાવની વૃદ્ધિ આદિ અવશ્ય થાય છે. શુભ ભાવની વૃદ્ધિથી કર્મક્ષય અને કર્મક્ષયથી સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય છે.

શંકા—મૂર્તિનાં દર્શનથી દેવનાં દર્શન કર્યા જેટલો સંતોષ માનવો, એ શું ઘટિત છે ?

સમાધાન–શ્રી જિનમતમાં દેવની ભક્તિ કરવા માટે દેવની મૂર્તિનું જ આલંબન પ્રધાનપણે લેવાનું ફરમાવ્યું છે. દેવમૂર્તિના આલંબન વિના દેવની ભક્તિ કરવાનું કાર્ય સર્વક્ષેત્ર અને સર્વ કાળમાં અશકયવત્ બને છે. જેઓ દેવની મૂર્તિને માનતા નથી, તેઓ દેવની વિદ્યમાનતા સિવાયના ક્ષેત્રમાં અને કાળમાં દેવની ભક્તિ કરવા માટે અસમર્થ બને છે.

શંકા—દેવની વિદ્યમાનતા સિવાયના ક્ષેત્રમાં અને કાળમાં દેવનું નામ લેવાથી કે દેવની આજ્ઞા પાલવાથી શું દેવની ભક્તિ થઈ શકતી નથી ?

સમાધાન—થઇ શકે છે. તો પણ દર્શન, વંદન, અર્ચન, પૂજન અને ધ્યાનાદિ વડે ભક્તિ કરવા માટે મૂર્તિની પરમ આવશ્યકતા છે. તે કારણે મૂર્તિ સિવાય બની શકતાં નથી જેઓ મૂર્તિ માનવાનો નિષેધ કરે છે, તેઓ દેવનાં દર્શન, વંદન, અર્ચન, પૂજન અને ધ્યાનાદિ દ્વારા થતાં

કર્મનિર્જરા અને પુણ્યબંધનો નિષેધ કરી ઘોર અંતરાય કર્મને ઉપાર્જન કરનારા થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે— "जिणपूआविग्घकरो हिंसाइपरायणो जयइ विग्घं" "શ્રી જિનપૂજામાં અંતરાય કરનારો તથા હિંસાદિ કાર્યોમાં તત્પર રહેનારો અંતરાય કર્મને ઉપાર્જન કરે છે."

શંકા—દેવદર્શનાદિમાં સમય ગાળવા કરતાં જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય કે સામાયિકાદિમાં સમય ગાળવાથી વિશેષ લાભ થાય કે નહિ?

સમાધાન—શ્રી જિનમતમાં દરેક વસ્તુ પોતપોતાના સ્થાનમાં એક સરખી પ્રધાનતા અને ઉપયોગિતા ધરાવે છે. જ્ઞાનાધ્યયનથી નિરપેક્ષ સામાયિક અને સામાયિકથી નિરપેક્ષ જ્ઞાનાધ્યયન જેમ નિષ્ફળ છે, તેમ દેવદર્શનથી નિરપેક્ષ જ્ઞાનાધ્યયન કે સામાયિક પણ નિષ્ફળ છે. જે જ્ઞાન ભણવા છતાં સામાયિકનો ભાવ ઉત્પન્ન ન થાય, તે જ્ઞાન જેમ સફળ નથી, તેમ જે જ્ઞાન ભણવા છતાં દેવભક્તિનો ભાવ પણ ઉત્પન્ન ન થાય, તે જ્ઞાન પણ નિષ્ફળ જ છે. અથવા જેમ જ્ઞાન રહિત સામાયિક કિંમત વિનાનું છે, તેમ દેવભક્તિ રહિત જ્ઞાન કે સામાયિક પણ કિંમત વિનાના છે. અથવા શ્રી જિનમતમાં જેમ સમ્યગ્દર્શનમાં જ્ઞાન અને ચારિત્ર, સમ્યગ્જ્ઞાનમાં દર્શન અને ચારિત્ર તથા સમ્યક્ ચારિત્રમાં જ્ઞાન અને દર્શન મળેલાં છે, તેમ જ્ઞાનાધ્યયનમાં દેવદર્શન અને સામાયિક, સામાયિકમાં જ્ઞાનાધ્યયન અને દેવદર્શન

તથા દેવદર્શનમાં જ્ઞાનાધ્યયન અને સામાયિક માનેલાં છે. એકને સ્વીકારીને બીજાનો નિષેધ કરનારો એકને પણ શુદ્ધ રીતિએ સ્વીકારી શકતો નથી. એકલા જ્ઞાનાધ્યયન કે એકલા સામાયિકને પકડી દેવદર્શનને છોડી દેનારાઓ સમ્યગ્જ્ઞાની કે યથાર્થ ચારિત્રી બની શકતા નથી. જ્ઞાન જેમ અજ્ઞાનથી થનારા આશ્રવને રોકનાર છે અને ચારિત્ર જેમ અવિરતિથી થતા આશ્રવને અટકાવે છે, તેમ દેવભક્તિ પણ મિથ્યાત્વથી આવતા ઘોર આશ્રવને અટકાવનારી છે. શ્રી જિનમતમાં અજ્ઞાન અને અવિરતિથી જેમ કર્મનો આશ્રવ અને બંધ માનેલો છે, તેમ મિથ્યાત્વથી પણ કર્મનો આશ્રવ અને બંધ માનેલો છે. મિથ્યાત્વના આશ્રવને અટકાવવાનું અને બંધને બંધ કરવાનું કાર્ય એકલા જ્ઞાન કે ચારિત્રથી થતું નથી. કિન્તુ તે માટે દેવભક્તિની પણ પરમ આવશ્યકતા છે. 'દેવદર્શન' એ દેવભક્તિનું પરમ પ્રધાન અંગ છે. એ વિના દેવને નમન-વંદન-અર્ચન-પૂજન-ધ્યાનાદિ કાંઈ પણ થઈ શકતું નથી એ કારણે દીર્ઘદર્શી જ્ઞાની મહર્ષિઓએ આબાલવૃદ્ધ સર્વને ઉપકારક દેવદર્શનની પવિત્ર ક્રિયા નિરન્તર કરવા માટે અત્યંત ભારપૂર્વક ઉપદેશ આપ્યો છે. જેનાથી બીજું કાંઈપણ ન બની શકતું હોય, તે પણ શ્રદ્ધાપૂર્વક નિરન્તર દેવદર્શનની ક્રિયામાં રક્ત રહે અને તેને ન છોડે તો તેનો ઉદ્ધાર પણ કાલક્રમે શકય છે. મિથ્યાત્વરૂપી જલથી અને કુગ્રાહ-દુરાગ્રહરૂપી જલજંતુઓથી ભરેલા

આ ભવસાગરને તરી જવા માટે તે પણ એક ફલક-પાટીયું છે. અપૂજ્યની પૂજા અને પૂજ્યની અપૂજા કરીને જીવે આ સંસારમાં જે કર્મસંચય કર્યો છે, તેનું પ્રક્ષાલન કરવાને માટે 'દેવદર્શન' અને 'દેવપૂજન' સમાન બીજું કોઈ જલ નથી. મિથ્યાત્વ એ પરમ રોગ છે, પરમ અંધકાર છે, પરમ શત્રુ છે અને પરમ વિષ છે. દેવદર્શન અને દેવપૂજા એ મિથ્યાત્વરોગનો પ્રતિકાર કરવા માટે પરમ ઔષધ છે. મિથ્યાત્વ અંધકારનું નિવારણ કરવા માટે પરમ દીપક છે. મિથ્યાત્વશત્રુનો ઉચ્છેદ કરવા માટે પરમ શસ્ત્ર છે અને મિથ્યાત્વવિષનો નાશ કરવા માટે પરમ અમૃત છે. મિથ્યાત્વ રોગથી મુક્ત થવા માટે, મિથ્યાત્વ અંધકારને ટાળવા માટે, મિથ્યાત્વ શત્રુનો ઉચ્છેદ કરવા માટે અને મિથ્યાત્વ વિષનો નાશ કરવા માટે દેવદર્શનરૂપી ઔષધ, દીપક, શસ્ત્ર અને અમૃતનો ઉપયોગ કર્યા સિવાય આજ સુધી કોઈને ચાલ્યું નથી, વર્તમાનમાં ચાલતું નથી અને ભવિષ્યમાં ચાલવાનું નથી, એ સત્યને સૌ કોઈએ સત્વર સમજી લેવું જોઇએ અને આત્મોદ્ધાર માટે દેવ-દર્શનાદિ ધર્મક્રિયામાં અધિકાધિક રક્ત બનવું જોઇએ.



શ્રી અરિહંતદેવની પૂજા સંબંધી

શંકા-સમાધાન.

પ્રશ્ન—શ્રી જિનપૂજામાં જલ-વનસ્પતિ આદિ ષડ્જીવનિકાયનો વધ થાય છે, માટે પૂજા કરવા યોગ્ય નથી.

સમાધાન—શ્રી જિનપૂજામાં જલ અને વનસ્પતિ આદિના જીવોનો વધ પણ ગૃહસ્થોને કૂવાના દૃષ્ટાંતથી ગુણકારક માન્યો છે, જેમ કૂવો ખોદવામાં ખોદવાના શ્રમ કરતાં જલની પ્રાપ્તિથી થનારું સુખ અધિક છે, તેમ ગૃહસ્થોને શ્રી જિનપૂજામાં શુભ અધ્યવસાય હોવાથી લાભ અધિક છે, એટલું જ નહિ પણ શ્રી જિનપૂજની પ્રવૃત્તિથી અન્યત્ર સંસારના પ્રયોજનમાં થતા કૃષિ આદિકના અધિક આરંભથી નિવૃત્ત થવાય છે, એમ ઉભય રીતે શ્રી જિનપૂજા ગુણકારક છે.

પ્રશ્ન—શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવાથી તેમને કાંઈ લાભ થતો નથી, માટે તેમની પૂજામાં દ્રવ્યવ્યયાદિ કરવો, તે નિષ્પ્રયોજન છે.

સમાધાન—શ્રી જિનપૂજાથી શ્રી જિનેશ્વરદેવોને ઉપકાર થતો નથી. તો પણ પૂજા કરનારને મન્ત્રાદિના દૃષ્ટાંતથી ઉપકાર અવશ્ય થાય છે. જેમ મંત્રનું સ્મરણ કરવાથી મન્ત્રને અગ્નિનું આસેવન કરવાથી અગ્નિને કે વિદ્યાનો અભ્યાસ કરવાથી વિદ્યાને કાંઈ ઉપકાર થતો નથી, તો પણ સ્મરણ, સેવન અને અભ્યાસ કરનારને વિષ ઉતરવા રૂપ, શીત દૂર થવા રૂપ અને વિદ્યા સિદ્ધ થવા રૂપ ઉપકાર અવશ્ય થાય છે. તેમ શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવાથી તેમને કોઇપણ પ્રકારનો ઉપકાર થતો નથી તો પણ પૂજકને શુભ અધ્યવસાયથી અશુભ કર્મની નિર્જરા તથા વિશિષ્ટ પુણ્યના બંધનો લાભ અવશ્ય થાય છે.

પ્રશ્ન—ભગવાન કૃતકૃત્ય છે. તેમના કોઇપણ પ્રયોજનો બાકી રહ્યાં નથી, તેથી તેમની પૂજા નિરર્થક છે.

સમાધાન—ભગવાન સર્વથા કૃતકૃત્ય છે, માટે જ તેઓ પૂજાને યોગ્ય છે. જેઓ કૃતકૃત્ય થયા છે, જેમનાં સર્વ પ્રયોજનો સિદ્ધ થઈ ચૂકયા છે, તેઓ જ ઉત્કૃષ્ટ ગુણવાન ગણાય છે. એવા ઉત્કૃષ્ટ ગુણવાનની પૂજા કરવી એ સર્વથા યોગ્ય છે.

પ્રશ્ન—શ્રી જિનપૂજા કરવા કરતાં તેમની આજ્ઞાનું પાલન કરવું એ જ શ્રેષ્ઠ છે, કહ્યું છે કે—

'वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम् ।'

'હે વીતરાગ! તારી પૂજા કરતાં પણ તારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે.' તો પછી જેઓ સત્ય બોલે છે, નીતિથી ચાલે છે, તપ કરે છે અને બીજા પણ શ્રી જિનેશ્વરદેવોએ કહેલાં સામાયિકાદિ નિરવદ્ય અનુષ્ઠાનો આચરે છે, તેઓને શ્રી જિનપૂજા કરવાની શું જરૂર છે?

સમાધાન—શ્રી જિનપૂજા કરવી, એ પણ શ્રી જિનેશ્વરદેવોની [૧]આજ્ઞાનું પાલન જ છે. પૂજા કરતાં આજ્ઞાપાલન

૧-કહ્યું છે કે—

'उचितद्रव्यस्तवस्याऽपि आज्ञापालनरूपत्वात् भावस्तवाङ्गतया विधानादिति।'

ધર્મબિન્દુ અધ્યાય ૬-સૂત્ર ૪૬-૪૭.

ઉચિત દ્રવ્યસ્તવ—શ્રી જિનેશ્વરદેવોની દ્રવ્યપૂજા પણ શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાના પાલનરૂપ છે. કારણ કે— દ્રવ્યસ્તવનું વિધાન ભાવસ્તવ—શુદ્ધયતિધર્મના કારણરૂપ છે.

વિષયપિપાસાદિ કારણો વડે સાધુધર્મ રૂપી મન્દિરના શિખર પર આરોહણ કરવાને અસમર્થ છતાં ધર્મને કરવાની ઇચ્છાવાળા પ્રાણીને માટે બીજા મોટા સાવદ્યથી નિવૃત થવાનો બીજો કોઇપણ ઉપાય દેખાતો નથી ત્યારે શ્રી જિનેશ્વરદેવો તેને માટે સદ્દારંભરૂપ શ્રી જિનપૂજાદિ દ્રવ્યસ્તવનો ઉપદેશ આપે છે. કહ્યું છે કે—

" काले सुइभूएणं विसिट्ठपुप्फाइएहिं विहिणा उ ।
सारथुइथोत्तगरुई जिणपूआ होइ कायव्वा ॥ १ ॥"

યોગ્ય કાલે, પવિત્ર બનીને, વિશિષ્ટ પુષ્પાદિ સામગ્રી વડે શ્રેષ્ઠ

શ્રેષ્ઠ છે એ કથન જેઓ પૂજા કરે છે અને સત્ય બોલવું વિગેરે બીજી આજ્ઞાઓને પાળતા નથી, તેઓ માટે છે. પરંતુ જેઓ સત્ય બોલવું વિગેરે બીજી આજ્ઞાઓને પાળે છે અને શ્રી જિનપૂજા કરવાની આજ્ઞાને પાળતા નથી, તેઓની સઘળી પણ ધર્મક્રિયાઓને શાસ્ત્રકારોએ નિષ્ફળ કહી છે. કહ્યું છે કે—

"લાંબા કાળ સુધી તપ તપ્યો, ચારિત્ર પાળ્યું અને ઘણું પણ શ્રુત ભણ્યો છતાં જેને શ્રી જિનપૂજાનો મનોરથ થયો નથી, તેનું સઘળું નિષ્ફળ ગયું સમજવું. શ્રી જિનપૂજાના મનોરથ વિનાનો તપ એ લંઘન છે, ચારિત્ર એ કાયકષ્ટ છે અને શ્રુત એ મિથ્યા છે. શ્રી જિનપૂજા એ મિથ્યાત્વરોગનું ઔષધ છે. એ ઔષધનું જેઓ ભાવથી સેવન કરતા નથી, તેઓનો મિથ્યાત્વરૂપી રોગ નાશ પામતો નથી. મિથ્યાત્વયુક્ત ધર્માનુષ્ઠાનને શાસ્ત્રકારોએ અંક વિનાના મીંડા તુલ્ય ગણેલું છે.

સ્તુતિ અને સ્તોત્રાદિ વડે પ્રધાન એવી શ્રી જિનપૂજા વિધિપૂર્વક (નિરન્તર) કરવી જોઇએ. ૧

દ્રવ્યસ્તવનું ફળ દર્શાવતાં કહ્યું છે કે—

" जिनभवनं जिनबिम्बं जिनपूजां जिनमतं च यः कुर्यात् ।
तस्य नरामरशिवसुखफलानि करपल्लवस्थानि ॥ २ ॥

શ્રી જિનભવન, શ્રી જિનબિમ્બ, શ્રી જિનપૂજા અને શ્રી જિનમતને જે કરે છે, તેને નરસુખો, સુરસુખો અને શિવસુખો રૂપી ફળો કરપલ્લવમાં—હથેલીમાં આવી મળે છે. ૨

એ રીતે શ્રી જિનપૂજાદિ દ્રવ્યસ્તવ પણ ભગવાનની આજ્ઞા—ઉપદેશના પાલન રૂપ જ છે.

પ્રશ્ન—શ્રી જિનપૂજા એ દ્રવ્યસ્તવરૂપ છે અને દાનાદિ ધર્મોનું આસેવન એ ભાવસ્તવરૂપ છે. ભાવસ્તવ કરનારને દ્રવ્યસ્તવની શી જરૂર છે?

સમાધાન—શ્રી જિનમતમાં ધર્મનાં ચાર પ્રકાર કહ્યા છે. દાન, શીલ, તપ અને ભાવ. તેમાં ભાવ વિનાના દાનાદિ ત્રણ ધર્મોને શેરડીના પુષ્પની જેમ નિષ્ફળ માનેલા છે. દાનાદિ ત્રણ ધર્મોને સફળ બનાવનાર 'ભાવ' છે. એ ભાવની પ્રાપ્તિ માટે અનેક પ્રકારો બતાવ્યા છે. તેમાં શ્રી જિનપૂજા મુખ્ય છે. શ્રી જિનપૂજા એ સમ્યક્ત્વને નિર્મળ કરનાર છે. સમ્યક્ત્વની શુદ્ધિ ભાવને વધારે છે અને ભાવની વૃદ્ધિપૂર્વક થતાં ધર્માનુષ્ઠાન, એ જ પરિપૂર્ણ ફળદાયી નિવડે છે. શ્રી જિનપૂજા એ દ્રવ્યસ્તવરૂપ છે તેમ સમ્યક્ત્વની કરણી હોવાથી ભાવધર્મરૂપ પણ છે. દ્રવ્યસ્તવરૂપ હોવાથી શ્રી જિનપૂજા એ જેમ દાનાદિથી ગૌણ છે, તેમ સમ્યક્ત્વની કરણીરૂપ ભાવધર્મરૂપ હોવાથી શ્રી જિનપૂજા એ દાનાદિથી મુખ્ય પણ છે. શ્રી જિનમતમાં સઘળી પ્રરૂપણા ગૌણ મુખ્ય ભાવે હોય છે. એને નહિ સમજનાર એક વસ્તુનું એકાંતે સ્થાપન કરવા જતાં અન્ય વસ્તુનો નિષેધ કરી બેસે છે અને તેથી માર્ગનો લોપ થાય છે.

પ્રશ્ન—દાન, શીલ અને તપ વિનાની શ્રી જિનપૂજા વધે કે શ્રી જિનપૂજા વિનાના દાન, શીલ અને તપ વધે?

સમાધાન—શ્રી જિનપૂજાથી નિરપેક્ષપણે થતા દાન, શીલ

કે તપ એટલા માટે નિરર્થક છે કે તેમાં પોતે આચરેલા સ્વલ્પ દાન, શીલ અને તપની આરાધના છે અને શ્રી જિનેશ્વરોએ આચરેલા અનલ્પ-ઘણા દાન શીલ અને તપની વિરાધના છે. કર્મવશાત્ શક્તિ અને સામર્થ્યના અભાવે દાન, શીલ અને તપનું સેવન ન પણ થઇ શકતું હોય તો પણ શ્રી જિનપૂજામાં રક્ત રહેનાર આત્મા શ્રી જિનેશ્વરદેવોએ આચરેલા અનલ્પ-ઘણા ધર્મનો આરાધક બને છે અને એ દ્વારા કાલક્રમે પોતાના આત્માને ઉંચો ચઢાવનાર થાય છે. મુખ્ય માર્ગ એ છે કે દાન, શીલ અને તપમાં શ્રી જિનપૂજાની સાપેક્ષતા જોઇએ અને શ્રી જિનપૂજામાં દાન, શીલ અને તપની સાપેક્ષતા જોઇએ. જેઓ દાન, શીલ અને તપનું સેવન કરવા છતાં અધિક દાતાર, અધિક શીલવાન્ અને અધિક તપસ્વી એવા શ્રી જિનેશ્વરદેવની પૂજા પ્રત્યે આદરવાળા નથી તથા જેઓ શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવા છતાં અધિક દાતાર અધિક શીલવાન્ અને અધિક તપસ્વી બનવા પ્રત્યે આદરવાળા નથી-તેઓ બન્ને આરાધક નથી. જેમ શ્રી જિનેશ્વરદેવ મહાદાની, મહા શીલવાન અને મહા તપસ્વી છે માટે તેમની નિરંતર પૂજા કરવી જોઇએ. તેમ શ્રી જિનેશ્વરદેવની પૂજા કરનારે દિન-પ્રતિદિન અધિક દાની, શીલવાન અને તપસ્વી બનવા પ્રયાસ કરવો જોઇએ. એ રીતે કરનાર બન્ને આરાધક બને છે.

શ્રી અરિહંત પરમાત્માની ભક્તિનો અચિંત્ય પ્રભાવ અને તેમાં કાવ્યોનું સ્થાન.

મોક્ષમાર્ગની આરાધનાના અનેક યોગો છે, પણ તેમાં ભક્તિ યોગ એ સરળ, સુલભ અને અપેક્ષાએ શીઘ્ર સિદ્ધ થાય એવો યોગ છે. વળી પ્રભુભક્તિગર્ભિત ભાવવાહી કાવ્યો આબાલ-ગોપાલ સર્વને આકર્ષી શકે તેવી વસ્તુ છે. તેનું આલંબન સાધી આત્મા સહેલાઇથી પરમાત્માની સાથે એકાકાર થઇ શકે છે અને આ રીતે એક સાધારણ શિક્ષિત મનુષ્ય પણ આ માર્ગે પ્રયાણ કરી પરંપરાએ પોતાનો આત્મ-નિસ્તાર કરી શકે છે. વળી ભક્તિ એ વૈરાગ્ય અને જ્ઞાનની પૂર્વભૂમિકા છે. તેના અભાવમાં પાયા વિનાની ઇમારતની જેમ વૈરાગ્ય અને જ્ઞાન સ્થિર રહી શકે નહિ માટે જ 'ભક્તિ વિના મુક્તિ નહિ' અને 'ભક્તિ એ મુક્તિની દૂતિ' છે-એમ કહેવાય છે.

અપેક્ષાએ મુક્તિ કરતાં પણ ભક્તિની શ્રેષ્ઠતા દર્શાવતાં કેટલાંક દૃષ્ટાન્તો આપણને જોવા મળે છે. પૂ૦ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે પોતાની એક ગૂર્જર કૃતિમાં કહ્યું છે કે—

"મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબળ પ્રતિબંધ લાગો;
ચમક પાષાણ જેહ લોહને ખિંચશ્યે,
મુક્તિને સહજ તુજ ભક્તિરાગો."

અન્યત્ર એક સ્થળે તેઓશ્રીએ સંસ્કૃત કાવ્યમાં પણ ફરમાવ્યું છે કે—

'सारमेतन्मया लब्धं, श्रुताब्धेरवगाहनात् ।
भक्तिर्भागवती बीजं, परमानंदसम्पदाम् ॥ १ ॥

અર્થ–શ્રુતસાગરનું અવગાહન કરવાથી આ પ્રકારનો સાર મેં પ્રાપ્ત કર્યો છે કે–શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ એ જ એક પરમાનંદ–મોક્ષની સંપદા (લક્ષ્મી)નું બીજ છે.

તાત્પર્ય એ છે કે–પ્રભુભક્તિ અવશ્ય મુક્તિને ખેંચી લાવે છે. ભક્તિ એ મુક્તિનો અમોઘ ઉપાય છે. જેને મુક્તિની ઇચ્છા હોય, તેણે મુક્તિના અનન્ય કારણરૂપ પ્રભુભક્તિને પોતાના આત્મામાં જગાડવી જ જોઈએ. એ પ્રમાણે કાર્ય–કારણની સનાતન વ્યવસ્થા છે. વાસ્તવિક કારણોના સેવન વિના વાસ્તવિક કાર્યની ઉત્પત્તિ કદી પણ થતી નથી.

મુમુક્ષુઓ માટે મોક્ષપ્રાપ્તિ એ કાર્ય છે અને પ્રભુભક્તિ એ એનું કારણ છે. એટલે જેમને કાર્યની ઇચ્છા હોય, તેમણે અવિરતપણે નિયમિત આદર અને બહુમાનપૂર્વક પ્રભુભક્તિમાં લાગી જવું, એ જ કાર્યસિદ્ધિનો મહામંત્ર છે.

ભક્તિપૂર્વક થતી સ્તવનાનો મહિમા અદ્‌ભુત છે. ગુણ બહુમાન પૂર્વકની ભક્તિ સર્વકલ્યાણકારિણી છે. જે જે ગુણો પ્રાપ્ત કરવાનું આપણું ધ્યેય છે, તે તે તમામ ગુણો એક જ જગ્યાએ પરમાત્મામાં પરાકાષ્ઠાએ પહોંચેલા છે. પરમાત્મા એટલે સર્વોત્કૃષ્ટ અનંત ગુણોનું પવિત્ર ધામ. સર્વકલ્યાણકારી સદ્‌ગુણોને એક જ સાથે રહેવા માટેનું જો કોઈ સંકેતસ્થાન હોય, તો તે પરમાત્મા છે જગતમાં એક પણ એવો સદ્‌ગુણ નથી, કે જે પરમાત્મામાં પરાકાષ્ઠાએ વર્તતો ન હોય. જગતમાં પણ જ્યાં જ્યાં સદ્‌ગુણરૂપી ગંગાનો પ્રવાહ વહી રહ્યો છે, ત્યાં ત્યાં તે પ્રવાહ પણ પરમાત્મારૂપી હિમાલયમાંથી નીકળેલો છે. એટલે પરમાત્મા જેમ સર્વ સદ્‌ગુણોનું ધામ છે, તેમ જગતમાં પણ સદ્‌ગુણોનો પ્રવાહ વહી રહ્યો છે તેનું ઉદ્‌ગમસ્થાન પણ પરમાત્મા છે.

આપણને પ્રભુ પ્રત્યે ભક્તિ જાગે છે, તેમાં પણ પરમાત્માની અનંત કરૂણા, સર્વ જીવરાશિને તારવા માટેની તેઓની ઉત્કૃષ્ટ ભાવના અને તેઓની પરોપકારરસિકતા કારણ છે, તેઓની ગુણપ્રકર્ષતા અને અચિંત્ય શક્તિ એમાં કામ કરે છે.

ભગવાનનું નામ લેતાંની સાથે જ કે તેમનું દર્શન કે તેમના સદ્‌ગુણોનું ચિંતવન કરતાની સાથે જ, ભયંકર રાગદ્વેષાદિ ક્લિષ્ટ ભાવોથી અને તે ભાવોના પરિણામે ઉત્પન્ન થનારી દુઃખ, દૌર્ભાગ્ય અને દુર્ગતિ આદિની વિવિધ આપત્તિઓમાંથી બચાવીને ભગવાન આપણું રક્ષણ કરે છે.

તેઓનું સ્મરણ ક્ષણવારમાં આપણા આત્મામાં શુભ ભાવની વૃદ્ધિ કરાવી અને ચિત્તની પ્રસન્નતા વધારી, તેને સ્વર્ગ અને મોક્ષસુખનું ભાજન બનાવે છે.

પ્રભુભક્તિનું તાત્કાલિક ફળ ચિત્તની પ્રસન્નતા છે. અને પરંપરક ફળ સદ્ગતિ તથા મોક્ષ છે. પ્રભુભક્તિના તાત્કાલિક ફળ તરીકે ચિત્તની પ્રસન્નતાનું પણ રાગ-દ્વેષથી ભરેલા આ સંસારમાં ઘણું મોટું મૂલ્ય છે. ખરી રીતે આ ચિત્તની પ્રસન્નતા એ જ મનુષ્યનું આંતર્ ધન છે અને તે બાહ્ય-અભ્યંતર તમામ ઋદ્ધિ-સિદ્ધિનું પરમ કારણ છે. આ ચિત્તની પ્રસન્નતા ત્રણ ભુવનની બાહ્ય સંપત્તિ કરતાં પણ અધિક છે: ત્રણ ભુવનનું ઐશ્વર્ય પ્રાપ્ત થયું હોય, પણ જો ચિત્ત પ્રસન્ન નથી હોતું. તો તે ઐશ્વર્ય ઉલટું કષ્ટકારક બને છે. અને જો ચિત્તની પ્રસન્નતા હોય, તો ગમે તેવા કપરા સંજોગોમાં પણ કષ્ટનો અનુભવ થતો નથી, પરંતુ તેવા પ્રસંગે પણ આનંદનો અનુભવ થાય છે.

આ રીતે પ્રત્યક્ષ અને પરોક્ષપણે ભગવાન તરફથી અનંત ઉપકારો આપણા ઉપર થઈ રહેલ છે, આવું જે સમજે છે, તે કૃતજ્ઞ આત્મા જળ વિના માછલીની જેમ એક ક્ષણ પણ પ્રભુના સ્મરણ વિના રહી શકતો નથી.

પરમાત્મગુણો પ્રત્યેના બહુમાનના પરિણામપૂર્વક કરાતી ભક્તિ એ પાપવનને બાળી નાખવા માટે દાવાનળ સમાન છે, કારણ કે તેમાં ગુણપ્રકર્ષતાની ટોચે પહોંચેલા ભગવાન

પ્રત્યેનું બહુમાન છે. આ બહુમાનનો પરિણામ કામધેનુ, કામકુંભ અને ચિંતામણિ રત્ન કરતાં પણ અધિક પ્રભાવયુક્ત છે.

જીવનમાં ભક્તિરસનો આસ્વાદ લઈને તૃપ્ત થયેલા અનુભવસિદ્ધ મહાપુરુષોએ શાસ્ત્રોમાં ફરમાવ્યું છે કે પરમાત્મા પ્રત્યેની ભક્તિના પરિણામથી સમકિતની નિર્મળતા થાય છે, જ્ઞાનપ્રકાશ વધે છે અને ચારિત્રની સ્થિરતા થાય છે.

વળી તે જ મહાપુરુષો સ્પષ્ટ રીતે ફરમાવે છે કે ઉત્તમ કાવ્યો દ્વારા પરમાત્માના ગુણોને વાણીમાં ઉતારવાથી, પોતાના ચિત્તને પરમાત્માના ગુણોમાં પરોવી શકાય છે અને પરમાત્માના ગુણોમાં ચિત્તની તન્મયતા થવાની અનેક ભવસંચિત પાપપુંજો ક્ષણવારમાં નષ્ટ થઈ જાય છે. હૃદયમાં પરમાત્માના ગુણોની સ્થિરતા થવાથી કર્મના દૃઢ બંધનો પણ શિથિલ થઈ જાય છે. પરમાત્માના ગુણોનું ધ્યાન, ચિંતન અને વારંવાર સ્મરણ થવાથી દુરુચ્છેદ્ય અને દીર્ઘ એવા સંસારનો પણ શીઘ્ર ઉચ્છેદ થઈ જાય છે.

ભક્તિરસપ્રધાન કાવ્યોનું નિત્ય નિયમિત રટણ કરનાર ભવ્ય આત્માને પોતે સમજી શકે તેવી અનેક પ્રકારની અનુભૂતિ પણ થવા લાગે છે. જેમ કે જાણે પરમાત્માની સાથે પોતાની એકાગ્રતા વધતી જતી હોય, જાણે દિન-પ્રતિદિન પોતામાં પાપવૃત્તિ ઘટતી જતી હોય, જાણે હૃદયમાં પવિત્રતાનો વધારો થતો હોય, જાણે બુદ્ધિ સૂક્ષ્મ અને નિર્મળ બનતી હોય અને જાણે અંતઃકરણમાં ધર્મબીજનું વાવેતર થઈ રહ્યું હોય, એવો અનુભવ થવા લાગે છે. સંક્ષે-

પમાં જો કહેવું હોય, તો પ્રભુભક્તિથી શુભ ભાવની દિન-પ્રતિદિન વૃદ્ધિ થાય છે. વળી એ શુભ ભાવની વૃદ્ધિ ક્રમ-સર ઉપર-ઉપરના ગુણસ્થાનોને પ્રાપ્ત કરાવી, અંતે આત્માને વિકાસની પરાકાષ્ઠાએ પહોંચાડી અને જીવને સર્વ કર્મથી રહિત બનાવી મોક્ષનું અનંત સુખ પ્રાપ્ત કરાવવા માટે સમર્થ બને છે.

આ રીતે પ્રભુભક્તિ એ સર્વ કલ્યાણનું અમોઘ બીજ છે. સર્વ કર્મના ક્ષયરૂપ તથા અનંત સુખના ભંડારસ્વરૂપ મોક્ષપ્રાપ્તિ માટે શક્ય પુરુષાર્થ કર્યા કરવો, એ જ આ દુર્લભ મનુષ્યજન્મમાં કરવા લાયક ઉત્તમોત્તમ કલ્યાણ સાધના છે.

ગુણવાનોના ગુણોનું ઉત્કીર્તન કરવું, એ પ્રાપ્ત થયેલ વાચાનું સાચું ફલ છે અને એ જ દૃષ્ટિએ પ્રભુગુણરસિક એવા મહાપુરુષોએ પરમાત્મગુણો પ્રત્યે પોતાની શ્રદ્ધા અને ભક્તિ વ્યક્ત કરવા માટે ભક્તિરસથી ભરપૂર અનેક ભાવ-વાહી કાવ્યોની રચના કરી છે. સામાન્ય રીતે ગદ્યરચના કરતાં પદ્ય (કાવ્યમય) રચનામાં કંઠસ્થ રાખવાનું વધારે સરળ પડે છે. કાવ્યો કંઠસ્થ થયા પછી, તેને અનુકૂળતા મુજબ ગમે તે સમયે સ્વતંત્ર રીતે પુનઃ પુનઃ રટણ અને અનુપ્રેક્ષા કરવા દ્વારા તેના સંસ્કારો હૃદયમાં ઊંડે સુધી ઉતારી શકાય છે, કે જે સંસ્કારો જન્માંતરમાં પણ ભક્તિ-ભાવની જાગૃતિમાં નિમિત્ત બની જીવને સહેલાઇથી કલ્યાણ-સાધનામાં આગળ વધારે છે.

એવો એક સામાન્ય નિયમ છે કે માણસ જેવું ગાય છે, તેવું જ ધીમે ધીમે તેનું ઘડતર થતું જાય છે. ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને બીજા પણ સદ્‌ગુણપોષક કાવ્યોનું જો નિયમિત રીતે વારંવાર રટણ કરવામાં આવે, તેને મનપૂર્વક ભાવિત કરવામાં આવે, તો અંતરાત્મામાં છૂપાએલ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યાદિના સંસ્કારોને પ્રગટ કરવાની સુંદર તક મળે છે. મનુષ્યનું મન એ અનેક પ્રકારના સંસ્કારોનું એક મોટામાં મોટું સંગ્રહસ્થાન છે. તેમાં શુભ ભાવો પણ છે અને અશુભ ભાવો પણ છે. દયા, દાન, પ્રેમ, કૃતજ્ઞતા, પરોપકાર, ભક્તિ, શ્રદ્ધા. મૈત્રી આદિ ભાવો–એ શુભ ભાવો ગણાય છે અને ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા, અસૂયા, અશ્રદ્ધા, કૃતઘ્નતા અને કેવળ સ્વાર્થપરાયણતાદિ અશુભ ભાવો ગણાય છે.

આ શુભાશુભ ભાવો નિમિત્ત પામીને પ્રગટ થાય છે ઉત્તમ સંસ્કારપોષક શુભ ભાવોને પ્રગટ થવાની જો વારંવાર તક આપવામાં આવે તો સહજ ભાવે મન પોતે જ સુસંસ્કારોના રંગથી રંગાઈ જાય છે. પછી તો વારંવારના અભ્યાસના બળથી તે સ્વભાવ જ બની જાય છે. આ રીતે પ્રયત્ન દ્વારા અનેક મહાપુરુષોએ પોતાના મનને પવિત્ર બનાવી તેની પાસેથી મહાન લાભ ઉઠાવ્યો છે. બંધ અને મોક્ષ–એ બંને મનને આધીન છે. જો મન સુધરે છે, તો વિચારો પણ સુધરે છે અને વિચારોની અસર આચરણ ઉપર પણ પડે છે.

આ રીતે પ્રભુભક્તિમાં કાવ્યો એ ઘણી ઉપયોગી વસ્તુ બને છે. ભક્તિરસથી ભરપૂર ઉત્તમ કાવ્યોનું આલંબન લઈને, પ્રભુગુણમાં અનુરાગી અનેક ભવ્ય આત્માઓ આજે પણ પ્રભુભક્તિમાં તરબોળ થઈ પોતાના આત્માનો વિકાસ સાધી રહ્યા છે, એવું આપણને ઘણે સ્થળે જોવા મળે છે.

આવા પ્રભુભક્તિરસિક ભાવિક જીવો સાજ-સામગ્રીપૂર્વક રાગ-રાગિણીથી ઉત્તમ કાવ્યો દ્વારા જ્યારે ભક્તિરસની જમાવટ કરે છે, ત્યારે તે દૃશ્ય અલૌકિક બની જાય છે. તે વખતે વાતાવરણમાં જાણે રસાધિરાજ શાન્તરસે મૂર્તસ્વરૂપ ધારણ કર્યું હોય, એમ અનુભવાય છે. ભક્ત શ્રોતાઓ ભક્તિ-રસમાં તરબોળ બની જાય છે. આવા ભક્તિપ્રસંગોમાં અનેક ભવ્ય જીવોના હૃદયમાં ભક્તિના તાર ઝણઝણી ઉઠે છે. આંખોમાંથી હર્ષનાં અશ્રુ વહેવાં માંડે છે, વારંવાર રોમાંચનો અનુભવ કરે છે "અનંતકાળે આજે જ મને પરમાત્મભક્તિની આવી અપૂર્વ તક મલી" "આનાથી વિશેષ કાર્ય આ જગતમાં બીજું કોઇ નથી" એવી જાતના શુભ ધ્યાનનાં મોજાંઓ તેના અંતઃકરણમાં ઉછળવા માંડે છે અને એ રીતે પ્રમોદપૂર્ણ બની પોતાના આત્મામાં ધર્મબીજનું વાવેતર કરનાર બને છે શ્રદ્ધાના જલપૂર્વક; હૃદયના ઉલ્લાસ અને પ્રમોદપૂર્વકની ભક્તિના અનુબંધવાળા બીજનું વાવેતર જ્યારે આત્મામાં થાય છે, ત્યારે તેમાંથી પુષ્ટ થતું કલ્યાણ-વૃક્ષ કદી પણ નિષ્ફળ જતું નથી, પરંતુ તે અવશ્ય ફળી-ભૂત થાય છે. પ્રભુભક્તિની આવી ધન્ય પળ ઉત્તમ જીવોને યાવત્ શ્રી તીર્થંકરપદ સુધી પહોંચાડવા પણ સમર્થ બને છે. આ રીતે પ્રભુભક્તિનો પરિણામ પરમકલ્યાણકારી બને છે.

અહીં હવે પછીના પ્રકરણમાં ભક્તિરસપ્રધાન ૧૦ કાવ્યો રજૂ કરવામાં આવ્યા છે, અને તેનો સામાન્ય શબ્દાર્થ પણ આપવામાં આવ્યો છે. દૂધ એકલું પણ મધુર હોય છે પણ તેમાં જ્યારે સાકર ભળે છે, ત્યારે તેની મધુરતા વિશેષ અભિવ્યક્ત થાય છે, તેમ આ ભાવવાહી સ્તવનોના અર્થનું જો જ્ઞાન હોય તો તે બોલતી કે સાંભળતી વખતે વિશેષ આનંદ પ્રગટે તે સ્વાભાવિક છે. તેથી સામાન્ય બોધવાળા ભક્તિવંત જીવોને ઉપયોગી થાય તે રીતે આ પદો અર્થ સહિત પ્રગટ કરવામાં આવ્યાં છે.

મહાપુરુષોની કાવ્યરચના અનેક અપેક્ષાઓથી ભરપૂર અને ગંભીર હોય છે, તેના ઉપર ગમે તેટલું વિવેચન કરવામાં આવે તો પણ તે અપૂર્ણ જ બની રહે છે. તેમાંના ગંભીર ભાવોને સમજવા માટે તો સાક્ષાત્ ગીતાર્થ પુરુષો પાસે વસીને નમ્રભાવે જાણવા પ્રયત્ન કરવો એ જ એનો ઘોરી માર્ગ છે. તેમ છતાં સૌ કોઇને એવો સુયોગ પ્રાપ્ત થઇ શકતો નથી, તેવા આત્માર્થી જીવો પણ આ પદોના સામાન્ય અર્થ સમજી તેમાં પ્રવેશ કરશે તો તેના વિશેષ અર્થ જાણવાની તેમને અવશ્ય જિજ્ઞાસા ઉત્પન્ન થશે અને તેઓ ગીતાર્થ મહાપુરુષોનું શરણું શોધી તેના ગંભીર અર્થને પણ સમજવા માટે પ્રયત્નશીલ બનશે એવી ધારણા રાખી અહીં માત્ર સામાન્ય શબ્દાર્થ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ભાવવાહી સ્તવનો આદિ.

* પરમાત્મભક્તિ અનંતગુણની ખાણ સ્વરૂપ છે. તેથી ભવ્યાત્માઓના કલ્યાણ માટે અનેક અપેક્ષા-પૂર્વક પરમાત્માની સ્તવના ભક્તહૃદય અનુભવી પુરુષોએ કરી છે. તેમાંથી ભાવવાહી સ્તવનો તથા પ્રભુભક્તિ માટેની વિવિધ અપેક્ષા દર્શાવતું કેટલુંક લખાણ અહીં આ પ્રકરણમાં રજુ કરવામાં આવેલ છે.

મહાપુરુષોની રચના ગંભીર આશયોથી ભરપૂર હોય છે તેથી એનો વિશેષ અર્થ ગુરુગમથી જાણવા ભલામણ છે.

મનમંદિરમાં પ્રભુજીની પધરામણી માટે પ્રાર્થના.

(પ્રેક્ષક વિધિ જોતાં થકાં રે–એ દેશી)

શ્રી વર્ધમાન જિનરાજીઆ રે,
રાજનગર શણગાર રે; સુખ દરિઆ!
વાલેસર સુણેા વિનતી રે,
તું મુજ પ્રાણ આધાર રે. ગુણ ભરિઆ! ૧
તુજ વિણ હું ન રહી શકું રે,
જિમ બાલક વિણ માત રે, સુખ૦
ગાઇ દિન અતિવાહીએ, તાહરા ગુણ અવદાત રે. ગુણ૦ ૨
હવે મુજ મંદિર આવીયે રે,
મ કરેા દેવ! વિલંબ રે; સુખ૦
ભાણા ખડખડ કુણ ખમે રે,
પૂરેા આશ્યા (અ) લંબ રે. ગુણ૦ ૩

શ્રી રાજનગરના શણગારરૂપ! સુખના સમુદ્ર! હે વહાલા સ્વામી! શ્રી વર્ધમાન જિનરાજ! મારી વિનતી સાંભળેા. હે ગુણથી ભરેલા પ્રભુ! તમે મારા પ્રાણના આધાર છેા. ૧

હે પ્રભુ! જેમ માતા વિના બાળક રહી શકતું નથી. તેમ હું તમારા વિના રહી શકતેા નથી, તમારા નિર્મળ ગુણેા ગાઈ ગાઇને દિવસેા પસાર કરું છું. ૨

હે દેવ! હવે મારા મનમંદિરમાં આપ પધારેા. વિલંબ ન કરેા. ભેાજન ન મળે અને વાસણ ખખડયા કરે એ દુઃખ કેાણ ખમી શકે? માટે વગર વિલંબે મારી આશા આપ પૂર્ણ કરેા. ૩

મનમંદિર છે માહરું રે,
પ્રભુ! તુજ વસવા લાગ રે; સુખ૦
માયા-કંટક કાઢીયા રે,
કીધો ક્રોધ-રજ ત્યાગ રે. ગુણ૦ ૪
પ્રગટી સુરુચિ-સુવાસના રે,
મૃગમદ મિશ્ર કપૂર રે; સુખ૦
ધૂપઘટી ઈહાં મહમહે રે,
શાસન-શ્રદ્ધા પુર રે. ગુણ૦ ૫
ક્રિયા શુદ્ધ બિછાવણા રે,
તકિઆ પંચ આચાર રે; સુખ૦
ચિહું દિશિ દીવા ઝગમગે રે,
જ્ઞાન રતન વિસ્તાર રે. ગુણ૦ ૬

હે પ્રભુ! મારું મનમંદિર (મનરૂપ મંદિર) તમારે રહેવા યોગ્ય કર્યું છે. તેમાંથી માયારૂપી કાંટાઓ કાઢી નાંખ્યા છે-દૂર કર્યા છે, ક્રોધરૂપ રજ (ધૂળ)ને ફેંકી દીધી છે. વાળી-ચોળીને સાફ કરેલ છે. ૪

સુરુચિ સમકિતદૃષ્ટિરૂપ સુવાસના પ્રગટી છે. સમકિતથી મારા મનમંદિરને સુવાસિત-સુગંધી કરેલ છે. આપના શાસનની શ્રદ્ધારૂપ કસ્તૂરી અને કપૂરથી યુક્ત ધૂપઘટા અહીં મઘમઘી રહી છે.-સુગંધ ફેલાવી રહેલ છે. ૫

શુદ્ધ ક્રિયારૂપ બીછાના-આસન મારા મનમંદિરમાં પાથર્યાં છે. પાંચ આચારરૂપી તકીયા ગોઠવ્યા છે. જ્ઞાનના વિસ્તારરૂપ રત્નમય દીવાઓ ચારેય દિશામાં ઝગમગી રહ્યા છે,-પ્રકાશી રહ્યા છે. ૬

અધ્યાતમ ધજ લહલહે રે,
મણિ તોરણ સુવિવેક રે; સુખ૦
ગમા પ્રમાણ ઇહાં ઓરડા રે,
મણિ પેટી નય ટેક રે. ગુણ૦ ૭

ધ્યાન-કુસુમ ઇહાં પાથરી રે,
સાચી સમતા સેજ રે, સુખ૦
ઇહાં આવી પ્રભુ ! બેસીએ રે,
કીજે નિજ ગુણ હેજ રે. ગુણ૦ ૮

મનમંદિર જો આવશ્યો રે,
એકવાર ધરી પ્રેમ રે; સુખ૦
ભગતિભાવ દેખી ભલો રે,
જઈ શકશ્યો તો કેમ રે. ગુણ૦ ૯

મારા મનમંદિરમાં અધ્યાત્મરૂપ ધ્વજ ફરકી રહ્યો છે. અને ઉત્તમ વિવેકરૂપી મણિમય તોરણો બાંધેલા છે. ગમા (સરખા પાઠ-સિદ્ધાંતના આલાવા) અને પ્રમાણ (સ્યાદ્વાદ)રૂપી ઓરડાઓ છે. નય અને નિયમોરૂપી મણિઓથી ભરેલી પેટીઓ છે. ૭

ધ્યાનરૂપી પુષ્પો મારા મનમંદિરમાં પાથર્યાં છે. અને તેમાં સાચી સમતારૂપ શય્યા બીછાવી છે, હે પ્રભુ ! આ મારા મનમંદિરમાં આવીને બેસો અને તેમાં પોતાના ગુણો વડે આનંદ કરો. ૮

એક વખત પ્રેમ ધારણ કરી-પ્રેમપૂર્વક મારા મનમંદિરમાં આપ પધારશો તો મારો સુંદર ભક્તિભાવ જોઈ આપ

અરજ સુણી મન આવીયા રે,
વીર જિણંદ મયાલ રે; સુખ૦
ઓચ્છવ રંગ વધામણા રે,
પ્રગટયો પ્રેમ વિશાલ રે. ગુણ૦ ૧૦
અર્ઘપાદ્ય કરૂણા ક્ષમા રે,
સત્ય વચન તંબોલ રે, સુખ૦
ધરશું તુમ સેવા ભણી રે,
અંતરંગ રંગરોલ રે. ગુણ૦ ૧૧
હવે ભગતિરસ રીઝીયો રે,
મત છોડો મન-ગેહ રે; સુખ૦
નિરવહજો ઇહી પરે રે,
સાહિબ સુગુણ સનેહ રે. ગુણ૦ ૧૨

તેમાંથી કેમ બહાર જઈ શકશો ? અર્થાત્ પછી તો આપ મારા મનમંદિરમાં કાયમ માટે રહેવાના. ૯

આ પ્રમાણે અરજી સાંભળી દયાળુ શ્રી વીર જિનેશ્વર મારા મનમંદિરમાં પધાર્યા. ઉત્સવ અને આનંદ વધામણા થયા. પ્રભુજીને વધાવ્યા અને વિશાળ પ્રેમ તેમની સાથે પ્રગટ થયો. ૧૦

કરુણા-દયા અને ક્ષમારૂપ પૂજાની સામગ્રીથી તેમનું સ્વાગત કર્યું, સત્ય વચનરૂપી તંબોલ આપ્યું. હે પ્રભુ! તમારી સેવા માટે આંતરિક આત્મિક આનંદનો સમૂહ ધારણ કરશું. ૧૧

હે પ્રભુ! મારી ભક્તિના રસથી આપ પ્રસન્ન થયા છો,

ભ્રમર સહજ ગુણ કુસુમનો રે,
અમર-મહિત જગનાથ રે; સુખ૦
જો તું મનવાસી થયો રે,
તો હુંઓ સનાથ રે. ગુણ૦ ૧૩

શ્રી નયવિજય વિબુધ તણો રે,
અરજ કરે ઈમ શિશ રે; સુખ૦
રમજો મુજ મન-મંદિરે રે,
પ્રભુ ! પ્રેમ ધરી નીશ-દિશ રે. ગુણ૦ ૧૪

હવે મારા મનમંદિરને આપ છોડતા નહિ. હે સાહેબ! હે સદ્‌ગુણી સાહેબ ! આપ મારા સ્નેહને સારી રીતે નિભાવજો. ૧૨

જેમ ભ્રમર સહજ રીતે પુષ્પના સુગંધપણારૂપ ગુણથી પુષ્પમાં નિવાસ કરે છે, તેમ દેવો વડે પૂજાયેલ હે શ્રી જગનાથ-વીર પરમાત્મા ! જો તમે મારા મનમાં નિવાસ કરનારા થયા છો તો હું સનાથ-નાથ સહિત થયો છું. ૧૩

શ્રી નયવિજયજી પંડિતના શિષ્ય શ્રી યશોવિજયજી વાચક વિનતિ કરે છે કે-હે પ્રભુ ! તમે પ્રેમ ધારણ કરીને -મારી ઉપર પ્રેમ રાખીને મારા મન-મંદિરમાં રાત-દિવસ રમણ કરશો. ૧૪

મનમંદિરમાં પ્રભુજીની પધરામણીથી પ્રગટેલો આનંદ.

(સમકિત દ્વાર ગભારે પેસતાજી-એ દેશી)

દુઃખ ટળિયાં મુખ દીઠે મુજ સુખ ઉપન્યાં રે,
ભેટ્યા ભેટ્યા વીર જિણંદ રે;
હવે મુજ મંદિરમાં પ્રભુ આવી વસો રે,
પામું પામું પરમાનંદ રે. દુઃખ૦ ૧

પીઠબંધ ઇહાં કીધો સમકિત વજ્રનો રે,
કાઢયો કાઢયો કચરો તે ભ્રાંતિ રે;
ઇહાં અતિ ઉંચા સોહે ચારિત્ર ચંદુઆ રે,
રૂડી રૂડી સંવર ભીત્તિ રે. દુઃખ૦ ૨

હે પ્રભુ! આપનું મુખ જોવાથી મારા દુઃખો દૂર થયા છે અને મને સુખો પ્રાપ્ત થયા છે. હે વીર જિનેન્દ્ર! હું આપને ભેટ્યો. હે પ્રભુ! હવે મારા મનરૂપી મંદિરમાં આવીને આપ રહો. જેથી હું પરમ આનંદ પામું. ૧

મેં મારા મનરૂપી મંદિરમાં સમકિતરૂપી વજ્રની પીઠ બાંધી છે. મેં તેમાંથી ભ્રાંતિરૂપી કચરાને દૂર કર્યો છે. તેમાં ચારિત્રરૂપી ચંદરવા ઘણા ઉંચા શોભે છે. તે મનમંદિરમાં સંવરરૂપી ભીંતો ઘણી સારી છે. ૨

કર્મ વિવર ગોખે ઇહાં મોતી ઝુંમણા રે,
ઝુલઇ ઝુલઈ ધી ગુણ આઠ રે;
બાર ભાવના પંચાલી અચરજ કરે રે,
કોરી કોરી કોરણી કાઢ રે. દુઃખ૦ ૩

ઇહાં આવી સમતારાણીશ્યું રમો રે,
સારી સારી થિરતા સેજ રે;
કિમ જઈ શકશ્યો એક વાર જો આવશો રે,
રંજ્યા રંજ્યા હિયડાની હેજ રે. દુઃખ૦ ૪

વયણ અરજ સુણી પ્રભુ મનમંદિર આવીયા રે,
આપે તૂહા તૂહા ત્રિભુવન ભાણ રે;
શ્રી નયવિજય વિબુધ પય સેવક ઇમ ભણે રે,
તેણિ પામ્યા કોડિ કલ્યાણ રે. દુઃખ૦ ૫

મારા મનમંદિરમાં કર્મવિવરરૂપી ગોખમાં બુદ્ધિના આઠ ગુણરૂપ મોતીના ઝુમણા ઝુલે છે. બાર ભાવનારૂપી પુતળીઓ આશ્ચર્ય ઉપજાવે છે. તે મંદિરમાં કોરી કોરીને કોરણી-કોતરણી કાઢી છે. ૩

આ મારા મનમંદિરમાં આપ પધારી સમતારૂપી રાણી સાથે રમો. તેમાં સ્થિરતારૂપી શય્યા-પથારી ઘણી સુંદર છે. જો તમો એકવાર આવશો તો તેમાંથી કઇ રીતે જઈ શકશો ? એક વખત હૈયાથી રંગાશો એટલે પછી તેમાંથી જઈ શકશો નહિં. ૪

આ પ્રમાણે અરજીના વચન સાંભળી પ્રભુ મનમંદિરમાં પધાર્યા. અને ત્રણ ભુવનમાં સૂર્ય સમાન એવા પ્રભુ

ભાવપૂજાનું રહસ્ય.

(શાલિભદ્ર ભોગી રહ્યો—એ દેશી)

પૂજાવિધિ માંહે ભાવિયેજી, અંતરંગ જે ભાવ;
તે સવિ તુજ આગલ કહું જી, સાહેબ સરલ સ્વભાવ,
સુહંકર ! અવધારો પ્રભુ પાસ ! (એ આંકણી) ૧

દાતણ કરતાં ભાવિયેજી, પ્રભુ ગુણ જળ મુખ શુદ્ધ;
ઉલ ઉતારી પ્રમત્તતાજી, હો મુજ નિર્મલ બુદ્ધ. સુહંકર૦ ૨

પોતે તુષ્ટ થયા. શ્રી નયવિજયજી પંડિતના ચરણથી સેવા કરનાર શ્રી યશોવિજયજી વાચક એમ કહે છે કે–તેથી કરોડો કલ્યાણ પામીએ. ૫

હે પાર્શ્વનાથ પ્રભુ ! સાહેબ ! આપની પૂજા કરતા–ભાવપૂજા કરતાં અંતરંગ જે ભાવ ભાવીએ–વિચારણા કરીએ તે સર્વ આપની આગળ સરળ સ્વભાવે કહું છું. હે શુભને કરનારા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ! આપ મારી વિચારણાને ધ્યાનમાં લો. ૧

(હવે પ્રભુની પૂજા કરનારે શરીરની બાહ્યશુદ્ધિ કરતી વખતે જે ભાવના ભાવવાની છે તે બતાવે છે :—)

મુખશુદ્ધિ માટે દાતણ કરતાં એમ વિચારવું કે પ્રભુના ગુણરૂપી જળથી મુખને શુદ્ધ કરું છું, પ્રમાદપણારૂપ ઉલ ઉતારીને મારી બુદ્ધિ નિર્મળ થાઓ. ૨

જતનાએ સ્નાન કરીજીએજી, કાઢો મેલ મિથ્યાત;
અંગુછો અંગ શોષવીજી, જાણું હું અવદાત. સુહંકર૦ ૩
ક્ષીરોદકના ધોતીયાજી, ચિંતવો ચિત્ત સંતોષ;
અષ્ટ કર્મ સંવર ભલોજી, આઠપડો મુખકોષ. સુહંકર૦ ૪
ઓરસીયો એકાગ્રતાજી, કેસર ભક્તિ કલ્લોલ;
શ્રદ્ધા ચંદન ચિંતવોજી, ધ્યાન ઘોલ રંગરોલ. સુહંકર૦ ૫
ભાલ વહું આણા ભલીજી, તિલક તણો એહ ભાવ;
જે આભરણ ઉતારીયેજી, તે ઉતારો પરભાવ. સુહંકર૦ ૬

યતનાપૂર્વક સ્નાન કરીએ અને મિથ્યાત્વરૂપ મેલને કાઢીએ-દૂર કરીએ. તપ દ્વારા અંગને સુકવી નાંખવું તે અંગુછાથી-ટુવાલથી અંગને લૂંછી નિર્મળ કરવું એમ હું જાણું છું. ૩

ચિત્તમાં સંતોષ રાખવારૂપ ક્ષીરસમુદ્ર જેવા શ્વેત ધોતીયા સમજવા. આઠ કર્મને રોકવારૂપ સુંદર આઠ પડો મુખકોશ સમજવો. ૪

ચિત્તની એકાગ્રતારૂપ ચંદન-કેસર ઘસવાનો ઓરસીયો સમજવો. ભક્તિના તરંગોરૂપી કેસર સમજવું. શ્રદ્ધારૂપી ચંદન વિચારવું અને ધ્યાનરૂપી ઘોળના રંગનો રોલ વિચારવો. ૫

કપાલ પર તિલક કરતાં એમ વિચારવું કે-હું પરમાત્માની આજ્ઞાને કપાળમાં-મસ્તકે ધારણ કરું છું.-વહન કરું છું. આભરણ ઉતારતા ભાવના કરવી કે- હું આત્મામાંથી પરભાવને ઉતારું છું,-તજી દઉં છું. ૬

જે નિર્માલ્ય ઉતારિયેજી, તે તો ચિત્ત ઉપાધિ;
પખાલ કરતાં ચિંતવોજી, નિર્મલ ચિત્ત સમાધિ. સુહંકર૦ ૭
અંગલુહણાં બે ધર્મનાજી, આતમ સ્વભાવ જે ચંગ;
જે આભરણ પહેરાવીએજી, તે સ્વભાવ નિજ ચંગ.
સુહંકર૦ ૮
જે નવવાડ વિશુદ્ધતાજી, તે પૂજા નવ અંગ;
પંચાચાર વિશુદ્ધતાજી. તેહ ફૂલ પંચરંગ. સુહંકર૦ ૯
દીવો કરતા ચિંતવોજી, જ્ઞાન-દીપક સુપ્રકાશ;
નય ચિતા ઘૃત પૂરિયુંજી, તત્ત્વ પાત્ર સુવિલાસ. સુહંકર૦ ૧૦

નિર્માલ્ય (પ્રભુજી ઉપર ચઢેલા આગળના દિવસના ફૂલ વગેરે) ઉતારતાં વિચારવું કે હું મનની બધી ઉપાધિઓને દૂર કરું છું, પ્રક્ષાલ કરતી વખતે નિર્મળ ચિત્તની સમાધિ વિચારવી. ૭

દેશવિરતિધર્મ અને સર્વવિરતિધર્મરૂપ બે અંગલૂંછણાથી આત્મસ્વભાવરૂપ અંગને શુદ્ધ કરીએ. પ્રભુજીને જે આભરણ-આભૂષણ પહેરાવીએ, તે પોતાનો મનોહર આત્મભાવ ધારણ કરીએ. ૮

જે બ્રહ્મચર્યની નવ વાડનું વિશુદ્ધપણું તે નવ અંગની પૂજા સમજવી. પાંચ આચાર (જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર તપઆચાર અને વીર્યાચાર) ની વિશુદ્ધતા તે પાંચ વર્ણના પુષ્પો સમજવા. ૯

દીપકપૂજા કરતાં વિચારવું કે— જ્ઞાનરૂપ દીપક અત્યંત પ્રકાશવાળો છે, તેમાં નયોની વિચારણારૂપ ઘી પૂરેલું છે, અને નવતત્ત્વોરૂપ અત્યંત મનોહર પાત્ર (કોડીયું) છે. ૧૦

ધૂપ રૂપ અતિ કાર્યતાજી, કૃષ્ણાગરુનો જોગ;
શુદ્ધ વાસના મહમહેજી, તે તો અનુભવ યોગ. સુહંકર૦ ૧૧
મદસ્થાનક અડ છાંડવાજી, તેહ અષ્ટ મંગલિક;
જે નૈવેદ્ય નિવેદીયેજી, તે મન નિશ્ચલ ટેક. સુહંકર૦ ૧૨
લવણ ઉતારી ભાવીએજી, કૃત્રિમ ધર્મનો રે ત્યાગ;
મંગલદીવો અતિભલોજી, શુદ્ધ ધર્મ પરભાગ. સુહંકર૦ ૧૩
ગીત, નૃત્ય-વાજિંત્રનોજી, નાદ અનાહત સાર;
શમ-રતિ રમણી જે કરીજી, તે સાચો થેઈકાર. સુહંકર૦ ૧૪

અતિ-વિવિધ પ્રકારની ક્રિયા (ચરણસિત્તરી, કરણ-સિત્તરીરૂપ ક્રિયા)રૂપ કૃષ્ણાગરુના સંયોગવાળો ધૂપ કરવો અને તેમાંથી જે સુંદર-શુદ્ધ સુગંધ મઘમઘે છે તે અનુભવ યોગ સમજવો. ૧૧

આઠ મદસ્થાનોનો-આઠ મદોનો જે ત્યાગ કરવો તે આઠ માંગલિક સમજવા. અને મનની નિશ્ચલ ટેક-મનની સ્થિરતારૂપ નૈવેદ્ય મૂકવું. ૧૨

લવણ (લૂણ) ઉતારતી વખતે કૃત્રિમ-બનાવટી મિથ્યા ધર્મનો ત્યાગ કરું છું તેમ વિચારવું. અને શુદ્ધ ધર્મના શ્રેષ્ઠ ભોગવટારૂપ-સેવનરૂપ સુંદર મંગળદીપક અત્યંત સુંદર છે. ૧૩

ગીત-નૃત્ય અને વાજિંત્રના અવાજરૂપ શ્રેષ્ઠ અનાહત નાદ સમજવો. સમભાવમાં રમણતારૂપ સ્ત્રી તે સાચો થેઈ-કાર (તાન) સમજવો. ૧૪

ભાવપૂજા એમ સાચવીજી, સત્ય વજાવો રે ઘંટ;
ત્રિભુવન માંહે તે વિસ્તરેજી, ટાલે કર્મનો કંટ. સુહંકર૦ ૧૫
એણી પરે ભાવના ભાવતાંજી, સાહેબ જસ સુપ્રસન્ન;
જનમ સફૂલ જગ તેહનોજી, તેહ પુરુષ ધન્ન ધન્ન.
સુહંકર૦ ૧૬

પરમ પુરુષ પ્રભુ સામલાજી, માનો એ મુજ સેવ;
દૂર કરો ભવ-આમલાજી, વાચક જસ કહે દેવ. સુહંકર૦ ૧૭

આવી રીતે ભાવપૂજા સાચવીને સત્યરૂપ ઘંટ વગાડવો કે જેનો અવાજ ત્રણ ભુવનમાં વિસ્તાર પામે અને સત્યનો વિસ્તાર થવાથી કર્મનો કાંટો નાશ પામે-કર્મરૂપ કાંટો નીકળી જાય. ૧૫

આવી રીતે ભાવપૂજારૂપ ભાવના ભાવતાં સાહેબ જેની ઉપર પ્રસન્ન થાય. જેનો આત્મા નિર્મળ થાય તેનો જન્મ આ જગતમાં સફળ છે. એ પુરુષ અત્યંત ધન્ય છે. ૧૬

હે પરમપુરુષ! શામળા પાર્શ્વનાથ પ્રભુ! આ મારી ભાવપૂજા સેવાને આપ માન્ય કરો. મારી આ સંસારની વિટંબનાઓને દૂર કરો. એ પ્રમાણે વાચક યશોવિજયજી કહે છે. ૧૭

(ગૃહસ્થો દ્રવ્યપૂજા કરતી વખતે મનમાં આ પ્રમાણે વિચારણા કરી ભાવપૂજા પણ સાથે કરે. મુનિ ભગવંતોને દ્રવ્યપૂજા ન હોવાથી ઉપર મુજબની વિચારણા દ્વારા શુદ્ધ ભાવપૂજા કરી શકે છે.)

મનમંદિરમેં આયે.

મનમંદિરમેં આયે જિણંદરાય, મનમંદિરયે આયે;
તવ મે વિવિધ જુગતિ સમકિત ગુણ,ફૂલ પગર વિરચાયે૦ ૧

પ્રીતિ અધ્યાત્મથાલ ભરીને, ધી-ગુણ મોતી વધાએ;
ચારિત્ર ગુણ ચંદ્રોદય સુંદર, ઝાકઝમાલ બનાએ. જિ૦ ૨

સુરભિ પવનસેં અશુભ દુરિત તજ, દશ દિશ દૂર ઉડાએ;
નિર્વિકલ્પ સંકલ્પ સુખા રે, મૃદુતા પાટ બિછાએ. જિ૦ ૩

ઉચિત વિવેક સિંહાસન ઉપરે, પાવન પાસ બેઠાએ;
વિધિ અનાશાતન ચામર વિંજિત,છત્ર સુધ્યાન ધરાએ.જિ૦ ૪

હે જિનેન્દ્રરાજ ! મારા મનમંદિરમાં પધારો. આપ મારા મનમંદિરમાં પધારો ત્યારે વિવિધ પ્રકારની યુક્તિ-ઓથી સમકિત ગુણરૂપ પુષ્પોનો સમૂહ આપને માટે રચું. ૧

અધ્યાત્મપ્રીતિરૂપ થાળ ભરીને બુદ્ધિના આઠ ગુણરૂપ મોતીઓથી વધાવું. ચારિત્રગુણરૂપ ઝાકઝમાલ-દેદીપ્યમાન સુંદર ચંદરવો બનાવ્યો છે. ૨

સુગંધિ પવનથી અશુભ એવી પાપરૂપી રજ દશેય દિશામાં ઉડાડી દીધી છે. નિર્વિકલ્પ સંકલ્પરૂપ ઉત્તમ દર-વાજે મૃદુતારૂપી પાટ ગોઠવી છે. ૩

પાવનકારી શ્રી પાર્શ્વનાથ પ્રભુ યોગ્ય એવા વિવેકરૂપી સિંહાસન ઉપર બેઠા, વિધિપૂર્વક આશાતનાઓનો ત્યાગ કરવારૂપ ચામરોથી વિંઝાયેલા તે પ્રભુને ઉત્તમ ધ્યાનરૂપ છત્ર ધારણ કર્યું. ૪

જ્ઞાનવિમળ પ્રભુ હરખિત હુએ તવ,
દેવતમાં જસ વાએ;
શુદ્ધ સુબોધે અક્ષયનિધિ જિન થે,
સહજે સકલ ગુણ થાએ. જિ૦ ૫

પ્રભુજીના ધ્યાનથી આનંદ

(રાગ–ભીમપલાસ)

પ્રભુ તેરો મોહન હું મુખ મટકો,
નિરખી નિરખી અતિ હરખિત હોવે,
અનુભવ મેરે ઘટકો. પ્રભુ૦ ૧

સહજ સુભગતા સમતા કેરી, એહિ જ ચરણકો ચટકો;
દરિશન જ્ઞાન અક્ષય ગુણનિધિ તુમ, દીઓ પ્રેમ તસ કટકો.
પ્રભુ૦ ૨

તે વખતે જ્ઞાનવડે નિર્મળ (સ્તવન કર્તા જ્ઞાનવિમલ-સૂરિએ પોતાનું નામ સુચવ્યું) એવા પ્રભુ તે વખતે હર્ષિત થયા. દેવતાઓમાં યશ ગવાયો. શુદ્ધ જ્ઞાનના અક્ષય ભંડાર રૂપ એવા શ્રી જિનેશ્વરદેવની ભક્તિથી સહજપણે સર્વ ગુણોની પ્રાપ્તિ થાય છે. ૫

હે પ્રભુ! તમારા મુખનો મટકો આનંદ ઉપજાવે છે. તેને જોઈ-જોઈને મારા આત્માનો અનુભવ અત્યંત હર્ષ પામે છે. ૧

સમતાનું સ્વાભાવિક સૌભાગ્ય પ્રાપ્ત થવું એ ચારિત્રની નિશાની છે. હે પ્રભુ! તમારા પાસે દર્શન, જ્ઞાન અને

શુદ્ધ સુવાસના સુરભિ સમીરે, મિથ્યામત રજ ઝટકો;
દંભ પ્રપંચ જોર જિમ ન હોય, પટક કરકે મોહ નટકો.
પ્રભુ૦ ૩

ધર્મસંન્યાસ યોગ શિરપાગત, બંધત પર જય પટકો;
દર્શન ચક્રે કર્મ નૃપતિસું, કરત સદા રણ રટકો. પ્રભુ૦ ૪

વીતરાગતા દિલમેં ભાસત, નહીં અવર ખલ ખટકો;
પૂરવ સંચિત પાતક જાતક, અમથી દૂરે સટકો. પ્રભુ૦ ૫

જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન પસાયે. ભવે ભવે ભવી નહિં ભટકો;
આર્ય મિલે જ્યું એકી ભાવે, શિવસુંદરી કો લટકો. પ્રભુ૦ ૬

અક્ષયગુણનો ખજાનો છે, તેમાંથી એક કટકો મને પ્રેમ-પૂર્વક આપો. ૨

શુદ્ધ ભાવનારૂપી સુગંધી વાયુથી મિથ્યાત્વરૂપી રજને દૂર કરો. મોહરૂપી નટને એવી રીતે પટકી નાખો-પાડી નાંખો કે જેથી દંભ અને પ્રપંચનું જોર ન ચાલે. ૩

મસ્તક ઉપર ધર્મસંન્યાસ યોગરૂપ પાઘડી બાંધો. તેની ઉપર બીજા શત્રુને જીતવારૂપ વસ્ત્ર બાંધો અને દર્શન-સમ્યક્ત્વરૂપ ચક્ર વડે કર્મરાજા સાથે હંમેશા યુદ્ધ કરો. ૪

હૃદયમાં વીતરાગપણાનો પ્રકાશ થાઓ. બીજો કપટભાવ ન રહો. પૂર્વે બાંધેલા પાપનો સમૂહ અમારાથી દૂર ભાગી જાવ-નાશ પામો. ૫

શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજ કહે છે કે-પ્રભુના ધ્યાનના પ્રસાદથી ભવ્ય પ્રાણી વારંવાર સંસારમાં ભટકતા નથી. લટકાળી શિવસુંદરી એકચભાવથી આવી મળે છે. ૬

દ્રવ્યપૂજા અને ભાવપૂજા

(તે દિન કયારે આવશે–એ દેશી)

શ્રી અરનાથની સેવના, નયગમ ભંગ પ્રમાણ;
ચાર નિક્ષેપે અલંકરી, રત્નત્રયી ગુણ ખાણ. શ્રી૦ ૧

દ્રવ્યભાવ ભેદે કરી, કરતા આતમ હેત;
અધ્યવસાયની શુદ્ધતા, લહે શ્રદ્ધાન સમેત. શ્રી૦ ૨

કપૂર ચંદન કુસુમે કરી, પૂજે જિનવર અંગ;
અક્ષત દીપ ને ધૂપણા. ફલ ઠવીએ ચંગ. શ્રી૦ ૩

ભાવપૂજા માંહી ભાવતો, રૂપાતીત સ્વભાવ;
જ્ઞાનાનદે પૂરણો, પ્રગટયો કર્મ અભાવ. શ્રી૦ ૪

નય, ગમ, ભંગ અને પ્રમાણથી ચાર નિક્ષેપા (નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ) વડે અલંકૃત શ્રી અરનાથ જિનેશ્વરની સેવા રત્નત્રયી (જ્ઞાન, દર્શન, ચારિત્ર) ના ગુણોની ખાણરૂપ છે. ૧

શ્રદ્ધા સહિત દ્રવ્ય અને ભાવથી શ્રી જિનેશ્વરની પૂજા આત્માના હેતુથી કરવાથી જીવ અધ્યવસાયની શુદ્ધતા પામે છે. ૨

કપૂર, ચંદન અને પુષ્પથી શ્રી જિનેશ્વરના અંગને પૂજે. અક્ષત, ધૂપ. દીપ અને ઉત્તમ ફળ શ્રી જિનેશ્વરની આગળ સ્થાપન કરે. ૩

શ્રી જિનેશ્વર પરમાત્માની ભાવપૂજા કરતી વખતે પરમાત્માના રૂપાતીત સ્વભાવની ભાવના ભાવે. જે સ્વભાવ

અથવા ભાવ સ્તવન કરે, અનુભવ રમણ રમંત;
ખિમાવિજય જિન નામથી, ઉત્તમ સુખ વિલસંત. શ્રી૦ ૫

હે પ્રભુજી ! મનમંદિરમાં પધારો.

આવો આવો મુજ મનમંદિર રે,
સમરાવું સમકિત વાસ, હો મુણિંદ!
પંચાચાર બિછાવણાં,
પચરંગી રચના તાસ હો મુણિંદ. આવો૦ ૧
સિજ્જા મૈત્રી ભાવના,
ગુણમુદિતા તળાઇ ખાસ હો મુણિંદ;

કર્મનો અભાવ થવાથી જ્ઞાન અને ચારિત્રથી પૂર્ણપણે પ્રગટ થયો છે. ૪

અથવા આત્માના અનુભવમાં રમણ કરવારૂપ આત્માના સ્વભાવની વિચારણારૂપ ભાવ સ્તવના કરો. ક્ષમા દ્વારા વિજય પ્રાપ્ત કરનાર શ્રી જિનેશ્વરના નામથી જીવ ઉત્તમ સુખનો વિલાસ કરે છે. (શ્રી ક્ષમાવિજયજીના શિષ્ય શ્રી ઉત્તમવિજયજી મહારાજ એમ કહે છે.)

હે શ્રી વાસુપૂજ્ય જિનરાજ ! તમે મારા મનમંદિરમાં પધારો. આપના માટે સમકિતરૂપી આવાસને સમરાવું છું, –ચોકખો કરું છું. પંચરંગી રચનાવાળી પંચાચારરૂપી શેતરંજી પાથરું છું. ૧

આ સમકિતરૂપી નિવાસગૃહમાં મૈત્રી ભાવનારૂપી શય્યા

ઉપશમ ઉત્તર-છદ્ય બન્યો,
તિહાં કરુણા કુસુમ સુવાસ હો મુણિંદ. આવો૦ ૨
સ્થિરતા આસન આપશ્યું,
તપ તકિયા નિજ ગુણ ભોગ હો, મુણિંદ;
શુચિતા કેસર છાંટણાં,
અનુભવ તંબોળ સુરંગ હો મુણિંદ. આવો૦ ૩
ખાંતિ ચામર વિજશે,
વળી મૃદુતા ઢોળે વાય હો મુણિંદ;
છત્ર ધરે ઋજુતા સખી,
નિર્લોભ ઓળાંસશે પાય હો મુણિંદ. આવો૦ ૪

છે. ગુણીજનોના ગુણ દેખી હર્ષિત થવારૂપ પ્રમોદ ભાવનારૂપી તળાઇ-ગાદી પાથરી છે. ઉપશમભાવરૂપી ઓછાડ પાથર્યો છે, અને તેની ઉપર કરૂણા ભાવનારૂપ સુગંધી પુષ્પો પાથર્યાં છે-બીછાવ્યાં છે. ૨

આપ પધારો! આપને સ્થિરતારૂપી આસન આપશું. તપરૂપી તકીયા (ઢીંચણીયા) મુકીશું. આત્મગુણના ભોગવટારૂપી ભોજન પીરસીશું. શુચિતારૂપ-પવિત્રતારૂપ કેસરના છાંટણાં કરીશું અને સારા રંગવાળું અનુભવરૂપ તંબોળપાનનું બીડું આપશું. ૩

આપ મારા મનમંદિરમાં પધારો. આપને ક્ષમારૂપી સખી ચામર વીંજશે. મૃદુતારૂપી સખી વાયુ નાંખશે. ઋજુતારૂપી સખી આપના મસ્તકે છત્ર ધારણ કરશે અને નિર્લોભતા આપના ચરણને સાફ કરશે. ૪

સત્ય સચિવને સોંપશ્યું,
સેવા વિવેક સંયુત હો, મુણિંદ;
આતમ સત્તા શુભ ચેતના,
પરણાવું આજ મુહૂર્ત હો મુણિંદ. આવો૦ ૫
અરજ સુણીને આવીયા,
જયાનંદન નિરુપમ દેહ હો મુણિંદ;
ઓચ્છવ રંગ વધામણાં
થયા ક્ષમાવિજય જિન ગેહ હો મુણિંદ. આવો૦ ૬

મનમંદિરમાં પ્રભુજીને પધરાવો.

દેહ-ગેહ સોહાવીએ, મન દેહરાસર ખાસ;
સોભાગી સાજના!
નિજ ગુણ રુચિ સિંહાસને, થાપો દેવ સુપાસ. સો૦ ૧

વિવેક સહિત સત્ય સચિવને આપની સેવા માટે સોંપશું અને આજે સારા મુહૂર્તે શુભ ચેતનાવાલી આત્મસત્તાને આપની સાથે પરણાવશું. ૫

આ પ્રમાણે વિનંતિ સાંભળીને નિરુપમ શરીરવાળા જયા માતાના પુત્ર શ્રી વાસુપૂજ્ય જિનેશ્વર પધાર્યા. શ્રી ક્ષમાવિજયજી મહારાજ કહે છે કે-શ્રી જિનેશ્વરદેવ ઘરે પધારવાથી ઉત્સવરંગના વધામણા થયાં. ૬

હે સૌભાગી સજ્જન! દેહરૂપી ઘરને સુશોભિત કરી મનરૂપી દેરાસરની અંદર આત્મગુણની રુચિરૂપ સિંહાસનમાં શ્રી સુપાર્શ્વનાથ દેવને સ્થાપન કરો. ૧

સમકિતરૂપ દ્વારને વિષે મૈત્રીભાવરૂપી તોરણ બાંધો.

સમકિત બારણે બાંધીએ, તોરણ મૈત્રી ભાવ સો૦
ગુણીજન ગુણ અનુમોદના સરસ સુવાસ બનાય. સો૦ ૨
કરુણા શીતળ જળ ભરે, સંવર ભૂમિ સમાર, સો૦
મધ્યસ્થ ભાવના મંડપે, રચના ભાવના બાર. સો૦ ૩
ચંદ્રોદય ધર્મધ્યાનનો, પંચાચાર ચિત્રામ; સો૦
ઉત્તર ગુણ આરાધના, ઝબકે મોતી દામ. સો૦ ૪
ઓરસીઆ અપ્રમત્તતા, અનુભવ કેસર ઘોળ; સો૦
ક્ષપકશ્રેણી આરોહવા, પૂજના ભક્તિની છોળ. સો૦ ૫
શુકલ ધ્યાનાનલ ધૂપીએ, ચારિત્ર મોહની ચુરી; સો૦
પ્રગટ અનંત ચતુષ્ટયી, ખિમાવિજય જિન પૂરી. સો૦ ૬

ગુણવંત જનોના ગુણોની અનુમોદનારૂપી સરસ સુગંધીથી યુક્ત મનમંદિરને બનાવો. ૨

કરુણા ભાવનારૂપી શીતળ જળના સમૂહથી સંવરરૂપી ભૂમિને સિંચન કરો. મધ્યસ્થ ભાવનારૂપી મંડપમાં બાર ભાવનારૂપ રચના કરો. ૩

તે મંડપમાં ધર્મધ્યાનરૂપ ચંદરવો બાંધો અને જ્ઞાનાચાર વગેરે પાંચ આચારરૂપ ચિત્રો ચિતરો. ઉત્તર ગુણોની આરાધનારૂપી મોતીઓની માળાઓ લટકાવો. ૪

અપ્રમત્તદશારૂપ ઓરસીયા ઉપર અનુભવરૂપી કેસરને ઘોળો (વાટો) ક્ષપકશ્રેણીએ ચઢવારૂપી પ્રભુજીની ભક્તિની છોળોથી પૂજા કરો. ૫

ચારિત્રમોહનીયના ચૂરેચૂરા કરી શુકલધ્યાનરૂપી

અનુભવ ભવને બેડા નાથ.

સમકિત દ્વાર ગભારે પેસતાજી,
પાપપડલ ગયા દૂર રે;
મોહન મરૂદેવીના લાડલેાજી,
દીઠેા મીઠેા આનંદ પૂર રે. સમ૦ ૧

આયુ વરજિત સાતે કરમની જી,
સાગર કેાડાકેાડી હીણ રે;
સ્થિતિ પઢમ કરણે કરીજી,
વીર્ય અપૂરવ મેાગર લીધ રે. સમ૦ ૨

અગ્નિથી ધૂપ કરેા. શ્રી ક્ષમાવિજયજી મહારાજ કહે છે કે– શ્રી જિનેશ્વરદેવને સંપૂર્ણ અનંત ચતુષ્ટયી (અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય) પ્રગટ થયેલ છે. ૬

સત્યરૂપવરૂપી ગભારાના દરવાજે પ્રવેશ કરતાં પાપરૂપી આંખના પડળ દૂર ગયા. મેાહ પમાડે એવા મીઠા શ્રી મરૂદેવા માતાના પુત્ર શ્રી ઋષભદેવ ભગવાનને ઘણાં જ આનંદથી પૂર્ણ થઈ મેં જોયા. ૧

આયુષ્યકર્મને છેાડી જ્ઞાનાવરણીય આદિ સાત કર્મની સ્થિતિ પ્રથમ યથાપ્રવૃત્તિકરણથી એક કેાડાકેાડી સાગરેાપમથી કાંઇક ઓછી–અંતઃકેાડાકેાડી સાગરેાપમની કરી નાંખી, અને પછી અપૂર્વકરણરૂપી મેાગર-મુદ્ગર લીધું. ૨

ભુંગળ ભાંગી આદ્ય કષાયનીજી,
મિથ્યાત્વમોહની સાંકળ સાથ રે;
દ્વાર ઉઘાડ્યા શમ-સંવેગનાજી,
અનુભવભવને બેઠો નાથ રે. સમ૦ ૩

તોરણ બાંધ્યું જીવદયા તણુંજી,
સાથીયો પૂર્યો શ્રદ્ધારૂપ રે;
ધૂપઘટી પ્રભુગુણ અનુમોદનાજી,
ધી-ગુણ મંગળ આઠ અનૂપ રે. સમ૦ ૪

સંવર પાણી અંગ પખાલણેજી,
કેસર ચંદન ઉત્તમ ધ્યાન રે;
આતમગુણરુચિ મૃગમદ મહમહેજી,
પંચાચાર કુસમ પ્રધાન રે. સમ૦ ૫

(તે અપૂર્વકરણરૂપી મુદ્ગર વડે કરીને મિથ્યાત્વ મોહનીયરૂપ સાંકળની સાથે પ્રથમ અનંતાનુબંધી કષાયરૂપી ભોગળને તોડી નાંખી અને નાથ-પરમાત્મા અનુભવરૂપી ભવનમાં બેઠેલા છે, તેમને જોયા. ૩

(સમકિતરૂપી ગભારાના દ્વાર ઉપર જીવદયારૂપી તોરણ બાંધ્યું અને શ્રદ્ધારૂપી સ્વસ્તિક કર્યો. પ્રભુના ગુણોની અનુમોદનારૂપી ધૂપની ઘટી ધારણ કરી. અને બુદ્ધિના આઠ ગુણરૂપ આઠ મંગળ અનુપમ આલેખ્યાં. ૪

(સંવરરૂપી જળથી પ્રભુજીના અંગે પ્રક્ષાલ કર્યો, ઉત્તમ-ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપ ચંદન-કેસરથી પ્રભુજીના અંગે પૂજા કરી. આત્મગુણોની રુચિરૂપી કસ્તુરી સુગંધ

ભાવપૂજાએ પાવન આતમાજી,
પૂજે પરમેશ્વર પરમ પવિત્ર રે;
કારણજોગે કારજ નીપજેજી.
ક્ષમાવિજય જિન આગમ રીત રે. સમ૦ ૬

તુમશું રંગ લાગ્યો.

મુજ મનડામાં તું વસ્યો રે, જ્યું પુષ્પોમાં વાસ રે;
અળગો ન રહે એક ઘડી રે, સાંભરે શ્વાસોશ્વાસ,
તુમશું રંગ લાગ્યો, રંગ લાગ્યો સાતે ધાત, તુમશું૦
રંગ લાગ્યો શ્રી જિનરાજ,
રંગ લાગ્યો ત્રિભુવન નાથ. તુમશું૦ ૧

પ્રસરાવી રહી છે, મઘમઘી રહી છે. અને પાંચ આચાર (જ્ઞાનાચાર વગેરે) રૂપી શ્રેષ્ઠ પુષ્પો ભાવપૂજામાં લાવવામાં આવ્યા છે. ૫

પરમ પવિત્ર એવા પરમેશ્વરને આ રીતે ભાવપૂજાએ કરીને પૂજવાથી આત્મા પવિત્ર બને છે. કારણરૂપ પરમાત્માના યોગે મોક્ષરૂપ કાર્ય શ્રી જિનેશ્વર ભગવંતના શાસ્ત્ર-આગમ પ્રમાણે પૂજા કરવાથી ઉત્પન્ન થાય છે એમ, શ્રી ક્ષમાવિજયજી મહારાજ કહે છે. ૬

હે જિનેશ્વર પ્રભુ! જેમ ફૂલની અંદર સુગંધ રહેલી છે, તેમ તમે મારા મનમાં વસ્યા છો. તમે મારાથી એક ઘડી પણ અલગ રહેતા નથી. તમે મને શ્વાસે શ્વાસે-દરેક શ્વાસોશ્વાસે યાદ આવો છો. હે ત્રણ ભુવનના નાથ શ્રી

શીતલસ્વામી જે દિને રે, દીઠો તુજ દેદાર રે;
તે દિનથી મન માહરૂં, પ્રભુ લાગ્યું તાહરી લાર. તુ૦ ૨
મધુકર ચાહે માલતી રે, ચાહે ચંદ ચકોર રે;
તિમ મુજ મનને તાહરી, લાગી લગન અતિ જોર.
તુમશું૦ ૩
ભરે સરોવર ઉલટે રે, નદીયા નીર ન માય;
તો પણ યાચે મેઘડું રે, જેમ ચાતક જગમાંય. તુમશું૦ ૪
તેમ જગમાંહિ તુમ વિના રે, મુજ મન નાવે કોય રે;
ઉદય વદે પદ્મ સેવના રે, પ્રભુ દીજે સન્મુખ હોય.
તુમશું૦ ૫

જિનેશ્વરદેવ ! મને તમારી સાથે એવો રંગ લાગ્યો છે કે મારી સાતે ધાતુ તમારા પ્રત્યેના ભક્તિરંગથી રંગાઇ ગઇ છે. ૧

હે શ્રી શીતલનાથ પ્રભુ ! મેં જે દિવસે તમારી મૂર્તિ જોઇ તે દિવસથી મારૂં મન તમારા ઉપર લાગ્યું છે. ૨

જેમ ભ્રમર માલતી પુષ્પને ચાહે છે, ચકોર પક્ષી જેમ ચંદ્રને ઇચ્છે છે, તેમ મારા મનને તમારી લગની અત્યંત જોરદાર લાગી છે. ૩

સરોવર પાણીથી છલોછલ ભરાયેલા હોય, નદીઓમાં પાણી માતું ન હોય, તો પણ જેમ ચાતક પક્ષી જગતમાં મેઘને જ યાચે છે–મેઘ પાસે માગણી કરે છે. ૪

તેમ તમારા સિવાય મારા મનમાં કોઇ આવતું નથી. શ્રી ઉદયવિજયજી મહારાજ કહે છે કે–હે પ્રભુ! મને સન્મુખ થઇ તમારા ચરણની સેવા આપો. ૫

મંદિરનિર્માણ અને મૂર્તિપૂજા.

અનુભવસિદ્ધ જ્ઞાની પુરૂષોએ પોતાની કૃતિઓમાં ગાયું છે કે-" દેહ ગેહ સોહાવીએ, મન દેરાસર ખાસ. (પં. શ્રી ખિમાવિજયજી મ૦ કૃત સ્તવનમાંથી.) " દેહો દેવાલયઃ પ્રોક્તઃ "- એ ઉક્તિ અનુસાર અહીં દેહની અંદર મંદિરની ભાવના કરવામાં આવી છે. મંદિરમાં જેમ સભા-મંડપ, રંગમંડપ અને ગર્ભગૃહ (ગભારો) હોય છે, તેમ મનુષ્યદેહમાં ઔદારિક શરીર, તૈજસ શરીર અને કાર્મણ શરીર રહેલાં છે " જીવો દેવઃ સનાતનઃ " એ વચન અનુસાર કાર્મણ શરીરના ગર્ભગૃહમાં આત્મદેવ બિરાજમાન છે. આપણા આ માનવદેહરૂપી મંદિરમાં જિનદશાનો અનુભવ કરવાનો છે.

જિનદશા એટલે ઇન્દ્રિયોનો પ્રત્યાહાર અને મનની બહિર્મુખતાનો પરિહાર. આ દશા પ્રાપ્ત કરવા માટે પરમાત્માના નામરૂપ મંત્રનો અભ્યાસ ઘણો થવો જોઇએ.

મંત્રજપ વખતે મન, પવન અને અર્થભાવનયુક્ત મંત્ર, એ ત્રણેની એકતા થવી જોઇએ. શ્વાસ લેતાં "નમો" અને શ્વાસ મૂકતાં " અરિહંતાણં " એ રીતે શ્વાસોશ્વાસ સાથે મંત્રનો જાપ થવાથી શ્વાસાનુસંધાન થાય છે. તાત્પર્ય એ છે કે શ્વાસોશ્વાસ, મન અને અર્થભાવનયુક્ત મંત્ર એ

ત્રણે એક સાથે રહે ત્યારે તેને શ્વાસાનુસંધાન યુક્ત મંત્ર-જાપની ક્રિયા કહેવાય છે. શ્વાસોશ્વાસરૂપ પવન, તેની સાથે મન અને મંત્રના અર્થનું જ્ઞાન એ ત્રણે એક થતાં જાપમાં એકાગ્રતા આવે છે અને જાપમાંથી ધ્યાન અને ધ્યાનમાંથી લયદશા પ્રાપ્ત થાય છે. આવી લયદશા જ્યારે પ્રાપ્ત થાય છે, ત્યારે અનાહત ધ્વનિનું શ્રવણ થવા લાગે છે.

(ઔદારિકમાંથી ચિત્તવૃત્તિનો પ્રવાહ તૈજસ સુધી પહોંચતાં આ ધ્વનિ સંભળાવા લાગે છે. પવન અને તૈજસ શરીરના ઘર્ષણથી શ્વાસોશ્વાસનો જે ધ્વનિ ઉત્પન્ન થાય છે, તે અનાહતધ્વનિ અર્થાત્ અનાહતનાદ છે.)

પ્રાણ, વાણી અને રસવડે જેમ જેમ જાપમાં આગળ વધાય છે અને ચિત્તવૃત્તિ જેમ જેમ વધુ અંતર્લક્ષવાળી તથા વધુ એકાગ્ર બને છે, ત્યારે પ્રથમ તમરાના અવાજ જેવો, પછી ઘંટના અવાજ જેવો, પછી શંખના અવાજ જેવો, પછી દિવ્ય મધુર વાજીંત્રના અવાજ જેવો એમ ભિન્ન ભિન્ન અવાજ સંભળાય છે.

પ્રાણનો સંબંધ શ્વાસોશ્વાસની સાથે છે, વાણીનો સંબંધ મંત્રની સાથે છે અને રસનો સંબંધ મનની સાથે છે. પ્રથમ ભૂમિકા પ્રાણની છે, બીજી ભૂમિકા વાણીની છે અને ત્રીજી ભૂમિકા મન (રસ) ની છે. મન જેમ જેમ અંતર્મુખતામાં પ્રવેશતું જાય છે અને જેમ જેમ શાન્ત પડતું જાય છે, તેમ તેમ (शान्ते मनसि ज्योतिः प्रकाशते शान्तमात्मनः

સહજ) આત્માનિ સાહજિક જ્યોતિ પ્રકાશવા લાગે છે અને અંતે તેમાંથી અનુભવ દશા પ્રાપ્ત થાય છે.

મંદિરના પ્રથમ મંડપની અંદર પ્રવેશ કરતાં જે ઘંટ વગાડવામાં આવે છે, તે ઉપર કહેવામાં આવ્યું છે તે ધ્યાનમાં સંભળાતા અનાહત નાદના વિવિધ ધ્વનિના સંકેત રૂપ છે. તથા મંદિરમાં શંખ, નોબત આદિ રાખવામાં આવે છે તે પણ અનાહત નાદના પ્રતીકરૂપ છે. કહ્યું છે કે–

" ગીત નૃત્ય વાજીંત્રનોજી, નાદ અનાહત સાર "

(મહોપાધ્યાય શ્રી યશોવિ૦ મ૦ કૃત સ્તવનમાંથી)

અર્થાત્ મંદિરમાં વગાડવામાં આવતા વાજીંત્રો અનાહત નાદના પ્રતીક છે. અનાહતનાદ અંતે અનુભવજ્ઞાનમાં પરિણમે છે.

સર્વ દુઃખો અને કલેશોથી છૂટવાનો અને પરમશાંતિ મેળવવાનો માર્ગ એક આત્મજ્ઞાન છે. સાંભળીને થયેલું આત્મજ્ઞાન એ પરોક્ષ છે. અનુભવીને થયેલું જ્ઞાન એ અપરોક્ષ છે આંતર જ્યોતિ પ્રગટાવી અંદર બિરાજમાન આત્માને જે પ્રત્યક્ષ બતાવે તે અનુભવ જ્ઞાન છે.

મંદિર નિર્માણ અને મૂર્તિપૂજામાં આત્મસાક્ષાત્કારનો અનુભવ ક્રમ સાંકેતિક શબ્દોમાં બતાવવામાં આવ્યો છે.

અષ્ટપ્રકારી પૂજામાં ધ્યાન દ્વારા થતી અનુભૂતિનો ક્રમ કેવી સાંકેતિક ભાષામાં ગુંથી લેવામાં આવ્યો છે, તે હવે પછીના પ્રકરણમાં બતાવવામાં આવશે.

આધ્યાત્મિક દૃષ્ટિએ

અષ્ટપ્રકારી પૂજાનું રહસ્ય.

અભિષેક પૂજા—યોગવિષયક શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ મનુષ્યના મસ્તકના ઉપરના ભાગમાં બ્રહ્મરંધ્ર છે. ત્યાં હજાર પાંખડીવાળું કમળ છે. તે કમળમાં પરમાત્મા બિરાજે છે. તે સાકાર પરમાત્માના મસ્તક ભાગમાંથી અમૃતરસ ઝરે છે. પરમાત્માની અભિષેક પૂજા વખતે એ રીતે ભાવના ભાવી શકાય કે શરીરમાં રહેલ મેરૂદંડની ટોચ ઉપરથી અમૃતરસ ઝરે છે.

પુષ્પપૂજા—મનુષ્યના શરીરમાં હૃદય આદિ ભિન્ન ભિન્ન સ્થાનોમાં કમળના આકારે ચક્રો હોય છે. તે ચક્રો બીડાયેલા હોય છે. પરમાત્માની પુષ્પપૂજા દ્વારા તે ચક્રો (કમળો) વિકસ્વર બને એવી ભાવના કરવામાં આવે છે.

ગંધપૂજા—ચંદન, કેશર આદિ સુગંધી દ્રવ્યો દ્વારા વિકસિત થયેલાં ચક્રો (કમળો) ની સુગંધનો અનુભવ લેવાનો છે, તેના પ્રતીકરૂપે ગંધપૂજા છે.

ધૂપપૂજા—આત્મા જ્યારે પોતાની અંદર પરમાત્મ-દશાનો અનુભવ કરે છે, ત્યારે કર્મ બળે છે અને તેની ધૂમાડી જેવી શિખા બહાર નીકળે છે, તેના પ્રતીકરૂપે ધૂપ-

પૂજા કરવામાં આવે છે. 'ધૂપ ધ્યાન ઘટા અનુસરીયે રે, હો મનમાન્યા મોહનજી.”

દીપકપૂજા—પ્રાચીન મંદિરોના ગભારામાં અંધારૂં હોય છે. તેમાં ચૈતન્ય દેવ બિરાજે છે. દીપક થાય ત્યારે જ પરમાત્માનું દર્શન થઈ શકે છે. કાર્મણ શરીરનું પ્રતીક ગભારો છે. તેમાં આત્મદેવ બિરાજે છે. અનુભવરૂપી દીપક પ્રકાશિત થતાં ચૈતન્ય દેવનું દર્શન શકય બને છે.

અક્ષતપૂજા—આપણા આત્માનું અખંડ અક્ષય જે સ્વરૂપ છે, તેના પ્રતીકરૂપ અક્ષતપૂજા છે.

ફળપૂજા—પરમાત્મા પાસે જે ફળ મૂકવામાં આવે છે, તે શુભ-અશુભ કર્મફળનાં ત્યાગરૂપે છે, કર્મના શુભાશુભ ફળનો હું કર્તા કે ભોક્તા નથી અને હું કર્મફળથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ છું, તેવી અનુભૂતિના પ્રતીકરૂપે ફળપૂજા કરવામાં આવે છે.

નૈવેદ્યપૂજા—નૈવેદ્યપૂજા એ આત્મનિવેદનના પ્રતીકરૂપે છે.

આરતી અને મંગળ દીવો—આરતી પાંચ જ્ઞાનનું પ્રતીક છે. અને મંગળદીવો એ કેવળજ્ઞાનનું પ્રતીક છે. સાધનામાં સ્વલક્ષી આરાધના વિશેષ ઉપયોગી છે.

ભૌતિક વિજ્ઞાન, ટેલિફોન, ટેલિવિઝન અને રેડીયો દ્વારા દૂર દર્શન, દૂર શ્રવણ કરી શકાય છે, તેમ ચૈતન્યવિજ્ઞાન દ્વારા મહાવિદેહ, સીમંધરસ્વામી અને તેમની વાણીનું દર્શન,

શ્રવણાદિ થઈ શકે છે.

આધ્યાત્મિક સાધનાનો મુખ્ય સૂર બહિર્મુખતાનો ત્યાગ કરી અંતર્મુખ બનવું અને અંતર્મુખ બની પરમાત્મદશાનો અનુભવ કરવો તે છે. કેવળજ્ઞાન એટલે સંપૂર્ણજ્ઞાન અને જ્ઞાનમાં સ્થિરતા તે ચારિત્ર છે. આ આધ્યાત્મિક અર્થ છે. અહીં મંગળદીવો એ કેવળજ્ઞાનનું પ્રતીક છે.

આ રીતે અષ્ટપ્રકારી પૂજામાં ધ્યાન દ્વારા થતી અનુભૂતિનો ક્રમ સાંકેતિક ભાષામાં ગુંથવામાં આવ્યો છે. તેનું વિશેષ રહસ્ય ગુરુગમથી જાણવું જરૂરી છે.

કાયોત્સર્ગનું સ્વરૂપ.

ઉપવાસથી ઇન્દ્રિયજય, મનોનિગ્રહ, વાસનાક્ષય અને પ્રાણસિદ્ધિ થાય છે. ઉપવાસ ત્રણ પ્રકારનાં છે. વાણીનો ઉપવાસ મૌન છે, મનનો ઉપવાસ તે ધ્યાન છે અને શરીરનો ઉપવાસ તે આહારત્યાગ અને એક સ્થાને સ્થિર આસન છે.

શરીરના ઉપવાસથી ઇન્દ્રિયોનો જય, મનના ઉપવાસથી મનોનિગ્રહ તથા વાણીના ઉપવાસથી પ્રાણનો વિજય થાય છે. કાયોત્સર્ગમાં ત્રણે પ્રકારના ઉપવાસનો લાભ મળે છે. ત્રણે પ્રકારના ઉપવાસ સામટા થવાથી વાસનાનો ક્ષય છે.

૧ ૨ ૩

ઇન્દ્રિયનિગ્રહ, મનોનાશ, અને વાસનાક્ષયનું પરમ કારણ હોવાથી કાયોત્સર્ગની ક્રિયાને શાસ્ત્રમાં અભ્યંતર તપનો ઉત્કૃષ્ટ ભેદ કહ્યો છે.

આહારત્યાગરૂપી ઉપવાસની સાથે જેમાં મૌન, ધ્યાન અને એક સ્થાને સ્થિર થવાની ક્રિયા થાય છે, તે કાયોત્સર્ગનો અભ્યાસ પાડવામાં આવે તો તપનો હેતુ જે કર્મક્ષય છે, તે અવશ્ય સિદ્ધ થાય છે. કાયોત્સર્ગમાં કર્મને આવવાના દ્વાર મન, વચન અને કાયા, તેનો નિરોધ થાય છે અને કર્મક્ષયનાં કારણ ઇન્દ્રિયજય[૧], મનોનિગ્રહ[૨], અને વાસનાક્ષય[૩]નું સેવન થવાની સાથે પ્રાણસિદ્ધિ કે જેનું બીજું નામ વીર્યોલ્લાસની વૃદ્ધિ છે, તેનો પણ લાભ મળે છે.

સ્થાન, મૌન અને ધ્યાન વડે થતો કાયાનો ઉત્સર્ગ અનુક્રમે દેહ, વાણી અને મન ઉપર પ્રભુત્વ અપાવે છે. દેહ, વાણી અને મન ઉપર પ્રભુત્વ પ્રાપ્ત થવાથી પ્રાણશક્તિઓનો સંચય થાય છે. પ્રાણશક્તિઓના આ સંચયનું બીજું નામ સંયમ છે. એ સંયમ સર્વ પ્રકારની સિદ્ધિઓનું બીજ છે.

યોગદર્શનમાં ધ્યાન, ધારણા અને સમાધિ એક જ વિષય ઉપર થાય છે, ત્યારે તેને સંયમ કહેવામાં આવે છે. કાયોત્સર્ગ વડે થતો સંયમ એ યોગદર્શનમાન્ય સંયમથી પણ અધિક છે. કાયોત્સર્ગમાં ધ્યાન, ધારણા, સમાધિ ઉપશાંત કાયાનું સ્થૈર્ય, વાણીનું મૌન પણ અભિપ્રેત છે.

જો કે યોગદર્શન પણ ધારણા, ધ્યાન, સમાધિરૂપ સંયમના અધિકારી તેમને જ ગણે છે, કે જેમણે યોગના પ્રથમ અંગો યમ, નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહાર આદિને સિદ્ધ કરેલાં હોય, તો પણ તેમાં અનેક

પ્રકારની તરતમતાઓ રહેલી છે, કાયોત્સર્ગમાં યોગના બધા અંગોનું સેવન અનિવાર્યપણે થતું હોવાથી તે સંપૂર્ણ યોગક્રિયારૂપ છે. મનઃસંયમ ઉપરાંત ઇન્દ્રિયસંયમરૂપ પ્રત્યાહાર, આસનજય અને પ્રાણજયરૂપ આસન અને પ્રાણાયામ તથા કાયાના સંયમ વડે યમ-નિયમનું સંપૂર્ણપણે પાલન થાય છે. તેથી કાયોત્સર્ગ એ યોગ, ધ્યાન અને સમાધિનું પરમ સાધન છે. શાસ્ત્રોમાં તેને સર્વ પ્રકારનાં બાહ્ય-અભ્યંતર તપોમાં ઉચ્ચ સ્થાન અપાયેલું છે.

પ્રશ્ન-કાયોત્સર્ગ એટલે શું ? અને તેમાં શું કરવાનું છે ?

ઉત્તર-કાયોત્સર્ગ એટલે કાયભાવને, દેહાધ્યાસને, કર્માધ્યાસને છોડવો, અને અંતરાત્મભાવ પરમાત્મભાવમાં સ્થિર થવું— એક બનવું. કાયભાવને છોડી આત્મભાવમાં રહી પરમાત્મભાવમાં પોતાના આત્માને સ્થાપવાની ક્રિયા તે કાયોત્સર્ગ છે. અંતરાત્મભાવમાં રહીને જ્યારે પરમાત્મભાવનું સ્મરણ થાય છે, ત્યારે અંતરાત્મભાવ પણ ભૂલાઈ જાય છે અને પરમાત્મભાવમાં તલ્લીનતા આવે છે. તેથી આત્મપ્રદેશમાં વ્યાપેલા અશુભ કર્મોની નિર્ધાતના થાય છે. કાયોત્સર્ગથી ઉત્તરીકરણ, પ્રાયશ્ચિત્તકરણ, વિશુદ્ધિકરણ, વિશલ્યીકરણ અને પાપકર્મોનું નિર્ધાતન થાય છે આ રીતે જ્ઞાનપ્રકાશને આવરનાર કર્મરૂપી વાદળ ખસી જવાથી આત્મામાં જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે, કહ્યું છે કે— "દેહરૂપી પૃથ્વી ઉપર શુભ કર્મરૂપી દિવસ અને અશુભ કર્મરૂપી રાત્રિ દેખાય છે પણ દેહથી પર આત્મસૂર્યના પ્રકા-

શમાં આવતાં રાત્રિ દિવસથી પર કેવળ પ્રકાશ રહે છે.” આ રીતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ એ કાયોત્સર્ગનું ફળ છે.

કાયોત્સર્ગનો પ્રભાવ.

કાયોત્સર્ગથી સહનશીલતા, એકનિષ્ઠતા, તથા ત્રણે યોગોની એકાગ્રતા સિદ્ધ થાય છે. કાયોત્સર્ગથી શરીરની જડતા અને મનની મંદતા દૂર થાય છે. ધાતુ અને વાયુનું વૈષમ્ય શમે છે. બુદ્ધિ અને વિચારશક્તિ વધે છે. ભાવનાની શુદ્ધિ અને એકાગ્રતાની વૃદ્ધિ થાય છે

શ્રી આવશ્યક નિર્યુક્તિની ૧૫૪૬મી ગાથામાં કાયોત્સર્ગનું માહાત્મ્ય વર્ણવ્યું છે. શાન્તિ–સમાધિ, સમાનતા અને એકાગ્રતાની વૃદ્ધિ માટે કાયોત્સર્ગ પ્રતિદિન કર્તવ્ય છે. કાયોત્સર્ગથી ગુણગ્રાહકતા વધે છે, સ્વરૂપરમણતામાં અંતરાય કરનારાં કર્મ પાતળાં પડે છે, દૃષ્ટિની સ્થિરતા પ્રાપ્ત થાય છે તથા શ્રોત્રાદિ ઇન્દ્રિયો ઉપર વિજય મળે છે. કાયોત્સર્ગથી જિનવચનમાં શ્રદ્ધા વધે છે, સૂક્ષ્મ પદાર્થો સમજવાની મેધા વધે છે. ધર્મ ઉપર પ્રીતિ વધે છે. રાગાદિની આકુળતા ઘટે છે, ધારણાશક્તિ વધે છે. તત્ત્વચિંતન ઊંડું થાય છે, અને આત્મશક્તિનો વિકાસ થાય છે

કાયોત્સર્ગથી સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત કર્મોનો પણ ક્ષય થાય છે. અનિચ્છાએ થતો વિષયનો સંબંધ સ્પૃષ્ટ બંધ કરાવે છે. વિષયોનો અસંબંધ છતાં વિષયોની ઇચ્છાથી જે બંધ થાય તે બદ્ધ કહેવાય છે. વિષયોનો સંબંધ

અને ઇચ્છા ઉભયથી જે બંધ થાય તે નિરુદ્ધ કહેવાય છે અને વિષયોના સંબંધની સાથે ઉત્કૃષ્ટ ઇચ્છાથી જે કર્મબંધ થાય તે નિકાચિત કહેવાય છે. કાયોત્સર્ગથી ઉપરના ચારે પ્રકારના કર્મોનો ક્ષય થાય છે.

કાયોત્સર્ગ વ્રણચિકિત્સારૂપ હોવાથી તેમાં જ્ઞાન-ક્રિયા ઉભયનો યોગ છે. કાયોત્સર્ગથી વાત વિગેરે ધાતુનું વૈષમ્ય દૂર થવા દ્વારા દેહનું આરોગ્ય વધે છે. બુદ્ધિમાંદ્ય દૂર થવાથી વિચારશક્તિ વિકસે છે. અનુકૂલ-પ્રતિકૂલ સંયોગોમાં સુખ-દુઃખને સહન કરવા માટેની અર્થાત્ સુખ-દુઃખમાં સમભાવ રાખવાની શક્તિ વધે છે. ભાવના તથા ધ્યાનનો અભ્યાસ થાય છે. અતિચાર તથા દોષોનું ચિંતન થાય છે. અને તે તે દોષોને સહેલાઈથી દૂર કરી શકાય છે.

કાયોત્સર્ગની ક્રિયાથી થતા પ્રત્યક્ષ લાભો.

ટુંકમાં કહેવું હોય તો કાયોત્સર્ગથી નીચેના લાભો થાય છે.

(૧) દેહનું આરોગ્ય.

(૨) બુદ્ધિની તેજસ્વિતા.

(૩) સુખ-દુઃખની તિતિક્ષા.

(૪) ધ્યાનાભ્યાસ.

(૫) ભાવનાની વૃદ્ધિ.

(૬) આત્મનિરીક્ષણ.

(૭) શ્વાસોશ્વાસનું નિયમન.

(૮) અતિચારાદિ દોષોનું નિરસન.

(૯) શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા, અને અનુપ્રેક્ષાની વૃદ્ધિ.

(૧૦) ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્યની સિદ્ધિ.

(૧૧) બહિરાત્મભાવનો ત્યાગ.


(૧૨) અંતરાત્મભાવની પ્રાપ્તિ.

(૧૩) યમનિયમાદિ યોગના અંગોની સાધના.

(૧૪) સ્થાનાદિ યોગોની સાધના.

(૧૫) પ્રણિધાનાદિ આશયોની સાધના.

(૧૬) બાહ્ય અભ્યંતર તપની સાધના.



શ્રી અરિહંતાદિ નવપદ અને તેની સાધના.

અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવજ્ઝાય,
મુનિ દરિસણ નાણુ, ચરણ તપ એ સમુદાય;
એ નવપદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય,
એ ધ્યાને ભવિનાં, ભવકોટિ દુઃખ જાય. ૧

શ્રી જૈનશાસનમાં શ્રી સિદ્ધચક્રજી–નવપદજીની આરાધના સુપ્રસિદ્ધ છે. મોટામાં મોટા શહેરથી માંડી નાનામાં નાના ગામડા સુધી જૈન કુલમાં જન્મેલો ભાગ્યે જ એવો કોઈ આત્મા હશે, કે જે સિદ્ધચક્ર–નવપદજીનું નામ ન જાણતો હોય. આ સિદ્ધચક્રની આરાધનામાં મુખ્ય આરાધના શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ–એ નવ પદોની છે. તેથી તે શ્રી નવપદજીના નામથી પણ એટલાં જ પ્રસિદ્ધ છે, કારણ કે— શ્રી સિદ્ધચક્રમાં સૌથી મુખ્ય અને પ્રથમ જો કોઇ માંડલું હોય તો આ શ્રી નવ પદોનું છે. શાશ્વતી ઓળીના દિવસોમાં એ નવ પદોને અવલંબીને નવ દિવસ સુધી દરરોજ આયંબિલપૂર્વક એક એક પદની આરાધના કરવામાં

આવે છે. શ્રી સિદ્ધચક્રમાં બીજું જે કાંઇ છે, તે પણ પ્રથમ માંડલાના વિસ્તારરૂપે છે. ધર્મનું તમામ સારભૂત સત્ત્વ અને તત્ત્વ શ્રી સિદ્ધચક્રમાં સંગ્રહીત થયેલું છે. એથી એની આરાધના દ્વારા સમગ્ર ધર્મની આરાધના સુલભ બની જાય છે.

દુર્લભ મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને જીવનમાં વિશુદ્ધ ભાવે શ્રી સિદ્ધચક્રજીની આરાધના કરી લેવી એ વિવેકી આત્માઓનું એક શ્રેષ્ઠ કર્ત્તવ્ય છે. શ્રી સિદ્ધચક્રજીના આલંબન દ્વારા આત્મવિકાસના માર્ગમાં આત્મા દિન–પ્રતિદિન પોતાની પ્રગતિ કેવી રીતે અધિકાધિક સાધતો રહે છે, તે જાણવા માટે અહીં શ્રી સિદ્ધચક્રજીની વિશેષતા સંબંધી થોડી ઉપયોગી હકીકત જોઇએ.

દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મના ચાર પ્રકારોમાં ભાવ એ પ્રધાન સ્થાને છે. દાનાદિ બીજી ક્રિયાઓ પણ ભાવશુદ્ધિ હોય તો જ સફળ બને છે. આ ભાવ એ મનનો વિષય છે અને પ્રાથમિક અવસ્થામાં મન અતિ ચંચળ હોય છે. તે આલંબન વિના કોઇ રીતે સ્થિર રહી શકતું નથી.

જ્યાં સુધી જીવ ઉપર પ્રમાદનું જોર છે, ત્યાં સુધી તે પ્રમાદને હઠાવવા માટે સાલંબન અનુષ્ઠાનના આચરણ સિવાય બીજો કોઇ ઉપાય જ્ઞાનીપુરુષોએ જોયો નથી. ધર્મકાર્યમાં ઉત્સાહ ન થવા દેવો, એ પ્રમાદનું સ્વરૂપ છે. તત્ત્વથી આ પ્રમાદ જ આત્માનો કટ્ટર શત્રુ છે. તે નામથી એક હોવા છતાં કાર્યથી અનેક પ્રકારે પરિણમી જીવને ધર્મમાર્ગમાં પ્રગતિ કરવા દેતો નથી. બહુરૂપવાળા આ પ્રમાદના મર્મ–

સ્થાનને ભેદી, તેને જડમૂળથી ઉખેડી નાખવા માટે અનુ-ભવસિદ્ધ જ્ઞાની પુરુષોએ અસરકારક અનેક ઉપાયો બતાવ્યા છે. એ બધા ઉપાયોનો સુંદર સંગ્રહ એકી સાથે એક જ સ્થાને જો કયાંય જોવા મળતો હોય, તો તે શ્રી નવપદજીની આરાધનામાં જોવા મળે છે.

જો કે મોક્ષની સાથે જોડનાર તમામ ધર્મવ્યાપારો એ યોગ જ છે, તેમ છતાં તે તમામ વ્યાપારોમાં શ્રી નવ પદનું સ્થાન સૌથી મોખરે છે. સાધક એના આલંબનથી જ આત્મકલ્યાણના માર્ગમાં સાચી પ્રગતિ સાધી શકે છે. બીજાં પણ તમામ ધર્મવ્યાપારોમાં કોઇ ને કોઇ પ્રકારે નવ પદમાંના કોઈ પદનું સ્થાન રહેલું જ છે.

શ્રી સિદ્ધચક્રની આરાધનાથી આત્મકલ્યાણકારી સાચા સદ્‌ગુણોનો કેવી રીતે વિકાસ થતો રહે છે અને આત્માના શત્રુભૂત એવા મુખ્ય મુખ્ય દોષોનો કેવી રીતે હ્રાસ થવા માંડે છે, તે બાબતને આત્મનિરીક્ષણ પૂર્વક વારંવાર ખૂબ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવી જરૂરી છે. જો એ પ્રમાણે થાય, તો દિન-પ્રતિદિન આરાધનામાં વેગ આવ્યા વિના રહે નહિ. શ્રી સિદ્ધચક્ર એ સદ્‌ગુણોનું સંગ્રહસ્થાન છે. સાચો એક પણ સદ્‌ગુણ એવો નથી, કે જે શ્રી સિદ્ધચક્રમાં ન હોય. આથી શ્રી સિદ્ધચક્રને સદ્‌ગુણરૂપી રત્નોના રત્નાકરની ઉપમા આપવામાં આવી છે, તેની સાચી આરાધના કરનારને ગુણ રત્નનું દારિદ્ર કદી પણ હોતું નથી.

શ્રી નવ પદજીની આરાધનામાં વેગ લાવવા માટે ચાર વસ્તુઓની માહિતી અનિવાર્યરૂપે હોવી જોઈએ. (૧) સાધ્ય, (૨) સાધક, (૩) સાધના અને (૪) તેનું ફળ. એ ચાર વસ્તુઓનું જ્ઞાન આરાધકને ચોક્કસ હોવું જોઈએ. સંક્ષેપમાં સાધ્ય અભીષ્ટ, અબાધિત અને સર્વશ્રેષ્ઠ હોવું જોઈએ. સાધક સદાચાર આદિ ગુણોથી સંપન્ન હોવો જોઇએ. સાધના શબ્દ, અર્થ અને તે બંનેમાં ઉપયોગ સહિત હોવી જોઇએ તથા તેનું પરંપર ફળ ઐકાન્તિક, આત્યન્તિક અને અવિનશ્વર સુખસ્વરૂપ મોક્ષ હોવું જોઈએ શ્રી નવપદજીની આરાધનામાં અતિ પ્રયોજનભૂત એ ચારેય બાબતોને આપણે અહીં ક્રમસર વિચારીએ.

સાધ્યશુદ્ધિ.

શ્રી નવપદજીની આરાધનામાં સાધ્ય તરીકે શ્રી અરિહંતાદિ નવ પદો છે, જેથી અહીં પ્રથમ તે સંબંધી વિચારણા કરીએ.

(૧) શ્રી અરિહંત પદ—શ્રી અરિહંત પરમાત્માનું સ્થાન શ્રી નવ પદમાં સૌથી પ્રથમ છે. તેમાં મુખ્ય કારણ તો તેઓનું વિશિષ્ટ આત્મદ્રવ્ય છે. વળી બીજા તમામ પદોનું ઉત્પત્તિસ્થાન પણ શ્રી અરિહંત પદ છે. શ્રી અરિહંત પરમાત્મા મોક્ષમાર્ગના આદ્ય પ્રકાશક હોવાથી વિશ્વ ઉપર તેઓનો ઉપકાર મહાન અને અજોડ છે. મોક્ષનો માર્ગ ચર્મચક્ષુને અગોચર હોય છે. કેવળજ્ઞાનરૂપી ચક્ષુ વિના તે સાક્ષાત્ જોઈ-જાણી શકાતો નથી. શ્રી અરિહંત પરમાત્માના આત્માઓ

સમગ્ર જગતનું કલ્યાણ કરનારી અને સર્વસત્ત્વહિતકારિણી –એવી ઉત્કૃષ્ટ ભાવના સહિત પૂર્વભવોમાં મોક્ષમાર્ગની એવી સુંદર આરાધના કરે છે, કે જેથી ચરમ ભવમાં તેઓ ત્રણ ત્રણ જ્ઞાન સહિત જન્મે છે. અનુક્રમે સકલ ભોગસામગ્રીનો ત્યાગ કરી, વરસીદાન વડે દીન–દુઃખી જનોનો ઉદ્ધાર કરી અને સહુ સ્વજનવર્ગ પ્રમુખને સંતોષી તેઓ યોગ્ય અવસરે સંયમ સ્વીકારે છે. તે પછી તેઓ અપ્રમત્તભાવે સંયમનું પાલન કરે છે, ઘાતીકર્મો ખપાવે છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેઓ સાક્ષાત્ મોક્ષ–માર્ગને જ્ઞાનચક્ષુથી જોઇને, તેને અતિશયવાળી વાણી વડે યથાર્થ રૂપમાં જગતના જીવો સમક્ષ પ્રગટ કરે છે. તેઓના બતાવેલ માર્ગે પ્રયાણ કરીને અનેક આત્માઓ પોતાનું શુદ્ધ પદ પ્રાપ્ત કરે છે અને અજરામર બને છે. વળી ભવિષ્યમાં પણ મોક્ષમાર્ગનો પ્રવાહ અવિચ્છિન્ન ચાલુ રહે, તે માટે શ્રી અરિહંત પરમાત્માઓ તીર્થની સ્થાપના કરે છે. એ તીર્થના આલંબનથી અનેક ભવ્યાત્માઓ મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

શ્રી અરિહંતદેવોમાં એક મહત્ત્વપૂર્ણ વિશેષતા એ પણ છે કે–જેમ તેઓ મોક્ષમાર્ગના દર્શક છે, તેમ તેઓ સ્વયં મોક્ષમાર્ગરૂપ પણ છે. તેઓએ દર્શાવેલા માર્ગે ચાલવાથી જેમ મોક્ષ પ્રાપ્ત થાય છે, તેમ તેઓ સ્વયં માર્ગરૂપ હોવાથી તેમનું નામસ્મરણ, દર્શન અને ધ્યાન કરવા દ્વારા કર્મનો ક્ષય થાય છે, આત્મગુણ પ્રગટે છે અને મોક્ષ પ્રાપ્ત થાય છે.

ટૂંકમાં ત્રણેય કાલમાં મોક્ષનો માર્ગ ચાલુ રહે છે,

તેમાં મુખ્ય ફાળો શ્રી અરિહંત પરમાત્માનો હોય છે. તેઓના ઉપકાર તળે આવ્યા સિવાય કોઇપણ જીવ પોતાનું કલ્યાણ સાધી શકતો નથી, જેથી તેઓનો ઉપકાર અજોડ અને મહાન બની જાય છે.

આ રીતે શ્રી અરિહંત પરમાત્માનું પદ એ પરોપકાર ગુણનો ભંડાર છે. આ પદની આરાધના કરનારો આરાધક આત્મા, આરાધ્ય શ્રી અરિહંત પરમાત્મામાં રહેલ પરોપકારરૂપી ગુણની અનુમોદનાથી પોતામાં પણ પરોપકારભાવને વિકસાવી ક્રમે ક્રમે તેને પરાકાષ્ઠાએ પહોંચાડવા માટે સમર્થ બની શકે છે. એવો નિયમ છે કે– જે આત્મા હંમેશાં ભાવપૂર્વક ગુણના લક્ષ્યપૂર્વક જેનું સતત ચિંતન, મનન, સ્મરણ, જાપ, ધ્યાન આદિ કરે છે, તે આત્મા પણ મોડો–વહેલો તેના જેવો થયા વિના રહેતો નથી. ખરી રીતે આ પરોપકારભાવ એ જ માનવજીવનનું સાચું અમૃત છે. એ ભાવને કેળવવાથી આત્માનો અનાદિ શત્રુ સ્વાર્થભાવ, કે જેમાં કેવળ પોતાના જ ભૌતિક સુખ અને સગવડની ચિંતા પ્રધાનપણે હોય છે, તે પશુભાવ ટળી જાય છે અને આત્મા દિવ્યતાના પંથે વળે છે. આવા અનેક લાભો શ્રી અરિહંતપદની આરાધનાથી આપણને પ્રાપ્ત થાય છે, જેથી શ્રી અરિહંતદેવ આપણા પરમ ઉપકારી છે. ઉપકારીને ભાવપૂર્વક નમવાથી તથા તેઓની ભક્તિ, સેવા, ઉપાસના અને આરાધના કરવાથી આપણામાં કૃતજ્ઞતા નામનો ગુણ વિકાસ પામે છે, કે જે કૃતજ્ઞતા ગુણ મોક્ષમાર્ગની આરાધનાનું મૂળ છે.

(૨) શ્રી સિદ્ધપદ–શ્રી નવ પદમાં બીજું પદ શ્રી સિદ્ધપદ છે. સિદ્ધ પરમાત્માઓ અનંત ગુણોના ધામ છે. તેઓનો મુખ્ય ગુણ અવિનાશીપણું છે. કારણના આસેવન વિના કાર્યસિદ્ધિ થતી નથી, એ દૃષ્ટિએ સિદ્ધ પરમાત્માઓએ આ અવિનાશીપણું પ્રાપ્ત કર્યું છે તે કોઇ આકસ્મિક ઘટના નથી, પણ શ્રી જિનેશ્વર ભગવાનના સનાતન માર્ગને અનુસરી, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્ન-ત્રયીનું યથાર્થ આરાધન કરી, આત્માની અનંત શક્તિ-અનંત સુખ-સમૃદ્ધિને આવરનારા સકલ કર્મબંધનોને તોડી નાખી શિવસંપદાને વર્યા છે. આ રીતે આત્માની સહજાવસ્થારૂપ પરમ પદની પ્રાપ્તિ થવાથી, હવે તેઓને જન્મ-જરા-મરણાદિ કોઇ પણ પ્રકારનું દુઃખ રહ્યું નથી અને કદી પણ નાશ ન પામે તેવું અનુપમ તથા સંપૂર્ણ સુખ તેઓમાં પ્રગટ થયું હોય છે. આ અવસ્થા પ્રાપ્ત કર્યા પછી જીવ પોતાના સ્વરૂપને કદી પણ છોડતો નથી, માટે જ સિદ્ધપદ અવિ-નાશી કહેવાય છે. શ્રી સિદ્ધ પરમાત્માના આ અવિનાશી-પણાનો ગુણ સમગ્ર મુમુક્ષુ આત્માઓનું લક્ષ્યબિન્દુ છે. શ્રી અરિહંત પરમાત્માઓ પણ દીક્ષા અંગીકાર કરતી વખતે સિદ્ધપદને નમસ્કાર કરે છે અને જગતને સિદ્ધપદના માર્ગે દોરે છે. માટે જ અનુપમ ઉપકારી તરીકે તેઓની ગણતરી થાય છે. જગતના તમામ પદાર્થો ઉપર કાળની અસર છે, પરંતુ આ એક જ પદ એવું છે કે જેના ઉપર કાળની પણ અસર નથી. શ્રી સિદ્ધ પરમાત્માઓના અવિનાશી સ્વરૂપનો વિચાર જીવને સિદ્ધ બનાવી અચિંત્ય પ્રેરણા આપે છે, હિંમત

આપે છે અને જીવનમાં છૂપાયેલ વીર્યોલ્લાસમાં અપૂર્વ વૃદ્ધિ કરાવે છે. સિદ્ધપણામાં રહેલ અનંત ઋદ્ધિ-સિદ્ધિનો ખ્યાલ જ્યાં સુધી જીવને આવતો નથી, ત્યાં સુધી તેને સાંસારિક સુખનો લોભ ટળતો નથી. શ્રી સિદ્ધપદની આરાધનાથી જીવને પોતાના આત્મામાં પણ સત્તાગત એટલી જ અનંતી ઋદ્ધિ-સિદ્ધિ રહેલી છે અને તેને યોગ્ય ઉપાય દ્વારા પ્રાપ્ત પણ કરી શકાય છે, એવી પ્રતીતિ થાય છે. આથી આરાધનામાં વેગ વધતો જાય છે, આત્મિક સુખની વૃદ્ધિ થતી જાય છે અને આત્મામાં રહેલ દીનતા નામનો દોષ ટળતો જાય છે. આ પદની આરાધનાથી અંતે જીવ પોતાના નિર્મળ અવિનાશી આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે.

૩ આચાર્ય પદ-શ્રી નવ પદજીમાં ત્રીજું પદ શ્રી આચાર્યપદ છે. તેઓ પાંચ ઇન્દ્રિયોનું દમન કરે છે, નવવિધ બ્રહ્મચર્યનું પાલન કરે છે, ચાર કષાયોનો જય કરે છે, પાંચ મહાવ્રતથી યુક્ત હોય છે, પંચાચારનું પાલન કરવામાં સમર્થ હોય છે, તેમ જ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરે છે. તેઓમાં આ છત્રીશ ગુણો અને એવા બીજા પણ અનેક ગુણોનો સમૂહ ઝળકી રહ્યો હોય છે વળી તેઓ સંયમવ્રતમાં પારગામી હોવા ઉપરાન્ત સકળ શાસ્ત્રોમાં પણ પારગામી હોય છે. તે આચાર્ય ભગવંતો ભવ્ય જીવો ઉપર અનેક રીતે મહાન ઉપકાર કરે છે.

મુમુક્ષુઓ માટે મોક્ષ એ સાધ્ય છે અને સદાચરણ એ સાધન છે. જેને મોક્ષની ઇચ્છા હોય, તેણે મોક્ષના

અનન્ય સાધનભૂત સદાચારને પણ જીવનમાં અપનાવવો જ રહ્યો. આ ત્રીજા પદમાં રહેલા આત્માઓ પોતે સદાચારનું પાલન કરે છે અને જગતને પણ એ માર્ગે ચાલવાની સતત પ્રેરણા પંચાચારમય પોતાના જીવનથી અને ઉપદેશથી આપે છે. પંચાચારના પાલનમાં જગતના તમામ ઉત્તમ આચારોનો સમાવેશ થઇ જાય છે, એ દૃષ્ટિએ **શ્રી આચાર્ય ભગવંતોનું પદ એ સદાચારનો ભંડાર છે.** આ પદની આરાધના કરનાર **આત્મામાં સદાચાર** નામનો ગુણ દૃઢ બનતો જાય છે. આ સદાચાર એ જ ધર્મનું સર્વસ્વ ધન અને મોક્ષનું પરમ કારણ છે. **જીવનમાં જ્યારે સદાચાર** પ્રગટવા લાગે છે, ત્યારે એક બાજુ પાપાચરણ અટકવા લાગે છે અને બીજી બાજુ જીવ પરંપરાએ સંપૂર્ણ વિશુદ્ધિને પ્રાપ્ત કરનારો બને છે.

(૪) **શ્રી** ઉપાધ્યાયપદ–શ્રી નવપદજીમાં ચોથું પદ શ્રી ઉપાધ્યાયપદ છે. તેઓ નિર્મળ શાસ્ત્રબોધ સહિત શુદ્ધ ચારિત્રનું પાલન કરવામાં સદા સાવધાન રહે છે અને કેવળ ઉપકારદૃષ્ટિથી સાધુસમુદાયને અનેક પ્રકારે સહાય આપી પત્થર જેવા જડબુદ્ધિવાળા શિષ્યોને પણ સુશિક્ષિત કરે છે અને ઉત્તમ રહેણી–કહેણી વડે તેમને સુવિનીત બનાવે છે. તેઓ આચાર્યને, ગચ્છને, યાવત્ શ્રીસંઘને પણ સહાયક બને છે. **શ્રી ઉપાધ્યાય ભગવંતોનો મુખ્ય ગુણ વિનય છે.** પોતાના જીવનમાં વિનયગુણનું પાલન કરી તેઓ બીજાને પણ વિનયગુણની પ્રાપ્તિમાં આદર્શ દૃષ્ટાંત રૂપ બને છે. આ વિનયગુણ મોક્ષમાર્ગમાં ઘણો જ ઉપ–

યોગી છે. એના વિના મોક્ષમાર્ગમાં એક ડગલું પણ આગળ વધી શકાતું નથી. વિનયથી જ મોક્ષસાધક સદ્વિદ્યાની પ્રાપ્તિ સુલભ બને છે. નમ્રતા, સરલતા, કોમળતા આદિ ગુણો પણ વિનયથી શોભે છે. વિનય એ જ ધર્મનું મૂળ છે. આ વિનયગુણના વિકાસથી જીવનમાંથી ઉદ્ધતાઇ, અક્કડતા, અહંકારાદિ દોષો નાશ પામે છે અને પરિણામે વિનય ગુણના વિકાસથી આઠે કર્મનો ક્ષય થાય છે.

(૫) **શ્રી સાધુપદ**-શ્રી નવપદજીમાં પાંચમું પદ શ્રી સાધુપદ છે. તેઓ સાંસારિક સુખની અસારતા જોઇને, આત્માના શાશ્વત સુખમાં ઠરવા માટે ગૃહવાસનો ત્યાગ કરે છે અને સદ્ગુરુનું ભાવથી શરણ સ્વીકારી, પ્રમાદરહિતપણે સત્તાવીશ ગુણો સહિત ઉજ્જવલ રત્નત્રયીનું ધીરપણે પાલન કરતાં પોતાના જન્મને કૃતાર્થ કરી રહ્યા હોય છે. **ક્ષમાપ્રધાન સાધુ ભગવંતોનો મુખ્ય ગુણ સહાય-વૈયાવચ્ચ છે.** નિઃસ્વાર્થભાવે કલ્યાણમાર્ગમાં સહાય કરનાર આત્મા ઉત્તમ તત્ત્વો પ્રત્યે નમ્રતાપૂર્વક સાચો સેવાભાવ પ્રગટાવવા માટે સમર્થ બની શકે છે. આવો સેવાભાવ એ જ મોક્ષના સાચા મેવા પ્રાપ્ત કરવાનો સાચો ઉપાય છે. **સેવાભાવના વિકાસથી જીવમાં એકલપેટાપણા નામનો દોષ નાશ પામે છે અને તેનામાં ભાવ ઐશ્વર્ય પ્રગટ થવા લાગે છે.**

(૬) **સમ્યગ્દર્શન પદ**-શ્રી નવ પદજીનું છઠ્ઠું પદ સમ્યગ્દર્શન છે. તેના બળથી શ્રી કેવળી ભગવંતોએ

ભાખેલા જીવાદિ તત્ત્વોને આપણે સત્ય-પ્રામાણિક લેખી સદ્દહી શકીએ છીએ, જે જ્ઞાન અને ચારિત્રનું મૂળ છે, તે સમ્યગ્દર્શન ૬૭ બોલથી અલંકૃત છે. એકડા વિના જેમ મીંડાં નકામા છે, તેમ સમ્યગ્દર્શન વિના કોઇ ક્રિયા કલ્યાણરૂપ થતી નથી. આ સમ્યગ્દર્શન તમામ સદ્ભાવનાઓનો ભંડાર છે. તમામ સદ્ભાવનાઓનો સાચો પ્રારંભ સમ્યગ્દર્શનથી થાય છે. જીવનમાં સદ્ભાવનાઓના વિકાસ વિના, તેને આત્મસાત્ કર્યા વિના કોઈ પણ આત્મા પોતાનું અંતિમ કલ્યાણ સાધી શકતો નથી. સમ્યગ્દર્શનથી આત્મામાં સદ્ભાવનાઓનો વિકાસ થાય છે. સદ્ભાવનાઓના વિકાસથી આર્ત્ત-રૌદ્ર ધ્યાનરૂપ અસદ્ભાવ જલની પાસે અગ્નિની જેમ આપોઆપ શમી જાય છે અને આત્મા શુભ ધ્યાનમાં વધુ ને વધુ સ્થિર બનતો જાય છે. સમ્યગ્દર્શનના વિકાસથી અસદ્ ભાવનાઓ અને મિથ્યાત્વ નામનો દોષ નાશ પામે છે.

(૭) જ્ઞાનપદ-શ્રી નવપદજીમાં સાતમું પદ જ્ઞાન-પદ છે. જ્ઞાનપદ એ વૈરાગ્યનો ભંડાર છે. જ્યાં સાચું જ્ઞાન હોય ત્યાં સૂર્યના પ્રકાશમાં અંધકારની જેમ અસદ્-રાગ ન સંભવે અને જ્યાં અસદ્રાગ હોય ત્યાં સાચું જ્ઞાન ન સંભવે. સમ્યગ્જ્ઞાનનું ફળ વિરતિ છે. અર્થાત્ જ્ઞાનપદની આરાધના વડે પાપથી વિરામ પામવા રૂપ વિરતિ નામનો ગુણ પ્રગટે છે અને સાંસારિક સુખની આસક્તિજન્ય અવિ-રતિ નામનો દોષ નાશ પામવા લાગે છે.

(૮) ચારિત્રપદ--શ્રી નવપદજીમાં આઠમું પદ ચારિત્ર-

પદ છે. આ ચારિત્રપદ સર્વ ગુણોનો ભંડાર છે. ચારિત્ર મહારાજાના દરબારમાં પ્રવેશ કર્યા વિના, તેમાં અનુમત થયા વિના કોઈ પણ નય, વાદ કે વિચારને સમ્યક્-પણાની છાપ મળી શકતી નથી. બધા વાદવિવાદો ચારિત્ર-ગુણ પાસે શાન્ત પડી જાય છે. અંતે ચારિત્ર વિના કોઇની મુક્તિ થતી નથી. આથી પરિણામે ચારિત્રગુણની પ્રાપ્તિ જેનાથી થાય, તે જ સાધનાને સાચી સાધના ગણી શકાય. આ ચારિત્રપદનું આરાધન કરનાર આત્મામાં અનેક નિર્મળ ગુણો પ્રગટ થાય છે અને તે આત્મા સર્વ દોષથી મુક્ત બને છે.

(૯) તપ પદ–શ્રી નવપદજીમાં નવમું પદ તપપદ છે. જેમ અગ્નિનો તાપ આપવાથી સોનામાં રહેલ મેલ બળી જાય છે અને તે શુદ્ધ કાંચન બને છે, તેમ શાસ્ત્રમાં કહેલ અનેક પ્રકારના બાહ્ય-અભ્યંતર તપનું ક્ષમા સહિત સેવન કરવાથી આત્મામાં રહેલ ચીકણા-નિકાચિત કર્મો પણ ક્ષય પામી જાય છે અને આત્માનું શુદ્ધ સ્વાભાવિક સ્વરૂપ પ્રગટી નીકળે છે. તપનો આવો મહાન પ્રભાવ જાણી, તદ્ભવમોક્ષ-ગામી શ્રી તીર્થંકરદેવ–શ્રી ગણધર ભગવંતો જેવા ઉત્તમો-ત્તમ મહાપુરુષોએ પણ ભાવથી તેનું સેવન કર્યું છે. તપ પદ એ સંતોષગુણનો ભંડાર છે. અનેક પ્રકારની અસત્ ઇચ્છાઓથી આ જીવ હંમેશાં સતત ઘેરાયેલો હોય છે. તપપદની આરાધનાથી તે તમામ ઇચ્છાઓ ઉપર કાબુ મેળવવા માટે સમર્થ બને છે. ઇચ્છાઓનો નિરોધ એ જ તપનું સાચું સ્વરૂપ છે. આ તપગુણ જેમ જેમ વિકાસ

પામતો જાય છે, તેમ તેમ જીવને સંતોષગુણનો લાભ થતો જાય છે. જીવનમાં જેમ જેમ સંતોષગુણની વૃદ્ધિ થાય છે, તેમ તેમ સુખ પણ વૃદ્ધિ પામે છે અને જ્યારે આ સંતોષ-ગુણ પરાકાષ્ઠાએ પહોંચે છે, ત્યારે જીવમાં રહેલ અનંત તૃષ્ણા અને લોભ નામનો દોષ નાશ પામે છે અને જીવને અનંત ઐશ્વર્યની પ્રાપ્તિ સહજ બની જાય છે.

સાધક શુદ્ધિ.

શ્રી નવપદની આરાધના કરનાર આરાધક આત્મા કેવો હોવો જોઈએ, તે માટે શ્રી સિરિ-સિરિવાલ-કહામાં જણા-વવામાં આવ્યું છે કે—ક્ષમાવાન, દાન્ત અને શાન્ત આત્મા જ શ્રી નવપદજીની આરાધના કરી શકે છે, તેનાથી વિપ-રીત ગુણવાળો તેની આરાધના કરી શકતો નથી, કિન્તુ વિરાધક બને છે. તાત્પર્ય એ છે કે-કામ, ક્રોધ અને લોભ-એ ત્રણ પ્રકારના દોષો આત્મામાં આરાધનાનો ભાવ ઉત્પન્ન થવા દેતા નથી. તે ત્રણ દોષોને જીતવા માટે અહીં તેના પ્રતિપક્ષી ત્રણ ગુણોને મુખ્ય કરીને બતાવવામાં આવ્યા છે. ક્ષમાથી ક્રોધનો, દાન્તતાથી કામનો અને શાન્તતાથી લોભનો નિગ્રહ થાય છે. તે ત્રણેય ગુણોને ક્રમશઃ વિચારીએ.

(૧) **ક્ષમાવાન એટલે ક્ષમાથી ભરેલો.** ક્ષમાથી ભરેલો તે કહેવાય, કે જે બીજાના અપરાધોને સહન કરતાં અને પોતાના અપરાધોની માફી માગતાં શીખ્યો હોય, સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ પ્રગટ્યો હોય અને કોઈ પણ જીવ પ્રત્યે વૈર અને વિરોધનો પરિણામ ન હોય.

સંસારી અવસ્થામાં જીવ અનેક રીતે અનેક જીવોનો અપરાધ કરી રહ્યો હોય છે અને તે કારણે તે કર્મથી ભારે બને છે. જ્યાં સુધી આ કર્મનો ભાર ઘટે નહિ, ત્યાં સુધી આરાધનાનો સાચો અધિકાર પ્રાપ્ત થતો નથી. સર્વ જીવોની સાથે શુદ્ધ હૃદયથી ક્ષમાપના કરવા વડે જીવના અધ્યવસાય નિર્મળ થાય છે અને અધ્યવસાય નિર્મળ થવાથી કર્મનો ભાર ઓછો થાય છે. આથી જેમણે આરાધનાના સાચા અધિકારી બનવું હોય, તેમણે સૌથી પહેલાં સર્વ જીવો પ્રત્યે કરેલા અપરાધોની ફરી ન કરવાના અધ્યવસાયપૂર્વક ક્ષમાપના કરી લેવી જોઇએ.

(૨) દાન્ત એટલે ઇન્દ્રિયોને દમનારો-જીતનારો. અર્થાત્ શબ્દ, રસ, ગંધ અને સ્પર્શ રૂપ ઇન્દ્રિયોના પાંચ વિષયોની વાસનાથી મનને રોકનારો. ઇન્દ્રિયોના વિષયોને-કામનાઓને જીત્યા સિવાય મનુષ્ય કષાયો ઉપર વિજય મેળવવા માટે સમર્થ થતો નથી. ઇન્દ્રિયોને જીતવાનો સરળ અને નિર્ભય ઉપાય પ્રથમ અપ્રશસ્ત વિષયોમાંથી તેને ખેંચી પ્રશસ્ત વિષયોમાં જોડવી તે છે. પ્રશસ્ત વિષયોમાં ઇન્દ્રિયોને જોડવી એનો અર્થ એ છે કે—આ ઇન્દ્રિયજય જેમણે કર્યો છે, તેમની ભક્તિ આદિમાં તેને જોડવી.

સંસારમાં એક બાજુ પાંચ વિષયો છે અને બીજી બાજુ પાંચ પરમેષ્ઠિઓ છે. પાંચ પરમેષ્ઠિઓ પ્રત્યે ભક્તિ પ્રગટવાથી ક્રમશઃ પાંચ વિષયોનો રાગ ટળે છે. જેમ કે-શ્રી અરિહંતદેવની વાણીનું શ્રવણ કરવાથી 'શબ્દ' નામનો

વિષય, શ્રી સિદ્ધ ભગવંતના શાશ્વત રૂપના ધ્યાનથી 'રૂપ' નામનો વિષય, શ્રી આચાર્યના પંચાચારની સુગંધથી 'ગંધ' નામનો વિષય, શ્રી ઉપાધ્યાયના જ્ઞાનામૃતના રસાસ્વાદથી 'રસ' નામનો વિષય અને મુક્તિની સાધનામાં લીન સાધુ મહારાજના સ્પર્શથી 'સ્પર્શ' નામનો વિષય જીતવાનું બળ પ્રગટે છે.

આ રીતે શ્રી નવપદજીના સાચા આરાધકે પોતાની સામગ્રી અને સર્વ શક્તિને અશુભ વિષયોમાંથી નિવારી શુભ વિષયોમાં જોડવાનું સંપૂર્ણ લક્ષ્ય રાખવું જરૂરી છે. ઇન્દ્રિયજયનો એ જ ઘેરી માર્ગ છે. આ અભ્યાસ ધીમે ધીમે વૃદ્ધિ પામતો એક દિવસ સંપૂર્ણ ઇન્દ્રિયજય પ્રાપ્ત કરાવનારો બને છે.

(૩) **શાન્ત એટલે કષાયને જીતનારો.** ક્રોધ, માન, માયા અને લોભ–આ ચાર કષાયો સંસારરૂપી વૃક્ષનું મૂળ છે. આ ચાર કષાયોની તરતમતાથી સંસારની તરતમતા છે. આ કષાયોને જીતવાનો ઉપાય પ્રથમ તેને પાતળા પાડવા તે છે. ક્રોધાદિના કટુ વિપાકો તથા તેના પ્રતિપક્ષી ક્ષમાદિ ગુણોના માહાત્મ્યનું ચિંતન આદિ કરવાથી ક્રોધાદિ કષાયો પાતળા પડે છે. જેમ કે–ક્રોધ એ ધર્મ–અર્થ–કામાદિ સર્વ પુરુષાર્થનો ઘાતક છે. ઘણા કાળ સુધી પાળેલું સંયમ ક્ષણવારના ક્રોધથી નાશ પામે છે. ક્રોધથી મન, બુદ્ધિ, ઇન્દ્રિય અને શરીર ઉપર ઘણી ખરાબ અસર થાય છે. ક્રોધથી અશુભ કર્મનો બંધ અને પરિણામે દુર્ગતિ થાય છે, જ્યારે

ક્ષમાથી સર્વ પુરુષાર્થની અનાયાસે સિદ્ધિ થાય છે, શુભ કર્મપ્રકૃતિનો બંધ થાય છે અને પરિણામે સદ્ગતિ અને મોક્ષસુખના ભાગી બનાય છે.

એ રીતે માનથી વિનયનો નાશ થાય છે, માયાથી વિશ્વાસનો નાશ થાય છે અને લોભથી સર્વ ગુણોનો નાશ સર્જાય છે. આ ક્રોધાદિને તેના પ્રતિપક્ષી ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષથી જીતવા માટે સર્વથા ઉદ્યમશીલ રહેવું ખાસ જરૂરી છે. ઉપરાંત કષાયો ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરી ચૂકેલા શ્રી પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે નમ્ર વૃત્તિવાળા બની સાચો નમસ્કારભાવ કેળવવો, તે પણ કષાયોને જીતવાનો એક શ્રેષ્ઠ ઉપાય છે અને તેથી શ્રી નવપદજીના આરાધકનું તે પણ એક પરમ કર્ત્તવ્ય બને છે.

ઉપર જણાવ્યું તેમ આરાધક જેમ ક્ષમાવાન, દાન્ત અને શાન્ત હોય છે, તેમ આરાધનાને યોગ્ય બીજા ઉચિત ગુણોનો પણ તે અવશ્ય અર્થી હોય છે. તે ગુણો નીચે પ્રમાણે છે.

પરિમિત અને સાત્ત્વિક આહાર કરવાવાળો, ઉપાસનામાં પ્રીતિવાળો, ધૈર્યવાન, દયાળુ, પરોપકારપ્રિય, અપરોપતાપી, દેવ-ગુરુનો ભક્ત, વિનયવાન, ઈર્ષ્યા-માત્સર્ય-દ્વેષ-પરનિંદા, આદિથી પરાઙ્મુખ, ગુણાનુરાગી, સુશીલ, પ્રસન્ન મનવાળો, સર્વ જીવોનું હિત ચિંતવનારો, સર્વ જીવો પ્રત્યે કરુણા-રસથી તરબોળ હૃદયવાળો, સર્વ જીવોને આત્મસ્વરૂપે જોનારો

અને સર્વત્ર સમતાભાવને ધારણ કરનારો હોય છે. આવો આરાધક ઉત્તમોત્તમ આરાધક ગણાય. આવો ગુણી આરાધક અચિંત્ય મહિમાશાલી શ્રી સિદ્ધચક્રજીની સંપૂર્ણ સાધના કરી શકે અને સાક્ષાત્ અનુભવી પણ શકે. શ્રી શ્રીપાલના કથાનકમાં ઉપર કહ્યા તે ગુણોના બીજકો છૂપાયેલા છે. એના પ્રભાવે શ્રી શ્રીપાળ મહારાજા સર્વત્ર જય, વિજય અને સુયશની પરંપરાને પ્રાપ્ત કરી શકયા હતા અને તેઓની આરાધના યોગીશ્વરોના ચિત્તને પણ ચમત્કાર ઉત્પન્ન કરાવનારી બની હતી.

સાધના શુદ્ધિ.

સાધકનું શ્રી અરિહંત આદિ પદોની સાથે અભેદપણે જોડાણ થવું, એનું નામ તાત્ત્વિક સાધના છે. એકતા, લીનતા, તન્મયતા, એકાગ્રતા, લય, સમરસીભાવ, એકીકરણ, સમાધિ, સમતા, સ્થિરતા, સામ્ય, પ્રણિધાન, સમાપત્તિ, ઉપયોગ, સ્વરૂપરમણતા, અદ્વૈતભાવ, ઉન્મનીભાવ, અમૃતક્રિયા—આ બધાં તાત્ત્વિક સાધનાનાં જ બીજાં નામો છે. સાધનાની આ સર્વશ્રેષ્ઠ દશા છે. આ સાધના શીઘ્ર ફળે છે. ધર્મગ્રન્થોમાં જ્યાં જ્યાં ચમત્કારિક હકીકતોનું વર્ણન આવે છે, તેની પાછળ મુખ્ય ફાળો આ તાત્ત્વિક સાધનોનો હોય છે. આમ છતાં આ સ્થિતિએ એકદમ પહોંચાતું નથી. ત્યાં સુધી પહોંચવા માટે તેને ગુણકારી અને અનિવાર્ય અનેક ભૂમિકાઓમાંથી પસાર થવું પડે છે અને તે ભૂમિકાઓને પણ કારણમાં કાર્યનો ઉપચાર કરીને સાધના કહેવામાં આવે છે.

તાત્ત્વિક સાધના સુધી પહોંચવા માટે, પ્રથમ 'સ્થાન'

એટલે લાંબા સમય સુધી સુખપૂર્વક બેસી શકાય તેવું કોઈ આસનવિશેષ સિદ્ધ કરવું જોઈએ તથા આરાધના માટે નક્કી કરેલા સૂત્રોનું અથવા 'મંત્રાક્ષરો'નું ઉચ્ચારણ શુદ્ધ હોવું જોઈએ. ચિત્તની વૃત્તિઓને બાહ્ય વિષયોમાંથી ખેંચી તેને હૃદયકમલ આદિ નક્કી કરેલા સ્થાને જોડવી જોઈએ અને બાહ્ય 'આલંબન' તરીકે પ્રતિમાદિ વિષયમાં દૃષ્ટિને સ્થિર-સ્થાપન કરવી જોઈએ.

સામાન્ય નિયમ એવો છે કે—સ્થૂલ ઉપરથી સૂક્ષ્મમાં જવું, મૂર્ત ઉપરથી અમૂર્તમાં જવુ અને આલંબન ઉપરથી નિરાલંબનમાં જવું. આલંબન વડે ક્રમે ક્રમે સૂક્ષ્મ, અમૂર્ત અને અપરિચિતમાં પહોંચી શકાય છે,

શ્રી નવપદજીની સાથે લીનતા કેળવવા માટે જીવનમાં પહેલાં ન્યાય, નીતિ, સદાચાર, પ્રેમ, પરોપકાર અને વ્રત-નિયમાદિ કેળવવા જોઈએ, તેમ જ પછી દાન, પૂજન, સ્તોત્ર, જાપ અને ધ્યાનનો અભ્યાસ પાડવો જોઈએ. ધ્યાન માટે ચિત્તની નિર્મળતા અને શરીરની શુદ્ધિ આવશ્યક છે. ચિત્તની નિર્મળતા માટે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્ય-સ્થભાવ તથા શરીરશુદ્ધિ માટે તપ જરૂરી છે. દીર્ઘકાળ સુધી વચ્ચે આંતરું પાડ્યા વિના આદર, સત્કાર અને બહુમાનપૂર્વક જ્યારે આરાધ્ય તત્ત્વોનો અભ્યાસ સ્થિર થાય છે, ત્યારે ચિત્તના મળ, વિક્ષેપ અને આવરણ આદિ દોષો નાશ પામે છે અને તેના પરિપાકરૂપે સાધ્યની સાથે સાધકને એકાગ્રતા પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રમાં દ્રવ્યક્રિયાને ભાવક્રિયા બનાવવા માટે 'तच्चित्ते तम्मणे' ઈત્યાદિ જે આઠ વિશેષણો બતાવવામાં આવ્યા છે, તે પણ સાધકની સાધ્યની સાથે એકતા-લયલીનતા સાધવા માટે ખાસ જરૂરી છે. જેમ કે—

૧. तच्चित्तः-તેમાં સામાન્ય ઉપયોગવાળો.

૨. तन्मनाः-તેમાં વિશેષ ઉપયોગવાળો.

૩. तल्लेश्यः-તેમાં લેશ્યાની વિશુદ્ધિવાળો.

૪. तदध्यवसितः-તેમાં અધ્યવસાયની વિશુદ્ધિવાળો.

૫. तत्तीव्राध्यवसितः-તેમાં અધ્યવસાયની તીવ્ર વિશુદ્ધિવાળો.

૬ तदर्थोपयुक्तः-તેના અર્થમાં જ ઉપયોગવાળો.

૭. तदर्पितकरणः-તેમાં જ ત્રણેય કરણોનું સમર્પણ કરેલ.

૮. तद्भावनाभावितः-તેની જ ભાવનાથી ભાવિત.

અર્થાત્ તેમાં જે લયલીન બનીને બીજે કોઈ પણ સ્થાને મનને ન જવા દેવાપૂર્વક ક્રિયા કરે, ત્યારે ભાવક્રિયા બને છે.

શ્રી નવપદજીની ગાથે એકતા સાધવા માટે આપણી આરાધનાને પણ ત્યાં સુધી પહોંચાડવાનું લક્ષ્ય હોવું જરૂરી છે.

ધ્યાનના પ્રારંભમાં અરિહંત આરાધ્ય અને હું આરાધક, સિદ્ધ સાધ્ય અને હું સાધક, આચાર્ય સેવ્ય અને હું સેવક, ઉપાધ્યાય પૂજ્ય અને હું પૂજક, સાધુ ઉપાસ્ય અને હું ઉપાસક-એમ શ્રી નવપદોની સાથે દ્વૈતભાવ હોય છે. પરમેષ્ઠિવિષયક આ દ્વૈતભાવ પણ પ્રશસ્ય દ્વૈતભાવ છે અને તે અદ્વૈતભાવનું પ્રધાન કારણ છે. આ દ્વૈતભાવમાં ભક્તિની

પરાકાષ્ઠા છે, અર્થાત્ "**મારે આ પરમાત્માની ભક્તિ જ જોઇએ. હું પરમાત્માનો ભક્તા જ બન્યો રહું. તે સિવાય મને બીજું કાંઇ જ ન જોઇએ.**" અહીં સાધકને મુક્તિ કરતાં પણ ભક્તિ વધુ પ્રિય બને છે. ભક્તિના આ પરિણામમાં તેના ચિત્તમાં સદૈવ પરમાત્મા જ વસી રહ્યા હોય છે. આથી આ પરિણામમાં આગળ વધતાં તેનો દ્વૈતભાવ સર્વથા ભૂંસાઈ જાય છે. પોતાની જાતને તે પરમાત્મામાં વિલીન કરે છે, અર્થાત્ ધ્યાતા ધ્યેયસ્વરૂપ બને છે. પછી તેને મારો આત્મા જ અરિહંતાદિ છે–એમ નવેય પદોની સાથે ઐકયભાવ ઉત્પન્ન થઈ આત્મતત્ત્વનો સંપૂર્ણ સાક્ષાત્કાર થાય છે, કે જે ધર્મનું અંતિમ ધ્યેય છે, યોગનો અંતિમ આદર્શ છે અને સાધનાનું અંતિમ ફળ છે. આ રીતે શ્રી નવપદજીનું ધ્યાન અંતે આત્માને ચૈતન્ય અને આનંદની પરમ સીમાએ પહોંચાડનારું બને છે. તેનાથી બીજા અવાન્તર લાભો સહેજે પ્રાપ્ત થાય તેમાં કાંઈ નવાઈ નથી. યોગથી જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તે બધી શ્રી નવપદજીના એકાગ્રતાપૂર્વક થતાં ધ્યાનથી પ્રાપ્ત થાય છે, કારણ કે–શ્રી નવપદજીમાં તન્મયતા પ્રાપ્ત થવી એ એક પ્રકારનો શ્રેષ્ઠ યોગ જ છે.

શ્રીપાળ મહારાજાએ શ્રી નવપદના આલંબનથી કેવી સુંદર તન્મયતા–એકાગ્રતા કેળવી હતી અને કેવી રીતે આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો હતો, તે હકીકત પ્રસ્તુતમાં ખાસ ઉપયોગી હોવાથી અહીં રજુ કરીએ છીએ.

'एवं च संथुणंतो सो जाओ, नवपयसु लीणमणो ।
जइ कहवि तह पेक्खइ, अप्पाणं तम्मयं चेव ॥ १ ॥

શ્રી સિરિ સિરિવાલ કહામાં ચરિત્રકાર શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે–રાજા શ્રીપાળ પોતાની અંતિમ અવસ્થામાં શ્રી નવપદોના ધ્યાનમાં અને સ્તુતિમાં એવા લીન મનવાળા બની ગયા હતા, કે જે ધ્યાનના પ્રભાવે પોતાના આત્માને તન્મય અર્થાત્ શ્રી નવપદમય જોવા લાગ્યો.

અહીં શ્રી નવપદોના ધ્યાનનો પ્રભાવ ધ્યાતાને કેવા પ્રકારે ફળદાયી નિવડે છે, તેનું યથાસ્થિત આલેખન છે. શ્રી નવપદોની ભક્તિ અને આરાધના જીવનમાં જ્યારે વિધિપૂર્વક થાય છે, ત્યારે તેનું અંતિમ ફળ શ્રી નવપદમય પોતાનો આત્મા છે, તેવા દર્શનમાં પરિણમે છે. એ દર્શન અંતે આત્મા પોતે જ શ્રી નવપદસ્વરૂપ છે–એવા જ્ઞાનમાં પરિણમે છે. એ જ્ઞાન છેવટે ધ્યાતાને પોતાના આત્મામાં જ લીન મનવાળો બનાવે છે. આત્માનું આ જાતિનું જ્ઞાન એ જ મોક્ષનું અસાધારણ કારણ બને છે.

શ્રી યોગશાસ્ત્ર નામના મહાશાસ્ત્રમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ધ્યાનનું રહસ્ય બતાવતાં, એ જ વાતને નીચેના શબ્દોમાં ફરમાવે છે —

'मोक्षः कर्मक्षयादेव स चात्मज्ञानतो भवेत् ।
ध्यानसाध्यं मतं तच्च, तद्ध्यानं हितमात्मनः ॥ १ ॥

સકળ કર્મના ક્ષય રૂપી મોક્ષ આત્મજ્ઞાનથી થાય છે અને આત્મજ્ઞાન એ ધ્યાનથી સાધ્ય છે. એટલા માટે ધ્યાન એ જ આત્માનું પરમ હિત કરનાર છે. આત્મહિતકારક આ ધ્યાનની સામગ્રી શ્રી નવપદો પૂરી પાડે છે. શ્રી નવપદો એ આત્માનું જ શુદ્ધ સ્વરૂપ છે. એનું અવલંબન લેનાર પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રત્યક્ષ કરી શકે છે. આત્મજ્ઞાન જેનું ફળ છે, એવી આરાધનાને જ શ્રી જૈનશાસનમાં મોક્ષમાર્ગ તરીકે વર્ણવેલ છે. બધી આરાધનાનું અંતિમ લક્ષ્ય આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન છે અને ધ્યાન દ્વારા તે જ્ઞાન પ્રત્યક્ષ કરી શકાય છે. શાસ્ત્ર દ્વારા આત્માના શુદ્ધ સ્વરૂપનું પરોક્ષ જ્ઞાન મેળવનાર તે જ્ઞાનને ધ્યાન દ્વારા પ્રત્યક્ષ કરી શકે છે. આથી બાર પ્રકારના તપમાં ધ્યાનરૂપી અભ્યંતર તપને ઉત્કૃષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે. તપના બીજા બધા પ્રકારો ધ્યાનરૂપી અભ્યંતર તપની પુષ્ટિ માટે છે. ધ્યાનરૂપી અભ્યંતર તપની પુષ્ટિ માટે જો તે ન થાય, તો તેની કિંમત મોક્ષમાર્ગમાં કાંઈ નથી, કેમ કે–આત્મધ્યાન જ આત્મજ્ઞાન યાને આત્મસાક્ષાત્કારનું કારણ બને છે. એ જ વાતને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ શ્રી શ્રીપાળરાસની ચોથા ખંડની સાતમી ઢાળમાં નીચે મુજબ વર્ણવે છે.

અરિહંત સિદ્ધ તથા ભલા, આચારજ ઉવજઝાય;
મુનિ દંસણ નાણ ચરિત્ત તવ, એનવપદ મુક્તિ ઉપાય. ૧

એ નવપદ ધ્યાતા થકા, પ્રગટે નિજ આતમ રૂપ;
આતમદરિસણ જેણે કર્યું, તેણે મુંધો ભવભય કૂપ. ૨

ક્ષણ અર્ધે જે અઘ ટળે, તે ન ટળે ભવની કોડી રે;
તપસ્યા કરતાં અતિ ઘણી, નહિ જ્ઞાન તણીછે જોડીરે. ૩
આતમજ્ઞાને મગ્ન જે, તે સવિ પુદ્ગલનો ખેલ;
ઇન્દ્રજાલ કરી લેખવે, ન મિલે તિહાં દેઇ મન મેલ. ૪
જાણ્યો ધ્યાયો આતમા, આવરણ રહિત હોય સિદ્ધ;
આતમજ્ઞાન તે દુઃખ હરે, એહિજ શિવહેતુ પ્રસિદ્ધ. ૫
ચોથે ખંડે સાતમી ઢાળ, પૂરણ થઇ તે ખાસ;
નવપદ મહિમા જે સુણે, તે પામે સુજસ વિલાસ. ૬

અહીં શ્રી નવપદના ધ્યાનને મુક્તિનો પરમ ઉપાય કહ્યો છે, કેમ કે–તે ધ્યાન આત્માના શુદ્ધ સ્વરૂપનું અપરોક્ષ જ્ઞાન કરાવે છે. જો આત્મજ્ઞાનના ધ્યેય વિનાની તપસ્યા કોડો ભવો સુધી કરવામાં આવે, તો પણ તે મુક્તિનું કારણ થતી નથી. શ્રી નવપદોનો મહિમા આત્મજ્ઞાનના કારણે છે, એમ શ્રી શ્રીપાળચરિત્ર સિદ્ધ કરે છે, શ્રીપાળ રાજાની બધી આરાધના અંતે આત્મજ્ઞાનમાં પરિણામ પામી હતી. આજે પણ જેઓ શુદ્ધ ભાવથી શાસ્ત્રોક્ત વિધિપૂર્વક શ્રી નવપદની આરાધના કરે છે, તેઓ આત્મજ્ઞાનના અધિકારી બનીને રાજા શ્રીપાળની જેમ અલ્પ ભવે મોક્ષનો અધિકારી થઇ શકે છે,

ફલશુદ્ધિ.

શ્રી નવપદજીની આરાધના શા માટે હોવી જોઇએ, તે માટે સાધકનું કોઇ ચોક્કસ ધ્યેય હોવું જરૂરી છે. શ્રી

જૈનશાસનમાં આરાધનાનો મુખ્ય હેતુ સર્વ કર્મના ક્ષયરૂપ અને આત્માના સચ્ચિદાનંદસ્વરૂપ મોક્ષપદની પ્રાપ્તિરૂપ નિર્દેશ કરવામાં આવ્યો છે, પરંતુ બીજા કોઇ ઇરાદે નહિ. મુક્તિના હેતુ સિવાય થતા ધર્માનુષ્ઠાનને શાસ્ત્રોમાં નીચે મુજબ અનર્થકારક અને નિરર્થક વર્ણવવામાં આવેલ છે. કહ્યું છે કે–

'લબ્ધિ, કીર્તિ આદિ આ લોકના ફળની અપેક્ષાથી કરવામાં આવતું અનુષ્ઠાન એ વિષાનુષ્ઠાન છે. અનુષ્ઠાન કરતી વખતે આ લોકના ફળની ઇચ્છા રાખવી, તે અંતઃ-કરણના પરિશુદ્ધ પરિણામનો તત્કાળ નાશ કરે છે, તેમ જ કલ્પતરુ અને ચિંતામણિ આદિની ઉપમાઓથી પણ અધિક એવા ધર્માનુષ્ઠાન વડે તુચ્છ એવી કીર્તિ આદિના લાભની આકાંક્ષા ધર્મની લઘુતા કરાવનાર છે."

આ લોકના ભોગથી નિઃસ્પૃહ, પરંતુ પરલોકમાં દેવ, દેવેન્દ્ર અને ચક્રવર્તી આદિના સુખની સ્પૃહાવાળા અનુષ્ઠાનને ગરાનુષ્ઠાન કહેવામાં આવ્યું છે. જેમ વિષ પ્રાણનો તત્કાલ નાશ કરે છે, તેમ 'ગર' કાલાન્તરે તેનો નાશ કરે છે.

વળી કોઇ પણ પ્રકારના ધ્યેય વિના અને ઉપયોગની શૂન્યતાપૂર્વક થતા અનુષ્ઠાનને અનનુષ્ઠાન કહેવામાં આવ્યું છે, અર્થાત્ તે અનુષ્ઠાન વાસ્તવિક અનુષ્ઠાન નથી.

આ રીતે વિષ, ગરલ અને અનનુષ્ઠાન નામના ત્રણ અનુષ્ઠાનોમાં મુક્તિનું ધ્યેય ન હોવાથી તે આત્માને હિતકર નથી, પરંતુ જે અનુષ્ઠાન પરિણામે તાત્ત્વિક અનુષ્ઠાનરૂપે

એટલે કે-અમૃતાનુષ્ઠાનરૂપે પરિણમવાનું છે, તે તદ્‌હેતુ અનુષ્ઠાન અને અમૃતાનુષ્ઠાન-એ બે અનુષ્ઠાનો મુક્તિનું કારણ હોવાથી આત્માને અત્યંત હિત કરનાર છે.

અમૃત અનુષ્ઠાનનું લક્ષણ બાંધતાં કહ્યું છે કે—

"તદ્‌ગત ચિત્ત ને સમય વિધાન,
ભાવની વૃદ્ધિ ભવભય અતિ ઘણો;
વિસ્મય પુલક પ્રમોદ પ્રધાન,
લક્ષણ એ છે અમૃતક્રિયા તણો."

અર્થ-જેમાં ચિત્તની એકાગ્રતા છે, જે શાસ્ત્રોક્ત વિધિથી યુક્ત છે, જેમાં શુભ ભાવની અત્યંત વૃદ્ધિ છે, જે કરતી વખતે ભવનો અતિશય ભય છે, ચિત્તમાં વિસ્મય છે, શરીરમાં રોમાંચ ખડા થાય છે અને દરિદ્રને નિધાનની પ્રાપ્તિથી કે જન્માંધને નેત્રની પ્રાપ્તિથી પણ જેમાં અધિક આનંદ છે, એ પ્રકારના લક્ષણવાળા અનુષ્ઠાનને અમૃતાનુષ્ઠાન કહેવાય છે.

આ અનુષ્ઠાન અમરણનો એટલે મુક્તિનો અવન્ધ્ય હેતુ હોવાથી, તેને અમૃતાનુષ્ઠાન કહેવાય છે. આવું અનુષ્ઠાન જો એક જ વાર પ્રાપ્ત થઇ જાય, તો પણ તેનો અનુભવરૂપી રસાસ્વાદ કદી પણ જતો નથી.

આ રીતે શાસ્ત્રકારોએ આરાધનાના ફળ તરીકે મુક્તિપ્રાપ્તિના ધ્યેયને નજર સમક્ષ રાખવાનું ભારપૂર્વક ફરમાવ્યું છે અને અનંતર કે પરંપરાએ જેનાથી મુક્તિપદની પ્રાપ્તિ થાય તેવા અનુષ્ઠાનોને જ તાત્ત્વિક અનુષ્ઠાનો તરીકે વર્ણવ્યા છે.

તમામ મુમુક્ષુ સત્પુરુષો આ મુક્તિ તરફ કેમ આકર્ષાયા છે, તે હકીકત પણ સમજવા યોગ્ય છે. ઉત્તમ પુરુષો કદાપિ નિષ્ફળ પ્રવૃત્તિ કરતા નથી. તેઓ પ્રાપ્ત સુખને છોડીને હર્ષપૂર્વક સંયમના આકરા માર્ગે પ્રયાણ કરવાનું પસંદ કરે છે, તેનું મુખ્ય કારણ તેઓને પોતાની વિવેકદૃષ્ટિથી અને ન્યાયબુદ્ધિથી સંસારની અસારતા બરાબર લક્ષ્યમાં આવી ગઈ હોય છે અને એવી દૃઢ પ્રતીતિ થયેલી હોય છે કે— મુક્તિપદની પ્રાપ્તિ થયા સિવાય આપણા તરફથી બીજા જીવોને સંપૂર્ણ અભય કદી પણ મળી શકવાનું નથી, પણ કાંઇ ને કાંઇ બીજાના કષ્ટમાં નિમિત્તભૂત બનવું જ પડે છે. ઉત્તમ પુરુષોને પોતાના દુઃખ કરતાં પણ પરનું દુઃખ વધુ કષ્ટકારક બને છે. વળી શાસ્ત્રવચનથી સંયમના ફળ તરીકે પ્રાપ્ત થનાર મુક્તિપદની સુંદરતા પોતાના જ્ઞાનમાં બરાબર અંકિત થયેલી હોય છે. એ ફલશુદ્ધિ ઉપરની અવિચલ શ્રદ્ધાથી જ તેઓને સંયમજીવન કષ્ટકારક નહિ પણ આનંદદાયક બને છે.

શાસ્ત્રોમાં મુક્તિસુખનું વર્ણન કરતાં ફરમાવવામાં આવ્યું છે કે–ત્યાં મરણ નથી. ઘડપણ નથી, પીડા નથી, શોક નથી, ઉદ્વેગ નથી, ભય નથી, ક્ષુધા નથી, તૃષા નથી. અને કોઇ પણ પ્રકારના ઉપદ્રવો નથી. ત્યાં તો તદ્દન સ્વાભાવિક બાધા –પીડા વગરનું, પોતાને સ્વાધીન, અન્ય ઉપમા વગરનું અનંત સુખ, સુખ અને સુખ જ છે. બીજાં સુખો બહાર લેવા જવા પડે છે, જ્યારે એ મુક્તિના સુખો સ્વભાવે

અંદરથી જ મળે છે. બીજા સુખમાં વચ્ચે કાંઇ પીડા-ઉદ્વેગ થાય છે, જ્યારે મોક્ષના સુખમાં કાંઇ પીડા-અડચણ-અંતરાય થતાં નથી. બીજા સુખમાં અન્ય પાસેથી વસ્તુ, ધન, સમય, સહાય આદિની અપેક્ષા રહે છે. નિર્વૃત્તિ નગરીનાં સુખો પોતાની ઉપર જ આધાર રાખે છે. બીજા સુખોનો છેડો આખરે આવે છે અને ત્યારે પાછું દુઃખ થાય છે. મોક્ષના સુખોનો છેડો કદી આવતો નથી. દુનિયાદારીના સુખોને સરખાવવા માટે બીજી ચીજો હોય છે, જ્યારે મોક્ષના સુખ અવર્ણ્ય-અતર્ક્ય છે અને તેની સાથે સરખાવી શકાય એવી આ દુનિયામાં કોઇપણ ચીજ નથી. જ્યારે એનો અનુભવ થાય, ત્યારે જ તે કલ્પી શકાય તેમ છે. અને ખરો ખ્યાલ તો સંપૂર્ણજ્ઞાની અથવા વિશિષ્ટ મહાયોગીને આવી શકે તેમ છે.

વળી પણ કહ્યું છે કે-જો સંસારના તમામ સુખો એકત્ર કરી તેનો વર્ગ કરવામાં આવે, અર્થાત્ તેટલાને તેટલાએ ગુણવામાં આવે તો પણ તે સુખ સંપૂર્ણ સ્વરૂપલાભ અને સહજાનંદસ્વરૂપ મુક્તિ જે આત્માએ પ્રાપ્ત કરી છે, તે આત્માના સુખના એક પ્રદેશના સુખ જેટલું પણ થઇ શકતું નથી. વળી જો મુક્તાત્માઓના સુખનો માત્ર એક અંશ જ લેવામાં આવે, તો પણ તે સુખ સમગ્ર લોકાકાશમાં સમાઇ શકે નહિં.

જેમ ગ્રામ્યજન કદાચ નગરના ગુણોને જાણે તો પણ ઉપમા યોગ્ય વસ્તુના અભાવથી તેનું વર્ણન કરી શકતો

નથી, તેમ જ્ઞાની પુરૂષો પણ મુક્તાત્માઓનું સ્વરૂપ જાણતાં હોવા છતાં પણ તેઓનું સ્વરૂપ કહેવાને માટે સંસારમાં કોઈ ઉપમા નહિં મળવાથી કહી શકતા નથી.

એવું અનુપમ, અનુત્તર અને અવિનાશી કદી પણ ક્ષય ન પામે તેવું સુખ મુક્તિમાં રહેલું છે.

મુક્તિપદને પામેલા મુક્તાત્માઓમાં આવા પ્રકારના અનુપમ સુખની જેમ બીજા પણ અનંતગુણો પ્રગટ થયા હોય છે, પરંતુ તે બધા ગુણો વૈખરી વાણી દ્વારા વર્ણવી શકાતા નથી. પં૦ પદ્મવિજયજી ગણિવર શ્રી નવપદની પૂજામાં સંક્ષેપમાં જણાવતાં કહે છે કે— "નવપદનું ધ્યાન ધરંતાં નવ ક્ષાયિક ગુણ આવે." અર્થાત્–જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, સમ્યક્ત્વ અને ચારિત્ર એ નવ ક્ષાયિક ભાવો મુક્તાત્માઓમાં પ્રગટ થાય છે.

ક્ષાયિક ભાવે જ્યારે આ ગુણો પ્રગટે, ત્યારે ત્રણેય ભુવનના તમામ જીવોને એકી સાથે તારી શકે એવું અચિંત્ય સામર્થ્ય તેઓમાં પ્રગટ થાય છે, તેથી યોગ્ય રીતે તેઓનું જે કોઈ આલંબન લે છે, તેઓ તેમને ક્ષણવારમાં પરમાત્મપદની પ્રાપ્તિ કરાવનારા બને છે.

સંસારમાં ખૂંચી રહેલા જીવોનો ઉદ્ધાર કરવાનું ઉત્કૃષ્ટ સામર્થ્ય સિદ્ધાત્માઓમાં હોય છે. ગુણપ્રકર્ષની ટોચે પહોંચેલા સિદ્ધાત્માઓનું ધ્યાન એ કર્મરૂપી વનને બાળી નાખવા માટે દાવાનળ સમાન છે, એમ શાસ્ત્રોમાં ફરમાવ્યું છે.

આ રીતે સિદ્ધ પરમાત્મા એક બાજુ આખા જગતના જીવોને સંપૂર્ણ 'અભય' આપનારા બને છે અને બીજી બાજુ પોતાના અસ્તિત્વ દ્વારા જગતના જીવોને ધ્યાન માટેનું શ્રેષ્ઠ આલંબન આપી રહ્યા હોય છે. આ વિશ્વ ટકી રહ્યું છે અને તેમાં જે કાંઈ ઉર્ધ્વગતિ થઈ રહી છે, તેમાં જો કોઈ આકર્ષક શક્તિ હોય તો તે સિદ્ધ ભગવંતોની છે અને તેથી જ સિદ્ધ ભગવંતોને 'भुवनघरधरणखंभा' અર્થાત્ ત્રણ ભુવનરૂપી ઘરને ધારણ કરવા માટે સ્તંભની ઉપમા આપવામાં આવી છે.

આવા સિદ્ધપદની પ્રાપ્તિ અર્થે આરાધના કરવી, એ આરાધનાનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આદર્શ છે અને તે સમગ્ર વિશ્વને કલ્યાણરૂપ હોવાથી જ્ઞાની ભગવંતોએ તેનો ખાસ નિર્દેશ કર્યો છે અને તે તરફ ભવ્ય જીવોનું લક્ષ્ય દોર્યું છે.

સૌ કોઈ શ્રી નવપદજીની આરાધનામાં લીન મનવાળા થઈ પરમ કલ્યાણ સાધનારા બને, એ જ શુભેચ્છા.



પરમાત્મ પ્રાર્થના.



હે પ્રભો ! મારી એવી દશા કયારે જાગ્રત થશે કે અહોનિશ તારી આજ્ઞા હું ફૂલની માળાની પેઠે મારા મસ્તક પર ધારણ કરનારો બનીશ ! તારા વચનો ઉપર પૂર્ણ શ્રદ્ધા મને કયારે જાગૃત થશે ?

હે ક્ષમાસાગર ! તારી ક્ષમા જોઈ તારા જેવી ક્ષમા કરવા હું કયારે ભાગ્યશાળી થઈશ ? તારી દયા જોઇ મારામાં એવી દયાના અંકુરા કયારે પ્રગટ થશે ? તારી અનંત કરૂણા જોઈ મારામાં એવી કરૂણાનો પ્રવાહ અસ્ખલિત ધારાએ કયારે વહેતો થશે ? તારી શાંતિ જોઈ મારામાં એવી અખંડ શાંતિ સ્થિરપણે કયારે પ્રગટ થશે ? તારી પ્રસન્નતા જોઇ મારામાં એવી પ્રસન્નતા કયારે પ્રગટ થશે ? તારું નિશ્ચલ નિર્મળ ધ્યાન જોઈ મારામાં એવું નિશ્ચલ અને નિર્મળ ધ્યાન કયારે પ્રગટ થશે ? સર્વ જીવોને તારવા માટેની તારી અપૂર્વ પરોપકારબુદ્ધિ જોઈ મારા હૃદયમાં સર્વ જીવો પ્રત્યે તેવી પરોપકારબુદ્ધિ કયારે જાગ્રત થશે ? તારી અનુપમ સહનશીલતા જોઇ મારામાં પણ એવી સહનશીલતા કયારે પ્રગટ

થશે ? સુખ-દુઃખ પ્રત્યે, માન-અપમાન પ્રત્યે, શત્રુ-મિત્ર પ્રત્યે અને સર્વત્ર તારી અભેડ સમતા જોઈ મારામાં પણ એવી સમતા કયારે પ્રગટ થશે ? વિશ્વ પ્રત્યેનું તારૂં નિઃસીમ વાત્સલ્ય જોઈ મારામાં પણ એવું વાત્સલ્ય કયારે પ્રગટ થશે ? તારી સ્વરૂપમાં રમણુતા જોઈ એવી સ્વરૂપરમણુતામાં હું કયારે મગ્ન બનીશ ? હે પ્રભો ! મારા આત્માના પ્રત્યેક પ્રદેશે અણુએ અણુમાં તારો વાસ કયારે થશે ?

હું અને તું, ભૂલી જઇ હું તે તું અને તું તે હું તારી સાથે એવી ઐકયવૃત્તિ મને કયારે ઉત્પન્ન થશે ? એક માત્ર તુંહિ, તુંહિ તુંહિ એમ અખંડ ચિંતવન મારા રોમે-રોમમાં કયારે આવિર્ભાવ પામશે ?

ત્વમેવાહં, ત્વમેવાહં, ત્વમેવાહં, તારી સાથે આવી અભેદતા પ્રાપ્ત કરવા હું કયારે ભાગ્યશાળી થઇશ ? તારામાં જ અખંડ પ્રેમ, તારામાં જ અખંડ ભક્તિ અને તારામાં જ મને સર્વસ્વ બુદ્ધિ કયારે પ્રગટ થશે ? અને તેના પરિ-ણામે પ્રગટ થનારા અપૂર્વ સુખનો અનુભવ મને કયારે પ્રાપ્ત થશે ?

અથવા—

હે પ્રભો ! તું ધ્યેય હું ધ્યાતા, તું સેવ્ય હું સેવક, તું આરાધ્ય હું આરાધક, તું ઉપાસ્ય હું ઉપાસક, તું પૂજ્ય હું પૂજક, તું દેવ હું ચાકર, તું ગુરુ હું શિષ્ય, તું કમળ હું ભ્રમર, તું ચંદ્ર હું ચકોર, તું સૂર્ય હું સૂર્યવિકાસી

કમળ, અને તું જ તારક, તું જ ધર્મ, તું જ પિતા, તું જ માતા, તું જ બંધુ, તું જ મિત્ર, તું જ કુટુંબ, તું જ જ્ઞાતિ, તું જ વિશ્વ અને તું જ મારું સર્વસ્વ છે. એ રીતે તારામાં નિશ્ચલ અનન્ય ભક્તિ મારામાં કયારે ઉત્પન્ન થશે ?

હે વિભો ! તારા વિના આ દુનિયા ઝેરરૂપ, પત્થરરૂપ, દુઃખરૂપ, બંધનરૂપ, કારાગૃહરૂપ, તથા સર્વથા ત્યાગવારૂપ કયારે લાગશે ? મોહજનિત સાંસારિક તમામ ભાવો ઉપર મને અસ્ખલિત વૈરાગ્ય ભાવ કયારે ઉત્પન્ન થશે ?

હે પ્રભો ! સર્વજ્ઞ હિંસા કરે નહિ તો હું સર્વજ્ઞનો ઉપાસક થઈ રાચીમાચીને કેમ હિંસા કરું ? સર્વજ્ઞ અસત્ય બોલે નહિ તો હું જાણી જોઈને કેમ અસત્ય બોલું ? સર્વજ્ઞ અદત્ત લે નહિ તો હું સર્વજ્ઞનો પુત્ર થઈ નિર્ધ્વંસપણે અદત્ત કેમ લઉં ? સર્વજ્ઞ અબ્રહ્મ સેવે નહિ તો હું કેમ સેવું ? સર્વજ્ઞ દ્રવ્યથી અને ભાવથી પરિગ્રહ રહિત હતા તો હું આસક્તિપૂર્વક પરિગ્રહ કેમ રાખું ? સર્વજ્ઞ ક્રોધાદિ કષાયો કરે નહિ તો તેનો અનુયાયી હું કષાયોમાં રક્ત કેમ બનું ? સર્વજ્ઞ અઢાર પાપસ્થાનક સેવે નહિ તો તેમના મતનો અનુરાગી થઈ તેમના શત્રુરૂપ અઢારે પાપસ્થાનકની સેવામાં કેમ આનંદ માનું ? અહાહા ! કેટલી બધી મારી આ ભૂલ છે ! કેટલી બધી જડતા છે ! કેટલો બધો મારો અવિવેક છે ! કેટલી બધી મારી વિપરીત ચેષ્ટા છે ! કે જે અઢાર પાપસ્થાનક મારા પોતાના શત્રુઓ છે, તેને હું માન આપું છું. તેમનો હું સંગ કરું છું. તેમને હું મારા

મિત્ર ગણું છું પણ હવે મારે તે તમામ પાપસ્થાનકોનો ત્યાગ કરવો જોઇએ અને એ ત્યાગ કરવા માટેના પુરુષાર્થ કરવાનું બળ હે પ્રભો ! મારામાં કયારે પ્રગટ થશે ?

હે પ્રભો ! મારા હૃદયમાં સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ, દુઃખી જીવો પ્રત્યે દ્રવ્યથી અને ભાવથી કરુણાભાવ, ગુણી જનો પ્રત્યે પ્રમોદભાવ અને કોઈપણ ઉપાયથી સુધાર્યા ન સુધરી શકે તેવા જીવો પ્રત્યે મધ્યસ્થ ભાવ, આવી પ્રશસ્ત ભાવનાઓ મારા હૃદયમાં કયારે જાગૃત થશે ?

હે ભગવન્ ! હું નવતત્ત્વ ભણ્યો, પણ તત્ત્વમય ન થયો, ક્ષેત્રસમાસ ભણ્યો પણ આંતર શત્રુઓનો સમાસ કરતાં ન શીખ્યો, ચોવીસ દંડક મેં વાંચ્યા, વિચાર્યા પણ અંદરના દંડ મેં ન તજ્યા, જીવના પાંચસો ત્રેસઠ ભેદ-વિચાર્યા પણ અભેદમય ન થયો, કર્મગ્રંથ વાંચ્યા પણ કર્મની વિવિધ પ્રકૃતિઓનો વિચાર કરી મારા પોતામાંથી તે પ્રકૃતિઓનો ત્યાગ કરવા સમર્થ ન થયો, શાસ્ત્રો વાંચ્યા, સાંભલ્યા પણ તેનો ભાવાર્થ ન સમજ્યો, સત્સંગ કર્યો પણ સત્યજ્ઞાન ન થયું. ભવચક્રમાં અનેકવાર સદ્ગુરુ મલ્યા પણ સ્વચ્છંદે ચાલવાની અનાદિ ટેવ ન જવાથી તેમને ત્રિકરણ યોગે અનુસર્યો નહિ, તેમના પ્રત્યે નમ્ર બન્યો નહિ. પ્રમાદનો પરિહાર કર્યો નહિ. વિષય-કષાયની તીવ્રતા ટળી નહિ અને તેથી તેમની આજ્ઞાનું પાલન કર્યું નહિ, તેથી તેમનો સંયોગ ફલ્યો નહિ.

શ્રી તીર્થંકર ભગવંતોના ચરિત્રો વાંચ્યા, સાંભલ્યા પણ

તેને અંદર પરિણમાવ્યા નહિ, માત્ર તે વાંચનરૂપ અને શ્રવણરૂપ થયાં. આ રીતે હું "ભણ્યો પણ ગણ્યો નહિ" જાણ્યું પણ આદર્યું નહિ અને તેથી મારો ઉદ્ધાર થયો નહિ.

હે પ્રભો! હવે મને સદ્‌ગુરુનું શરણ, સદ્‌ગુરુની સેવા, સદ્‌ગુરુની મન, વચન, કાયાથી ભક્તિ તથા સદ્‌ગુરુ પ્રત્યે અંતરંગ પ્રીતિ અને બહુમાન, સદ્‌ગુરુ પર શ્રદ્ધા, સદ્‌ગુરુ પર ગુરુબુદ્ધિ અને અહોનિશ તેમના શરણાની જ ઈચ્છા અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તન કરવાની દૃઢ અભિલાષા કયારે જાગ્રત થશે? અને એ અભિલાષાને અમલમાં મૂકી તેને પાર પહોંચાડવા કયારે સમર્થ થઈશ?

હે પ્રભો! મારા પોતાના દોષો જોવાની અને અન્યના ગુણ ગ્રહણ કરવાની બુદ્ધિ મારામાં કયારે ઉત્પન્ન થશે? મારા આત્મદ્રવ્યની અને પરમાત્માના આત્મદ્રવ્યની અર્થાત્ નિજપદ અને જિનપદની એકતા મને કયારે પ્રાપ્ત થશે?

સત્તાથી સર્વ જીવો સરખા છે, સર્વ જીવો નિશ્ચયથી સ્વભાવે શુદ્ધ જ્ઞાન સ્વરૂપ, શુદ્ધ દર્શન સ્વરૂપ, શુદ્ધ ચારિત્ર સ્વરૂપ, અનંત ઉપયોગમય, અને અનંત શક્તિવંત છે, પણ કર્મશત્રુના સંગથી મલિન દેખાય છે, એમ જાણી કર્મનો નાશ, કર્મનો ત્યાગ, અને કર્મની સત્તાને દૂર કરવાનો સફળ પ્રયત્ન કરનારો હું કયારે બનીશ? અને સત્તાથી સર્વ જીવો સમાન છે, સિદ્ધના સાધર્મિક છે, એમ માની સર્વ જીવો ઉપર સમાન ભાવ મને કયારે પ્રગટ થશે?

હું કોણ છું? કયાંથી આવ્યો છું? કયાં જઈશ? આ શરીર શું છે? આ વિશ્વ શું છે? આ કુટુંબ કોણ છે? મારો આ સર્વ સાથે સંબંધ કેમ થયો? વાસ્તવિકમાં મારું શું છે? વર્તમાનમાં હું શું કરી રહ્યો છું? મારે શું કરવું જોઈએ? હું કરવા લાયક શું કરતો નથી? અને ન કરવા લાયક શું કરી રહ્યો છું? ભવિષ્યમાં મારું શું થશે? ઇત્યાદિક વિચાર સાચી જિજ્ઞાસા અને વિવેકપૂર્વક સમતા-ભાવે હું કયારે કરીશ? આધ્યાત્મિક જ્ઞાનના તાત્ત્વિક સિદ્ધાન્તોનો અનુભવ કરનારો હું કયારે બનીશ? અને આઠે કર્મોનો નાશ કરી તેના બંધનમાંથી સર્વથા કયારે છૂટીશ?

હે પ્રભો! આશ્રવ એ જ સંસાર છે, આશ્રવ એ જ બંધન છે, આશ્રવ એ જ દુઃખ છે, આશ્રવ એ જ સર્વથા ત્યાગ કરવા લાયક છે તથા સંવર અને નિર્જરા એ જ સુખના સાચાં સાધન છે, આવા સતત ઉપયોગમાં હું કયારે રહીશ? અત્યારે હું મારા સ્વરૂપમાં છું કે નહિ? હું શુભ ઉપયોગમાં છું કે નહિ? હું ધર્મધ્યાનમાં છું કે નહિ? હું સ્વભાવમાં છું કે નહિ? હું હમણાં નિર્જરા કરું છું કે નહિ? હું હમણાં અનિત્યાદિ ભાવનાઓના ચિંતવનમાં છું કે નહિ? એમ વારંવાર મને કયારે થશે? આવી ભાવના-ઓમાં વારંવાર રમણતા કરનારો હું કયારે થઈશ?

મારામાં ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષવૃત્તિ છે કે નહિ ? એમ ક્ષણે ક્ષણે જોવા હું કયારે ભાગ્યશાળી થઈશ ?

તત્ત્વથી જોઇએ તો આત્મા એ જ દેવ છે, આત્મા એ જ જ્ઞાન છે, આત્મા એ જ દર્શન છે, આત્મા એ જ ચારિત્ર છે, આત્મા એ જ સંવર છે, આત્મા એ જ પંચ પરમેષ્ઠિ છે, આત્મા એ જ સુખ છે, આત્મા એ જ સમતા છે, આત્મા એ જ મોક્ષ છે, આત્મા એ જ અખંડ આનંદ છે અને આપણો આત્મા એ જ પરમ આલંબનરૂપ છે એમ યથાર્થ પ્રતીતિ મને કયારે થશે ?

રાગ-દ્વેષ રહિત હે પ્રભો ! આપનો ઉપદેશ સર્વથા સત્ય છે, અત્યંત પ્રિય છે, ત્રિકાલ હિતકર છે, વળી તે મને પ્રમાણભૂત છે, હવે હું તેનો અધિકારી થવા પ્રયત્ન કરીશ. કર્મવશ જીવોની ખામીઓ જોઇ તેમનો તિરસ્કાર નહિ કરું, પણ ભવસ્થિતિનો વિચાર કરી તેમના પ્રત્યે સમભાવ રાખવા પ્રયત્ન કરીશ.

હે પ્રભો ! તારું આગમ સાંભળ્યા પછી હવે હું બહારનો ખોટો ઢોંગ ધારણ કરીશ નહિ. ખોટો દંભ સેવીશ નહિ, ખોટો ઠગ થઇશ નહિ, હું શુદ્ધ ભક્ત થવા પ્રયત્ન કરીશ. પ્રભો ! તારા માર્ગને હું કલંક લગાડીશ નહિ, તારા શાસનને નિંદાવીશ નહિ, તારા શાસનની સેવાનો અનાદર કરીશ નહિ. અશુદ્ધ પ્રરૂપક બનીશ નહિ. સ્યાદ્વાદનું સ્વરૂપ

અને તેનું રહસ્ય જાણવા પ્રયત્ન કરીશ. આશાતના તજવાનો ખપ કરીશ. શુદ્ધ પ્રેમથી તારા મંગલ નામનો જપ કરીશ. અને પ્રત્યેક આચરણમાં તારી આજ્ઞા પ્રમાણે જીવન ઘડવાનો યથાશક્તિ પ્રયત્ન કરીશ.

જ્ઞાનનિરપેક્ષ એકલી ક્રિયા અને ક્રિયાનિરપેક્ષ એકલું જ્ઞાન ધારણ કરવાનો આગ્રહ રાખીશ નહિ. પણ સમ્યગ્જ્ઞાન સહિત ક્રિયા ભક્તિ અને વૈરાગ્ય ધારણ કરી "જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ ॥" એ જાતની સનાતન હિતશિક્ષાને ધારણ કરી તેનો અમલ કરવા કટિબદ્ધ થઈશ. બીજા જીવોની સાથે તેમના અધિકાર પ્રમાણે વર્તીશ, અને હું તારી આજ્ઞાના પાલન માટે સાચો અધિકારી થવા પ્રયત્ન કરીશ. આ બધી મારા અંતરની તીવ્ર ભાવનાઓ છે, તેને આપની પાસે મેં સરળ ભાવે પ્રગટ કરી છે.

હે પરમાત્મન્! મનુષ્યભવની દુર્લભતા મને સમજાઇ છે, તેની અમૂલ્યતા મારા લક્ષ્યમાં આવી છે, ત્રણ ભુવનનું બાહ્ય ઐશ્વર્ય આપતાં પણ જેનો એક ક્ષણ પણ મળવો અતિદુર્લભ છે, માટે હું તેનો એક ક્ષણ પણ વૃથા ગુમાવીશ નહિ, નિરર્થક નિંદા-વિકથા આદિમાં વખત ગાળીશ નહિ. આળસ-પ્રમાદનો ત્યાગ કરી આત્મજ્ઞાન મેળવવા પ્રયત્ન કરીશ અને આત્મામાં જ રતિ, પ્રીતિ, અને પ્રેમ

વાહો થઈશ. તારી આજ્ઞાને માથે ચડાવી શુદ્ધ સ્વરૂપનો વિચાર કરીશ. તારા માર્ગનો અનુભવ મેળવી અન્ય યોગ્ય સુપાત્ર જીવને તારો માર્ગ પમાડવા પ્રયત્ન કરીશ.

છેવટે તારો પરમ હિતકર માર્ગ પામી તારા પરમ પ્રભાવે "સર્વ જીવો સુખી થાઓ" "સર્વ જીવો સુખી થાઓ" એવી ભાવના મારા હૃદયમાં અહોનિશ જાગતી રહે એ જ મારી અભિલાષા છે.

આપના અચિંત્ય પ્રભાવથી હે પરમ કૃપાલુ દેવ! મારી આ બધી ભાવનાઓ સફલ થાઓ એમ આપની પાસે હું નમ્રભાવે વારંવાર વિનવણી કરું છું.

दयासूनृतास्तेयनिःसंगमुद्रा,—
तपोज्ञानशीलैर्गुरूपास्तिमुख्यैः ।
सुमैरष्टभिर्योऽर्च्यते धाम्नि धन्यैः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ १ ॥

અર્થ—ધન્ય એવા પુરુષો દયા, સત્ય, અચૌર્ય, નિસંગ મુદ્રા, તપ, જ્ઞાન, શીલ અને ગુરુની ઉપાસના પ્રમુખ આઠ પુષ્પોથી જે ભગવંતનું જ્ઞાનજ્યોતિમાં પૂજન કરે છે, તે શ્રી જિનેન્દ્ર પરમાત્મા એક જ મારી ગતિ હો ॥ ૨ ॥

—શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિવિરચિતા
શ્રી વર્ધમાન દ્વાત્રિંશિકા શ્લો. ૩૦

શ્રી જિનેશ્વર પરમાત્માના નામ ગર્ભિત
શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

(રાગ–સારંગ–મલ્હાર)

શ્રી સુપાસ જિન વંદિયે,
સુખ સંપત્તિનો હેતુ. લલના;
શાંત સુધારસ જલનિધિ,
ભવસાગરમાં સેતુ, લલના. શ્રી સુપાસ૦ ૧

સાત મહાભય ટાલતો,
સપ્તમ જિનવર દેવ, લલના;
સાવધાન મનસા કરી,
ધારો જિનપદ સેવ, લલના. શ્રી સુપાસ૦ ૨

શિવ શંકર જગદીશ્વરુ,
ચિદાનંદ ભગવાન, લલના;
જિન અરિહા તીર્થંકરુ,
જ્યોતિસ્વરૂપ અસમાન, લલના. શ્રી સુપાસ૦ ૩

અલખ નિરંજન વચ્છલુ,
સકલ–જંતુ–વિસરામ, લલના;
અભયદાનદાતા સદા,
પૂરણ આતમરામ, લલના. શ્રી સુપાસ૦ ૪

વીતરાગ-મદ-કલ્પના,-
રતિ-અરિત-ભય-સોગ, લલના;
નિદ્રા-તંદ્રા-દુરંદશા,-
રહિત અબાધિત યોગ, લલના. શ્રી સુપાસ૦ ૫

પરમપુરુષ પરમાતમા,
પરમેશ્વર પરધાન, લલના;
પરમપદારથ પરમેષ્ઠિ,
પરમદેવ પરમાન. લલના. શ્રી સુપાસ૦ ૬

વિધિ વિરંચિ વિશ્વંભરૂ,
હૃષિકેશ જગનાથ, લલના;
અધહર અઘમોચન ધણી,
મુક્તિ પરમપદ સાથ, લલના. શ્રી સુપાસ૦ ૭

એમ અનેક અભિધા ધરે,
અનુભવગમ્ય વિચાર, લલના;
જેહ જાણે તેહને કરે,
આનંદઘન અવતાર, લલના. શ્રી સુપાસ૦ ૮



શ્રી જિનેશ્વર ભગવંતની પૂજાનું રહસ્ય-દર્શક શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

(રાગ–કેદારો)

સુવિધિ જિનેસર પાય નમીને,
શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઉલટ અંગ ધરીને,
પ્રહ ઊઠી પૂજીજે રે. સુવિધિ૦ ૧

દ્રવ્યભાવ શુચિભાવ ધરીને,
હરખે દેહરે જઇયે રે;
દહ તિગ પણ અહિગમ સાચવતાં,
એકમના ધુરિ થઇયે રે. સુવિધિ૦ ૨

કુસુમ અક્ષત વરવાસ સુગંધો,
ધૂપ દીપ મન સાખી રે,
અંગપૂજા પણ ભેદ સુણી ઇમ,
ગુરુમુખ આગમ ભાખી રે. સુવિધિ૦ ૩

એહનું ફલ દોય ભેદ સુણીજે,
અનંતર ને પરંપર રે;
આણાપાલણ ચિત્ત પ્રસન્ની,
મુગતિ સુગતિ સુરમંદિર રે. સુવિધિ૦ ૪

ફૂલ અક્ષત વરધૂપ પઇવો,
ગંધ નૈવેદ્ય ફલ જલ ભરી રે;
અંગ અગ્ર પૂજા મિલી અડવિધ,
ભાવે ભવિક શુભગતિ વરી રે. સુવિધિ૦ ૫

સત્તર ભેદ એકવીશ પ્રકારે,
અષ્ટોત્તર શત ભેદે રે;
ભાવપૂજા બહુવિધ નિરધારી,
દોહગ દુર્ગતિ છેદે રે. સુવિધિ૦ ૬

તુરિય ભેદ પડિવત્તિ પૂજા,
ઉપશમ ખીણ સયોગી રે;
ચઉહા પૂજા ધ્રુમ ઉત્તરજ્ઝયણે,
ભાખી કેવલભોગી રે. સુવિધિ૦ ૭

એમ પૂજા બહુ ભેદ સુણીને,
સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લેશે,
આનંદઘન પદ ધરણી રે. સુવિધિ૦ ૮

સ્વાધ્યાય.



પ્રભુભક્તિ આદિ આત્મકલ્યાણના અનેક અનુષ્ઠાનો છે. પરંતુ કોઈપણ અનુષ્ઠાનમાં પ્રગતિ કરવી હોય અને તેમાં દૃઢ સ્થિરતા પ્રાપ્ત કરી તેના પારને પામવું હોય તો ક્રિયાની સાથે સાથે તેને અનુકૂલ સ્વાધ્યાયની પણ અનિવાર્ય આવશ્યકતા રહે છે. અનુકૂલતા મુજબ અને અનુકૂલ સમયે સ્વાધ્યાય ચાલુ રાખવાથી અનુષ્ઠાનના મૂળ ઘણાં ઉંડા ઉતરી શકે છે.

અનુકૂલ સમયે અને યોગ્ય રીતિએ પાણી મળવાથી જેમ બગીચો લીલોછમ બન્યો રહે છે, અને ફળીભૂત બને છે, તેમ સ્વાધ્યાયના બળથી ધર્મ અનુષ્ઠાનરૂપી બગીચો હંમેશા લીલોછમ બન્યો રહે છે અને અનુષ્ઠાન ફળ આપવા સમર્થ બને છે. અથવા અનુષ્ઠાનને જો આત્માના રોગ નિવારણ માટેનું ઔષધ કહીયે તો સ્વાધ્યાયને તેના પથ્યના

સ્થાને ગણી શકાય. ઔષધની સાથે જ્યારે પથ્યનું પાલન થાય છે, ત્યારે ઔષધ અનેકગણું અધિક લાભદાયી બને છે, તેથી અહીં હવે પછીના પ્રકરણોમાં ગદ્યમાં અનુપ્રેક્ષા સ્વાધ્યાયને યોગ્ય અનિત્યાદિ બાર ભાવના, મૈત્રી આદિ ચાર ભાવના, કર્મના સ્વરૂપનો વિચાર, ધર્મના સ્વરૂપનો વિચાર, શ્રી નમસ્કાર મહામંત્રનું માહાત્મ્ય, ધ્યાનસાધના આદિ આત્મસ્પર્શી હકીકત સાદી અને સરળ ભાષામાં રજુ કરવામાં આવે છે. થોડો વખત દરરોજ તેનું ચિંતન-મનન કરવામાં આવશે તો આરાધનાના માર્ગમાં આગળ વધવા માટે આત્મામાં ઉત્સાહ જાગૃત કરવા માટે તે એક અનન્ય સાધનરૂપ બનશે.



शुभध्याननीरैरुरुकृत्य शौचं ।
सदाचारदिव्यांशुकैर्भूषितांगाः ॥
बुधाः केचिदर्हंति यं देहगेहे ।
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ १ ॥

અર્થ—કોઇ પંડિત પુરુષો શુભ ધ્યાનરૂપી જલથી પવિત્ર થઈ અને સદાચારરૂપી દિવ્ય વસ્ત્રોથી અંગને અલંકૃત કરી, પોતાના શરીરરૂપ મંદિરમાં જે ભગવંતના સ્વરૂપની પૂજા કરે છે. તે એક જ જિનેન્દ્ર મારી ગતિ થાઓ. ૧

—શ્રી સિદ્ધસેન દિવાકર વિરચિતા
શ્રી વર્ધમાન દ્વાત્રિંશિકા શ્લોક ૨૯

મોહવિષને શમાવનાર-નિર્મોહતાને પ્રકટાવનાર અનિત્યત્વાદિ બાર ભાવનાઓ.



પાંચ આશ્રવરૂપી મેઘની વૃષ્ટિથી નિરંતર પલ્લવિત, વિવિધ પ્રકારનાં કર્મરૂપી લતાઓનાં વિસ્તારથી ગહન, મહામોહનાં ઘોર અંધકારથી વ્યાપ્ત, એવા આ ગાઢ સંસાર-રૂપી વનમાં ભટકતા પ્રાણીઓનાં હિતને માટે પવિત્ર કરુણા-રસના ભંડાર શ્રી તીર્થંકરદેવોએ ઉપદેશેલી અમૃતરસને વરસાવનારી મનોહર વચનરચનાઓ નિરંતર અમારું રક્ષણ કરતી જયવંત વર્તો !

સુંદર ભાવનાઓ વિના વિદ્વાનોના હૃદયમાં પણ શાંત-રસરૂપી અમૃત ઉત્પન્ન થતો નથી. તેમ જ મોહરૂપી સર્પના વિષથી વ્યાપ્ત એવા આ જગતમાં સમતારૂપી અમૃત વિના લેશમાત્ર સુખ નથી.

સંસારભ્રમણનાં ખેદને દૂર કરવા માટે અને આત્માને અનંત સુખની સન્મુખ કરવા માટે, બુદ્ધિમાન પુરુષોએ શુભ ભાવનારૂપી અમૃતરસનું નિરંતર પાન કરવું જોઈએ.

મોહના કારણે નષ્ટ થયેલી સમતાને ઉત્પન્ન કરવા માટે નિરંતર સુંદર ભાવનાઓ કરવી જોઈએ.

મનુષ્યનાં ચિત્તની અંદર આર્ત-રૌદ્ર ધ્યાનરૂપી અગ્નિ સતત સળગ્યા કરે છે, તેથી વિવેકનો અંકુર નષ્ટ થાય છે, વિષયલોલુપતા વધે છે, એવા વિવેકહીન અને વિષયલોલુપી ચિત્તની અંદર પણ સમતારૂપી વેલને ઉગાડવા માટે અચિંત્ય સામર્થ્ય ધરાવનાર ૧ અનિત્ય, ૨ અશરણ, ૩ સંસાર, ૪ એકત્વ, ૫ અન્યત્વ, ૬ અશુચિ, ૭ આશ્રવ, ૮ સંવર, ૯ નિર્જરા, ૧૦ લોકસ્વરૂપ, ૧૧ સ્વાખ્યાત ધર્મ, ૧૨ બોધિ દુર્લભ એ બાર ભાવનાઓ, આ મોહમય જગતમાં મોહનો નાશ માટે સર્વોત્કર્ષપણે વિજયવંત વર્તે છે.

પ્રથમ અનિત્ય ભાવના.

દુનિયાના સ્થૂલ અને સૂક્ષ્મ પદાર્થો, બાહ્ય અને અભ્યંતર દ્રવ્યો, તથા સર્વ પ્રકારના સંયોગો અનિત્ય છે, એમ વિચારવાથી એ પદાર્થો ઉપરની આસક્તિ છુટી જાય છે. તેથી એ પદાર્થોના વિયોગ વખતે થનારું દુઃખ ટળી જાય છે.

પ્રાણીઓને જે પદાર્થો ઉપર રાગ, આસક્તિ, મૂર્છા થાય છે તે બધા પદાર્થો અકાંડ ક્ષણભંગુર છે, સદાકાળ સ્થાયી નથી, હંમેશા પરિવર્તન પામવાના સ્વભાવવાળા છે. એવા પદાર્થોને સ્થિર માનીને તેનાં ઉપર મમત્વભાવ રાખવો, એ જ સર્વ અનર્થોનું મૂળ છે. માટે સર્વ અનર્થનાં મૂળભૂત મમત્વભાવને (પરપદાર્થોમાં મારાપણાની બુદ્ધિને) દૂર કરવા માટે મારાપણા તરીકે માનેલાં પદાર્થોની વિનશ્વરતાનો ક્ષણે ક્ષણે વિચાર કરવો અત્યંત આવશ્યક છે,

આ રીતે વિચાર કરવાથી અનિત્ય અને અસ્થિર પદાર્થો ઉપરનો રાગ ઓછો થાય છે અને ત્યારપછી સ્વાભાવિક રીતે જ આત્મા સત્ય અને સ્થિર સુખ મેળવવા માટે પ્રયત્નશીલ બને છે.

કદી નાશ ન પામે તેવું સ્થિર, અને સત્ય સુખ મુક્તિ સિવાય અન્યત્ર નથી. એ મુક્તિનાં સુખ મેળવવા માટે આત્મા તો જ ઉદ્યમી બને કે જ્યારે અસ્થિર પદાર્થો ઉપર તેની આસક્તિ નાશ પામે. એ જ કારણે જ્ઞાનીઓએ સંસારમાં રહેલી, રાગને ઉત્પન્ન કરનારી સઘળી સામગ્રીનું સ્વરૂપ સમજાવતાં કહ્યું છે કે "ઇષ્ટજનનો સંયોગ, ઋદ્ધિ અને સંપત્તિ, શબ્દાદિ વિષયોથી ઉત્પન્ન થતું સુખ, નિરોગી અવસ્થા, આહાર, સ્નાન, પાન, વસ્ત્રાદિથી પુષ્ટ બનેલું શરીર, યૌવન અને જીવન, એ સઘળું અનિત્ય છે, અકાંડ ભંગુર છે, માત્ર થોડો વખત જ સુંદર રહેનારાં છે." માટે આવા ક્ષણભંગુર પદાર્થો ઉપર સ્નેહ ધારણ કરવો અધિક દુઃખને નોંતરનારો બને છે તેથી તે ત્યાજ્ય છે, અને એક મુક્તિ સુખ જ ઉપાદેય છે.

બીજી અશરણ ભાવના.

નિરાશ્રય, જનવિરહિત, વનમાં કોઈ બળવાન, ક્ષુધાથી વ્યાપ્ત બનેલો, માંસનો અર્થી એવો સિંહ જેમ કોઈ હરિણનાં બચ્ચાને હણે ત્યારે તે હરિણનાં બચ્ચાને જેમ કોઇ શરણ નથી, તેમ જન્મ, જરા, મરણ, વ્યાધિ, વહાલાનો વિયોગ, અપ્રિયનો સંયોગ, ઇચ્છિતની અપ્રાપ્તિ, દરિદ્રતા,

દૌર્ભાગ્ય, દૌર્મનસ્ય, અને મરણાદિથી ઉત્પન્ન થયેલ દુઃખથી હણાયેલ જન્તુને આ સંસારરૂપી ગહન વનમાં કોઈ શરણ નથી. આમ વિચાર કરવાથી પોતે અશરણ છે એવું ભાન થાય છે. સાંસારિક પદાર્થોમાં નિરંતર વિરક્તિ અને અનાસક્તિ પ્રગટે છે. અરિહંતનાં શાસનમાં બતાવેલ ધર્માનુષ્ઠાન પ્રત્યે અતિ આદર પ્રગટે છે.

શરણ રહિત એવા આ સંસારમાં અરિહંતનો ધર્મ જ એક શરણ છે. આશ્રય આપનાર છે, સંસારનાં સઘળાં દુઃખથી સર્વથા છોડાવનાર છે અને કાયમ માટે મુક્તિનાં સુખ આપનાર છે. એથી જ કહ્યું છે કે—

ઉત્પત્તિરૂપ જન્મ, વયોહાનિરૂપ જરા, પ્રાણત્યાગરૂપ મરણ, એના ભયથી પરાભૂત થયેલ, જ્વર, અતિસાર અને હૃદયનો રોગ આદિ વ્યાધિ તથા બીજી પણ શારીરિક માનસિક વેદનાઓ વડે અભિગ્રહિત એવા જનસમૂહને તીર્થંકરોએ પ્રતિપાદન કરેલ અને તેનાં આધારે શ્રી ગણધર દેવોએ રચેલ દ્વાદશાંગ પ્રવચન અને તેમાં કહેલ ધર્મ સિવાય અન્ય કોઇ શરણ નથી, પણ એક ધર્મ જ શરણભૂત છે.

ત્રીજી સંસાર ભાવના.

અનાદિ સંસારમાં એટલે નરક-તિર્યંચની યોનિયોમાં તથા મનુષ્ય અને દેવનાં ભવોમાં ચક્રની જેમ પરિભ્રમણ કરતાં પ્રાણીને સર્વ જન્તુઓ સ્વજનો પણ થયેલા છે અને

પરજનો (શત્રુ) પણ થયેલા છે. સંસારમાં સ્વજન કે પરજનની વ્યવસ્થા છે જ નહિં. કારણ કે નાટકનાં પાત્રની જેમ સંસારરૂપી નાટકમાં માતા થઇને તેની તે જ પાછી અન્ય ભવમાં બહેન, ભાર્યા અને પુત્રી પણ થાય છે. બહેન થઇને પાછી અન્ય ભવમાં તે જ ભાર્યા, માતા અને પુત્રી પણ થાય છે. ભાર્યા થઇને પાછી અન્ય ભવમાં તે જ માતા, બહેન અને પુત્રી પણ થાય છે. પુત્રી થઇને અન્ય ભવમાં પાછી તે જ માતા, બહેન, અને ભાર્યા થાય છે. તથા પિતા થઇને ભાઇ, પુત્ર અને પૌત્ર થાય છે. ભાઇ થઇને પિતા, પુત્ર અને પૌત્ર થાય છે. પૌત્ર થઇને પિતા, ભ્રાતા અને પુત્ર થાય છે. પુત્ર થઇને પિતા, ભ્રાતા અને પૌત્ર થાય છે. સ્વામી થઇને દાસ થાય છે. દાસ થઇને સ્વામી થાય છે. શત્રુ થઇને મિત્ર થાય છે. મિત્ર થઇને શત્રુ થાય છે. પુરુષ થઇને સ્ત્રી અને નપુંસક થાય છે. સ્ત્રી થઇને પુરુષ અને નપુંસક થાય છે. નપુંસક થઇને સ્ત્રી અને પુરુષ થાય છે.

એ પ્રમાણે ચોરાસી લાખ જીવોની યોનિઓમાં રાગ, દ્વેષ અને મોહથી અભિભૂત તથા વિષયતૃષ્ણાથી અતૃપ્ત પ્રાણિઓ અન્યોન્ય ભક્ષણ, અભિઘાત, વધ, બન્ધન, અભિયોગ, આક્રોશાદિથી ઉત્પન્ન થનારાં તિવ્ર દુઃખો પ્રાપ્ત કરે છે. અહો, આ સંસાર સુખ-દુઃખાદિ દ્વન્દ્વોથી ભરેલો છે, કષ્ટથી ભરપુર છે. સંસારના વિષય-કષાય અને તેના પરિણામરૂપ ભયથી આ રીતે ઉદ્વિગ્ન થયેલો આત્મા જે રીતે સંસારનો શીઘ્ર વિચ્છેદ થાય તે રીતે ઉદ્યમ કરે છે. કહ્યું

છે કે "સંસારમાં સર્વ પ્રાણીઓ પિતા, માતા, પુત્ર, શત્રુ, આદિ સંબંધોથી અનંત વખત સંબંધિત થયેલા છે.

ચોથી એકત્વ ભાવના.

હું એકલો જ છું, મારું સ્વ-કે પર કોઈ નથી. એકલો જ હું જન્મ પામું છું. એકલો જ મરું છું. મારા કહેવાતા સ્વજન કે પરજન કોઇપણ વ્યાધિ, જરા, મરણ આદિનાં દુઃખને કે તેના અંશને પણ દૂર કરી શકે તેમ નથી. હું એકલો જ મારાં કરેલાં કર્મનાં ફળને અનુભવું છું. એ રીતે વિચારવાથી કહેવાતા સ્વજન ઉપર સ્નેહરાગનો પ્રતિબંધ અને કહેવાતાં દુશ્મન ઉપર દ્વેષાનુબંધ થતો નથી. તેથી નિઃસંગભાવને પામેલ આત્મા કેવલ મોક્ષને માટે જ પ્રયત્ન કરવા ઉદ્યત થાય છે.

કહ્યું છે કે એકલો જ એટલે અસહાય એવો આત્મા જન્મ-મરણ પામે છે. જન્મતાં અગર મરતાં આત્માને કોઇ પણ સહાયક નથી. વળી મરણ બાદ નરકાદિ ગતિઓને વિષે પોતે કરેલાં કર્મનાં ફલને અનુભવતાં પણ અન્ય કોઈ સહાયક થતું નથી. સંસારરૂપી સમુદ્રના આવર્તમાં ભમતાં દેવ, મનુષ્યની શુભ યોનિઓમાં કે તિર્યંચ-નરકગતિની અશુભ યોનિમાં આત્મા એકલો જ સુખ-દુઃખને અનુભવે છે. તેથી આત્માએ પોતાનું હિત કરવું જોઇએ. અર્થાત્ સંસારમાં સંયમાનુષ્ઠાનરૂપી હિત અથવા સંયમાનુષ્ઠાનથી પ્રાપ્ય મોક્ષરૂપી અત્યંત હિત પ્રાપ્ત કરવા માટે સતત ઉદ્યમ કરવો જોઇએ.

પાંચમી અન્યત્વ ભાવના.

શરીરથી આત્મા ભિન્ન છે. એમ વિચારવું જોઇએ. શરીર જુદું છે, હું જુદો છું. શરીર ઇંદ્રિયગ્રાહ્ય છે અને અને હું અતીન્દ્રિય છું. શરીર અનિત્ય છે. હું નિત્ય છું. શરીર અજ્ઞ-જડ છે, હું જ્ઞ-ચૈતન્યવાન્ છું. શરીર આદિ અને અન્તવાળું છે. હું આદિ અન્ત વિનાનો છું. સંસારમાં પરિભ્રમણ કરતાં મેં લાખો શરીરોને ધારણ કર્યાં છે, પણ હું તે બધાથી જુદો છું. એમ વિચારવાથી શરીરનો પ્રતિબંધ-રાગ ચાલ્યો જાય છે. અને શરીરથી અન્ય હું નિત્ય છું, તેથી આત્મા આત્મકલ્યાણ માટે ઉદ્યમી બને છે. કહ્યું છે કે—માતા, પિતા, પત્ની, પુત્ર આદિ સ્વજનથી હું ભિન્ન છું, ભિન્ન કર્મવાલો છું. દાસદાસી વિગેરે પરિજનથી પણ હું અન્ય જ છું. ધન-ધાન્યાદિ વિભવ અથવા સોનું, રૂપું, વસ્ત્રાલંકારાદિ વૈભવ થકી હું વિભિન્ન છું. સમસ્ત ઉપભોગનાં સાધન-શરીરથી પણ હું અત્યંત ભિન્ન જ છું. આ રીતે જેની બુદ્ધિ નિરંતર વિચાર કરનારી છે, તેને કદી શોક થતો નથી.” માટે અન્યત્વ ભાવનાને નિરંતર વિચારવી જોઇએ. જેથી આત્માથી વિલક્ષણ શરીરાદિ પદાર્થોની મમતા નાશ પામે અને આત્માનાં સાચા સ્વરૂપનું ભાન થાય. આમ થવાથી એક આત્માના જ કલ્યાણ માટેની પ્રવૃત્તિઓમાં મન, વચન, કાયાથી કટિબદ્ધ રહેવાય છે. તથા અશુભાશ્રવને પેદા કરનારી અનેક નિરર્થક પ્રવૃત્તિઓથી વિરામ પમાય છે.

છઠ્ઠી અશુચિ ભાવના.

જે શરીર ઉપર આપણને અત્યંત મોહ અને મૂર્છા થાય છે અને તેની ખાતર આપણે ઘણા પાપકર્મો આચરીએ તે આપણા શરીર સંબંધી તાત્ત્વિક વિચાર કરવામાં આવે તો તુરત જ જણાશે કે તે ખરેખર અશુચિમય છે અને તેથી જરા પણ તેના ઉપર મોહ કરવા જેવો નથી. શરીરનું આદિ કારણ તથા ત્યારપછીના પણ કારણો અશુચિથી જ ભરેલાં છે. તે આ પ્રમાણે— પ્રથમ મનુષ્ય કવલાહારથી આહાર ગ્રહણ કરે છે, તે આહાર તરત જ શ્લેષ્માશયમાં પ્રવાહીરૂપ બને છે, તે વખતે જ અત્યંત અશુચિ બની જાય છે, પછી પિત્તાશયના રસથી જ્યારે પાકે છે, ત્યારે ખાટો બને છે ત્યારે પણ અશુચિ જ હોય છે. પકવ થયા પછી વાય્વાશયમાં વાયુથી રસ અને કચરો જુદા થાય છે, કચરો એ વિષ્ટા અને મૂત્રરૂપ બને છે અને રસમાંથી રૂધિર, રૂધિરમાંથી માંસ, માંસમાંથી મેદ, મેદમાંથી હાડકાં, હાડકામાંથી મજ્જા, અને મજ્જામાંથી શુક્ર થાય છે. આ બધું શ્લેષ્મથી માંડીને શુક્ર સુધીનો પરિણામ અશુચિ હોય છે.

વળી આ શરીરની અશુચિનો પ્રતિકાર પણ અશક્ય છે ઉદ્વર્તન, ક્ષણ, સ્નાન, અનુલેપન, ધૂપ અને સુવાસિત માલ્યાદિ વડે પણ તેની અશુચિ દૂર થતી નથી. કપૂર, ચંદન, અગરૂ, કેશર આદિ સુગંધી પદાર્થો પણ શરીરના સંપર્કથી ઉલટાં અપવિત્ર બને છે. કારણ કે શરીર પોતે જ અપવિત્ર છે.

આ રીતે આદિ અને ઉત્તર કારણો જેનાં અશુચિ છે તે શરીરનાં અશુચિપણાનો વારંવાર વિચાર કરવો. પગથી માંડીને મસ્તક સુધીનું શરીરનું કોઈપણ અંગ અશુચિ વિનાનું નથી.

એમ શરીર સંબંધી અશુચિ ભાવના ભાવવાથી શારીરિક ભોગો પ્રત્યે વૈરાગ્યભાવ જાગે છે, શરીર ઉપર ખોટો મોહ ઉત્પન્ન થતો નથી અને તેથી ઘણાં પાપકર્મો અટકી જાય છે તથા ખોટી રીતે તેને પોષવાનું મન થતું નથી પણ યોગ્ય રીતે તેનું પોષણ કરી તેના દ્વારા સદાચારને માર્ગે ચાલી અનેક પ્રકારની નિર્વદ્ય-નિર્દોષ ધર્મકરણી કરી આત્મકલ્યાણ સાધવાની બુદ્ધિ પ્રગટે છે. શરીર દ્વારા ધર્મકરણી વધારવી એ જ તેનો સુંદરમાં સુંદર ઉપયોગ છે. અને તે દૃષ્ટિએ તે અત્યંત અમૂલ્ય પણ બની શકે છે.

સાતમી આશ્રવ ભાવના.

આશ્રવ આ લોકમાં અને પરલોકમાં દુઃખ આપનારા છે. મહાનદીના પ્રવાહની જેમ આશ્રવનો વેગ અતિ તીક્ષ્ણ હોય છે. આશ્રવ એ અકુશળ (પાપ)ને આવવા માટે અને કુશળ (પુણ્ય)ને જવા માટે દ્વાર છે. તેથી તે આશ્રવ જીવને અપકાર કરનારા છે.

આશ્રવના મુખ્ય પાંચ ભેદો છે. ઇંદ્રિય, કષાય, અવ્રત, યોગ, અને અશુભક્રિયા.

સત્યકિ કે જે અનેક વિદ્યાથી યુક્ત હતો, બલવાન

હતો, આકાશગામી વિદ્યાનો જાણકાર હતો, અષ્ટાંગ નિમિત્તનો પારગામી હતો છતાં સ્પર્શનેન્દ્રિયની આસક્તિથી તે મરણ પામ્યો.

બલવાન, મદોન્મત્ત, વનમાં ઇચ્છા પ્રમાણે વિચરનાર, ઉંડા જલમાં પણ ઉતરી શકે, તેવા પણ હાથીઓ, હાથિણીમાં આસક્ત બનીને બંધનમાં સપડાય છે, ત્યારબાદ બન્ધ, વધ, દમન, વાહન, અંકુશ, પગની લાતો, અભિઘાત વિગેરેથી ઉત્પન્ન થતાં તીવ્ર દુઃખોને અનુભવે છે, ત્યારે તેને વનમાં પોતે જે સ્વેચ્છાએ વિચરતો હતો તે યાદ આવે છે. અને ખેદને પામે છે. આ રીતે સ્પર્શનેન્દ્રિયમાં આસક્ત બનેલા જીવો આ લોક અને પરલોકમાં દુઃખ પામે છે.

તથા રસનેન્દ્રિયમાં આસક્ત જીવો મત્સ્યની જેમ દુઃખ –મરણ પામે છે. એક કાગડો મરેલા હાથીના શરીરમાં માંસ ખાવાના લોભથી પેસી ગયો પછી તે બહાર નીકળી શકયો નહિં, અતિ વરસાદનાં કારણે હાથીનું કલેવર પાણીમાં તણાઈ ગયું તે સાથે કાગડો પણ તણાઇ ગયો અને છેવટે મૃત્યુ પામ્યો.

ઘ્રાણેન્દ્રિયમાં આસક્ત ભમરાઓ વગેરે અકાળે નાશ પામે છે.

ચક્ષુરિન્દ્રિયમાં આસક્ત અર્જુનક ચોર સ્ત્રી-દર્શનમાં આસક્ત બનીને નાશ પામ્યો છે, તથા પતંગિયા દીપકનાં પ્રકાશમાં લોલુપી બની મરણને શરણ થાય છે.

શ્રોત્રેન્દ્રિયમાં આસક્ત બનેલ હરિણ વગેરે મરે છે.

આ રીતે વિચારવાથી આશ્રવનો નિરોધ કરવા જીવ તત્પર બને છે.

આ રીતે એકેક ઇન્દ્રિયનાં વિષયભૂત શબ્દાદિ વિષયોની આસક્તિથી હરણ, મત્સ્ય, હાથી, પતંગિયું, ભ્રમર વિગેરે નાશ પામે છે.

મંદાગ્નિવાલો મનુષ્ય અપથ્ય ભોજન અથવા અતિ ભોજન કરે તો મરણ પામે છે, તે વાત જેમ આપણને પ્રત્યક્ષ સિદ્ધ છે. તો પછી આત્માને નિયમમાં નહિં રાખનાર પાંચે ઇન્દ્રિયોનાં શબ્દાદિ વિષયોમાં પ્રીતિ બાંધી ઇન્દ્રિયોને આધીન વર્તનાર જે જીવે છે તે આશ્ચર્ય છે. આ ભવમાં તે અપ્રાપ્ત વિષયોની અભિલાષામાં અને પ્રાપ્ત વિષયોનો વિયોગ ન થાય તેની ચિંતાઓનું અપાર દુઃખ પામે છે અને ભવાંતરમાં દુર્ગતિ પામે છે.

એ રીતે પ્રત્યક્ષ પ્રમાણથી જેમ એક એક વિષયનાં પણ પારાવાર દુઃખની પરંપરા પ્રત્યક્ષ અનુભવાય છે, તેમ તે તે વિષયોની ગૃદ્ધિથી વિષયનાં સંગથી દૂર નહિ રહેનારને પરલોકમાં પણ નરક-તિર્યંચગતિમાં ઘણા દુઃખની પરંપરા સહવી પડે છે.

ઇન્દ્રિયોની જેમ કષાયો પણ કટુ વિપાકને આપનાર છે. કષાયને આધીન થયેલા આત્માઓ પણ આ ભવમાં અને ભવાન્તરમાં અનેક દુઃખની પરંપરાને પામે છે.

હિંસાદિ પાંચ અવ્રતોરૂપી આશ્રવો પણ આલોક અને પરલોકમાં કષ્ટ અને દુર્ગતિનાં જ આપનારા થાય છે.

હિંસક આત્મા બીજાને ઉદ્વેગ પમાડનારો બને છે, વૈરના અનુબન્ધવાળો રહે છે, આલોકમાં જ વધ, બન્ધ આદિ ક્લેશને પામે છે, અને પરલોકમાં અશુભ ગતિને પામે છે.

અસત્યવાદી ઉપર કોઈ વિશ્વાસ કરતું નથી. આ જન્મમાં જ જિહ્વાછેદ આદિ દુઃખો પામે છે, બોટા આળ વડે દુઃખી કરેલા અને તેથી બદ્ધવૈરવાલા પ્રાણીઓ તરફથી પણ અધિક દુઃખને પામે છે, પરલોકમાં અશુભ ગતિ પામે છે અને નિન્દનીય બને છે.

ચોર પારકાનાં દ્રવ્યમાં આસક્ત બની સર્વને ઉદ્વેગ આપનારો બને છે. વળી પોતે પણ અભિઘાત, વધ બન્ધન, અંગોના છેદન-ભેદનને પામે છે. તેનું ધનાદિ સર્વસ્વ રાજા વિગેરે લઇ લે છે. ઇત્યાદિ અનેક યાતનાઓ ભોગવે છે અને પરલોકમાં અશુભ ગતિને પામે છે અને નિન્દનીય બને છે.

તથા અબ્રહ્મચારી વિભ્રમ વડે ઉદ્‌ભ્રાંત ચિત્તવાલો બની વિષયોમાં અતિશય અન્ધ બની, નિરંકુશ હાથીની જેમ સુખને પામતો નથી. મોહથી પરાભવ પામેલો, કાર્યાકાર્યને નહિં જાણનારો, એવું કોઇ પાપ નથી જેને તે કરતો નથી. અર્થાત્ તમામ પાપો તે કરે છે. પરદારાગમન કરવાથી અહિં જ વૈરનો અનુબન્ધ, લિંગનું છેદન, વધ, બન્ધન

દ્રવ્યાપહાર, આદિ દુઃખોને પામે છે. પરલોકમાં અશુભ ગતિને પામે છે અને નિન્દનીય બને છે.

તથા પરિગ્રહધારી, મુખમાં માંસની પેશી લઈને જતા શિકારી પક્ષીનો જેમ બીજો શિકારી પક્ષી શિકાર કરે છે તેમ પરિગ્રહધારીના ધનનાનો અહિં જ ચોર વિગેરે લુંટી લે છે. બહારનાં ઉપદ્રવ ન આવે તો પણ દ્રવ્ય કમાવવામાં, સાચવવામાં પણ દુઃખ જ રહેલું છે. વળી ઇન્ધનથી જેમ અગ્નિ તૃપ્ત નથી થતો તેમ લોભી મનુષ્ય ગમે તેટલું દ્રવ્ય મલવા છતાં તૃપ્ત થતો નથી. અને તેથી કાર્યાકાર્યનો પણ વિવેક રાખતો નથી તે કારણે આ લોકમાં પણ 'આ લુબ્ધ છે' એવી નિન્દાનું પાત્ર બને છે અને પરલોકમાં અશુભ ગતિને પ્રાપ્ત કરે છે.

અથવા તો હિંસાદિ આશ્રવો દુઃખ જ છે સ્વ અને પર ઉભયને દુઃખકારી છે. જેમ મને અપ્રિય વસ્તુ દુઃખકારી થાય છે તેમ સર્વ પ્રાણીને અપ્રિય વસ્તુ દુઃખદાયક છે. જેમ મને મિથ્યા અભ્યાખ્યાનથી તીવ્ર દુઃખ થાય છે, તેમ સર્વ પ્રાણીઓને મિથ્યા અભ્યાખ્યાનથી દુઃખ થાય છે. મને ઇષ્ટ દ્રવ્યના વિયોગ વખતે જેમ દુઃખ થાય છે તેમ સર્વ પ્રાણીઓને ઇષ્ટ દ્રવ્યના વિયોગ વખતે દુઃખ થાય છે એમ વિચારવું.

તેવી રીતે મૈથુન પણ રાગ-દ્વેષરૂપ હોવાથી દુઃખ સ્વરૂપ છે. તેથી મૈથુનથી વિરામ પામવું અને વિષયભોગની ઇચ્છા ન થાય તે માટે યોગ્ય ઉપાયોનું સેવન કરવું તે

યોગ્ય છે. તે માટે સર્વજ્ઞ ભગવંતોએ ઉપદેશેલ નવ વાડોનું પાલન તથા તપશ્ચર્યા વિગેરેનું આચરણ કરવું તે જ સાચો ઉપાય છે.

તથા પરિગ્રહ પણ અપ્રાપ્તની ઇચ્છા, પ્રાપ્તનું રક્ષણ અને નાશ પામે તો શોક કરાવે છે અને તે ઇચ્છા, રક્ષણ, અને શોકથી ઉત્પન્ન થતાં દુઃખને જ આપે છે.

આ રીતે આશ્રવોના દોષો વિચારવાથી આત્મા આશ્રવોને છોડવા તત્પર થાય છે.

વળી મન, વચન, કાયાના અશુભ યોગો પણ આ લોક અને પરલોકમાં દુઃખને આપનારા થાય છે. હિંસા, સ્તેય, અબ્રહ્મ, વિગેરે અશુભ કાયયોગ છે. અસત્યભાષણ, કઠોર વચન, પૈશુન્ય આદિ અશુભ વાગ્યોગ છે, તથા દ્રોહ, ઇર્ષ્યા, અસૂયા, હર્ષ, શોક, દીનતા, અભિમાન આદિ અશુભ મનોયોગ છે. તે પણ આત્માને આ ભવમાં અનેક દુઃખો આપી પરભવમાં બલાત્કારે દુર્ગતિમાં લઈ જાય છે.

મિથ્યાત્વ આદિ કર્મોને આવવાનાં દ્વાર છે. મિથ્યાત્વના ઉદયથી કર્મબંધ થાય છે. તત્ત્વભૂત પદાર્થની અશ્રદ્ધા તેનું નામ મિથ્યાત્વ છે. તેવી રીતે સમકિતદૃષ્ટિ પણ પ્રાણાતિપાતાદિ દોષોથી અટકે નહિં તો કર્મનો આશ્રવ થાય છે. સમ્યગ્દૃષ્ટિ અને વિરતિવાન્ પણ નિદ્રા, વિષય, કષાય, વિકથા આદિ પ્રમાદમાં પડેલો કર્મ બાંધે છે. કષાય પ્રમાદ સૌથી બળવાન છે. તેથી કષાયને પણ જુદું આશ્રવનું કારણ કહ્યું છે. તથા મનદંડ, વચનદંડ, કાયદંડ, પણ આશ્રવોનાં દ્વારો

છે. તેથી તેનો નિગ્રહ કરવા પ્રયત્ન કરવો જોઇએ. આશ્રવનો નિગ્રહ સંવર દ્વારા થાય છે. તેથી હવે સંવર ભાવના કહે છે.

આઠમી સંવર ભાવના.

સંવરના દ્રવ્યસંવર અને ભાવસંવર એમ બે ભેદો છે. કર્મપુદ્ગલના આશ્રવ દ્વારા થતા પ્રવેશને રોકવો તે દ્રવ્યસંવર અને સંસારના કારણભૂત આત્મવ્યાપારરૂપ ક્રિયાનો ત્યાગ કરવો તે ભાવસંવર. જે જે ઉપાયથી જે જે આશ્રવ રોકી શકાય, તે તે આશ્રવના નિરોધ માટે બુદ્ધિમાન પુરુષોએ તે તે ઉપાય યોજવો.

જેમકે ક્ષમાથી ક્રોધને રોકવો, નમ્રતાથી માનને રોકવું, સરલતાથી માયાને રોકવી અને સંતોષથી લોભને રોકવો. બુદ્ધિમાન પુરુષે ઇન્દ્રિયોના અસંયમથી પ્રબળ બનેલા વિષ જેવા વિષયોને ઇન્દ્રિયોના અખંડ સંયમથી રોકવા. સંવર માટે પ્રયત્ન કરતા યોગીએ ત્રણ ગુપ્તિથી મન-વચન-કાયાના વ્યાપારને રોકવા, અપ્રમાદથી પ્રમાદને રોકવો, બધી સદોષ પ્રવૃત્તિના ત્યાગથી અવિરતિને રોકવી, સમ્યગ્દર્શન વડે મિથ્યાત્વને રોકવું, તથા શુભધ્યાનરૂપ ચિત્તની સ્થિરતા વડે આર્ત તથા રૌદ્રધ્યાનને રોકવાં.

રાજમાર્ગમાં રહેલ અનેક દ્વારવાળા ઘરનાં બારણાં ઉઘાડાં હોય તોજ તેમાં રજ દાખલ થાય છે અને દાખલ થઇને ચીકાશના યોગે ત્યાં ચોંટી જાય છે, પરંતુ બારી-બારણા બંધ કર્યાં હોય તો રજ પ્રવેશ થવા પામતી નથી અને ત્યાં ચોંટી

જતી પણ નથી. કોઈ સરોવરમાં પાણી આવવાના બધા માર્ગો ઉઘાડા હોય તો તે દ્વારા પાણી આવે છે, પરંતુ તે બધા માર્ગો બંધ કર્યા હોય તો થોડું પણ પાણી સરોવરમાં દાખલ થઈ શકતું નથી. કોઈ વહાણની અંદર છિદ્રો હોય તો તે દ્વારા તેમાં પાણી દાખલ થાય છે, પરંતુ તે છિદ્રો બંધ કર્યા હોય તો થોડું પણ પાણી વહાણની અંદર પ્રવેશ કરતું નથી. તેમ મિથ્યાત્વાદિ આશ્રવદ્વારો ઉઘાડાં હોય તો જીવમાં કર્મ દાખલ થાય છે, અને તે દ્વારો બંધ થાય તો સંવરયુક્ત જીવમાં કર્મનો પ્રવેશ થતો નથી. સંવરથી આશ્રવનાં દ્વાર બંધ થાય છે. તે સંવર ક્ષમા વગેરે ભેદોથી અનેક પ્રકારનો છે મિથ્યાત્વના ઉદયને રોકવાથી અવિરતિ-સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાને મિથ્યાત્વનો સંવર હોય છે. દેશવિરતિ આદિ ગુણસ્થાને અવિરતિનો સંવર હોય છે, અપ્રમત્ત સંયતાદિ ગુણસ્થાને પ્રમાદનો સંવર હોય છે, ઉપશાન્તમોહ અને ક્ષીણમોહાદિ ગુણસ્થાને કષાયનો સંવર હોય છે અને અયોગીકેવલી ગુણસ્થાને સંપૂર્ણ યોગનો સંવર હોય છે.

આ રીતે મહાવ્રતાદિનું પાલન તથા ગુપ્તિ આદિનું પાલન આત્માને ગુણકારી થાય છે, એમ વિચારવું એ સંવર ભાવના છે. એ રીતે વિચારવાથી આત્મા સંવર માટે જ ઉદ્યત થાય છે. કહ્યું છે કે શાતાવેદનીય આદિ કર્મ અને જ્ઞાનાવરણીયાદિ પાપકર્મને નહિ ગ્રહણ કરવા લાયક મન, વચન, કાયાના જે વ્યાપાર તેનાથી યુક્ત સુંદર સમાધિ છે

એવો આત્મહિતકર સંવર શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશ્યો છે, એમ વારંવાર ચિંતવવું.

નવમી નિર્જરા ભાવના.

નિર્જરા એટલે સંસારનાં બીજભૂત કર્મનો નાશ થવો તે. નિર્જરા બે પ્રકારની છે. એક સકામપણે (ઇચ્છાપૂર્વક) અને બીજી અકામપણે (અનિચ્છાથી). નરકાદિને વિષે અનિચ્છાપૂર્વકનો જે કર્મફલનો ભોગવટો થાય છે એ અકામનિર્જરા કહેવાય છે અને તપ, પરિષહજય, આદિ વડે કરાયેલ કર્મનું વેદન તે સકામનિર્જરા છે. તે સકામ નિર્જરા જ ગુણકર છે. કહ્યું છે કે– "આશ્રવદ્વારોનો નિરોધ કરી સંવૃત્ત બનેલા આત્માને નવો કર્મબંધ થતો નથી. અને પૂર્વે ગ્રહણ કરેલા કર્મો તપશ્ચર્યાદિથી પ્રતિક્ષણ ક્ષીણ થાય છે." જેમ અજીર્ણનાં રોગવાલાને આહાર બંધ કર્યા બાદ જેમ પ્રતિક્ષણ અજીર્ણનો ક્ષય થાય છે તેમ જ્ઞાનાવરણાદિ કર્મો પણ ૧૨ પ્રકારનાં તપથી નિરસ થાય છે અને નિરસ થયેલા તે કર્મો આત્મપ્રદેશોથી ખરી પડે છે.

દશમી લોકસ્વરૂપ ભાવના.

પંચાસ્તિકાયમય, વિવિધ પરિણામયુક્ત ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય સ્વરૂપ ચિત્ર સ્વભાવવાળો લોક ચિંતવવાથી તત્ત્વજ્ઞાનની વૃદ્ધિ થાય છે. કહ્યું છે કે— જીવ, અજીવ આદિનો આધાર જે ક્ષેત્ર છે તે લોક છે. તેનો અધોભાગ,

તિર્યગ્ ભાગ, અને ઉર્ધ્વ ભાગ એમ ત્રણ ભાગ છેઃ નીચેનો ભાગ સાત રાજ પ્રમાણ છે. તિર્યગ્ ભાગ એક રાજ પ્રમાણ છે, અને ઉર્ધ્વભાગ બ્રહ્મલોકે પાંચ રાજ પ્રમાણ છે, પર્યંતે એક રાજ પ્રમાણ છે. ઉંચાઇ ચૌદરાજ પ્રમાણ છે, આ સર્વ લોકમાં આત્માએ જન્મ, મરણ કર્યા છે, લોકાકાશનો વાળના અગ્ર ભાગ જેટલો પણ એવો પ્રદેશ નથી કે જ્યાં આ જીવે જન્મ-મરણ ન કર્યાં હોય, તથા પરમાણુથી માંડીને અનંતાનંત સ્કંધ પર્યંત દ્રવ્યોનો અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતાં આ જીવે ઉપયોગ કર્યો છે. મન, વચન, કાયા, આહાર, ઉચ્છ્વાસ, નિઃશ્વાસ આદિરૂપે સર્વ દ્રવ્યનો ઉપયોગ કરવા છતાં આ જીવ હજી તૃપ્ત થયો નથી એમ વારંવાર ચિંતવવું. એ પ્રમાણે ભાવના ભાવવાથી પૌદ્ગલિક સુખની આસક્તિ નાશ પામે છે અને મોક્ષપ્રાપ્તિની તાલાવેલી જાગે છે.

અગ્યારમી બોધિદુર્લભ ભાવના.

અનાદિ સંસારમાં, નરકાદિ ગતિઓમાં ભમતાં, વિવિધ દુઃખોથી દુઃખી બનેલા, મિથ્યાદર્શન આદિથી મોહિત મતિ વાલા, જ્ઞાન-દર્શનાવરણ અને અંતરાયના ઉદયથી પરાભવને પામેલા, આ આત્માને સમ્યગ્દર્શનથી વિશુદ્ધ બોધિ— શ્રી જિનેશ્વરદેવોએ પ્રણીત ધર્મની પ્રાપ્તિ અતિશય દુર્લભ છે. કહ્યું છે કે— સૌથી પ્રથમ મનુષ્યજન્મ દુર્લભ છે પછી કર્મભૂમિમાં જન્મ મલવો દુર્લભ છે. કર્મભૂમિ એટલે જ્યાં તીર્થંકરો જન્મ લે છે, ઉપદેશ આપે છે, નિર્વાણ પામે છે

તે. તેવી કર્મભૂમિ, ૫ ભરત, ૫ ઐરવત, અને ૫ મહા-વિદેહ—મલી કુલ ૧૫ છે. મનુષ્યપણું અને કર્મભૂમિ મલવા છતાં માગધાદિ આર્ય દેશની પ્રાપ્તિ દુર્લભ છે. એ ત્રણ મલવા છતાં ઉત્તમ કુલ મલવું દુર્લભ છે. તેનાથી દુર્લભ નીરોગિતા છે તેનાથી દુર્લભ દીર્ઘાયુષ્ય છે તેનાથી દુર્લભ શ્રદ્ધા-ધર્મજિજ્ઞાસા છે. ધર્મ જાણવાની ઇચ્છા થાય તો પણ ધર્મનો ઉપદેશ આપનાર મલવા દુર્લભ છે. ઉપદેશક મલે તો પણ, ગૃહકાર્ય, આલસ, મોહ, અવજ્ઞા, મદ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, કુતુહલાદિનાં કારણે ધર્મનું શ્રવણ કરવાની તક મલવી દુર્લભ છે. શ્રવણ પર્યંત સઘળી સામગ્રી મલી જાય તો પણ બોધિ અતિદુર્લભ છે. બોધિ એટલે સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌જ્ઞાનનો લાભ અને તેનું જ બીજું નામ સમ્યક્‌ત્વ છે. શંકાદિ દોષ રહિત આ સમ્યક્‌ત્વ અતિશય દુર્લભ છે.

બારમી સ્વાખ્યાત ધર્મભાવના.

સમ્યગ્‌દર્શનરૂપી દ્વારવાળો, પંચ મહાવ્રતરૂપી સાધન-વાલો, દ્વાદશાંગ ઉપદિષ્ટ તત્ત્વવાળો, ગુપ્તિ આદિથી વિશુદ્ધ ચારિત્રવાળો, રાગ-દ્વેષ અને ચાર ગતિમાં ભ્રમણરૂપ સંસારનો નાશ કરનાર, મુક્તિને પમાડનાર, એવો સુંદર ધર્મ અરિ-હંત ભગવંતોએ કહેલો છે. એમ ચિંતવના કરવાથી ધર્મમાં સ્થિર રહેવાય છે અને અનુષ્ઠાનમાં ઉદ્યમવંત બનાય છે. કહ્યું છે કે— "અતિશય સુંદર એવો આ શ્રુતધર્મ અને ચારિત્રધર્મ ત્રણ જગતનાં પ્રાણિઓનાં હિતને માટે શ્રી

તીર્થંકરદેવોએ ઉપદેશેલો છે." શ્રુત એટલે આગમ અને ચારિત્ર એટલે તેમાં કહેલ ક્ષમાદિ દશ પ્રકારનાં યતિધર્મમાં જે આત્માઓ રક્ત છે તે આત્માઓ સંસારરૂપી સાગરને, સહેલાઈથી ઉત્તરોત્તર સુખ પામતાં પામતાં પારને પામે છે, પામ્યા છે અને પામશે.


એ પ્રમાણે સદ્‌ભાવનાથી સુરભિ હૃદયવાલા, સ્પષ્ટ આત્મતત્ત્વને પામેલા, મોહની નિદ્રા અને મમત્વથી દૂર ગયેલા આત્માઓ ચક્રવર્તિ અને ઇંદ્રના સુખોથી પણ અધિક અનુપમ સુખલક્ષ્મીને શીઘ્ર પામે છે.

આ ભાવના ભાવવાથી દુર્ધ્યાન થતું નથી, રાગ-દ્વેષ ક્ષય પામે છે, અને મોક્ષ નજીક આવે છે. તેથી હે ભવ્યાત્માઓ! જો તમારે એકાંતે હિત સાધવું હોય તો આ ભાવનાઓનો નિરંતર આશ્રય કરો!!! નિરંતર આશ્રય કરો!!! નિરંતર આશ્રય કરો!!!



ધર્મકલ્પવૃક્ષનું મૂળ

(મૈત્રી આદિ ચાર ભાવનાઓ.)



मैत्री निखिल-सत्त्वेषु, प्रमोदो गुणशालिषु ।
माध्यस्थमविनीतेषु. करुणा सर्वदेहिषु ॥ १ ॥

धर्मकल्पद्रुमस्यैस्यता, मूलं मैत्र्यादिभावनाः ।
यैर्नज्ञाता न चाभ्यस्ताः, स तेषामतिदुर्लभः ॥ २ ॥

અર્થ–સર્વ પ્રાણિઓને વિષે મૈત્રી, ગુણવાનોને વિષે પ્રમોદ, અવિનીતોને વિષે માધ્યસ્થ તથા સર્વ દેહધારીઓને વિષે કરુણા,–આ ચાર મૈત્ર્યાદિ ભાવનાઓ ધર્મકલ્પવૃક્ષનું મૂળ છે. જેઓએ આ ભાવનાઓને જાણી નથી અને તેનો અભ્યાસ કર્યો નથી, તેઓને ધર્મની પ્રાપ્તિ અતિદુર્લભ છે.

૧–મૈત્રી ભાવના.

મૈત્રી આદિ આ ચાર ભાવનાઓ જીવમાં ધર્મ પામ્યા પહેલાં વિપરીત રીતે જોડાયેલી હોય છે. ધર્મ પામ્યા પછી તે સ્વ-સ્થાનમાં જોડાયેલી હોય છે. એટલે કે–પહેલાં કેવળ

પોતાના જ સુખની ચિંતા, કેવળ પોતાના જ ગુણોનો પ્રમોદ, કેવળ પોતાનાં જ દુઃખો પ્રત્યે કરૂણા અને કેવળ પોતાનાં જ પાપો પ્રત્યે ઉપેક્ષા હોય છે. ધર્મ પામ્યા પછી સર્વનાં સુખ અને હિતની ચિંતા, સર્વ ગુણી જીવોના ગુણોનો પ્રમોદ, સર્વ દેહધારી જીવોનાં દુઃખની કરુણા અને સર્વ પાપાત્માઓનાં પાપની ઉપેક્ષા હોય છે. વળી ધર્મ પામ્યા પહેલાંની અવસ્થામાં બીજાઓ પોતા પ્રત્યે મૈત્રી ધારણ કરે, પોતાના ગુણોને જોઇને બીજા આનંદ પામે, પોતાનાં દુઃખો પ્રત્યે બીજા કરૂણા ધારણ કરે અને પોતાનાં પાપાચરણ પ્રત્યે બીજા મધ્યસ્થ ભાવ રાખે, એવી ભાવના જીવમાં સતતપણે ચાલુ હોય છે. ધર્મ પામ્યા પછી તે બીજાઓ પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થને ધારણ કરે છે. પ્રથમને આર્ત્ત-રૌદ્રધ્યાન કહેવાય છે અને બીજાને ધર્મ-શુકૂલધ્યાન કહેવાય છે.

ક્ષયરોગવાળાને જેમ વસંતમાલતી, સુવર્ણ, લોહ, અભ્રક વગેરે રસાયણો પુષ્ટિ આપે છે, તેમ આ મૈત્રી આદિ ચાર ભાવનાઓ અતિ આર્ત્ત અને રૌદ્રાદિ અશુભ ધ્યાનોથી થતાં આંતરિક ક્ષયરોગનો નાશ કરી ધર્મધ્યાન રૂપી રસાયણ વડે આત્મદેહને પુષ્ટ કરે છે. તૂટિત થયેલી ધ્યાનની ધારાને આ ભાવનાઓ ફરીથી જોડી આપે છે.

આર્ત્તધ્યાન એટલે આપણને વર્તમાનમાં જે અનુકૂળતા મળી છે, તે કાયમ રહે અને જે નથી મળી તે અનુકૂળતા

મળે તેમ ઇચ્છવું. તથા જે પ્રતિકૂળતા અત્યારે છે, તે કેમ ચાલી જાય તથા ભવિષ્યમાં પણ પ્રતિકૂળતા કદી ન આવે તેમ ઇચ્છવું તે. આવા આર્ત્તધ્યાન ઉગ્ર બની જ્યારે હિંસા, અસત્ય, ચોરી વગેરેની પરંપરામાં પરિણમે છે, ત્યારે તે રૌદ્રધ્યાન કહેવાય છે.

ધર્મધ્યાન એટલે જીવાદિ તત્ત્વોની, કર્મના સ્વરૂપની અને પંચાસ્તિકાયમય લોકના સ્વરૂપની વિચારણા કરવી તે. આ ધર્મધ્યાન જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે, ત્યારે જે આત્માનુભાવ થાય છે, તેનું જ નામ શુક્લધ્યાન છે.

જૈન પ્રવચન અહિંસા અને ક્ષમામય હોવાથી મૈત્રી-મય છે. જૈન પ્રવચન અનેકાન્તમય છે. તેમાં સર્વ નયોને સાપેક્ષપણે પોતપોતાના સ્થાને સમાન સ્થાન આપવામાં આવે છે. આ સર્વનયસાપેક્ષતા એ પણ મૈત્રીનો જ એક પ્રકાર છે એમ કહી શકાય.

૨-પ્રમોદ ભાવના.

ધર્મમાર્ગમાં સૌથી પ્રબળ વિઘ્ન પ્રમાદ છે. પ્રમોદ ભાવનાથી પ્રમાદ દોષ ટળી જાય છે. જ્યાં સુધી ધર્મમાં પ્રમાદ છે, ત્યાં સુધી તેને નિવારવા માટે પ્રમોદ ભાવના અત્યાવશ્યક છે. વર્તમાન સાધનામાં અનેક વિઘ્નો દેખાતાં હોય; તો પણ જ્યાં સુધી પ્રમોદ ભાવના વિદ્યમાન હશે, ત્યાં સુધી વિઘ્નો ટળ્યા સિવાય રહેવાનાં નથી અને જો પ્રમોદભાવ જાગતો હશે, તો ભવિષ્યની સાધના પણ અવશ્ય

નિર્વિઘ્ન બનશે, તેવો નિશ્ચય દૃઢ રહેવો જોઈએ. ભવિષ્યની સાધનાને નિર્મળ અને નિર્વિઘ્ન બનાવવા માટે પ્રત્યેક પ્રસંગમાં અને પ્રત્યેક વ્યક્તિમાં પ્રમોદ ભાવનાનો વિષય, કે જે ગુણાધિકતા છે, તેને શોધી કાઢવો જોઈએ અને ચિત્તમાં તેની અનુમોદના તથા ઔચિત્ય ન ઘવાય તેવી રીતે પ્રશંસાદિ કરવા જોઈએ. ગુણાનુરાગિણી દૃષ્ટિથી ગુણી આત્માઓના આશીર્વાદ મેળવવાની યોગ્યતા વિકસે છે અને લોકમાં પણ પ્રિય બનાય છે. દોષદૃષ્ટિ એ એક ઉગ્ર કોટિનું વિષ છે, જે ભવોભવ જીવને મારે છે. ગુણદૃષ્ટિ એ અમૃત છે, જે જીવને અજર-અમર બનાવે છે.

શ્રી નમસ્કાર મંત્રનું ધ્યાન એ પ્રમોદ ભાવની ઉપાસનાનું સર્વશ્રેષ્ઠ સાધન છે. ચોદ પૂર્વનો સાર નમસ્કાર છે, અર્થાત્ પ્રમોદ ભાવના ચૌદ પૂર્વનો સાર છે. નવકાર સર્વ શાસ્ત્રોમાં વ્યાપીને રહેલો છે, અર્થાત્ પ્રમોદ ભાવના સર્વ શાસ્ત્રોમાં વ્યાપીને રહેલી છે. નમો એ મોક્ષનું બીજ છે, અર્થાત્ પ્રમોદ ભાવના એ મોક્ષનું બીજ છે. જેમ નમસ્કાર સર્વ પાપનાશક અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે, તેમ પ્રમોદ ભાવના પણ સર્વ પાપપ્રણાશક અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.

ગ્રન્થના પ્રારંભમાં ઇષ્ટદેવતાના નમસ્કારરૂપ ભાવમંગલ ગ્રન્થકારો કરે છે, એનો અર્થ એ છે કે-સર્વ શાસ્ત્રો અને મંગલ કાર્યોનો પ્રારંભ પ્રમોદ ભાવનાથી થાય છે. સર્વ અનુષ્ઠાનોનો પ્રારંભ 'इच्छामि खमासमणो' સૂત્રથી થાય

છે. તે પણ પ્રમોદ ભાવના પ્રગટ કરવાનો એક પ્રકાર છે. કાયોત્સર્ગમાં પણ પંચપરમેષ્ઠિ અને ચોવીસેય શ્રી જિનેશ્વરદેવોનું ધ્યાન કરવાનું હોય છે, તે પણ પ્રમોદ ભાવનાનો જ એક પ્રકાર છે. પ્રત્યેક ધર્મક્રિયાના આરંભથી અંત સુધી ક્રિયા કરનારનું ચિત્ત, તે ક્રિયાને બતાવનાર શ્રી જિનેશ્વરદેવના ધ્યાનથી અલંકૃત હોય છે અને તેથી તે ક્રિયા ભાવક્રિયા અર્થાત્ અમૃતક્રિયા બને છે. આ ધ્યાન પ્રમોદ ભાવનારૂપ છે. તેથી ક્રિયાને અમૃતમય બનાવનાર પ્રમોદ ભાવના છે. ક્રિયાની પૂર્ણાહુતિ બાદ પણ તેમાં થયેલ સુકૃતની જો અનુમોદના કરવામાં આવે, તો તે ક્રિયા ઉત્તરોત્તર વિશેષ ફળદાયી બને છે. આ અનુમોદના પણ પ્રમોદ ભાવનાનો વિષય છે અને તેથી ક્રિયાનું ફળ વધારનાર, પણ પ્રમોદ ભાવના છે.

ગુરુકુલવાસમાં વસવાથી કૃતજ્ઞતા, વિનય, વૈયાવચ્ચ, ક્ષમા આદિ ગુણોનું પાલન થાય છે. તે પ્રગટપણે કે પ્રચ્છન્નપણે પ્રમોદભાવનાની જ પુષ્ટિ કરે છે. જગતમાં જે કોઇ સત્કાર્યો થાય છે, તેની પાછળ બળ પ્રેરનાર પ્રમોદ ભાવના જ હોય છે. શ્રી જિનમંદિર આદિ ધર્મસ્થાનો પણ મુખ્યત્વે પ્રમોદભાવનાના પાયા ઉપર ઉભા થયેલાં હોય છે. પ્રમોદ ભાવનાની પરાકાષ્ઠા શ્રી તીર્થંકરનામકર્મની પરમ પ્રકૃષ્ટ પુણ્યપ્રકૃતિનું ઉપાર્જન કરાવે છે, કેમ કે–તે પુણ્યપ્રકૃતિનું ઉપાર્જન કરનારા પુણ્યાત્માઓ પૂર્વના તીર્થંકરો પ્રત્યે ઉત્કૃષ્ટ પ્રમોદ ભાવને ધારણ કરનારા હોય છે

અને તેથી જ તે મહાત્માઓ અખિલ જગતમાં પ્રમોદનો ઉત્કૃષ્ટ વિષય બને છે. આ રીતે પ્રમોદ ભાવનાના કારણભૂત શુભ આલંબનોના આદરથી વિઘ્નોનો નાશ અને ધ્યાનાદિમાં દૃઢતા પ્રાપ્ત થાય છે.

૩--કરુણા ભાવના.

દુઃખીના દુઃખ દૂર થાઓ, બીજાઓનું દુઃખ તે મારું જ દુઃખ છે, ઇત્યાદિ ભાવના તે કરુણા ભાવના છે. તેને અનુકંપા પણ કહેવાય છે. 'અનુ' એટલે બીજાઓનું દુઃખ જોયા પછી, 'કંપ' એટલે તે દુઃખ દૂર કરવાની હૃદયમાં થતી લાગણી, તેને અનુકંપા કહેવાય છે. દુઃખી પ્રાણીને જોઇને સત્પુરુષોના હૃદયમાં એક પ્રકારનો કંપ ઉત્પન્ન થાય છે અને બીજાઓનાં તે દુઃખ દૂર કરવાની તેઓને તાલાવેલી જાગે છે, તે તેઓની અનુકંપા અથવા કરુણા છે. બીજાને દુઃખ ન થાય તે રીતે વર્તન તે દયા છે. હીનગુણી કે દુઃખીનો તિરસ્કાર ન કરવો તે અઘૃણા છે અને દીન-દુઃખી જીવોને સુખ આપવાની તાલાવેલી તે દીનાનુગ્રહ છે. કરુણા, અનુકંપા, દયા, અઘૃણા, દીનાનુગ્રહ વગેરે શબ્દો સમાન અર્થવાળા છે. માર્ગાનુસારી અર્થાત્ ધર્મને અભિમુખ થયેલા જીવમાં પણ આ કરુણા ઉત્પન્ન થાય છે.

આ કરુણાના (૧) લૌકિક, (૨) લોકોત્તર, (૩) સ્વ-વિષયક, (૪) પરવિષયક, (૫) વ્યાવહારિક, (૬) નૈશ્ચયિક આદિ અનેક પ્રકારો છે.

(૧) લૌકિક કરુણાના બે ભેદ છે. એક ભેદ મોહથી બિમાર વ્યક્તિને તેનો રોગ વધે તેવી અપથ્ય વસ્તુ આપવી તે, અને બીજો ભેદ દુઃખી પ્રાણીને જોઇને તેના દુઃખ દૂર થાય તે માટે તેને અન્ન-વસ્ત્રાદિ આપવાં તે. આ બીજો ભેદ પ્રશસ્ત છે, વિવેકજનિત છે.

(૨) લોકોત્તર કરૂણા એટલે દુઃખનું મૂળ જે પાપ, તે પાપનો નાશ કરવા માટે સાધનો પૂરાં પાડવાં. જેમ કે— ધર્મદેશના, તીર્થપ્રવર્તનાદિ કરવું તે. તેના પણ બે ભેદ છે. એક સંવેગજન્ય છે અને બીજો સ્વભાવજન્ય છે. સંવેગ-જન્ય કરુણા ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકે હોય છે. અને સ્વભાવજન્ય કરુણા અપ્રમત્તાદિ ગુણસ્થાનકે હોય છે.

(૩) સ્વવિષયક કરુણા એટલે સ્વસંબંધી દુઃખનાશ કરવાના ધાર્મિક ઉપાયોની વિચારણા કરવી તે.

(૪) પરવિષયક કરુણા એટલે બીજાઓનાં દ્રવ્ય-ભાવ-દુઃખ દૂર કરવા માટે સમ્યગ્ ઉપાયોનું સેવન કરવું તે.

(૫) વ્યાવહારિક કરુણા એટલે જરૂરીયાતવાળાને અન્ન, જલ, વસ્ત્ર, સ્થાન, આસન, ઔષધ અને બીજી પણ બાહ્ય સામગ્રી પૂરી પાડવી તે.

(૬) નૈશ્ચયિક કરુણા એ આત્માના શુભ અધ્યવસાય રૂપ છે.

પાંચમી અને છઠ્ઠી કરુણા પરસ્પર પૂરક છે. કયારેક

શુભ અધ્યવસાયો પહેલાં ઉત્પન્ન થાય છે અને પછી પ્રવૃત્તિ થાય છે તથા કયારેક અન્નદાનાદિની પ્રવૃત્તિ પ્રથમ થાય છે, અને પછી શુભ અધ્યવસાયો જાગે છે; અથવા પ્રગટ થયેલ અધ્યવાસાયો વૃદ્ધિ પામે છે. એટલે કે-શુભ પ્રવૃત્તિથી શુભ અધ્યવસાયો ન હોય તો આવે છે અને ન હોય તો વધે છે, તેમ જ આ શુભ પ્રવૃત્તિથી અશુભ અધ્યવસાયો આવ્યા હોય તો દૂર થાય છે અને ન આવ્યા હોય તો અટકે છે.

"મને કદી પણ દુઃખ ન આવો." ઇત્યાદિ લાગણી દ્વેષરૂપ છે. તેનો વિષય પોતાનું દુઃખ છે. દુઃખ પ્રત્યેનો દ્વેષ પ્રતિકૂળ સંજોગો તરફ પણ દ્વેષ કરાવે છે દુઃખને દૂર કરવા માટે સર્વ પ્રાણીઓ રાત-દિવસ પ્રયત્ન કરે છે, પણ દુઃખ ઉપર રહેલા દ્વેષને દૂર કરવાનો પ્રયત્ન કોઈ વિરલ જ કરે છે. કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ વર્તમાન દુઃખને દૂર કરવું, એ જીવના હાથની વાત નથી, પરંતુ તે દુઃખ ઉપરના દ્વેષ દૂર કરવાની વાત જીવના હાથમાં છે. વર્તમાન દુઃખ દૂર કરવામાં જીવ પરતંત્ર છે, પણ દુઃખ ઉપરના દ્વેષને કરવામાં તે સ્વતંત્ર છે. દુઃખ ઉપરનો દ્વેષ દૂર થતાં જ દુઃખ એ તત્ત્વતઃ દુઃખ રહેતું જ નથી, અર્થાત્ દુઃખ વખતે પણ ચિત્તને સંકલેશ ઉત્પન્ન થતો નથી.

દુઃખ ઉપર રહેલા દ્વેષને દૂર કરવાનો અત્યંત સરલમાં સરલ ઉપાય કરુણાભાવના છે. કરુણાભાવના એટલે બીજાઓનું દુઃખ દૂર કરવાની વૃત્તિ. પોતાનાં દુઃખ ઉપર આપણે જે દ્વેષ કરીએ છીએ, તેને બદલે જયારે સર્વના

દુઃખ પ્રત્યે દ્વેષ કરીએ છીએ ત્યારે પોતાનું દુઃખ ભૂલાઇ જાય છે. પોતાના દુઃખને ભૂલી જવામાં જ સાધના માત્રનું રહસ્ય છૂપાયેલું છે. આ કાર્ય ચિત્તમાં કરુણા ભાવનાને દૃઢ કરવાથી સહેલાઇથી પાર પડે છે. કારણ કે–વ્યક્તિગત દુઃખ પ્રત્યેના દ્વેષનું સ્થાન સર્વ દુઃખી જીવોના દુઃખને બનાવવું એ જ કરુણા ભાવનાનું રહસ્ય છે. "મારાં દુઃખો નાશ પામો."–એવી વૃત્તિના સ્થાને "સર્વનાં દુઃખો નાશ પામો."–એવી ભાવના જ્યારે પ્રબળ બને છે, ત્યારે અન્યને અપકાર કરવાની મલિન ચિત્તવૃત્તિ આપોઆપ ચાલી જાય છે.

બીજા દુઃખીની અપેક્ષાએ પોતે સુખી છે–એમ જાણવાથી, પોતાના રૂપનો, બળનો, ધનનો, બુદ્ધિનો, કુલનો અને જાતિ વગેરેનો મદ થાય છે, તેને દર્પ પણ કહેવાય છે. આ દર્પથી દુઃખી જીવો પ્રત્યે એક પ્રકારનો તિરસ્કારભાવ ઉત્પન્ન થાય છે. આત્મદૃષ્ટિએ બધા જીવો તુલ્ય છે—એમ જાણીને, દુઃખી જીવો પ્રત્યે જ્યારે કરુણા ભાવના સ્થિર કરવામાં આવે છે, ત્યારે પોતાનો દર્પ અથવા અહંકાર ચાલ્યો જાય છે અને બીજા પ્રત્યે તિરસ્કાર પણ દૂર થઇ જાય છે.

પ્રત્યેક વસ્તુનું બળ સ્થાનવિશેષ પામીને જ હિતકર કે હાનિકર બને છે. સ્થાનભેદે તે જ વસ્તુ હાનિકર મટીને હિતકર બને છે અથવા હિતકર મટીને હાનિકર થાય છે. વિષયોનો પ્રેમ હાનિકર છે. તે જ પ્રેમ જો પરમેષ્ઠિઓ પ્રત્યે દાખવવામાં આવે, તો તે અત્યંત લાભકારક બને છે. વિષયો પ્રત્યે વિરક્તિ લાભદાયક છે. તે જ વિરક્તિ જ્યારે ધર્મ

તરફ આવે, ત્યારે દુઃખનું કારણ બને છે. પોતાના જ અને તે પણ વર્તમાનકાલીન જ દુઃખવિષયક દ્વેષ સંકલેશજનક બને છે, પરંતુ તે જ દ્વેષ જો સર્વ દુઃખી પ્રાણીઓના દુઃખ વિષયક બને તો અથવા પોતાના સર્વકાલીન દુઃખ વિષયક બને તો, તે ચિત્તના સંકલેશને દૂર કરનાર બને છે. તાત્પર્ય એ છે કે–વર્તમાનકાળ અને કેવળ સ્વવિષયક સંકુચિત વૃત્તિ જ્યારે ત્રિકાળ અને સર્વ સત્ત્વવિષયક વિશાળ બને છે, ત્યારે ચિત્તના સંકલેશની હાનિ થાય છે અને નિર્મળતા પ્રાપ્ત થાય છે. માત્ર એટલું જ નહિ, પણ આગળ વધીને એવી કરુણામય ચિત્તવૃત્તિથી વિશ્વનું સર્વોત્તમ પદ તીર્થંકરપણું પણ પ્રાપ્ત થાય છે અને તે સર્વ જીવોના દુઃખનું નિર્મૂલન કરનાર મોક્ષમાર્ગ અને ધર્મતીર્થનું પ્રવર્તન કરાવનાર થાય છે.

સર્વ સત્ક્રિયાઓ, સર્વ ધર્મ અનુષ્ઠાનો સર્વ આગમવાક્યો વગેરેની પાછળ સ્વ-પરવિષયક કરુણા રહેલી છે. પોતે જે અનુષ્ઠાનની સાધના કરે છે, તે અનુષ્ઠાન જેમને પ્રાપ્ત થયું નથી, તેમના પ્રત્યે જો કરુણા ભાવના ન હોય, તો તે અનુષ્ઠાનમાં કદી પણ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી; કેમ કે–તેને પોતાના અનુષ્ઠાનમાં વાસ્તવિક પ્રણિધાન થયું નથી, તે અનુષ્ઠાનની તાત્ત્વિક મહત્તા કે દુર્લભતા તેને સમજાઈ નથી, અથવા તે અનુષ્ઠાનની પાછળ તેને કોઈ દુષ્ટાશય, પરાપકર્ષ કે સ્વોત્કર્ષાદિ મલિન આશય હજુ ટળ્યો નથી કે શુભાશુભ પ્રગટ્યો નથી.

આ કરુણા ભાવનાથી સ્વોત્કર્ષ અને પરાપકર્ષાદિ દુષ્ટ ચિત્તવૃત્તિઓનો વિલય થઈ જાય છે અને શુદ્ધ પ્રણિધાનના પ્રભાવે ધર્માનુષ્ઠાનની સિદ્ધિ નિર્વિઘ્ન બને છે.

હીનગુણી પ્રત્યે તિરસ્કાર અને દુઃખીના દુઃખ પ્રત્યે ઉપેક્ષા કરનાર જીવનો મોક્ષ હજી ઘણો દૂર છે–એમ કહી શકાય. જે બીજાનો તિરસ્કાર કરે છે, તે પોતે જ તિરસ્કારને પામે છે. જે દુઃખીઓની ઉપેક્ષા કરે છે, તેને દુઃખ વખતે બીજાઓની સહાય મળતી નથી. કરુણાભાવનાના અભ્યાસથી આ તિરસ્કાર અને ઉપેક્ષા રૂપ અશુભ ચિત્તવૃત્તિઓનો વિલય થાય છે, તેથી તે કરુણાભાવનાને કેળવવી એ પરમ કર્ત્તવ્ય બને છે.

હિતોપદેશનું દાન એ સર્વશ્રેષ્ઠ કરુણા છે. શ્રી જિન-પ્રવચન હિતોપદેશરૂપ છે, માટે તે કરુણામય છે. શ્રી જિનેશ્વરો પુષ્કરાવર્ત મેઘના સ્થાને છે. તે મેઘમાંથી હિતોપદેશ-રૂપ અમૃતની વૃષ્ટિ થાય છે. વર્ષા વડે ભવ્ય જીવો પરમ શાન્તિને પામે છે. "ગ્લાનની સેવા એ તીર્થંકરોની સેવા છે અને ગ્લાનની ઉપેક્ષા એ તીર્થંકરોની જ ઉપેક્ષા છે."– આ વાકય પણ કરુણાના માહાત્મ્યને જ કહે છે.

દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારનો ધર્મ ચતુર્વિધ શ્રીસંઘમાં કરુણાનું જ માહાત્મ્ય સૂચવે છે. દાન વડે સ્વ અને પરનો ઉપકાર થાય છે, શીલ વડે અને તપ વડે પણ સ્વ–પર દુઃખનું નિવારણ થાય છે. ગૃહિધર્મ અને યતિધર્મ વડે પણ અહિંસાનું પાલન થતું હોવાથી કરુણા

ભાવનાનું પ્રાધાન્ય સચવાય છે. જે ધર્માનુષ્ઠાનના મૂળમાં દયા-કરુણાનો ભાવ નથી, તે ધર્માનુષ્ઠાન વાસ્તવિક ધર્માનુષ્ઠાન ગણાતું નથી. કરુણામય જિનપ્રવચનનાં રહસ્યો હૃદયમાં કરુણા-ભાવ પ્રગટવાથી જ સમજાય છે. હીનગુણી આત્માઓ પ્રત્યેની કરુણા અધિક ગુણવાળા આત્માઓની સાથે મેળ કરાવે છે, તેઓની કરુણાના પાત્ર બનાવે છે અને તેઓની કરુણાના પ્રભાવે તે અધિક નવા નવા ગુણોને વિકસાવે છે.

૪-માધ્યસ્થ્ય ભાવના

રાગ અને દ્વેષની વચ્ચે રહે તે મધ્યસ્થ. કોઇપણ પ્રસંગમાં રાગ કે દ્વેષ ન થાય, તે માટે પુનઃ પુનઃ ચિંતન તે માધ્યસ્થ્ય ભાવના છે.

(૧) પાપીવિષયક માધ્યસ્થ્ય-પ્રથમ માધ્યસ્થ્ય અર્થાત્ ઉપેક્ષા ભાવના પાપી જીવો પ્રત્યે છે. પાપી જીવોને પાપથી અટકાવવા માટે પ્રયત્ન કર્યા છતાં, જ્યારે તેઓ પાપથી ન અટકે, ત્યારે તેઓ પ્રત્યે મધ્યસ્થ રહેવું. પરંતુ ચિત્તને ક્રોધાદિ કષાયોથી કલુષિત થવા ન દેવું. આ જાતની મધ્યસ્થતા રાખવાથી તે પાપી જીવ પાપમાં અતિ આગ્રહી બનતો કદાચ અટકી જાય અને તેથી ભવિષ્યમાં તેને સુધારવાની તક કાયમ રહે છે. તેવા પ્રસંગે તેનો તિરસ્કારાદિ કરવાથી તે દ્વેષને ધારણ કરનારો બની જાય અને તેથી વૈરની પરંપરા વધી જાય છે. માધ્યસ્થથી તેનો આપણા પ્રત્યે સદ્‌ભાવ ટકી રહે છે અને તેથી ભવિષ્યમાં તેને સુધારવાની તક આપણા હાથમાં રહે છે. જેમ અપથ્યના

સેવનથી રોગીને અકાળે નિવારી ન શકાય તો મધ્યસ્થપણું રાખવું હિતકર છે, તેમ અહિતના સેવનથી નહિ અટકનાર જીવ ઉપર પણ તેવા પ્રસંગે એટલે કે-તેનો સુધારવાનો કાળ નહિ પાકયો હોવાથી આપણું માધ્યસ્થ ટકાવી રાખવું તે ઉભયના હિતમાં છે. માધ્યસ્થથી અમર્ષ અર્થાત્ વૈર લેવાની ઈચ્છારૂપ ચિત્તમળ ટળે છે.

(૨) વૈરાગ્યવિષયક માધ્યસ્થ્ય-વૈરાગ્ય એ વૈષયિક સુખ ઉપરની એક પ્રકારની અરુચિ યા દ્વેષ છે. આ દ્વેષ પ્રશસ્ત હોવાથી પુન્યાનુબંધી પુન્યનો હેતુ છે અને તે પરિણામે સાંસારિક સુખ ઉપર માધ્યસ્થ્ય અર્થાત્ રાગ-દ્વેષરહિતપણું પેદા કરે છે. સુખ ઉપર દ્વેષની જેમ દુઃખ ઉપર રાગ, એ પણ પ્રશસ્ત મનોભાવ હોવાથી, પુન્યાનુબંધી પુન્યનો હેતુ બની પરિણામે માધ્યસ્થ્ય અર્થાત્ રાગ-દ્વેષ-રહિતપણું ઉત્પન્ન કરે છે. વૈષયિક સુખની પાછળ રહેલ જન્મ-મરણાદિ દુઃખની પરંપરાનો વિચાર તથા તેનાથી પુનઃ નવીન નવીન કર્મબંધનતા આદિના વિચારોથી સુખ ઉપર દ્વેષ થાય છેઃ અને "દુઃખ તો કર્મનિર્જરામાં ઉપકારક તથા પરિણામે દુર્ગતિના દુઃખોના નિવારણમાં કારણભૂત છે." એ જાતિના વિચારોથી દુઃખ ઉપર રાગ જાગે છે.

(૩) સુખવિષયક માધ્યસ્થ્ય-સુખ વિષયક માધ્ય-સ્થ્યમાં દૃષ્ટાંત શ્રી તીર્થંકર ભગવંતોના ચરમ ભવોનું, તેમજ અનુત્તર વિમાનના દેવો, ધન્ના-શાલિભદ્ર, પૃથ્વીચંદ્ર, ગુણ-સાગર વગેરે મહાપુરુષોનું છે. પુન્યાનુબંધી પુન્યનો ઉપભોગ

કરનારા તે મહાપુરુષો સુખનો ઉપભોગ ઇચ્છારહિતપણે, કેવળ પૂર્વકૃત કર્મના ઉદયે જ કરતા હતા. આ સુખવિષયક માધ્યસ્થ યોગની છ દૃષ્ટિઓમાંથી પસાર થયા પછી આવે છે.

(૪) દુઃખવિષયક માધ્યસ્થ – દુઃખવિષયક માધ્યસ્થમાં દૃષ્ટાન્ત ભગવાન શ્રી મહાવીરદેવ, ગજસુકુમાળ મુનિ અને ખંધક મુનિના શિષ્યો વગેરે છે.

(૫) ગુણવિષયક માધ્યસ્થ-ગુણવિષયક માધ્યસ્થ લબ્ધિધર મુનિઓને હોય છે. તેઓ વિચારે છે કે-ક્ષયોપશમભાવ આત્માની અપૂર્ણતા છે. તેમાં આનંદ માનવાનો હોય જ કેમ ? લબ્ધિ, સિદ્ધિ, વગેરે ક્ષયોપશમ ભાવના ઘરની છે.

(૬) મોક્ષવિષયક માધ્યસ્થ-મોક્ષ વિષયક માધ્યસ્થ અપ્રમત્તાદિ ઉપરના ગુણસ્થાનકોએ પ્રગટે છે. તેને અસંગ અનુષ્ઠાન પણ કહે છે. તે સમયે સમતાજનિત સહજાનંદરૂપ અમૃતના મહાસાગરમાં તે મહાત્માઓ મગ્ન બને છે.

(૭) સર્વ વિષયક માધ્યસ્થ--મોક્ષવિષયક માધ્યસ્થ કેવલી ભગવંતોને હોય છે અને કેવલી ભગવંતોએ બતાવેલાં તત્ત્વોનું અનેકાન્તદૃષ્ટિથી ચિંતન કરનાર મહાપુરુષોને એ માધ્યસ્થ સ્વયમેવ પ્રગટે છે. આ માધ્યસ્થને ધારણ કરનારા મહા મુનિઓ સર્વ વિચારો અને સર્વ વચનો પ્રત્યે મધ્યસ્થ હોય છે. તેઓની મનઃપરિણતિ સર્વનયાવગાહી હોય છે. આવી પરિણતિ વિના વસ્તુતત્ત્વનો યથાર્થ નિર્ણય સંભવતો નથી. ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર, જ્ઞાન-

ક્રિયા, વિધિ-નિષેધ આદિ સર્વ બાજુઓને સાપેક્ષપણે તે મહાપુરુષો ગ્રહણ કરે છે. તેઓ આગમિક પદાર્થોને આજ્ઞાથી અને યુક્તિથી સમજાય તેવા પદાર્થોને યુક્તિથી ગ્રહણ કરે છે.

પરાર્ધની સંખ્યામાં જેમ શત સંખ્યા સમાઈ જાય છે, તેમ અન્ય દર્શનના સદ્વિચારોને તેઓ સ્વદર્શનમાં સમાવી શકે છે, એટલે કે—સમવતાર કરી શકે છે. સર્વત્ર અનેકાન્તના ચિંતનરૂપ અનેકાન્ત ભાવનાથી તેઓનો પ્રત્યેક વિચાર પવિત્ર થયેલો હોવાથી, કયા વખતે કયા નયને આગળ કરવાથી સ્વ-પરનું હિત છે, તેનો વિચાર કરીને જ તેઓ તે તે નયને મુખ્ય સ્થાન આપે છે.

માધ્યસ્થ્યને કારણે તેઓનાં વચનો સાગર કરતાં પણ ગંભીર અને ચંદ્રમા કરતાં પણ સૌમ્ય હોય છે. તેઓ કેવળ સત્યના જ આશ્રયે હોવાથી સ્વદર્શન પ્રત્યે રાગ અને પરદર્શન પ્રત્યે દ્વેષ તેઓને રહેતો નથી.

શ્રી જિનપ્રવચન માધ્યસ્થ્ય રસથી છલોછલ ભરેલું છે, કેમ કે-તેના પ્રરૂપક પરમ મધ્યસ્થ શ્રી જિનેશ્વરદેવ છે. નયોનો વિચાર જેમ મધ્યસ્થતા લાવે છે તેમ કર્મપ્રકૃતિનો વિચાર પણ મધ્યસ્થતાને ઉત્પન્ન કરે છે. કર્મવિપાક ચિંતનથી પણ જીવ મધ્યસ્થ બની શકે છે. સર્વ અનુષ્ઠાનનાં ફળો પ્રત્યે પણ મધ્યસ્થ ભાવ જાગે છે. સર્વ અનુષ્ઠાનો કર્મક્ષયને ઉદ્દેશીને અથવા પ્રભુ-આજ્ઞાપાલનના હેતુએ કરવામાં આવે છે. કર્મક્ષયના ઉદ્દેશથી થતું અનુષ્ઠાન શ્રી સિદ્ધ ભગવંતોને અર્પણ થાય છે અને આજ્ઞાપાલનના

હેતુથી કરવામાં આવતું અનુષ્ઠાન શ્રી અરિહંત ભગવંતોને અર્પણ થાય છે. આ નિષ્કામભાવને જ અન્ય દર્શનના મતે ઈશ્વરાર્પણબુદ્ધિ કહેવાય છે. પ્રત્યેક અનુષ્ઠાન વખતે જો ચિત્તરત્નમાં શ્રી તીર્થંકર ભગવંતોનું અધિષ્ઠાન થાય છે, તો સર્વત્ર માધ્યસ્થની સિદ્ધિ સુલભ બને છે.

શ્રી જિનપ્રવચનમાં જીવાદિ નવ તત્ત્વો, અનિત્યાદિ બાર ભાવનાઓ, સર્વ પ્રકારના ધર્મો અને નિયમો, સર્વ શાસ્ત્રો અને સર્વ સત્ક્રિયાઓ વગેરેનું લક્ષ્ય જીવને મધ્યસ્થ-રાગ-દ્વેષરહિત બનાવવા માટે છે. શ્રી વીતરાગ ભગવંતની મુદ્રા પણ મધ્યસ્થ ભાવની દ્યોતક છે. ઉત્સંગમાં રામા નથી અર્થાત્ હૃદયમાં રાગ નથી અને હાથમાં શસ્ત્ર નથી અર્થાત્ હૃદયમાં દ્વેષ નથી, એ જ વસ્તુ માધ્યસ્થ્યની દ્યોતક છે.

શ્રી નમસ્કાર મહામંત્ર પણ માધ્યસ્થ્યમય છે. તેમાં શ્રી પંચપરમેષ્ઠિઓનું સ્મરણ છે, કેમ કે-તેઓ પૂજ્ય છે. પૂજ્યતા મધ્યસ્થભાવ વિના આવતી નથી. આ રીતે મધ્યસ્થ-ભાવના પણ નવકારનો સાર છે, તેથી તે પરંપરાએ ચૌદ પૂર્વનો પણ સાર બને છે.

અહિંસા, સત્ય, અચૌર્ય વગેરે ધર્મો પણ મધ્યસ્થતાના વિવિધ પ્રકારો છે. હિંસામાં સ્વાર્થ અને વૈર હોય છે. સ્વાર્થ એ રાગ અને વૈર એ દ્વેષ છે. અહિંસામાં તે બન્નેનો અભાવ છે. જો રાગ અને દ્વેષ હોય, તો જ અસત્ય બોલાય છે. સત્ય વચન વખતે તે બન્નેનો અભાવ છે. માધ્યસ્થ્ય વિના શ્રેષ્ઠ જીવન સંભવતું નથી. જ્યાં જ્યાં

માધ્યસ્થ્યનો ભંગ થાય છે, ત્યાં ત્યાં કલેશ, ભય, રાગ અને શોક વગેરે ઉભા થાય છે. શક્તિ કરતાં અધિક આહાર લેવાથી રોગ થાય છે અને અધિક બોલવાથી વૈર-વિરોધ થાય છે. આ જગતમાં જે કાંઇ દુઃખો છે, તે માધ્યસ્થ્યને ન જાળવવાના પરિણામે હોય છે. આથી જ કહ્યું છે કે-ભલે કમ ખાઓ, ગમ ખાઓ, તો શરીર અને મન એ બન્નેના મારથી બચાય છે. જિનપ્રવચન માધ્ય-સ્થ્યમય હોવાથી, તેનાં રહસ્યો અને ગુપ્ત અર્થો મધ્યસ્થ પુરુષોની આગળ જ પ્રગટ થાય છે.

મધ્યસ્થ શબ્દમાં 'મધ્ય' નો અર્થ કેન્દ્ર થાય છે અને 'સ્થ' એટલે તેમાં-કેન્દ્રમાં રહેવું તે. બધી પ્રવૃત્તિઓનું કેન્દ્ર આત્મા છે. પ્રવૃત્તિઓ તે ચક્ર છે પ્રત્યેક ચક્ર (Circle) ને કેન્દ્ર (Center) હોયજ છે. તે રીતે રાત-દિવસ થતી મન, વચન અને કાયાની જે બધી પ્રવૃત્તિઓ છે, તેઓનું પણ કેન્દ્ર એક જ છે અને તે આત્મા છે. આત્મા તરફ લક્ષ્ય કેન્દ્રિત કરીને જે કાંઇ પ્રવૃત્તિ થાય, તે બધી મધ્યસ્થ કહેવાય.

મધ્યસ્થ માણસ તે કહેવાય છે, કે જે બધાનું સાંભળે પણ કોઈમાં ખેંચાય નહિ તેનું ખેંચાણ માત્ર સત્ય તરફ જ હોય છે. અહીં સત્ય એક આત્મા છે, કેમ કે-તે જ કાયમી રહેનાર છે અને તે જ ચિદ્‌ઘન અને આનંદઘન છે. આથી જ્ઞાન-જ્યોતિ અને આનંદનો પ્રકાશ બધો તેમાંથી જ છે-તેના આધારે છે. આપણી પ્રવૃત્તિ માત્રનું મૂળ કેન્દ્ર આત્મા છે. તેનું કદી પણ વિસ્મરણ ન થવા

દેવું. તે કેન્દ્રસ્થ એટલે મધ્યસ્થ છે, માટે તેને ન્યાયાધીશની ઉપમા પણ આપી શકાય. અથવા અનેક સંતાનોનો પિતા જેમ બધા સંતાનો પ્રત્યે મધ્યસ્થભાવ રાખે છે, તેના જેવી ઉપમાવાળો આત્મા છે.

ગુણમાત્રની ઉત્પત્તિ મધ્યસ્થભાવમાંથી થાય છે. જીવ માત્ર પ્રત્યેની મૈત્રી, ગુણી માત્ર પ્રત્યેનો પ્રમોદ, દુઃખી માત્ર પ્રત્યેની કરુણા અને પાપી માત્ર પ્રત્યેની ઉપેક્ષા, તે બધા મધ્યસ્થ ભાવના જ વિશિષ્ટ પ્રકારો છે. સુખ-દુઃખ પ્રત્યેનું માધ્યસ્થ્ય તે વૈરાગ્ય કહેવાય છે. વિશ્વવૈચિત્ર્ય પ્રત્યેનું માધ્યસ્થ્ય તે વિવેક કહેવાય છે. માધ્યસ્થ્ય એ સર્વત્ર વિવેક-બુદ્ધિજન્ય હોય છે વિવેક બુદ્ધિ, ન્યાય બુદ્ધિ, શુદ્ધ બુદ્ધિ, નિષ્પક્ષ બુદ્ધિ, મધ્યસ્થ બુદ્ધિ વગેરે એક જ અર્થને કહેનારા ભિન્ન ભિન્ન શબ્દો છે. ન્યાયબુદ્ધિ એ સત્યનો પક્ષપાત છે. અહિંસાદિ વ્રતો, ક્ષમાદિ ધર્મો, દાન કે પૂજન આદિ શુભ પ્રવૃત્તિઓ એ ન્યાયબુદ્ધિનું ફળ છે. સર્વ પ્રકારનાં શુભ અનુષ્ઠાનો અને સર્વ પ્રકારનાં સુભાષિતો ન્યાય બુદ્ધિવાળા, મધ્યસ્થ વૃત્તિવાળા અને આત્મસ્થિત મહાપુરુષોના હૃદયમાંથી નીકળેલાં છે, તેથી તે ઉપાદેય બને છે. સામાયિક ધર્મ પણ મધ્યસ્થભાવનો દ્યોતક છે, કારણ કે-પરમ મધ્યસ્થ એવા શ્રી જિનેશ્વર ભગવંતોએ તેને પ્રથમ જીવનમાં જીવી, તેનું ફળ પ્રાપ્ત કરીને, વિશ્વ-કલ્યાણને માટે તેનો ઉપદેશ આપ્યો છે.

श्री नमस्कारमहामंत्राय नमो नमः ।

श्री नमस्कार महामंत्रनो प्रभाव :-

इह परलोयसुहयरो
इह परलोय दुहदलणपच्चलओ ।
एस परमेट्ठिविसओ, भत्तिपउत्तो नमुक्कारो ॥ १ ॥

अर्थ:—परमेष्ठि विषयक भक्तिप्रयुक्त आ नवकार आलोक अने परलोकमां सुखने करनारो छे अने आलोक तथा परलोकना दुःखने दळनारो छे.

आ संसार अनंत दुःखोथी भरेलो छे. तेने दुःखनो सागर कहेवामां अतिशयोक्ति नथी. परंतु जे मनुष्यना अंतरमां "नमस्कार महामंत्र" रमण करतो होय, जेणे भावथी तेनुं शरणुं लीधु होय, तेने आ संसारना दुःखो लेश पण स्पर्शी शकता नथी. श्री नमस्कार महामंत्र रूप नावमां बेसीने ते निर्विघ्ने संसारसागरने पार उतारी जाय छे. जेम हाथीना टोळा वच्चे रहेलां सिंहना बच्चाने तेना प्रभावने कारणे हाथीओ कंइ करी शकता नथी, ते ज रीते जेना चित्तमां आ महामंत्ररूपी केसरीसिंह क्रीडा करी रहेल छे तेने संसारना उपद्रवोरूपी हाथीओ कांइ ज पीडा उपजावी शकता नथी. चारे गतिनां भयानक दुःखो तेनाथी दूर भागे छे.

આ નમસ્કાર મહામંત્ર બધા શાસ્ત્રોમાં મહાશાસ્ત્ર ગણાય છે. ચૌદ પૂર્વનો ઉદ્ધાર છે. ચૌદ પૂર્વધર મહર્ષિઓ પણ જીવનના અંતસમયે શરીરશક્તિ ક્ષીણ થતાં બધા શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવા અસમર્થ બને છે, તે વખતે પણ આ મહામંત્રનું શરણ તેઓ છોડતા નથી. જીવનના અંતિમ-શ્વાસ સુધી આ મહામંત્રનું રટણ ચાલુ રાખે છે. કારણ કે આ પ્રભાવક મહામંત્ર તેની આરાધનાના પ્રતાપે ભવાંતરમાં નિયમા ઉર્ધ્વગતિ અપાવે છે.

શ્રી નવકાર એ શબ્દથી નાનો હોવા છતાં અર્થથી અતિ મહાન છે. તેનું ફળ અનંત છે. તેથી પ્રત્યેક કાર્યની શરૂઆતમાં જ્ઞાનીઓ તેનું સ્મરણ કરવાનું વિધાન કરે છે. જેમકે ઉઠતાં નવકાર, બેસતાં નવકાર, સુતાં નવકાર, જાગતાં નવકાર, પ્રયાણ કરતાં નવકાર, પ્રવેશ કરતાં નવકાર, પચ્ચ-ખાણ પારતાં નવકાર, ભોજન કરતાં, જન્મ કે મરણ વખતે, દુઃખમાં કે સુખમાં, માંદગીમાં કે આરોગ્યમાં, વ્યાખ્યાનના પ્રારંભમાં કે વ્રતના ઉચ્ચારણમાં, નંદી સંભળાવવામાં, સૂત્ર ભણતાં, પક્ખી સૂત્ર બોલતાં કે સામાયિક આદિ ઉચ્ચારતાં, અટવીમાં કે કોઇપણ સંકટ વખતે અથવા તો અનિવાર્ય સંજોગ આવી પડે તો અશુચિ વખતે પણ નવકારના સ્મ-રણનો નિષેધ કર્યો નથી. કહ્યું છે કે બાલક-બાલિકાના જન્મ વખતે નવકાર ગણવામાં આવે તો જન્મ બાદ બહુ ઋદ્ધિને આપનારો થાય છે અને મૃત્યુ વખતે ગણવામાં આવે તો મરણ બાદ સુગતિને આપનારો થાય છે. આપત્તિ વખતે ગણવામાં આવે તો સેંકડો આપત્તિઓનું ઉલ્લંઘન

થાય છે અને ઋદ્ધિ વખતે ગણવામાં આવે તો તે ઋદ્ધિને વિસ્તારે છે.”

એ દૃષ્ટિએ નાનું કે મોટું કોઈપણ કાર્ય કરવું હોય ત્યારે પ્રથમ નવકારનું સ્મરણ કરીને પછી તે કાર્ય શરૂ કરવું જોઇએ. સાધુને આહાર વાપરવા પહેલાં પણ નવકાર ગણવાનું કહેલું છે. આ રીતે માણસ ઉઠે ત્યારથી માંડીને સૂઈ જાય ત્યાં સુધી વારંવાર નવકાર સ્મરણનું વિધાન છે. અને આ પ્રમાણે મનુષ્યના જીવનવ્યવહારની સાથે નવકારનું સ્મરણ ઓતપ્રોત રહેલું છે.

આવી રીતે જ્ઞાનીઓની આજ્ઞા મુજબની બીજી પણ જે જે પ્રણાલિકાઓ ચાલે છે, તે પણ એકાન્તે કલ્યાણ કરનારી હોય છે.

શ્રી નમસ્કાર મહામંત્ર એ પંચ પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે આદર સૂચવનારી પવિત્ર ક્રિયા છે. એ ક્રિયાનો વિષય પરમેષ્ઠિઓ છે. તેથી તેનું ફળ પણ મહાન છે. પંચ પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે નમસ્કારનો ભાવ એ કર્મરૂપી વનને બાળી નાખવા માટે દાવાનલ સમાન છે. તે અધ્યવસાય અચિન્ત્ય શક્તિથી યુક્ત છે. શરત એટલી જ છે કે સાચા ભાવે તે નમસ્કાર થવો જોઇએ. નમસ્કાર કરતી વખતે બાહ્ય ક્રિયાની સાથે મનથી પણ અત્યંત નમ્ર બનીને નમસ્કાર દ્રવ્યભાવ ઉભયદૃષ્ટિથી શુદ્ધ થવો જોઇએ. દ્રવ્ય નમસ્કાર એટલે હાથ જોડવા, માથું નમાવવું, પંચાંગ પ્રણિપાત કરવો તે. અને ભાવ નમસ્કાર એટલે વિષય-કષાયથી વિરામ પામવું. આપણે નાના છીએ, અતિ લઘુ છીએ. પરમાત્મા મહાન છે. એમની

મહાનુભાવતાના કારણે જ માત્ર તેમને નમસ્કાર કરવા માત્રથી આપણને મહાન ફળ મળે છે, એમ માનવું તે ભાવ નમસ્કાર છે.

સાચા ભાવથી નવકાર મંત્રના માત્ર એક જ અક્ષરના સ્મરણથી સાત સાગરોપમનું પાપ નાશ પામે છે. અને "નમો અરિહંતાણં" એ સાત અક્ષરરૂપ એક પદના સ્મરણથી પચ્ચાસ સાગરોપમનાં પાપ નાશ પામે છે અને સંપૂર્ણ શ્રી નવકારના સ્મરણથી પાંચસો સાગરોપમનાં પાપો નાશ પામે છે. એનાથી આગળ વધીને કહેવું હોય તો વારંવારના અભ્યાસના યોગે જ્યારે નમસ્કારના સંસ્કારો આત્મામાં અત્યંત દૃઢ બને છે, ત્યારે માત્ર એક જ નમસ્કાર સર્વ પાપોનો ક્ષય કરી જીવને અજરામર સ્વરૂપ બનાવે છે.

આ રીતે અલ્પ પરિશ્રમથી તે મહાનમાં મહાન લાભ આપે છે. આરાધના માટે ખુટતી તમામ સામગ્રી આ નવકાર પૂરી પાડી જીવને ગુણસ્થાનકના ક્રમમાં આગળ વધારી અલ્પ સમયમાં સિદ્ધિસુખ આપનારો બને છે. શ્રી નવકારની આરાધનામાં આગળ વધેલા જીવને જૈનશાસનની તમામ આરાધના ક્રમસર સ્વયમેવ આવી મલે છે. અને અવશ્ય સદ્ગતિ પણ બને છે. સિદ્ધિસુખને આપનારો આ મહામંત્ર જીવને સિદ્ધિસુખ ન મલે ત્યાં સુધી તે સંસારમાં પણ શ્રેષ્ઠ ગણાતાં અર્થ-કામ-આરોગ્ય-અભિરતિ સર્વત્ર આનંદ-મંગળ સમાધિ-બોધિ-સદ્ગતિ અને પરંપરાએ સંપૂર્ણ સિદ્ધિ અપાવનારો બને છે.

સંપૂર્ણ આદર, ઉત્કૃષ્ટ સત્કાર અને સન્માન પૂર્વક વચ્ચે

આંતરૂ પાડ્યા વિના દીર્ઘકાલ સુધી અવિચ્છિન્નપણે ત્રણ સંધ્યાએ નિયમિત અને સંકલેશ હોય ત્યારે વારંવાર તેનું રટણ ચાલુ રહેવું જોઈએ.

નવકારનો જાપ કરનારે પોતાના જીવનમાં નીતિ, સદાચાર આદિનું પાલન ચુસ્તપણે કરવું જરૂરનું છે. જાપની આરાધનામાં જે જે આચાર-વિચાર અપથ્યના સ્થાને છે તેનો ત્યાગ કરવો જોઈએ. અને સાધનામાર્ગમાં જે જે પથ્ય હોય તેનું પાલન કરવા માટે ઉદ્યમશીલ બનવું જરૂરી છે.*

અતિ દુર્લભ આ માનવ જન્મ પ્રાપ્ત કરીને અને તેમાં પણ શ્રી જિનેશ્વર ભગવાનનું શ્રેષ્ઠ શાસન પામીને વિવેકી આત્માઓએ પોતાના જીવનમાં ઓછામાં ઓછા સંપૂર્ણ નવલાખ નવકાર ગણવાની ભાવના અવશ્ય કેળવવી જોઈએ. અને વિધિપૂર્વક તે જાપ પૂર્ણ કરવો જોઈએ. શાસ્ત્રો કહે છે કે-વિધિપૂર્વક નવલાખ શ્રી નવકાર મહામંત્રનો જાપ કરનાર કદિ પણ નરક અને તિર્યંચગતિમાં જતો નથી. પરંતુ ઉત્તમ દેવગતિ અને મનુષ્યગતિ પ્રાપ્ત કરી તે મોક્ષ સુખ પ્રાપ્ત કરે છે.

આ રીતે પરમેષ્ઠિ વિષયક ભક્તિ પ્રયુક્ત આ નવકાર મહામંત્ર આ લોક અને પરલોકના સુખને કરનારો છે અને આલોક તથા પરલોકના દુઃખને દળનારો છે.

---

* સાધનાના માર્ગમાં શું શું પથ્ય છે અને શું શું અપથ્ય છે. તેનું વિશેષ વર્ણન 'નમસ્કાર ચિંતામણિ' નામના પુસ્તકમાં 'સાધનાના માર્ગમાં પથ્યાપથ્ય' એ મથાળા નીચે આપવામાં આવેલ છે. ત્યાંથી જોઈ લેવું.

શ્રી નમસ્કાર મહામંત્રની ધારણા

શ્રી નમસ્કાર મહામંત્રના જાપ, સ્મરણ આદિમાં એકાગ્રતા કેળવવા માટે ધારણાના અભ્યાસની ખાસ જરૂર છે. ધારણાના નિયમિત અભ્યાસથી નમસ્કાર મહામંત્રની આરાધના ઘણી વેગવતી બને છે.

શરીરની બહાર શ્રી જિનપ્રતિમાજી અથવા બીજા પણ કોઇ પ્રશસ્ત બાહ્ય આલંબનમાં કે શરીરની અંદર હૃદય આદિ કોઈ સ્થાનમાં મનોવૃત્તિને એકાગ્ર કરવા પ્રયત્ન કરવો તેનું નામ ધારણા છે.

ધારણાના અભ્યાસીએ સિદ્ધાસન, પદ્માસન કે સ્વસ્તિકાસન વગેરેમાંથી કોઈ એક આસને બેસવું જોઇએ તથા ઇન્દ્રિયોને અને મનને સ્વસ્થ કરવાં જોઇએ.

નવકારની ધારણા મુખ્યત્વે નવકારના અક્ષરો ઉપર કે પંચપરમેષ્ઠિઓની આકૃતિઓ ઉપર કરવાની હોય છે અને તે મૂર્તિઓ કે અક્ષરોને શરીરની અંદર કે બહાર અષ્ટદલકમળ ઉપર સ્થાપન કરવાના છે.

આ ધારણા શરૂ કરવા પહેલાં સંસારના સર્વ વિષયો પ્રત્યે વૈરાગ્ય અને પંચપરમેષ્ઠિઓ પ્રત્યે પરમ અનુરાગ પ્રકટાવવાનો હોય છે. જેમ કે સંસારના સર્વ પદાર્થો અનિત્ય, અશરણ અને દુઃખદાયક છે, ત્યારે પંચપરમેષ્ઠિ ભગવંતો શાશ્વત, શરણભૂત અને મંગળદાયક છે.

ધારણાનો અભ્યાસ કરતાં અંતઃકરણની વૃત્તિમાં બે મુખ્ય દોષો આવે છે, એક લય અને બીજો વિક્ષેપ. નિદ્રાધીનતા તે લય છે અને ધારણાના વિષયથી અન્ય વિષયના આકારે ચિત્તનું પરિણમવું તે વિક્ષેપ છે.

લયના હેતુઓ અજીર્ણ, અત્યાહાર, અતિશ્રમ આદિ દોષો છે. તેનો નાશ કરવા માટે હિત-મિત-ભોજી થવું, શક્તિથી વિશેષ શ્રમનો ત્યાગ કરવો, ઉચિત નિદ્રા લેવી તથા ચિત્તનો તમોગુણ જેમ ઓછો થાય તેવા આહાર-વિહારાદિનો અભ્યાસ પાડવો જોઇએ.

વિક્ષેપદોષ ટાળવા માટે એકાગ્રતાનો અભ્યાસ પાડવો જરૂરી છે અને વૈરાગ્ય તથા સમભાવની ભાવના વધારવી જોઇએ.

લય અને વિક્ષેપથી જુદો ચિત્તનો એક ત્રીજો દોષ છે તેને કષાય કહેવાય છે. કષાય એટલે તીવ્ર રાગ-દ્વેષ, તેને ધીરતા અને સાવધાનતાથી દૂર કરવા. રાગના હેતુઓ અનુકૂળ શબ્દાદિ વિષયો છે અને તેના હેતુભૂત શરીર, ધન, ધાન્ય તથા સ્ત્રી-પુત્રાદિ છે, દ્વેષના હેતુઓ પણ પ્રતિકૂળ એવા તે વિષયો જ છે. વિષયની અસારતા, તુચ્છતા અને

અપકારકતાનો પુનઃ પુનઃ વિચાર કરવાથી કષાય દોષ અર્થાત્ રાગ-દ્વેષની તીવ્રતા ટળી જાય છે.

એ રીતે ધારણાનો અભ્યાસ દૃઢ કરવા માટે વિષય-વિરાગ પ્રબળ કરવો જોઇએ અને ધ્યેયમાં પ્રીતિને દૃઢ કરવી જોઇએ. જ્યારે જ્યારે લય, વિક્ષેપ અને કષાય દોષનો સંભવ જણાય ત્યારે ત્યારે તેના પ્રતિપક્ષી ઉપાયો વડે તેનું નિવારણ કરતા રહેવું જોઇએ.

ધારણાનો અભ્યાસ કર્યા પછી શરૂઆતના કેટલાય દિવસો સુધી ચિત્ત કેટલોક વખત ધ્યેયાકાર સ્થિતિમાં, કેટલોક વખત લયાવસ્થામાં, કેટલોક વખત વિક્ષેપાવસ્થામાં અને કેટલોક વખત કષાયાવસ્થામાં રહે છે. જેમ જેમ વૈરાગ્યભાવના વધતી જાય છે અને ધ્યેયવિષયમાં પ્રીતિ જામતી જાય છે, તેમ તેમ લય, વિક્ષેપ અને કષાયાદિ ન્યૂન થવા માંડે છે અને ધારણાનો અભ્યાસ પરિપક્વપણાને પામતાં ધ્યાનાભ્યાસના અધિકારી થવાય છે.

ધારણાસિદ્ધિ માટે વૈરાગ્યભાવના અને ભક્તિભાવનાને પ્રબળ બનાવવી આવશ્યક છે. વૈરાગ્યભાવના વડે વિષય-તૃષ્ણાનો ઉચ્છેદ થાય છે અને ભક્તિભાવના વડે ધર્મવિષયક અરુચિ અને પ્રમાદ દોષ ટળી જાય છે. સંસારની અંદર જીવને એક બાજુ પંચ વિષયો છે અને બીજી બાજુ પંચ પરમેષ્ઠિઓ છે. પંચ વિષયોનું આકર્ષણ અનાદિનું છે. પંચ પરમેષ્ઠિનું આકર્ષણ અભ્યાસથી સાધ્ય છે. વિષયોના

આકર્ષણથી જીવ રાગદ્વેષને વશ થઈ અનંત કર્મ ઉપાર્જન કરે છે અને પંચપરમેષ્ઠિઓ ઉપરનાં ભક્તિભાવથી જીવ અનંત અનંત કર્મનો ક્ષય કરે છે. કર્મના સંચયથી જીવ જન્મ-મરણના ચક્રમાં પડે છે અને કર્મના ક્ષયથી જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ મેળવે છે. એ તત્ત્વને સમજીને સાધકે શાસ્ત્ર અને ગુરુના ઉપદેશ મુજબ પંચપરમેષ્ઠિ નમસ્કારની ધારણાનો અભ્યાસ કરવો જોઇએ તથા ચિત્તમાં વિષય-રાગના સ્થાને ભક્તિરાગ કેળવવા માટે શ્રદ્ધા, ઉત્સાહ અને સાવધનતાપૂર્વક પ્રયત્ન ચાલુ રાખવો જોઇએ.



શ્રી નમસ્કાર મહામંત્રનું ધ્યાન

ધારણાનો સારી રીતે અભ્યાસ થયા પછી ધ્યાનની યોગ્યતા પ્રાપ્ત થાય છે. ધ્યાન એટલે એકાગ્ર બુદ્ધિ. અર્થાત્ વિજાતીય જ્ઞાનના અંતર રહિત સજાતીય જ્ઞાનની ધારા તે ધ્યાન છે. ધારણામાં જ્ઞાનની ધારા વચ્ચે વચ્ચે વિચ્છેદ પામે છે, જ્યારે ધ્યાનમાં તેવું થતું નથી. અન્યત્ર પણ કહ્યું છે કે–ધારણાના વિષયમાં ચિત્તની વૃત્તિઓના પ્રવાહને તેલની ધારાની જેમ અવિચ્છિન્નપણે ચાલુ રાખવો તે ધ્યાન છે.

ચક્ષુ આદિ ઇન્દ્રિયો પોતાના રૂપ આદિ વિષયો તરફ સ્વભાવથી જ પ્રબળ વેગ વડે ધસ્યા કરે છે. ઇન્દ્રિયોને અનુસરનારું મન પણ રાત-દિવસ વિષય ચિન્તનમાં જ પ્રવૃત્ત રહે છે. તેથી ધ્યાનનો અભ્યાસ કરનારે વિષયો તરફ જતાં મન તથા ઇન્દ્રિયોને વિષયોમાં દોષદર્શનરૂપી વૈરાગ્ય-દૃષ્ટિવડે રોકવાં જોઇએ. વિષયપ્રવણ મનની વિષયપ્રવણતા વિષયોની અસત્યતા, અસારતા અને અપકારકતાનો વિચાર કરવાથી અટકી જાય છે અને મનની સાવધાનતા, દૃઢતા તથા ધીરજદ્વારા ઇન્દ્રિયોની ચપળતા પણ જીતાઈ જાય છે.

પ્રશસ્ત વિષયનાં ધ્યાનનો અભ્યાસ વધવાથી અંતઃકરણની યોગ્યતા વધે છે. જ્ઞાન અને આનંદની વૃદ્ધિ અનુભવાય છે. ઇન્દ્રિયો તથા શરીર સાત્વિક બને છે તથા ધ્યાનાભ્યાસરૂપ પુણ્યના પ્રકર્ષથી બાહ્ય વ્યવહાર પણ અનુકૂળતાવાળો બની જાય છે.

કંટાળ્યા વિના નિયમપૂર્વક અભ્યાસ કરવાથી સમય જતાં જેમ મોટા મોટા ગ્રન્થોનું અધ્યયન કરી શકાય છે, નિત્ય નિયમપૂર્વક ઉંચે ચઢવાથી જેમ મોટા મોટા પર્વતો પાર કરી શકાય છે, નિત્ય ઉત્સાહપૂર્વક ચાલ્યા કરવાથી જેમ પૃથ્વીને પ્રદક્ષિણા આપી શકાય છે, તેમ દૃઢ નિશ્ચયપૂર્વક ઉદ્વેગ પામ્યા વિના નિયમિત ધ્યાનાભ્યાસ ચાલુ રાખવાથી કાળે કરીને અનેક વિષયાકારે પરિણમવાના મનના સ્વભાવને પલટાવીને એક જ ધ્યેયના આકારે સ્થિર રાખી શકાય છે.

મનને ચિરકાલથી અનેક વિષયોના આકારમાં પરિણમવાની ટેવ પડેલી છે. તેને એક જ ધ્યેયાકારે સ્થિર કરવાનું કામ અતિ કઠિન છે, તો પણ દૃઢ પ્રયત્નથી જેમ અન્ય મોટાં કાર્યો સુલભ થાય છે, તેમ આ કાર્ય પણ સુકર બને છે. ધ્યાનાભ્યાસીએ ધ્યાનાભ્યાસથી લેશ પણ કંટાળ્યા વિના નિત્ય નવા નવા ઉત્સાહથી ધ્યાનાભ્યાસરૂપ કાર્ય ચાલુ રાખવું જોઇએ. ધ્યાનાભ્યાસી જો યોગ્ય પ્રયત્નપૂર્વક પોતાના મનને શુદ્ધ ધ્યેયમાં જોડવા માટે પ્રયત્ન ચાલુ રાખે તો સ્થૂલ અને ચંચલ એવા મનને ધ્યાનના બળથી સૂક્ષ્મ અને એકાગ્ર કરવામાં અવશ્ય સફળ થઈ શકે છે.

અશુદ્ધ મનને શુદ્ધ કરવાનું અને ચંચલ મનને સ્થિર કરવાનું કાર્ય અતિ દુષ્કર છે, તો પણ પંચપરમેષ્ઠિના ધ્યાનથી અને ભક્તિપૂર્વકના નમસ્કારથી તે સુલભ બને છે. કારણ કે પંચપરમેષ્ઠિ શુદ્ધસ્વરૂપવાળા, સ્થિર અને શાશ્વત છે.

સમુદ્રથી દૂર રહેલા સ્થાનમાંથી મનુષ્ય જેમ જેમ સમુદ્રની સમીપ આવતો જાય છે, તેમ તેમ સમુદ્ર પરથી આવતા પવનની શીતલ લહેરો વડે તેનો તાપ શમતો જાય છે અને આનંદ વધતો રહે છે, તેમ ધ્યાનવડે મનુષ્ય પોતાના બહિર્મુખ મનને જેમ જેમ પરમતત્ત્વની અભિમુખ કરી સમીપ આવતો જાય છે, તેમ તેમ અંતઃકરણમાં અપૂર્વ શાંતિ, સમતા, તૃપ્તિ અને નિર્ભયતાનો આનંદ અનુભવતો જાય છે. અથવા મોટા રાજાની સાથે અનુકૂળ સંબંધથી જોડાયેલા સામાન્ય માણસની પણ બાહ્ય-આંતર સ્થિતિમાં મોટા ફેર પડી જાય છે, તેમ જ્ઞાનાનંદ સ્વભાવવાળા પંચ પરમેષ્ઠિઓ સાથે ધ્યાન વડે એકતાને અનુભવનારો મનુષ્ય પણ પોતાની અંદરની અને બહારની સ્થિતિમાં મોટો ભેદ અનુભવ્યા સિવાય રહેતો નથી. જ્યાં જ્યાં તે સ્થિતિ બદલાતી ન જણાય ત્યાં ત્યાં સમજવું કે પરમેષ્ઠિઓનું ધ્યાન યોગ્ય રીતે કરી શકાયું નથી.

ધારણાકાળે ધ્યેયની પ્રતીતિ ન્યૂન હોય છે અને અહંવૃત્તિની પ્રતીતિ વિશેષ હોય છે, ધ્યાનકાળે ધ્યેયની પ્રતીતિ પ્રબળ બને છે અને અહંવૃત્તિની પ્રતીતિ ઘટી જાય છે.

ચોર આદિના ભયવાળા નગરમાં રહેનારા ધનાઢ્યો

પોતાના મનને પ્રયત્નપૂર્વક ગોપવી રાખે છે, તેમ ધ્યાના-ભ્યાસીએ ધ્યાનથી ઉત્પન્ન થતાં લોકોત્તર આનંદને અને અનુભવાતી ધ્યાનાનંદની વિલક્ષણ પ્રતીતિઓને પ્રયત્નપૂર્વક ગોપવવી જોઇએ.

ચિત્તની નિર્મળતા કર્યા વિનાનું ધ્યાન કથન માત્ર છે. બગલા અને બીલાડાનું ધ્યાન, ધ્યાન હોવા છતાં દુર્ધ્યાન ગણાય છે, તેથી ધ્યાન કરનાર ધ્યાતાએ પ્રયત્નપૂર્વક પોતાના ચિત્તને નિર્મળ કરવું જોઇએ. કહ્યું છે કે 'જેણે પોતાના શરીર, ઇંદ્રિયો અને કષાયોને જીત્યા નથી તથા રાગ-દ્વેષને દબાવ્યા નથી, તેણે છિદ્રવાળી પખાલમાં પાણી ભરવાની જેમ ધ્યાન કરવાની નિષ્ફળ ચેષ્ટા કરી છે.'

જે મનને વશ કરવાનું કાર્ય મોટા પર્વતને મૂળમાંથી ઉખેડી નાખવા જેવું, અગ્નિનું ભક્ષણ કરવા જેવું, ભૂખ્યા સિંહની સામે થવા જેવું, મહાસાગરને ભુજાઓ વડે તરવા જેવું, પૃથ્વીને બાથ ભરવા જેવું, આકાશમાં નિરાલંબ ઉડવા જેવું, તરવારની ધાર પર ઉઘાડા પગે ચાલવા જેવું, અને પ્રબળ વેગથી વાતા વાયુને રોકવા જેવું અતિદુષ્કર છે, તે કાર્ય પણ પરમાત્મસ્વરૂપને પામેલા પરમેષ્ઠિઓના સતત ધ્યાનથી સિદ્ધ થાય છે. માત્ર તેમાં સતત મંડયા રહેવું જોઇએ. કહ્યું છે કે—

" उत्साहान्निश्चयाद् धैर्यात्, संतोषात् सत्त्वदर्शनात् ।
मुनेर्जनपदत्यागात्, षड्भिर्योगः प्रसिध्यति ॥१॥ "

અર્થાત્ મનને વશ કરવારૂપ યોગનું કાર્ય છ પ્રકારે સતત પ્રયત્ન કરવાથી સિદ્ધ થાય છે, તે પ્રકારો નીચે મુજબ છે.

૧-ઉત્સાહાત્-વીર્યોલ્લાસ વધારવાથી.

૨-નિશ્ચયાત્-'આ મારું પરમ કર્તવ્ય છે' એવો એકાગ્ર પરિણામ રાખવાથી.

૩-ધૈર્યાત્-કષ્ટ વખતે પણ સ્થિર રહેવાથી.


૪-સંતોષાત્-આત્મારામતા ધારણ કરવાથી.

૫-તત્ત્વદર્શનાત્-યોગ એ જ તત્ત્વ છે, પરમાર્થ છે, એવો વિચાર કરવાથી.

૬-જનપદત્યાગાત્-ગતાનુગતિક લોકના વ્યવહારનો પરિત્યાગ કરવાથી.

ઉત્સાહાદિ આ છ વસ્તુ વડે યોગ સિદ્ધ થાય છે, આ યોગ એટલે ધ્યાન અથવા એકાગ્રતાનો પરિણામ.

આકાશમાં રહેલા તારાઓ, પૃથ્વી પરની રેતીના કણીયાઓ તથા મેઘમાંથી વર્ષતા વરસાદના બિંદુઓની સંખ્યા ગણવી જેટલી દુષ્કર છે, તેથી પણ અધિક દુષ્કર ચંચળ એવા મનને વશ કરવું તે છે. તો પણ ઉત્સાહાદિ છ હેતુઓ સહિત પ્રયત્ન કરવામાં આવે તો પંચપરમેષ્ઠિઓના ધ્યાન વડે મન વશ થઇ શકે છે અને ધ્યાતા શાંતતા, સ્થિરતા, નિશ્ચળતા, નિર્ભયતા આદિ ગુણોને અનુભવે છે.



ધ્યાનસાધના.

(યોગશાસ્ત્રના આધારે)

मोक्षः कर्मक्षयादेव, स चात्मज्ञानतो भवेत् ।
ध्यानसाध्यं मतं तच्च, तद्ध्यानं हितमात्मनः ।

યોગશાસ્ત્ર પ્રકાશ ૪-૧૧૩

મોક્ષ કર્મક્ષયથી થાય છે, કર્મનો ક્ષય આત્મજ્ઞાનથી થાય છે અને એ આત્મજ્ઞાન ધ્યાનથી સાધ્ય છે.

અહીં એ પણ સમજવું જરૂરી છે કે ધ્યાન માટે પ્રથમ ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત થવી જોઇએ. ચિત્તની એકાગ્રતા માટે ચિત્તની નિર્મળતા અને તે માટે શરીરની શુદ્ધિ આવશ્યક છે.

ચિત્તની નિર્મળતા માટે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવની સાધના જરૂરી છે.

મૈત્રી આદિ ચાર ભાવનાઓ.

મૈત્રી આદિ ચાર ભાવનાનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

વિશ્વમાં કોઇપણ પ્રાણી પાપ ન કરો, કોઇપણ પ્રાણી

દુઃખી ન થાઓ, આખું જગત કર્મબંધનથી મુક્ત થાઓ. આ ભાવનાને મૈત્રી ભાવના કહેવાય છે.

જેમના અજ્ઞાન, રાગ, દ્વેષ આદિ તમામ દોષો દૂર થઇ ગયા છે, અને જેઓ વસ્તુસ્વરૂપનું વાસ્તવિક અવલોકન કરનારા છે, તેવા મહાત્માઓના ગુણોને વિષે પ્રેમ પ્રગટ કરવો તે પ્રમોદ ભાવના કહેવાય છે.

દીન, પીડિત, ભયભીત અને જીવિતને યાચતા પ્રાણીઓના દુઃખોને દૂર કરવાની બુદ્ધિ તે કરુણા ભાવના કહેવાય છે.

નિઃશંકપણે ક્રૂર કર્મો કરનારા, દેવ-ગુરુની નિંદા કરનારા તથા પોતાની પ્રશંસા કરનારા જીવો પ્રત્યે ઉપેક્ષા બુદ્ધિ તે માધ્યસ્થ્ય ભાવના કહેવાય છે. અર્થાત્ જે જીવો કોઇપણ ઉપાયે સુધરી શકે તેવા ન હોય અને તેમને ઉપદેશાદિથી સુધારવા જતાં ઊલટા વધારે દોષવાળા બનતા હોય, તેવા જીવો પ્રત્યે રાગ-દ્વેષ ન રાખતાં ઉપેક્ષા ભાવ રાખવો તે માધ્યસ્થ્ય ભાવના છે.

ધ્યાનની ધારાને અખંડિત રાખવા માટે આ ચાર ભાવનાઓના અભ્યાસની અત્યંત આવશ્યકતા છે. તૂટતા એવા ધ્યાનને સાંધી આપવા માટે તે રસાયણનું કામ કરે છે,

ધ્યાનમાર્ગમાં પ્રગતિ ઇચ્છનારે પોતાના જીવન વ્યવહારમાં ન્યાય, નીતિ, વ્રત, નિયમ, ત્યાગ, વૈરાગ્ય, કષાયજય, ઇન્દ્રિયનિગ્રહ અને મનઃસંયમ આદિ કેળવવાં આવશ્યક છે.

જેમણે ક્રોધાદિ કષાયોને જીતવા પ્રયત્ન કર્યો નથી, ઇન્દ્રિયોને કાબૂમાં લેવાનો અભ્યાસ કેળવ્યો નથી, રાગ દ્વેષને જીતવા, નિર્મમત્વભાવ પ્રાપ્ત કરવા અને સમતાને પ્રગટાવવા પ્રયત્ન કર્યો નથી, તે આત્મા ધ્યાનમાં પ્રગતિ કરી શકતો નથી. એટલા માટે ધ્યાનની સિદ્ધિના ઇચ્છુકે તેની પૂર્વ ભૂમિકાના ઉપરોક્ત સદ્‌ગુણોને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવાની અત્યંત આવશ્યકતા છે.

શરીરશુદ્ધિ

શરીરશુદ્ધિ માટે યથાશક્તિ તપની આવશ્યકતા છે. તથા પ્રમાણોપેત, હિતકારી, પથ્ય અને સાત્ત્વિક આહાર કરવો જરૂરી છે. સાધકને માટે તામસ અને માદક આહાર સર્વથા વર્જ્ય છે.

મોક્ષપુરુષાર્થની શ્રેષ્ઠતા

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાં મોક્ષ ઉત્તમ છે. ઉત્તમ પુરુષો અર્થ અને કામની ભાવનાથી દૂર થઈ મોક્ષને પરમ ધ્યેય બનાવી તેના સાધનરૂપ ધર્મનું આચરણ કરવા સદા તત્પર રહે છે.

મોક્ષનું અનન્ય સાધન ધ્યાન છે, ધ્યાનનો સર્વ આધાર મન ઉપર છે. મનની અવસ્થા જાણ્યા વિના અને તેને ઉચ્ચ સ્થિતિમાં મૂક્યા સિવાય ધ્યાનમાં પ્રગતિ થઇ શકતી નથી.

મનની ચાર અવસ્થા

સામાન્ય રીતે મનની ચાર અવસ્થા ગણાય છે, અનુક્રમે તેનાં નામો (૧) વિક્ષિપ્ત, (૨) યાતાયાત, (૩) શ્લિષ્ટ અને (૪) સુલીન છે. તેનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે છેઃ

કોઇપણ પ્રકારના ધ્યેય વિના જ્યાં ત્યાં પરિભ્રમણ કરતું અસ્થિર મન વિક્ષિપ્ત કહેવાય છે. મનની આ વિક્ષિપ્ત અવસ્થાના કારણે ધ્યાનનો જ્યારે પ્રથમ અભ્યાસ કરવામાં આવે છે. ત્યારે મનમાં અનેક પ્રકારના વિક્ષેપો આવ્યા કરે છે. પરંતુ હિંમત રાખીને વચ્ચે આંતરૂં પાડ્યા સિવાય દરરોજ અમુક નિશ્ચિત કરેલા સમયે દિવસોના દિવસો સુધી ઉત્સાહભેર આદર અને બહુમાનપૂર્વક અભ્યાસ ચાલુ રાખવાથી અંતે મનનું વિક્ષિપ્તપણું ચાલ્યું જાય છે.

આ જાતના નિયમિત અભ્યાસ દ્વારા જ દરેક સાધક પોતાના મનને ઉચ્ચ દશામાં લાવવા સમર્થ બને છે.

વિક્ષિપ્ત દશા ઓળંગ્યા પછી મનની બીજી દશા '**યાતાયાત**' નામની આવે છે. યાતાયાત એટલે જવું અને આવવું. આ અવસ્થામાં ક્ષણ વાર મન ધ્યેયગત વિષયમાં સ્થિર રહે છે અને વળી પાછું ક્ષણ વાર પછી વિકલ્પોવાળું બને છે.

પ્રથમની વિક્ષિપ્ત દશા કરતાં મનની આ યાતાયાત અવસ્થા સારી છે. કારણ કે આ અવસ્થામાં જેટલી વાર અને જેટલો સમય મન ધ્યેયગત વિષયમાં સ્થિર થયું

હોય છે, તેટલી વાર અને તેટલો સમય તે આનંદ સહિત હોય છે.

વિક્ષિપ્ત અને યાતાયાત આ બે પ્રકારનાં મન પ્રથમ અભ્યાસીને હોય છે અને તે વિકલ્પપૂર્વક બાહ્ય વિષયોને ગ્રહણ કરે છે.

મનની ત્રીજી અવસ્થા 'શ્લિષ્ટ' નામની છે. તે અવસ્થામાં મનની ધ્યેયગત વિષયમાં સ્થિરતા હોવાથી મન સદા આનંદવાળું હોય છે.

મનની ચોથી અવસ્થા 'સુલીન' નામની છે, તે અવસ્થામાં મન ધ્યેયગત વિષયમાં અત્યંત સ્થિર હોય છે અને તેથી પરમાનંદથી યુક્ત હોય છે.

શ્લિષ્ટ અને સુલીન આ બંને પ્રકારનું મન માત્ર ચિત્ત-ગત ધ્યેયરૂપે રહેલા વિષયોને ગ્રહણ કરે છે, પરંતુ બાહ્ય વિષયોને ગ્રહણ કરતાં નથી. આ બંનેમાં ફરક માત્ર એટલો જ છે કે ત્રીજી અવસ્થા કરતાં ચોથી અવસ્થામાં મન ધ્યેયગત વિષયોમાં અત્યંત નિશ્ચલ થાય છે અને તેથી આનંદ પણ અલૌકિક થાય છે.

નિયમ એવો છે કે મનની ધ્યેયગત વિષયમાં જેટલી અધિક સ્થિરતા હોય છે તેટલો આનંદ પણ અધિક હોય છે.

આ રીતે વારંવાર ધ્યાન કરવાથી નિરાલંબન ધ્યાન પ્રાપ્ત થાય છે. અને ત્યારપછી અંતે સમરસ ભાવની (પરમાત્માની સાથે એકાકારતાની) પ્રાપ્તિ થાય છે.

ધ્યાન કરવાની રીત.

બાહ્યાત્મભાવનો ત્યાગ કરી, પ્રસન્નતાયુક્ત, અંતરાત્મા વડે પરમાત્મામાં તન્મય થવા માટે સાધકે નિરંતર પરમાત્મ ભાવનું ચિંતન કરવું.

બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

બહિરાત્મભાવ.

'શરીર, ધન, કુટુંબ, પરિવાર આદિ હું છું' એ રીતે શરીરાદિને આત્મબુદ્ધિથી ગ્રહણ કરવાં તે બાહ્યાત્મભાવ છે.

અંતરાત્મભાવ.

આ બાહ્યાત્મભાવનો ત્યાગ કરી હું ચૈતન્ય લક્ષણવાળો આત્મા છું, શરીરાદિનો અધિષ્ઠાતા છું એ રીતે આત્માને શરીરાદિ જડ પદાર્થોથી જુદો માનવો તે અંતરાત્મભાવ છે.

પરમાત્મભાવ.

પરમાત્મભાવ એ જ્ઞાનસ્વરૂપ છે, આનંદમય છે, સમગ્ર ઉપાધિથી રહિત છે, પવિત્રતમ છે, ઇન્દ્રિયોને અગોચર છે અને અનંત અનંત ગુણોનું તે ભાજન છે.

આત્માને શરીરાદિથી જુદો જાણવો અને શરીરાદિને આત્માથી જુદાં જાણવાં. એ પ્રમાણે આત્મા અને શરીરાદિનો ભેદ જાણનાર સાધક ધ્યાનમાં સ્ખલના પામતો નથી.

આ રીતે તત્ત્વનિશ્ચય કરી સાધકે પ્રથમ મન, વચન,

કાયાની ચપળતાનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો. પછી રસથી ભરેલા વાસણની માફક પોતાના આત્માને પ્રશાંત અને નિશ્ચલપણે ધારણ કરવો.

પ્રશસ્ત સ્થાનમાં સુખાસનને બેસવું.*

દૃષ્ટિને નાસિકાના અગ્ર ભાગ ઉપર એટલે કે બે ભવાંની વચ્ચે ભ્રૂકુટિ મધ્યમાં સ્થાપન કરવી. પગના અંગુઠાથી માંડી મસ્તકના અગ્ર ભાગ સુધીના શરીરનાં બધાં અવયવો શિથિલ-ઢીલા-પ્રયત્ન વિનાના કરવાં. અર્થાત્ શરીરમાં કયાંય તનાવ -ખેંચાણ ન રહેવું જોઇએ. મનને પ્રસન્નતાયુક્ત કરી તેને ઇન્દ્રિયોના વિષયમાંથી રાગ-દ્વેષ રહિત બનાવવું, તદ્દન તટસ્થ, જ્ઞાતા-દૃષ્ટા ભાવવાળા બની સર્વત્ર સમતાભાવને ધારણ કરી 'સોડહં' 'સોડહં'—'જે પરમાત્મા છે, તે જ હું છુ' 'જે પરમાત્મા છે, તે જ હું છું'—એ રીતે પરમાત્માની સાથે એકતાર બની પરમાત્મામાં મનને વિલીન કરવું. આ જાતિના વારંવારના અભ્યાસથી સાધક પરમાત્માની સાથે તન્મયપણું પ્રાપ્ત કરે છે.

પરમાત્માની સાથે આત્માનું આવું તન્મયપણું પ્રાપ્ત કરવું એ જ યોગનો અંતિમ આદર્શ છે. તે દ્વારા આત્મા આનંદની પરમ સીમા સુધી પહોંચી શકે છે અને તેથી જ પરમાત્મપણું પ્રાપ્ત કરવા માટે ધ્યાનને અનન્ય સાધન કહેવામાં આવ્યું છે.

---

* સ્થાન, આસન તથા દિશા આદિના જે જે નિયમો "જપ સાધનામાં" આપવામાં આવ્યા છે તે બધાં અહીં પણ જરૂરના છે.

ધ્યાનનો પ્રભાવ.

("ધ્યાન શતક" અને "અધ્યાત્મસાર"ના આધારે)

શ્રી વિશેષાવશ્યક મહાભાષ્યના પ્રણેતા પરમોપકારી સૂરિપુરંદર શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ 'ધ્યાનશતક' નામના ગ્રન્થરત્નમાં ધ્યાનનો પ્રભાવ વર્ણવતાં ફરમાવે છે કે, 'જલથી જેમ મલ, અગ્નિથી જેમ કલંક અને સૂર્યથી જેમ પંક શોષાય છે,—શુદ્ધ થાય છે, તેમ ધ્યાનરૂપી જલથી કર્મરૂપી મલ, ધ્યાનરૂપી અગ્નિથી કર્મરૂપી કલંક અને ધ્યાનરૂપી સૂર્યથી કર્મરૂપી પંક શોષાય છે, શુદ્ધ થાય છે. વળી ભોજન નહિ કરવાથી અથવા વિરેચન લેવાથી રોગના કારણોની ચિકિત્સા થાય છે અને રોગાશય શમે છે, તેમ ધ્યાનવૃદ્ધિના હેતુભૂત અનશનાદિ બાહ્ય અને પ્રાયશ્ચિતાદિ અભ્યંતર તપ વડે કર્મ-રોગની ચિકિત્સા થાય છે અને કર્માશયો શમે છે. વલી ચિરસંચિત ઇંધન જેમ પવન સહિત અગ્નિવડે શિઘ્ર ભસ્મીભૂત થાય છે, તેમ તપરૂપી પવન સહિત ધ્યાનરૂપી અગ્નિવડે અનેક ભવોમાં ઉપાર્જેલાં અનંત કર્મરૂપી ઇંધનો ભસ્મીભૂત થાય છે. અહીં કર્મ એજ દુઃખરૂપી તાપના

હેતુભૂત હોવાથી ઈન્ધનની ઉપમાને યોગ્ય છે, વળી પવનથી હણાયેલા ઘણા મેઘો પણ જેમ વિલયને પામે છે, તેમ ધ્યાનરૂપી પવનથી આહત થયેલાં ઘન–ઘણા ચીકણાં કર્મ-રૂપી મેઘો પણ ક્ષણવારમાં વિલયને પામે છે, અહીં જીવ સ્વભાવને આવરણ કરનાર હોવાથી કર્મને ઘનની–વાદળાંની ઉપમા બરાબર લાગુ પડે છે, વળી ધ્યાનયુક્ત ચિત્ત ઈર્ષ્યા, વિષાદ, શોક, દૈન્ય, વિકલતા વિગેરે માનસતાપથી બાધિત થતું નથી. ધ્યાનના પ્રભાવે હર્ષ, મત્સર, ક્રોધ, લોભ, કામ, કષાય વિગેરે માનસિક વિકારો પીડાકારક થતા નથી, તથા ધ્યાનથી અતિનિશ્ચલ બનેલા ચિત્તને વિષે ટાઢ, તાપ, ભૂખ, તૃષા વિગેરે શારીરિક પીડાઓ પણ બાધાકારક થતી નથી. એ કારણે સર્વ ગુણોનું સ્થાન સર્વ દૃશ્ય–અદૃશ્ય સુખોનું કારણ અને સર્વ આપત્તિઓનું નિવારણ કરનાર સુપ્રશસ્ત-ધ્યાન નિરંતર શ્રધ્ધેય–શ્રદ્ધા કરવા લાયક, જ્ઞેય–જ્ઞાન કરવા લાયક અને ધ્યેય–ધ્યાન કરવા લાયક છે ધ્યાનના સ્વરૂપનું જ્ઞાન, ધ્યાનના ફલની શ્રદ્ધા અને ધ્યાનની ક્રિયાનું આચરણ અનંત કર્મનિર્જરા કરાવનાર હોવાથી સદા–સર્વદા કરવા લાયક છે.

શંકા:–આથી ધ્યાનને છોડીને બીજી બધી ક્રિયાઓનો લોપ નહિ થાય ?

સમાધાનઃ–ના. કારણ કે શ્રી જિનશાસનમાં ધર્મની એવી કોઇ ક્રિયા નથી કે જેનાથી ધ્યાન ન થતું હોય. વસ્તુતઃ જેમાં ત્રણે યોગોની એકાગ્રતા થાય છે, એવી

શાસ્ત્રોક્ત ક્રિયાઓનું આસેવન એજ તત્ત્વથી ધ્યાન છે. મોક્ષનો પ્રધાન હેતુ સંવર (આવતા કર્મનું રોકાણ) અને નિર્જરા (પૂર્વનાં કર્મોનો ક્ષય) છે. સંવર અને નિર્જરાનો હેતુ ધ્યાન છે અને એ ધ્યાનની સાધક પ્રશસ્ત ક્રિયાઓ અને ધ્યેય-ધ્યાન કરવા લાયક અને સાક્ષાત્ એથી ઉપજતું સુપ્રશસ્ત ધ્યાન એજ મોક્ષનું કારણ-સાધન છે, અને મોક્ષ ન મળે ત્યાં સુધી એ સાધનનું સેવન છોડવા લાયક નથી.

એ રીતે જીવરૂપી વસ્ત્ર ઉપર ચઢેલ કર્મરૂપી મેલને ધોવાનું સાધન ધ્યાનરૂપી જલ છે. જીવરૂપી સોનામાં રહેલ કર્મરૂપી કલંકને બાળવાનું સાધન ધ્યાનરૂપી અનલ છે, તથા જીવરૂપી કાદવવાળી ભૂમિમાં રહેલ કર્મરૂપી કીચડને સુકવવાનું સાધન ધ્યાનરૂપી સૂર્ય છે, તથા ચિરસંચિત કર્મેન્ધનને દગ્ધ કરનાર અગ્નિ અને શુભાશુભ કર્મરૂપી વાદળાની ઘટાઓને વિખેરી નાંખનાર પવન પણ તે ધ્યાન જ છે. શીતોષ્ણાદિ શારીરિક દુઃખો અને ઇર્ષ્યા-વિષાદાદિ માનસિક પીડાઓનું નિવારણ કરવા માટેનું ઔષધ તથા કર્મ રોગને હઠાવવા માટેનું વિરેચન પણ તેજ છે.

વળી પુણ્યાનુબંધી પુણ્યના ફલસ્વરૂપ દેવગતિ સંબંધી વિપુલ સુખો, સુકુલમાં જન્મ, બોધિલાભ, ધર્મસામગ્રી, પ્રવ્રજ્યા, ઉત્તમ ગુરુ, ઉત્તમ ગચ્છ, શુદ્ધ સંયમ, કેવલજ્ઞાન, શૈલેશીકરણ અને અન્તે અપવર્ગ વગેરે ઉત્તરોત્તર શુભાનુબન્ધી સુખોની પ્રાપ્તિ ધ્યાનના પ્રભાવે થાય છે.

ગ્રન્થકાર મહર્ષિ અન્તમાં જણાવે છે કે, ત્રણ ભુવનને વિષય કરનાર મનને એક અણુને વિષે સ્થિર કરી ધ્યાનયોગી અંતે મન રહિત થાય છે. જેમ સર્વ શરીરને વિષે વ્યાપી રહેલું વિષ મંત્ર વડે 'દંશ' દેશની અંદર લાવી પ્રધાનતર મંત્ર અને ઔષધવડે દૂર કરાય છે. તેમ મનરૂપી વિષને જિનવચન ધ્યાનના સામર્થ્યથી પરમાણુ દેશની અંદર લાવી, યોગી અચિન્ત્ય પ્રયત્નથી દૂર કરે છે, અથવા ઈન્ધન સમુદાયને ક્રમશઃ દૂર કરવાથી, સ્તોક ઇન્ધનથી અવશેષ રહેલો અગ્નિ જેમ આપોઆપ બુઝાઇ જાય છે, તેમ વિષય-ઇન્ધનથી મન-હુતાશનને ક્રમશઃ દૂર કરી અંતે સર્વથા નાબુદ કરાય છે. અથવા જેમ તપાવેલ લોઢાના ભાજન ઉપર રહેલું પાણીનું બિન્દુ અનુક્રમે વિલીન થાય છે, તેમ અપ્રમાદરૂપી અગ્નિથી તપ્ત થયેલા જીવરૂપી ભાજન ઉપર રહેલું મનરૂપી જલ પણ શોષાઇ જાય છે. અહીં ભવ મરણ (વારંવાર મરણ)ના કારણભૂત હોવાથી મનને વિષની ઉપમા આપેલી છે, તથા દુઃખરૂપી દાહના કારણભૂત હોવાથી તેજ મનને ફરીથી અગ્નિની ઉપમા આપેલી છે.

ધ્યાન માટે દેશ કાળ અને અધિકારી

પરમોપકારી પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ અધ્યાત્મસાર નામના ગ્રન્થરત્નના ધ્યાનાધિકારમાં ફરમાવે છે કે—

स्त्रीपशुक्लीबदुःशीलवर्जितस्थानमागमे ।
सदा यतीनामाज्ञप्तं, ध्यानकाले विशेषतः ॥१॥

સ્ત્રી, પશુ, નપુંસક અને દુરાચારીઓથી વર્જિત એવા સ્થાનમાં વસવા માટે સદા મુનિઓને આગમમાં ફરમાવ્યું છે. અને ધ્યાનકાલે તો વિશેષે કરીને તેમ કરવા ફરમાવ્યું છે. ૧

स्थिरयोगस्य तु ग्रामेऽविशेषः कानने वने ।
तेन यत्र समाधानं, स देशो ध्यायतो मतः ॥२॥

સ્થિર યોગીને તો ગામ, જંગલ કે વનમાં કાંઇ તફાવત નથી, તે કારણે જે સ્થાનમાં ચિત્તનું સમાધાન રહે, તે સ્થાન ધ્યાન કરનારને માટે યોગ્ય માનેલું છે. ૨

ધ્યાન યોગ્ય કાળનું વર્ણન કરતાં ફરમાવે છે કે—

यत्र योगसमाधानं, कालोऽपीष्टः स एव हि ।
दिनरात्रिक्षणादीनां, ध्यानिनो नियमस्तु न ॥३॥

જે કાળે મન, વચન, કાયાના પ્રશ્નોનું સમાધાન હોય, તે કાળ ધ્યાન કરવા માટે યોગ્ય છે, એ માટે દિવસ, રાત કે અમુક ક્ષણોનો નિયમ ધ્યાન કરનારને નથી. ૩

यैवाऽवस्था जिता जातु न स्याद् ध्यानोपघातिनी ।
तथा ध्यायेन्निषण्णो वा स्थितो वा शयीतोऽथवा ॥४॥

જે કોઇ અવસ્થા ધ્યાનનો ઉપઘાત કરનારી ન હોય, તે અવસ્થાવડે બેઠેલો, ઉભેલો કે સુતેલો ધ્યાન કરે. ૪

सर्वासु मुनयो देशकालाऽवस्थासु केवलम् ।
प्राप्तास्तन्नियमो नासां, नियता योगसुस्थता ॥५॥

સર્વ દેશ, સર્વ કાળ અને સર્વ અવસ્થાઓમાં મુનિઓ કેવળજ્ઞાનને પામ્યા છે, તેથી તેને વિષે નિયમ નથી (માત્ર) મન, વચન, કાયાના યોગની સ્વસ્થતા એ નિયત છે. ૫

ધર્મધ્યાનના અધિકારીનું વર્ણન કરતાં તે જ ગ્રન્થ-રત્નમાં ફરમાવ્યું છે કે,

मनसश्चेन्द्रियाणां च, जयाद्यो निर्विकारधीः ।
धर्मध्यानस्य स ध्याता, शान्तो दान्तः प्रकीर्तितः ॥६॥

મન અને ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવાથી જેની બુદ્ધિ નિર્વિકાર થયેલી છે, એવો શાન્ત અને દાન્ત ગુણ-વાળો ધ્યાતા ધર્મધ્યાનનો અધિકારી છે. ૬

परैरपि यदिष्टं च, स्थितप्रज्ञस्य लक्षणम् ।
घटते ह्यत्र तत्सर्वं, तथा चेदं व्यवस्थितम् ॥७॥

બીજાઓએ પણ સ્થિતપ્રજ્ઞનું જે લક્ષણ સ્વીકારેલું છે, તે બધું અહીં ઘટે છે અને તે આ પ્રમાણે છે. ૭

प्रजहाति यदा कामान्, सर्वान् पार्थ! मनोगतान् ।
आत्मन्येवाऽऽत्मना तुष्टः, स्थितप्रज्ञस्तदोच्यते ॥१॥

दुःखेष्वनुद्विग्नमनाः, सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः, स्थितधीर्मुनिरुच्यते ॥२॥

यः सर्वत्राऽनभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशयम् ।
नाऽभिनन्दति न द्वेष्टि, तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥३॥

यदा संहरते चाऽयं, कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रीयार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥४॥

હે પાર્થ! મનોગત સર્વ કામનાઓનો જ્યારે ત્યાગ કરે છે અને આત્મા વડે આત્માને વિષે જ તુષ્ટ થાય છે, ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. દુઃખોને વિષે ઉદ્વેગ રહિત, સુખોને વિષે સ્પૃહા રહિત તથા રાગ, ભય અને ક્રોધ રહિત થયેલો મુનિ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. જે સર્વત્ર મમત્વ રહિત છે અને તે તે શુભાશુભ પામીને હર્ષ-શોક ધારણ કરતો નથી, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે. કાચબો જેમ પોતાના અંગોને સર્વ બાજુથી સંકોચી લે છે, તેમ ઇન્દ્રિયોના વિષયથી ઇન્દ્રિયોને સંકોચી લે છે, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત-સ્થિર થયેલી છે. ૧-૨-૩-૪.

शान्तो दान्तो भवेदीदृग्, आत्मारामतया स्थितः ।
सिद्धस्य हि स्वभावो यः, सैव साधकयोग्यता ॥५॥

આ રીતે શાન્ત, દાન્ત અને આત્મારામપણે રહેલ યોગી ધ્યાનનો અધિકારી છે. સિદ્ધનો જે સ્વભાવ, તે જ સાધકની યોગ્યતા છે. ૫

મોક્ષપ્રાપ્તિનો સાચો ઉપાય

(જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષઃ)

આત્માની શુદ્ધ અવસ્થા તે મોક્ષ છે. અને અશુદ્ધ અવસ્થા એ સંસાર છે. અશુદ્ધ અવસ્થામાં રહેલો જીવ શુદ્ધ અવસ્થાની પ્રાપ્તિ કેવી રીતે કરી શકે, અર્થાત્ તેનો ઉપાય શું ? એ બતાવવા માટે શાસ્ત્રકારોએ " જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષઃ । " એ સૂત્રની રચના કરી છે. જીવનો મોક્ષ એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી નથી, પણ એ બેના સંયોગથી જ છે. એ વાતને આ સૂત્ર સંક્ષેપથી જણાવે છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો એમ કહી શકાય કે ક્રિયા નિરપેક્ષ જ્ઞાન, એ જ્ઞાન જ નથી. સાચું જ્ઞાન, ક્રિયા સહિત જ હોય છે અને સાચી ક્રિયા, જ્ઞાનપૂર્વક જ થાય છે, એ રીતે ક્રિયા અને જ્ઞાન, જલ અને તેના રસની જેમ પરસ્પર મળેલાં જ હોય છે. જલ અને તેનો રસ એ જેમ જુદાં પાડી શકાતા નથી, તેમ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ક્રિયા પણ એક બીજાથી જુદી પાડી શકાતી નથી. દારિદ્રયથી હણાયેલો પુરુષ જો ચિંતામણિના સ્વરૂપને જાણનારો હોય, તો તેની પ્રાપ્તિના ઉપાયને છોડીને બીજી પ્રવૃત્તિ કરી શકે નહિ અને જો કરે તો તે ચિંતામણિના સ્વરૂપને જાણનારો છે એમ કહી શકાય નહિ. તેમ અશુદ્ધ અવસ્થામાં રહેલો જીવ

અશુદ્ધ અવસ્થાનાં દુઃખને અને શુદ્ધ અવસ્થાનાં સુખને બરોબર જાણતો હોય, તો અશુદ્ધ અવસ્થા ટાળીને શુદ્ધ અવસ્થા મેળવવાનાં ઉપાયમાં પ્રવૃત્તિ કર્યા સિવાય રહી શકે જ નહિ. એ ઉપાયનું નામ જ ક્રિયા છે. તથા શુદ્ધ અને અશુદ્ધ અવસ્થાના સ્વરૂપનું સાચું ભાન તેનું નામ જ જ્ઞાન છે.

આત્માની શક્તિઓનો એક સરખો વિકાસ સાધ્યા વગર કોઇપણ ફળ પ્રાપ્ત કરી શકાય નહિ. એની શક્તિઓ મુખ્ય બે છે. એક ચેતના અને બીજું વીર્ય. એ બન્ને શક્તિઓ પરસ્પર એવી સંકળાયેલી છે કે એકના વિના બીજાનો વિકાસ અધુરો જ રહી જાય છે, જેથી બન્ને શક્તિઓ સાથે જ આવશ્યક છે. ચેતનાનો વિકાસ એટલે જ્ઞાન મેળવવું અને વીર્યનો વિકાસ એટલે જ્ઞાન પ્રમાણે જીવન ઘડવું. તાત્પર્ય એ છે કે જ્ઞાન એ ચેતનાની વિશુદ્ધિ રૂપ છે અને ક્રિયા એ વીર્યની વિશુદ્ધિ રૂપ છે. જ્યારે ચેતના અને વીર્ય એ બન્નેની સંપૂર્ણ વિશુદ્ધિ થાય છે, ત્યારે જ સર્વસંવરરૂપ મોક્ષ થાય છે. એ રીતે જ્ઞાન અને ક્રિયા એ બન્નેના સુમેળથી મોક્ષ થાય છે. તે બન્નેમાંથી એકનો પણ નિષેધ કરનાર મોક્ષનો સાધક થઈ શકતો નથી. જ્ઞાન અને ક્રિયા એ બન્ને જીવનના છેડાઓ છે, તે છુટા છુટા હોય ત્યાં સુધી કાર્યસાધક ન બને પણ એ બન્ને છેડાઓ સાથે ગોઠવાય તો જ ફળસાધક બને.

શાસ્ત્રમાં એ માટે અંધપંગુનું એક પ્રસિદ્ધ દૃષ્ટાંત છે,

એક ગામમાં આગ લાગવાથી ગામના બીજા બધા માણસો તો પોતાનો જીવ બચાવવા માટે ભાગી ગયા પણ એક આંધળો હતો, તે આંખે નહિ દેખવાથી અને એક પાંગળો હતો, તે દેખાવા છતાં પણ પગ નહિ હોવાથી તે બન્ને આગનું સ્થાન છોડી શકયા નહિ અને આગમાં બળીને ભસ્મીભૂત થઇ ગયા. જો તેઓ પરસ્પર મલી ગયા હોત અને આંધળાએ પાંગળાની આંખની અને પાંગળાએ આંધળાના પગની મદદ લીધી હોત તો બન્ને બચી શકયા હોત. આ દૃષ્ટાન્તનો ઉપનય એ છે કે ક્રિયા વગરનું જ્ઞાન પાંગળું છે અને જ્ઞાન વિનાની ક્રિયા આંધળી છે. એ બેનો પરસ્પર સંયોગ ન થાય અર્થાત્ બન્ને પરસ્પર સાપેક્ષ ન બને તો બન્નેનો નાશ થાય. અર્થાત્ એકલા ક્રિયાવાન કે એકલા જ્ઞાનવાનનો આ સંસારરૂપી આગમાં નાશ થયા વિના રહે નહિ.

વસ્તુસ્થિતિ આમ હોવા છતાં એકલા જ્ઞાનનો કે એકલી ક્રિયાનો પક્ષપાત જીવને શાથી થાય છે ? તેના પણ કારણો છે અને તે એ છે કે શાસ્ત્રોમાં જ્ઞાનનો મહિમા ગાતી વખતે ક્રિયાની તુચ્છતા બતાવી હોય છે અને ક્રિયાનો મહિમા ગાતી વખતે જ્ઞાનની નિઃસારતા વર્ણવી હોય છે. અશુદ્ધ જીવમાં અનાદિની અશુદ્ધતાના કારણે બે દોષો ઘર કરી ગયા હોય છે, એક તો શુભ ક્રિયામાં આળસ અને અશુભ ક્રિયામાં ઉત્સાહ તથા બીજો દોષ આત્મસ્વરૂપનું અજ્ઞાન અને પરસ્વરૂપમાં આત્મસ્વરૂપનો ભ્રમ. આ બે દોષો

જીવમાં એવા જડ ઘાલીને બેઠા હોય છે કે, તે જ્યારે જ્ઞાનનો મહિમા સાંભળે છે, ત્યારે ક્રિયામાં આળસુ બની જાય છે અને જ્યારે ક્રિયાનો મહિમા સાંભળે છે ત્યારે જ્ઞાન પ્રત્યે ઉપેક્ષાભાવવાળો બની જાય છે. જીવનની આવી અશુદ્ધ દશામાં જ્યારે તેને જેવા ઉપદેશનો સંયોગ મળે છે, ત્યારે તે તેવા દોષવાળો બની જાય છે. એવી દશામાં તેની શુદ્ધિ થવી તો દૂર રહી જાય છે, કિન્તુ અનાદિકાળથી લાગેલા એક યા બીજા દોષની અધિક ને અધિક પુષ્ટિ થવાથી વધારે ને વધારે અશુદ્ધ થતો જાય છે. જ્યારે તેને શુદ્ધ ઉપદેશક ગુરુ મળે અને બેમાંથી એક પણ દોષ પુષ્ટ ન થઈ જાય. તેવી સાવધાનીપૂર્વક ઉપદેશ આપે, ત્યારે તે જો સચેતન હોય તો જ્ઞાન અને ક્રિયા ઉભયની સાધના કરનારો થાય અને અશુદ્ધિનો નાશ કરી શુદ્ધ દશાને પામી શકે.

જ્ઞાન અને ક્રિયા એ બેના સુમેળથી જ મુક્તિ થાય છે એ વાત સમજવા માટે નીચેના સિદ્ધાંતસારગર્ભિત વાકયો પણ આત્માર્થી જીવને ખૂબ ઉપયોગી હોવાથી અહીં રજુ કરીએ છીએ.

જેઓ મોક્ષને પામ્યા છે, પામે છે અને પામશે, તે સર્વ મુમુક્ષુઓ પ્રથમ શુદ્ધ વ્યવહારનું આલંબન લઈને પછી નિશ્ચયના આશ્રય વડે પામ્યા છે. શુદ્ધ વ્યવહાર વિના નિશ્ચયની ઉત્પત્તિ હોતી નથી.

વ્યવહાર રત્નત્રયીથી નિશ્ચય રત્નત્રયી પ્રગટ થાય છે. આ રત્નત્રયી (જ્ઞાન–દર્શન–ચારિત્ર) વિના કોઈને કોઈપણ

કાળે પોતાના પરમ શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ થતી નથી, એવો જ્ઞાનિઓનો દૃઢ નિશ્ચય છે.

સંયમઆચરણરૂપ ચારિત્ર એ વ્યવહારરૂપ છે અને સ્વરૂપઆચરણરૂપ ચારિત્ર એ નિશ્ચયરૂપ છે. સંયમ-આચરણ ચારિત્ર વિના કેવળ સ્વરૂપાચરણ ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. સ્વરૂપાચરણ ચારિત્ર કેવળ અપ્રમત્તાદિ ગુણ ઠાણેજ હોય છે.

સર્વ નયનો આશ્રય કરનારા મહાત્માઓ એકાંત નિશ્ચયમાં ખેંચાતા નથી, વ્યવહારને તજી દેતા નથી. જ્ઞાનને સર્વોત્કૃષ્ટ માનીને સ્વીકારે છે પણ ક્રિયાનો અનાદર કરતા નથી, ઉત્સ-ર્ગને આદરે છે પણ અપવાદ ભૂલી જતા નથી. ભાવમાં તત્પર રહે છે પણ દ્રવ્યનું નિમિત્તપણું યાદ રાખે છે, એવી રીતે સાપેક્ષપણે અહર્નિશ વર્તન કરે છે.

નિશ્ચયમાં જ લીન થયેલા મહાત્માઓને જે ક્રિયાઓ અતિ પ્રયોજનવાલી નથી, તેજ ક્રિયાઓ વ્યવહારમાં રહેલાને અતિ ગુણકારી છે. પાંચમા અને છઠ્ઠા ગુણઠાણે વ્યવહારની મુખ્યતા છે અને નિશ્ચયની ગૌણતા છે, જ્યારે અપ્રમત્ત આદિ સાતમા ગુણસ્થાનકથી નિશ્ચયની મુખ્યતા છે.

વ્યવહારનયને જાણ્યા કે આદર્યા વિના નિશ્ચયનય આદરવાની ઈચ્છા કરવી એ અનુપયોગી છે. શુદ્ધ વ્યવહારમાં પ્રવીણતા પ્રાપ્ત કર્યા વિના સાચા નિશ્ચયની કદી પણ પ્રાપ્તિ થતી નથી.

હંમેશાં અસદ્વારંભમાં રહેલાઓને વ્યવહાર ક્રિયા ખૂબજ ઉપયોગી છે. વૃત્તિઓમાં રહેલી સ્થૂલ મલિનતાઓને ઉત્તમ વ્યવહારવાળા દાન, દયા, તપ, જપ, વંદન, પૂજન, પ્રતિક્રમણ આદિ ક્રિયાઓથી દૂર કરી શકાય છે, જ્યારે મનમાં રહેલી સૂક્ષ્મ મલિનતાને વિવેકદૃષ્ટિવાળા વિચારથી વિશુદ્ધ કરી શકાય છે.

ક્રિયામાર્ગમાં પ્રવેશ કરનાર મનુષ્યને પોતાના મન, વચન અને કાયાને વ્રત, તપ, જપ આદિ યમ-નિયમોમાં અહર્નિશ પ્રવર્તાવવા પડે છે અને જ્ઞાનમાર્ગમાં પ્રવેશ કરનાર મનુષ્યને ક્રિયામાર્ગમાં દૃઢતા થયા પછી અહોનિશ આત્મોપયોગમાં તત્પર રહેવું પડે છે.

જે ભૂમિકામાં જે ઘટે નહિ તે જીવ કરે તો તે ભૂમિકાનો સહેજે ત્યાગ થાય છે.

સિદ્ધાંતમાં જ્યાં નિશ્ચયધર્મનું વર્ણન છે, ત્યાં નિશ્ચય-ધર્મનો આદર કરવા માટે છે પણ વ્યવહારધર્મના ખંડન માટે નથી, તેમ વ્યવહારધર્મનુ વર્ણન છે ત્યાં વ્યવહાર-ધર્મના આદર માટે છે પણ નિશ્ચયધર્મના ખંડન માટે નથી. વ્યવહાર અને નિશ્ચયની ગૌણતા-મુખ્યતા પ્રત્યેક જીવના અધિકાર પ્રમાણે જાણવી. સાપેક્ષબુદ્ધિએ સર્વ સત્ય છે.

સમાધિયોગ ઉપર ચઢવાની ઇચ્છાવાળા સાધકને બાહ્ય ક્રિયાની જરૂર રહે છે અને યોગરૂપ ગિરિશિખર ઉપર ચઢેલો પુરૂષ કેવળ શમથી શુદ્ધ થાય છે.

વ્યવહાર અને નિશ્ચય એ બન્ને નયોને ગૌણ-મુખ્ય રાખી પ્રવૃત્તિ કરતાં વસ્તુનો યથાર્થ બોધ થાય છે. જે વખતે વ્યવહારની મુખ્યતા હોય, તે વખતે નિશ્ચયની ગૌણતા હોય અને જે વખતે નિશ્ચયની મુખ્યતા હોય તે વખતે વ્યવહારની ગૌણતા હોય. આમ બન્ને નયદૃષ્ટિઓમાં જ્યારે જેની જરૂરીયાત હોય ત્યારે તેનો ઉપયોગ બીજી દૃષ્ટિનો તિરસ્કાર ન કરતાં સમભાવની દૃષ્ટિએ કરવામાં આવે તો વસ્તુતત્ત્વનો યથાર્થ અનુભવ થાય છે.

સમ્યગ્જ્ઞાનવાળા, ક્રિયાને વિષે તત્પર, ઉપશમવાળા જ્ઞાનાદિ ગુણોવડે ભાવિતાત્મા, અને જેઓ જિતેન્દ્રિય છે તેઓ પોતે સંસારસમુદ્રથી તરેલા છે અને તેઓ બીજાને પણ તારવાને સમર્થ બને છે.

ક્રિયા રહિત એકલું જ્ઞાન અનર્થક-મોક્ષરૂપ ફળ સાધવાને અસમર્થ છે. માર્ગનો જાણનાર પણ ગમનક્રિયા કર્યા સિવાય ઇચ્છિત નગરે પહોંચી શકતો નથી.

જેમ દીવો પોતે સ્વપ્રકાશરૂપ છે, તો પણ તેલ પૂરવા વિગેરે ક્રિયાની અપેક્ષા રાખે છે, તેમ પૂર્ણજ્ઞાની પણ અવસરે સ્વભાવરૂપ કાર્યને અનુકૂલ ક્રિયાની અપેક્ષા રાખે છે.

'આ ક્રિયા તો બાહ્ય ભાવ છે,' એ રીતે બાહ્ય ક્રિયાના ભાવને આગળ કરીને જેઓ વ્યવહારથી ક્રિયાનો નિષેધ કરે છે, તેઓ મુખમાં કોળીઓ નાખ્યા સિવાય તૃપ્તિને ઇચ્છે છે.

અધિક ગુણવંતોનું બહુમાન, પાપની જુગુપ્સા, અતિચારની આલોચના, વ્રતમાં લાગેલા દોષની ગર્હા, દેવ-ગુરુની ભક્તિ અને ઉત્તરગુણની શ્રદ્ધા તથા લીધેલા નિયમોને હંમેશાં સંભારવા," આ બધા કારણો વડે શુભ ક્રિયા અત્યંત ગુણ કરનારી છે, તેનાથી ઉત્પન્ન થયેલા ભાવનો નાશ થતો નથી અને નહિ ઉત્પન્ન થયેલા ભાવને પણ શુભ ક્રિયા ઉત્પન્ન કરે છે.

ક્ષાયોપશમિક ભાવે વર્તતાં તપ, સંયમ અનુકૂલ જે ક્રિયા કરાય છે, તે ક્રિયાવડે શુભ ભાવથી પડી ગયેલાને પણ તે ભાવની ફરીથી વૃદ્ધિ થાય છે. તે હેતુથી ગુણની વૃદ્ધિ કરવા માટે અથવા ગુણથી પડી ન જવાય તે માટે ક્રિયા કરવી જરૂરી છે. એક સંયમસ્થાન તો માત્ર કેવલજ્ઞાનીને જ સ્થિર રહે છે.

ભવ્ય જીવ વચનાનુષ્ઠાનથી નિર્વિકલ્પ સમાધિરૂપ અસંગ ક્રિયાની યોગ્યતાને પ્રાપ્ત થાય છે અને તે અસંગ ક્રિયા આ જ્ઞાન અને ક્રિયાની અભેદભૂમિકા છે. કારણ કે અસંગ ભાવરૂપ ક્રિયા શુભ ઉપયોગ અને શુદ્ધ વીર્યોલ્લાસની સાથે તન્મયતા ધારણ કરે છે. વળી તે સ્વાભાવિક આનંદરૂપ અમૃતરસથી ભીંજાયેલી છે.

પોતાના શુદ્ધ આત્માને મૂકીને કોઇ સ્થળે, કોઈ કાળે કે કોઈપણ પ્રકારે શુદ્ધ નિશ્ચયનય બીજાનો સ્પર્શ કરતો નથી; છતાં વ્યવહારનું આલંબન લઈ નિશ્ચયમાં પહોંચે છે. આમ વ્યવહારના આલંબનને લઇ નિશ્ચય વર્તતો હોવાથી

જ તે શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરે છે, માટે વ્યવહાર, એ નિશ્ચયને માટે પરમ ઉપકારી છે.

જૈનશાસનરૂપી રથને નિશ્ચય નય અને વ્યવહાર નય એમ બે ચક્રો છે. જેઓ એ બે ચક્રોમાંથી એક પણ ચક્રનો ઈન્કાર કરનારા અગર એકમાં જ રાચનારા પણ ઉભયનો યથાસ્થિત સ્વીકાર અને અમલ નહિ કરનારાઓ રથને ભાંગી નાંખવાનું કામ કરનારા છે.

બે પાંખ વિના જેમ પક્ષી ઉડી શકતું નથી અને બે હાથ વિના જેમ તાલી પાડી શકાતી નથી અને બે નેત્રો વિના જેમ વસ્તુનું અવલોકન બરાબર થતું નથી, તેમ બે નય વિના દ્રવ્યોનું અવલોકન યથાર્થ થતું નથી. કેટલાક જીવો વ્યવહારનય વિના કેવળ નિશ્ચયનયથી નાશ પામ્યા છે. જ્યારે કેટલાક જીવો નિશ્ચયનય વિના એકલા વ્યવહાર નયથી પણ સર્વ કર્મથી રહિત બની શકયા નથી, એમ તીર્થંકરદેવોએ કહ્યું છે. વ્યવહાર અને નિશ્ચય બન્ને સાથે મળીને જ કાર્યસાધક બને છે, એ તાત્પર્ય છે.

કેવળજ્ઞાની ભગવંતો પણ સર્વસંવરરૂપ ક્રિયાને પામ્યા વગર પરમપદ સ્વરૂપ મોક્ષને પામી શકતા નથી, તો પછી બીજાની તો શી વાત ? મતલબ કે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ક્રિયા એમ ઉભયથી મોક્ષ છે, પણ બેઉમાંથી એકના અભાવમાં મોક્ષ નથી.

જેની દૃષ્ટિ કરૂણાની વૃષ્ટિ જેવી છે, અને જેની વાણી

ઉપશમરૂપ અમૃતનો છંટકાવ કરનારી છે, એવા શુભ જ્ઞાન અને ક્રિયામાં મગ્ન થયેલા મહાત્માને નમસ્કાર હો !

અહીં મોક્ષમાર્ગમાં જ્ઞાનથી આત્મસ્વરૂપનું જ્ઞાન લેવાનું છે અને ક્રિયાથી હિંસાદિ અશુભ ક્રિયાઓથી નિવારણ કરનારી ક્રિયાઓ સમજવાની છે. મોક્ષમાર્ગમાં આત્મજ્ઞાનશૂન્ય જ્ઞાન, સમગ્ર જગતનું થાય તો પણ તેની કાંઈ જ કિંમત નથી, તેમ જ્ઞાન, અધ્યાત્મ આદિના નામે અહિંસાદિ શુભ ભાવોને ઉત્તેજન આપનારી શુભ ક્રિયાઓનો નિષેધ જેમાં ન હોય તે જ સાચો મોક્ષમાર્ગ છે.

શુભ ક્રિયાપૂર્વકનું શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ જ્ઞાનપૂર્વકની શુભ ક્રિયાઓ મોક્ષમાર્ગ છે. આત્માર્થી જીવોએ તે બંનેનું યથાર્થ સ્વરૂપ સમજીને તે બંનેમાંથી એકની પણ ઉપેક્ષા કર્યા વિના યથાશક્ય આરાધક જીવન ગાળવા પ્રયાસ કરવો જોઇએ.



ધર્મની વ્યાખ્યા

' यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः । '

જેનાથી અભ્યુદય અને નિઃશ્રેયસની સિદ્ધિ થાય, તે ધર્મ. ધર્મની આ વ્યાખ્યા સર્વ આસ્તિક દર્શનકારોને માન્ય છે. અભ્યુદય એટલે પૌદ્ગલિક આબાદી. નિઃશ્રેયસ એટલે આધ્યાત્મિક શ્રેય. ધર્મથી જેમ આધ્યાત્મિક શ્રેય સધાય છે, તેમ પૌદ્ગલિક આબાદીનું કારણ પણ ધર્મ જ છે. પૌદ્ગલિક આબાદી એટલે ભૌતિક ઉન્નતિ, ભૌતિક સુખોની સિદ્ધિ. સુખ બે પ્રકારનાં. એક પુદ્ગલના સંયોગથી થનારાં અને બીજા પુદ્ગલનાં સંયોગ વિના થનારાં. પુદ્ગલનાં સંયોગથી થનારાં સુખો એ ભૌતિક સુખો છે. કોઈ પણ પુદ્ગલનાં સંયોગ વિના કેવળ આત્મપદાર્થથી ઉત્પન્ન થનારું સુખ એ આધ્યાત્મિક સુખ છે. આધ્યાત્મિક સુખની સિદ્ધિ નિર્જરાલક્ષી ધર્મથી છે. પૌદ્ગલિક સુખની સિદ્ધિ એ પુણ્યલક્ષી ધર્મથી છે. જેમાં શુભકર્મનો બંધ એ ધ્યેય છે, તે પુણ્યલક્ષી છે. જેમાં પુણ્ય અને પાપ ઉભયનો ક્ષય એ ધ્યેય છે, તે નિર્જરાલક્ષી ધર્મ છે.

નિર્જરાલક્ષી ધર્મ મોક્ષ અપાવે છે. પુણ્યલક્ષી ધર્મ સંસારમાં વિવિધ પ્રકારનાં સુખોનો અનુભવ કરાવે છે. એ

સુખો પરદ્રવ્યની ઉપાધિથી થનારાં હોવાથી આદિ અને અંતવાળા છે. પરદ્રવ્યની ઉપાધિ વિના કેવળ આત્મામાંથી ઉપજનારાં આધ્યાત્મિક સુખો છે, તેની આદિ છે પણ અંત નથી.

આજનાં કાળમાં ભૌતિક સુખોને મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલી છે. ભૌતિક સુખોની સિદ્ધિનું કારણ વિજ્ઞાન મનાય છે. વિજ્ઞાનની વિવિધ શોધોથી ભૌતિક સુખોનાં સાધન વધ્યા છે અને વધે છે. ઉત્તમ પ્રકારનાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને ઉત્તમ પ્રકારનાં શબ્દ તેમ જ તે બધાની પ્રાપ્તિ એ આજનાં મોટા ભાગના મનુષ્યોનું ધ્યેય હોય છે. એ ધ્યેયની સિદ્ધિ વિજ્ઞાનથી થતી દેખાય છે, તેથી મનુષ્ય તે તરફ ખેંચાતો જાય છે; પરંતુ તેનું આકર્ષણ તેને સુખનાં ખરા માર્ગે લઈ જવાને બદલે ખોટા માર્ગે લઈ જાય છે.

સુખનો ખરો માર્ગ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય કે પરિગ્રહ નથી, કિન્તુ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે. સુખ એ અપીડા રૂપ છે. બીજાને પીડા આપવાથી અપીડા રૂપ સુખનાં અધિકારી બની શકાતું નથી. હિંસા, અસત્ય વગેરે બીજાને પીડવાનાં માર્ગ છે, તેથી પાપસ્વરૂપ છે. તેનાથી સુખની આશા રાખવી એ નિરર્થક છે. વિજ્ઞાનથી નિપજનારાં ઉત્તમ પ્રકારનાં રૂપ-રસાદિનો ભોગ કે તેની પ્રાપ્તિ પાપ કર્યા વિના થઈ શકતી નથી. પાપનાં માર્ગે સુખની શોધ એ અવળો ધંધો છે. તેથી રૂપ-રસાદિની પ્રાપ્તિ માટે વિજ્ઞાનના માર્ગે આગળ વધનારાં

પાપના માર્ગે જ આગળ વધે છે અને પાપના માર્ગે આગળ વધનારાં સાચા સુખની પ્રાપ્તિ કરી શકે, એ ત્રિકાળમાં અશકય છે.

શાસ્ત્રકારોની દૃષ્ટિએ ભૌતિક સુખની સિદ્ધિનો આધાર પણ ધર્મ જ છે અને તે પુણ્યરૂપી ધર્મ છે. આ પુણ્ય રૂપી ધર્મની સિદ્ધિ માટે શાસ્ત્રકારો 'આદ્ય બાલશરીર'નું દૃષ્ટાન્ત આપે છે. યુવાન શરીરનું કારણ જેમ બાલશરીર છે, તેમ બાલશરીરનું કારણ પણ કોઈ હોવું જોઇએ. બાલ-શરીરનું કારણ જો ગર્ભશરીર માનીએ, તો આદ્ય ગર્ભશરીરનું પણ કોઈ મૂળ કારણ હોવું જોઇએ. તેનું જ નામ કર્મશરીર છે. શાસ્ત્રકારોની ભાષામાં તેને કાર્મણશરીર કહેવાય છે અને તે શુભાશુભ કર્મનાં પુંજરૂપ છે, શુભ શરીરનું આદ્ય કારણ પુણ્યકર્મ છે. અશુભ શરીરનું પ્રથમ કારણ-મૂળ કારણ પાપકર્મ છે. એકને ધર્મ કહેવાય છે અને બીજાને અધર્મ કહેવાય છે. એ રીતે ભૌતિક શુભ શરીર એ ભૌતિક શુભ કર્મની ઉપજ છે. જો શરીરની નિપજ કર્મથી છે અને કર્મ સિવાય અન્ય કોઇ વસ્તુથી તે નથી, તો પછી એ શરીરને સારાં-નરસાં સાધનો અને એ શરીરને સુખ-દુઃખનાં શુભાશુભ નિમિત્તની ઉત્પત્તિનું આદિમ કારણ પણ કર્મ જ છે, બીજું કોઈ જ નથી.


જયારે સ્થૂલ દૃષ્ટિથી આદ્ય-કારણ-મૂળ કારણ નજરે ચઢતું નથી, ત્યારે સંસર્ગમાં આવતાં અન્ય અન્ય નિમિત્તોને જ તેનાં કારણો તરીકે વર્ણવવામાં આવે છે; પરંતુ શરીર,

શરીરનાં સંબંધીઓ અને શરીરનાં સુખ-દુઃખનાં બાહ્ય હેતુઓનાં મૂળમાં શુભ-અશુભ કર્મ છે. તેને જ શાસ્ત્રકારો ધર્મ અને અધર્મનાં નામથી સંબોધે છે. આ રીતે સારાય જગતમાં, સચરાચર જીવસૃષ્ટિમાં, વિશ્વનાં પ્રાણીમાત્રની વિવિધ અવસ્થાઓમાં આદ્ય અને પ્રથમ શુભ પ્રેરક હેતુ જો કોઈ હોય, તો તે ધર્મ જ છે; અને તે ધર્મના પ્રભાવે જ સઘળી ઇષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ છે. શાસ્ત્રકારોની દૃષ્ટિએ ઉત્તમ પ્રકારનાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ, તે બધાંની ઉત્પત્તિ, પ્રાપ્તિ અને વૃદ્ધિ આદિનો મૂળ આધાર પુણ્યકર્મરૂપી ધર્મ જ છે.

વિજ્ઞાનની શોધો અને તેથી પ્રાપ્ત થતાં શબ્દ-રૂપાદિ પુદ્ગલોનાં પણ ભૌતિક સુખોની સિદ્ધિનો આદિમ આધાર પણ ધર્મ જ છે. પરંતુ તે ધર્મ સ્થૂલ દૃષ્ટિએ અગોચર છે. ધર્મને સાક્ષાત્ જોવા અને જાણવા માટે જ્ઞાનચક્ષુ વિરલ વ્યક્તિઓને જ પ્રાપ્ત થાય છે. ધર્મ એ સુખનાં કારણનું કારણ છે, કારણને સૂક્ષ્મ દૃષ્ટિ જોઈ શકે છે. કારણનાં કારણને જોવા માટે સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ ચક્ષુની જરૂર પડે છે. તે બધાને સુલભ નથી. તે ચક્ષુની પ્રાપ્તિ માટે તત્ત્વની ખરી જિજ્ઞાસા હોવી જોઈએ. તત્ત્વજિજ્ઞાસુ શાસ્ત્રાભ્યાસ વડે તે ચક્ષુને પ્રાપ્ત કરી શકે છે. શાસ્ત્ર એ સર્વજ્ઞ વચનરૂપ છે. ધર્મને પ્રત્યક્ષ કરવામાં સહાયક બીજું ચક્ષુ એ કેવળ-જ્ઞાનરૂપી ચક્ષુ છે. કેવળજ્ઞાનરૂપી ચક્ષુ અને શ્રુતજ્ઞાનરૂપી ચક્ષુ વડે કારણના કારણને જાણી શકાય છે, દેખી શકાય છે. શાસ્ત્રચક્ષુ કહે છે કે-વિજ્ઞાન અને તેની શોધોથી મળતાં

શબ્દાદિ વિષયોનાં સુખો, એ પાપવૃદ્ધિનાં હેતુભૂત હોવાથી, પાપાનુબંધી પુણ્યરૂપ (જેનો ભોગવટો નવાં પાપ બંધાવે, તે પાપાનુબંધી પુણ્ય) ધર્મનું ફળ હોવાથી ત્યાજ્ય છે.

જે ભૌતિક સુખોની ઉત્પત્તિમાં પાપ નથી, રક્ષણમાં ક્લેશ નથી, વર્તમાનમાં દુઃખ નથી, ભવિષ્યમાં દુર્ગતિ નથી, અનાયાસે જે સિદ્ધ થાય છે, અનીતિપૂર્વકનાં ભોગોમાં જેનો દુર્વ્યય નથી તથા ધર્મોન્નતિ અને ધર્મવૃદ્ધિમાં જ જેનો સદુપયોગ છે, એવાં સુખોની પ્રાપ્તિ પુણ્યાનુબંધી પુણ્યરૂપી ધર્મનાં સંબંધથી છે. તે ઉત્તરોત્તર શુભ ગતિની પ્રાપ્તિમાં નિમિત્તભૂત બનીને જીવને અંતે અપવર્ગનાં અવ્યાબાધ સુખોની પ્રાપ્તિ કરાવે છે. તેનું જ નામ નિઃશ્રેયસ છે. નિઃશ્રેયસનાં સુખ એ નિરુપાધિક છે અર્થાત્ પરદ્રવ્યનાં સંયોગ વિના જ થાય છે. એ સુખોનો આધાર કેવળ આત્મા જ છે. આત્માના સ્વરૂપમાંથી ઉત્પન્ન થતાં સુખો એ જ પરમાર્થ સુખો છે. તેની પ્રાપ્તિનો આધાર નિર્જરાલક્ષી ધર્મ છે. એ રીતે શુભાશુભ કર્મના ક્ષયથી મળતાં અવ્યાબાધ સુખો એ નિર્જરા અથવા અનાશ્રવરૂપ ધર્મની પેદાશ છે. અધર્મથી નિપજતાં દુઃખને દૂર કરવાનો ઉપાય સર્વજ્ઞોક્ત ઉભય પ્રકારનો શુભાશ્રવરૂપ કે અનાશ્રવરૂપ નિર્જરાલક્ષી ધર્મ છે.



ધર્મની ઓળખ

દુનિયામાં બે પ્રકારના પદાર્થો છે. તે કેટલાક દૃશ્ય છે અને કેટલાક અદૃશ્ય છે. દૃશ્ય પદાર્થો દેખવા માટે ચક્ષુ આદિ ઇન્દ્રિયો સિવાય બીજાં સાધનોની જરૂર પડતી નથી. અદૃશ્ય પદાર્થો કેવળ ઇન્દ્રિયોથી જોઈ શકાતા નથી. તેને જોવા માટે બીજા પદાર્થોની સહાય લેવી પડે છે.

જેમ કે—પર્વતની ટોચ ઉપર રહેલા અગ્નિને જાણવા માટે, નીચે રહેલા માણસને એ અગ્નિમાંથી અવિચ્છિન્ન ધારાએ નીકળેલી ધૂમલેખાની સહાય લેવી પડે છે અને એ ધૂમલેખાને જોઇને તે પુરુષ પોતાની આંખને અદૃશ્ય એવા અગ્નિને પણ જાણી શકે છે.

એ જ વાત છે ભૂતળના તળ નીચે છૂપાયેલા વૃક્ષના મૂળને જાણવાની કે આકાશના વાદળ નીચે છૂપાયેલા સૂર્યના કિરણને જાણવાની. વૃક્ષના પાન જો લીલાછમ છે કે ફૂલ અને ફળ નિયમિતપણે ઉગે છે, તો તે વૃક્ષનું મૂળ ભૂમિકામાં અવશ્ય સાજું, તાજું અને અખંડિત છે-એમ નિશ્ચિત થાય છે. અથવા વાદળની ઘનઘોર છાયા વખતે હજુ રાત્રિ થઈ નથી પણ દિવસ છે-એમ સમજી શકાય છે, તો તે અભ્રપટલની પાછળ સૂર્ય હજુ ગતિ કરી રહ્યો છે પણ અસ્ત

પામી ગયો નથી–એ વાત પણ નક્કી થાય છે. અદૃશ્ય મૂળ જેમ ફળથી અને અદૃશ્ય સૂર્ય જેમ દિન-રાત્રિના વિભાગથી જાણી શકાય છે, તેમ જીવાત્મામાં રહેલો અદૃશ્ય ધર્મ પણ તેના કાર્યથી જાણી શકાય છે.

ભૂતકાલીન ધર્મ તેના ફલસ્વરૂપ વર્તમાનકાલીન સંપત્તિથી જાણી શકાય છે અને વર્તમાનકાલીન ધર્મ તેના કાર્યસ્વરૂપ ઔદાર્યાદિ ગુણોથી જાણી શકાય છે.

અમુક વ્યક્તિના ભીતરમાં ધર્મ છે કે નહિ ? અને છે તો તે કેવી રીતે જાણી શકાય ?–એ પ્રશ્નનો જાણે સ્પષ્ટ ઉત્તર ન આપતાં હોય, તેમ પૂ. આચાર્યભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ એક સ્થળે ફરમાવે છે કે—

" औदार्यं दाक्षिण्यं, पापजुगुप्साऽथ निर्मलो बोधः ।
लिंगानि धर्मसिद्धेः, प्रायेण जनप्रियत्वं च ॥ १ ॥ "

અર્થ:–ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપજુગુપ્સા, નિર્મલબોધ તથા જનપ્રિયત્વ–એ ધર્મસિદ્ધિનાં પ્રધાન લિંગો છે.

જે આત્મામાં ઉદારતાદિ પાંચ લક્ષણો પ્રગટ્યાં છે, તે આત્માની ભીતરમાં ધર્મ રહેલો છે, કારણ કે-ધર્મસિદ્ધિના એ નિશ્ચિત લિંગો છે: ઉદારતાદિ ચિહ્નો એ આત્માની અંદર છૂપા રહેલા ધર્મને જ પ્રગટ કરનારા છે.

બીજા શબ્દોમાં ઔદાર્યાદિ ગુણો એ ધર્મવૃક્ષના મૂળમાંથી ઉગીને બહાર નીકળી આવેલા અંકુરાદિ અને શાખા-પ્રશાખાદિ પદાર્થો છે. શાખા-પ્રશાખા અને અંકુર-પત્રાદિને

બહાર આવવા માટે જેમ નિર્મળ મૂળની અપેક્ષા છે, તેમ ઔદાર્ય–દાક્ષિણ્યાદિ ગુણોને બહાર આવવા માટે તેના વૃક્ષની કે તે વૃક્ષના અખંડિત મૂળની આવશ્યકતા છે; અને તે મૂળનું જ નામ નિર્મળ ધર્મ છે.

આત્મામાં રહેલો તે ધર્મ વર્તમાનકાળે ઉદારતાદિ ગુણોરૂપી અંકુરાદિ દ્વારા પ્રગટ થાય છે અને આગામી કાળે સુર-નરની સંપત્તિરૂપી પુષ્પો અને સિદ્ધિના અનંતા સુખો રૂપી ફળો રૂપે પ્રગટ થાય છે. જે આત્મામાં ઉદારતાદિ ગુણો હજુ પ્રગટ્યા નથી તે આત્મા બહારથી ધર્મની આરાધના કે સાધના કરતો હોય, તો પણ અંદરથી ધર્મને પામેલો જ છે-એવો નિશ્ચય કરી શકાતો નથી.

ધર્મવૃક્ષનો પ્રથમ અંકુરો ઔદાર્ય છે. દાન નહિ પણ ઔદાર્ય. દાન અને ઔદાર્યમાં ભેદ છે. સામાને જરૂર છે અને અપાય છે–એ દાન છે અને પોતાને-દાતાને દાન કરવાની જરૂર છે અને અપાય છે–એ ઔદાર્ય છે. જે દાન અપાય છે શક્તિ મુજબ, પણ આપવાની ભાવના છે સર્વસ્વની, તે દાન ઔદાર્ય ગુણથી ભરપૂર છે. જે દાન શક્તિ મુજબ પણ અપાતું નથી, એટલું જ નહિ પણ આપવાની પાછળ લેનારની જરૂરીઆતને જ આગળ કરવામાં આવેલી હોય છે, તે દાન ઔદાર્યની ખામીવાળું છે. ઉદાર આત્મા દાન લેનારની જરૂરીઆતને જેટલી અગત્યતા આપે છે, તેથી કેઈ ગુણી અધિક અગત્યતા પોતાને આપવાની માને છે. દાન નહિ દેવાથી સામાનું કાર્ય બગડી જવાનો ભય તેને

તેટલો લાગતો નથી, કે જેટલો ભય દાન નહિ આપવાથી પોતાનું બગડી જવાનો તેને લાગે છે. અથવા આપીને કેટલું આપ્યું. તે ગણાવવાની વૃત્તિ કરતાં કેટલું નથી આપ્યું તે ગણાવવાની વૃત્તિ તેના હૃદયમાં સદા રમતી હોય છે, એ ઔદાર્યનું લક્ષણ છે. અને એ જાતિનું ઔદાર્ય એ ધર્મ-રૂપી વૃક્ષનો પ્રથમ અંકુર છે. ધર્મ આત્મામાં પરિણામ પામ્યો છે કે નહિ ?-તે જાણવાનું એ પ્રથમ લક્ષણ છે :

ધર્મસિદ્ધિનું બીજું લક્ષણ દાક્ષિણ્ય છે. કોઈની પણ પ્રેરણા વિના થતું દાન, એ ઔદાર્ય ગણાય છે અને કોઇની પણ પ્રેરણા કે યાચના બાદ થનારૂં કાર્ય, એ દાક્ષિણ્ય છે.

કોઈની પણ માગણીને છતી શક્તિએ નકારતાં સંકોચ થવો, એ દાક્ષિણ્ય છે. દાક્ષિણ્ય વિનાનું ઔદાર્ય એ સુવાસ વિનાના પુષ્પ જેવું છે કે સર વિનાના કૂપ જેવું છે. જેમ સુંદર પણ પુષ્પ જો સુવાસ વિનાનું હોય તો તેને કોઇ સેવતું નથી કે જળથી ભરપૂર પણ કૂપ જો સર વિનાનો હોય તો અંતે સુકાઇ જાય છે, તેમ યાચનાનો ભંગ ન કરવા રૂપ દાક્ષિણ્ય સદ્‌ગુણ જેનામાં પ્રગટેલો નથી, તે આત્મા ઉદાર હોય તો પણ તેની ઉદારતા સદાકાળ ટકતી નથી કે અર્થી આત્માઓને તે સદાકાળ સેવ્ય બનતો નથી.

ધર્મસિદ્ધિનું ત્રીજું લક્ષણ પાપજુગુપ્સા છે. પાપ પ્રત્યે જેને જુગુપ્સા નથી, તેના ઔદાર્ય કે દાક્ષિણ્યનો દુરુપયોગ થવાનો પૂરેપૂરો સંભવ છે. પાપ એ વિષતુલ્ય

છે અને પુણ્ય એ અમૃતતુલ્ય છે. એ રીતે પાપ-પુણ્યનો ભેદ જેના અંતરમાં થયો નથી, એ આત્માનું ઔદાર્ય અને દાક્ષિણ્ય સ્વપરના ફાયદા માટે થવાને બદલે કેટલીક વાર નુકશાનને માટે થવાનો વધારે સંભવ છે. એ કારણે ધર્મી આત્માના અંતઃકરણમાં ચોથું લક્ષણ નિર્મળ બોધ પણ છે. એથી એ પાપ-પુણ્યનો ભેદ સમજી શકે છે અને પાપનો પરિહાર તથા પુણ્યનો સ્વીકાર કરવાના કાર્યમાં સદા સાવધાન રહી શકે છે. એના પ્રભાવે એનું ઔદાર્ય કે દાક્ષિણ્ય પાપના માર્ગે ઘસડાઈ જતું બચે છે.

ધર્મનું ચોથું લક્ષણ નિર્મળ બોધ છે, તેથી તેના કારણે આત્મામાં સદા પાપની જુગુપ્સા જાગતી રહે છે અને તેનાથી જ પુણ્યની પ્રશંસા પણ તેના આત્મામાં સદા કાળ રમતી હોય છે. વળી તેના જ કારણે તેના ઔદાર્ય-દાક્ષિણ્યાદિ સદ્ગુણો અને તેનો સદુપયોગ પણ વધતો જ રહે છે અને પરિણામે તે આત્મા આ લોકમાં યશ-કીર્તિનો અને પરલોકમાં સદ્ગતિનો ભાગી થઈ શકે છે.

ધર્મનો પ્રભાવ

દશ પ્રકારના ચારિત્રધર્મના પ્રભાવથી સૂર્ય-ચંદ્ર વિશ્વ ઉપર ઉપકાર કરવા દરરોજ ઉદય પામે છેઃ વરસાદ સમયસર વરસે છે, સમુદ્ર મર્યાદા છોડતો નથી, સિંહ વાઘ, વાવાઝોડા, દાવાનળ સંહાર કરતા નથી, પૃથ્વી આધાર વિના ટકી રહે છે. એ વગેરે સર્વ નિયમિતપણે વિશ્વમાં વ્યવસ્થિત રીતે ચાલુ રહ્યું છે, તે સર્વ ધર્મનો પ્રભાવ છે. શાસ્ત્રકાર મહર્ષિઓ ધર્મભાવના નામની બારમી ભાવનામાં ધર્મનો પ્રભાવ એ રીતે વર્ણવે છે.

'धम्मदयाणं'-એ પદની ટીકા કરતાં પૂ૦ શ્રી હરિભદ્રસૂરિજી મ૦ લલિત વિસ્તરા નામના ગ્રન્થરત્નમાં ફરમાવે છે કે-

'सामायिकादिगतविशुद्धक्रियाऽभिव्यङ्ग्यसकलसत्त्वहिताशयामृतलक्षणस्वपरिणाम एव साधुधर्मः ।'

અર્થ-'સામાયિકાદિની વિશુદ્ધ ક્રિયાથી અભિવ્યક્ત થતો સકલ પ્રાણીઓના હિતના આશયરૂપ અમૃત લક્ષણ સ્વપરિણામ એ જ સાધુધર્મ છે.'

આને સર્વવિરતિ ચારિત્રધર્મ કહે છે. ધર્મ એટલે જ ચારિત્રધર્મ. એ સાધુધર્મને પ્રાપ્ત કરવાનો પરિણામ એ

ગૃહસ્થધર્મ છે. એને દેશવિરતિ ચારિત્રધર્મ કહે છે. કહ્યું છે કે-' સાધુધર્માભિલાષાશયરૂપ આત્મપરિણામઃ શ્રાવકધર્મઃ ।' 'સાધુધર્મ પાળવાના અભિલાષરૂપ આશય જેમાં છે, તે શ્રાવકધર્મ છે.' સર્વ જીવોના હિતના આશયરૂપ અમૃત છે લક્ષણ જેનું, એવો આત્મપરિણામ, તે સર્વવિરતિ ચારિત્રધર્મ છે. આ પરિણામને આત્મામાં સ્થિર રાખવા માટે સામાયિક આદિ વિશુદ્ધ ક્રિયાની જરૂર છે. પ્રાણીમાત્રના કલ્યાણની -હિતની ભાવના હિતનો આશય અથવા સર્વ જીવોને દુઃખમુક્ત કરી પરિપૂર્ણ સુખ પ્રાપ્ત કરાવવાનો આત્મામાં રહેલો જ ભાવ, તે ભાવની શુદ્ધિ અને પુષ્ટિ માટે શાસ્ત્રમાં દશ પ્રકારનો ચારિત્રધર્મ ઉપદેશ્યો છે. આવો અમૃત પરિણામ ત્યારે જ ટકે, કે જ્યારે શુદ્ધ રીતે દશ પ્રકારના ચારિત્રધર્મનું પાલન હોય. જેમ કે-જો ક્ષમાગુણ હોય, તો જ સર્વ પ્રાણીવિષયક કલ્યાણનો ભાવ ટકી રહે અને જો ક્ષમાગુણ ન હોય, તો અપરાધી ઉપર કોપ થાય તથા તેની સાથે જ તે શુદ્ધ ભાવ તુટી પડે. તેવી રીતે જો માર્દવ-માનત્યાગ હોય, તો જ ક્ષમા રહી શકે, માખણ જેવી મુલાયમ નમ્રતાયુક્ત હૃદયનો જો આર્દ્ર પરિણામ હોય, તો જ ક્ષમા રહી શકે. તેવી જ રીતે જો આર્જવ-માયાત્યાગ-સરલતા હોય, તો જ માર્દવ-નમ્રતા ટકે અને તે ટકે તો જ ક્ષમા ટકે. સાથે જ સંતોષ હોય, તો જ સરલતા ટકી શકે. જો સંતોષ ન હોય, તો માયા કરવાનું મન થાય જ. તે રીતે દશેય પ્રકારનો ચારિત્રધર્મ, એ સર્વ પ્રાણીવિષયક હિતચિન્તાનો વિશુદ્ધ અમૃત લક્ષણ પરિણામ ટકાવવા માટે જ ગોઠવ્યો છે. દશેય

પ્રકારના ધર્મમાં એ રીતની વ્યવસ્થા શ્રી તીર્થંકરદેવોએ ગોઠવેલી છે અને તે વ્યવસ્થાથી તે ભાવ સ્થિર રહે છે. સમગ્ર વિશ્વવિષયક હિતચિન્તાનો એ ભાવ દશ પ્રકારના ધર્મના આંશિક કે પરિપૂર્ણ પાલન વડે સ્થિર રહેતો હોવાથી, એ ધર્મને લીધે જ સમગ્ર વિશ્વની વ્યવસ્થા એક પણ નિયમને બાધ પહોંચ્યા સિવાય ચાલી રહી છે. શ્રી તીર્થંકર પરમાત્માના આત્મા, શ્રી ગણધર ભગવંતોના આત્મા, શ્રી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોના આત્મા, સર્વ પ્રાણીવિષયક હિતચિન્તાના ભાવથી ભરેલા છે; અને એ ભાવની રક્ષા ખાતર સતત દશ પ્રકારના ચારિત્રધર્મનું તેઓ પાલન કરી, –કરાવી રહ્યા છે. તેથી તે ભાવ સમગ્ર વિશ્વમાં સતત વ્યાપેલો રહે છે; અને એ ભાવના પ્રભાવ વડે જ વિશ્વમાં સર્વ કાંઇ વ્યવસ્થિત ચાલી રહ્યું છે. આ હકીકત શાસ્ત્રમાં વારંવાર ઉપદેશી છે.

દશ પ્રકારનો ચારિત્રધર્મ ત્યાં જ હોય છે અને ત્યાં જ ટકે છે, કે જ્યાં સર્વ સત્ત્વવિષયક હિતચિન્તા રૂપ વિશુદ્ધ આત્મપરિણામ હયાતિ ધરાવતો હોય અથવા તે પરિણામ પ્રાપ્ત કરવાની અભિલાષા ચિત્તમાં વર્તતી હોય. સર્વ સત્ત્વવિષયક હિતચિન્તાના સાચા અમૃત પરિણામમાં દશ પ્રકારનો ચારિત્રધર્મ અર્થાત્ સાધુધર્મ અને સાધુધર્મ પ્રાપ્ત કરવાની અભિલાષારૂપ 'શ્રાવકધર્મ' અંતર્ગત રહેલો છે, એમ માનવું જોઈએ. સકલ સત્ત્વવિષયક હિતચિન્તાનો પરિણામ એ જ ભાવધર્મ છે અને એ ધર્મમાં જ વિશ્વના

તમામ પદાર્થોને નિયમમાં રાખવાની તાકાત છે. એ ભાવ ધર્મને ટકાવવા માટે, પેદા કરવા માટે કે વધારવા માટે જેટલા જેટલા માર્ગો છે, તે બધા પણ કારણમાં કાર્યના ઉપચારથી ધર્મ છે. ભાવધર્મના કારણ રૂપ ધર્મ એ દ્રવ્યધર્મ છે. એક પ્રભુની આજ્ઞાના ભાવપાલન રૂપ છે અને બીજો પ્રભુની આજ્ઞાના દ્રવ્યપાલન સ્વરૂપ છે. ભાવ અને દ્રવ્ય ઉભય પ્રકારે પ્રભુની આજ્ઞાનું પાલન અને તે પાલન ઉપરનું બહુમાન, એને અનુક્રમે બોધિ અને તેનું બીજ કહેવાય છે. એવી બોધિ અને એનું બીજ પ્રાપ્ત કરી, જગતના આત્માઓ ત્રણેય કાળમાં સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ,–એ ભાવના નિરંતર કર્ત્તવ્ય છે. એથી ભવવિરાગ અને મોક્ષાભિલાષ દૃઢ થવા સાથે શ્રી જિનેશ્વરદેવના શાસનનો સાચો પ્રભાવ જગતમાં વિસ્તાર પામે છે.



સામાયિક ધર્મ

રાગ-દ્વેષનાં અભાવરૂપ આત્માનાં મધ્યસ્થ પરિણામ અને તે વખતે થતો જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણોનો આત્માને જે લાભ, તેને શાસ્ત્રકાર ભગવંતો સામાયિક ધર્મ કહે છે.

" समानां मोक्षप्रतिसमानसामर्थ्यानां ज्ञानदर्शनचारित्राणामायः -लाभः समायः, समाय एव सामायिकम् । "

સમ એટલે મોક્ષ પ્રાપ્ત કરવા માટે સમાન સામર્થ્ય-વાળા, આત્માનાં જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ ગુણો, તેનો લાભ એટલે સામાયિક. જે પરિણામને ધારણ કરવાથી આત્મા સમવૃત્તિવાળો બને, રાગ-દ્વેષ રહિત થાય, સર્વ પ્રાણીઓને પોતાનાં આત્માની જેમ જુએ, તે સામાયિકનો પરિણામ છે. સામાયિક એ સર્વ મૂળ ગુણોનાં આધારભૂત છે, સર્વ સાવદ્ય વ્યાપારોનાં ત્યાગરૂપ છે. કહ્યું છે કે—

सामायिकं गुणानामाधारः, खमिव सर्वभावानाम् ।
नहि सामायिकहीनाश्चरणादिगुणान्विता येन ॥१॥

तस्माज्जगाद भगवान्, सामायिकमेव निरुपमोपायम् ।
शारीरमानसानेक-दुःखनाशस्य मोक्षस्य ॥ २ ॥

અર્થ–આકાશ જેમ સર્વ પદાર્થોનો આધાર છે, તેમ સામાયિક સર્વ ગુણોનો આધાર છે. સામાયિકથી રહિત એવા જીવોને ચારિત્રાદિ ગુણો પ્રાપ્ત થઇ શકતા નથી. તે કારણે શારીરિક અને માનસિક અનેક દુઃખોનાં નાશ રૂપ મોક્ષનો નિરુપમ ઉપાય ભગવાને એક સામાયિકને જ કહ્યો છે.

જીવ જ્યારે સમપરિણામવાળો બને છે, ત્યારે પ્રતિક્ષણ નવા નવા જ્ઞાન–દર્શન–ચારિત્રનાં પર્યાયોને પામે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રનાં આ પર્યાયો સંક્લેશનાં વિચ્છેદક અને નિરુપમ સુખનાં હેતુ છે. તેથી તેને શાસ્ત્રોમાં ચિન્તામણિ, કલ્પતરુ અને કામધેનુથી પણ અધિક પ્રભાવશાળી કહ્યાં છે. અચિન્ત્ય પ્રભાવશાળી આ સામાયિકના પરિણામની પ્રાપ્તિ જીવને સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ કરવાથી અને નિરવદ્ય યોગોનું સેવન કરવાથી થાય છે. વસ્તુતઃ સર્વ જીવો સાથે મૈત્રી આદિ પ્રશસ્ત ભાવોને ધારણ કરવાં, એ જ સામાયિક છે. પરંતુ આ ભાવોને જીવનમાં સક્રિય રૂપ આપવા માટે સર્વ સાવદ્ય યોગોનાં ત્યાગની અને નિરવદ્ય યોગોનાં સેવનની પ્રતિજ્ઞા લેવી પડે છે. એ પ્રતિજ્ઞાના ગ્રહણ અને આસેવનને સામાયિક વ્રત કહેવામાં આવે છે. આ સામાયિક વ્રતનું જ બીજું નામ અહિંસાધર્મ છે.

અહિંસાધર્મમાં આત્મૌપમ્યની દૃષ્ટિ છે અને એ જ દૃષ્ટિ સામાયિક વ્રતમાં છે. જીવનમાં અહિંસાનો પરિપૂર્ણ

અમલ કરવા માટે સામાયિક વ્રતની પ્રતિજ્ઞા અનિવાર્ય છે. સામાયિકનો સીધો અર્થ સમતા છે,

આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્ ।-પોતાને પ્રતિકૂલ વસ્તુઓ બીજાઓ પ્રત્યે ન આચરવી એ ધર્મનો સાર છે. સર્વ જીવો જીવવાને ઇચ્છે છે, કોઇ મરવાને ઇચ્છતું નથી. તું પણ જીવવાને ઇચ્છે છે, મરવાને ઇચ્છતો નથી : માટે તારે કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી કે ન કરાવવી-એ તારો ધર્મ છે. જેઓને ધર્મની જરૂર છે, તેઓએ જીવનમાં અહિંસાને સ્થાન આપવું જ જોઇએ; અને કોઇપણ જીવની થોડી પણ હિંસા જો પોતાનાં પ્રમાદથી થાય, તો તેને અધર્મનું કારણ માનવું જોઇએ. આવી વિશુદ્ધ અહિંસાને સિદ્ધ કરવા માટે પ્રતિજ્ઞા પણ આકરી જોઇએ અને તેનાં પાલન માટેનાં નિયમો પણ દૃઢ જોઇએ.

અહિંસા એ ધર્મ છે તથા તેની સિદ્ધિ માટે સત્યાદિ વ્રતો અને બ્રહ્મચર્યાદિ નિયમોનો ઉપદેશ જોઇએ-વત્તે અંશે સર્વ ધર્મોમાં અપાયેલો છે. સામાયિકની પ્રતિજ્ઞામાં તે ઉપદેશને પૂર્ણતાએ પહોંચાડવામાં આવ્યો છે. કહ્યું છે કે-

" निरवद्यमिदं ज्ञेयं, एकान्तेनैव तत्त्वतः ।
कुशलाशयरूपत्वात्, सर्वयोगविशुद्धितः ॥ १ ॥"

અર્થ-કુશલાશયરૂપ હોવાથી અને સર્વ યોગોની વિશુદ્ધિરૂપ હોવાથી, આ સામાયિકનો પરિણામ તાત્વિક અને એકાન્ત નિરવદ્ય છે.

જેવો વિચાર તેવો જ આચાર અને જેવો આચાર તેવો જ વિચાર–એ તાત્ત્વિક પરિણામ છે. સામાયિકમાં સર્વ જીવો સાથે મૈત્રીભાવ છે અને તેવું જ અહિંસાયુક્ત આચરણ પણ છે, તેથી તે એકાન્ત નિરવદ્ય છે. એ કારણે સામાયિકની પ્રતિજ્ઞા અંગીકાર કરનારથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જેવા સૂક્ષ્મ જીવોની હિંસા પણ થઈ શકતી નથી અને તે હિંસાથી બચવા માટે ખાવા, પીવા, બેસવા, ઉઠવા, બોલવા, ચાલવા, સુવા અને જાગવા જેવી ક્રિયા કરતી વખતે પણ ઘણું સંભાળભર્યું જીવન જીવવું પડે છે. એનું જ નામ સક્રિય અહિંસા અને આત્મૌપમ્ય દૃષ્ટિનું સક્રિય પાલન છે.

સામાયિકની પ્રતિજ્ઞાના અર્થથી પ્રરૂપક શ્રી તીર્થંકરદેવો છે અને સૂત્રથી રચના કરનારા શ્રી ગણધર ભગવંતો છે.

સામ, સમ અને સન્મ–એ ત્રણ સામાયિકનાં પર્યાય શબ્દો છે. સામ એટલે મધુર પરિણામ–સર્વ જીવો સાથે મૈત્રીનાં પરિણામ. સમ એટલે ત્રાજવા જેવા સમાન પરિણામ–સર્વ સંયોગો અને વિયોગો પ્રત્યે સરખા પરિણામ. સન્મ એટલે ખીર–ખાંડની જેમ પરસ્પર મળી જવાનાં પરિણામ–જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતાનો પરિણામ. ચારિત્રરૂપ ખીરની સાથે જ્ઞાન–દર્શનરૂપી ખાંડ અને સાકરનું એકત્ર મળી જવું, તે સન્મ પરિણામ છે. ટૂંકમાં સામાયિક એ સર્વ પાપવ્યાપારોનાં ત્યાગની અને નિષ્પાપ વ્યાપારોના સેવનની પ્રતિજ્ઞારૂપ છે. તેથી તેમાં સર્વ જીવોની મૈત્રી,

સર્વ સંયોગોમાં માધ્યસ્થ્ય અને સર્વ સદ્‌ગુણોનાં પાલન પ્રત્યેનો ઉત્સાહ વગેરે પ્રશસ્ત અધ્યવસાયો રહેલાં છે.

સામાયિકનાં મુખ્યત્વે ચાર પ્રકારો છે. શ્રુત સામાયિક, સમ્યક્‌ત્વ સામાયિક, દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિક.

શ્રુત સામાયિક અમુક સમય સુધી શાસ્ત્રપાઠ ભણવાનાં નિયમરૂપ છે. સમ્યક્‌ત્વ સામાયિક શ્રદ્ધાગુણની શુદ્ધિરૂપ છે. દેશવિરતિ સામાયિક બે ઘડી પ્રમાણ સાવદ્ય વ્યાપારનાં ત્યાગનાં નિયમરૂપ છે. સર્વવિરતિ સામાયિક જીવનપર્યંત નિરવદ્ય વ્યાપારનાં પાલનની પ્રતિજ્ઞારૂપ છે.

બીજી રીતે શ્રુત સામાયિક શાસ્ત્રાભ્યાસ વડે થઈ શકે છે. સમ્યક્‌ત્વ સામાયિક, શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય આદિ ગુણોનાં આસેવન વડે થઈ શકે છે. દેશવિરતિ સામાયિક સ્થૂલ હિંસા, સ્થૂલ અસત્ય, સ્થૂલ ચોરી વગેરે પાપવ્યાપારોને તજવા વડે થઈ શકે છે. સર્વ-વિરતિ સામાયિક હિંસાદિક પાપપ્રવૃત્તિઓનો સર્વથા ત્યાગ કરવા વડે થઈ શકે છે.

સામાયિકને શ્રાવકનાં બાર વ્રતોમાંનું નવમું વ્રત પણ કહ્યું છે. તેને શિક્ષાવ્રત કહેવાય છે. શિક્ષા એટલે અભ્યાસ-આત્માની નિર્મળતાનો અભ્યાસ, પાપભારથી હલકા થવાનો અભ્યાસ અને જીવ માત્ર પ્રત્યે સમતાભાવ કેળવવાનો અભ્યાસ.

આ વ્રતનો વારંવાર અભ્યાસ થવાથી આત્મા સર્વ-

વિરતિ ધર્મને લાયક થાય છે. તેથી તેને સાધુતાનો અભ્યાસ પણ કહી શકાય. રોજ ઓછામાં ઓછી બે ઘડી જેટલો સમય આ સાધુતાનો અભ્યાસ ગૃહસ્થોને અતિ લાભદાયી છે. એથી શાન્તવૃત્તિ, સંતોષવૃત્તિ અને રાગ-દ્વેષનાં હેતુ-ઓમાં રાગ-દ્વેષ ન કરવા રૂપ સમતાવૃત્તિ કેળવાય છે. સામાયિક કરવું એટલે ચિત્તવૃત્તિને શાન્ત કરવાનો અભ્યાસ કરવો. સમભાવમાં સ્થિર થવાનો, મધ્યસ્થ ભાવને કેળવવાનો અને સર્વ જીવો પ્રત્યે સમાન વૃત્તિ અર્થાત્ સર્વાત્મભાવને કેળવવાનો પ્રશસ્ત અભ્યાસ, એનું જ બીજું નામ સામાયિક છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પણ એ સામાયિક ચાર પ્રકારનું છે. દ્રવ્યથી ધર્મોપકરણને છોડીને બીજા સર્વ દ્રવ્યોનો ત્યાગ કરવો, ક્ષેત્રથી સામાયિક કરવા જેટલી જગ્યાને છોડીને બીજી જગ્યાનો ત્યાગ કરવો, કાળથી બે ઘડી પર્યંત સામાયિકમાં રહેવાનો નિર્ણય કરવો અને ભાવથી રાગ-દ્વેષરહિતતા અને સમભાવસહિતતા અથવા અશુભ ધ્યાનનો ત્યાગ અને શુભ ધ્યાનનો સ્વીકાર કરવો. અશુભ ધ્યાન આર્ત્ત અને રૌદ્રસ્વરૂપ છે. એ બે ધ્યાનનો ત્યાગ કરવા માટે મૈત્ર્યાદિ ચાર અને અનિત્યત્વાદિ બાર ભાવનાઓનો વિચાર કરવો; તથા વચન અને કાયાનાં અશુભ વ્યાપારોથી બચવા માટે તેટલા વખત સુધી સર્વ સાંસારિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો.

સામાયિકની આ પ્રતિજ્ઞા વટેમાર્ગુને વૃક્ષની છાયાની જેમ સંસારનાં ત્રિવિધ તાપથી સંતપ્ત આત્માને શાન્તિ

લેવા માટેનું પરમ વિશ્રામસ્થળ છે, તેમ જ પાપનો અંધકાર દૂર કરવા માટે અને આત્માનો આંતરિક પ્રકાશ મેળવવા માટેનું અદ્વિતીય સાધન છે.

આ વ્રત જીવને અધ્યાત્મમાર્ગનાં રસ્તે ચઢાવવા માટેનો પરમ ભોમીઓ છે, તેમ જ દુર્ગતિનાં દ્વારની અર્ગળા અને સદ્ગતિનાં દ્વારની કુંચી છે જેટલો વખત સામાયિક વ્રતમાં, સમભાવમાં ચિત્ત ચોંટેલું રહે છે, તેટલો વખત અશુભ કર્મોનો ઉચ્છેદ થાય છે અને તેટલો વખત શ્રાવક સાધુ સમાન બને છે. આથી આત્માર્થી જીવોએ વધુ ને વધુ સામાયિક કરવા, એ હિતકારક, સુખકારક અને કલ્યાણકારક છે.



સામાયિક અને નમસ્કાર

સામાયિક એટલે સર્વ જીવો આત્મતુલ્ય છે. એ સાધનાનો અભ્યાસ. નવકાર એટલે પોતાનો આત્મા પરમાત્મતુલ્ય છે, એની સાધનાનો અભ્યાસ. જીવનમાં સામાયિક અને સ્મરણ-ધ્યાનમાં નવકાર. સામાયિક એ જીવનમાં જીવવાનો અભ્યાસ છે. સામાયિકરૂપ પ્રત્યક્ષ જીવનનાં અભ્યાસ વડે નવકારથી ફલિત થતા પરોક્ષ મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. એ રીતે 'કરેમિ ભંતે'નો 'ક'કાર અને 'નવકારમંત્ર'નો 'ન'કાર પ્રાપ્ત થવો એ પરમ પુણ્યોદય છે. કરેમિભંતે એ દ્વાદશાંગીનો સંક્ષેપ છે. નવકાર એ દ્વાદશાંગીનો સાર છે. સાર એટલે ફળસંક્ષેપ, એટલે ટૂંકો અર્થ-કાર્યક્રમ. સામાયિકના ટૂંકા અર્થ કાર્યક્રમ વડે-તેની સાચી સાધના વડે શ્રી પરમેષ્ઠિપદની પ્રાપ્તિ થાય છે. શ્રી અરિહંત પ્રથમ પરમેષ્ઠિરૂપ હોવા છતાં શ્રી પંચપરમેષ્ઠિમય છે. અરિહંતના ધ્યાનથી શ્રી પંચપરમેષ્ઠિનું ધ્યાન થાય છે અને શ્રી પંચપરમેષ્ઠિના ધ્યાનથી શ્રી અરિહંતનું ધ્યાન થાય છે. સામાયિક એ પરમેષ્ઠિ થવાની સાધના છે. નવકાર એ સાધનાના પરિણામે મળનારી પદવીનો દ્યોતક છે. નવકાર એ નિશ્ચય રત્નત્રયીનું પ્રતીક છે. સામાયિક એ

વ્યવહાર રત્નત્રયીનું પ્રતીક છે. નિશ્ચય એ ફળ છે. વ્યવહાર એ સાધન છે.

"નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર."

(ઉ. શ્રી યશોવિજયજી મ.)

વ્યવહારનું પાલન એ નિશ્ચયનું સાધન છે. નિશ્ચયનું ધ્યાન વ્યવહારનું વિશોધક છે. નવકારને લક્ષ્યમાં રાખીને સામાયિકનું આચરણ કરનાર નિયમા મુક્તિસુખને પ્રાપ્ત કરે છે. સામાયિકનો વ્યવહાર શુભ હોવાથી પુણ્યનો ઉત્પાદક છે. નવકારનું ધ્યાન લક્ષ્યને ઓળખાવનાર હોવાથી વ્યવહારને સુધારનાર છે. 'शिवमस्तु सर्वजगतः' એ સામાયિકનો પરિણામ છે. 'નમો અરિહંતાણં' એ નિશ્ચયનું લક્ષ્ય છે. વેદના મહાવાકયની જેમ એ ચૌદ પૂર્વ અને દ્વાદશાંગીનું મહાવાકય છે. વેદ, વેદાંગ, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્ર અને પુરાણોનું તાત્પર્ય જીવ બ્રહ્મૈકય છે. દ્વાદશાંગીનું રહસ્ય પરમેષ્ઠિ નમસ્કાર અને એ દ્વારા શુદ્ધાત્મસ્વરૂપનું પરિણમન છે.

નમસ્કાર એ અનુમોદન સ્વરૂપ છે. અનુમોદન અને પ્રમોદ–એ બે પર્યાય શબ્દો છે. 'अनु पश्चात् मोदनं, प्रकर्षेण मोदनं।' 'ગુણ જોઈને પહેલાં કે પછી ખુશ થવું–ઉત્કૃષ્ટપણે રાજી થવું, તે અનુમોદન અને પ્રમોદ છે.' નમસ્કાર તેનો સૂચક છે. જો હૃદયમાં અનુમોદના કે પ્રમોદ ન હોય, જેને

નમવામાં આવે છે તેના ગુણ ઉપર પક્ષપાત ન હોય, તે જે માર્ગે ગયા હોય તે માર્ગે જવાની વૃત્તિ ન હોય અને તેમણે જે કહ્યું હોય તે જાણવાની ઇચ્છા કે જિજ્ઞાસા સુદ્ધા ન હોય; તો તેઓને કરેલો તે નમસ્કાર જુઠ્ઠો છે-સાચો નથી, દ્રવ્યનમસ્કાર છે-ભાવનમસ્કાર નથી. પરંતુ ગુણનો પક્ષપાત અને એ પક્ષપાત સહિત સાચો નમસ્કાર આવે ક્યારે? ગુણનો પક્ષપાત એ ગુણો પ્રત્યે શ્રદ્ધા માંગે છે. ગુણોમાં ઉપાદેયપણાની બુદ્ધિ એ જ સાચી શ્રદ્ધા છે. જ્યાં સુધી જેને નમવામાં આવે છે તેના ગુણોમાં ઉપાદેયબુદ્ધિ નથી, તે ગુણો આદરવા લાયક છે-આચરવા લાયક છે એવો ખ્યાલ નથી, એ ગુણોને જીવનમાં લાવવા પ્રત્યે ઉદાસીનતા છે અને ઉપેક્ષાબુદ્ધિ કે હેયબુદ્ધિ છે; ત્યાં સુધી સાચો નમસ્કાર-ભાવનમસ્કાર ક્યાંથી થાય?

ગુણોમાં ઉપાદેયબુદ્ધિ એ ભાવનમસ્કારનું પ્રથમ પગ-થિયું છે, જ્યાં સુધી ચિન્તામણિ અને કામધેનુ કરતાં પણ પરમેષ્ઠિઓને જે ગુણો પ્રાપ્ત થયા છે, તેની કિંમત અધિક છે, એવો ખ્યાલ ન આવે-એનું સાચું ભાન ન થાય; ત્યાં સુધી ભાવનમસ્કાર આવી શકતો નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે જેને નમવામાં આવે છે તેના ગુણોનું જ્ઞાન જોઇએ, તેમાં ઉપાદેયબુદ્ધિ જોઇએ. પણ ઉપેક્ષાબુદ્ધિ અને હેયબુદ્ધિ ન જોઇએ.

પરમેષ્ઠિઓએ પાંચ વિષય ત્યજ્યા છે અને ચાર કષાય જીત્યા છે. પાંચ મહાવ્રતો અને પાંચ આચારોમય તેઓનું

જીવન છે. અષ્ટ પ્રવચન માતા અને અઢાર હજાર શીલાંગ રથના તેઓ ધોરી છે. તેમાંની કોઈપણ વસ્તુ ઉપર જેઓને પ્રેમ નથી, આદર નથી, મેળવવાની કે જાણવાની પણ ઇચ્છા કે દરકાર નથી; તેઓનો નમસ્કાર ભાવનમસ્કાર કેવી રીતે બની શકે ?

નમસ્કારને ભાવનમસ્કાર બનાવવા માટે ગુણબહુમાન રૂપ ભાવ જોઇએ. બીજ વાવ્યા વિના જેમ કદી પણ ધાન્ય ઉગે નહિ, તેમ ગુણો ઉપર બહુમાન–આદરભાવરૂપ બીજનું આધાન કે વાવેતર કર્યા વિના ગુણપ્રાપ્તિ અને તેના ફળ રૂપે મોક્ષપ્રાપ્તિરૂપી ધાન્ય ક્યાંથી ઉગે ? ગમે તેટલી વૃદ્ધિ થાય અને ગમે તેટલી ભૂમિ શુદ્ધ હોય, પરંતુ બીજ વાવ્યા વિના હજાર હેતુઓએ પણ ધાન્ય ઉગી શકે નહિ ! 'वपनं धर्मबीजस्य सत्प्रशंसादि ।' સત્પુરૂષોના ગુણોનું બહુમાન અને પ્રશંસા એ ધર્મબીજનું સાચું વપન છે. પરમેષ્ઠિઓમાં રહેલા અનેક ગુણોને ચિન્તામણિથી અધિક માનો, કામધેનુથી અધિક માનો, કલ્પવૃક્ષથી અધિક માનો, અને કામકુંભથી અધિક માનો કેમ કે–એ બધામાં ઇચ્છા પૂરવાનું અને ચિન્તા ચૂરવાનું જે સામર્થ્ય છે, તેથી કેઇગણું અધિક સામર્થ્ય સાચા ગુણો અને તેના બહુમાનમાં રહેલું છે અથવા કહો કે–ચિન્તામણિ આદિમાં જે સામર્થ્ય આવે છે તે સામર્થ્ય તેનું પોતાનું નથી, પણ ગુણબહુ–

માનના ભાવથી બંધાએલા અચિન્ત્ય સામર્થ્યવાળા પુણ્યમાં છે. પુણ્ય અચિન્ત્ય સામર્થ્યવાળું છે. તે ગુણબહુમાનના ભાવથી ઉપાર્જન થાય છે, તેથી તે ચિન્તામણિથી-કામ-ધેનુથી અધિક છે.

નવકારનું પુનઃ પુનઃ રટણ એક બાજુ પુણ્યને વધારે છે, જ્યારે બીજી બાજુ પાપનો નાશ કરે છે. નવમું પાપસ્થાન લોભ અને અઢારમું પાપસ્થાન મિથ્યાત્વશલ્ય, એ બધા પાપોમાં સૌથી મોટા ગણાય છે. તે બંનેનો નાશ એક જ નવકારથી સધાય છે, કેમ કે-નવકાર દુન્યવી લોભનો શત્રુ છે અને મુક્તિસુખનો લોભ જીવમાં જગાડે છે. નવકાર પાપને પાપ નહિ માનવારૂપ તથા પુણ્યને પુણ્ય નહિ માનવારૂપ જડતાનો નાશ કરે છે અને શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ ઉપર પ્રેમ પેદા કરે છે.



સમવસરણસ્થ ભગવાનનું ધ્યાન કરવાની વિધિ.

સમવસરણમાં વિરાજમાન ચતુર્મુખ ભગવન્તના ધ્યાનથી અંતરાય કર્મનો ક્ષય વગેરે અનેક લાભો થાય છે. એ માટે શ્રી દેવભદ્રાચાર્ય વિરચિત સિરિપાસનાહચરિયં માં શિવદત્ત મંત્રીના પુત્ર દેવપ્રસાદનું દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે. સંક્ષેપમાં તે આ રીતે છેઃ—

શિવદત્ત નામનો રાજમંત્રી છે. તે દારિદ્ર્ય અને રાજાના અપમાનથી પીડાય છે. મંત્રીના કુટુંબમાં મંત્રી પોતે, મંત્રીની પત્ની, પુત્ર દેવપ્રસાદ તથા તે પુત્રની પત્ની એમ ચાર જણ છે.

શિવદત્તને એક વખત જ્ઞાની મુનિનો યોગ થાય છે. તે પોતાનાં દારિદ્ર્ય વગેરેનાં કારણો તે મુનિને પૂછે છે અને મુનિ તેમનાં પૂર્વભવનું વૃતાન્ત જણાવતાં કહે છે કે-

'પૂર્વકૃત કર્મોનાં કારણે તમો બધાને એક કુટુંબ મળ્યું છે. તમારા બધામાં દેવપ્રસાદનું અંતરાયકર્મ બહુ ભારી છે. તેથી તમો બધાને આ દરિદ્રતા, રાજાપમાન વગેરે પ્રાપ્ત થયાં છે.' આ સાંભળી દેવપ્રસાદ મુનિનાં ચરણોમાં પડે છે

અને અંતરાયકર્મને જલદીથી ખપાવવાના ઉપાયને પૂછે છે. તે વખતે મુનિ સમવસરણમાં રહેલા ચતુર્મુખ ભગવંતનું ધ્યાન બતાવે છે. કેવળ અંતરાયજ નહીં કિન્તુ સર્વ કર્મ-વૃક્ષોને મૂળથી ઉખેડી નાંખવા માટે આ ધ્યાન પ્રચંડ વાયુ સમાન છે, એમ મુનિ દેવપ્રસાદને સમજાવે છે.

મુનિએ દેવપ્રસાદને કહેલી ધ્યાનવિધિ આ રીતે છે.

શુચિ શરીર અને માનસિક પ્રસન્નતાથી યુક્ત બનેલા પવિત્ર સ્થાનમાં–

૧ સુખપૂર્વક પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ બેસે.

૨ સમુચિત પર્યંકાસન વગેરે આસન દ્વારા શરીર સ્થિર કરે.

૩ ધ્યાનમાં ઉપયોગી નહીં એવા મન, વચન અને કાયાના યોગોનો નિરોધ કરે.

૪ નેત્ર નિમીલિત (બંધ) રાખે અથવા નાસાગ્ર દૃષ્ટિ કરે.

૫ ઉચ્છ્વાસ અને નિશ્વાસને મંદ કરે.

૬ પોતે પૂર્વે કરેલી પાપોની ગર્હા કરે.

૭ સર્વ પ્રાણીઓને ખમાવે.

૮ પ્રમાદને દૂર કરે.

૯ શ્રી જિનેશ્વર ભગવંતના ધ્યાન માટે એકાગ્ર ચિત્ત-વાળો થાય.

૧૦ શ્રી ગણધર ભગવંતોનું સ્મરણ કરે.

૧૧ શ્રી સદ્‌ગુરુઓનું સ્મરણ કરે.

તે પછી આ રીતે ચિંતન કરેઃ—

૧ સમવસરણ માટેની ભૂમિ વાયુકુમાર દેવતાઓ શુદ્ધ કરે છે.

૨ તે ભૂમિને મેઘકુમાર દેવતાઓ ઉત્તમ સુગંધી પાણી વડે સીંચે છે.

૩ તે ભૂમિમાં ઋતુ દેવતાઓ ઢીંચણ સુધી પુષ્પો વરસાવે છે.

૪ વૈમાનિક દેવતાઓ ત્યાં મણિઓનો પહેલો પ્રાકાર (ગઢ) બનાવે છે.

૫ જ્યોતિષ્ક દેવતાઓ સોનાનો બીજો ગઢ બનાવે છે.

૬ ભવનપતિ દેવતાઓ રૂપાનો ત્રીજો ગઢ બનાવે છે.

૭ મધ્યભાગમાં દેવતાઓ અશોકવૃક્ષ, પાદપીઠથી યુક્ત ચાર સિંહાસન, ત્રણ છત્ર વગેરેની રચના કરે છે.

૮ દેવતાઓ સમવસરણમાં તોરણો, વાપીઓ, પતાકાઓ ધર્મધ્વજ વગેરેની રચના કરે છે.

તે પછી દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર પરમાત્માનું આ રીતે ધ્યાન કરેઃ-

૧ ભગવંત વ્યંતર દેવતાઓએ રચેલાં સુવર્ણ કમળોની કર્ણિકામાં પગ મૂકતાં મૂકતાં પધારી રહ્યા છે.

૨ દેવતાઓ ભગવંતને ચામર વીંઝી રહ્યા છે. અને 'જય જય' શબ્દની ઘોષણા કરી રહ્યા છે.

૩ ભગવંતની આગળ ચાલતા ઇન્દ્રો માર્ગમાં રહેલા લોકોને બાજુએ કરી રહ્યા છે.

૪ ભગવંત પૂર્વદ્વારથી સમવસરણમાં પ્રવેશ કરી રહ્યા છે.

૫ દેવતાઓના વાજિંત્રોના નાદથી આકાશ ભરાઇ ગયું છે.

તે પછી આ રીતે ધ્યાન કરેઃ-

૧ ભગવંત સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેસે છે.

૨ અન્ય ત્રણ દિશાઓમાં દેવતાઓએ રચેલાં ભગવંતનાં પ્રતિરૂપ છે.

૩ હર્ષથી પુલકિત ઇન્દ્રો રત્નના દંડવાળા અતિ શ્વેત ચામરો વીંઝી રહ્યા છે.

૪ ચારે દિશાઓમાં ભવ્ય જીવો પોતપોતાને ઉચિત સ્થાને બેસી ગયા છે.

૫ અનેક પ્રકારના તિર્યંચોના સમૂહો સમવસરણના બીજા વલયમાં છે. તે બધા પરસ્પર વૈરનો ત્યાગ કરી, શાંતરસમાં તરબોળ બની ભગવંતની દેશના સાંભળી રહ્યા છે.

તે પછી સમવસરણની મધ્યમાં કલ્પવૃક્ષ અને ત્રણ છત્ર નીચે સિંહાસન પર વિરાજમાન ભગવંતનું આ રીતે ધ્યાન કરેઃ—

૧ એકી સાથે એક જ સમયે ઉદયને પામેલા બાર સૂર્યોના સમૂહ સમાન દેદીપ્યમાન શરીરવાળા.

૨ સર્વ સુંદર જીવો કરતાં અનંતગુણ અધિકરૂપવાળા.

૩ અનાદિ મોહવૃક્ષનો મૂળથી નાશ કરનારા.

૪ રાગરૂપ મહારોગનો નાશ કરનારા.

૫ ક્રોધરૂપ અગ્નિને બુઝાવનારા.

૬ સર્વ દોષોનાં અવંધ્ય ઔષધ.

૭ અનંત કેવળજ્ઞાન વડે સર્વ વસ્તુઓના પરમાર્થને જાણનારા.

૮ દુસ્તર ભવસમુદ્રમાં પડેલા જીવોનો ઉદ્ધાર કરવા માટે અચિન્ત્ય સામર્થ્યવાળા.

૯ લોકપુરુષના મસ્તકમણિ.

૧૦ ત્રણે લોકના પરમગુરુ.

૧૧ ત્રણે લોક વડે નમન કરાએલા.

૧૨ ત્રણે લોકને તારનાર માહાત્મ્યવાળા.

૧૩ જીવોના ઉપકારમાં તત્પર.

૧૪ વિશ્વોપકારક ધર્મને કહેતા.

૧૫ લોકનાં સર્વ પાપોનો નાશ કરતા.

૧૬ જીવોને માટે સર્વ સંપત્તિઓનાં મૂળ કારણ.

૧૭ સર્વ લક્ષણોથી સંપન્ન.

૧૮ સર્વોત્તમ પુણ્યાનુબંધી પુણ્યથી નિર્મિત દેહવાળા.

૧૯ જીવોના મોક્ષનું પરમ સાધન.

૨૦ પરમ યોગીઓનાં મનને પ્રસન્ન કરનારા.

૨૧ જન્મ, જરા, રોગ, વગેરેથી રહિત.

૨૨ સિદ્ધ હોવા છતાં પણ જાણે ધર્મ માટે જ કાયામાં રહેલા.

૨૩ હિમ, હાર કે ગાયના દૂધ જેવા નિર્મળ.

૨૪ કર્મસમૂહોનો નાશ કરનારા.

આ પ્રમાણે નિશ્ચલ ચિત્તથી ધ્યાન ત્યાં સુધી કરવું કે જ્યાં સુધી પરમાત્મા જાણે સાક્ષાત્ સામે હોય તેવા ભાસે, તે પછી—

૧ ઘૂંટણ ભૂમિ પર રાખી અત્યંત ભક્તિપૂર્વક નમેલા શીર્ષવડે પરમાત્માના ચરણયુગલનો સ્પર્શ કરવો અને પોતાનો આત્મા પરમાત્માના શરણે છે એમ ભાવવું.

૨ વાસક્ષેપ આદિથી સામે ભાસતા પરમાત્માની ભાવનાથી સર્વાંગ પૂજા કરવી— પોતે વાસક્ષેપ વગેરેથી જાણે પૂજા કરતા હોય, તેમ ભાવવું.

૩ ચૈત્યવંદન કરવું.

બોધિલાભ આદિ માટે પ્રાર્થના કરીને ધ્યાન સમાપ્ત કરવું.

આ રીતે ધ્યાનની પ્રક્રિયા બતાવીને મુનિ દેવપ્રસાદને કહે છે કે—

આ પ્રમાણે નિત્ય ધ્યાનાભ્યાસ કરવાથી એકાગ્ર ચિત્ત-વાળા તે સાધકને—

૧ ભગવંતના રૂપ વગેરે તથા તેમના ગુણોનું અનુભવ-પૂર્ણ જ્ઞાન થાય છે.

૨ સંવેગની વૃદ્ધિ વડે કર્મક્ષય થાય છે.

૩ ક્ષુદ્ર જનો કશું જ બગાડી શકતા નથી.

૪ વચનસિદ્ધિ મળે છે.

૫ રોગો નાશ પામે છે.

૬ ધનને ઉપાર્જન કરવાના ઉપાયો અત્યંત સફળ થાય છે.

૭ સૌભાગ્ય વગેરેની પ્રાપ્તિ થાય છે.

૮ મનુષ્યો અને દેવતાઓનાં ઉત્તમ સુખો તથા મોક્ષનું સુખ અનુક્રમે વિના વિલંબે પ્રાપ્ત થાય છે.

આ રીતે ધ્યાનવિધિ અને તેનાં ફળો બતાવ્યા પછી અંતે દેવપ્રસાદને કહે છે કે—

'હે દેવાનુપ્રિય ! જો કલ્યાણની કામના હોય તો પરમ-ગુરુ પ્રણીત આ ધ્યાનવિધિનો તમે સારી રીતે આદરપૂર્વક અભ્યાસ કરો.

૯ મુનિની દેશના પછી દેવપ્રસાદ જેમાં ધ્યાન એ જ પરમાર્થ છે, એવા શ્રાવકધર્મને સ્વીકારે છે. પ્રસ્તુત ધ્યાનના પ્રકર્ષના પ્રભાવથી દેવપ્રસાદનાં અંતરાય વગેરે કર્મો ક્ષીણ થાય છે. તે રાજાનું બહુમાન પામે છે અને સાથે સાથે ઉત્તમ સમૃદ્ધિને પણ પામે છે. ધ્યાનના પ્રભાવથી બીજી ધર્મારાધનામાં પણ તેનો વિકાસ ઘણો જ થાય છે. તે વધુ ને વધુ ધર્મ આરાધે છે. તેનો વૈરાગ્ય વધે છે, તે દીક્ષા લે છે. અને આરાધના દ્વારા ઉત્તમ સદ્ગતિને પામે છે.*

---

* આ વિષયમાં વિશેષ જાણવાની ઇચ્છાવાળાએ જૈન સાહિત્ય વિકાસ મંડળ તરફથી બહાર પડેલ યોગશાસ્ત્ર અષ્ટમ પ્રકાશનું સ૦ વિવરણ જોવું.

શ્રી અરિહંત વંદનાવલી

(છંદ-હરિગીત)

જે ચૌદ મહાસ્વપ્નો થકી નિજ માતને હરખાવતા,
વળી ગર્ભમાંહી જ્ઞાનત્રયને ગોપવી અવધારતા;
તે જન્મતાં પહેલાં જ ચોસઠ ઇંદ્ર જેને વંદતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૧

મહા યોગના અભ્યાસમાં, જે ગર્ભમાં ઉલ્લાસતા,
ને જન્મતાં ત્રણ લોકમાં મહા સૂર્ય સમ પ્રકાશતા;
ને જન્મકલ્યાણક વડે સૌ જીવને સુખ અર્પતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૨

છપ્પન દિકકુમરી તણી સેવા સુભાવે પામતા,
દેવેન્દ્ર કરસંપુટ મહીં ધારી જગત હરખાવતા;
મેરૂ શિખર સિંહાસને જે નાથ જગના શોભતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૩

કુસુમાંજલિથી સુર અસુર જે ભવ્ય જિનને પૂજતા,
ક્ષીરોદધિના નિર્મલવણજળથી દેવ જેને સિંચતા;
વળી દેવદુંદુભિ નાદ ગજવી દેવતાઓ રીઝતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૪

મલમલ થતા ગોશિર્ષચંદનથી વિલેપન પામતા,
દેવેન્દ્ર દૈવી પુષ્પની માળા ગળે આરોપતા;

કુંડલ કડાં મણિમય ચમકતા હાર મુકુટે શોભતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૫

ને શ્રેષ્ઠ વેણુ મોરલી વીણા મૃદંગ તણા ધ્વનિ,
વાજિંત્ર તાલે નૃત્ય કરતી કિન્નરીઓ સ્વર્ગની;
હર્ષે ભરી દેવાંગનાઓ નમન કરતી ઢળી ઢળી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૬

જયનાદ કરતા દેવતાઓ હર્ષના અતિરેકમાં,
પદ્મરાગણી કરતા જનેતાના મહાપ્રાસાદમાં;
જે ઇન્દ્રપૂરિત વરસુધાને સૂચતા અંગુષ્ઠમાં,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૭

આહાર ને નિહાર જેના છે અગોચર ચક્ષુથી,
પ્રસ્વેદ વ્યાધિ મેલ જેના અંગને સ્પર્શે નહીં;
સ્વર્ણેનુ દુગ્ધ સમા રુધિર ને માંસ જેના તન મહીં,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૮

મંદાર પારિજાત સૌરભ શ્વાસ ને ઉચ્છવાસમાં,
ને છત્ર ચામર જયપતાકા સ્તંભ જવ કરપાદમાં,
પૂરા સહસ્ર વિશેષ અષ્ટક લક્ષણો જ્યાં શોભતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું, ૯

દેવાંગનાઓ પાંચ આજ્ઞા ઇન્દ્રની સન્માનતી,
પાંચે બની ધાત્રી દિલે કૃતકૃત્યતા અનુભાવતી;
વળી બાળક્રીડા દેવગણના કુંવરો સંગે થતી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૧૦

જે બાલ્યવયમાં પ્રૌઢ જ્ઞાને મુગ્ધ કરતા લોકને,
સોલે કળા વિજ્ઞાન કેરા સારને અવધારીને;
ત્રણ લોકના વિસ્મય સમા ગુણ રૂપ યૌવન યુક્ત જે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૧૧

મૈથુન પરીષહ રહિત જે આનંદતા નિજ ભાવમાં,
મૈથુન પરીષહ વારવા વિવાહ કંકણ ધારતા;
ને બ્રહ્મચર્ય તણો જગાવ્યો નાદ જેણે વિશ્વમાં,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૧૨

મૂર્છા નથી પામ્યા મનુજના પાંચ લોકે ભોગમાં,
ઉત્કૃષ્ટ જેની રાજ્યનીતિથી પ્રજા સુખચેનમાં;
વળી શુદ્ધ અધ્યવસાયથી જે લીન છે નિજ ભાવમાં,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૧૩

પામ્યા સ્વયંસ્ફુબુદ્ધ પદ જે સહજ વર વિરાગવંત,
ને દેવ લોકાંતિક ઘણી ભક્તિ થકી કરતા નમન;
જેને નમી કૃતાર્થ બનતાં ચાર ગતિનાં જીવગણ,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૧૪

'આવો પધારો ઈષ્ટ વસ્તુ પામવા નર નારીઓ,'
–એ ઘોષણાથી અર્પતા સાંવત્સરિક મહાદાનને;
ને છેદતા દારિદ્ર સૌનું દાનના મહાકલ્પથી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૧૫

દીક્ષા તણો અભિષેક જેનો ઊજતા ઇંદ્રો મળી,
શિબિકા સ્વરૂપ વિમાનમાં વિરાજતા ભગવંતશ્રી;
અશોક પુન્નગ તિલક ચંપા વૃક્ષ શોભિત વનમહીં,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૧૬

શ્રી વજ્રધર ઇંદ્રે રચેલા ભવ્ય આસન ઉપરે,
બેસી અલંકારો ત્યજે દીક્ષા સમય ભગવંત જે;
જે પંચમુષ્ટિ લોચ કરતા કેશ વિભુ નિજ કર વડે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૧૭
લોકાગ્રગત ભગવંત સર્વે સિદ્ધને વંદન કરે,
સાવદ્ય સઘળા પાપયોગોનાં કરે પચ્ચક્ખાણને;
જે જ્ઞાન દર્શન ને મહા ચારિત્ર રત્નત્રયી ગ્રહે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૧૮
નિર્મળ વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાન સહ જે દીપતા,
જે પંચ સમિતિ ગુપ્તિત્રયની રત્નમાળા ધારતા;
દશ ભેદથી જે શ્રમણસુંદર ધર્મનું પાલન કરે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૧૯
પુષ્કર-કમલના પત્રની ભાંતિ નહિ લેપાય જે,
ને જીવની માફક અપ્રતિહત વર ગતિએ વિચરે;
આકાશની જ્યમ નિરાલંબન ગુણે થકી જે ઓપતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૨૦
તે અસ્ખલિત વાયુસમૂહની જેમ જે નિર્બંધ છે,
સંગોપિતાંગ ઉપાંગ જેને ગુપ્ત ઇન્દ્રિય દેહ છે;
નિઃસંગતાય વિહંગ શી જેના અમૂલખ ગુણ છે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૨૧
ખડ્ગી તથા વરશૃંગ જેવા ભાવથી એકાકી જે,
ભારંડ પંખી સરિખા ગુણવાન અપ્રમત્ત છે;
વ્રતભાર વહેતા વર વૃષભની જેમ જેહ સમર્થ છે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૨૨

કુંજર સમા શૂરવીર જે છે સિંહ સમ નિર્ભય વળી,
ગંભીરતા સાગર સમી જેનાં હૃદયને છે વરી;
જેના સ્વભાવે સૌમ્યતા છે પૂર્ણિમાના ચંદ્રની,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૨૩
આકાશભૂષણ સૂર્ય જેવા દીપતા તપ તેજથી,
વળી પૂરતા દિગંતને કરુણા ઉપેક્ષા તેજથી;
હરખાવતા જે વિશ્વને મુદિતા તણા સંદેશથી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૨૪
જે શરદઋતુના જળ સમા નિર્મળ મનોભાવો વડે,
ઉપકાર કાજ વિહાર જે કરતા વિભિન્ન સ્થળો વિષે;
જેની સહનશક્તિ સમીપે પૃથ્વી પણ ઝાંખી પડે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૨૫
બહુ પુણ્યનો જ્યાં ઉદય છે એવાં ભવિકના દ્વારને,
પાવન કરે ભગવંત નિજ તપ, છઠ્ઠ અટ્ઠમના પારણે;
સ્વીકારતા આહાર બેંતાલીશ દોષવિહીન જે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૨૬
ઉપવાસ માસખમણ સમાં તપ આકરાં કરતા વિભુ,
વીરાસનાદિ આસને સ્થિરતા ધરે જગના વિભુ;
બાવીશ પરીષહને સહંતા ખૂબ જે અદ્‌ભુત વિભુ,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૨૭
બાહ્ય અભ્યંતર બધા પરિગ્રહ થકી જે મુક્ત છે,
વર ધર્મપાવક શુકલ ધ્યાને જે સદાય નિમગ્ન છે;
જે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરતા મોહમલ્લ વિદારીને,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૨૮

જે પૂર્ણ કેવળજ્ઞાન લોકાલોકને અજવાળતું,
જેના મહા સામર્થ્ય કેરો પાર કો' નવ પામતું;
જે પ્રાપ્ત જેણે ચાર ઘાતી કર્મને છેદી કર્યું,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૨૯

જે રજત સોના ને અનુપમ રત્નના ત્રણ ગઢમહીં,
સુવર્ણનાં નવ પદ્મમાં પદકમલને સ્થાપન કરી,
ચારે દિશા મુખ ચાર ચાર સિંહાસને જે શોભતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૩૦

જ્યાં છત્ર પંદર ઉજ્જવલાં શોભી રહ્યાં શિર ઉપરે,
ને દેવ દેવી રત્નચામર વીંઝતા કરદ્વય વડે;
દ્વાદશ ગુણા વર દેવવૃક્ષ અશોકથીય પૂજાય જે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૩૧

મહા સૂર્ય સમ તેજસ્વી શોભે ધર્મચક્ર સમીપમાં,
ભામંડળે પ્રભુપીઠથી આભા પ્રસારી દિગંતમાં;
ચોમેર જાનુપ્રમાણ પુષ્પો અર્ઘ્ય જિનને અર્પતાં,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૩૨

જ્યાં દેવદુંદુભિ ઘોષ ગર્જવે ઘોષણા ત્રણ લોકમાં,
ત્રિભુવન તણા સ્વામી તણી સૌએ સુણે શુભ દેશના;
પ્રતિબોધ કરતા દેવ માનવ ને વળી તિર્યંચને,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૩૩

જ્યાં ભવ્ય જીવોનાં અવિકસિત ખીલતાં પ્રજ્ઞાકમલ,
ભગવંત વાણી દિવ્ય સ્પર્શે મોહનિદ્રા ટાળતા;
ને દેવ દાનવ ભવ્ય માનવ ઝંખતાં જેનું શરણ,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૩૪

જે બીજભૂત ગણાય છે ત્રણ પદ ચતુર્દશ પૂર્વનાં,
*'ઉપન્નેઇ વા-વિગમેઇ વા-ધુવેઇ વા' મહાતત્ત્વનાં;
એ દાન સુશ્રુત જ્ઞાનનું દેનાર ત્રણ જગનાથ જે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૩૫

એ ચૌદ પૂર્વોના રચે છે સૂત્ર સુંદર સાથ જે,
તે શિષ્યગણને સ્થાપતા ગણધર પદે જગનાથ જે;
ખેલે અજાનો ગૂઢ માનવજાતના હિત કારણે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૩૬

જે ધર્મતીર્થંકર ચતુર્વિધ સંઘ સંસ્થાપન કરે,
મહા તીર્થ સમ એ સંઘને સુર અસુર સહ વંદન કરે;
ને સર્વ પ્રાણોભૂત જીવો સત્ત્વશું કરુણા ધરે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૩૭

જેને નમે છે ઇંદ્ર વાસુદેવ ને બળભદ્ર સૌ,
જેનાં ચરણને ચક્રવર્તી પૂજતા ભાવે બહુ;
જેણે અનુત્તર વિમાનવાસી દેવના સંશય હણ્યા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૩૮

જે છે પ્રકાશક સૌ પદાર્થો જડ તથા ચૈતન્યના,
જે શુકલ લેશ્યા તેરમે ગુણસ્થાનકે પરમાતમા;
જે અંત આયુષ્ય કર્મનો કરતા પરમ ઉપકારથી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૩૯

લોકાગ્ર ભાગે પહોંચવાને યોગ્ય ક્ષેત્રી જે બને,
ને સિદ્ધનાં સુખ અર્પતી અંતિમ તપસ્યા જે કરે;

---

* ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય.

જે ચૌદમા ગુણસ્થાનકે સ્થિર પ્રાપ્ત શૈલેશીકરણ,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૪૦

હર્ષે ભરેલા દેવનિર્મિત અંતિમ સમવસરણે,
જે શોભતા અરિહંત પરમાત્મા જગત ઘર આંગણે;
જે નામના શુભ સ્મરણથી વિખરાય વાદળ દુઃખનાં,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૪૧

જે કર્મનો સંયોગ વળગેલો અનાદિ કાળથી,
તેથી થયા જે મુક્ત પૂરણ સર્વથા સદ્‌ભાવથી,
રમમાણ જે નિજ રૂપમાં છે સર્વ જગતનું હિત કરે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૪૨

જે નાથ ઔદારિક વળી તૈજસ તથા કાર્મણ તનુ,
એ સર્વને છોડી અહિં પામ્યા પરમ પદ શાશ્વતુ;
જે રાગ દ્વેષ જળે ભર્યા સંસારસાગરને તર્યા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૪૩

નિર્વિઘ્ન સ્થિર ને અચલ અક્ષય સિદ્ધિગતિના નામનું,
છે સ્થાન અવ્યાબાધ જ્યાંથી નહિ પુનઃ ફરવાપણું;
એ સ્થાનને પામ્યા અનંતા ને વળી જે પામશે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૪૪

આ સ્તોત્રને પ્રાકૃત ગિરામાં વર્ણવ્યું ભક્તિબળે,
અજ્ઞાત ને પ્રાચીન મહામન કો' મુનીશ્વર બહુશ્રુતે;
પદ પદ મહીં જેના મહાસામર્થ્યની સેવા કરે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૪૫

જે 'નમસ્કાર સ્વાધ્યાય'માં પ્રેક્ષી હૃદય ગદ્‌ગદ્ બન્યું,
શ્રીચંદ્ર નામથી ગ્રંથ લઈ મહાભાવનું શરણું મળ્યું;
કીધી કરાવી અલ્પ ભક્તિ હોંશનું તરણું ફળ્યું,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૪૬

જેના ગુણોના સિંધુનાં બે બિંદુ પણ જાણું નહિ,
પણ એક શ્રદ્ધા દિલ મહીં કે તે સમું કો'છે નહિ;
જેના સહારે કોડ તરિયા મુક્તિ મુજ નિશ્ચય સહી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૪૭

જે નાથ છે ત્રણ ભુવનના કરુણા જગે જેની વહે,
જેના પ્રભાવે વિશ્વમાં સદ્‌ભાવની સરણી વહે;
આપે વચન 'શ્રી ચંદ્ર' જગને એ જ નિશ્ચય તારશે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ૪૮

નોંધ:—પરમાત્માની સ્તવના કરવા માટે અહીં સૌ કોઈ સમજી શકે તેવી રીતે સરળ કાવ્યોમાં શ્રી અરિહંત વંદનાવલીના ૪૮ કાવ્યો રજુ કરવામાં આવ્યા છે. આ વન્દનાવલીના નિત્ય નિયમિત પાઠ દ્વારા ઉપાસકમાં શ્રી અરિહંતદેવના સદ્‌ભૂત ગુણોને જાણવાની, પામવાની અને આત્મસાત્ કરવાની શક્તિ પ્રાપ્ત થઇ શકે તેવી ઘણી સામગ્રી તેમાં રહેલી છે. તેનાથી અંતઃકરણમાં ભક્તિભાવની વૃદ્ધિ અને સ્થિરતાની પ્રાપ્તિ થતાં, છેવટે આત્મા ધર્મમાર્ગે આગળ વધી કલ્યાણમાર્ગમાં પ્રગતિ કરી શકે છે.

* શિવમસ્તુ સર્વજગતઃ *

